# ધર્મ કેમ અને કેવો આરાધ્ય ?

**न य संसारंमि सुहं जाइजरामरणदुक्खगहियस्स ।**
**जीवस्स अत्थि जम्हा, तम्हा, मुक्खो उवाएओ ॥**

ત્રિલોકનાથ જગત્દયાળુ શ્રમણ ભગવાન મહાવીર પરમાત્મા ગણધર મહારાજ શ્રી ગૌતમસ્વામીજીને મહાનિશીથ સૂત્રમાં કહેલ રુકમીના કથાપ્રસંગમાં આવે છે કે સંસારમાં જન્મ-જરા-મૃત્યુના દુઃખથી પકડાયેલા જીવને સુખ નથી. માટે મોક્ષ જ ઉપાદેય છે.

જીવની અવસ્થા બે, સંસાર અને મોક્ષ. સંસાર અવસ્થાને પાળે પોષે એવી મહેનત બહુ કરી, અનંતાનંત કાળ કરી, હવે મોક્ષાવસ્થા ઊભી કરવાનો જ પુરુષાર્થ કરવા જેવો છે. એનું કારણ, જીવ બધું કરે છે તે કાયમી સુખ માટે; પરંતુ સંસારમાં એવું સુખ દેખ્યું નહિ. તો પછી એ ગડમથલ કર્યાથી શું ?

શું ત્યારે અત્યાર સુધી એનામાં આવડત નહોતી એટલે સંસારમાંથી સુખ શોધી શક્યો નહિ ? ને હવે મહેનત કરીને અહીં જ સુખ શોધી શકવાનો છે ? ના, તીર્થંકર ભગવાન કહે છે કે સંસારમાં સુખ છે જ નહિ, પછી શોધ્યે ક્યાંથી મળવાનું હતું ? લોઢાની ખાણમાં જો સોનું છે જ નહિ, પછી એ ખાણ ગમે તેટલી ખોદે તેથી શું વળે ? સોનાની પ્રાપ્તિ ન થાય. સર્પના મુખમાં જ્યાં ઝેર જ ભર્યું હોય, ત્યાં અમૃતની શોધ ગમે તેટલી હોશિયારી અને મહેનત લઈને કરે, પણ અમૃત ક્યાંથી હાથ લાગે ? જ્યાં જે વસ્તુ જ નથી ત્યાં તેની શોધ નિરર્થક છે. સંસારમાં સુખ છે જ નહિ, પછી હજી ય અનંતો કાળ શોધતા ફરો છતાં ત્યાં સુખ નહિ જ મળે ! ત્યારે જીવની આ કેવી મૂઢતાભરી કરુણ દશા કે સુખની જબરદસ્ત ચાહના છતાં, અને અનંતાનંત કાળની જહેમત છતાં સુખ મળ્યું નહિ તેથી જ હજીય જહેમત કરવાનું ઊભું છે ! રાતદિન પ્રયત્નો ચાલુ છે. શા માટે ? સુખ માટે. તો શું હજી સુધી સુખ નથી મળ્યું ? ના, મળી ગયું હોત તો તો એ લઈને નિરાંતે બેસી જાત એક ખૂણામાં, ને કરવા-કારવવાનું બધું મૂકી દેત ! પણ નથી મૂક્યું એ સૂચવે છે કે સુખ જોઈતું નથી મળ્યું. મળ્યું હશે તે કૃત્રિમ અને તે ય કાયમી નહિ. એટલે એ પાછું દુઃખમાં ફેરવાઈ ગયું, ને જીવની સુખેષણા ઊભી ને ઊભી રહી !



સંસારમાં સાચું કાયમી સુખ છે જ નહિ, પછી સહરાના રણમાં પાણીની શોધની જેમ સુખની શોધ કરે છતાં એ ક્યાંથી મળે ? જીવની મૂર્ખતા જ છે મૂઢતા જ છે કે બનાવટી સુખને સુખાભાસને સુખ માની લે છે, અને પછી એ અલોપ થતાં પોક મૂકે છે ! ઘાંચીનો બેલ ઘાણીએ ઘૂમ્યા જ કરે, ઘૂમ્યા જ કરે, એમ જીવ સુખાભાસ માટે ઘૂમ્યા જ કરે છે સુખની ઓળખ નથી, એટલે જેમ ખસનો દરદી ખણી ખણીને સુખ માને, પણ તેથી ખણવાનું ઊભું ! અને રોગ ઊભો ને ઊભો જ રહે કે વધે છે, એમ સુખાભાસ ખાતર દોડધામ હજી પણ કર્યા જ કરે છે, ને સરવાળે દુઃખનાં પોટલાં પામે છે !

માની લીધું કે ખાવાથી સુખ, પીવાથી સુખ, પૈસાથી સુખ, પછી એની પ્રવૃત્તિ કર્યે જ ગયો, કર્યે જ ગયો, હવે કોઈ શાંતિ ? કોઈ નિરાંત ? ના હજીય ખાવા-પીવાના-કમાવવાની વેઠ ઊભી ને ઊભી ! તો શું નથી લાગતું કે આનાં સુખનો ચસકો એ ખણવાના સુખના ચસકાની જેમ એક રોગ છે ? રોગને રોગ સમજવાને બદલે મૂઢતાથી આરોગ્ય સમજે, આરોગ્યનું સાધન સમજે એ પછી ઊંચો ક્યાંથી આવે ? એના ભાગ્યમાં સાચું સુખ-આરોગ્ય ક્યાંથી જોવાનું હોય ? દૃષ્ટિ જ મેલી, પછી પ્રવૃત્તિય એવી ઊંધી જ થાય એમાં નવાઈ નથી; ને એથી સાચી વસ્તુ હાથ ન લાગે એ સહજ છે.

કદી તમે માથું ઊંચું કરીને વિચાર્યું છે ખરું કે આ મારા માની લીધેલાં સુખ શું ખરેખર સુખ છે ખરાં ? બાળક ગટરના મેલા કાદવનું ઘર બનાવી સુખ માને પણ બળદિયો દોડતો આવી એ ઘર ભાંગી નાખે યા એની માતા આવી ઘર ભાંગી ઠપકો આપે ત્યારે એ રુએ છે કે 'હાય ! મારું ઘર ગયું, સુખ ગયું !' એવી જીવની દશા છે. પહેલું લેખું જ ખોટું માંડ્યું કે ખાન-પાન ધન-પરિવારમાં સુખ છે, પછી એમાં આઘુંપાછું થતાં માને કે મારું સુખ ગયું, એ બીજું ખોટું લેખું આવીને ઊભું રહે છે, એના પર પછી શોક ને પોક સિવાય જીવને બીજું આવડે છે જ શું ? સંસાર જાણે હસે છે, 'જીવ નાદાન ! તું ખોટાં સુખની કલ્પના ઊભી કર, એની જહેમત-મજૂરી કર, પછી પોક મૂકવાની મઝા જોવા મળશે !'

**સુખની ભ્રાન્તિ કેમ ટળતી નથી ? :**

ત્યારે સવાલ થાય કે 'ખેર ! તો પછી એવા સુખની ભ્રાન્તિ કેમ નથી ટળતી ? કેમ એમાં સુખ લાગ્યા કરે છે ?'

આનો જવાબ સીધો છે કે એની આગળપાછળની સ્થિતિનો વિચાર નથી, તેથી એ સુખની ભ્રમણા ઊભી ને ઊભી રહે છે. વિચારવું નથી કે 'આ માની લીધેલું સુખ કેમ ઊભું થયું ? કયા સંયોગમાં મુકાઈને, ને કેવી પરિસ્થિતિવશ બનીને એ ઊભું થયું ? વળી એની આજુબાજુની કઈ સ્થિતિ છે ? તેમજ આની પછી પરિણામ શું ?...' વગેરેને કાંઈ વિચારવું જ નથી; માત્ર લુચ્ચી ઇન્દ્રિયો અને ઠગારું મન જે જજમેન્ટ આપે તે માની લેવું છે. એ દેખાડે છે કે 'જો આ કેવું મજેનું સુખ !' એટલે એના દોરવાયા નિશ્ચિન્ત બનવું છે કે 'બસ ! સુખ મળ્યું !' પછી આવી ભ્રાન્તિ શી રીતે ટળે ? પણ દુનિયામાં જુઓ કે કેટલાય લુચ્ચા ભાગીદારે ખોટા ખોટા નફા અને ધીખતો ધંધો દેખાડી દેખાડી કેઈ મુઢ માણસોને અંતે પાયમાલ કરી નાખ્યા ! લાખોની મૂડી ખત્મ કરી નખાવી ! લુચ્ચાનો બતાવેલો હિસાબ જ ખોટો; માયાજાળ !

આજે જુઓને કેટલીય પત્નીઓ પરણી આવીને ધણીને ખોટો હિસાબ મંડાવે છે કે 'આ માબાપ-ભાઈઓની સાથે ભેગું રહેવામાં મઝા નથી, સુખ નથી;' અને ભાગ્યફૂટા ધણી એ સાચું માની લે છે જુદા થાય છે પછી કેમ ? 'આવ બલા, પકડ ગલા,' દુઃખનાં પોટલાં ! ધણિયાણીની જોહુકમી, અને કુટુંબથી અલગ થયે બીજી કેટલીય અગવડો વેઠ અને વિટંબણા ! કુટુંબમાં હોય તો હૂંફ મળે, આશ્વાસન મળે, સહાય, સહાનુભૂતિ મળે, તબીયત અસ્વસ્થમાં સહારો મળે. એવું બધું જુદા રહેવામાં ક્યાં મળવાનું ? પછી સાળો, ને સાળી, ને સાઢુ વગેરેની ગુલામીઓ કરવી પડે ! માબાપ ને ભાઈબેન હિસાબમાં નહિ ! પણ કુદરત કહે છે 'તું જાય ક્યાં ? હવે ભળતાની વેઠો કર ! લુચ્ચાના દેખાડેલા કૃત્રિમ સુખ સાચાં માની લે, પછી વેઠ-વિટંબણા ને અજંપો-અશાંતિ ન મળે તો શું મળે ? પાછો ત્યાં અંધ એને ય સુખરૂપ માને, પછી ઉગરવાનો કોઈ આરો ? લુચ્ચી ઇન્દ્રિયો અને ઠગારું મન આ સ્થિતિ ઊભી કરે છે. ઘેલિયો જીવ એનાં કરાવેલાં સુખદર્શન સાચાં માની માની અનંતાકાળ ખુવાર થયો, છતાં હજી એની ભ્રાન્તિ નથી ટળતી. લુચ્ચાના દેખાડના આધારે તોલ બાંધવો હોય પછી ભ્રમણા શે ટળે ? અનંતા કાળ વહી ગયા, જીવની આ ઘેલછાનો અંત નહિ ! હજી ઘેલછા ઊભી કે 'હું સારું સારું ખાવાપીવા પહેરવા-ઓઢવાના સુખ ભોગવી લઉં ! પત્ની-પુત્રપુત્રી-પરિવારનાં સુખમાં મહાલી લઉં ! માન-સન્માન-સત્કાર યશ-કીર્તિ-આબરૂને વધારી લઉં ! મકાન-દુકાન-મોટર-ફર્નિચર વગેરેની મઝા માણી લઉં !' છે ને આ ઘેલછા ? પૂછો,-





**પ્ર.-** એમાં ઘેલછા શી ? એ બધું હોય તો સુખનો અનુભવ થાય છે ને ?

**ઉ.- ઘેલછા આ, કે :**

(૧) એક તો, એમાં આત્માનો પોતાનો સ્વતંત્ર વિચાર નથી, પરંતુ ઇન્દ્રિયો અને મનના દંભી દેખાડના ને ખોટી ચઢવણીના આધારે ચાલવાનું છે. સ્વતંત્ર વિચાર હોત તો ઇન્દ્રિયો અને મનના દેખાડ બાજુએ રાખી એ જોતે કે

ખરેખર મને શું મળે છે ? મારા રાગાદિ રોગના વિકારો પોષાય અને વધે છે કે નહિ ?

વિષયસુખની કારમી ભૂખ ઘટે છે ? કે બેફામ વિસ્તૃત થાય છે ?

એમાં સુખ ન માનું તો ય મારું કામ નભે છે કે નહિ ?

સુખ નહિ પણ દુઃખરૂપ માનીને એ જરૂરિયાતો ઓછી કરતો આવું તો ચાલે કે નહિ ?

અને એ કરવામાં પહેલા કરતાં વધુ ચિત્તશાંતિ મળે કે નહિ ?

આવો સ્વતંત્ર વિચાર જ ન હોય, પછી લુચ્ચી ઇન્દ્રિયો અને ઠગારા મનના દોરવાયા ઘેલા જ બન્યા રહેવાનું રહે ને ?

(૨) બીજું એ છે કે એ બધાં માની લીધેલાં સુખ કોઈ એમ ને એમ તો મળતાં નથી. એ તો પુણ્યથી મળે છે. તે પણ પુણ્ય પાકવા તૈયાર હોય, અને પાકે એટલે ખત્મ થવા માટે તૈયાર હોય, ત્યારે મળે છે ! એનો અર્થ જ એ, કે 'પુણ્ય વેચો અને કામચલાઉ સુખ લો.' તો પુણ્યની મૂડી ખતમ કરીને મેળવાતું સુખ સુખરૂપ લાગે એ ઘેલછા નથી ? તૈયાર પાકવા થયેલા ખેતરને વેચી પક્વાન્નનું શિરામણ ખરીદે એ શું ડહાપણ કે ઘેલછા ? બાપની મૂડી ખલાસ કરીને રંગવિલાસ ઊડાવે એ ઘેલછા નથી ?

(૩) ત્રીજી વાત એ છે કે

આ માનેલા સુખની લંપટતામાં જ પરમ ઉપકારી દેવ-ગુરુ-ધર્મની સેવા-ઉપાસના-કૃતજ્ઞતા ભુલાય છે.

નવાં પુણ્યમાર્ગ આરાધવાનું ચૂકાય છે.

નીચી યોનિઓમાંથી ઉચ્ચ મનુષ્યયોનિમાં આવ્યા પછી ફેર નીચે પડવાનું ન થાય એવી કરણીમાં લાગ્યા રહેવાનું બાજુએ મૂકી નીચી દુર્ગતિમાં તાણી જાય એવી

ઢગલો કરણીમાં રચ્યાપચ્યા રહેવાય છે !

આ બધું ઊંધું વેતરણ શાથી ? તુચ્છ કૃત્રિમ નાશવંતા સુખની લંપટતાને લીધેસ્તો ? તો શું એમાં ઘેલછા ન ગણાય તો ડહાપણ ગણાય ?

(૪) ચોથી વાત એ છે કે એવા સુખની આગળ-પાછળ અને આજુબાજુ કઈ સ્થિતિ છે એનો વિચાર નથી. એ કપરી કઢંગી ગુલામી સ્થિતિ તરફ દૃષ્ટિ જ નથી, એટલે એ સુખ સુખરૂપ લાગે છે !

પણ એ ઘેલછા જ છે. બિલાડી ઉઘાડા પડેલા ભોજનમાંથી દૂધ પીવાનું સુખ માને, પણ બારણા પાછળથી ડંડો ઠોકનારને ન જુએ, એ ઘેલછા નહિ તો શું છે ? પ્રભુ કહે છે 'સંસારમાં જીવના માથે જન્મ-જરા-મૃત્યુ તો દુઃખની જકડામણ છે, તેથી ત્યાં સુખ શું ?'

નઘરોળ કેદીને જેલમાં ખાવા-પીવા મળવા પર સુખ લાગે, એના જેવું આ સંસાર-કેદી જીવને છે. માથે મૃત્યુની તલવાર લટકતી હોય ત્યાં પક્વાન્નથી મોહ્યા ! સરબતથી મૂંઝાયા ! ધન-દાગીનાથી ખુશી ખુશી થયા ! બંગલા-મોટરથી મસ્ત બન્યા ! એને સુખ મળ્યું માની લીધું ! એ હૃદયની ધિટ્ઠાઈ છે કે ત્યાં મૃત્યુના મહાદુઃખ અને કારમી નાલેશી તરફ આંખમિંચામણા કરાય છે ! પેલા ચોરની વાત આવે છે ને ?

**ચોરનો પ્રસંગ :**

રાજાએ એક ચોરને ફાંસીની સજા ફરમાવી પછી એને મોઢું કાળું કરી બેડીઓ પહેરાવી નગરમાં ફેરવવામાં આવ્યો. ત્યાં એ ચોર ધ્રૂસકે ધ્રૂસકે રડતો હતો; તે રાણીઓના મહેલ પાસેથી જતાં ઝરૂખેથી રાણીઓએ એને જોયો.

રાણીઓને ચોરના આક્રંદ પર દયા આવી ગઈ. તે રાજાને કહે છે, 'આપની આને ફરમાવેલી ફાંસીની સજાનો અમલ થાય તે પહેલાં અમને એકેક દિવસ આપો, જેથી અમે આની સરભરા કરીએ,'

રાજા કહે છે, 'આવા નાલાયકની સરભરા ?'

રાણીઓ વિનવે છે કે 'એનો કલ્પાંત જોઈ અમારું હૃદય પીગળી જાય છે, તેથી માત્ર એક દિવસ અમારે દરેકે એની સરભરા કરી અમારા દિલને શાંત કરવું છે.'

**જીવ પર દયા શા માટે કરવાની ?** એને સુખી કરી દેવા ? આનો ઉત્તર આ છે કે કોઈને પણ દુઃખમાંથી બચાવી લેવો એ તો પ્રયોજન છે જ. પરંતુ સાથે પોતાનામાં નિષ્ઠુરતા, કૃપણતા, કઠોરતા વગેરે દોષ ન પોષાય એનાથી બચાય એ



પણ એક જરૂરી પ્રયોજન છે. જો દુઃખીને એમ જ નજર-બહાર કરે કે એ એના પાપે દુઃખી છે આપણે શું કરીએ ?' અથવા 'દુનિયામાં તો દુઃખી કેટલાય હોય, આપણે ક્યાં બધે દયા કરતા પહોંચીએ ?' એમ પતાવટ માંડવાળ થાય અને દિલમાં એના દુઃખ પ્રત્યે સહેજ સહાનુભૂતિ ય ન ઊઠે કે 'બીચારો દુઃખી જીવ કેવી પીડા પામી રહ્યો છે !' આવું કોઈ સમવેદન ન થાય, તો એ હૃદયની કઠોરતા છે. એમાંથી આગળ વધીને બીજા બીજા દુઃખી દયા યાચતા જોવામાં આવ્યા, ત્યાં વળી જો મનને થયું કે 'હાલી નીકળ્યા છે મફતિયા ! એવાઓને તો મરવા દ્યો.' તો આ નિષ્ઠુરતા થઈ ગણાય. ત્યાં દ્વેષ પણ થવો સંભવિત છે, પોતાને એની દયા પાછળ બે પૈસા શક્ય ઘસારો વેઠવો નથી એ કૃપણતા થઈ. આવા આવા કઠોરતા વગેરે દોષ પોતાનામાં ન પોષાઈ જાય એ માટે પણ દયા કરવાની છે; કરતા રહેવાનું છે.

દયા કરી કરી પોતાના દિલને કઠોરતા-નિષ્ઠુરતા દ્વેષ આદિ દુર્ગુણોથી બચાવી લેવાની સુંદર તકવાળા આ માનવના અવતારે એ કાર્ય નહિ થાય, તો પછી કયા ભવે થશે ? ત્યારે, એ કઠોરતાદિને અહીં ઘુંટ્યા પછી અહીં ય અંતકાળે શું સૂઝવાનું ? અને પરલોકમાં એનાથી બંધાયેલ પાપોના વિપાક કેવા દુઃખદ ભોગવવાના ? એમ એ પરલોકના ભવોમાં અહીં સેવેલ કઠોરતા નિષ્ઠુરતાદિના સંસ્કારો કેવા વિશેષ જાગતા રહેવાના ?

માનવજીવન તો દુર્ગુણનાશ અને સદ્ગુણાભ્યાસની તકનું જીવન છે. અહીં આપણે એ દુર્ગુણોને દબાવવાના પ્રસંગ મળ્યે નહિ દબાવીએ તો તો તક ગઈ ! પછી કયા ભવમાં દબાવવાનો અવસર અને બુદ્ધિ મળશે ? એ તો વિચારો, તો શું એને દબાવ્યા વિના, એને દબાવવાનો મન મારીને પુરુષાર્થ કર્યા વિના, શું એ એમજ દબાઈ જશે ? જ્યાં અનુભવ છે કે સહેજ સહેજ વાતમાં કોઈની પ્રત્યે કઠોરતા નિષ્ઠુરતા આવી જાય છે, ત્યાં સ્પષ્ટ સમજાય છે કે 'એ દુર્ગુણ કાંઈ એમ ને એમ નીકળી જાય એવો નથી. એ તો પ્રસંગ આવ્યે આવ્યે મન પર બળ કરીને એને ન ઊઠવા દઈએ તો એ દબાતા આવે;' એટલે કહો કે

**પ્રત્યેક એવો આપણા સ્વાર્થનો પ્રસંગ એ તક છે,** કે એ અવસરે કઠોરતા-નિષ્ઠુરતા-દ્વેષ ન ઊઠવા દઈએ, આ તકોને વધાવી લઈ એને નિષ્ફળ ન જવા દઈએ. એ દુર્ગુણોને દબાવી કોમળતા સહાનુભૂતિ અને દયા-પ્રેમ-વાત્સલ્યથી સફળ કરીએ. આ આપણને નથી આવડતું એમ નહિ. વહાલા કરેલા પત્ની, પુત્ર, નાના ભાઈ-બેન, વગેરે તરફ આપણો સ્વાર્થ ભૂલી જઈ એની ભૂલ ખમી ખાઈ, સહી

લઈ કોમળતા સહાનુભૂતિ અને વાત્સલ્ય દાખવતા આવડે છે; ને તે પણ સક્રિયરૂપે. ઠંડીમાં પોતે ઓછું ઓઢીને પેલાને ઓઢાડવાનું કરાય છે ને ? મીઠાઈનો ટૂકડો પોતે જતો કરીને પેલાને ખવરાવાય છે ને ? પેલાનો ધમધમાટ કે તીખો શબ્દ શાંતિથી સહન કરી લેવાય છે ને ? કેમ કે એ વહાલા લાગે છે. બસ, જેવું એમની પ્રત્યે એવું સાધર્મિક પ્રત્યે અને ત્રાહિત જીવો પ્રત્યે આચરવાનું છે. દુઃખીને દેખી દિલ દયાથી ભીનું થવું જ જોઈએ. એમના પર પ્રેમ મૈત્રીભાવથી એ બને.

રાણીઓને ચોરના કરુણ આક્રંદ પર દિલ ભરાઈ આવ્યું. તે રાજાને કહે છે 'આ ચોરને એકેક દિવસ અમને સોંપો, જેથી અમે એની સરભરા કરીએ.'

રાજાએ કબૂલ કર્યું, સિપાઈઓના જાપ્તા સાથે ચોરને સોંપાવ્યો.

પહેલી રાણીએ એને નોકર પાસે નવરાવી ધોવરાવી સારાં મીઠાં ભોજન કરાવ્યાં; આગ્રહ કરી કરી જમાડ્યું. બીજે દિવસે બીજી રાણીને મન એમ થયું કે 'હું આની સવાઈ સરભરા કરું' તે એણે સ્નાન-ભોજન ઉપરાંત એને સારા સારા દાગીના પહેરાવ્યા. સંગીત ગીત વાજિંત્ર સંભળાવ્યા. ત્રીજી રાણીએ વળી પોતાના વારા વખતે એને વાહનમાં બેસાડી ફેરવ્યો ! પક્વાન્ન જમાડતાં પંખા ઢાળ્યા ! દાસીઓ પાસે એની પગચંપી, મધુરાં સંગીત, વગેરેમાં આખો દિવસ એને ભરચક રંગરાગમાં રાખ્યો.

હવે છેલ્લી રાણીનો વારો આવ્યો ત્યારે એ પહેલેથી રાજા પાસે જઈ રાજાને પ્રણામ કરી પગે પડીને કહે છે,-

'નાથ ! આ તમારી દાસીની એક અરજ છે. આજસુધી મેં આપને કોઈ વિનંતી કરી નથી. મારાં કમભાગ્ય છે કે આપ આટલા બધા ગુણિયલ છતાં હું આપનો પ્રસાદ પામી શકી નથી, ને અણમાનીતી રહી છું. આપ તો ઉદાર છો, પ્રેમાળ છો, આશ્રિતજન-વત્સલ છો. પરંતુ મારાં કર્મનો વાંક છે. મારાં પૂર્વભવોપાર્જિત કોઈ એવા પાપનો ઉદય છે કે હું આપનું પ્રેમપાત્ર નથી બની શકી. સલાટ પત્થરમાંથી સારી સારી મૂર્તિઓ બનાવતો હોય, પણ માટીના ઢેફા પર એની કળા ન ઊતરે, એમાં એ કારીગરનો શો દોષ ? ઢેફું જ અપાત્ર છે, અભાગિયું છે. તેમ હું મારી જાતની અયોગ્યતા સમજું છું. ખેર ! પણ કોઈ દિવસે નહિ ને આજે એક મારી નાની પ્રાર્થના છે, તે આપ સ્વીકારી આ દુર્ભાગી દાસીને પાવન કરો.'

રાણી અહીં રાજાની ગુણિયલતા અને પોતાની અપાત્રતાનું વર્ણન કરતાં કરતાં ગદ્‌ગદ થઈ ગઈ ! અને અંતે પ્રાર્થનાનું કહેતાં તો એની આંખમાં પાણી



ભરાઈ આવ્યાં ! એ પર રાજા પણ ગદ્‌ગદ થઈ ગયો, એ જુએ છે કે 'આ રાણીને વરસોથી અણમાનીતી રાખવા છતાં, એ મને દોષ નથી દેતી, ઊલટું ગુણિયલ તરીકે મને આવકારે છે, અને વાંક પોતાનો જુએ છે !'

સતી અંજનાસુંદરીને આવું બનેલું. ૨૨-૨૨ વર્ષના પતિત્યાગના અંતે એનો મિત્ર પ્રહસિત આવી જ્યાં કહે છે કે 'અંજના ! ખુશી સમાચાર લાવ્યો છું કે તમારા પતિ તમને મળવા આવી રહ્યા છે !' ત્યાં અંજના કહે છે, પ્રહસિત ! મારી મશ્કરી શું કામ કરો ? મારું ભાગ્ય તો મને હસી રહ્યું છે કે 'લે, પિતાના ઘેરથી લઈ આવેલા કોડ પૂરા કર જો ?' એમાં વળી વધારામાં તમે કાં મને હસો ? મારું જો એવું ભાગ્ય વાંકું ન હોત તો એ ઉદારમનસ્ક ગુણિયલ ભક્તવત્સલ પતિ શું કામ મારો ત્યાગ કરત ?'

કેટલી ઉદાર વિચારસરણી !! પતિમાં એને કોઈ ગુણોની ખામી નથી દેખાતી. ખામી પોતાની દેખાય છે; પોતાના કોઈ પૂર્વ ભવના તેવા દુષ્કૃત્યે ઊભા થયેલ અશુભ કર્મની દેખાય છે. તેથી પતિએ પરણ્યા બરાબર તરછોડ્યે આજે ૨૨-૨૨ વર્ષ વીત્યા, પણ એ પતિને ઉદાર ગુણિયલ અને સેવકવત્સલ દેખી રહી છે.

તમને તમારા કોઈ માતા, પિતા, વડીલ, શેઠ સ્વામી માટે આવું મનમાં આવ્યું છે ખરું ? કડવા અનુભવ તો સામાની ભૂલના, રીસના, રોષના આવ્યા હશે. એ વખતે મનમાં થયેલું ખરું કે એ તો ગુણિયલ છે એમનો કોઈ દોષ નથી, વાંક નથી. વાંક મારો કોઈ અહીંની ભૂલનો અગર પૂર્વ ભવના દુષ્કૃત્યથી ઊભા થયેલા દુર્ભાગ્યનો છે ! આવું દિલથી લાગેલું ખરું ?

**પ્રભુ પ્રત્યે પ્રાર્થના :**

આ ભાવનાને આગળ વિસ્તારીએ તો ભગવાન દેવાધિદેવ પ્રત્યે લગાવી શકાય. એવી પ્રાર્થના કરીએ કે 'પ્રભુ ! આપ તો સર્વગુણસંપન્ન છો. સાચા સેવક જનવત્સલ છો. સર્વ પ્રત્યે દયાળુ છો. આપના અચિંત્ય પ્રભાવે જીવોનું સારું થઈ રહ્યું છે, જીવો ઉદય પામી રહ્યા છે એટલે મારી બાબતમાં પણ આપનો કોઈ વાંક નથી, કોઈ ખામી નથી છતાં હું હજી ખાડામાં પડેલો છું, હીનભાગી છું, એમાં મારો જ વાંક છે. નહિતર આપ આવા ગુણિયલ અને સર્વહિતવત્સલ છતાં કેમ હું ગર્તામાં ખૂંચેલો રહેત ? કેમ કોઈ મહાન આધ્યાત્મિક ઉદય ન પામ્યો હોત ? પણ નાથ ! મેં આપને હૃદય પર તેવા લીધા નથી, આપનું શરણ મેં સ્વીકાર્યું નથી. આપની અચિંત્ય શક્તિનો મેં વિશ્વાસ કર્યો નથી. ગુણોને અળખામણા કરી દુર્ગુણોને વહાલા કર્યા છે, સુખસાધન માન્યા છે. જડના ભરોસા કર્યા છે, તેથી

કુટાઉં છું. નહિતર હું કેમ આપ સરખા ગુણિયલ અને સર્વ-હિતૈષીને માથે ધરી પતિત પામર, ગુણહીન અને દોષભર્યો રહ્યો હોત ?' પ્રભુ પ્રત્યે આવી કોઈ પ્રાર્થના કરીએ તો પછી પ્રભુનું સાચું શરણ સ્વીકારવા પ્રયત્ન થાય. એ માટે સર્વ દુઃખો અને સર્વ દોષોનો અંત કરવામાં પ્રભુનું અતુલ સામર્થ્ય માની એ સામર્થ્ય પર ભરોસો રાખીએ-વધારીએ.

આજના ધર્મી-જીવનમાં મહાન તત્ત્વ ખૂટતું દેખાય છે. દેવાધિદેવ અરિહંત પરમાત્મા પર શ્રદ્ધા છે કે 'આ જ સાચા દેવ છે;' પણ એમની અચિંત્ય શક્તિ પર શ્રદ્ધા નથી કે 'એમના પ્રભાવે સર્વ સિદ્ધિઓ થાય છે, મનોવાંછિત પૂરાય છે, સુખ-શાંતિ-ઐશ્વર્ય મળે છે.' ત્યાં તો એમ લાગે છે કે 'આપણા પુણ્યથી મળે છે, આપણા પુરુષાર્થથી મળે છે, અરિહંત તો વીતરાગ છે, એ કશું કરે નહિ.' એમની વીતરાગતા અને દેવાધિદેવતા પર શ્રદ્ધા ખરી પરંતુ એમની સર્વસિદ્ધિ-દાનની શક્તિ પર શ્રદ્ધા નહિ !!' ત્યારે સમર્થ તાર્કિક ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,

**'નિરાગી સેવ્યે કાંઈ હોવે, ઈમ મનમાં નવિ આણુ;**
**ફળે અચેતન પણ જિમ સુરમણિ. તિમ તુજ ભક્તિ પ્રમાણું.'**

અર્થાત્ 'નિરાગી-વીતરાગ પ્રભુને સેવવાથી શું થાય ? કેમકે એ તો આપણા પર રાગ વિનાના, એટલે એ આપણું શું ભલું કરી શકે ?' - એવું હું મનમાં લાવતો નથી. કારણ કે જગતમાં દેખાય છે કે અચેતન જડ એવું પણ ચિંતામણિરત્ન આમ કશું કરતું દેખાતું નથી, છતાં સેવ્યાથી ફળે છે, ઈચ્છિત આપે છે. તેમ હે પ્રભુ ! તારી પણ ભક્તિ કર્યાથી તું ફળે છે, એ પ્રમાણસિદ્ધ હકીકત માનું છું; ભલે ફળવાની ઈષ્ટદાન કરવાની ક્રિયા તારામાં ન દેખાય.

મહાન તાર્કિક બુદ્ધિવાળા આમ કહે, ને આપણે માનતા રહીએ કે 'વીતરાગ કાંઈ ન કરે; જે ઈષ્ટસિદ્ધિ થાય તે આપણા પુણ્ય અને આપણા પુરુષાર્થથી !' એ કઈ અક્કલ ? ગણધર ભગવાન પ્રભુની સ્તુતિ એમ કરે કે 'પ્રભુ અભયદાતા, ચક્ષુદાતા... ધર્મદાતા.' 'સિદ્ધ પ્રભુ મને મોક્ષ આપો;' શું પ્રભુ દાતા એટલે કે પ્રભુ આપે ? કે આપણો પુરુષાર્થ આપે ? પરંતુ આપણે 'વીતરાગ કશું કરે નહિ, કાંઈ આપે નહિ,' એમ માનવું છે, ને ગણધર મહારાજ કહે છે કે પ્રભુ આપે છે. ક્યાં મેળ મળે ? કોણ સાચું ?

**પ્ર.**- પણ પ્રભુ આપતા હોય તો અમને અને જગતના બધા જીવોને કેમ નથી આપતા ?

**ઉ.**- તે, પ્રભુને સેવે તો આપે ? કે ન સેવે તો આપે ? અગ્નિને સેવે તો



ગરમી મળે ? કે ન સેવે તો મળે ? અગ્નિને વિધિપૂર્વક સેવવાથી ઠંડી ઊડે છે, ને ગરમી મળે છે, છતાં શું ત્યાં એમ કહેવાય છે કે 'સેવને ગરમી આપી, અગ્નિએ નહિ ?' એ તો ખાતરીથી કહેવાય છે કે 'અગ્નિ ઠંડી ઊડાડી ગરમી આપે છે.' અલબત્ત એને વિધિપૂર્વક સેવે એને મળે એમ સર્વ ઈષ્ટ વીતરાગ અરિહંત પ્રભુથી સિદ્ધ થાય છે, શરત એ કે એમને વિધિસહિત સેવો, ત્યારે પૂછો,-

**પ્ર.**- 'સેવાના પ્રયત્નથી મળે' એમ માનવામાં તો પુરુષાર્થી બનાય; પરંતુ 'પ્રભુથી મળે,' એવું માનવામાં શો લાભ ? એમાં તો 'પ્રભુ આપશે' એવું માનવા જતાં ઊલટું એદીપણું ન આવે ?

**ઉ.**- ના, અહીં માર્મિક રહસ્ય સમજવા જેવું છે, 'આપણા સેવાના પ્રયત્નથી ઈષ્ટ મળે છે,'- એમ જે મનાય છે ત્યાં સેવા તરીકે પ્રભુની માત્ર બાહ્ય કોઈ ભક્તિ, દર્શન, જાપરટણા, સ્તુતિ વગેરે ક્રિયા જ સમજીએ છીએ પરંતુ ખરી રીતે એટલું જ બસ નથી, મુખ્ય તો, જેને સેવીએ એના પર અથાગ આંતર બહુમાન અને અપાર શ્રદ્ધા પહેલી જોઈએ. રાજાને કોઈ બહારથી સેવે, પણ અંતરમાં બહુમાન ન હોય, તો રાજા તેવું ફળ ક્યાંથી આપે ? બહુમાન તો પ્રથમ આવશ્યક છે. એ બહુમાન શી રીતે આવે ? એ તો માને કે 'પ્રભુ પરમ ઉપકારી છે, પરમ દયાળુ છે. અહીં સુધી હું ઊંચે આવ્યો છું તે એમના પ્રભાવે; ને આગળ ઠેઠ મોક્ષ સુધી પહોંચીશ તે પણ એમના પ્રભાવે જ;' તો પ્રભુ પર જ્વલંત બહુમાન જાગે. અણીના અવસરે લાખ રૂપિયા પરખાવનાર ઉપર હૈયે કેટલું બધું બહુમાન રહે છે ? એટલે બહુમાન માટે પ્રભુના પરમ ઉપકારનો ખ્યાલ અને ભાવિ ઉદ્ધારમાં એમના પ્રભાવની શ્રદ્ધા તો લાવવી જ પડશે. તો જ ઊંચા બહુમાનથી મિશ્રિત બાહ્ય સેવા લાભ કરશે, અગ્નિને બહારથી સેવવામાં અંદરખાને તો હૃદયમાં અગ્નિ-શક્તિની શ્રદ્ધા બેઠી જ છે કે 'અગ્નિ ગરમી આપે છે.' એમ અહીં પણ સેવા ગમે તેટલી ઊંચી કરીએ છતાં અંદરમાં અરિહંત પ્રભુની શક્તિ પર અથાગ શ્રદ્ધા હોવી જ જોઈએ. તો જ સમર્થ બહુમાન જાગે.

હવે એદી બની જવાના ભયનો વિચાર કરો, અરિહંત મુખ્ય દાતા છે એમ માનવામાં શું માણસ સેવામાં એદી નહિ બને ? ના, અરિહંતને એવી અચિંત્ય શક્તિવાળા માની પરમ ઉપકારક માન્યા, એટલે તો એમના પર કૃતજ્ઞભાવ અને બહુમાન એટલું બધું ઊભું થઈ જવાનું કે પછી મનને એમ થાય કે 'એમણે જ મને આપેલી તન-મન-ધન અને માનવભવની સર્વશક્તિ એમની સેવામાં કામે લગાડી

દઉં ! આવા પરમ ઉપકારીની સેવાથી વધીને જગતમાં બીજું શું કાર્ય છે કે એમાં જઈને અરિહંતે દીધેલા માનવભવને અને પુણ્યાઈને હોમું ?' મનને આવું લાગવાથી પછી એ તન-મન-ધનનો ભોગ આપી એમની સેવા કેમ ચૂકે ? એદી શાનો બને ? જો કૃતજ્ઞભાવ નથી તો બહુમાન નથી; ને એ છે તો કૃતજ્ઞતા અદા કરવા સેવાનો ભગીરથ પુરુષાર્થ અવશ્ય કરવાનો.

**અર્હત્શક્તિની શ્રદ્ધાના લાભ :**

સારાંશ, બહુમાન વિનાની બાહ્ય સેવાની કિંમત નથી અને બહુમાન લાવવા માટે પ્રભુના અચિંત્ય પ્રભાવ અચિંત્ય ઉપકાર ઉપર સચોટ દૃષ્ટિ જાગતી જોઈએ. એ હશે તો જ પ્રભુ આગળ કવિઓનાં રચેલા સ્તવન સ્તુતિઓ સાચા દિલે બોલાશે. એ શ્રદ્ધા-દૃષ્ટિ નહિ હોય તો બોલવા છતાં દિલ અળગું રહેશે, માન્યા કરશે કે 'આ તો બોલવાનું, બાકી પ્રભુ કાંઈ કરે નહિ કાંઈ આપે નહિ.' એમ કવિવચનને મૃષા માને ત્યાં સ્તવન-સ્તુતિ ફળે શી રીતે ? ભલેને વરસોના વરસો બોલ્યે જાય, પણ ફળમાં મીંડુ !

**શરણ અને આભાર :**

પ્રભુનો અચિંત્ય પ્રભાવ અચિંત્ય સામર્થ્ય માનવાથી ચિત્તમાં જબરદસ્ત નિર્મળ અધ્યવસાય ઊભો થાય છે, અહંત્વ ગળે છે, ગુણીની ઉપકારીની કદર થાય છે, મનના મેલનું પ્રક્ષાલન થતું આવે છે, સાચું શરણ સ્વીકારાય છે, સેવાનું પ્રમાણ વધારતા જવાય છે.

આવા અતિભવ્ય લાભો હોઈને ધર્મી આત્માએ પહેલા નંબરમાં આ શ્રદ્ધા હૈયે ઝગમગતી કરવી ખાસ આવશ્યક છે કે 'અરિહંત પરમાત્મામાં અચિંત્ય સામર્થ્ય છે. એ સર્વ દુઃખનાશ અને સમસ્ત સંપત્તિ પ્રદાન કરવા સમર્થ છે.' પછી (૧) કોઈ પણ અનિષ્ટ નિવારણ અને ઈષ્ટસાધના વખતે એમનું શરણું પહેલું લેવાશે; તેમજ (૨) અનિષ્ટ ટળ્યે, કે ઈષ્ટ મળ્યે, એમનો વારંવાર હાર્દિક આભાર માનવાનું કરાશે. તેમજ, અનિષ્ટ નહિ ટળતું હોય, કે ઈષ્ટ નહિ મળતું હોય, ત્યાં સુધી પોતાની ખામી મનાશે, પણ સાથે અટલ શ્રદ્ધા રહેશે કે 'પ્રભુના અચિંત્ય પ્રભાવે એ બની આવશે.'

અંજનાસુંદરી આ કરી રહી છે. પતિના મિત્રને કહે છે, 'પતિ તો ગુણિયલ છે, સેવકજનનું ઈષ્ટ પૂરે છે. પણ ખામી મારી છે કે મારાં ભાગ્ય અવળાં છે.' એ ખામી દૂર થયે આવો ગુણિયલ દયાળુ પતિ અવશ્ય સામું જોશે એવી એ શ્રદ્ધા રાખી રહી છે. તેથી જ પતિના મિત્રને એ કહી રહી છે કે 'મારી ખામી વિના



આવો ગુણિયલ પતિ મારો કેમ ત્યાગ કરે ?' હૃદયની આમાં કેટલી બધી ઉદારતા અને વિશાળતા જળવાય છે ! કેટલી ફોરાશ, પવિત્રતા નિઃશલ્યતા અને નિખાલસતા રહે છે ! સામાની કેવી સુંદર કદર મૂલ્યાંકન કરાય છે !

**બધો આધાર મનના વળાંક પર :**

મન તો એનું એજ રહેવાનું. એને કઈ બાજુ વળાંક આપવો એ જોવાનું છે. મનને સામાના દોષ પર, વાંક પર, ખામી પર પણ લઈ જઈ શકાય, અથવા સામાની એકાંત ગુણિયલતા તથા પોતાના જ દોષ-વાંક-ખામી ઉપર પણ વાળી શકાય.

**પશુ જન્મ નહિ પણ માનવનો જન્મ પામ્યાનું ગૌરવ હોય,** માનવમન પામ્યાની વિશેષતાનું મૂલ્યાંકન હોય તો સામાને ગુણિયલ લેખી પોતાનો વાંક જોવાનું મનોવલણ ધરાય. એમાં ય ગુરુજન પ્રત્યે તો ખાસ આ સાવધાની રખાય.

**ગુણસ્થાન કે ચડવાની ચાવી :**

**ગુરુજન પ્રત્યે 'એ ગુણિયલ, અને આપણે ગુન્હાહિત છીએ.' એવું સમજવામાં ભાવવામાં આપણી ગુણસ્થાનકની પાયરી વધે છે, ઊંચા ગુણસ્થાનકે ચડવાનું થાય છે.**

**ચંડરુદ્રાચાર્યના શિષ્યે** એ ભાવમાં ચડતાં ચડતાં કેવળજ્ઞાન લીધું !

**મૃગાવતી** સાધ્વીએ પણ એમજ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું !

**વૈયાવચ્ચી નંદીષેણ** મુનિ એજ રીતે દેવપરીક્ષામાં પાર ઊતરી પછીના ભવે કૃષ્ણપિતા વસુદેવ થયા !

જોઈએ તો ચંડરુદ્રાચાર્ય અને પરીક્ષક દેવતા ગુનામાં હતા. પરંતુ આચાર્યના નવા શિષ્યે અને નંદીષેણ મુનિએ પોતાનો એક યા બીજી રીતે ગુનો દેખ્યો, અને સામાને ગુણિયલ લેખ્યા, તો ઊંચે ચડ્યા !

**બસ, આવું હૃદય બનાવવું એ જીવનની એક લહાણ છે.**

**રાણી પર રાજા તુષ્ટ :**

પેલી અણમાનીતી રાણી રાજાને 'આપ તો ગુણિયલ છો; સર્વ આશ્રિત પર હેત રાખો છો, પરંતુ મારાં કર્મ વાંકા તેથી હું આપનું પ્રેમપાત્ર નથી બની શકી...' એ રીતે કહેતાં ગદ્ગદ થઈ ગઈ, તો રાજા ઉપર એની ભારે અસર પડી ગઈ ! રાજા પણ ગદ્ગદ થઈ ગયો અને રાણીની માગણી પર એ કહે છે, 'માગ શું જોઈએ છે ?'

**રાણીની સ્થિતપ્રજ્ઞતા :**

હવે અહીં જુઓ અવસર કેવો ઊભો થઈ ગયો છે ! રાણી અણમાનીતી રહી છે, તેથી આદર-સત્કાર મળ્યા નથી. પણ બીજી રાણીઓને અગ્રેસર બનવાનું હવે માગી શકે છે. રાજાનો અથાગ પ્રેમ માગી શકે છે. જર-ઝવેરાત, પાલખી-પરિવાર વગેરે માગવું હોય તો તે પણ માગી શકે. કિન્તુ ના, આને તો કોઈ આવો સ્વાર્થ માગવો નથી કેમ કે એ અત્યારે પેલા શિક્ષા પામેલા ચોરની દલાલણ થઈને આવી છે. એ પોતાના એ કાર્યમાં સ્થિતપ્રજ્ઞ છે. તેથી લલચાઈ જતી નથી કે 'હવે એવા બદમાશ ચોરની પાછળ વળી આપણે તે ક્યાં કુટાઈએ ? આપણે તો અહીં, રાજા જો ઇચ્છિત આપવા તૈયાર થયા છે, તો મનમાન્યું સારું માગી લો. આપણે ઊંચા આવ્યા પછી પરમાર્થ કરવો હશે તો ઘણો કરી શકીશું.' ના, આવી કોઈ લાલચ જાગતી નથી.

**એને તો ઊંચી સમજ છે કે**

'અત્યારે જે પરમાર્થના હેતુથી આ પ્રયત્ન કર્યો અને એમાં કદાચ પોતાની સ્વાર્થસિદ્ધિની તક આવી, તો એ ઝીલી લઈ પેલું પરમાર્થ કાર્ય જતું કરવામાં દ્રોહ થાય, વિશ્વાસઘાત થાય, વળી અહીં છતો પરમાર્થ જતો કરવામાં આગળ વળી કયા મોટા પરમાર્થની આશા રાખવી ? કેમ કે આ કર્તવ્ય પરમાર્થ હવે જતો કરવામાં હૃદય ક્રૂર નિષ્ઠુર બને, એટલે ખરેખરી પરમાર્થભાવના જ નષ્ટ થઈ જાય; પરમાર્થમાં અતિ જરૂરી હૃદયશુદ્ધિ જ નાશ પામી જાય. પછી ભાવ પરમાર્થમાં કસ જ શો રહે ? વર્તમાનમાં દ્રોહ કરવો એ હૃદયને અશુદ્ધ કરી નાખે છે.'

**રાણી શું માગે છે ?**

એટલે અણમાનીતી રાણીને રાજા માગે તે આપવા તૈયાર થઈ ગયો છે, પરંતુ રાણીએ તો પરમાર્થનો ઉદ્દેશ જે નક્કી કર્યો છે, એનો એને દ્રોહ કરવો નથી એટલે રાજાને કહે છે, 'નાથ ! જો આપ પ્રસન્ન હો તો મારા પર એક મહેરબાની કરો, અને પેલા ચોરને ફાંસીની સજા માફ કરી અભયદાન લખી આપો.'

રાજા કહે છે 'આ તું શું માગે છે ? પછી એ ચોર પાછો ચોરીઓ કરે એટલે પ્રજાને એ કેટલું કષ્ટકારક ?'

**"દિવ્ય-દર્શન" - "પ્રવચન મહોદધિ"** વર્ષ-૧૫,અંક-૩૫,તા.૧૨-૫-૧૯૬૭

રાણી રાજાના પગમાં પડી કહે છે, 'મહારાજ મને વિશ્વાસ છે કે હવે



જીવનમાં એ કદી ચોરી નહિ કરે. હું એની પાસે કબૂલાત કરાવીશ આપ એને અભયદાન બક્ષી આપો. બસ, મારે બીજું કાંઈ માગવું નથી. જિંદગીમાં આપની પાસે કશું કાંઈ માગ્યું નથી આ મારી પહેલપહેલી માગણી છે, ને તે આપ પૂરી કરો એવી મારી નમ્ર પ્રાર્થના છે.'

**ગુણના અભ્યાસની તક માનવભવે :**

રાણીના દિલમાં શુદ્ધ દયાભાવ કેટલો બધો ઊછળી રહ્યો છે કે એને પોતાના સ્વાર્થની કોઈ વસ્તુ આંચકી લેવાનું મન નથી, ને એકમાત્ર ચોરને અભયદાન દેવરાવી એને જિંદગીભર ચોરી-અનીતિ મૂકાવી દેવી છે. એ સમજે છે કે 'બીચારો ચોર મરશે તો માનવ-જીવનમાં સાધવા યોગ્ય ન્યાય સંપન્નતા પવિત્રતા વગેરે સદ્ગુણોના અભ્યાસની તક ગુમાવશે ! પછી એ હલકી યોનિઓમાં ક્યાં એવી તક પામવાનો ? ને ક્યાં ગુણોનો અભ્યાસ કેળવવાનો ? એ તો જ્યાં સુધી આ જીવન ટકેલું છે ત્યાં સુધી જ એ તક છે.'

આ સમજ એણે રાજાને પણ કરાવી દીધી, ને 'ચોરને સુધરવા તક આપો,' એમ કહી ચોરનું જીવતદાન માગ્યું.

વાત પણ સાચી છે. આપણે જીવન જીવીએ છીએ ત્યાં જો આ નજર સામે તરવરતું રહે કે આ માનવજીવન એટલે કેટકેટલી ઉચ્ચ સાધનાઓ કરવાની તકનું જીવન છે, તક હાથમાં છે ત્યાંસુધી એ સાધી લેવાનો અવસર છે, તો જીવન જીવતાં એની જ લગન, એની જ ધગશ, અને એનો જ પુરુષાર્થ ચાલુ રહેવો જોઈએ. આ જો નજર સામે તરવર્યા કરે તો પછી જીવન પશુનું નહિ, પણ ઉચ્ચ આચારસાધક ગુણસાધક અને શુભાનુષ્ઠાન-સાધક જીવાયા કરે.

**જીવને વળગાડ કેટલા ? :**

એ તો જુઓ કે જીવને વળગાડ કેટલા ? આહારની પાંચ ઇન્દ્રિયોના વિષયોની અને ધન-માલ-વસ્ત્રાદિ કેટલીય વસ્તુના પરિગ્રહની કેવી કારમી સંજ્ઞાઓ વળગી છે ! હિંસા-જૂઠ-ચોરી વગેરે દોષ-દુષ્કૃત્યો કેટલા ? એમ ક્રોધ-માન-માયા-લોભ, મદ-તૃષ્ણા-પ્રપંચ, ઈર્ષ્યા-અસૂયા, હર્ષ-ઉદ્વેગ-ભય, વગેરે કેટકેટલા કષાય જાણે સ્વભાવગત બની ગયા છે ! આ બધા દોષ-દુર્ગુણોને તોડવાની તક ક્યાં ? દુનિયાનું બધું ડહાપણ કર્યું, ઘણું કમાયા ઘણું ભોગવ્યું લીલાલહેર કરી, પણ આ દોષ-દુર્ગુણો કાપવાનું ? ઓછા કરવાનું ન કર્યું તો અંતે શું લઈ ચાલવાનું ? અને પછીના ભવમાં એ દોષોને કાપવાની તક મળવાની ? કે વધારવાની ? આર્ય માનવઅવતાર અને અનાર્ય માનવઅવતાર, વચ્ચેના એમ મનુષ્યજીવન અને પશુજીવનના મોટા

અંતર તપાસો, ક્યાં કઈ તક છે ? જોશો તો સ્પષ્ટ દેખાય છે તે અહીં દોષોને ઓછા કરવાની દબાવવાની તક છે ત્યારે હલકા જીવનમાં એજ સેવવા-વધારવાની તક છે. આવું મહાન અંતર જાણ્યા પછી સંસારના તુચ્છ વિષયસુખો અને તુચ્છ વાહવાહની પાછળ તણાઈ દોષો ઓછા કરવાની તક વેડફી દોષોને પોષવા-વધારવાનું કરનારો મૂર્ખ કેટલો ખતરામાં ઊતરી રહ્યો છે ?

**પ્રલોભનથી કેમ બચાય ?**

મહાન આત્માઓ આ દોષનાશની માનવજીવનની તકને ઓળખતા હતા, તેથી અવસરે ઊંચા પ્રલોભનોને બાજુએ મૂકી આંતર દુશ્મનભૂત દોષને દબાવવાની અને ગુણને સાધવાની તક વધાવી લેતા હતા. એ સમજતા કે 'પ્રલોભન તો આજ છે ને કાલે નથી. એ મળ્યાથી પછી કાંઈ એ શાશ્વત ટકવાના નથી; જ્યારે (૧) એનો સામનો કરીને દબાવેલ દોષ તથા સાધેલ ગુણ સ્વાત્માને એક નક્કર સિદ્ધરૂપ થશે. (૨) એમાં સાથે વળી નિજનું સત્ત્વ વિકાસ પામશે. કેમકે પ્રલોભનને જતું કરવામાં વિશિષ્ટ આત્મવીર્ય ઝળકાવવું પડે છે. ત્યારે,

**સત્ત્વનો વિકાસ થાય એ તો ક્ષપકશ્રેણી અને કેવળજ્ઞાનનો પાયો છે.** કેમકે આત્મા જ્યારે મહાસત્ત્વ દાખવી 'અપૂર્વકરણ' નામનો સામર્થ્યયોગ પ્રગટ કરે છે ત્યારે મોહનીય કર્મના પ્રકારોનો જડમૂળથી નાશ કરવાની ક્ષપકશ્રેણી પર ચડે છે. એમાં બીજા ય કેટલાય હલકા કર્મોનો વિધ્વંસ કરતો જાય છે. તે આગળ વીતરાગ બની શુકલ ધ્યાનના પૂર્વ ભાગમાં સ્થિર થઈ જ્ઞાનાવરણ આદિ ઘાતી કર્મોનો સંપૂર્ણ નાશ કરીને કેવળજ્ઞાન-કેવળદર્શન પામી સર્વજ્ઞ બને છે ! આ બધું મહાસત્ત્વથી જ અપૂર્વ પરાક્રમ કરવાના અને ઉચ્ચ ધ્યાનમાં સ્થિર થવાના લીધે બને છે. એવા અનેરા મહાસત્ત્વનો પાયો વર્તમાનમાં તક વધાવી આંતર દોષ દબાવવાના અને ગુણ સાધવાના સત્ત્વમાં પડેલો છે. આવું તત્ત્વ કેળવવાની તક આવી ઊભી હોય એ વખતે નિઃસત્ત્વ બની તુચ્છ ક્ષણિક પ્રલોભનને વશ થઈ જવું, અને આ સુંદર ભવમાં જ મળે એવી તક ગુમાવવી એ કેટલી બધી મૂર્ખાઈ થાય ? પછી બીજા કયા ભવમાં એવી તક મળવાની ? ને સત્ત્વવિકાસ, દોષનાશ અને ગુણસિદ્ધિ ક્યાં કરવાની ?

અણમાનિતી રાણી રાજાના ગદ્ગદ થઈને 'માગી લે જે જોઈએ તે,' એ કહેવા પર સત્ત્વ કેળવીને બીજું પ્રલોભન જતું કરે છે, અને પરોપકાર કરવાની તક જ ઝડપી લઈ રાજાને કહે છે,

'આપ પ્રસન્ન હો, તો પેલા ચોરને અભયદાન લખી આપો. ફરીથી એ



ચોરી નહિ કરે એનો પ્રબંધ હું કરી લઈશ'

**ચોરને અભયદાન-પત્ર :**

બસ, **'સકૃત્ જલ્પન્તિ રાજાન, સકૃત જલ્પન્તિ સાધવ'** : રાજાઓ એકવચની હોય છે, તેમ સાધુપુરુષો પણ એકવચની હોય છે. રાજાએ ચોરને અભયદાન લખી આપ્યું.

રાણી અભયદાન-પત્ર લઈ આવી. જ્યાં એના વારાએ ચોર આવ્યો એટલે એને કહે છે,

'જો ભાઈ ! હું તો મહારાજાની અણમાનિતી રાણી છું એટલે તારી સરભરા કરવા માટે મારી પાસે પૂર્વની ત્રણ રાણીઓના જેવા મોટા મેવા-પકવાન્ન, જર-ઝવેરાત અને વાહનો નથી. પરંતુ હું તારા માટે મહારાજા પાસેથી એક આ પત્ર લાવી છું.' એમ કહી એણે પેલો અભયદાનપત્ર ચોરને આપ્યો.

વિચારો, ચોરે એ પત્ર વાંચી કેવી લાગણી અનુભવી હશે ? અને રાણીને શું કહ્યું હશે અત્યાર સુધી કરેલી ચોરીઓના અંતે રાજાના હાથમાં મહામુશીબતે પકડાયો; તેથી હવે ફાંસીની સજા પામેલો હોઈ એણે બચવાની તદ્દન આશા જ મૂકી દીધેલી; અને ફાંસીની ભયંકર પીડાની કલ્પનામાં એ શોષાઈ રહેલો હતો. હવે એ રાજાની મહોર છાપવાળું અભયદાન-પત્ર જોતાં જાણે નવો જન્મ અને નવી દુનિયા પામવાના અકથ્ય આનંદનો અનુભવ કરવા લાગ્યો ! તરત ઊઠીને રાણીના પગમાં પડ્યો, પગમાં માથું ઢાળી, હાથ જોડી, અશ્રુભીની આંખે કહે છે,

**ચોર શું કહે છે :**

'મા ! આ તું શું કરી લાવી ? કોઈએ ન કરી એવી તેં આ મારી કેવી મોટી સરભરા કરી ? મને જીવતદાન ? હું ઘોર પાપી, મારે નક્કી ફાંસી, અને તેં મારા પર આ દયા કરી ? આજ મને તેં નવું જીવન આપીને, માડી ! ખરેખર તું મારી જનેતા બની છો તારો કેટલો ઉપકાર માનું ?'...બોલતાં બોલતાં ધ્રુસકે રડી પડે છે. રોતાં રોતાં કહે છે, 'દેવી ! વિધાતા ! અમારા જેવા નરાધમ ઉપર લાતો મારનાર તો આખી દુનિયા છે; પણ તમે ચાર મહારાણીઓએ દ્વેષને બદલે દયા કરી એ અદ્ભુત છે. એમાં ય તારી દયા તો અપરંપાર છે. તેં તો મારા પર દયાનો સાગર ઊભરાવ્યો ! જગતમાં નિરપરાધી પશુ પર દયા કરનારા હજીય મળે; પણ મારા જેવા ઘોર પાપિષ્ઠ ઉપર કરુણા અને તે આટલી બધી ઊંચી અભયદાનની કરુણા વરસાવનાર ક્યાં મળે ? મારાથી આનો બદલો તો વળી શકે એવો નથી. પણ તું કહે હું શી તારી સેવા બજાઉં ? હું તારો જિંદગીભરનો ખરીદાયેલો ગુલામ છું.'

રાણી એના રુદન સાથેના આ બોલ પર વધુ પીગળી જાય છે એની ય આંખમાં પાણી આવી જાય છે. એ ચોરને કહે છે,-

'જો ભાઈ ! મેં કાંઈ બહુ કર્યું નથી. આતો જરાક મને દયા થઈ આવી તે મહારાજાને વિનંતી કરીને આ ચિઠ્ઠિ લખાવી લાવી. આમાં ક્યાં મેં એક પાઇનો ય ખર્ચ કર્યો છે ? કે જ્યાં શરીરને જરાય કસ્યું છે ?'

**ચોરના કૃતજ્ઞતાનો બોલ :**

ચોર કહે છે, 'અરે મા ! પૈસા અને શરીરનો ભોગ આપવો હજી સહેલો છે, પણ આટલી બધી ઉત્કટ દયા લાવવી ભારે કઠિન છે ! અને તે પણ મારા પર અતિ ગુસ્સે ભરાયેલ મહારાજને તેં કેવી રીતે કેવાક શાંત કર્યા હશે, અને ઠેઠ જીવતદાન સુધીની મહા ઉદારતા શી રીતે કરાવી હશે એ તો અલૌકિક છે ! આની આગળ લાખોનું દાન કે શારીરિક ભોગ શી વિસાતમાં છે ? તેં જે કર્યું છે, અને તે પણ મારા જેવા અતિ દુષ્ટ પાપીને માટે ! એ જબરદસ્ત પરાક્રમ છે, અતિ ઉચ્ચ પરોપકાર છે ! બસ, હવે તું મને કહે હું શી તારી સેવા બજાઉં ? હું તારો જિંદગીનો દાસ છું.'

રાણી કહે છે 'જો ખરેખર મારી સેવા કરવી હોય તો તું પ્રતિજ્ઞા લે કે 'જીવનભર હું ચોરી નહિ કરું.'

**ચોરી નહિ કરવાની પ્રતિજ્ઞા :**

ચોર તરત હાથ જોડી પ્રતિજ્ઞા કરે છે કે 'ભગવાન માથે રાખીને હું સોગન લઉં છું કે હવે જિંદગીભર ચોરી નહિ જ કરું. જરૂર પડ્યે ભીખ માગીશ. નહિ મળે તો પેટ ફાડી નાખીશ, પણ ચોરી નહિ જ કરું તે નહિ જ કરું.'

પ્રતિજ્ઞા કરીને કહે છે, 'મા ! આ તો તેં મારું જ ભલું બતાવ્યું, પણ તારા અપરંપાર ઉપકારના બદલામાં એ તો કહે કે હું તારું યત્કિંચિત્ પણ શું પ્રિય કરું ?'

રાણી કહે છે, 'બસ આ જ મારું ખરેખર પ્રિય છે; આ જ મારી સાચી સેવા છે. બસ હવે જા ભાઈ ! સુખી થજે. ધંધો કરવા થોડા પૈસા જોઈએ તો લઈ જા.'

**યોગી જીવન અને તપનો સંકલ્પ :**

ચોર કહે છે, 'મહાદેવી ! તો હું તો એકલા તારા ઉપકારના મેરુભાર નીચે દબાયો રહ્યો. તારું હું કશું કરી શક્યો નહિ. ખેર ! હવે તને એટલી આનંદજનક વાત કહું કે તેં મને જીવતદાન અપાવીને નવા જીવનની તક આપી છે, તો હવે હું કોઈ યોગીના શરણે જઈ મારાં ભયંકર પાપો ધોવા માટે કઠોર તપસ્યાવાળી યોગસાધના કરીશ.' **જો મેં ભારે હોંશ અને ધોંસથી પાપો કર્યાં છે તો એવી ભારે**



**હોંશ અને ધોંસથી તપ તપ્યા વિના એ પાપ કેમ નાશ પામે ?** બસ, તોડી નાખીશ કાયાને ઉગ્ર તપસ્યાથી. હવે કૃપા કરી બને તો એક વાર મને દયાળુ મહારાજાનાં દર્શન કરાવ કે જેથી એમનાં ચરણે નમસ્કાર કરી એમનો પણ આભાર માનીને કૃતાર્થ થાઉં.'

રાણી ચોરના આ સંકલ્પ પર સ્તબ્ધ બની ગઈ ! એને થયું કે 'વાહ ! આને એક અભયદાન દેવાનાં સુકૃતે મહાતપસ્વી યોગી બનાવવાનું ફળ દેખાડ્યું ?' રાણી એને હોંશભેર રાજા પાસે લઈ ગઈ.

ચોર રાજાના પગમાં માથું મૂકી નમસ્કાર કરે છે. રાણી રાજાને ચોરની અભયદાન-પત્ર દીધા પછીની બધી વિગત કહે છે. રાજા પણ એની ચોરમાંથી મહાયોગી થવાની વાત સાંભળી પ્રસન્ન થાય છે, પૂછે છે ચોરને, 'કેમ હવે ચોરી નહિ કરે ?'

**રાજાને ચોરનો ઉત્તર :**

ચોર પગમાં પડી કહે છે, 'મહારાજ' હવે ચોરી ? ચોરી બહુ વહાલી કરી હતી, પરંતુ ફાંસીની સજામાં જીવન નષ્ટ થતું જોઈ મનને ભારે પસ્તાવો થયો કે હે જીવ ! જો તો ખરો કે ચોરીઓની બહુ બહાદુરી કરી, પરંતુ એમાં છેવટે સાર શો નિકળ્યો ? આ ગળું ટૂંપાઈ જવાનો જ ને ? કેટલી મારી અધમ મૂઢ દશા ? કેવી ગમારિતા ? ધિક્કાર પડો આ ચોરીઓના ધંધાને ! એ પસ્તાવામાં આપના તરફથી જીવિતદાનની કૃપા થઈ એણે મારા અંતરમાં નવ-ચૈતન્ય પ્રગટાવ્યું, નવો પ્રકાશ આપ્યો, નવી સ્ફૂર્તિ ને નવું જોમ બક્ષ્યા ! મને થયું કે પ્રભુ ! જો હવે જીવન હાથમાં રહ્યું છે, તો એનો ખરેખરો સદુપયોગ કરી લેવા દે. હવે તો અનેક પ્રકારની કઠોર તપસ્યાઓ અને યોગ સાધના દ્વારા એ ચોરીઓના એકત્રિત કરેલાં રકમબંધ પાપોનો નિકાલ કરી નાખું ! દુષ્ટ ભાવો કરી પાપોને સગૃહીત કરનારો હું જ છું; તો વિશુદ્ધ ભાવો દ્વારા એ પાપોને વિખેરી કેમ નહિ શકું ? માટે દયાળુ ! હવે આપ જરાય શંકા રાખશો મા, હવે તો જોગી બનીને બનશે તો જગતના ચોરોની પણ ચોરી મુકાવી દેવાનું કરીશ. આ બધી આપની જ કૃપા છે. આપનો હું જન્મોજન્મનો ઋણી છું, આભારી છું !

રાજાને વિશ્વાસ પડે છે, છતાં ચકાસે છે, કહે 'જો ભાઈ ! તારે હવે ચોરીઓ નથી કરવી, એટલે હવે ખાવું પીવું શી રીતે એ ચિંતા રહે. પરંતુ હું તને ધન આપું તેથી પ્રામાણિક્તાથી ધંધો કર; અથવા કહે તો નોકરીમાં રખાવી લઉં.'

ચોર હાથ જોડી જવાબ વાળે છે, 'દીનોના નાથ ! પણ ધંધો નોકરી કરું

એથી શું ? એથી કાંઈ મારે માથે લદાયેલાં ઘોર ચોરીઓનાં પાપ ઓછાં જ ધોવાય ? અને ન ધોવાય તો ધંધો નોકરી તો આ જીવન પૂરતી, પણ પછી મૃત્યુબાદ એ પાપોનાં દુઃખદ ફળ મારે કેટલાં જનમ ભોગવતાં ભટકવું-રીબાવું-કચડાવું ? પછી પાપ ધોવાની તક ક્યાં ? માટે માફ કરો, હું સમજીને જ યોગીજીવન પસંદ કરું છું. ને એમાં આપનો જ ઉપકાર છે.'

રાજાએ જોયું કે એક વસ્તુ પૂછું ? ચારે રાણીઓએ તારી સરભરા કરી એમાં તને વધારે આનંદ ક્યાં ક્યાં આવ્યો ?'

આપણી મૂળ વાત અહીં આવે છે. 'ન ય સંસારંમિ સુહં...' સંસારમાં સુખ નથી એ જે કહ્યું છે એનું રહસ્ય અહીં સ્પષ્ટ થાય છે. તમને લાગે છે ને કે સંસારમાં તો મજેના લાડી-વાડી ગાડીનાં, સુંદર મેવા-મીઠાઈનાં ગીત-વાજિંત્ર મખમલની શય્યાઓ અને બંગલા-બગીચા, વગેરે વગેરેનાં સુખ નજરે અનુભવાય છે. તો પછી સંસારમાં સુખ નથી એમ કેમ કહેવાય ?'

આવું તમને લાગે છે ને ? પરંતુ જુઓ એનો ખુલાસો આ ચોરના અનુભવસિદ્ધ જવાબમાંથી મળી રહે છે.

ચોર રાજાને કહે છે, 'મહારાજ ! આ છેલ્લા રાણીસાહેબ સિવાય બીજા રાણીસાહેબોની સરભરામાં મને આનંદ હતો જ ક્યાં કે વધારે આનંદની વાત રહે ?' એમની દયા સારી, પણ મારી નજર સામે જ્યાં આગામી ફાંસીની સજા તરવરી રહી હતી, એમાં કેવું ગળું ટૂંપાય, જીભડી ને ડોળાં કેવાં બહાર નીકળી પડે, નસો કેટલી કારમી તણાય, એ બધા ત્રાસ જ્યાં મારી નજર સામે હૂબહૂ ખડા થઈ રહ્યા હતા એ વખતે મેવા-મીઠાઈનાં ખાનપાન શું કે જરઝવેરાતના દાગીના શું, યા વાહનમાં સહેલપાટી શું ? ક્યાંય મને લેશ પણ આનંદ નહોતો એ બધું મને ખાવા ધાતું હતું. મારા દિલમાં જ્યાં ફાંસીના કારમા દુખની આગ સળગી રહી હતી ત્યાં મહારાજ ! એ ચીજો મને લેશ પણ શો આનંદ આપી શકે ?'

બસ, સંસારમાં સમજે એના માટે જ આ જ સ્થિતિ છે. કેઈ રોગ-વ્યાધિ-બીમારીઓ, કેઈ આધિ-સંતાપ-ચિંતાઓ, જરા જર્જરિત અવસ્થા, અને મોત માથે તોલાઈ રહ્યા હોય, પછી ભલે એને થોડી વાર હોય, કિન્તુ નિશ્ચિત એ આવવાનાં હોય, ત્યાં લક્ષ્મી અને વિષયો શાં સુખ આપી શકે ?

બાઈનો વહાલામાં વહાલો દીકરો હોશિયાર ભણેલો ગણેલો અને દુકાન ચલાવતો થઈ ગયો હોય, એ માતાનો પાકો વિનયી અને ભક્ત હોય, ને એકાએક અકસ્માત્ કે રોગમાં એનું મૃત્યુ થઈ જાય, તો એ વખતે એ માતાને ઘરમાં ભર્યા



ભંડાર અને વિષયસુખો આનંદ આપી શકે ? બંગલો મોટર રેડિયો સુખરૂપ લાગે ?

મોટા સારા ઘરની કન્યા સારા સુખી ઘરમાં પરણાવી; સાસુ-સસરા પણ પ્રેમાળ મળ્યા; કિન્તુ એનો પતિ કોઈ કારણસર એના તરફ તદ્દન નફરત અને અરુચિવાળો બની એના સામુંયે જોતો ન હોય, તો બાકીના બધા મનગમતા સંયોગ એને આનંદ આપી શકે ? બોલો એ બંગલો, હીરા માણેકના દાગીના, માલમેવા, પકવાન્ન, રેડિયોના સંગીત વગેરેમાં સુખ લાગે ?

જાણો છો ને અંજનાસુંદરીને ? સો પુત્ર ઉપરની એ પિતા વિદ્યાધર રાજાની લાડકી પુત્રી રાજપુત્ર પવનંજય સાથે પરણી. પણ પરણીને સાસરે ગયા બરાબર પતિ એના સામે નથી જોતો. સસરાએ તો એને જુદો મહેલ આપ્યો છે જેથી એના પતિ સાથે નિઃસંકોચ આનંદવિલાસ કરી શકે. દાસ દાસીઓ અને મેવા પકવાન્ન તથા રેશમી વસ્ત્રો અને ઝવેરાતનાં અલંકાર વગેરે બધી અનુકૂળતાઓ છલકાતી પડી છે પરંતુ એકમાત્ર પતિ પવનંજય એના મહેલમાં ફરકતો ય નથી. તો અંજનાસુંદરીને એ મહેલ અને સુખ-સાધનોમાં આનંદ હતો ? આનંદ શાનો ? પાણીમાંથી બહાર કાઢેલી માછલીની જેમ એ તરફડતી હતી તમે તો કહો છો ને કે માલ-મેવા પૈસા-ટકા જર-ઝવેરાતમાં સુખ છે ને ? ક્યાં રહ્યું એને સુખ ?

માનો ને કે એ બધી સામગ્રી સાથે પતિની અનુકૂળતા ય હોય, પરંતુ કદાચ નણંદ-દેરાણી-જેઠાણીઓમાં જો એના માટે વાયકા ચાલી કે આ તો પરપુરુષમાં લાગેલી છે, ત્યાં પતિએ આરોપ સાચો ન પણ માનતો હોય, તોય સુશીલ રૂપી એ કલંક છતે બીજા બધાં સુખસાધનોમાં આનંદમસ્ત રહી શકે ?

અરે કલંક પણ ન હોય, સારી ખ્યાતિ ય હોય, કિન્તુ કોઈની જાસાચીઠ્ઠિ આવે કે 'તારું અગર તારા પતિ કે પુત્રનું કાટલું કાઢી નાખવાના છીએ,' તો પછી એ ભોગસાધનોમાં આનંદ માણી શકે ?

હજી આગળ જુઓ. જાસાચિઠ્ઠિ ય ન આવી હોય, પરંતુ સાસુ કોઈની ચઢાવી એના પર ટોણાં મેણાં શરૂ કરી દે તો એને આનંદ રહે ? કે સુકાઈ જાય ?

એવું ય કાંઈ ન હોય, પણ પરરાજ્યના રાજા યા પોતાના દેશની બીજી ખૂનસવાળી કોમ તરફથી ભારે હલ્લો આવવાની આગાહી આવે તો આનંદ ઊભા રહે ? કે ઓસરી જાય ? ચીનનો અહીં હલ્લો આવવાનો હતો ત્યારે કઈ દશા હતી ? પાકિસ્તાની સર્જાઈ ત્યારે ત્યાંના વાસી હિંદુઓનું શું થયું ?

**આવી આવી તો સંસારમાં કેટલી ય આપદાઓ છે કે જેમની એકેક આપદા**

**બધાય આનંદને કોળિયો કરી જાય એવી હોય છે.**

**એવી આપદાઓની લટકતી તલવાર નીચે જીવતાં વૈભવ-વિલાસમાં સુખ-આનંદ માનવાની વૃત્તિ એ નરી અજ્ઞાન મનોવૃત્તિ છે.**

બહુ પુણ્યના પ્રતાપે કશીય આપદા આવે નહિ તો ય એના ભય તો ખરા ને ? કશો ભય પણ ન રાખી દિલ કાઠું કરીને જીવે, છતાં મૃત્યુ તો અવશ્ય આવવાનું ને ? એ વખતે અને તે પછી પરલોકના કેવા ય ભવમાં કઈ સ્થિતિ ?

માટે જ મહાવીરપ્રભુ કહી રહ્યા છે કે

**સંસારમાં જન્મ-જરા-મૃત્યુ વગેરેથી પકડાયેલા જીવને સુખ નથી.** તીર્થંકર ભગવાન કહે છે, જગતમાં દેખાય છે, જાતે કંઈક વાર અનુભવ્યું છે, છતાં એ માનવું નથી, અને સંસારમાં સુખ માનવું છે એ હૃદયની ધિટ્ઠાઈ છે. એવી ધિટ્ઠી અને ઘેલી માન્યતાના યોગે જ જીવ એની પાછળ જાણે આદું ખાઈને મંડ્યો છે, અને એની ખાતર લખલૂટ પાપો કરે છે ! અનંત અનંત કાળની જીવની આ ઘેલછાના સંસ્કારે જ અહીં પણ એ જ ઘેલી પ્રવૃત્તિ ચાલુ છે. યેનકેન પ્રકારે સંસાર ઊભો રાખવો છે. આત્મા પરથી સંસારનો ભાર ઊતરી જાય એવું કશું કરવું નથી. કદાચ ધર્મી કુળમાં જન્મી ગયો, અને ધર્મની થોડી ઘણી પ્રવૃત્તિ કરે તે પણ સંસારને તાજોમાજો સુખી બનાવવા માટે !

**એ તો કહો, ધર્મ કરીને શું ઈચ્છો છો ?** સારા પૈસા ટકા સારી આબરૂ સારા વિષયો મળે એ જ ને ? એ બધું શું છે ? સંસારની જ આઈટમો ને ? (Items-મુદ્દા) ને ? એટલે ધર્મ કરીને ય સંસાર જ સ્થિર કરવાનો ને ? છે ક્યાંય સંસાર પર ગ્લાની ? છે કોઈ વિચાર કે 'હાય ! સંસારમાં સુખ નથી પણ દુઃખનાં પોટલાં છે; તો હવે મારે એવા સંસારને પોષીને ને સ્થિર કરીને શું કામ છે ?'

**દૃષ્ટિ જ મેલી છે, તેથી જે સંસારમાં સુખ નથી, ત્યાં સુખ માનવું છે.** મહાવીર પરમાત્મા ના પાડે છે, 'સંસારમાં સુખ નથી. માટે સંસાર આદરવા જેવો પોષવા ટકાવવા જેવો નથી, કિન્તુ એકમાત્ર મોક્ષ જ ઉપાદેય છે.' છતાં મહાવીરનું કહેલું માથે ક્યાં ધરવું છે ?

કહેવાનો સાર આ છે કે દૃષ્ટિ ફેરવો. સંસારને ત્યાજ્ય લેખો. મોક્ષને જ ઉપાદેય સમજો, ધર્મ પછી ઉપાદેય, પહેલો ઉપાદેય મોક્ષ. ને એ ઉપાદેય છે માટે જ એનાં સાધનભૂત ધર્મને ઉપાદેય સમજવાનો છે, ધર્મ કરો, ખૂબ કરો, પરંતુ જ્યારે જ્યારે ધર્મ હું એટલા માટે કરું છું કે મારે સંસાર કાપવો છે, અને સંસારથી છૂટવારૂપ મોક્ષ જોઈએ છે'



ભૂતકાળમાં અનંતા તીર્થંકર ભગવાન આ જ કહી ગયા છે કે જન્મ-જરા-મૃત્યુ અને રોગ-શોક દારિદ્ર્ય વગેરેથી પકડાયેલા જીવને સંસારમાં સુખ નથી, માટે મોક્ષ જ એક ઉપાદેય છે.

શું ?

સંસાર ઉપાદેય નહિ, સંસાર પોષવા જેવો નહિ, વધાવવા જેવો નહિ, પણ મોક્ષ જ ઊભો કરવા જેવો, મોક્ષ જ નિકટ કરવા જેવો.

**સંસાર પોષી પોષીને તો જીવે** અનંતો કાળ 'જન્મો મરો, જન્મો મરો, અને જન્મ-મૃત્યુની ભીંસ વચ્ચે આધિ-વ્યાધિ-ઉપાધિ, ત્રાસ-યાતના-પીડા, અપમાન-તિરસ્કાર-પરાધીનતા, વગેરે વગેરેની વિટંબણા ભોગવ્યા કરો,' એ જ દેખ્યું છે. તો હવે શા સારુ એ દુર્દશા દેનારા સંસારને પોષવાનો ? વચમાં વચમાં વિષયસુખના વિજળીના ઝબૂકા આવી જાય છે એટલા માટે ? એ ઝબુકિયાં સુખની આસપાસ એને અંતે કેટકેટલી વિટંબણા છે એનો વિચાર જ નહિ ? માનવબુદ્ધિ અને પશુબુદ્ધિ વચ્ચે ફરક ખરો કે નહિ ?

**અચૂંકારી ભટ્ટા**નો પ્રસંગ ખબર છે ને ? શેઠની એ લાડકવાયી દીકરી મંત્રીને પરણી. એકવાર રોફમાં ને રોફમાં અંધારી રાતે બાપને ઘેર જવા એકલી નીકળી પડી, ચોરોના હાથમાં પકડાણી, ને અનાર્ય દેશમાં વેચાઈ, એવા દેશમાં કે જ્યાં ખરીદી લાવેલા માણસના શરીરમાં સોયા ભોંકી ભોંકીને લોહી નિચોવી લેવામાં આવતું. અચૂંકારી ભટ્ટા પણ ત્યાં એ જ વિટંબણાનો ભોગ બની. અનાડી જુલ્મગારો એના હાથે, ખભે, સાથળે, પીંડીએ વગેરે માંસલ ભાગોમાં સોયા ભોંકી લોહી નિચોવે છે. વેદનાનો પાર નથી. રાડેરાડ પાડી ચીસેચીસ નાખે, પણ કોઈ વહારે ધાનાર નથી. બહુ બરાડે તો દુષ્ટ માણસો એના મોંમાં ડૂચા મારી મોઢું બાંધી લે છે, અને રોજ ને રોજ લોહી નિચોવ્યે રાખે છે, આંખમાંથી ચોધાર આંસુ વહ્યે જાય છે, રાડ અંદરની અંદર રહે છે, જમના દૂત જેવા માણસો એના શરીરને જકડી રાખી જૂલ્મ વરસાવ્યે જાય છે. ઊંચે આભ ને નીચે ધરતી, કોઈ બચાવનાર છે નહિ. આટઆટલા ગોઝારા ત્રાસ વચ્ચે એને માલ મેવા ખાવા આપે છે બોલો, એ ખાય કે નહિ ? ભૂખ કકડીને લાગતી હોય, બાપને ત્યાં, ને મંત્રીને ત્યાં એકલાં અમન-ચમનિયાં ઊડાવ્યાં હોય, કોઈ દિ ત્યાગ તપનો અભ્યાસ નહિ, હવે ભૂખ લાગે. ને બીજી બાજુ આટલો ત્રાસ વર્તી રહ્યો છે, છતાં ખાધા વિના જાય ક્યાં ? ભૂખની મારી માલ-મેવા મજેનાં ફળ પકવાન્ન ખાવા પડે છે.

પેલા કેમ એવું ખાવા આપે છે ? જલ્દી શરીરમાં લોહી વધે એટલા માટે.

અચૂંકારી પણ સમજી રહી છે કે આ ખાવાથી જેટલું શરીર પોષાય છે, ને લોહી વધે છે, એટલા ત્રાસના ભોગ વધુ બનવાનું છે, પરંતુ ભૂખ રાંડ ભૂંડી, તે ક્યાં જાય ?

શું છે આ ? આસપાસ દુઃખના ત્રાસ વચ્ચે મેવા-મીઠાઈ-મલાઈના ઝબુકિયા સુખ ! એ સુખમાં એને આનંદ આવે ? એને શું એમ થાય કે ભલે ત્રાસ તો ત્રાસ પણ આ ખાવાની મઝા સારી મળે છે ?' તમે એ જ કહો છો ને કે દુનિયાના કુટુંબ-કબીલા ખાન-પાન વગેરે સુખમાં મઝા કેમ ન આવે ? પણ આસપાસના ચિંતા-સંતાપ-વેઠ અપમાન-પરાધીનતા-ગુલામી વગેરેનાં દુઃખ ક્યાં જોવા છે ?

**માલ-મેવામાં કેમ સુખ નહિ ?**

અચૂંકારી લોહી ઘણું નિચોવાઈ જતાં ફીક્કી દૂબળી પડી ગઈ એટલે પેલાઓ હવે એને મલમપટ્ટા કરવાનાં અને વિશિષ્ટ રસાયન-વસાણાં તથા માખણ-મલાઈ વગેરે ખવરાવવા-કરવાના ઉપચાર કરે છે.

બોલો, એમાં એને મઝા પડે ને ? ના પડે ? કેમ ?

આંખ સામે એનાથી જ શરીર તગડું થઈને પાછી મોંઢે ડૂચા અને શરીરે સોયા ભોકા-ભોંક કરાઈ લોહી નિચોવાવાની ઘોર પીડા તરવરી રહી છે ! ત્યાં વર્તમાન માલ-મેવામાં મઝા શાની ? તિરસ્કાર છૂટે.

બસ, દૃષ્ટિ સમ્યગ્ ચોક્ખી નિર્મળ થઈ હોય એને આ સંસારના વિષયસુખોની આસપાસ અને અંતે એવી કારમી પીડાઓ જે વિંટળાયેલી અને હલ્લો કરનારી છે એ નજર સામે તરવરતી રહેતી હોવાથી એ વીજળીના ઝબૂકા જેવા વિષય સુખોમાં મઝા, આનંદ ક્યાંથી આવે ? એ તો એ બધા ત્રાસ જેને લક્ષમાં લેવા નથી, અને માત્ર તત્કાળમાં જ જોવું છે એ આનંદથી હરખાય પરંતુ માત્ર તાત્કાલિક આનંદ જોવો, અને આસપાસ તથા અંતે શું છે એ ન જોવું, એ તો પશુનું કામ છે. પશુને બીચારાને બુદ્ધિ જ એટલી મળી છે, તેથી શું કરે ? પરંતુ જુઓ,-

**તત્કાળ જ જોનાર પશુના દાખલા :**

સરોવરમાં માછીમારે નાખેલા અણીદાર લોખંડી કાંટા પર ભરાવેલી માંસપેશીનો તાત્કાલિક આનંદ જ જોવા જનારાં માછલાંની કઈ દશા થાય છે ? માંશપેશી બટક મોંમાં આવતા આનંદ લાગે, પરંતુ જડબા વચ્ચે દબાવતાં પેલો તીક્ષ્ણ કાંટો ખટ તાળવાને આરપાર વીંધી ચોંટ્યો રહે છે તેની પીડા કેવી ? અને તે પછી માછીમારના હાથમાં સહેલાઈથી ખેંચાઈ આવે ત્યાં પાણી વિના એને ટળવળાટ કેવો ? તે પછી જીવતાં શરીરે ચામડી છોલાવાની, ઉપર મરચા-મીઠાનું



પાણી છંટાવાની અને પછી ભજિયાની જેમ તેલમાં તળાવાની ભયંકર પીડાઓ કેવી ? કહો, આ બધું આપણા લક્ષમાં છે તો પેલા સ્વાદિષ્ટ લાગતી માંસપેશીના આનંદને વાસ્તવિક આનંદ કહીએ ખરા ?

**જુઓ જંગલમાં કેટલીય હાથણીઓ સાથે** યશેચ્છ વિહરતા હાથીને પકડવા મોટો ખાડો ખોદી એને દબાઈ જાય એવી પોચી માટીથી પૂરી અને ઘાસથી ઢાંકી દઈ એકબાજુ સુંદર હાથણીનું જીવંત જેવું ચિત્ર રાખે છે. પછી ત્યાં રખડતો આવી ચડેલો હાથી દૂરથી એ હાથણી જોઈ ખુશ ખુશ થઈ એને ભેટવાના હિસાબે દોડતો આવે છે. કહો, એ જોવાનો અને ભેટવાની કલ્પનાનો આનંદ થાય એ વાસ્તવિક આનંદ કહેવાય ? ના, કેમકે એમાં તો એ આંધળા બનેલાને ઊંડા ખાડામાં ધબ નીચે ઊતરી પડવાનું ! ત્યાં ત્રણ દિવસ ભૂખે રીબાવાનું ! પછી ખાવાના લોભે સાંકળે જકડાવા સાથે બહાર આવવાનું ? અને હંમેશ માટે રાજદરબારે કે બીજે બંધનમાં, ફસાયા રહી ગુલામી ભોગવવાનું આવે છે. ત્યાં પછી પેલું ભેટવાનું સુખ સુખ લાગે ? હવે તો એને થાય કે ક્યાં આ હાથણીમાં લોભાઈ વનના મુક્ત વિહારને બદલે આ જકડામણમાં નખાવું પડ્યું ?' તો ય એ હવે શા કામનું ?

**મ્લેચ્છના ઘરમાં રહેલા બોકડાને કે મરઘીઓને** સારું સારું ખાવા મળે, ખેલવા મળે, એમાં એ સુખ માની મસ્ત હોય છે. પણ પછી એની દશા ? ઘરમાં કોઈ મહેમાન આવ્યા છે કે તહેવારનો દહાડો આવ્યો છે, તો કેમ ? તો કે બોકડાને કાતિલ છરા નીચે રેંસાઈ મરવાનું ! મરઘીને પાણીના ઊકળતા આંધણમાં ચોખા ઓરાય એમ ઓરાઈ બફાઈ મરવાનું ! તો કહો, 'એને પેલું સારું સારું ખાવા-ખેલવાનો આનંદ એ હવે ખરેખર આનંદરૂપ લાગે ?' ના, પણ એ રાંક પશુને તાત્કાલિક જ આનંદ જોતાં આવડે એટલે કારમી વેદનાઓને નોંતરું આપે એમાં નવાઈ શી ? ત્યારે માણસ પણ જો તાત્કાલિક જ સુખ જુએ તો કઈ દશા ?

**વિષયસુખના માત્ર તાત્કાલિક આનંદ જોવા એ પશુબુદ્ધિ છે.**

**માનવબુદ્ધિ અને પશુબુદ્ધિમાં ફરક ખરો ?** બંગલા બગીચા, માલ-મેવા, કીર્તિ-કંચન-કામિની વગેરેના તાત્કાલિક આનંદ પર સુખના બિલ્લા ઠોકે એ માનવબુદ્ધિ કે પશુબુદ્ધિ ? એમાં બીજી કેટલીય ઉપાધિઓ, સંકડામણો, અપમાન, અનાદર, રોગ, રીસામણાં, વગેરેની પીડાઓ આસપાસ વિંટળાયેલી જ રહે અને અંતે તો એ બધાં માનેલાં સુખનાં સાધન સર્વેસર્વા મૂકીને મરવું જ પડે, પાપના દારુણ વિપાક હલકા ભવોની મોટી સિરિયલમાં ભોગવવા પડે, એ બધી પીડાઓનો વિચાર નહિ, અને તાત્કાલિક વિષયસુખને સુખ માની એમાં આંધળા બની મસ્ત

રહેવાનું કરાય, એ માનવબુદ્ધિનું કાર્ય ? કે પશુબુદ્ધિનું ?

માનવબુદ્ધિ અને પશુબુદ્ધિમાં શો ફરક ? એનો વિચાર કરવા જેવો છે.

**પશુબુદ્ધિમાં દીર્ઘકાળનાં પરિણામ શા, અને વર્તમાનની વાસ્તવિક મનઃશાંતિ શી, એ સ્ફુરતું નથી.**

**માનવબુદ્ધિમાં એ સ્ફુરી શકે છે.** માટે જ એ મોક્ષને જ ઉપાદેય માની ધર્મસાધનામાં લાગી જાય છે. એથી ભાવી મરણ સુધરે છે, પરલોક સુધરે છે, ને વર્તમાનમાંથી શાંતિ મળે છે.

**ધર્મનું મહત્ત્વ દીર્ઘકાળનાં પરિણામ અને વાત્સવિક મનઃશાંતિના વિચાર પર સમજાય છે.** જેને ભાવીમાં શું થશે, એનો વિચાર જ ન કરવાનો હોય, તેમ વર્તમાનમાં ચિત્તની વાસ્તવિક શાંતિ પર કાંઈ લક્ષ દેવાનું ન હોય તેને ધર્મની જરૂર જ શી ?

## "દિવ્ય-દર્શન" - **"પ્રવચન મહોદધિ"** વર્ષ-૧૫,અંક-૩૬,તા.૨૦-૫-૧૯૬૭

**ધર્મનું મહત્ત્વ ક્યારે સમજાય ?**

(૧) **જીવનનો અનંતકાળ** કેવો આવશે, સુખદ કે દુઃખદ ? રોતો કે હસતો ? નિરાશાભર્યો કે આશાવંત ? એનો જો વિચાર કરવાનો હોય, તો ધર્મનું મહત્ત્વ સમજાય;

(૨) **એમ, મૃત્યુ બાદ** પરલોકમાં સદ્ગતિ મળશે કે દુર્ગતિ ? ભવ ટૂંકાશે કે લંબાશે ? સદ્ગતિમાં પણ પાપલેશ્યાઓ ઘટશે કે નહિ ? એનો વિચાર, એની ચિંતા કરવાની હોય, એને ધર્મનું મહત્ત્વ સમજાય.

(૩) એવી રીતે વર્તમાનમાં બાહ્ય સુખસામગ્રી અને માન-સન્માન ઓછા હો કે વધુ, પણ આંતર ચિત્તને શાંતિ-નિશ્ચિન્તતા નિર્ભયતા છે ? કે સંતાપ, ચિંતા અને ભયવ્યાકુળતા છે ? એના પર ધ્યાન લઈ જવું હોય એને મન ધર્મનું મહત્ત્વ છે.

**'પૈસા માટે ધર્મ'માં પૈસા મુખ્ય :**

એમ તો દુન્યવી પદાર્થોની લાલચથી, કે કીર્તિની કામનાથી ધર્મ થાય, દાન દેવાય, વ્રત-તપ-જપ કરાય, પરંતુ વાસ્તવમાં ત્યાં મન પર મહત્ત્વ એ દુન્યવી પદાર્થોનું કે યશ-કીર્તિનું છે, ધર્મનું નહિ.

**ધર્મનું સાચું મહત્ત્વ તો ત્યારે લાગે કે** 'જીવને સહજ રીતે જે શાંતિ-સ્વસ્થતા નિશ્ચિન્તતા-નિર્ભયતા પસંદ છે, એ ધર્મથી મળે છે;' એ વસ્તુ પર મદાર



હોય, તો જ એ જીવનમાં બીજું બધું ગૌણ રાખી ધર્મને મુખ્ય કરવાનો. અહીં પૂછો,

**પ્ર.-** આમાં ય ધર્મ મુખ્ય ક્યાં થયો ? જેમ પૈસાની લાલસાથી ધર્મ કરે ત્યાં કહો છો કે એને મન ધર્મનું મહત્ત્વ નથી, પણ એને તો પૈસાની લાલસા અને પૈસા મુખ્ય છે; તેમ અહીં પણ શાંતિની લાલસાથી ધર્મ કરે એને પણ શાંતિ, અને શાંતિની લાલસા જ મુખ્ય રહેવાની ને ? ધર્મ મુખ્ય ક્યાં બન્યો ? બંનેમાં સરખું જ થયું.

ઉ.- ના, ફરક છે. પૈસાની લાલસાથી ધર્મ કરનારો તો પૈસા મળશે એટલે ધર્મ મૂકી દેશે કે ઓછો કરી નાખશે; એનો અર્થ કે ધર્મ ગૌણ કર્યો, ત્યારે શાંતિ માટે ધર્મ કરનારને તો જેમ જેમ શાંતિનો અનુભવ વધશે તેમ તેમ ધર્મ વધુ ને વધુ કરવા તરફ ચિત્ત ઉજમાળ બનશે; એટલે ધર્મ મુખ્ય જ રહેવાનો, ગૌણ નહિ.

**પ્ર.-** પણ એમ તો પૈસાની લાલસાવાળો ય જેમ જેમ પૈસા મળે તેમ તેમ અધિક અધિક પૈસા માટે ધર્મ કરે જ ને ? ધર્મ શું કામ છોડી દે ?

ઉ.- અહીં અધુરી સમજ છે. પૈસાની ચાહનાવાળાને પૈસા અંતિમ લક્ષ્ય નથી; પૈસા તો રંગરાગ ઉડાવવા અને મોટો ધનવાન ગણાવવા માટે ઇચ્છે છે એટલે પૈસા મળ્યેથી એ રંગરાગાદિની લપમાં પડેલો ધર્મ શો વધારવાનો હતો ? ધર્મ તો ઊલટો ત્યાં ઘટી જાય. તેમ કૃપણ હોય તો ય ભલે રંગરાગ ન ઉડાવે, પણ પૈસાની મમતા એટલી બધી રહેવાની કે એને સાચવવા, છૂપાવવા અને વધુ કમાવવામાં કાળી લેશ્યા, પાપી વિચારો, અને પાપ ઉપાયો ભરચક ભર્યા રહેવાના ! એવા હૃદયમાં ધર્મની સ્પર્શના શી ? ત્યારે શું એકલા ત્યાગ, તપ વ્રતનિયમ વગેરે બાહ્ય ધર્મની જ કિંમત છે ? ના, ઉજ્જ્વળ હૃદયની પહેલી કિંમત છે, શુભ લેશ્યાઓ, શુભ વિચારસરણી, અને શુભ વર્તાવમાં પાપની અતિ અલ્પતા હોય, એની મોટી કિંમત છે. એ હોય તો બાહ્ય ધર્મથી ભલીવાર વળે. પૈસાની લાલસાથી ધર્મ કરનારમાં આના વાંધા છે, ન તો એને શુદ્ધ ધર્મ સધાય, કે ન એને ધર્મ વધતો રહે.

**શાંતિ અને પૈસાના ઉદ્દેશમાં ફરક :**

ત્યારે શાંતિ-સ્વસ્થતાની ચાહનાથી ધર્મ કરનારને તો શાંતિ એ મુખ્ય લક્ષ્ય છે, જેમ પૈસા ભોગ યા કીર્તિ માટે જોઈએ છે, એમ શાંતિ કશા માટે જોઈએ છે એવું નથી. સો કમાનાર લોભિયાને એમ થશે કે 'બસો મળે તો કેવું સારું ?' જેથી સારાં ખાનપાન, વસ્ત્ર વગેરે મેળવી શકીએ.' ત્યારે સો કમાનાર પણ શાંતિના

અર્થીને એમ થશે કે 'આટલામાં તૃપ્તિ આવી જાય, ને અધિક સારા ખાનપાન વસ્ત્રની ઇચ્છા જ ન સળવળે અને શાંતિ રહે તો કેવું સારું ? જેથી જીવન મસ્ત જીવાય; પાપ વધારવા ન પડે.'

આમ આને શાંતિ એ મુખ્ય ઉદ્દેશ છે. એ માટે ધર્મ કરતો રહે છે એમાં એને દા.ત. વીતરાગનાં દર્શન-પૂજનથી વીતરાગતા ઉપર ચોંટ, જિનવાણીના શ્રવણ-વાંચનથી વૈરાગ્યની વૃદ્ધિ, સામાયિકાદિથી સમતાનો અનુભવ, દાન-શીલથી અર્થ-કામ પ્રત્યે નફરત, વગેરે વધતા રહેવાથી અધિક શાંતિનો અનુભવ થાય છે, ને એથી જ અધિક ધર્મ સાધવા તરફ પ્રેરાય છે. વળી વીતરાગતા પર ચોંટ, વૈરાગ્યવૃદ્ધિ અને અર્થ-કામ પર નફરત વગેરેનું લક્ષ હોય એ હૃદયને પ્રપંચ વગેરેથી કાળું શાનો કરે ? એટલે શાંતિના ચાહકને તો દિલ પવિત્ર રહેવાનું.

આમ, દુન્યવી પદાર્થની લાલસાથી ધર્મ સધાય, અને શાંતિ-સ્વસ્થતાદિની તમન્નાથી જે ધર્મ સધાય, એ બેમાં મોટો ફરક છે. શાંતિ માટે ધર્મ કરનારને એનો અનુભવ થાય છે. દા.ત.

**આહારસંજ્ઞા પર કંટાળો આવ્યો,** મનને એમ થયું કે 'આ રોજ ને રોજ ખાવાની વેઠ શી ? એમ દિવસમાં બહુ વાર ખાવાની લપ શી ?' એમ માની ઉપવાસ કે એકાસણું કર્યું તો પચ્ચક્ખાણધર્મના મહિમાથી એને એ દિવસે આહારની વિહ્વળતા ઓછી થઈ જાય છે. એમ વ્રત-નિયમ લેવાય ત્યાં જેટલું છોડ્યું એની ચિંતા ઘટે છે, સંતાપ ઘટે છે, ને એટલા પ્રમાણમાં નિશ્ચિન્તતા-નિર્ભયતા આવે છે.

**એમ, સામાયિક-જાપ-જ્ઞાનધ્યાનમાં** શાંતિની ચાહનાથી બેસનારો શાંતિ અનુભવી શકે છે. દુનિયામાં બહુ હરવા-ફરવાનું બંધ કરી દેવ-ગુરુ-શાસ્ત્રની ઉપાસનામાં રહેતાં ચિત્ત કેટલીય શાંતિ-સ્ફૂર્તિ અનુભવે છે.

**એજ વાસ્તવિક મનઃશાંતિ છે કે જેમાં રાગાદિ વિકારો, આહાર-વિષય-પરિગ્રહ-આરામીની સંજ્ઞાઓ, ક્રોધાદિ કષાયો, ભય-ચિંતા સંતાપ-હાયવોય વગેરે ઓછું રહે, નહિવત્ થઈ જાય.** અને એ શાંતિ જો આવી જાય તો ચક્રવર્તીની બાદશાહી કરતાં પણ મોટી બાદશાહી અને સ્વર્ગની સુખ-સમૃદ્ધિ કરતાં પણ અધિક સુખ-સમૃદ્ધિ અનુભવાય છે.

પશુબુદ્ધિમાં આવી વાસ્તવિક શાંતિનો ખ્યાલ જ નથી. ત્યારે દિલાવર માનવબુદ્ધિમાં આ સમજાઈ શકે એવું છે. છતાં જો ન સમજવું હોય, એની ચાહના અને પ્રયત્ન ન રાખવા હોય તો એ માનવના ખોળિયે નરી પશુબુદ્ધિ છે. પશુને બીચારાને ક્યાંથી ખ્યાલ હોય કે આ રાગાદિ વિકારો અને આહારાદિ સંજ્ઞાઓ તથા



કષાયો જીવને આકુળવ્યાકુળ રાખ્યા કરે છે, માટે લાવ એને દબાવું, દબાવવા માટે ધર્મ કરું ! એમ જો માનવને ય ખ્યાલ નહિ તો એની બુદ્ધિ પશુબુદ્ધિ જેવી જ થઈને ?

તમને શું વિચાર નથી આવતો કે આવી કોઈ થોડી પણ નક્કર શાંતિનો અભ્યાસ અહીં નહિ પાડ્યો, અને મનની અશાંતિ-ધમધમાટ-તનમનાટ ઠેઠ જીવનના છેડા સુધી કર્યે ગયા તો અંતકાળ કેવો આવશે ? અને અહીંથી જ્યાં જશો ત્યાં મનની કઈ સ્થિતિ બનશે ? એના ગાઢ સંસ્કાર શું સુખે મરવા દેશે ? શું ભવાંતરે તમને છોડશે ?

**જુઓ, સાગરદત્ત વેપારી** જૈન મિત્રના અનુરોધથી સાધુ મહાત્મા પાસે ગયો, દેશના સાંભળી, જૈનધર્મથી પ્રભાવિત થયો, અને ભવાંતરે ધર્મ અચૂક મળે એ માટે ગુરુના કહેવાથી જિનમૂર્તિ ભરાવી પ્રતિષ્ઠા કરાવી. તેથી ભવાંતર માટે બોધિની પ્રાપ્તિ તો નક્કી કરી. કિન્તુ બીજી બાજુ પૈસાના લોભથી વેપારધંધાના આર્તધ્યાન અને ગડમથલમાં એવો પડી ગયો કે એ અશાંતિમાં મૃત્યુ ય બગડ્યું ! અને મરીને ઘોડા તરીકે જન્મ પામ્યો ! પછી પશુના અવતારે હવે વાસ્તવિક શાંતિ ક્યાંથી લાવવાની ? એ તો વળી મુનિસુવ્રત ભગવાન પધાર્યા અને ઘોડાને પોતાને જાતિસ્મરણ થયું, તો પ્રતિબોધ લાગી પૂર્વ જન્મના ધંધાદિનો પારાવાર પસ્તાવો થયો, અને શાંતિ-સમકિત પામી ગયો; તો બચ્યો ! નહિતર પશુજીવનમાં ઉન્નતિની આશા શી ?

માટે સુંદર માનવભવે અને માનવબુદ્ધિએ આ નક્કી કરો કે 'મારે જીવનમાં વાસ્તવિક શાંતિ જોઈએ છે, અને તે ધર્મ દ્વારા રાગાદિ વિકાર શમાવવાથી જ મળશે; તો એ માટે ધર્મ કરું.'

**પહેલા નંદ રાજાનો મંત્રી 'કલ્પક' હતો.** એ મંત્રી શી રીતે બન્યો એ જાણો છો ? બનવાની લેશમાત્ર ઇચ્છા નહોતી, કેમકે એના પિતા તરફથી એને રાગાદિ વિકાર ઓછા કરવાનું અમૂલ્ય સંસ્કરણ મળ્યું હતું. મૂળ, એ બાપ બ્રાહ્મણ પુરોહિત જેવો; તે, લોકોને યજ્ઞાદિ અનુષ્ઠાન કરી આપે. એનું રહેઠાણ નગરની બહાર હતું, એટલે કોક કોક વાર એના વિશાળ મુકામના એક ભાગમાં મુનિઓ ઊતરતા. આ બ્રાહ્મણ પોતાના શાસ્ત્રોના અભ્યાસી હોઈ મુનિઓ સાથે શાસ્ત્રચર્ચા કરતો. પરંતુ એમાં એક વાર એક સમર્થ તર્કબુદ્ધિવાળા મુનિ ત્યાં આવી ચડ્યા; એમની સાથે વાદ કરતાં કરતાં એને લાગી ગયું કે 'તત્ત્વો તો જૈનધર્મનાં જ સાચાં છે,' જૈનધર્મથી એ પ્રભાવિત થઈ ગયો, અને પછી તો મુનિઓના સંપર્કમાં વિશેષ વિશેષ આવતો ગયો, અને જૈનધર્મનું સવિશેષ જાણતો ગયો; તેમ એના આચારવિચાર પણ પાળવા

લાગ્યો. આરંભસમારંભ, વિષય અને પરિગ્રહથી એ ડરતો રહેતો. તેથી એનો પુત્ર કલ્પક પણ બાળપણાથી એ બધા સંસ્કારનું ઘડતર પામ્યો.

**લગ્નજીવન એટલે ? :**

કલ્પક મોટો થતાં ઘરવાસમાં પણ વિરક્તદશામાં રહેતો. એક બ્રાહ્મણે પોતાની કન્યા સ્વીકારવા એને ખૂબ કહ્યું, પરંતુ આના મનને એમ થાય કે **'પરિણીત જીવન એટલે વિષયગૃદ્ધિ તથા કેટલાય જીવહિંસામય આરંભસમારંભો અને પરિગ્રહનાં, તેમજ એના પર કેટલાય રાગદ્વેષાદિ કષાયોના થોકબંધ પાપની કમાઈ કરાવનારું જીવન !'** એથી એને લગ્નનો ઉમળકો જ નહિ તે પેલી કન્યા લેવાની માગણી આવવા પર એણે ઘસીને ના પાડી દીધી. બ્રાહ્મણ બહુ આગ્રહ કરવા માંડ્યો, પરંતુ વ્યર્થ ! કલ્પકને કોઈ અસર નહિ.

**ધર્મ શું આપે છે ? :**

વર્તમાનમાં ચિત્તશાંતિ અનુભવતા રહેવા માટે કલ્પકની આ કેવી સત્ત્વભરી વિચારણા અને એનો અમલ ! હૃદયમાં ધર્મ પરિણમ્યો હોય એ શું આપે છે ? આ વાસ્તવિક ચિત્તસ્વસ્થતા; કે જેના પર જીવનું એવું ઘડતર-સંસ્કરણ થાય છે જેથી ભાવી ઠેઠ અંતકાળ સુધી બાહ્ય કપરા સંયોગમાં પણ ભારે ચિત્તસ્વાસ્થ્ય-સમતા-સમાધિ અખંડ રહે છે. આનાથી વધીને તો શું, પણ આના જેવો ય આનંદ કે આથી અડધો, યા દસમા ભાગનો ય આનંદ મોટી ઋદ્ધિ-સમૃદ્ધિ અને ભોગસાધનોના ભોગવટામાં અસ્વસ્થ ચિત્તને ક્યાંથી આવે ?

**સંસારમાં સુખ નથી, તો સુખ ક્યાં છે ?** સંસાર અને પાપનો તીવ્ર ભય લાગી એની ઈચ્છા નિવૃત્ત થઈને મોક્ષ જ ઉપાદેય લાગવામાં અને એના કારણભૂત આરંભ-પરિગ્રહ-વિષયોથી, શક્ય બચવામાં સુખ છે, બચીને ધર્મ સાધવામાં સુખ છે, એવા બચેલા નિસ્પૃહ મુનિનાં સુખની આગળ ચક્રવર્તીનું પણ સુખ વિસાતમાં નથી. અરે મુનિ જ શું, એથી ય નીચી પાયરીએ રહેલા એક સમ્યગ્દષ્ટિ આત્માની ચિત્તસ્વસ્થતાના સુખ આગળ પણ સમ્રાટનાં સુખ અકિંચિત્કર છે.

**કન્યા દેવાનો પેંતરો :**

કલ્પક કન્યા પરણવા, ભારે આગ્રહભરી વિનવણી છતાં, લલચાતો નથી, અને મસ્ત રહે છે. પછી તો બ્રાહ્મણે પેંતરો રચ્યો. એકવાર ઘર આગળ ખાડો કરી એમાં કન્યાને ઊતારી દીધી. કન્યા જાણે એમાં પડી ગઈ છે એ રીતે ત્યાં બેભાન થઈને પડી. પછી જ્યાં કલ્પકને એ રસ્તે જવાનો સમય આવ્યો એટલે એ બ્રાહ્મણ ખાડા આગળ રોતો ઊભો છે, પોકારે છે 'અરેરે ! મારી કન્યા પડી ગઈ ! કોઈ



એને ઉગારો ઉગારો, બહાર કાઢો હું કન્યા આપી દઉં.'

**કલ્પક કેમ ફસાયો ? :**

કલ્પક તો હૃદયનો ભારે દયાળુ છે, એટલે ત્યાં આવતાં જ ખાડામાં કન્યાને બેભાન પડેલી અને બ્રાહ્મણને રોતા-કકળતો ઊભેલો દીઠો તેથી એના દિલમાં દયા ઊભરાઈ આવી. એ દયાના આવેગમાં બ્રાહ્મણની ઊગારવાની કાકલૂદી સાંભળી, પણ એના પાછળના શબ્દો કે 'હું કન્યા આપી દઉં,' એ તરફ એનું લક્ષ ગયું નહિ, તેથી બ્રાહ્મણનો આ પેંતરો છે; એ સમજી શક્યો નહિ, એટલે એણે તો દયા ઊભરાવાથી તરત ખાડામાં ઊતરી કન્યાને ઊંચકીને બહાર કાઢી.

પેલો બ્રાહ્મણ બહુ ઉપકાર માનવા લાગ્યો. અને કહે છે, 'કલ્પક ! હવે મારે મારા વચન મુજબ આ કન્યા તમને આપી દેવી જોઈએ. તેથી લો એનો સ્વીકાર કરી લો. એની સાથે લગ્ન કરો. મારા અહોભાગ્ય કે તમારા જેવા એક સજ્જનના હાથે કન્યાનો ઉદ્ધાર થયો, અને એને બીચારીને તમે પતિ તરીકે મળ્યા !'

કલ્પક કહે છે, 'ભાઈ ! મારે કન્યા જોઈતી નથી. મેં તો માત્ર દયાથી પ્રેરાઈ એને ખાડામાંથી બહાર કાઢી હતી. એટલે હવે મને કોઈ આગ્રહ કરશો નહિ.

બ્રાહ્મણ કરગરીને કહે છે, 'પરંતુ ભાઈસાહેબ ! મારે મારું વચન કેમ ભંગાય ? મારે તો એને આપવી જ પડે, અને તમારે એને સ્વીકારવી જ પડે. તમે જો ન સ્વીકારો તો મને વચનભંગના પાપમાં પાડનારા થશો' ત્યાં કલ્પક મુંઝાયો. અંતે કન્યાને પરણવું પડ્યું.

**કલ્પકને મંત્રી નથી બનવું : કેમ ?**

વખત જતાં જેવો કન્યાનો તેવો નંદ રાજાના મંત્રીપણાનો આગ્રહ આવી ઊભો. રાજાને સારો બુદ્ધિમાન મંત્રી જોઈએ છે. કલ્પકને એ આમંત્રણ કરી મંત્રીપણું સ્વીકારવા કહે છે. પરંતુ કલ્પક કષાયનાં મહાન સ્થાનોથી અને પરિગ્રહથી ડરનારો છે, તેથી ઘસીને ના પાડે છે. રાજા બહુ આગ્રહ કરે છે, છતાં ના તે ના. કલ્પક સમજે છે કે,

**જીવનમાં જો ખરેખરી શાંતિ અને સ્વસ્થતા તથા નિશ્ચિન્તતા અને નિર્ભયતા જોઈતી હોય તો તે બહુ દુન્યવી પ્રવૃત્તિ અને મોટા પરિગ્રહથી નહિ મળે;**

**તેમ, આત્મહિતકર વીતરાગના ધર્મની સાધના-શાંતિ-સ્વસ્થતા વિના થઈ શકે નહિ.**

દિલ અશાંત અસ્વસ્થ હોય, ચિંતા-સંતાપ-કુવિકલ્પોથી પકડાયેલું હોય, કેઈ તુચ્છ પૌદ્ગલિક વસ્તુઓ ખોવાવા-બગડવાના ભય અનુભવતું હોય, એ દિલમાં ભવનિર્વેદના પાયાવાળો ધર્મ શી રીતે પ્રવેશી શકે ? દેવપૂજા, ગુરુઉપાસના, ગુરુજનપૂજા, ભગવદ્નામ-સ્મરણ વગેરેની એવા દિલમાં સગાઈ જ ક્યાંથી થાય ?

વિચારવા જેવું છે નંદ રાજાનું એ વખતે આ ભારત દેશમાં મોટું સામ્રાજ્ય છે. એનાં પ્રધાન મંત્રીપણાનો હોદ્દો મળે છે ! પરંતુ આ કલ્પકને એ નથી જોઈતો. રાજા બહુ આગ્રહ કરીને આપવા માગે છે, છતાં કલ્પક ઘસીને ના કહે છે. એના પિતા તરફથી અને મુનિઓના સંપર્કથી માનવજીવનના એવા ઉચ્ચ આદર્શોનું સંસ્કરણ મળ્યું છે કે મહા-મંત્રીપણાની અનેક પ્રપંચ, કષાયો, અને આરંભ-સમારંભ ભરી પ્રવૃત્તિથી એ ભારે ગભરાય છે કે આ વિરાટ વિશ્વમાં અનેકાનેક ભવોને સર્જનારી આ ધાંધલ આ ઉત્તમ મનુષ્યભવમાં ક્યાં સાથે વહોરું ? **ભવનાં બંધન કાપવા માટેના જ જૈનશાસન-સંપન્ન માનવભવમાં ભવબંધનો વધારવાનું કામ કેમ કરાય ?**

**તૃષ્ણા સદા તરુણ :**

જીવની તૃષ્ણા તો એમ કોઈ દિવસ મટવાની નથી, જ્યારે જ્યારે તૃષ્ણાને પોષનારી સંયોગસામગ્રી સામે આવે ત્યારે જો એને વધાવી લેવાની જ હોય, તો તો એ તૃષ્ણા તગડી યુવતી જ બની રહેવાની: ઘરડી જર્જરિત થવાની જ નહિ. માણસ મરે પણ તૃષ્ણા નહિ મરે. પછી તૃષ્ણાના પાયા પર ઊભેલો સંસાર જમીન-દોસ્ત થાય જ શાનો ? પૂજામાં બોલો છો ને કે

**"તૃષ્ણાતરુણી-રસલીન હું રઝળ્યો રે ચારે ગતિ રે"**

અર્થાત્ તૃષ્ણારૂપી તરુણીના રસમાં લીન બનેલો હું સંસારની ચારે ગતિમાં આજસુધી રખડ્યો છું.

**એ તો તૃષ્ણાનાયિકા દૂબળી પડે, જર્જરિત અને નષ્ટ થાય, તો જ સંસારયાત્રાનો અંત આવે.**

ત્યારે, એ માંદી-જર્જરિત અને નષ્ટ પણ તો જ થાય કે જો સામે ચાલીને ય આવતા દુન્યવી પ્રલોભનોને વધાવી ન લેતાં, એનાથી આઘા ને આઘા રહેવાય. પુણ્યનો ઉદય હોય એટલે સારાં સારાં ખાન-પાન, માન-સન્માન, વૈભવ-વિભૂતિ વગેરેનો યોગ આવીને ઊભો તો રહે અને મનને લોભાવવા તો જાય કે 'હં લઈ લે'



પરંતુ એવું લેવાનું તો અનંતોકાળ કરતા આવ્યા, અને તૃષ્ણાને પોષ્યે રાખી. એટલે જ તૃપ્તિ તો ન થઈ, પરંતુ હજી પણ એવી પ્રલોભક સામગ્રી મળતાં તૃષ્ણા ટટાર ! તે વધાવી લેવામાં જરાય આંચકો નથી આવતો. તૃષ્ણાનો હવસ મટતો નથી.

કલ્પક આ સમજે છે એટલે મહામંત્રીપણું સ્વીકારવાની નંદ રાજાને ઘસીને ના પાડે છે. પોતાના સાદાઈથી જીવાતા જીવનમાં બહુ દુન્યવી પ્રવૃત્તિ અને પરિગ્રહની ધાંધલ જ નથી એટલે વીતરાગ પ્રભુના ધર્મની સુંદર આરાધના કરી શકે છે, ને તે કરીને ચિત્તની મહાન શાંતિ-સ્વસ્થતાનો અનુભવ કરે છે.

**સાચું ધર્મિપણું :**

પરંતુ નંદ રાજાને તો કલ્પકની મહાન યોગ્યતા અને બુદ્ધિમત્તા ઉપર એને મંત્રી બનાવવા તરફ ચોંટ છે. એ જુએ છે કે

'આ ધર્મનો મહાન પ્રેમી છે તેથી કદી ધોખો દે નહિ.

સત્યવાદી અને ચુસ્ત ન્યાયસંપન્ન છે, તેથી કદી અપ્રામાણિક્તા કરે નહિ.

મહાસંતોષી છે તેથી ક્યારેય લોભિયો બને નહિ.

દિલનો મહાદયાળુ હોઈ પ્રજાને કદી કનડગત કરે નહિ.

સાથે, ચકોર બુદ્ધિમાન એટલે કઠિન સમસ્યાઓના ઉકેલ પણ લાવી દે, અને રાજ્યની આબાદી પણ સારી ઝળકાવે.

આવો સુયોગ્ય બુદ્ધિનિધાન માણસ શોધ્યો ક્યાં મળે ? માટે ગમે તે પ્રકારે એને મુખ્યમંત્રી બનાવી લેવો.'

**આ માટે હવે રાજા પેંતરો રચે છે,** નંદ રાજાએ તપાસ કરાવી કલ્પકના ધોબીને બોલાવી લીધો, ને એને કહ્યું 'જો, કલ્પકના દિવાળી ટાણાંનાં કપડાં ધોવા આવે તે એને પાછા આપતો નહિ, ગમે તે બહાનું કાઢીને એને ધક્કે ચડાવજે.'

બસ, રાજાનો હુકમ છે, એટલે ધોબીએ તે પ્રમાણે કર્યું, કલ્પકના કિંમતી કપડાં બે વરસ સુધી પાછા આપ્યાં નહિ, હવે કલ્પકની કપડાંની ઉઘરાણી કરતાં કરતાં ધીરજ ખૂટી. અહીં જુઓ સંસાર કેવો ખતરનાક છે, સંસારની ચીજ કેવી ગોઝારી છે, કે કલ્પક કપડાં પાછાં લેવા માટે તંગ થઈ ગયેલો; તે, જીવનમાં ભાગ્યે જ આવેશમાં ચડનારો એવો પ્રશાંત પણ કલ્પક આવેશમાં આવી ગયો; અને બહાનું કાઢતા તથા રાજાની હુંફ પર ગમે તેવો ઉદ્ધત મિજાજી જવાબ દેતા ધોબી પર હલ્લો કર્યો એવો હલ્લો કે એમાં ધોબીનું મૃત્યુ થઈ ગયું !

**નિમિત્તની પ્રબળતા :**

**સંસારની ચીજ શું કરાવે છે !** મહાન ધર્માત્માને પણ ભૂલો પાડી દે !

કપડાનું નિમિત્ત ન હોત તો કલ્પકને આવેશ કરવાનું શું કારણ હતું ? હેં શું નિમિત્ત કશું કરતું નથી ? નિમિત્ત ઉપર તો જગતમાં જીવોના અનેક પ્રકારના પ્રપંચ ચાલે છે, કષાયો થાય છે, હિંસા-જૂઠ-ચોરીના મહાપાપ સેવાય છે; બધું નિમિત્ત ઉપર, એક ઘર માંડીને કુટુંબ લઈ બેઠા એના નિમિત્તે કેટકેટલું સેવો-આચરો છો ? પહેલાં એકલી પત્ની હોય તો એનાં નિમિત્તે; પછી એક પુત્ર થાય એટલે એનાં પણ નિમિત્તે; વળી પુત્રી કે બીજો પુત્ર થાય એટલે એનાં પણ નિમિત્તે પ્રવૃત્તિ વધે છે ને ? રાગ વધે છે ને ? કેટલાંય પાપસ્થાનકો વધે છે કે નહિ ? નિમિત્ત કાંઈ કરતું નથી એમ બોલવું એ સ્પષ્ટ મૃષાવાદ નથી ?

**કોરા નિશ્ચયનયવાદીને પ્રશ્નો :**

**પ્ર.**- પણ નિશ્ચયનયથી તો નિમિત્ત કશું કરતું નથી ને ?

ઉ.- **તમે જીવન નિશ્ચયનયનું જીવો છો કે વ્યવહારનું ?**

**નિશ્ચયથી આત્મા બંધાયેલો હોય ? શરીરધારી હોય ? ખાનપાન કરતો હોય ?**

**નિશ્ચયથી આત્માને નિશ્ચયનયનો પ્રચાર અને વ્યવહારનું ખંડન કરવાનું હોય ખરું ?**

આટલું બધું વ્યવહારનું કાર્ય કરી રહ્યા હો, ને એ તેવાં તેવાં નિમિત્તના આધારે જ ચલાવી રહ્યા હો પછી

**બોલવું કે નિમિત્ત કશું કરતું નથી એ હડહડતું જુઠ્ઠાણું નથી ?**

**એ બોલીને દયા-દાનાદિ ધર્મક્રિયાને જ નિંદવી-ઉડાવવી; અને હિંસાપરિગ્રહાદિ પાપક્રિયાને નહિ, એ કસાઈ કરતાં ભૂંડું આચરણ નથી ?**

**પ્ર.**- પણ ત્યાં તો કહેવાય ને કે એ બધું વ્યવહારથી આચરાય છે ખરું, કિન્તુ નિશ્ચયથી ખરેખર એ કારણ નથી ?

ઉ.- કહેવાય; સાચી વાત; પરંતુ ત્યાં એ બધા સેવાતાં નિમિત્ત પ્રત્યે સૂગ તો નથી કરતા ને ? તો પછી નિમિત્તભૂત દયા-દાનાદિ ધર્મક્રિયાઓ, ત્યાગ અને તપસ્યા, તથા એના ઉપદેશ ઉપર સૂગ કેમ કરો છો ? કેમ એની નિંદાનું જ પાનીયું લઈ બેઠા છો ? કદી હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પૈસાટકા વગેરેની નિંદા કરો છો ખરા ? ના, જીવો એ સેવે એનો વાંધો નહિ, પણ માત્ર ધર્મક્રિયા, પરમાત્મભક્તિ, ગુરુસેવા, દાન, શીલ, તપ વગેરે સેવે એનો વાંધો ? તે એની ઘોર ખોદી નાખી ભદ્ર જીવોને ઘોર મિથ્યાત્વના રવાડે ચડાવી દેવાના ? કઈ અક્કલ ? કઈ બુદ્ધિમત્તા પર આ ડિંડવાણું ચલાવવાનું કે જીવના આંતરિક ભાવ



બગાડનાર હિંસા-અસત્ય આદિ નિમિત્તનું હલકું નહિ બોલવાનું અને ભાવ સુધારનાર પવિત્ર ધર્માનુષ્ઠાનો અને દાનાદિ નિમિત્તનું પેટ ભરીને ઘસાતું બોલ્યે જવાનું ?

**નિશ્ચયનયનો આ ખરેખર પ્રેમ નથી.** પ્રેમ હોત તો જીવનનાં સમગ્ર નિમિત્તોને અકિંચિત્કર કરી, પછી ચાહ્ય તે ખાનપાન અને આરંભ-પરિગ્રહાદિને યા ધર્મક્રિયાને અકિંચિત્કર લેખીને, એનાથી તદન નિવૃત્ત થયા હોત અને શુદ્ધ નિશ્ચયનયનાં જીવનમાં બેસી ગયા હોત ! દુનિયાના અજ્ઞાન ભલા-ભોળા જીવોને બનાવવાની વાત છે, જાતે અજ્ઞાન, અને અજ્ઞાન ગાડરટોળાને કૂવામાં ઉતારવાનો એ ધંધો છે. નિમિત્તથી તો માણસ તરે છે, ને નિમિત્તના લીધે જ ડૂબે છે. આજે નિશ્ચયનયની સુફિયાણી અજ્ઞાન દેશનાનું નિમિત્ત મળવાથી જ કેટલાય જીવો ઉન્માર્ગમાં ડૂબી રહ્યા છે.

અગર કહો કે 'ના, એ તો સાચું જાણીને તરી રહ્યા છે;'

તો પણ એમાં એ દેશનાને નિમિત્ત તો માન્યું જ ! એટલે નિમિત્ત કિંચિત્કર છે, નિમિત્ત કશું કરે છે, એ વાત તો સ્વીકારી જ લીધી ! પછી એમાં નિશ્ચયનય ક્યાં સચવાયો ?

કહેશો 'ત્યાં ય અમે તો માનીએ છીએ કે નિમિત્ત કશું કરતું નથી. એ તો જીવો પોતાના પુરુષાર્થથી સમજી રહ્યા છે;'

એમ જો કહો, તો સવાલ એ છે કે તો પછી દેશના આપવાનું નિમિત્ત શું સમજીને ઊભું કરી આપો છો ? એ જ ને કે એથી જીવો નિશ્ચયનય સમજે ? તો નિમિત્તથી સમજવાનું તમારા દિલમાં બેઠું છે ને ? નહિતર બંધ કરી દો ને આ દેશનાનું નિમિત્ત, શું કામ ભાષણો અને સાહિત્યપ્રચાર કરી રહ્યા છો ? જીવનમાં એ અને બીજા નિમિત્તો પર ધરખમ આધાર રાખી એને સેવ્યે જવા છે, ને મોંઢેથી બોલ્યે જવું છે કે 'નિમિત્ત કશું કરતું નથી,' એ દંભી બકવાદ અને મૃષાભાષણ નથી તો બીજું શું છે ?

કલ્પક વસ્ત્રવિલંબનું નિમિત્ત ઊભું થવાથી આવેશમાં આવી ગયો, ધોબી પર હલ્લો કર્યો અને ધોબી મરી ગયો ! ધર્માત્માએ જડ પદાર્થો અને સત્તા-સન્માનાદિથી બહુ સાવધાન રહેવા જેવું છે; રખે એ ચિત્તના પરિણામ કલુષિત ન કરી જાય, મહાકિંમતી ચિત્તરત્નને બગાડી ન જાય.

**હરેક પળે એ જોયા કરવું જોઈએ કે ચાલુ સંયોગો કે વિચારમાં આવી જતાં સંયોગો મારાં ચિત્તરત્નને બગાડતા તો નથી ને ? એ સંયોગોનાં નિમિત્ત પર અશુભ ભાવ તો નથી જાગતા ને ?** 'બાહ્ય સંયોગ રૂપાળા કે ખરાબ'ની બહુ કિંમત નથી; કિંમત તો હૃદયના ભાવની છે. કેમકે સંયોગ તો આવશે ને જશે, પરંતુ

બગડેલા ભાવ, બંધાતા અશુભ કર્મોનો જથો, અને કુસંસ્કાર આત્મા પર જડબેસલાક ચોંટી જશે ! માટે જ આ ધ્યાનમાં રાખીને એ કરવાનું કે,

નિમિત્ત ખરાબ આવી ઊભું, તો તરત સાવધાન બની એને લેશ પણ મહત્ત્વ નહિ આપવું એને કર્મની કે ભવિતવ્યતાની એક અકાટ્ય લીલા સમજી એ તરફ આંખમિચામણાં કરવાનાં.

નિમિત્ત રૂપાળું આવ્યું તો એને આપણે આધીન નહિ, કિન્તુ કર્મને યા ભવિતવ્યતાદિને આધીન સમજી વિનશ્વર લેખવાનું; જેથી એના પર મોહ-મમતા ન થાય.

આ બે વસ્તુ ધ્યાનમાં રહ્યા કરે, તો પછી ચિત્તના ભાવ બગાડવાનું નહિ કરાય.

**રાજા શું કરે છે ?**

કલ્પક થાપ ખાઈ જાય છે. ધોબી પર ઘાતક આક્રમણ કરી બેસે છે. પણ પછી તો ભારે પશ્ચાત્તાપ સાથે ઘરે આવી બેઠો. અહીં ધોબીની નાત રાજા પાસે જઈ એના ખૂનની ધા નાખે છે.

રાજા કલ્પકને બોલાવી મંગાવે છે. ખાનગીમાં દબડાવે છે, 'કલ્પક ! આ શું ?'

કલ્પક હકીકત કહીને કહે છે, 'મારી ગંભીર ભૂલ થઈ છે જે સજા કરવી હોય તે કરો, ભોગવી લેવા તૈયાર છું.'

રાજા ખરું કરાવે છે, કહે છે, 'ગમે તે સજા ભોગવવા તૈયારી છે ? કે પછી એમાં ય આવેશ અને મનમાન્યું કરવાનું ?'

કલ્પક કહે છે, 'ના, સજા ભોગવવાની જ.'

બસ, કલ્પકને વચનથી બાંધી લઈ રાજા કહે છે, 'તો પછી સજામાં તારે મંત્રીપદ માથે લઈ લેવાનું. તારા ભયંકર ગુનાની એજ સજા હું કરું છું.'

હવે કલ્પક શું બોલે ? બોલવાની જગા જ ક્યાં છે ? બસ, કલ્પકને બિલકુલ અનિચ્છાએ પણ મુખ્ય મંત્રી બનવું પડ્યું. ધોબીની નાત વિલખી પડી ગઈ. રાજાએ મરેલા ધોબીની વિધવાને કાયમી વર્ષાસિન બાંધી આપ્યું.

આમ કલ્પકને પરાણે પરણવું પડ્યું અને પરાણે મંત્રી બનવું પડ્યું. વિષય, આરંભસમારંભ અને પરિગ્રહનો કેટલો ભય ? જુઓ જૈન ઇતિહાસના ચકમકતા સિતારાનાં તેજસ્વી જીવન ! આ પંચમકાળની વાતો છે હોં. પાંચમા આરાના જ માનવીની આ વાત છે. પરણવું નહોતું પણ કેવા કપરા વચનમાં ફસી લગ્ન કરવું પડ્યું ! મંત્રી બનવું જ નહોતું, કિન્તુ કેવા પ્રપંચનો ભોગ બની મંત્રી બનવું પડ્યું ! હૃદય કેટલું બધું પાપથી, વિષયોથી, પરિગ્રહથી અને દુન્યવી બહુ પ્રવૃત્તિથી



ડરતું હશે કે કામિની-કંચન-કીર્તિ અને સત્તા સન્માનથી એનું ચાલ્યું ત્યાં સુધી એ આઘો ને આઘો જ રહ્યો ? ત્યારે ન છૂટકે એમાં ફસાવું પડ્યું તો પછી જીવનમાં એ કેટકેટલી સાવધાની રાખતો હશે ?

**જૈન ધર્મ પામીને એણે ધર્મનું પ્રત્યક્ષ ફળ આ જોયું કે ચિત્તની નિર્મળતા-શાંતિ-સ્વસ્થતા રહે.**

**જૈનધર્મ આ શીખવે છે** કે દુન્યવી બહુ દોડધામ, પરિગ્રહના ભાર અને ઇન્દ્રિયોનાં વિષયોની લગની તમારા ચિત્તની શાંતિ, સ્વસ્થતા અને નિર્મળતા હણી નાંખશે; ચિંતા, સંતાપ અને કલુષિતતા સળવળતી રાખશે, માટે એમાં બહુ ન પડો; જીવનની જરૂરિયાતો જ ઓછી કરી નાખો. દુનિયામાં તો ઘણુંય બધું દેખાશે, પણ મન એમ નિશ્ચિતપણે કહે કે મારે એનો ખપ નથી, મારા આત્માને એનાથી અભડાવવો નથી. દુનિયાનું એ બધું તો ઝેરી નાગ જેવું છે. એની જો ઇચ્છા પણ ઊભી કરી તો હૈયું ચેતના ગુમાવશે, પછી એના સંપર્કમાં તો વળી પૂછવાનું જ શું ? સંસારના સુખરૂપ કે સુખસાધન ગણાતા એ પદાર્થો અને પ્રવૃત્તિઓની આસપાસ ચિંતા-સંતાપ, ભય-વિહ્વળતા, કુમતિ-મલિનતા વગેરે વિંટળાયેલા છે. તો એના બોજ શા સારુ ઉપાડું ?

**મોક્ષની ઇચ્છા એટલે શાની ઇચ્છા ? :**

ધર્મનું આ પ્રત્યક્ષ ફળ ખૂબ જ ધ્યાનમાં રાખવા જેવું છે. સંસાર આદરવા જેવો નથી, પણ મોક્ષ જ આદરણીય છે, ઉપાદેય છે, એટલા માટે તો એના ઉપાય તરીકે ધર્મ આરાધવાનો છે. હવે જો મોક્ષ કે જ્યાં પરમ શાંતિ છે, પરમ સ્વસ્થતા છે, આત્માની પરમ નિર્મળતા છે, એના ઉપાયભૂત ધર્મમાં અલ્પાંશે પણ શાંતિ, સ્વસ્થતા ને નિર્મળતા ન હોય, તો એ ઉપાય જ કેમ કહેવાય ?

તલના એકેક કણમાં અતિ અલ્પાંશે પણ તેલ છે, તો જ એનો સમૂહ ભેગો થઈને તેલનો ડબ્બો ભરી આપે છે. એમ નિશાળમાંથી બાળક થોડી થોડી પણ વિદ્યા મેળવે છે, તો નિશાળ વર્ષો સુધી સેવતાં વિશેષ પ્રમાણમાં વિદ્યાની પ્રાપ્તિ થાય છે.

**એવી રીતે ધર્મ-પ્રવૃત્તિથી થોડી થોડી પણ ચિત્તની શાંતિ સ્વસ્થતા અને નિર્મળતા મળતી હોય, તો જ પછી વર્ષો અને જીવનોની ધર્મસાધના પરમશાંતિમય મોક્ષ દેખાડી શકે,** એટલે ધર્મ કરીને આ ફળ તો ઊભું કરવું જ જોઈએ.

દેરાસરે પરમાત્માનાં દર્શન કરવા જાઓ છો ને ? શા માટે જાઓ છો ? થોડું ઘણું પુણ્ય મળે એટલા માટે ? તો સવાલ એ છે કે એ પુણ્ય મેળવીને શું કરવું

છે ? સારું ખાવાપીવા મળે, સારા ધનમાલ મળે, એ જ લક્ષ્ય છે ? તો સમજી રાખો કે એથી તો ચિત્તના ઉન્માદ-મોહમૂઢતા-અશાંતિ જ વધવાના, ને પાપપ્રવૃત્તિ ધૂમ વધી જવાની. વીતરાગનાં દર્શન કરીને સરવાળે આ નિપજાવવું છે ? જીવને અનંતા કાળમાં વૈભવ-વિલાસ મળવામાં બાકી રહ્યા છે ? એથી જો સુખ-શાંતિ હોત તો આજે કેમ ભૂખ-તૃષ્ણા-ઓરતા એટલા બધા પીડી રહ્યા છે ? માટે એ લત ખોટી છે. ચિત્તની સ્વસ્થતા-શાંતિ-નિર્મળતા એ જ ખરેખર પ્રાપ્ત કરવા યોગ્ય છે.

પેલો કલ્પક એવા ગુનામાં સપડાયો કે નંદરાજાએ એની સજામાં એને મંત્રી બનવાનું માથે લાદ્યું, ને કલ્પકને અનિચ્છાએ પણ મંત્રી બનવું પડ્યું. પરંતુ જૈનધર્મની ઉપાસનાના પ્રધાન ફળ તરીકે ચિત્તની એવી સ્વસ્થતા અને નિર્મળતા જાળવી રહ્યો છે કે ગમે તેવા કપરા સંયોગ ઊભા થાય તો પણ ચિત્તને વિહ્વળ અને ક્રોધ કે શોક-ઉદ્વેગથી વ્યાપ્ત થવા દે એમ નથી.

બને છે એવું કે મુખ્યમંત્રી બન્યા પછી એની બુદ્ધિ અને કુનેહના બળ ઉપર રાજાની આબાદી તથા પ્રતિષ્ઠા વધી ગઈ છે, ને તેથી કલ્પક મોટા સામ્રાજ્યનો કર્તા-હર્તા બની ગયો છે; એટલો બધો એના પર રાજાને વિશ્વાસ જામી પડ્યો છે ! પરંતુ વખત જતાં, એના પ્રત્યે ઈર્ષ્યા કરનાર એની વિરુદ્ધમાં રાજાને કાનભંભેરણી કરે છે અલબત્ત એનું હજી કાંઈ ઉપજતું નથી; છતાં ઈર્ષ્યાનો કીડો એવો ખતરનાક છે કે એ મગજમાંથી એમ શાનો નીકળી જાય ? ઈર્ષ્યાવશ એ ઈર્ષ્યાળુ માનવી કાંઈપણ એવું કલ્પકનું છિદ્ર શોધે છે કે જેના આધારે રાજાનું મન એના પરથી ઊઠાડી દેવાય.

**દોષની પકડ કેમ ? :**

સવાલ એક થાય કે 'કશું ઊપજતું નથી તો પછી ઈર્ષ્યા કેમ પકડાઈ રહેતી, હશે ? કેમ પડતી ન મૂકાય ?'

એનો આ ઉત્તર છે કે માટે જ સમજી રાખો કે આત્માનો એકેક દોષ એવો ખંધો છે જે એમ કોઈ જાય નહિ, એનો મૂળ પાયો અજ્ઞાન છે, મિથ્યા બુદ્ધિ છે માટે તો જૈન શાસ્ત્રો કહે છે,

**અજ્ઞાન એ મહાપાપ :**

**'अज्ञानं खलु कष्टं, हिंसादिभ्योऽपि सर्वपापेभ्यः'**

હિંસાદિ સર્વ પાપો કરતાં અજ્ઞાન-મિથ્યાજ્ઞાન એ વધુ દુઃખદ છે; કેમકે અજ્ઞાનના પાયા પર તો હિંસાદિ ખરાબ લાગતા જ નથી, એટલે એ પાપો જીવંત જાગ્રત રહે છે; પછી ભલે હિંસાદિ કરવા છતાં નિષ્ફળતા મળી હોય, ધાર્યો લાભ



તો નહિ પણ ઊલટું નુકસાન થયું હોય; છતાં હિંસા-જૂઠ વગેરે પાપ છોડશે નહિ. દા.ત. કોરટમાં જૂઠ હંકાર્યું, છતાં ય કેસ હારી ગયો, ને જગતમાં જૂઠ ખુલ્લું થયું. તો પણ પશ્ચાત્તાપ નહિ થાય કે 'હાય ! જૂઠ માથે પડ્યું ! ફોગટ મેં પાપ ક્યાં વહોર્યા ?' આ પશ્ચાત્તાપ નહિ એટલે પાછો પ્રસંગ પડ્યે જૂઠ બોલવા તૈયાર ! દસ વાર પાછો પડે, છતાં જૂઠ છોડવાની વાત નહિ ! શું કારણ ? અજ્ઞાન, મિથ્યાજ્ઞાન છે કે, 'જૂઠ બોલવાથી લાભ થાય છે' એવું ઈર્ષ્યા અભિમાન વગેરે એકેકા દોષની પાછળ બને છે.

**માનવ તરીકે વિવેક નહિ ?**

અજ્ઞાનતાવશ એ પણ જોવું નથી કે 'જૂઠ હંકારવાથી પહેલું તો વર્તમાનમાં જ હૃદય કાળું થાય છે.' એ તો એમજ સમજે છે કે 'બોલવાનું એટલે આપણને ફાવે તે બોલવાનું. એમાં કાળું શું ને ધોળું શું ? પરંતુ બોલવા-ચાલવામાં માણસને માટે શું કાંઈ વિવેક ન હોય આવું આવું જ બોલાય, ને આવું આવું ન જ બોલી શકાય ? એવો જો વિભાગ આર્ય માણસે ન કરવો હોય તો જંગલી માનવમાં ને એનામાં ફરક શો ? આર્યમાનવપણાની વિશિષ્ટ બુદ્ધિશક્તિ મળ્યાનું કાર્ય જ આ છે કે એનો ઉપયોગ કરીને વિવેક કરવો કે અમુક પ્રકારનું બોલાય-ચલાય, ને અમુક પ્રકારનું નહિ. એ પ્રકાર પાડવાનો તે આના ઉપર કે હૃદય ક્યાં મેલું થાય છે ને ક્યાં નહિ.

**બીજા તરફથી આપણે શું ઈચ્છીએ ?**

આપણી પ્રત્યે બીજો જૂઠ બોલે, ક્રોધમાં બોલે, આપણા હૃદયને ઘા કરે એવું બોલે, તો એ આપણને નથી ગમતું. તો સ્વાભાવિક છે કે આપણે પણ જો બીજાની પ્રત્યે એવું બોલીએ, તો એ સામાને નહિ જ ગમે. છતાં જો આપણે એવું અસત્ય, ક્રોધિલું કે હૃદયને ઘા કરતું બોલવું છે, તો ત્યાં આપણા દિલમાં કોઈ અભિમાન યા કોઈ નરી સ્વાર્થાંધતા કે હૃદયની કઠોરતા-નિષ્ઠુરતા ઊભી થઈ છે; ને એ હૃદયની મલીનતા છે. એની જો પરવા નથી તો એમાં તો જનાવર કે અનાર્ય જંગલી માણસ કરતાં કોઈ વિશેષતા નથી. ભારોભાર અજ્ઞાનદશા છે. આ ઊભી હોય ત્યાં સુધી જીવ શી રીતે જૂઠ-ગુસ્સો, નિર્દયતા-હિંસા, મદ-પ્રપંચ વગેરેથી પાછો ફરે ? ભલે ને અનેકવાર પાછો પડે, નિષ્ફળતા મળે કે નુકસાન થાય, છતાં એ અસત્યાદિ દૂષણો અજ્ઞાની જીવે પડતા મૂકવાની વાત નહિ.

ખરી રીતે તો એવી સજ્ઞાનદશા કેળવવાની છે કે જૂઠ બોલી, પ્રપંચ કરી યા જીવહિંસામય આરંભ-સમારંભ કરી તાત્કાલિક લક્ષ્મી યા માનપાન મળવાનો

લાભ દેખાયો, તો પણ હૃદય ધ્રુજે કે 'આ શું કર્યું ? ઐહિક તુચ્છ ક્ષણિક લાભ માટે દીર્ઘ કાળની ઘાતક ચિત્ત-મલીનતા વહોરી ? પશુપણામાંથી માનવપણું મળ્યું અને કલંકિત કર્યું ? હૃદયનો એ ધ્રુજારો તો એવું સત્ત્વ વિકસાવે કે ફરીથી અસત્ય આદિ સેવતા અટકાવી દે; પણ ક્યાં છે ધ્રુજારો ?

પરંતુ સજ્ઞાન બનવું હોય ત્યારે ને ? સજ્ઞાન મૂઢ દશામાં જ ભટકવું હોય, ત્યાં વિચાર જ શું કામ કરે ? વિવેક જ શાનો કેળવે ? 'હું બરાબર સમજું છું' એવા અહંત્વ-અભિમાનમાં તણાવું હોય ત્યાં વિચાર-વિવેકને જગા જ નથી રહેતી.

**માનવજાત અહંત્વથી દુઃખી છે.** અહંત્વના લીધે સગા ભાઈ-ભાઈ વચ્ચે, કોમ-કોમ વચ્ચે, ને દેશ-દેશની વચ્ચે ઝગડા છે, અશાંતિ છે, ખેંચાતાણ છે. દરેક એમ સમજે છે કે 'અમે જે સમજીએ છીએ, કરીએ છીએ તે બરાબર છે' પછી એ પોતાના હઠાગ્રહમાંથી શું કામ પાછા ફરે ? ત્યાં પછી ઝગડા અને અશાંતિ સિવાય બીજું શું જોવા મળે ? એ તો મહાદયાળુ જ્ઞાનીઓએ શું કહ્યું છે તે ધ્યાનમાં લેવું હોય તો યોગ્ય રાહ સૂઝે, પરંતુ અહંત્વ એ ધ્યાનમાં લેવા જ ન દે. અરે ! જ્ઞાનીઓના ઉપદેશને ધ્યાનમાં લેવાની વાત તો ક્યાં, પણ વડીલો ઉપકારીઓ અને શાણા સમજુ જનોની સલાહને પણ ગણકારવા ન દેનાર અભિમાન છે. ડાહ્યા માણસ કહેતા હોય કે 'ભાઈ ! આ તમારે તમારા ભાઈ સાથે કે અમુક માણસની સાથે ઝગડો ઉપાડવો કામનો નથી,' પણ ત્યાં અભિમાનથી એને એમ લાગે છે કે 'આ કહેનાર શું સમજે ? મને મારી ખબર છે, એમને શી ખબર ?' બસ, પછી એમ કરી ઝગડવા ઉપડે છે કાં સામાને ખુવાર કરી ભારે આનંદ અનુભવે છે, અથવા તો જાતે ખુવાર થઈ ભારે ગુસ્સો અને વૈર બાંધી પોક મૂકે છે. બંને પરિણામ ખતરનાક છે.

**સામાની ખુવારીમાં પોતે આનંદ અનુભવવામાં માનવહૃદયનો સરાસર નાશ થઈ પિશાચી હૃદય પ્રગટ થાય છે.** અભિમાનનો પારો વધે છે. કરુણાભાવને દેશવટો મળે છે. ધર્મનો પાયો જ નષ્ટ થાય છે. શાસ્ત્ર કહે છે,

**પાયામાં મૈત્રી આદિ :**

**'મૈત્ર્યાદિભાવ સંયુક્તં, તદ્ધર્મ ઈતિ કથ્યતે.'**

અર્થાત્ 'મૈત્રી કરુણા આદિ ભાવથી યુક્ત હોય તે જિનવચનાનુસારી અનુષ્ઠાન ધર્મ કહેવાય.' મૈત્રી કરુણાભાવ નષ્ટ થઈ જતાં, પછી ભલેને બીજો દેવદર્શન, તપ, ત્યાગ વગેરે દેખીતો ધર્મ ગમે તેટલો કરે, પરંતુ ધર્મનું સ્વરૂપ ક્યાં રહ્યું ?

કોણે આ કરુણાભાવ નષ્ટ કર્યો ? અભિમાને. સામાના દુઃખમાં હમદર્દી-



સહાનુભૂતિ-સમવેદન રાખવાને બદલે ઊલટું જો આનંદ અનુભવવો છે, તો એ કરુણાભાવના સ્થાને ક્રૂરભાવ ઊભો થયો. **અભિમાન એ માણસને અંધ બનાવીને કર્તવ્ય એવો શુભ ભાવ દેખવા દેતું નથી.**

**અભિમાનથી અતિ ક્રૂરભાવ :**

રાજા શ્રણિકે ધર્મ પામ્યા પહેલાં ગર્ભિણી હરણીનો શિકાર કરી નાખેલો; પછી પાસે જઈ જોતાં સારો શિકાર થયો માની એ ખુશ થાય છે. અભિમાન કે 'હું કેવો સરસ શિકાર કરી શકું છું,' એવા અભિમાનના તોરમાં ધાર્યો શિકાર કર્યા પછી દુઃખ શાનો ધરે ? મનને એમ ક્યાંથી થાય કે મેં શિકાર કરતાં તો કરી નાખ્યો, પરંતુ આ બીચારી હરણી અને એનો ગર્ભ બંને તરફડી તરફડીને મરી રહ્યા છે ! અરેરે, આને કેટલું બધું દુઃખ !' આવી હમદર્દી શાની થાય ? એ તો આનંદ આનંદ અનુભવે છે, 'સુંદર શિકાર !' એમાં એણે પહેલી નરકનું ૮૪૦૦૦ વરસનું આયુષ્ય બાંધી કાઢ્યું, નિકાચિત કર્યું, એવું કે પછી ભલે ધર્મ પામ્યા ક્ષાયિક સમ્યક્ત્વ ઉપાર્જ્યું, તીર્થંકરનામકર્મ કમાયા, પરંતુ એ નરકાયુષ્ય સીલપેક રહ્યું ! અને મરીને નરકમાં ચાલી જવું પડ્યું;

અભિમાનના નાદે ચડી ઝગડો જમાવવામાં સામો ખુવાર થાય, દુઃખી દુઃખી થઈ જાય, છતાં ઉપરથી પોતે એનો આનંદ માને છે ! માનવપણાના ઊંચા અવતારે અભિમાનના પાપે આ કેવી અધમ કરણી ! કેવું અધમ હૃદય ! આપણા નિમિત્તે કોઈ ખુવાર થાય, દુઃખી થાય, એમાં આપણે શો સાર કાઢ્યો ? તેમ, એના પર વળી દાઝ્યા પર ડામ દેવા તુલ્ય આપણે ખુશી-ખુશીનો પોટલો થઈએ, એમાં શો જીવનસાર ?

"દિવ્ય-દર્શન" - **"પ્રવચન મહોદધિ"** વર્ષ-૧૫,અંક-૩૮,તા.૩-૬-૧૯૬૭

**અભિમાન કેવી પાપિષ્ઠ બુદ્ધિ આપે ? :**

**ધવલ શેઠ** પોતાને બચાવનાર ઉપકારી શ્રીપાલકુંવરને કટારીથી મારી નાખવા રાતના મહેલ પર ચડ્યો, પરંતુ ઉપરથી લપસી પડ્યો નીચે, ને કટારી પોતાના જ શરીરમાં ભોંકાઈ જવાથી મર્યો ! ત્યાં પ્રભાતે ખબર પડતાં લોકો તો કહે છે કે 'આ પાપી મારવા ચડ્યો હશે તે એને એના પાપનો નતીજો મળ્યો,' પરંતુ શ્રીપાળનું ઉમદા હૃદય દુઃખ અનુભવે છે; આંખમાં આંસુ સાથે એને લાગે છે કે 'અરેરે આ સ્નેહી બીચારો મરી ગયો !'

**બનનારી વાત બની ગયા પછી પણ આ કરુણાભાવ લાવવો કેમ કઠિન પડે છે ?**

**અભિમાનના પાપે,**

પોતાને કાંઈ લેવાદેવા ન હોય તો ય અભિમાન મનાવે છે કે 'આવા પાપીઓ તો આવી ઘોર સજાને લાયક છે.' કેમ જાણે, પોતે સમજે છે તે બરાબર છે, એવું એને થાય છે. આજ છાપા વાંચનારની દશા જુઓ. વાંચવામાં આવ્યું કે અમુક માણસે અમુકનું ખૂન કર્યું, પછી ન્યાયાધીશે એને જેલની સજા કરી, ત્યારે એ વાંચનારાને, ભલું હશે તો, એમ લાગશે કે 'આવાને જેલ ? એવાને તો ફાંસી જ દેવી જોઈએ.' છે કોઈ એને લેવાદેવા ? છતાં નાહકનું મન બગાડી ગુનેગારનું મોત કરવા સુધીના વિચારમાં ચડે છે ! કરુણાભાવ ક્યાં રહ્યો ? અહીં તો અતિ ક્રૂરભાવ આવ્યો.

**શું એકની કરુણામાં બીજા પ્રત્યે ક્રૂરતા ?**

**પ્ર.**- પણ જેનું ખૂન થયું એના માટે તો કરુણાભાવ જાગે ને ?

ઉ.- તે શું કોઈના માટેનો કરુણાભાવ એવી ચીજ છે કે એમાં બીજા માટે ક્રૂરભાવ લાવવો જોઈએ ?

**સાચો કરુણાભાવ** તો એવા રૂપનો થાય કે 'એ બીચારાને કેવા અશુભ કર્મનો ઉદય કે એનું ખૂન થઈ ગયું ! ત્યારે ખૂન કરનારો બીચારો કેવી ખતરનાક દુર્બુદ્ધિનો ભોગ બન્યો ! અનેક દુર્ગતિના ભવો નીપજાવનાર આ દુર્બુદ્ધિ, આ ખૂન, અને એનો વૈરભાવ એને બીચારાને કેવો દુઃખી દુઃખી અને પાપી બનાવશે ! મરનાર પણ વૈર અને તીવ્ર કષાયભાવ લઈને ન ગયો હોય તો સારું. નહિતર એ બીચારાને ય અહીં ખૂનની કારમી વેદના ઉપરાંત આગળ કેવાં દુઃખદ વૈર કષાયભાવ અને કારમી વેદનાઓ એને બીચારાને અનુભવવી પડશે !' આવી નિર્ભેળ કરુણાબુદ્ધિ જાગે તો એને કરુણાભાવ આવ્યો ગણાય. એના બદલે 'આવા ખૂનીને જેલ શાની ? એવાને તો ફાંસી જ દઈ દેવી જોઈએ,' એવી બુદ્ધિ તો ક્રૂરભાવના ઘરની છે, ઘાતકીપણું સૂચવે છે.

**અભિમાનીને જીત અને હાર બંનેમાં માર**

**પરંતુ હાય અભિમાન !** પોતાની જાતને અક્કલવાન સમજે છે, એટલે પેલો નિર્ભેળ કરુણાભાવ ક્યાંથી આવવા દે. તે ય જો ત્રાહિતમાં એમ, તો પોતાના પ્રસંગમાં આવેલા માટે તો વળી કરુણાભાવ જાગે જ શાનો ? અભિમાનના તોરમાં સામાને ખુવાર કરવા ઉપર ખુશી થાય છે ! એ જાલિમ ક્રૂરભાવ છે. બળવાન બિલાડી નિર્બળ ઊંદરને રેંસી નાખવા પર મુસ્તાક બને એવો એ ઘાટ છે. અભિમાન



અને પાશવીબળનો ઉપયોગ એ નીચતામાં લઈ જાય છે.

ત્યારે અભિમાનના તોરમાં લડવા તો ગયો પરંતુ જો સામાને ખુવાર કરવાને બદલે પોતે જ ખુવાર થયો તો પોક મૂકશે ! 'અરે ! સામો કેવો દુષ્ટ, કબાડી, પ્રપંચી, કે હાય ! મને એણે પાયમાલ કર્યો !' એમ એના મનને થશે ત્યાંય અભિમાન એના મનને એમ નહિ લાગવા દે કે 'અરે ! હું કેવો મૂર્ખ કે હાથે કરીને મેં ઝગડો ઉપાડી ખુવારી નોંતરી ?' ના,

**હાર્યા પછી પણ અભિમાન ઓસરવા તૈયાર નથી !** જાતની ભૂલ દેખવા દેતું નથી ! સામામાં કલ્પિત દુષ્ટતા-પ્રપંચ-પાપીપણું દેખાડે છે ! નવી ભૂલો કરવા માટે પાછી એની એજ તૈયારી રખાવે છે !

અનંતાનંત કાળથી આ સંસારમાં જીવ એમ જ ભટકતો અને દુઃખ-ત્રાસ-યાતના ભોગવતો ભોગવતો આવ્યો છે. છતાં આટલા ઊંચા વીતરાગ પ્રભુનાં શાસન સાથેના ઉચ્ચ માનવભવને પામ્યા પછી પણ એ ગોઝારા અભિમાન-અહંત્વને મૂકવા તૈયાર નહિ, એ કેટલી કમનસીબી ! કેવું કારમું અજ્ઞાન ! ઊંચો ભાગ્યોદય છતાં કેવું ભાગ્યફૂટાપણું !

**ગુમાન આપણું મોટું કે કર્મનું ? :**

**અભિમાન એક એવી જાતનો મદિરાકેફ છે** કે એને એ ભાન નથી રહેવા દેતો કે 'અલ્યા જીવડા ! તારા અભિમાન કરતાં તો તારા કર્મનું ગુમાન એવું છે કે તારી બધી ધારણાઓ અને સુખસગવડના ફુરચા ઉડાવી દઈ તને ભોંયચાટતો કરી દે ! કેઈ ચમરબંધી ચક્રવર્તીઓ ઊડી ગયા, તો તું કોણ માત્ર ? શાના ભરોસે અભિમાનમાં તણાયો જાય છે ?

**અભિમાન છોડે તો કિંમતી શક્તિઓ પ્રગટે :**

તારું ગુમાન હેઠું મૂક, તો તારી ખરી કિંમતી આંતરશક્તિઓ બહાર આવશે, અને એથી તારું પોતાનું ભવ્ય ઉત્થાન થશે. તારું મિથ્યા અભિમાન એ શક્તિઓને ગુંગળાવી રહ્યું છે, ભૂગર્ભમાં દટાયેલી રાખી રહ્યું છે...' અભિમાનના મદિરા-કેફમાં આ ભાન જ નથી થવા દેતું.

**ગુમાનનો નશો દારૂના નશા કરતાં ભયંકર :**

હજી દારૂડિયો તો નશામાં ચકચૂર બની ખાડામાં પડે, વાગે, કપડાં બગડે, ત્યારે એનું એને કશું ભાન નહિ, પણ નશો ઊતરી ગયા પછી પેલું વાગેલું બળવા માંડે, ને કપડાં બગડેલાં દેખાય ત્યારે ભાન થાય અને પસ્તાવો કરે; પણ અહીં ગુમાનના નશાવાળાને તો કર્મનું અભિમાન એના પર ઊતરી પડે, એથી એ પછાડ

ખાય, તોય એને ભાન નથી આવતું કે 'અરે ! આ કેવો હું મૂર્ખ અહંત્વમાં આપમતિએ ચાલ્યો ઊંધો વેપલો ખેડ્યો, ને આ માર ખાધો !' આ ભાન તો કોક ભાગ્યશાળી હોય એને સૂઝે. નહિતર કર્મવશ પછાડ ખાધા પછીય આ સૂઝવું મુશ્કેલ છે, ને હવે પછી અભિમાન ન કરવું દુષ્કર છે.

**જુઓ રાવણ અભિમાનથી** વાલી રાજા પર ચઢાઈ કરતાં યુદ્ધમાં છેવટે પોતાના છેલ્લા શસ્ત્ર ચંદ્રહાસ ખડગથી વાલીને મારવા દોડ્યો. પરંતુ વાલીએ તો એને આખો ને આખો ઊંચકી, બગલમાં દબાવી ફેરવ્યો, ત્યારે રાવણનું અભિમાન ગળી ગયું ને પગમાં પડ્યો. પરંતુ અભિમાનના મૂળ ક્યાં ઊખડી ગયા હતાં ? તેથી પાછો જ્યારે એકવાર એ વિમાનમાં અષ્ટાપદજી તીર્થ ઉપરથી જતાં વિમાન ખચકાયું, ત્યારે એનું કારણ શોધવા એણે નીચે જોતાં વાલી મુનિને ધ્યાનમાં ઊભેલા દેખ્યા. હવે જુઓ. ખરી રીતે તો તીર્થના મહિમાથી વિમાન ખચકાયેલું, પરંતુ અભિમાનથી એણે માન્યું કે વિમાન વાલીમુનિએ ખચકાવ્યું. તે શું હજી મારા પર વૈર રાખે છે ? તો હું હવે એને બતાવી દઈશ' એમ કરી આખા અષ્ટાપદ પહાડ સાથે વાલીમુનિને દરિયામાં ફેંકી દેવા એ અભિમાનથી પહાડની તળેટી ખોદી પહાડની નીચે પેસીને એક હજાર દિવ્ય વિદ્યાઓનું સ્મરણ કરી પહાડ પોતાના માથા પર ઊંચક્યો. એથી પહાડ જરા ડોલાયમાન થયો.

**વિવેકીને બીજાનાં દુઃખદ ગર્વફળ દેખી વૈરાગ્ય :**

અહીં જુઓ કે વાલી રાજાએ પહેલાં રાવણને જીતી લીધા પછી એના મિથ્યા અભિમાન પર વૈરાગ્ય પામી તરત સંસારત્યાગ કરવા પૂર્વક સાધુદીક્ષા લીધી. તે ઘોર તપ તપતાં તપતાં અવધિજ્ઞાન પામી અહીં અત્યારે અષ્ટાપદ પહાડ પર ધ્યાનમાં ઊભા છે. એમને જરાય અભિમાન નથી. પરંતુ પર્વત હચમચતાં અવધિજ્ઞાનથી જોઈ પરિસ્થિતિ પામી ગયા. એમને એમ થયું કે 'મને પોતાને આ શરીર પર કોઈ સ્પૃહા નથી, રાગ નથી, તેમ રાવણ પર કોઈ દ્વેષ નથી. પરંતુ તીર્થનો નાશ થાય અને પર્વતમાં આશ્રિત અનેકાનેક જીવોનો સંહાર થાય, એ મારાથી કેમ જોઈ રહેવાય ? તેથી એ બચાવવા દ્વેષ વિના પણ રાવણને જરાક શિક્ષા કરું,' એમ વિચારી એમણે પર્વત પર પગનો અંગૂઠો સહેજ દબાવ્યો.

મહાત્મા વાલી મુનિને સંયમ અને તપના પ્રભાવે અનેક લબ્ધિઓ ઉત્પન્ન થઈ ગઈ છે. એટલે લબ્ધિપ્રયોગે અંગૂઠાના સહેજ દબાણથી પર્વત અને સાથે રાવણ પણ દબાયો. ત્યાં રાવણ ચીસ પાડી ઊઠ્યો, લોહીની ઊલટી થઈ, તરત બહાર નીકળી ગયો. સમજી ગયો કે 'આ હું મારા અપકૃત્યની મહાત્મા વાલીમુનિ



પાસેથી શિક્ષા પામ્યો' અભિમાન ઓસરી ગયું, ને તરત આવી મહાત્મા વાલીમુનિના ચરણમાં પડી ક્ષમા માગે છે; કહે છે, 'નાથ મેં આપને ઓળખ્યા નહિ. આપે તો તે વખતે છતી શક્તિએ મને અપરાધીને માફ કરી ઉદારતાથી જવા દીધો હતો. પરંતુ મેં અભિમાનના અંધાપામાં ફરી વાર આપનો અપરાધ કર્યો તો ય આપે મને પર્વત નીચે કચરી ન નાખતાં મારી ભૂલનું ભાન કરાવ્યું. અહો પ્રભુ ! આપનો કેટલો બધો ઉપકાર ! નાથ ! હું પાપાત્મા છું, આપની ક્ષમા માગું છું.'

જુઓ, ક્ષમા ક્યારે માગે છે ? જાતના અભિમાન સામે કર્મનું અભિમાન ઝળકી ઊઠ્યું, કર્મે એને થપાડ લગાવી હેઠો પાડ્યો, મહાત્મા વાલીમુનિના તપોબળથી દબાયો, અને અભિમાનનું પાણી ઊતરી ગયું. ત્યારે જો કર્મનાં અભિમાન આગળ માણસનું અભિમાન ચાલતું નથી, એનું કાંઈ ઉપજતું નથી, તો પછી અભિમાન કર્યું શું કામનું ? ત્યારે એમ પૂછો,

**અભિમાન કેટલું ઊપજે :**

**પ્ર.-** પણ કર્મ પાવર ન બતાવે ત્યાંસુધી તો અભિમાનનું ઊપજે ને ?

**ઉ.-** એ ય કેટલું ઊપજે છે એ હમણાં જોઈએ છીએ, પરંતુ પહેલાં એ જુઓ કે કદાચ થોડું ઊપજવા છતાં જ્યારે કર્મની પછાડ લાગે તે એવી જોરદાર કે અભિમાન કરેલું બધું સોંસરું ઓકાવી નાખે અને સંતાપનો પાર ન હોય, ત્યારે એની સામે અભિમાન કરેલું કેટલું રાંકડું લાગે ? દેખાય છે ને રાવણના પ્રસંગમાં, કે પહેલી વાર વાલીરાજાની બગલમાં દબાયો ત્યારે અને બીજી વાર મહાત્મા વાલીમુનિના અંગૂઠે લોહી વમતો ચીસ પાડી ઊઠ્યો ત્યારે કેવો રાંક બની ગયો ? એ વખતે શું એને લાગે ખરું કે ભલે અત્યારે નાલેશી પામ્યો, પણ અભિમાન કર્યું ત્યારે તો એનું સારું ઊપજ્યું ? કે ઊલટું એમ લાગ્યું કે મેં પાગલે અભિમાન ક્યાં કર્યું ?

**અભિમાનનું નહિ, પણ પુણ્યનું ઊપજે :**

ખરી વાત એ છે કે અભિમાનનું કશું ઊપજતું નથી, ઊપજે છે તે પુણ્યના ઉદયનું; મૂર્ખ માણસ ભલે એમ માની લે કે 'આ હું રોફ બતાવું છું તેથી બધા મારા દબાયેલા રહે છે;' પરંતુ ખરી રીતે તો એનો પુણ્યનો ઉદય વર્તી રહ્યો છે ત્યાંસુધી જ બીજા એનાથી દબાય છે પણ પુણ્ય ખત્મ થતાં એના એ માણસો હવે એને દબાવે છે ! એમ, અહંત્વના તોરમાં માણસ બજારમાં ગમે તેવા સોદા ઠોક્યે જાય, પણ પુણ્યનો ઉદય હોય ત્યાંસુધી જ કમાય; બાકી તો પુણ્યનો ઉદય પૂરો થઈ જતાં લેવાના ભારે દેવા કરી આવે ! ખાસી ખોટ ખાય ! તો કમાઈ કોણ આપતું

હતું ? અભિમાન-આપમતિ-જાતવડાઈ નહિ, પણ પુણ્ય.

એમ રોફ બજાવતાં સામા દબાતા હતા, તે રોફ-અભિમાનને લીધે નહિ, પરંતુ પુણ્યાઈ પહોંચતી હતી તેથી. છતાં મૂર્ખ માની લે છે કે મારા રોફથી બધા દબાયેલા રહે છે. ત્યારે એ અંધ ભરોસામાં પુણ્ય ખૂટે એટલી વાર; માર કેવો ખાય છે ? હવે રોફ મારવા જતાં સામેથી લમણામાં આવીને પડે છે. રાજા મુંજનું પુણ્ય ખત્મ થતાં અભિમાનને ભારે લપડાક પડી.

**અભિમાનનાં નુકસાન :**

તે આ તો વળી પુણ્ય ખૂટ્યા પછીનું નુકસાન; પરંતુ પુણ્ય પહોંચતું હોય ત્યારે પણ શું છે ? રોફ અભિમાન બજાવવા જતાં સામાના દિલમાંથી આ અભિમાની ઉપરનો સદ્ભાવ કપાય છે. આ મોટું નુકસાન છે. પોતાના ગણાતા માણસોનો આપણા ઉપરથી સદ્ભાવ ઓછો થાય, એ જીવનભરની વેદના બની જાય છે. રોજ સાથે રહેવું, ને આપણી ઉપર કુટુંબીજનનો સ્નેહ-સદ્ભાવ હોય નહિ, એટલે દિલ દુભાયા કરવાનું. કશી વાતમાં સીધો સહકાર મળે નહિ, તેથી મન ભારે રહેવાનું. પછી બીજાની આગળ એનાં રોદણાં જ રોવાનું આવડશે. એ વળી પેલાને જઈને આ જણાવશે એટલે ઓર અસદ્ભાવ વધવાનો.

**અહંત્વથી આપણે શું કમાયા ? અને બીજાને ય શું સારું આપ્યું ?** આપણે મિત્રોને વિરોધી બનાવવા એ શું આપણે કમાઈ કરી ? અને બીજાને કષાયવૃદ્ધિ આપવી એ સારું આપ્યું ? અહંત્વના બોલ ન બોલીએ, અહંત્વનાં આચરણ ન કરીએ, તો એવડી કઈ મોટી ખોટ આવી જાય ? ને એ કરીએ તો, કેટલી મોટી ખોટ આવે ? એ જરા શાંત ચિત્તે વિચારવા જેવું છે.

**અહંત્વના જો મૂળિયાં ન ઊખેડી નાખ્યા, તો બીજા ઊંચાં ધર્મસુકૃત છતાં એ ઊઠીને જીવને પછાડે છે.**

**ભરત-બાહુબળનાં જીવનમાં અભિમાન :**

**યુદ્ધભૂમિ પર બાહુબલજીએ પરાક્રમ કેટલુંક ભગીરથ કર્યું ?**

**લાલચ કેટલી બધી જતી કરી ?**

**કષ્ટ કેવાં ભગીરથ ઉઠાવ્યાં ?**

**એમ છતાં અહંત્વ-અભિમાનના કારણે કેવા અટકી પડ્યા ?**

ભરત ચક્રવર્તી બાહુબળજી પાસે આજ્ઞા મનાવવા લડવા આવ્યા. ખૂનખાર સંગ્રામ ચાલતાં વચમાં પડેલા દેવોએ બંને માટે ચાર અંગત યુદ્ધ નક્કી કર્યાં. પરંતુ એ ચારેયમાં ભરત હાર્યા. હવે એ પોતાની ભારે નાલેશી જોઈ ઊકળી ઊઠીને



પોતાનું ચક્રરત્ન બાહુબળજી ઉપર છોડે છે. શું કરવા ? બાહુબળનું ગળું જ છેદી નાખી પોતાની વડાઈ સ્થાપવા સારુ જ ને ?

**અહંત્વ શું કરાવે છે ? આંધળિયા જ.** ભરત હારીને પાછા જાય તો લોક કદાચ વાતો કરે 'જોયું ! ભાઈને દબાવવા ગયા હતા, તે હારીને પાછા આવવું પડ્યું !' બસ આ અપકીર્તિ મનમાં લાગે છે, પરંતુ એ નથી દેખાતું કે ચક્રથી ભાઈનું ગળું કાપી જીતી આવવામાં શું લોક વાત નહિ કરે કે 'જોયું ? ન્યાયના યુદ્ધમાં હાર્યા એટલે અન્યાયી લડાઈ લડી સગા ભાઈનું ગળું કાપી આવ્યા' ના, આ અપકીર્તિ નથી દેખાતી અને પેલી દેખાય છે; હારીને પાછા જવાની અપકીર્તિ તો થોડી છે, જ્યારે અન્યાયી યુદ્ધ અને સગા ભાઈનું ગળું રેંસી નાખવાની અપકીર્તી તો ભયંકર છે. પણ અહંત્વ એ જોવા નથી દેતું, આંધળિયા કરાવે છે.

**અહંત્વ એવી ખતરનાક ભૂલ છે કે એથી મિથ્યા કલ્પનામાં અને સરિયામ અનુચિત આચરવામાં રાચવાનું થાય.** એને ખરી ભયંકર વસ્તુસ્થિતિ દેખવાનું સૂઝે જ નહિ. પછી પાપાચરણથી શે બચે ? **જમાલિ** એમ જ ભૂલ્યો ને ? 'મને લાગે છે તે બરાબર; પ્રભુ કહે છે તે બરાબર નહિ,' એવી મિથ્યા કલ્પનામાં તણાયો. પછી પ્રભુ સામે બળવો ઉઠાવતાં અને જુદો ચોકો સ્થાપતાં અચકાયો નહિ. જમાલિ નિહ્નવ થયો.

ભરત પણ અહંત્વથી મિથ્યા કલ્પનામાં દોડી અન્યાયથી બાહુબળ પર ચક્ર છોડે છે. માણસને અનુચિત આચરણથી બચવું હોય પણ અહંત્વ છોડવું ન હોય, તો શી રીતે બચે ? ઝેર ખાવું છે અને મરવું નથી; અગ્નિને અડવું છે પણ દાઝવું નથી; પર્વત પરથી ખીણમાં પડતું મૂકવું છે અને અખંડિત રહેવું છે; આ બનવાજોગ વસ્તુ છે ?

**અભિમાન-અહંત્વ એ ઝેર છે, અગ્નિ છે, ખીણ છે.** એનું ભક્ષણ, સ્પર્શ કે એમાં પતન સ્વસ્થ સદ્વિચાર અને ઉચિત સદ્ આચરણને મારે બાળે, કે ખંડિત કરી નાખે છે. ઝેર મારે, અગ્નિ બાળે, પતન ચૂરા કરે.

**જમાલિને** 'મને લાગ્યું તે બરાબર,' એવા અભિમાને સર્વજ્ઞ તીર્થંકરના સિદ્ધાંત સામે મિથ્યા કલ્પનામાં દાટ્યો.

**મહાત્મા વાલી સામે રાવણના** અભિમાને રાવણને વાલી સહિત અષ્ટાપદજી ઊંચકી સમુદ્રમાં પટકી દેવાની ભયંકર ચેષ્ટાએ પહોંચાડ્યો.

**અહીં ભરત ચક્રવર્તી પાસે અહંત્વ ભાઈ પર અન્યાયથી ચક્ર છોડાવે છે.**

આ બધું સાંભળીને જાતના અહંત્વ-અભિમાન પર નફરત છૂટે છે ?

શું મનને થાય ખરું કે અરે ! અહંત્વ આવું ગોઝારું છે ? એ મિથ્યા કલ્પનામાં રમાડી ભયંકર અનુચિત આચરાવે છે ? તો અરે અહંત્વનું શું કામ છે ? આવું થાય ખરું ?

**અભિમાનીની ગુરુ-અવગણના :**

જોવા જેવું તો એ છે કે અહંત્વ-આપમતિ કોની સામે ? જ્ઞાનીઓના પણ અટલ સિદ્ધાન્ત કે કલ્યાણ ઉપદેશ સામે ? 'મને લાગે છે તે બરાબર, મહારાજ ઉપદેશે છે તે બરાબર નહિ. મહારાજે તો ઘરબાર છોડ્યા, એટલે એ તો બડી બડી વાતો કરે, પણ આપણે રહ્યા ઘરબારી, તે એ શે પાલવે ? મહારાજને તો ચોથા આરાની વાતો કરવી છે. એમને ક્યાં ખબર છે કે આ તો પાંચમો આરો ચાલે છે ? આજના અમારા શરીર-સંઘયણ કેવા ? ઉપાધિઓ કેટલી ? મોંઘવારી કેવી ? મહારાજને આની શી ખબર ? લો વાત કરવી છે, 'ભગવાનની પૂજામાં ઘરની અગરબત્તી-દૂધ-ફૂલ-વરખ-અંગલૂંછણા લઈ જાઓ. પાંચ તિથિ આંબેલ કરો, લૂખું ખાઓ, મંદિર ઉપાશ્રય વગેરે ક્ષેત્રોમાં દાન કરો, શ્રાવકનાં વ્રત લો, બે વાર પ્રતિક્રમણ કરો, સામાયિક-પોષધ કરો."

આવું મનમાં આવે કે નહિ ? એ કોણ લાવે છે ? અહંત્વ, 'મને લાગે છે તે બરાબર મહારાજ કહે છે એ બરાબર નહિ.'

ખૂબી તો એ છે કે મહારાજ જે દેવાનું કહે છે, તપનું કહે છે, ત્યાગનું કહે છે, એ પોતાને ધર્મની વાતમાં બરાબર નથી લાગતું; બાકી સંસારની બાબતમાં તો પાછું બરાબર લાગે છે ! સંસારના વ્યવહાર અંગે તો દેવું જોઈએ. કમાણીનો વેપાર ચાલતો હોય ત્યાં તો ભૂખ્યા પણ રહેવાય, ઊઠીને મસાણે જવું પડ્યું તો આવીને દસ વાગે પણ દાતણભેગા થવાય. નજીકનું સગું મરી ગયું હોય તો લુખ્ખું પણ ખવાય; ખાવું જ જોઈએ. માત્ર, ધર્મની વાત આવે, આત્મકલ્યાણ કરવાની વાત આવે, ત્યાં જ અહંત્વ રાખીને કહેવાનું કે 'અમને આ બરાબર નથી લાગતું.'

**અહંત્વ વિનાની સદ્‌વિચારણા :**

જો અહંત્વ ન હોય તો તો મનને થાય કે 'મહારાજ ક્યાં ઘરનું કહે છે તે આપણને બરાબર ન લાગે ? એ તો ભગવાનનું કહેલું કહે છે. ભગવાને પણ એજ આચર્યું છે, ભવ્ય જીવો પાસે આચરાવ્યું છે, અને આજે પણ એ આચરનારા છે. એ દાન આચરનારા કાંઈ દેવાળું નથી કાઢતા, ખાલીખમ નથી થઈ જતા. વ્રત-તપ કરનારા કાંઈ દૂબળા નથી પડી જતા, કે મરી નથી જતા. તો પછી મને કેમ એ દાન-શીલ-તપ-ત્યાગ બરાબર કરવા જેવા નથી લાગતા ? અહંત્વને લીધે જ



મિથ્યા કલ્પનામાં તણાવાનું બને છે, જ્ઞાનીઓના ઉપદેશ અસંગત લાગે છે, સ્વાત્મહિતની બેપરવાહી રહે છે. માટે અહંત્વ છોડું, ને જ્ઞાનીનું શરણું પકડું.'

## "દિવ્ય-દર્શન" - **"પ્રવચન મહોદધિ"** વર્ષ-૧૫,અંક-૩૯,તા.૧૦-૬-૧૯૬૭

અહંત્વ બાજુએ મૂકો ને, મનને એટલું લગાડી દો ને, કે મને લાગે છે તે વાહિયાત છે, જ્ઞાની કહે છે તે જ બરાબર છે, મહારાજ કહે છે, વડીલો કહે છે, અનુભવીઓ કહે છે તે બરાબર છે; આવું હૈયે ઠસાવી જચાવી દો, પછી જુઓ જીવનમાં કેવું સુંદર પરિવર્તન આવે છે, કેવું જોમ જાગે છે, દૃષ્ટિ કેટલી બધી સાફ નિર્મળ બને છે !

**જો અહંત્વના માર્યા મરવું છે, તો ખુદ વિચરતા તીર્થંકર ભગવાન પણ બચાવી શકશે નહિ, રુડો માનવ જનમ પણ બરબાદ જશે, ખતરનાક નીવડશે !**

ભરતચક્રી પોતાના અહંત્વમાં તણાયો બાહુબળજી પર અન્યાયથી ચક્ર છોડે છે. પરંતુ તેથી શું ? માણસનું બધું ધાર્યું થોડું જ પાર પડે છે ? બાહુબળજી એકગોત્રિયા છે, અને એકગોત્રિયા પર ચક્ર ચાલે નહિ તેથી ચક્ર તો બાહુબળને માત્ર પ્રદક્ષિણા દઈ પાછું વળીને ભરતની પાસે આવી ઊભું.

**પ્ર.- શું ભરતને ખબર નહોતી કે ચક્ર એકગોત્રિયા ઉપર ન ચાલે ?**

ઉ.- આમાં બે વાત છે, (૧) કદાચ ન ય ખબર હોય; અગર, (૨) ખબર હોય તો ય ક્રોધના આવેશમાં બાહુબળને ઠોકી પાડવા તરફ જ ધ્યાન હોઈ એ તરફ ધ્યાન ન ગયું હોય. બંને પરિસ્થિતિ તત્ત્વસૂચન કરે છે.

ભરતને એકગોત્રિયા પર ચક્ર ન ચાલવાની જો ખબર હતી, તો ય ક્રોધ-અભિમાનના આવેશે એ ક્ષણભર ભૂલાવી દીધું. આ સૂચવે છે કે આમે ય ગુસ્સો અને અભિમાન ભૂંડાં છે, છતાં એનો આંધળો આવેશ તો બહુજ ભૂંડો. એવા આવેશથી બચવા એટલું જ વિચારો કે 'આત્માના હિતનો વિચાર અહીં નહિ કરું તો ક્યાં કરીશ ? આવેશના સંસ્કાર એવા ભયંકર અનુબંધવાળા હોય છે કે એ અનેક જન્મોના જન્મો સુધી જીવને મહા પાપિષ્ઠ રાખ્યા કરે.'

અગર કહો ભરતને જો ખબર નહોતી કે એકગોત્રિયા પર ચક્ર ચાલે નહિ, તો એ સૂચવે છે કે બહુ વૈભવમાં મહાલવાપણું કેટલીય વસ્તુસ્થિતિ નથી જાણવા દેતું. શાલિભદ્રને ક્યાં ખબર હતી કે 'ઘરે આવેલા શ્રેણિક એ કોઈ કરિયાણું નહિ, પણ મગધ દેશના સમ્રાટ રાજા છે ?' એ તો જાણે કે શ્રેણિક એટલે એક જાતનું

કરિયાણું, તે માતાને કહે છે કે 'એમાં મને કહેવાની શી જરૂર છે ? એ તો તમે વહેવાર કરો છો એટલે મોલી-જોખાવીને નખાવી દો વખારમાં.' વૈભવમાં મહાલતાં, 'શ્રેણિક એક રાજા છે' એ વસ્તુસ્થિતિની ખબર નથી એમ અહીં ભરતને પણ ખબર ન હોય એમ બને.

**વિપુલ ભોગસંપત્તિઓમાં મહાલવાનું મળે એ કેટલુંય નથી જાણવા દેતું.** હા, સંપત્તિ છતાં એમાં મગ્નતા ન હોય તો આજુબાજુની કેટલીય વસ્તુસ્થિતિની સૂઝ પડતી જાય. પણ મગ્નતા હોય તો પછી બીજી ફુરસદ જ ક્યાં છે ? ચોવીસે કલાક એનું જ ધ્યાન અને એનું જ તાન, એટલે જ આ વિચારવા જેવું છે કે,

**સંપત્તિ અને રંગ-રાગ-ભોગમાં મગ્ન રહેવું એ વાજબી છે ?**

ના, કેમકે એક નુકસાની તો આ, કે કેટલીય વસ્તુસ્થિતિના અજાણ રાખશે; અને તેથી અવસરોચિત કર્તવ્ય ભૂલાવશે. ખબર જ ન હોય એ એમાં કર્તવ્ય શી રીતે બજાવવાનો હતો ? જુઓ છો ને કેટલાય શ્રીમંતોને ક્યાં ખબર છે કે આજના મધ્યમ વર્ગની કેવી કપરી સ્થિતિ છે ? કેટકેટલી મુશ્કેલીઓ છે ? ખબર જ ન હોય પછી એ મુશીબતો ટાળવા માટે અવસરોચિત કરી લેવાનું કર્તવ્ય શાના બજાવે ? કર્તવ્ય કોણ ભૂલાવે છે ? અજ્ઞાન. અજ્ઞાન કેમ છે ? વૈભવ વિલાસમાં મગ્નતા છે માટે. કાં તો ધન-સંપત્તિ-વૈભવ કમાવવા ને સાચવી રાખવાની જ રાતદિવસ એકમાત્ર તમન્ના છે, અગર એના ભોગવટામાં જ દટાયા રહેવું છે, પછી બીજીત્રીજી વસ્તુસ્થિતિ જાણવા કરવાની નવરાશ જ ક્યાં રહે ?

"દિવ્ય-દર્શન" - **"પ્રવચન મહોદધિ"** વર્ષ-૧૫,અંક-૪૦,તા.૧૭-૬-૧૯૬૭

**બોલો, જૈનધર્મનું કેટલું જાણો છો ?**

વિશ્વમાં અજોડ જૈનધર્મ મળ્યો, છતાં એનાં તત્ત્વ અને કર્તવ્યમાર્ગ-આત્મહિતકારી માર્ગ જાણવા-ભણવાનું કેમ કરતા નથી ? અરે ! એની કેટલીય સામાન્ય બાબતો પણ જાણવા તરફ કેમ મન જ જતું નથી ? કારણ આ, કે પૈસા કમાવવા સાચવવા અને ભોગવવામાં એટલી બધી લયલીનતા છે કે પેલા માટે સમય જ નથી યા પડી જ નથી, પરવા જ નથી.

**ખોળિયું માનવનું પણ હૃદય પશુનું :**

**પ્ર.**- જીવનમાં એ જરૂરી જ ન લાગે, પછી એની પરવા ક્યાંથી આવે ?

**ઉ.**- આ વાત મજેની કીધી; જીવન પશુનું જ જીવવામાં સંતોષ હોય, પછી શું કામ તત્ત્વજ્ઞાન અને કર્તવ્યબોધને જરૂરી માને ? પશુને જીવનમાં શી લગની હોય છે ? એકજ, ખાવાનું ભોગવવાનું ક્યાંથી મેળવવું, અને એ કેમ ઊડાવવું. માનવ જેવો માનવ થયા પછી પણ એને ય આ જ લગન આ જ લેશ્યા, અને આની જ લાલસા રહ્યા કરે એ, એના ખોળિયાની વિશેષતા બાજુએ રાખો અને બાકી જુઓ તો દેખાય કે, પશુહૃદયના જ ખેલ છે. ખોળિયું માનવનું, પણ જીવન પશુનું જીવન જીવી રહ્યો છે.

કહે છે,- 'તત્ત્વ બહુ જાણ્યું એથી શો વિશેષ ? થોડું જ હવે ખાવા-પીવા કે, સંસારના વ્યવહારમાં કામ લાગે છે ?'

**તત્ત્વજ્ઞાનથી શો લાભ ? :**

પણ એને ખબર નથી કે ખાવું-પીવું અને સાંસારિક વ્યવહાર બજાવા એમાં જો તત્ત્વ બોધ નહિ હોય તો (૧) શાંતિ-વિવેક-વિચાર નહિ રહે, અને (૨) વધુ પડતા પાપથી બચવાનું નહિ થાય. (૩) ખોટા વિકલ્પ અને આર્ત-રૌદ્ર ધ્યાનથી બચાય એ માટે તત્ત્વબોધની તો ખાસ જરૂર છે. (૪) વિશેષ વિશેષ તત્ત્વનો બોધ મળતો જાય તેમ તેમ વિવેક વધવાથી ખોટા આંધળિયાં કરતા અટકી જવાય; આંધળિયાં કોણ કરાવે છે ? વિવેકની ખામી. જોવું નથી કે આ જે કરવાનું સાહસ કરું છું એ કરવામાં કેટલો લાભ અને કદાચ સફળ ન થાઉં તો કેટલું નુકસાન ? જો લાભના ટકા કરતાં નુકસાનના ટકા બહુ વધારે હોય તો બહેતર છે કે લાભની ઈચ્છા જતી કરવી, આંધળિયાં ન કરવા અને મોટા નુકસાનથી બચી જવું.

કોઈની પાસે રૂપિયા માત્ર બસો માગતા હો, યા એ તમારી જમીન થોડી ન દબાવે એ ઈચ્છતા હો, પણ એ રૂપિયા ન દેતો હોય કે જમીનનો થોડો ભાગ દબાવતો હોય, તો ખટ્ટ કરતાંક એની સાથે રગડો માંડો, ને કોર્ટે જવાના આંધળિયા કરો એમાં આ વિચારવાનું કે 'એ ઝગડો ને કોર્ટ લાભ કેટલો કરાવી આપે ? અને કદાચ નુકસાન થાય તો કેટલું થાય ?'

ત્યાં જો એમ દેખાય કે (૧) ઝગડો કરવામાં કદાચ માથાં ફૂટે અથવા હંમેશનો શત્રુ ઊભો થાય, તેમ, (૨) કોરટે ચડવામાં કેસ લાંબો ચાલે એમાં પૈસા લખલૂટ ખરચાય; વળી (૩) સામાના વકીલની આંટીઘુંટીનો પ્રશ્નો સામે જુઠાણાંય બોલવાં પડે, તો એ બધું નુકસાન મોટું. તો તો બહેતર છે કે એનાથી બચવા ઝગડા કે કોરટના આંધળિયાં ન કરવાં. અહીં તમે પૂછશો,

**ભૌતિક હક અને આધ્યાત્મિક હક :**

**પ્ર.**- શું એમ બધું જતું કરવું ? ડાંડને મહાલવા દેવો ?

ઉ.- અહીં વિચારવા જેવું છે કે,

**ઉત્તમ મનુષ્યજીવન જીવવામાં જેમ આપણા હકને ધક્કો ન લાગે એ એક જરૂરી બાબત ગણીએ છીએ તેમ હક જતો કરવાની ઉદારતા દાખવવી એ પણ કોઈ જરૂરી બાબત છે ખરી ?**

ના, 'અમારે એવી ઉદારતા-બુદારતા જોઈતી નથી' એમ જો કહેશો તો આર્ય માનવ તરીકે જન્મીને કોઈ વિશેષતા પામવાની રહી ખરી ? જડ વસ્તુના હક બધા બરાબર જાળવવા-બજાવવાનું કામ તો અનાર્ય મ્લેચ્છ પણ કરે છે. અરે પશુ પણ કરે છે. જંગલી જનાવર વાઘ-વરૂ પણ પોતાના ભૌતિક બળનો હક બજાવે છે. તમે ય તમારા પુણ્યબળનો હક બજાવવા નીકળી પડ્યા ત્યાં પેલા કરતાં જીવન-વિશેષતા શી રાખી ? આર્ય માવન થઈને આમાં જ રાચ્યા-માચ્યા રહેવાનું ?

**વિચાર તો એ કરો કે 'શું મારો કોઈ આધ્યાત્મિક હક પહોંચે કે નહિ ? શું એ બજાવવાની જરૂર છે કે નહિ ?'** આધ્યાત્મિક હક આ છે કે તમે ઉદારતા બતાવી શકો. અનાર્યને કે જનાવરને આ વિવેક નથી એટલે ઉદારતા શી બજાવી શકે ? આપણે તો માનવું જોઈએ કે ઉદારતા એ અમારો જન્મસિદ્ધ હક છે, ક્ષમા અમારો ખાસ હક છે, ત્યાગ વૈરાગ્ય અમારો શાસનસિદ્ધ હક છે.

ભૌતિક માલિકી-ભોગવટાના હકની અંતે કશી કિંમત નથી. એ બજાવ્યા પર સુખશાંતિ અને પરલોકે સદ્‌ગતિ નથી મળતી.

**ભૌતિક હક ભોગવતાં ભયંકરતા :**

ત્રિપૃષ્ઠ વાસુદેવ એવા હક બજાવવામાં ઉન્માદમાં જીવ્યો અને મરીને સાતમી નરકે ગયો. ૩૩ સાગરોપમની કારમી વેદના ભોગવ્યા પછી પણ ત્યાંથી નીકળી સિંહ થયો તે પેલા હક બજાવવાના સંસ્કાર સાથે જ છે એટલે હરણિયા વગેરે પશુ પર હક બજાવી એને મારીને ખાઈ જવાનું કર્યું અને મરીને પાછો ચોથી નરકે ગયો ! આટઆટલાં દુઃખ વેઠવા છતાં ખોટી હકના કુસંસ્કાર ક્યાં છોડે એમ છે ? તેથી ચોથી નરકેથી નીકળી દીર્ઘકાળ સંસારમાં ભટક્યો ! પાપાચરણ અને દુઃખભર્યા જીવનો પાર વિનાના થયાં !

ત્રિપૃષ્ઠ વાસુદેવને આ બધું શાના ઉપર ? પુણ્યાઈ મળી હતી, વૈભવના ઢેર અને સત્તા મળ્યા હતા, એમાં મહાલવા પર એણે આત્મહિત તરફ ન જોયું, એના માર્ગ ન જોયા, સત્તા-વૈભવ-વિલાસમાં મહાલ્યો, મહાલવાના આંધળિયા કર્યા, ભૌતિક હક બજાવ્યા, આધ્યાત્મિક હકનો ન વિચાર, કે ન એની બજવણી કરી.



'અલ્યા શય્યાપાલક ! તું મારી આજ્ઞાનો ભંગ કરે છે ? મારી આજ્ઞાના શ્રવણ કરતાં સંગીતના શ્રવણને વધુ પ્રિય કરી મહત્ત્વ આપે છે ? લે એ શ્રવણ રસિયા તારા કાનને મારી સત્તાધીશતાના હકથી ગુનાની સજા દેખાડું છું.' એમ કરી ત્રિપૃષ્ઠે શય્યાપાલકના કાનમાં ધગધગતું સીસું રેડાવ્યું. ભૌતિક હક બજાવ્યો એના પર અસંખ્ય કાળના ભયંકર નરક-દુઃખો વેઠવા પડ્યા ! ઉપરાંત સિંહ જેવો અવતાર પામી પાપી પાશવી ભૌતિક હક બજાવવાનાં ઘોર પાપ કર્યાં !

ત્રિપૃષ્ઠના ભવમાં આધ્યાત્મિક હક જોયો-જાણ્યો નહિ કે 'અલ્યા શય્યાપાલક ! હું ત્રણ ખંડનો માલિક તું મારો એક મામૂલી નોકર, તું મારી આજ્ઞા કરતાં સંગીતશ્રવણને વધુ પ્રિય કરી આજ્ઞાનો ભંગ કરે છે ? એના પર તને સજા કરવાનો મારો ભૌતિક હક છે, પરંતુ તે કરતાં તને ક્ષમા કરવાની ઉદારતા દાખવવાનો મારો આધ્યાત્મિક હક જ ખરો કિંમતી છે, બજાવવા યોગ્ય છે.' આ જોયું નહિ, પછી એ હક બજાવવાનું કરી એને જતો કરવાનું શાનો કરે ?

**પ્ર.**- પણ એમ ગુનેગારને જતો કરે, તો તો પછી એ અને બીજાઓ ડાંડ જ થઈ જાય ને ? ગુના બહુ વધી જાય કે નહિ ?

ઉ.- એ જેમ વસ્તુની એક સાઈડ તમે જુઓ છો, તેમ બીજી સાઈડ જોશો ? ક્ષમા-ઉદારતા કરવાનો આધ્યાત્મિક હક બજાવવાનું એક સામાન્ય પ્રસંગમાં પણ જતું કર્યું, તો પછી બીજા નાના મોટા પ્રસંગોમાં એ આધ્યાત્મિક હક બજાવવાનું વિસરાઈ જ જાય ને ? બીજા અનેક પ્રસંગોમાં ભૌતિક હક યાને પાશવી હક બજાવવાનો ચડસજ લાગે ને ? એ બધાનું પોતાના આત્મા માટે ભાવી દીર્ઘકાળ માટે શું પરિણામ ? તેમ એ સજા પામી તીવ્ર કષાયમાં અને વૈરભાવમાં ચડેલા એ જીવોનું આગળ દુર્ગતિઓમાં કેવું ભયંકર પરિણામ ? શું આ બંને પરિણામો વધુ ભયાનક ? કે ભૌતિક પાશવી હક ન બજાવતાં આધ્યાત્મિક દિવ્ય હક બજાવે એમાં કદાચ માની લીધેલ ડાંડ માણસો ગુનો કરે એ વધુ ભયાનક ?

**બે પ્રકારની પુણ્યાઈ :**

ઠરીને બેસી સ્વસ્થ દિલે વિચારવાની જરૂર છે કે પુણ્યાઈ તો બંને મળી છે, ભૌતિક હક બજાવવાની, તેમજ આધ્યાત્મિક હક બજાવવા અંગેની. કદાચ ભૌતિક હકની સામગ્રી તો પરિમિત, ઓછી અને તે પણ મામૂલી મળી હશે; જ્યારે આધ્યાત્મિક હક બજાવવા માટેની તો ભરપૂર સામગ્રી મળી છે. એ આધ્યાત્મિક હક તો એટલો બધો મહાન છે કે એની આગળ ભૌતિક હક તો કશી વિસાતમાં નથી. જુઓ,

**તમારો ભૌતિક હક કેટલો ?**

તમે કોઈ મોટા ચમરબંધી રાજા નથી, કે તેવા બળવાન યા મોટા લાગવગિયા નથી; એટલે તમારો ભૌતિક હક કેટલો ? કુટુંબમાં, ચાર પાડોશીમાં, કે બહાર ચાર માણસોમાં કોઈ તમારો ગુનો કરે, તો એને ક્રોધથી ધમધમાવી નાખો, કદાચ તમાચ ખેંચી કાઢો, એટલો જ ભૌતિક હકને ? એમાં ય તે, પાછું સામો બેવડું ય જોખે ! એટલે એ હક કેટલો કિંમતી રહ્યો ? ત્યારે,

**તમારી પાસે રહેલ આધ્યાત્મિક હકનું માપ વિચારો** કે કેટલો બધો ઊંચો મળ્યો છે ? તમારી પાસે ત્યાં ક્ષમા અને સહિષ્ણુતા રાખવાનો આધ્યાત્મિક હક છે. તમે વિચારી શકો છો કે,

**આધ્યાત્મિક હકની વિચારણા :**

સામાથી થયેલી ભૂલ સુધારવાનું મારા હાથમાં નથી. સામા પર ક્રોધ કરીને એનો મારા પર સદ્ભાવ ટકાવી રાખવાનું મારે આધીન નથી. પરંતુ સામાની ઉપર ક્ષમા વરસાવવાનું તેમજ મને થયેલ નુકસાન સહર્ષ સહી લેવાનું મારા હાથમાં છે. મારે જો ક્રોધ નથી કરવો તો મને કોણ ક્રોધ કરાવી શકે એમ છે ? મારે જો ક્ષમા રાખવી છે તો કોણ મને અટકાવનાર છે ? ક્ષમા રાખવી એ મારી મરજીની વાત છે, મારા કબજાની વસ્તુ છે, મારો એ હક હું ભોગવી શકું છું, અને એથી મને અપરંપાર લાભ છે. નુકસાન કે પ્રતિકૂળતા સ્વેચ્છાએ સહી લેવામાં મારું સત્ત્વ વધે છે. એથી ઊલટું એનો સામનો કરવામાં કે ધમપછાડા કરવામાં મારું મહામૂલું સત્ત્વ હણાય છે. સહિષ્ણુતા, ક્ષમા, અને સત્ત્વ કેળવવાની તક જાય છે. આવી તકો જતી કરું તો તો હું આગળ વધી રહ્યો ! ઊલટું તામસી સ્વભાવ ને બળતરો સ્વભાવ ગાઢ થતો જવાથી કેટલો ય નીચો ઊતરી જાઉં. પછી પાછલી વયમાં શક્તિઓ ક્ષીણ થઈ ગઈ હોય અને અસહિષ્ણુતા-બળતરા ભારે સતાવ્યા કરે એ કેવી દુર્દશા ? ત્યારે, પરલોકમાં તો એના જ સંસ્કાર લઈ ચાલવાનું; એટલે એ ત્યાં ફાલેફૂલે એમાં જીવ કેટલો બધો પાપિષ્ઠ બને ? અને અહીંનાં એ ઊંધા વેતરણનાં બાંધેલા ઘોર અશુભ કર્મોના કટુ વિપાક મને કેવો રેંસી નાખે ? કેટલા ત્રાસ તિરસ્કાર અને દારુણ વેદનાઓ આપે ? શા સારુ મારો ક્ષમા-સહિષ્ણુતાનો ભવ્ય આધ્યાત્મિક હક છોડી ક્રોધ અને સામનાનો ભૌતિક હક ભોગવવા જાઉં ?

આધ્યાત્મિક હકની આ વિચારણા જો વારંવાર કરવામાં આવે, વારે વારે એની ભાવના મનમાં લાવવામાં આવે, તો તેવો પ્રસંગ ઉપસ્થિત થતાં તુચ્છ અને ખતરનાક ભૌતિક હક જતા કરી આધ્યાત્મિક હક ભોગવી લેવાનો ઝટ ઉમળકો ઊભો થાય.



**અરિહંતની ઓળખ કેમ થાય ?**

અજ્ઞાન દુનિયાની દૃષ્ટિએ જોતા નહિ હો. નહિતર માનવતાના Essence અર્ક ખેંચવાનું નહિ બને; અનંતકાળે પ્રાપ્ત થયેલ તક વેડફાઈ જશે; તીર્થંકર ભગવાનનાં મહાશાસનની પ્રાપ્તિ એળે જશે, મહાવીર પરમાત્માની જીવનપદ્ધતિનાં મૂલ્ય નહિ સમજાય, કદર નહિ થાય.

**અરિહંતદેવને ઓળખવા હોય તો હલકટ ભૌતિક હક ભોગવવામાં પાશવીપણું અને ઊંચા આધ્યાત્મિક હક ભોગવવામાં માનવતા-દિવ્યતા માનવી જોઈશે.** જેને ભૌતિક હક બજાવવામાં જ વડાઈ માનવી છે, એ અરિહંત ભગવાનને ઓળખી શકતો નથી. ભગવાનની ઓળખ એટલે શું ? શું એ કે 'એમણે આવું કર્યું, આવું કર્યું, આવું કર્યું, એય બરાબર, ને હું એથી તદ્દન ઊંધું આમ કરું, આમ કરું, આમ કરું, એ પણ બરાબર ? સંતની ઓળખ શી ? શું એ સંતપણું બજાવે એય બરાબર, ને હું શેતાનપણું બજાવું એ પણ બરાબર ? શું આ સંતપણાની ઓળખ છે ? ના, સંતપણું સાચું જાણ્યું એનું નામ કે શેતાનપણું ભૂંડું લાગે. આરોગ્યનું મહત્ત્વ જાણ્યું એનું નામ કે રોગીપણું ખટકે, સારું ને વહાલું ન લાગે. એમ અરિહંતદેવ જે આધ્યાત્મિક હકના જ ભોગવટા ઉપર અરિહંત બન્યા છે અને જગતને પણ એનો જ ઉપદેશ આપે છે, એ હકને જ મહત્ત્વ ન આપી એથી ઊલટા ભૌતિક હકને ભોગવવાનું બરાબર ન ગણે, સારું ને વહાલું ન લગાડે, એનું નામ અરિહંતપણાને અને અરિહંતને જાણ્યા-સમજ્યા ગણાય.

**ભગવાનને ઓળખવા એટલે ભગવાનની રીતરસમ ઓળખવી અને એ જ સારભૂત માનવી, તેમજ એથી ઊલટી રીતરસમને નિસ્સાર તુચ્છ અને ખતરનાક લેખવી.** દીકરો બાપના ખાનદાન કુળની રીતરસમથી તદ્દન ઊલટો જ વર્તે અને ઉપરથી માને કે હું વર્તું છું એ ખાનદાની છે, એણે બાપને અને એમના ખાનદાન કુળને શી રીતે ઓળખ્યા ગણાય ?

**એમ ભૌતિક હક ભોગવવામાં વડાઈ-શાબાશી માનનારે ભગવાનને ક્યાંથી ઓળખ્યા કહેવાય ?** હજી ય એ હક ભોગવવાનું ન છૂટે એમ બને, પરંતુ કમમાં કમ એમાં નાલેશી તો માનવી જ જોઈએ ને ? શાબાશી વડાઈ વાજબિતા કેમ મનાય ?

ભરત ચક્રવર્તીએ આદીશ્વર ભગવાનને ઓળખ્યા હતા, તેથી મોટી છ ખંડની ઠકુરાઈ ભોગવવામાં શાબાશી નહોતા માનતા નાલેશી સમજતા, એટલે જ રોજ સાધર્મિકો પાસે 'મા હન, મા હન' અર્થાત્ 'આ ભૌતિક ઘાતક સંપત્તિના

રાગમાં તમારા આત્માને હણો નહિ, હણો નહિ,' એનો આધ્યાત્મિક હક પોતાને યાદ કરાવતા. **આધ્યાત્મિક હક એ રાગને હણી આત્માને અમર બનાવવાનો હતો.**

'તો પછી ભાઈ બાહુબલ ઉપર કેમ ચક્ર મૂક્યું ? કેમ હાર કબૂલી નહિ ?' એમ પૂછતા નહિ.

કેમકે ક્રોધનો આવેશ ભૂંડો છે, માનહાનીની લાગણીનો આવેશ ખતરનાક છે; ક્ષણભર માણસને ભૂલાવામાં પાડી દે. છતાં અંતરના ઊંડાણમાં એ હકની બજવણી નાલેશીભરી છે એમ સમજતા હશે ત્યારે જ ત્યાં બાહુબળજી ચારિત્ર અપનાવી લેતાં જાતની અધમતા સમજી રોતાં રોતાં ખમાવે છે. સહેલું કામ છે આ ? ત્યાં તો જો ભૌતિક હક ઉપર જ મદાર હોય, તો તો કહેવાની ધૃષ્ટતા થાય કે 'બાહુબલ કેવો અટકી ગયો ? આવે ને મારી સામે, જોઉં તો ખરો કે શું કરી શકે છે ?' પણ ના, ભરત તો ક્ષમાના અને ત્યાગના આધ્યાત્મિક હકનું ઊંચું મૂલ્ય આંકતા હતા, તેથી બાહુબલજીની એ હકની બજવણી જોતાં એમના પગમાં પડી ગયા, અને ક્ષમા માગે છે, જાતની અધમતા અને બાહુબળની ઉત્તમતા દેખે છે.

ભરતચક્રીએ જાતની અધમતા એ જોઈ છે કે પોતે અન્યાયી રીતે ભાઈનું ગળું છેદી નાખવા ચક્ર છોડ્યું પરંતુ એકગોત્રિયા પર ચક્ર ચાલે નહિ એ હિસાબે ચક્ર એમજ પાછું આવ્યું. ત્યારે બાહુબલની ઉત્તમતા એ કે ભરતના આ અન્યાયી વર્તાવ પર ગુસ્સે થઈને દોડતા આવી ભાઈને મારવા ઉપાડેલી મૂઠીથી પોતાના જ કેશનો લોચ કરી નાખ્યો. અલબત્ત ભરતે તો પોતાના સ્વમાન અને ચક્રવર્તીપણાના લોભના અંધાપામાં ચક્ર છોડેલું; ત્યારે આ બાહુબલ તો એના અન્યાયની શિક્ષા કરવા માટે મૂઠી ઉપાડી દોડેલા; છતાં એમાં પણ એમને અધવચ્ચે લાગ્યું કે,

'અરે ! એક જમીનના ટૂકડાના ભૌતિક હક અબાધિત રાખવા શું હું મોટાભાઈનો ઘાત કરું ?

શું હું પિતા ઋષભદેવના કુળને કલંક લગાડું કે જે કુળમાં પિતાએ આખો સંસાર ત્યજ્યો, એના નાના દીકરાએ એક નાના રાજ્ય ખાતર પોતાના ભૌતિક પાશવી બળથી મોટાભાઈને હણી નાખ્યો ? છટ, છટ, એવું ન કરું.

તો ઊગામેલી મૂઠીનું શું થાય ? એ જ થાય કે એ મૂઠીથી કેશનો લોચ કરી સંસારત્યાગ કરવાનો મારો આધ્યાત્મિક હક બજાવું.'

બસ એ વિચારનો તરત અમલ કરી ત્યાં જ સાધુ બન્યા.

કહો જો, બાહુબલે કેટલો સુંદર ઉપયોગ આધ્યાત્મિક હકનો કર્યો ? ઉપાડેલી મૂઠીથી ભાઈને મહાત કરવાનો ભૌતિક હક જતો કર્યો, ને ચારિત્ર માટે પોતાના



કેશનો લોચ કરવાનો આધ્યાત્મિક હક બજાવ્યો ! બંને વસ્તુ કરી શકવાનું સામે પડ્યું હતું; પરંતુ ભૌતિક હક બજાવવામાં મોટાભાઈની હત્યાનું ઘોર અપકૃત્ય, તીર્થંકર પિતાના કુળને મહા કલંક, અને પોતાના બળના પાશવી ઉપયોગથી દીર્ઘ દુર્ગતિદાયી પાપનાં ભારે આંધણ ચડવાનું દેખ્યું, કમ્મે સૂરા તે ધમ્મે સૂરા બની ગયા.

**ગુલામીની અનાદિ લત :**

વિષયગૃદ્ધ, લક્ષ્મીલંપટ, અને કુટુંબમૂઢ કાયર માણસ આ ન કરી શકે. અરે ! એ આનાં ગૌરવ સમજી પણ ન શકે. એને તો વિષય, લક્ષ્મી, અને કુટુંબમાં મહાલવાના મળેલા ભૌતિક હક ભોગવતા રહેવામાં એ બધાની ગુલામી જ ખપે. જિંદગીના છેડા સુધી એ ગુલામીમાં સબડતા રહ્યાનું એને કોઈ દુ:ખ નહિ. એ તો સમજે છે કે 'આપણા પુણ્ય અને પુરુષાર્થથી આ મળ્યું છે, તો એમાં મહાલવાનો હક ભોગવ્યે રાખવો.' અનંતકાળ અનંતીવાર આવા હક ભોગવ્યા ને ખુવાર થયા એનું એને ભાન જ ન મળે; તે હજીય અનાદિ ગુલામીની એજ લત ને એજ લપ !

**જીવને ચીમકી :**

એને કોણ સમજાવે કે 'અલ્યા ! એવા હક તો મોટા દેવતાઓ ને નાના ક્ષુદ્ર કીડા-કીડીનેય મળ્યા છે પરંતુ એને એ વિષયો-લક્ષ્મી-પરિવારનો સર્વત્યાગ કરવાનો આધ્યાત્મિક હક ક્યાં મળ્યો છે ? એવો હક તો તારી પાસે જ છે, તું અહીં માનવ તરીકે જીવે છે ત્યાં સુધી જ છે, પછી મામલો ખત્મ ! તો ચેત, ચેત, મરતાં પહેલાં આ હકની બજવણી કરી લે. આયુષ્ય ખૂટ્યે બળાત્કારે એ બધું છોડવું પડે, ને ડિસમિસ થાય, એના કરતાં જીવતા જીવે એને રાજીનામું દઈ દે. એનો ત્યાગ કર, અને ત્યાગ, અહિંસા, ક્ષમા, શાસ્ત્ર-સ્વાધ્યાયાદિના મળેલા આધ્યાત્મિક હક ભોગવી લે, ભોગવી લે. એ કર્યું જ ખરું લેખે લાગશે. ભૌતિકમાં તો અંતે બંધું અહીંનું અહીં. ત્યારે આધ્યાત્મિક હક ભોગવ્યાથી એ ત્યાગ, વૈરાગ્ય અને અહિંસાદિના શુભ સંસ્કાર પરલોકમાં સાથે ચાલવાના.'

વિષયોમાં ગૃદ્ધ, લક્ષ્મીના લંપટ, કુટુંબપરિવારમાં મૂઢ અને કીર્તિ-સન્માનના લાલચુ જીવોને આ સમજવું નથી, એટલે એવો અવસર આવી લાગતાં પણ એમને ભૌતિક હકની મથામણ કરવા જોઈએ છે, જીવનના છેડે પણ એજ, તે એની જ ચિંતા, સંતાપ અને ભરભલામણમાં સબડે છે, પણ ત્યાંય આધ્યાત્મિક હક ભોગવી લેવાની કલ્પના નથી આવતી. મરતાં મરતાં ય 'હાય ! મારે આ શરીરમાંથી

જવાનું ? મારું ઘર, મારું કુટુંબ, મારી મિલકત...હેં આ બધાનું શું ?' આ ભૌતિક હકનું મમત્વ છૂટતું નથી ! નહિતર જો છેવટે ય અક્કલ આવે તો મનને છેવટે છેવટે ય આધ્યાત્મિક હકનું ભાન થતાં એમ થાય કે,

**અંતિમ સમયે પણ આધ્યાત્મિક હકની દૃષ્ટિ :**

'અરે ! હવે તો હું ચાલ્યો. દેહ, કુટુંબ, મિલકત વગેરેના લાખ વલોપાત કરીશ તો ય તે જવાના જ છે. તો હવે એના હક ભોગવવાની શી લત ? હજી પણ જ્યાંસુધી જીવતો છું ત્યાંસુધી એનાં મમત્વ ત્યજવાનો આધ્યાત્મિક હક મારા હાથમાં છે. એમ જીવનભર એની પાછળ કરેલા અઢાર પાપસ્થાનકો, યાને હિંસા જૂઠ વગેરે દુષ્કૃત્યો, ક્રોધાદિ કષાયો અને રાગદ્વેષ વગેરે દોષો, એ બધાની ગર્હા-સંતાપ-પશ્ચાત્તાપ કરવાનો અને આધ્યાત્મિક હક બજાવવાનું મારા હાથમાં છે. અરિહંતાદિ ચારનું શરણ અંગીકાર કરી એકમાત્ર પંચપરમેષ્ઠી નમસ્કારમંત્રમાં જ લીન બનવાનો ભવ્ય કલ્યાણકર આંતરિક હક ભોગવવો એ મારા હાથની વસ્તુ છે. આખા ય સંસારવાસને નિર્ગુણ-નિસ્સાર જોવાનો અને એથી ઊભગીને એનાથી મુક્ત થવાની દૃઢ તમન્ના સેવવાનો માનસિક હક મારા કબજામાં છે. એનાથી જ હવે પછીના ભાવી કાળમાં મને ઓથ છે, શરણ છે, સલામતી છે. ભૌતિક હકની વિનશ્વર આળપંપાળથી શું ?'

**ડહાપણ શેમાં :**

અંતકાળે પણ મનમાં જો આ બેસી જાય, મન જો એ આધ્યાત્મિક હકો બજાવવામાં લાગી જાય, તો ય જીવને કેટલોય બચાવ મળી જાય, અસાર જીવનમાંથી સાર હાથમાં આવી જાય, ને ચિત્ત ભારે સમાધિ-સ્વસ્થતા-પ્રસન્નતા અનુભવવા માંડે તો આ છોડીને નિષ્ફળ વલોપાત કરવાની શી જરૂર ? એમાં શું ડહાપણ ?

ડહાપણ તો એ જોઈએ કે માત્ર અંતકાળે જ નહિ, કિન્તુ જીવનભર આધ્યાત્મિક પરવાનાનો લાભ ઉઠાવાય; અને કદાચ એ ભૂલીને જીવન એળે ગુમાવ્યું, તો ય અંતકાળે તો અવશ્ય એ ડહાપણ આવી જ જવું જોઈએ. ભલે 'ભૌતિક-આધ્યાત્મિક હક'ના શબ્દથી વિચારવાનું ન આવડે, પરંતુ આધ્યાત્મિક હકની વસ્તુ હાથમાં લેવાય. જુઓ,

**ભિખારીને અંતકાળે ડહાપણ :**

**સંપ્રતિ રાજાનો જીવ** પૂર્વ ભવે ભિખારી, એણે જીવનભર તો કાંઈ સારું ન કર્યું, અરે જીવનનો છેલ્લો દિવસ પણ લગભગ ગુમાવ્યો, કિન્તુ અંતકાળે આધ્યાત્મિક હકની બજવણી પર ચડી ગયો તો ન્યાલ થઈ ગયો ! કેવી રીતે ? છેલ્લા દિવસે



પણ ભિખારી ભીખ માગતો હતો. દુકાળ જેવું હોઈ ભીખ મળી નહિ. ત્યાં મુનિને એક ઘરમાંથી સન્માનભેર ભિક્ષા લઈ નીકળતા જોયા અને મુનિને દયાળુ દેખ્યા, એટલે એમની પૂંઠે લાગી ગયો.

કરગરતો કહે છે, 'દયાળુ ! મને કાંઈક ખાવા આપો. ત્રણ દિવસનો ભૂખ્યો છું મને કોઈ દેતું નથી. તમે કરુણાવંત છો, મને થોડું દેશો તો ય તમને તો બીજું મળશે, પણ મને કોઈ દેનાર દેખાતું નથી. માટે મહેરબાની કરો, મને રાંકડાને ભૂખ્યાને થોડું દો.'

મુનિ કોમળતાથી એને કહે છે, 'જો ભાઈ ! અમને આ લોકો જે દે છે તે ચારિત્રપાલનના હિસાબે. એટલે એ ચારિત્ર વિનાનામાં જાય તો વિશ્વાસભંગ થાય, માટે મુનિ વિના બીજાને એ ન દેવાય'

પેલો કહે 'પણ મહારાજ ! તો મને ચારિત્ર આપો, મુનિ બનાવો પછી ખાવા દો'

સાધુ કહે છે, 'એ અમારા ગુરુમહારાજનું કામ છે; અમારું નહિ'

આ કહે, 'સારું, તો ચાલો હું આપના ગુરુ મહારાજ પાસે આવું.'

ભિખારીને મુનિપણું શું, ચારિત્ર શું, એની કાંઈ ખબર નથી. એને તો માત્ર એક લેશ્યા છે કે ખાવાનું જોઈએ તે આવ્યો ગુરુ પ્રભાવક આચાર્ય આર્ય સુહસ્તિ મહારાજ પાસે. એને એમની આગળ એ જ પ્રમાણે અરજ ગુજારી.

આચાર્ય મહારાજ દસ પૂર્વધર યાને 'પૂર્વ' નામના સાગરસમા દસ મહાશાસ્ત્રોના પારંગત અદ્ભુત જ્ઞાની હતા. એમણે ભિખારીની મુખમુદ્રા, લક્ષણો રેખા, વગેરે પરથી એને એક ઉત્તમ આત્મા અને જૈનધર્મનો ભવિષ્યનો મહાન આરાધક-પ્રભાવક દેખ્યો. એટલે અપવાદપદે એને દીક્ષા દેવાનું ધાર્યું. એને સમજાવ્યું કે 'જો ભાઈ ! ચારિત્ર એટલે જીવનભર માટે સંસારવાસનો ત્યાગ કરી અહિંસા, સત્ય વગેરે મહાવ્રતોનું જીવન જીવવાનું હોય છે.'

"દિવ્ય-દર્શન" - **"પ્રવચન મહોદધિ"** વર્ષ-૧૫,અંક-૪૧,તા.૨૪-૬-૧૯૬૭

**ભિખારી ખાવા માટે ચારિત્ર લે છે :**

ભિખારી કહે 'ભલે, એમ કરીશ, પણ પછી મને ખાવા તો દેશો ને ?' એને તો એક જ લેશ્યા છે, ખાવાનું કેમ મળે, માત્ર ભૌતિક હક ભોગવવાનું જ ધ્યાન, એમે ય થતું નથી કે 'ચાલો ખાવા નિમિત્તે પણ સંસારના પાપમાંથી તો

છૂટાશે ને ?' ના, પાપત્યાગના આધ્યાત્મિક હકનું કાંઈ મહત્ત્વ જ સમજતો નથી, હજી અત્યારે તો નહિ, પણ આચાર્ય મહારાજે એને ત્યાં જ ચારિત્ર આપ્યું, મુનિ બનાવ્યો. અને પછી ભોજન કરવા બેસાડ્યો, એ પેટ ભરીને ખાય છે, ત્યાંસુધી પણ આત્માના આ ચારિત્ર જેવા મહાન આધ્યાત્મિક હક ભોગવવા મળ્યાની કિંમત સમજતો નથી ! એ તો માત્ર પેટ ભરીને ખાઈને ખુશી થાય છે કે 'ચાલો ખાવાનું દુઃખ ટળ્યું !'

**આધ્યાત્મિક હક પર દૃષ્ટિ કેટકેટલી મોંઘી છે !**

**કેટલો ફેર છે બે વિચાર વચ્ચે ?**

એક વિચાર, 'ચાલો ચારિત્ર લઈને પણ ખાવા મળ્યું, ભૂખના કારમા દુઃખથી બચ્યા, પેટ ભરવાનું સુખ થયું.'

એકમાં પાપથી બચવા તરફ મુખ્ય લક્ષ છે, બીજામાં ભૂખના દુઃખથી બચી ખાવાના સુખ તરફ જ ધ્યાન છે. બેમાં કેટલો ફરક ? બાહ્ય અવસ્થા-સંયોગ-પરિસ્થિતિ એક જ સરખી, પરંતુ મનના ઝોકની દિશાઓ જુદી જુદી.

**દુન્યવી કોઈ દુઃખ ટાળી દુન્યવી સુખ-સગવડ-સન્માન લેવા તરફ જ મનને સંતોષ, નિરાંત, એ માત્ર ભૌતિક હક ભોગવવાની લેશ્યા થઈ. ત્યારે,**

**જીવનમાંથી હિંસાદિ પાપ ટાળી નિષ્પાપ પવિત્ર જીવન ગુજારવા તરફ મનને આલ્હાદ એ આધ્યાત્મિક હક ભોગવવાની લેશ્યા થઈ કહેવાય.** એકમાં સરવાળે મીંડું જ નહિ, પણ અધોગતિ અને દુઃખનાં પોટલાં, બીજામાં સદ્‌ગતિ ઉન્નતિ અને સુખનાં ભંડાર.

આ પરથી પોતાના જીવનમાં તપાસવા જેવું છે કે આપણે જીવનમાં પ્રસંગ પ્રસંગને, અવસ્થા-અવસ્થાને, અને સંયોગ-સંયોગને કેવો મુલવીએ છીએ ? કઈ લાઈન તરફ મન જાય છે ? ક્યાં ઠરે છે ? ઝોક કઈ બાજુનો, ભૌતિક કે આધ્યાત્મિક ? કોણ મુખ્ય અને કોણ ગૌણ ? દા.ત. ઘરવાળા સાથે ક્લેશ થયો, અને એમાં મન ખાટું થઈને ઉપવાસ કર્યો. હવે મનને શું થાય ? 'ચાલો ઉપવાસ કરીને આપણો રોષ આપણી રીસ વ્યક્ત કરવાનો મોકો મળ્યો,' આવું થાય છે ? કે 'ક્લેશના નિમિત્તે પણ ઉપવાસનો લાભ થયો,' એવું થાય છે ? અલબત્ત રીસનો ઉપવાસ એ ભાવથી શુદ્ધ પચ્ચક્ખાણ નથી.

**પચ્ચક્ખાણમાં ભાવશુદ્ધિ બહુ જરૂરી છે.** એ માટે રાગ, દ્વેષ, લોભ, ઈર્ષ્યા વગેરે મેલા ભાવ પચ્ચક્ખાણનું નિમિત્ત ન બનવા જોઈએ. દા.ત. સારાં પારણાં-પ્રભાવનાના લોભથી તપસ્યા થાય, ઉપધાન થાય, એ ભાવશુદ્ધ ન બન્યું 'સામો



શું તપ કરતો હતો ? હું જોરદાર કરી બતાવું' એ ઈર્ષ્યા-અભિમાનથી તપ-પચ્ચક્ખાણ કરાય એ ભાવથી અશુદ્ધ થયું. એવું રીસથી ઉપવાસ કર્યો એ પણ ભાવથી અશુદ્ધ તપ થયો એની કશી કિંમત નહિ. **શુદ્ધ ધર્મ કરવો હોય તો કોઈ કષાયના ઉદયથી પ્રેરાઈને નહિ પણ આત્મકલ્યાણના હેતુએ કરો.**

આપણો મુદ્દો અહીં એ છે કે,

**મનનો ઝોક કોને મુખ્ય કરવા તરફ જાય છે ? ભૌતિક પૌદ્‌ગલિક લાભ તરફ કે આત્મિક લાભ તરફ ?**

પ્રસંગ એનો એજ, પરંતુ અંતરમાં જો ધાર્મિક્તા હશે તો મનનો ઝોક આધ્યાત્મિક લાભ ઉપર ઉતરશે, અને જો અંતરમાં ભવાભિનંદીપણું હશે તો દિલની ચોંટ ભૌતિક લાભ પર રહેશે.

બોલો દિલમાં શું છે ? ધાર્મિક્તા કે ભવાભિનંદીપણું ? ધાર્મિક્તા રાખવી એ મૂર્ખાઈ તો નથી સમજતા ને ? એવું શું વેદિયાપણું રાખવું એમ તો માનતા નથી ને ? ના, એવું બોલવું કે માનવું પાલવે એવું નથી; કેમકે બીજા તરફથી પાછા તમે તમારી પ્રત્યે તો ધાર્મિક્તા જ ઈચ્છો છો. સામો તમારી તરફ ધાર્મિક્તા દાખવે એને મૂર્ખાઈ કરી કહેતા નથી, કે વેદિયાપણું માનતા નથી ઊલટું ભવાભિનંદીપણું દાખવે એને દુર્જનતા સમજો છો.

**ભવાભિનંદીપણું આ,** કે (૧) આંધળો વિષયરાગ હોય,

(૨) પૈસાનો અંધ રાગ હોય,

(૩) કેવળ સ્વાર્થની જ માયા હોય, બીજાનું નુકસાન વિચારવાનું જ ન હોય.

(૪) નીતરતી લોકેષણા-લોકવાહવાહની ભૂખ હોય,

(૫) જીવો પ્રત્યે મનમાં નિર્દયતા નિષ્ઠુરભાવ જ રમ્યા કરે,

(૬) પરલોકનો કોઈ વિચાર જ નહિ.

(૭) બીજાનું સારું જરાય ખમાય જ નહિ, ભારોભાર ઈર્ષ્યા-અસૂયા-અસહિષ્ણુતા રહ્યા કરે,

(૮) ભયવિહ્વળતા શંકાશીલતા અને માયાવૃત્તિ જ સળવળતી રહે,

(૯) હૃદયમાં અને વાણીમાં ક્ષુદ્રતા ભરી પડી હોય,

(૧૦) નીતરતો લોભ કૃપણતા અને કૃતઘ્નતા કોટે વળગ્યા રહે,...

આવું બધું ભવાભિનંદીપણું છે, સંસારરસિક્તા છે, હૃદયની સરાસર અધાર્મિક્તા છે. ભલે ને પછી એ કોઈ ધર્મની ક્રિયા, કોઈ દાન, વ્રત, તપ કરતો

હોય તો ય એ દિલ અધાર્મિક ભવાભિનંદી હોઈ, ધર્મનો બાહ્ય દેખાવ માત્ર છે, ધાર્મિક્તા નહિ. જીવન તપાસો શું ચાલી રહ્યું છે ?

વાણીમાં, વિચારમાં, વર્તાવમાં ક્ષુદ્રતા તુચ્છતા તોછડાઈ આવે છે ખરી ? સ્વાર્થ નાનકડો ભંગાતો દેખાય, બાબત કોઈ નજીવી ને તમારી માનેલી પ્રતિકૂળ બની હોય છતાં તોછડા કર્કશ શબ્દ નીકળી પડે છે ? ચહેરો ભમર ચડી જાય છે ? કોઈ કાર્ય આવી પડ્યું તો ઉપલકિયા વિચારથી હલકટ વર્તાવ કરી નાખો છો ?

**દિલની ક્ષુદ્રતા ધાર્મિક્તા નથી આવવા દેતી.**

**ક્ષીરકદંબક ઉપાધ્યાયે** પોતાના પુત્ર પર્વતની નરકગામિતા છે કે સ્વર્ગગામિતા એનું પારખું કરવા લાખના રસથી ભરેલા એક લોટનો કૂકડો સંધ્યા પછી આપી કહ્યું 'લે, મેં આને મંત્રથી મૂર્છિત કર્યો છે, તેને તું જ્યાં કોઈ ન દેખે ત્યાં મારી લાવ.'

પર્વત ઉપડ્યો જંગલમાં. એકાંતમાં કૂકડો મારી લાવ્યો. લાવીને ગુરુને આપે છે. ઉપાધ્યાય કહે છે કે 'આ તું શું કરી આવ્યો ? તને શું કહ્યું હતું ?'

પર્વત કહે છે 'આપના કહેવા મુજબ હું આને કોઈ ન દેખે ત્યાં એકાંતમાં મારી આવ્યો છું'

ઉપાધ્યાય કહે 'અરે ? તારું એકાંત કેવું ? તું પોતે તો દેખતો હતો ને ? દિવ્ય ચક્ષુવાળા મહર્ષિઓ અને દેવતાઓ તો દેખતા હશે કે નહિ ? પછી ત્યાં કોઈ ન દેખે એ ક્યાં રહ્યું ? જો આ નારદ એ જ સમજીને માર્યા વિના પાછો લાવ્યો છે.'

શું છે આ ? પર્વતની ક્ષુદ્ર બુદ્ધિ, ઉપલકિયા બુદ્ધિ દિલની ક્ષુદ્રતા એ કરાવે છે. ભવાભિનંદી જીવનું દિલ ક્ષુદ્ર હોય છે. પર્વત એવો હતો એટલે 'જીવ મરાય કે નહિ ? ગુરુ મારવાનું કહે ? ના, તો ગુરુના કહેવાનો શો ભાવ હશે ?...' વગેરે કાંઈ વિચાર્યું નહિ. દિલ અધાર્મિક હોય ત્યાં આ વિચાર શાનો આવે ?

**વિષયોનો અંધ રાગ અને લક્ષ્મીનો કે માન-કીર્તિનો અંધરાગ પણ દિલમાં ધાર્મિક્તા નથી આવવા દેતો;** ભવાભિનંદીપણું ઊભું રાખે છે. એ કદાચ બહારથી ધર્મ કરશે, સુકૃત કરશે તો ય તે જોયા કરવાનો કે આમાં આપણને કાંઈ પૈસાનું મળતર ખરું ? કોઈ માન મળે એવું છે ? કાંઈ સારું સારું ખાવા-પીવા-જોવાનું મળે એવું છે ? સત્તરભેદી પૂજા તો રાખી છે, પરંતુ માલપાણીના જમણનો અઢારમો ભેદ રાખ્યો છે ? માલપાણીનું જમણ કે પ્રભાવના રાખી છે ? એ હોય તો આપણે પૂજામાં જવાનું.' કઈ દશા છે ? પૈસા અને વિષયોની જ મુખ્ય લગની, આંધળી ચોંટ ! એને એટલુંય નથી થતું કે 'આ મારો જીવ કેવો લાલચુડો ? જમણવાર દેખીને દોડતો આવ્યો પણ ખેર ! જમણના નિમિત્તે પણ આવવામાં પરમાત્માની



પૂજાનો લાભ મળ્યો !'

પેલા સંપ્રતિ રાજાના જીવ ભિખારીને પણ એમ નથી થતું કે 'આ હું કેવો ખાવાનો લાલચુ ? ચારિત્ર ખાવા માટે લીધું ? અને હવે ખાવા મળ્યું તેથી ખુશી થાઉં છું ? ખેર, પણ ખાવાની લાલચે આ કર્યું છતાં એમેય મને ચારિત્ર મળ્યું ! સર્વ જીવને અભયદાન-મય અને અઢાર પાપસ્થાનકથી રહિત જીવન મળ્યું ! એ સારું થયું.' દિલમાં ધાર્મિક્તા ન હોય તો એટલું ય થવાનું ક્યાં સહેલું છે કે લાલચ પોષાયા પછી પણ ધર્મ મળ્યાનો આનંદ થાય ? ભવનો આનંદ, સારાં ખાન-પાન વેશ-દાગીના, સારા પૈસા-ટકા-માલ સારાં સન્માન પ્રતિષ્ઠા વગેરેનો આંધળો આનંદ, એકાંત રાગ, એ ચીજ જ એવી છે કે ધર્મનો રાગ ને આનંદ આવવા જ ન દે, ધાર્મિક્તાને ઊભી જ ન રહેવા દે, વીતેલા અનંતા કાળમાં જીવે અનંતીવાર ચારિત્ર લીધાં, પણ ભવાભિનંદિતાને લીધે લેશ પણ ધાર્મિક્તા સ્ફૂરવા દીધી નહિ. એ ચારિત્ર નિષ્ફળ ગયાં. તેથી આજે પણ જીવ આ સંસારમાં રખડતો છે, વાસના ભૂખ્યો છે, હજીય મહત્ત્વ પૌદ્‌ગલિક લાભને આપે છે મનનું વલણ એ જ તરફ.

**મોક્ષની સાચી લગની ક્યારે ?**

બસ આ વલણ બદલાય નહિ, મનનો વળાંક ભૌતિક લાભને ભૌતિક હક ઉપરથી આધ્યાત્મિક લાભ અને આધ્યાત્મિક હક ઉપર ઊતરે નહિ ત્યાંસુધી જીવને મોક્ષની લગની ક્યાંથી હોય ? 'મારે મોક્ષ જોઈએ છે' એવું કહેવા પાછળ આ જુઓ કે 'મનનો ઢાળ કયા લાભ ક્યા હક ઉપર ઊતરે છે ?' જો આધ્યાત્મિક લાભ ઉપર નહિ ઊતરતો હોય તો મોક્ષના પ્રેમની વાત એક ગુલબાંગ થશે. હજી આ આચરણની વાત નથી, મનના ઢાળ કઈ તરફ છે એટલી જ વિચારણા છે.

સંસાર ખૂંચતો નહિ હોય, સંસારની વૈભવ-વિલાસની લીલામાં હૈયાને હૂંફ જ રહેતી હશે, સ્વાર્થ, લોભ, વગેરેની આંધળી લગની લાગેલી હશે, કામ-ક્રોધ-મદ-ઈર્ષ્યા વગેરેની ભારે આંધી ચડી રહેતી હશે, કોઈ પણ દાન, શીલ, તપ વગેરે ધર્મની વાત આવે ત્યારે મોંઢુ કડવું થતું હશે, અજ્ઞાન અને મૂઢતા, મૂઢ માન્યતાઓને સારી, વાજબી, અને સુંદર મનાતી હશે, તો સમજવું રહ્યું કે મનનો ઢાળ સંસાર તરફ છે, મન ભવાભિનંદી છે, ભૌતિક લાભ અને ભૌતિક હકનું જ પક્ષકાર છે. પછી મોંઢેથી બોલ્યા યા મનથી માની લીધું કે 'મને મોક્ષ ગમે છે, મારે મોક્ષ જોઈએ છે,' એ વાસ્તવિક શાનું હોય ? ધર્મથી સંસારનો લાભ મળી આવ્યા પછી પણ શાનું થાય કે 'આ લાભ તો ભવને ભારે કરનારા છે, પણ ધર્મ દેખવા મળ્યો એ સારું થયું ?'

સંપ્રતિના જીવ ભિખારીને ચારિત્ર લઈ ખાવા મળ્યા પછી પણ એમ નથી થતું કે આ ખાવાની શી બહુ કિંમત છે ? પણ ચારિત્ર મળ્યું એ સારું થયું.' એ તો જ્યારે સમી સાંજે પ્રતિક્રમણ કર્યા પછી પેટમાં દુઃખવાનું ઉપડ્યું અને જે શેઠિયાના નોકરો પણ ભિખારીની સામે જોવા તૈયાર નહોતા, તે શેઠિયાઓ ખુદ આવીને સાધુ બનેલા એની સેવા કરવા આવેલા જુએ છે, ત્યારે એના મનને થયું કે 'અહો ! ચારિત્રનો કેવો પ્રભાવ ! નહિતર આ શેઠિયાઓને મારી શી પડી હતી ? શી ગરજ હતી ? કે મારા જેવા રાંકડાની સેવા કરવા આવે ? અરે ! ત્યારે, હેં આવા મહા કિંમતી ચારિત્રને મેં ખાવા માટે લીધું ? અને લઈને ય ખાવાનો જ ધંધો કર્યો ? પેટ ભરાયા પછી પણ હેં મેં ભોજન મળ્યાનો જ સંતોષ માન્યો ? ચારિત્ર પામ્યાની કાંઈ કદર ન કરી ? કેવો હું મૂઢ ? કેવો અનાજનો કીડો ? ખાવાની કેવી ગોઝારી તૃષ્ણા-મમતા ? મનુષ્ય જેવો મનુષ્ય થયા પછી પણ ચારિત્રના મહા-મૂલ્ય આંક્યા નહિ ? એની તક જિંદગીભર ગુમાવી ?'

બસ, ભિખારીપણામાંથી સાધુ થયેલો આ અંતિમ સમયે પણ ખાનપાનના ભૌતિક લાભ ઉપર નફરતવાળો બન્યો અને ચારિત્રના આધ્યાત્મિક હકની કિંમત કરી, તો ત્યાંથી મરીને અહીં અશોક સમ્રાટના પુત્ર કુણાલનો દીકરો સંપ્રતિ રાજા થયો, જૈન શાસનનો મહાન પ્રભાવક બન્યો. અંતિમ સમયે પણ જીવને પોતાના ભૌતિક હકની અકિંચિત્કરતા લાગી જાય, એનો રાગ ઊઠી જાય, અને આધ્યાત્મિક હકની કિંમત સમજાય, તથા એના પર મમતા-રુચિ-આકર્ષણ થાય તો ય તે ન્યાલ કરી દે છે ! કેટલી બધી તાકાત આધ્યાત્મિક હકના આકર્ષણમાત્રની !

બંને નજર સામે છે, (૧) ભૌતિક હક બજાવવાનું અને (૨) આધ્યાત્મિક હક બજાવવાનું. બેમાંથી શાનું મન થાય છે એ તપાસવા જેવું છે. બાહુબળજીએ મુઠ્ઠી ઉપાડી, એનાથી ભૌતિક હકરૂપે મોટાભાઈ ભરતનો કચ્ચરઘાણ કાઢી શકાય છે, અને એથી ઊલટું આધ્યાત્મિક હકરૂપ ચારિત્રાર્થે પોતાના કેશનો લોચ કરી સંસારવાસનાનો કચ્ચરઘાણ કાઢી શકાય છે. એમને ભૌતિક હક બજાવવા તરફ પગલું માંડ્યા પછી જરાક દીર્ઘદૃષ્ટિ અને વિશેષજ્ઞતા એટલે કે સારાસારના વિવેકની સમજનો પુરુષાર્થ ઊભો થયો, તો તરત આધ્યાત્મિક હક બજાવવા પર લક્ષ ગયું.

**તાત્કાલિક દૃષ્ટિ :**

એમણે જોયું કે તાત્કાલિક તો હું મુઠ્ઠી મારીને ભરતને અન્યાયની સજા કરી શકું છું; અને જગતને બતાવી શકું છું કે,

'જુઓ, આ મોટો ચક્રવર્તી મને કાંઈ કરી શકતો નથી, ત્યારે હું એને



મહાત કરી શકું છું; આટલું બધું મારું સામર્થ્ય છતાં જ્યારે હું એનું રાજ્ય પડાવવા કે અન્યાયનું યુદ્ધ કરવા જતો નથી, ત્યારે એ જો અન્યાયથી લડીને મારું પડાવવાની કાર્યવાહી કરે છે તો પછી હું એને એની સજા કરી શકું છું.'

પરંતુ આ તાત્કાલિક પરની દૃષ્ટિ એ ટૂંકી દૃષ્ટિ છે, સારાસારના વિવેક વિનાની દૃષ્ટિ છે. જગતને પોતાનું પાશવી બળ બતાવી આપવું, ને મોટાભાઈનો ઘાત કરી નાખવો, એ ઉચ્ચ માનવજીવનની સારભૂત વસ્તુ નથી. એ તો અસાર તુચ્છ ક્ષુદ્ર ચીજ છે; તત્કાલ તો જશ મળ્યો, પણ દીર્ઘદૃષ્ટિએ લાંબે ગાળે એ કષાયના જે અતિ કટુ વિપાક ભોગવવાના આવે, તથા ભવના ફેરા વધે, એનું શું ? એમાં સાર શો જોયો ?

**દીર્ઘદૃષ્ટિ :**

બાહુબળજીએ દીર્ઘદૃષ્ટિથી જોયું કે આ મુઠ્ઠી મારીને ભાઈનો ઘાત કરી નાખવો, અભિમાનને પોષવું લોભને તાજો કરવો, એમાં તો ભવિષ્યમાં હિંસાના દુઃખદ ફળ અને વૈર ઊભું કરવાનું થાય, કષાયના જાલિમ સંસ્કાર દૃઢ કરવાનું થાય ભવની પરંપરા વધારવાનું થાય, ઇતિહાસમાં કાળા અક્ષરે લખાય કે જેના પિતા તો એક તીર્થંકર થયા, એના નાના દીકરાએ અભિમાનના તોરમાં મોટાભાઈનો ઘાત કરી નાખ્યો. આ ઘાત, કષાયવૃદ્ધિ, ભવસંતતિ અને અપયશ જેની પાછળ આવે એ પ્રવૃત્તિમાં સાર શો ? એ તો તદ્દન અસાર જ વસ્તુ ગણાય.' એ રીતે દીર્ઘદૃષ્ટિ વાપરી અને અસારની ઓળખ કરી મુઠ્ઠીનો, મારવો બદલે, પોતાના કેશનો લોચ કરીને ચારિત્ર લેવામાં ઉપયોગ કર્યો, સારગ્રાહી બન્યા, તો બાર મહિનાને અંતે કેવળજ્ઞાન પામ્યા, અને આ ભવને અંતે શાશ્વત કાળ માટે મુક્ત બન્યા.

**વિશેષજ્ઞતા :**

**દીર્ઘદૃષ્ટિ અને વિશેષજ્ઞતા** એ માર્ગાનુસારી જીવનના બે ગુણ છે. પ્રારંભિક અવસ્થામાં એ ચાલુ કાર્યોમાં ને સામાન્ય રીતે ઉપયોગી બને છે, અને પછી અવસ્થા ઊંચી થતાં, એ ખાસ કાર્યમાં અને વિશિષ્ટ રૂપે ઉપયોગી થાય છે.

**શરૂ શરૂમાં તો એવું થાય કે** દા.ત. પૈસા કમાયા તો ટૂંકી દૃષ્ટિથી એ બધા ખરચી નાખવાને બદલે દીર્ઘદૃષ્ટિથી એમાંથી ભવિષ્યની આવશ્યકતા અર્થે બચત રાખી લેવાય. એમ વેપાર કરવા ગયા ત્યાં ટૂંકી દૃષ્ટિથી લાભ જોવા અને ભાવી અનર્થના જોખમ તરફ આંખમિંચામણાં કરવાને બદલે દીર્ઘદૃષ્ટિથી વિચારાય કે આમાં જોખમ કેટલું મોટું છે ? તો તાત્કાલિક લાભની આકાંક્ષા જતી કરો. કદાચ બજાર ઊંધો પડે તો વર્ષોની કમાઈ ડૂલ થઈ જાય; ને ઉપરથી દેવું થાય. આ ચાલુ

જીવનમાં પ્રારંભિક અવસ્થાની દીર્ઘદૃષ્ટિનો ઉપયોગ થયો ત્યારે,

**આત્માની અવસ્થા ઉન્નત બન્યા પછી** દીર્ઘદૃષ્ટિ પરલોકનાં ફળ ઉપર જાય. પૈસાની કમાણી થઈ ત્યાં એ જોવાય કે આનો એકલા સ્વાર્થના કામમાં ઉપયોગ કરી સુખ માણવું એ ટૂંકી દૃષ્ટિનું કાર્ય છે. ત્યારે આમાંથી જાતખર્ચ-સ્વાર્થખર્ચ ઓછો રાખી સુકૃત-દયા-પરોપકારમાં ઉપયોગ કરવો એ ભવિષ્ય કાળના હિતનું કાર્ય છે. વેપાર કરવા ગયા ત્યાં ગમે તેવા અસત્ય-અનીતિ-કૂડકપટ કરી પૈસા ભેગા કરવા એ ટૂંકી દૃષ્ટિનું કાર્ય છે, અને સત્ય-નીતિ-સરળતાના માર્ગે ચાલી ભલે ઓછું પણ કમાવું, એ દીર્ઘદૃષ્ટિની કાર્યવાહી છે.

સારાસારના વિવેકમાં પણ પ્રારંભિક અવસ્થા અને ઉન્નત અવસ્થામાં ભેદ પડે છે.

- શરૂ શરૂમાં વિવેક એવો થાય કે, 'કપડાંની ટાપ-ટીપ અને ઉદ્ભટ ભોગમાં ખર્ચ કરવો એ અસાર છે. ત્યારે, સદ્ગૃહસ્થાઈ સાચવવી હોય તો આંગણે અતિથિ આવે, દીન-દુઃખિયા આવે, એની સરભરા કરવી એ સારભૂત છે.'
- 'આપણી સ્થિતિને ન છાજે એવા ખર્ચ કરવા એ અસાર; છાજતા ખર્ચ કરવા એ સાર.' એમ,
- 'વાણી તોછડી કે મિજાજી બોલવી એ અસાર; અને ગંભીર કે મુલાયમ તથા શાંત બોલવી એ સારભૂત.'
- ઉન્નત અવસ્થા પામ્યા પછી સારાસારનો વિવેક એ રીતે થાય કે, 'સ્વાર્થના કામમાં બહુ ખર્ચ એ અસાર; અને પરમાત્માની ભક્તિ કરવામાં ખરચ, એ સારભૂત.'
- 'જિંદગીના છેડા સુધી પરિગ્રહ અને અઢાર પાપસ્થાનકના ધંધા કરવા એ અસાર; ત્યારે ત્યાગધર્મ આચરવો, ધંધાથી નિવૃત્તિ લેતા જવું એ સારભૂત.'

આવું જીવનના અનેક અંગોમાં દીર્ઘદૃષ્ટિ અને સાર-અસારના વિવેકથી બને છે.

**દીર્ઘદૃષ્ટિથી જીવન પરલોક-પ્રધાન બન્યું રહે છે.** વાતવાતમાં 'આનાથી પરલોક પર શી અસર થાય ! એ દૃષ્ટિ ઝગમગતી હોય છે. દેહ કરતાં વિશેષ તો આત્માનો વિચાર રહ્યા કરે છે.

**વિશેષજ્ઞતાથી સાર શું અસાર શું ? કર્તવ્ય શું, અકર્તવ્ય શું ? વાચ્ય શું, અવાચ્ય શું ? ઉપાદેય શું, ત્યાજ્ય શું ? વગેરે વિવેક જાગતો રહે છે.**

આ બે ગુણ હોય, પછી જીવન કેટલું ભવ્ય જીવાય ?

**બાહુબલજીએ મુઠ્ઠી કેમ ફેરવી ?**



**૪ મહાન હેતુ :** બાહુબલજી ભાઈ ભરતનો કચ્ચરઘાણ કાઢવા મુઠ્ઠી ઉપાડી દોડ્યા તો ખરા, પણ અધવચ્ચે

**(૧) આ દીર્ઘદૃષ્ટિ અને વિશેષજ્ઞતા એમને સ્ફુરી આવ્યા,**

**(૨) ભૌતિકને બદલે આધ્યાત્મિક જુસ્સો ઊછળી ઊઠ્યો,**

**(૩) લોક શું કહેશે એની પરવા મૂકી દીધી, અને**

**(૪) માનવજીવનના અર્ક ઈસેન્સરૂપ સર્વત્યાગમય ચારિત્રજીવનની તીવ્ર તમન્ના એમને જાગી ઊઠી,**

તો એજ મુઠ્ઠીથી ત્યાં જ કેશનો લોચ કરી સાધુ બની ઊભા.

**સારી ધર્મ-આરાધનાના કારણો :**

**ધર્મ કેવો આરાધવો જોઈએ,** એનો ખ્યાલ આના ઉપરથી આવી શકશે. ૧. દીર્ઘદૃષ્ટિ, ૨. વિશેષજ્ઞતા, ૩. શુદ્ધ આધ્યાત્મિક જુસ્સો, ૪. લોકસંજ્ઞાનો નિગ્રહ અને ૫. ત્યાગ વગેરેના આલંબને જૈનધર્મની આરાધના થાય એ આત્માને ઘણો ઊંચે લાવે છે. આટલું છતાં એ ખૂબ ધ્યાનમાં રાખવા જેવું છે કે દિલના ઊંડાણમાં પણ અભિમાન-અહંત્વ પડ્યું ન રહે. નહિતર એ એવું ખતરનાક છે કે એક યા બીજા રૂપમાં ક્યારેક ઊઠીને આત્માને છક્કડ ખવરાવી દે. જુઓ, બાહુબળજી કેવા છક્કડ ખાય છે !

**ભરતનો હૃદય પલટો :**

બાહુબળજીએ યુદ્ધ ભૂમિ ઉપર વગર ઉપદેશે મુઠ્ઠીથી લોચ કરી ચારિત્ર લઈ લીધું, ને ત્યાં જ કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઊભા. ભરત ચક્રવર્તીને આ જોઈ હૃદય એકદમ પીગળી ગયું દોડતા આવી ક્ષમા માગે છે, કહે છે, 'ભાઈ ! હું ભૂલ્યો; માફ કર મને; જા તું તારું રાજ્ય ભોગવ.' પણ અહીં તો સમજપૂર્વક ચારિત્ર લીધું છે એટલે હવે રાજ્ય શાનું ? ને સંસારમાં પાછા જવાનું કેવું ? એ તો ધ્યાનમાં જ છે. ત્યારે ભરત સમજી જાય છે કે આ ખરેખર મુનિ બન્યા છે. એટલે એને પસ્તાવાનો પાર નથી રહેતો; વિચારે છે કે,

'અહો ! આ ભાઈઓને ધન્ય છે કે એમણે આ અસાર સંસારનો અને વિષમય વિષયોને ત્યાગ કરી, સંયમ સ્વીકાર્યું. ત્યારે હું કેવો અધમાધમ કે હજી એને વળગીને બેઠો છું. ખરેખર,

**વિષયો એ સંસારવૃક્ષનું બીજ છે એ જાણતા નથી એવા આત્માઓ અધમ છે; પણ હું તે જાણવા છતાં એને છોડતો નથી એ અધમાધમ છું.**

વિચારવા જેવું છે આ ભરતનું ગણિત. શાસ્ત્રો કહે છે કે ભવાભિનંદી

જીવો તો વિષયોમાં એટલા બધા આસક્ત હોય છે કે એને સંસારવૃક્ષનું કારણ માનતા જ નથી; પછી એને છોડવાની વાત જ ક્યાં ? કદાચ દેખાવમાં દેખાય કે એવા જીવે એ છોડી ચારિત્ર લીધું તો તે પણ અધિક સારા અને દીર્ઘકાળના દેવતાઈ વિષયો લેવાના લોભથી. બાકી વિષયોમાં કોઈ ખરાબી કોઈ સંસારવર્ધક્તા જોવાની વાત જ નહિ એટલે એનો ભય લાગે જ શાનો ? આવા જીવો છેક નીચી પાયરીએ છે. ત્યારે જે જીવો એ વિષયોને સંસારવૃક્ષનાં બીજ તરીકે યાને ભવભ્રમણના વર્ધક તરીકે જુએ છે, સમજે છે પણ એને છોડી શકતા નથી એ પેલા કરતા ઊંચી પાયરીએ છે, અને જે છોડે છે એ એથીય ઊંચી પાયરીએ છે.

**શાસ્ત્રમત-સ્વમતનો વિરોધ :**

ત્યારે હવે વિચારો કે આમાં તો વિષયોની ખરાબી નહિ સમજનારને અધમ અને સમજનાર છતાં ન છોડનારને મધ્યમ ગણ્યા; જ્યારે, ભરત ચક્રી પોતાને ખરાબી સમજ્યા પછી નથી છોડતો માટે પોતાને અધમાધમ ગણે છે.

બોલો, શાસ્ત્રમત અને સ્વમતનો વિરોધ આવ્યો કે નહિ ? શાસ્ત્રમતથી વિરુદ્ધ માન્યતા કરાય ? જો ના, તો ભરત મહારાજા કેમ એમ માની રહ્યા છે ?

આનો ખુલાસો સરળ છે. અધમાધમ માનવાનું બેના અંગે છે. એક તો પોતાના અંગે, અને એક-બીજાઓના અંગે.

એમાં બીજાઓ અંગે આપણી માન્યતા ધરવાનો સવાલ આવે ત્યારે શાસ્ત્રે કહ્યું હોય એ રીતે જ મનાય. ત્યાં જો શાસ્ત્ર કહે છે કે વિષયો એ સંસારવર્ધક હોવાનું ન માનનારા અતિશય નીચેની કોટિના છે, પણ એ માનવા છતાં મોહના દબાણથી ન છોડી શકનારા એ પેલાઓ કરતાં ઊંચી કોટિના છે; તો પછી આપણે એમજ માનવું જોઈએ અને ઊંચેની કોટિનાને ઊંચા તરીકે જ સ્વીકારવા જોઈએ. નહિતર એવા ઊંચે આવેલ આત્માઓને હલકા લેખવામાં આશાતના થાય.

### "દિવ્ય-દર્શન" - **"પ્રવચન મહોદધિ"** વર્ષ-૧૫,અંક-૪૨,તા.૨૪-૬-૧૯૬૭

દા.ત. શાસ્ત્રે કહ્યું કે જે દેવોને અધર્મી કહે એ આશાતના કરનારો છે અલબત્ત દેવોને વ્રત નથી, તપસ્યા નથી, એમનામાં સમ્યગ્દર્શન હોય છે સમ્યગ્દર્શનની કરણીરૂપ જિનભક્તિ હોય છે; અવસરે જિનવાણીનું શ્રવણ હોય છે. એ બધું ધર્મ છે, સાથે એવા સમ્યગ્દર્શનની દેવતાઓમાં ઇંદ્રિયવિષયો સંસારવર્ધક અને આત્મઘાતક માનવાનું પણ હોય છે; પછી એમને અધર્મી કેમ કહેવાય ?



વિષયોને એ રીતે લેખવા એ વૈરાગ્ય છે. ધર્મનો પાયો વૈરાગ્યથી શરૂ થાય છે. એટલે એ નહિ પામેલા જીવો કરતાં તો એ પામેલા જીવો ઊંચી કોટિના છે. એમને હલકા ન લેખાય. આ તો બીજાઓ અંગેની વાત થઈ.

**હવે પોતાના અંગે વિચારવાનું આવે ત્યારે સવાલ એ આવે છે કે,**

**પોતાને કેવો ઓળખવામાં જાગૃતિ આવે ?**

**કષાયોને કંઈક પણ દબાવવાનું થાય ? જ્ઞાનીઓનું સાચું શરણ સ્વીકારાય ?**

**માનવ જીવન જીવવાનો આ જ ઉદ્દેશ છે કે દિનપ્રતિદિન આત્મા બહિર્મુખ મટી વધુને વધુ અંતર્મુખ બને.**

એટલા જ માટે પોતે પોતાને થોડા પણ દોષ નડતા હોય ત્યાંસુધી પોતાને નિર્ગુણ સમજવાનો છે. અમૃતવેલિને સજ્ઝાયમાં ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજે કહ્યું,

**'થોડલો પણ ગુણ પરતણો, દેખીને હર્ષ મન આણ રે;**
**દોષ લવલેશ નિજ દેખતાં, નિર્ગુણ નિજાતમ જાણ રે.'**

અર્થાત્ બીજાનો તો થોડો પણ ગુણ દેખીને મનમાં હર્ષ લાવવો કે 'વાહ ! કેવો સરસ ગુણ !' પરંતુ પોતાનો લવલેશ પણ દોષ દેખતાં પોતાના આત્માને નિર્ગુણ તરીકે સમજવો.'

**સ્વ-પર અંગે દૃષ્ટિભેદ :**

જુઓ આમાં દૃષ્ટિનો ભેદ. બીજાનો થોડો પણ ગુણ દેખવાનો છે, અને પોતાનો નાનો ય દોષ જોવાનો છે. શું બીજામાં દોષો નથી ? છે; છતાં એના પર દૃષ્ટિ નહિ નાખવાની; કિન્તુ પરગુણ ઉપર દૃષ્ટિ રાખવાની, અને એની અનુમોદના કરવાની, જેથી ભવસ્થિતિ પરિપાક થાય. તેમ, પોતાનામાં શું કોઈજ ગુણ નથી ? હોય, એક નહિ, અનેક ગુણ હોય. પરંતુ એના પર દૃષ્ટિ નહિ. કિન્તુ સ્વદોષ પર દૃષ્ટિ રાખી એનો ખેદ પશ્ચાત્તાપ અને એને સુધારવાનો પ્રયત્ન રાખવાનો. સ્વ અને પરના આત્મા અંગે વિચારો કે

**દૃષ્ટિભેદ શા માટે ?** એક જ કારણ છે કે,

**દર્શન સ્વનું હો કે પરનું, પણ એ દર્શનમાંથી પોતાને કમાવાનું થાય, ગુમાવવાનું નહિ; શુદ્ધિકરણ થાય, બગાડો નહિ; કષાયો દબાતા આવે, ફાલતા ફુલતા નહિ; એ ધ્યાન રાખવાનું છે.**

હવે જો બીજાના દોષ પર દૃષ્ટિ જાય, અર્થાત્ 'એ ભૂલે છે, પાપી છે,...'

વગેરે જોવાનું કરાય, તો એના પર દ્વેષ જાગવાનો, અરુચિ થવાની, અને પોતાનામાં કાંઈ એવો દોષ નથી એ હિસાબ રાખી અભિમાન થવાનું. વળી સામા પર એ દ્વેષ-અરુચિ થવાને લીધે એના ગુણ તરફ આકર્ષણ બહુમાન નહિ થવાનું. ત્યારે ગુણવાન પર દ્વેષ થાય એ તો અનાદિના સહજ મળનું પોષક લક્ષણ છે.

શાસ્ત્ર કહે છે કે અનાદિના ગાઢ રાગદ્વેષમય સહજ મળનો નોંધપાત્ર હ્રાસ થયાનું લક્ષણ આ, કે દુઃખી પર અત્યંત દયા હોય અને ગુણવાન પ્રત્યે દ્વેષ ન હોય. ચરમાવર્તકાળમાં આવ્યા પછી ધર્મની પહેલી ભૂમિકા સહજ મળનો હ્રાસ માગે છે અને એ માટે ગુણવાન પર અ-દ્વેષ આવશ્યક છે, એ કેમ આવે ? જો બીજાના દોષ પર દૃષ્ટિ નાખવી છે તો સહેજે એમના પર અરુચિ યાને દ્વેષ થવાનો. કોના ઉપર દ્વેષ ? જેમનામાં ભલે કદાચ અમુક દોષ હોય, છતાં પણ બીજા ગુણ પણ છે, એવા ગુણવાન પર જ દ્વેષ ને ? ત્યાં અ-દ્વેષ શી રીતે રહેવાનો ? એ નહિ એટલે પાયામાં સહજ મળના હ્રાસનું જ લક્ષણ નહિ આવે; પછી માર્ગાનુસારિતા, અપુનર્બંધક દશા, યોગની પ્રારંભિક દૃષ્ટિઓ, એના પરનું સમ્યગ્દર્શન, વગેરે ઉપરનું ચણતર ક્યાં થવાનું ?

**ગુણવાન પર દ્વેષની ભયંકરતા :**

ગુણવાન પર અ-દ્વેષ એક સામાન્ય ચીજ સમજતા નહિ. પાયા ઉપરનાં ચણતર ચણી ય કાઢ્યા હોય, અને જો ગુણવાન ઉપર દ્વેષ આવ્યો તો એ ચણતરમાંથી હેઠા ઊતારી નાખે ! **સિંહગુફાવાસી** મહામુનિને, જાણો છો ને, કેટલા બધા નીચે ઊતારી નાખ્યા ? ગુણવાન સ્થૂલભદ્રજી પર અને એમના પ્રશંસક ગુણવાન ગુરુજી આર્ય સંભૂતિવિજય ઉપર અરુચિ-દ્વેષ કર્યો, એથી જ કોશા વેશ્યાને ત્યાં ચોમાસું કરવા ગયા અને પડ્યા પડ્યા તે ઠેઠ વરસતી વરસાદઝડીમાં નેપાળ પહોંચી રત્નકંબળ લઈ આવ્યા, અહિંસા મૂકી, અપરિગ્રહ મૂક્યું, અને એ કંબળ લાવીને વેશ્યા સાથે ભોગ ઈચ્છ્યા ! બ્રહ્મચર્ય અને સદાચારની ભાવનામાંથી ય ગયા ! આ બધું ઘોર પાપતોફાન શાના ઉપર ? ગુણવાન પર ઈર્ષ્યા-દ્વેષ કરવા પર તોફાને ક્યાં ઊતાર્યો ? સાધુપણામાં તો ન રહ્યા ન રહ્યા પણ શ્રાવકપણું સદ્‌ગૃહસ્થાઈ વગેરેમાંથી ય નીચે ઊતરી ગયા !

**ગુણની મીઠી વીરડી, દોષના રણપાટ :**

ગુણવાન પર દ્વેષ-ઈર્ષ્યા-અરુચિ કેટલી બધી ખતરનાક ? એ ન જાગવા દેવી હોય તો ગુણિયલના કોઈ પણ દોષ ઉપર દૃષ્ટિ ન નાખો, અને એના થોડા પણ ગુણને ધ્યાનમાં લો. વિચારો કે, સહરાના રણપાટ જેવા આ સંસારમાં મીઠા પાણીની



કોક વીરડી જેવા ગુણનું દર્શન અતિ અતિ દુર્લભ છે. એ જો મળી જતું હોય તો એનો આસ્વાદ લેવાને બદલે દોષની રણરેતી જોયા કરવી એમાં કયું ડહાપણ છે.

**દોષ જોવાથી શું વળે :**

**રણમાં રેતીનો તોટો નથી ! એમ આ સંસારમાં દોષોનો કોઈ તોટો નથી.** સંસારી જીવ માત્ર દોષથી ભરેલા છે. તો નજરે ચડેલા કોઈ જીવમાં દોષો શા જોવા હતા ? એ જોવાથી મળવાનું શું ? ને વળવાનું શું ? આપણા જોવા માત્રથી અને એની સામે દાંતિયા ઘુરકિયા કરવાથી થોડા જ એ સુધરી જવાના હતા ? આપણા દોષ સામે કોઈ દ્વેષ-અરુચિ અને દાંતિયા કરે તો એથી આપણે એ સુધારી કાઢવા થોડા જ તૈયાર હોઈએ છીએ ? તો જ્યારે આપણે એવા તૈયાર નથી, તો પછી સામા જીવ શાના તૈયાર હોય ?

**સામાના દોષ કેમ સુધારાય ?**

આપણે આપણી ગત વિચારી સામામાં પણ એવી પરિસ્થિતિનો ખ્યાલ કરવો જોઈએ. આપણામાં સો દોષની વચ્ચે કોઈ એકાદ ગુણ હોય અને એ ગુણની કોઈ પ્રશંસા કરે તો આપણે ખુશી થઈએ છીએ. વધારામાં આપણને એમ પણ લાગે છે કે 'બીજાઓ જ્યારે ગુણની કદર કરે છે તો પછી મારે બીજા દોષ રાખવાની શી જરૂર છે ? લાવ એને સુધારું.' એમ વિચારી દોષના સંશોધનનો વિચાર અને પ્રયત્ન ચાલે છે બસ, આ જ ગત સામા માટે વિચારવી જરૂરી છે, ડહાપણભરી છે, કે એના દોષ જોવાને બદલે ગુણની કદર કરીએ તો એને પણ પ્રોત્સાહન મળવાથી પોતાના દોષ સુધારવાની બુદ્ધિ જાગે. આના બદલે એના દોષ જોઈએ અને એની ખણખોદ, નિંદા, ને ઉતારી પાડવાનું કરીએ તો પરિણામ શું આવે ? આપણા પર એને દ્વેષ દુર્ભાવ થાય, ને આપણને પણ અભિમાન અસૂયા, તુચ્છતા આવે.

**બીજા અંગે ને પોતાના અંગે શો ભેદ ?**

સારાંશ, બીજા સામે દૃષ્ટિ જાય ત્યાં એના થોડા પણ ગુણ તરફ જ નજર રહેવી જોઈએ. તો જ એનું અને આપણું હિત થાય. આ હિસાબે જ કહ્યું કે વિષયોને સંસારવર્ધક તરીકે ન જાણનાર કરતાં જાણનારા સારા છે; તો એમને એવા સારા તરીકે જ લેખવા જોઈએ, પરંતુ એ જાણવા છતાં ત્યાગ નથી કરતા એમ કરીને ખરાબ ન મનાય. પરંતુ જ્યાં પોતાની અંગત વાત આવે ત્યાં તો પોતાનો ગુણ નહિ કિન્તુ દોષ જ દેખવાનો છે. એટલે એ જોવું જોઈએ કે 'વિષયોને સંસારવર્ધક ન જાણનારા તો બીચારા દયાપાત્ર-અધમ છે. પણ હું એમ જાણનારો

છતાં એને નથી છોડતો એ તો મારી વિશેષ અધમતા છે.' કેમ આમ લેખવાનું ? કારણ આ, કે 'દોષ લવલેશ નિજ દેખતાં, નિરગુણ નિજાતમા જાણ રે' પોતાનો થોડો પણ દોષ દેખીને નિજના આત્માને નિર્ગુણ જાણવો; એવું શાસ્ત્રકથન છે. એ એટલા માટે કે એથી જાતને ઘમંડ ન થાય, અને દોષની સુધારણા માટે પ્રયત્ન કરાય.

**બે મહાન આત્મલક્ષણ : યોગ-ઉપયોગ**

આમ, ભરત ચક્રવર્તી જે પોતાના માટે વિચારે છે કે વિષયોને સંસારવૃક્ષનું બીજ ન સમજનાર કરતાં સમજનાર હું એનો ત્યાગ નથી કરતો તે, અધમાધમ છું,' એ યોગ્ય વિચારણા છે. આપણી વાણી વર્તણુંક અને વિચારણા એ મન-વચન-કાયાના યોગ છે.

**યોગ એવા જોઈએ કે જે આપણા શુદ્ધ ઉપયોગ જ્ઞાનોપયોગ-દર્શનોપયોગને પ્રેરનારા હોય, એના પોષનારા હોય, અને રાગાદિથી કલુષિત થતા અશુદ્ધ ઉપયોગને અટકાવનારા હોય.** બીજા શબ્દમાં કહીએ તો અશુભ અધ્યવસાય અટકે કે જાગે નહિ, અને શુભ અધ્યવસાયનું ઉત્થાન થાય એવા યોગનું પ્રવર્તન જોઈએ.

**યોગ અને ઉપયોગ એ જડ કરતાં આત્મદ્રવ્યને તદ્દન જુદો પુરવાર કરનાર ખાસ આત્મ લક્ષણ છે. 'યોગ'** યાને વિચાર વાણી કે વર્તાવ. સાંસારિક યા ભૌતિક દેહાદિ સંબંધી હોય છતાં આવડત હોય તો એના પર 'ઉપયોગ' અર્થાત્ સમજ આત્મજાગૃતિ અને અધ્યવસાય શુભ ચલાવી શકાય. દા.ત. રસ્તામાં સ્નેહી મળ્યા, વ્યવહારિક કુશળ પૂછવું પડે છે, એ વખતે પહેલો તો એ ખ્યાલ રખાય કે બનતા લગી કોઈ ખોટા રાગ-દ્વેષવાળા ભાવ પોષાય એવું ન બોલવું. બાકી જે અવશ્ય બોલવું પડે તેના પર ધ્યાન એ રખાય કે 'આ પણ એક ઔચિત્ય સાચવવા રૂપે બોલવું પડે છે. એટલે એક ધર્મી આત્મા તરીકે હું ઉચિત સેવન કરી રહ્યો છું.'

**ભરતચક્રી આત્મશ્લાઘા-આપવડાઈથી બચે છે :**

ઔચિત્યપાલન એ સહજમલહ્રાસ અને અપુનર્બંધક અવસ્થાનો ગુણ છે, કર્તવ્ય છે. એમ, એ મોક્ષસાધક પાંચ પ્રકારના યોગ પૈકી પહેલા અધ્યાત્મયોગનો પણ ગુણ છે. એના તરફ મુખ્ય લક્ષ રહે અને સાંસારિક વ્યવહાર ગૌણ લેખાય, તો ઉપયોગ યાને અધ્યવસાય શુભ થાય. યોગમાંથી શુભ ઉપયોગ સર્જવામાં આવે એ સફળ યોગ છે.

ભરત ચક્રવર્તી એ કરી રહ્યા છે, એ જે વિચાર કરી રહ્યા છે કે 'હું વિષયોને ભવપરંપરા-સર્જક સમજવા છતાં એને છોડતો નથી એ અધમાધમ છું,' આ વિચારણા



યાને મનોયોગ શુભ ઉપયોગનો સર્જક બને છે, કેમકે એનાથી પોતાના દિલમાં વિષયસંગ પ્રત્યે ભારોભાર ઘૃણા ઊભી થાય છે. એ ઘૃણા એ શુભ ઉપયોગ છે. શુભ-ઉપયોગનું સર્જન કરાવનાર યોગ શુભ યોગ કહેવાય. એટલે ભરતચક્રીની પોતાની માટેની આ વિચારણા એ વાજબી વિચારણા છે, શુભ મનોયોગ છે.

એના બદલે જો એમ વિચારવા બેઠા હોત કે 'અલબત્ત હું વિષયોનો ત્યાગ નથી કરતો એ મારી નબળાઈ છે, છતાં હું એને ભવવર્ધક માનું છું એટલો હું એમ નહિ માનનાર કરતાં સારો છું,' તો એવી વિચારણામાં આત્મશ્લાઘા-આપવડાઈ સ્વોત્કર્ષ-સ્વાભિમાન પોષાત; અને એ અશુભ ઉપયોગ થાત, અશુભ અધ્યવસાય બનત.

**આત્માનાં ખાસ બે લક્ષણ યોગ અને ઉપયોગ, એ અશુભ ટાળી શુભ બનાવવા એ માનવભવનું મુખ્ય કર્તવ્ય છે. એથી જ પરાકાષ્ઠાએ અનંતજ્ઞાન-દર્શનમય શુદ્ધ ઉપયોગ પ્રગટ થઈ યોગનિરોધ કરવા દ્વારા મોક્ષ થાય છે.**

હવે સ્પષ્ટ વાત છે કે,

(૧) બીજાનો થોડો પણ ગુણ જોઈ એ ગુણની પ્રશંસા-અનુમોદનાનો વિચાર કરો એ શુભ મનોયોગ થાય, અને એથી પ્રમોદભાવનાનો શુભ અધ્યવસાય યાને શુભ ઉપયોગ પોષાય. મૈત્રી-પ્રમોદ-કરુણા-માધ્યસ્થ્યની ભાવનાઓ પ્રશસ્ત ભાવનાઓ છે, એ ભાવો એ શુભ ભાવો છે, શુભ અધ્યવસાય શુભ ઉપયોગ છે. એમાંનો પ્રમોદભાવ ગુણનું આકર્ષણ વધારે છે, ગુણપ્રાપ્તિની અભિલાષા જગાવે છે, તેમ બીજાનું સારું સહન કરવાના હિસાબે ઈર્ષ્યાના ઝેરને અટકાવી દિલની ઉદારતાને પોષે છે. આ શુભ-સહિષ્ણુતા ઉદારતા એ શુભ ઉપયોગ છે. બીજાના થોડા પણ ગુણ તરફ જ દૃષ્ટિ રાખવાથી અને એનો પ્રમોદમય વિચાર કરવાથી મનનો શુભ યોગ પ્રવર્ત્યો; અને એમાં શુભ ઉપયોગ-અધ્યવસાય પોષાયો.

(૨) એથી ઊલટું બીજાનો દોષ જોવા જાઓ તો એથી એ વ્યક્તિ પર દ્વેષ-અરુચિ-દુર્ભાવ ઊભો થાય છે; અને એ ક્રોધકષાયનું રૂપક હોવાથી એમાં તો આત્મા અશુભ મલીન ઉપયોગમાં યાને મેલા અધ્યવસાયમાં પડ્યો. એટલે સ્વાત્માને જ અશુદ્ધ કરનારો બન્યો. ત્યાં પરદોષ દર્શનમાં પોતાના કિંમતી કાયયોગ-ઇન્દ્રિયયોગ અને મનોયોગને ખરચી સાર શો કાઢ્યો ? આ જ ને કે સ્વકીય કિંમતી યોગના વ્યય દ્વારા સ્વકીય ઉપયોગની અને સ્વાત્માની ખરાબી ઊભી કરી ?

**વિવેક અને જાગૃતિવાળું જીવન તો એ ગણાય કે જેમાં પોતાના કિંમતી મન-વચન-કાયયોગોનું એવું પ્રવર્તન થાય કે જેથી પોતાના અધ્યવસાય પોતાનો ઉપયોગ**

**શુભ અને શુદ્ધ બને.**

બીજાના દોષ જોવામાં દ્વેષ આદિ અશુભ ભાવજન્મે છે. માટે એ જોવાનું આત્મઘાતક છે.

**આપવડાઈ અને ભાવદયાને મેળ નહિ**

**પ્ર.-** પરંતુ બીજાનો દોષ જોતાં જો એમ થાય કે 'અરેરે ! બીચારો કેવો દોષથી પીડાઈ રહ્યો છે ! એ દોષથી છૂટે તો સારું !' જો આવું થાય તો તો એ દયા ભાવદયા થઈ ને ? પછી દોષ જોવાનું ખતરનાક ક્યાં રહ્યું ?

ઉ.- વાત તો સાચી કે દોષ જોવાયા પર દયા આવે એ સારું, પરંતુ સવાલ એ છે કે,

**એવી દયા કોને આવે ?** તેને જ કે જે ગુણનો જ હિમાયતી હોય, ગુણની જ રુચિ-પક્ષપાતવાળો હોય, પરંતુ જાતની વડાઈનો લાલચુ નહિ.

**જાતની વડાઈનો જે લાલચુ હશે એને તો** બીજાનો દોષ દેખાતા ઝટ પોતાનું સારાપણું દેખાશે, એ દેખાવા પર અભિમાન ઊછળશે, અને એથી દોષવાળી વ્યક્તિ હલકી દેખાશે, એના પર તિરસ્કાર થશે, અભાવ થશે દ્વેષ થશે.

**એકલી ગુણ જોવાની દૃષ્ટિ તો ત્યારે આવે કે જ્યારે જાતવડાઈની લાલસા ન હોય,**

**જાતવડાઈ ન હોવાનું લક્ષણ આ,** કે એને જગતમાં જ્યાં ક્યાંય ગુણ હોવાની ધગશ હોય, ગુણનો પક્ષપાત હોય કે 'બધે ગુણ હોય તો કેવું સારું !' ત્યાં પછી 'બીજાઓ ગુણવાળા બને અને તેથી પોતે એમની હરોળમાં આવી જાય પણ એમનાથી અધિક નહિ, એની એને કોઈ ચિંતા નહિ; કેમકે પોતાની વડાઈની એને પરવા નથી. એને તો સર્વત્ર ગુણ-પ્રસારની પડી છે એથી જ એ સદા ગુણદર્શી હોય, ગુણ જ જોયા કરે. એમાં ક્યાંક કોઈકના દોષ દેખાઈ ગયા, તો એના પર દયા ઊભરાય કે 'આ બીચારો દોષથી પીડાય છે, તો એના દોષ જાય તો કેવું સારું !' આ ક્યારે બને ? દૃષ્ટિ તો ગુણ જ શોધતી ફરતી હોય, અને એમાં કદાચ દોષ નજરમાં ચડી ગયો હોય ત્યારે ત્યાં ભાવદયા ઊભરાય કે 'આ દોષથી બચે તો સારું'

**આપવડાઈ ક્યાં ભૂલાવે ? :**

પરંતુ જો આપવડાઈની લાલસા બેઠી હોય તો એ લાલસા તો મનને એમ લગાડ્યા કરશે કે હું સારો કેમ દેખાઉં ?' એટલે સહેજે એ પોતાનું સારાપણું મનાવવા બીજા હલકા દેખાવાની વૃત્તિ કરાવશે; અને એવી વૃત્તિ સહેજે બીજાના



દોષ જોવા તરફ લઈ જશે. ત્યાં ક્યાં ગુણદૃષ્ટિ રહી ? ત્યાં તો દોષદૃષ્ટિ જ જાગતી રહેવાની. બીજાના દોષ જોઈને એની તરફ સૂગ અને એની હલકાઈ ગાઈ આપવડાઈનું પોષણ કરશે.

બોલો તમારામાં જાતવડાઈની લાગણી નથી ને ? બીજાઓથી હલકા નહિ સહી, પણ બીજાઓની સમાન દેખાઈએ, કિન્તુ અધિક નહિ, એવી વૃત્તિ રહે છે ? બીજા કરતાં પોતે સારો મનાવાની વૃત્તિ નથી રહેતી ને ?

**સારા બનવા-મનાવવામાં ફરક :**

**(૧) સારા બનવું એક ચીજ છે; (૨) સારા મનાવું એ બીજી ચીજ છે.**

સારા બનવાનો કોઈ નિષેધ નથી.

**(૧) સારા બનવાની વૃત્તિમાં** તો બીજાઓ પણ ભલે સારા બને એવી વૃત્તિ અંતર્ગત રહે છે. બીજાઓ સારા બંને એમાં પોતાને કાંઈ વાંધો નથી લાગતો.

**(૨) પરંતુ સારા દેખાવાની વૃત્તિમાં** તો બીજા કરતાં પોતે સારો છે એવું લોક માને એવો ભાવ રહેલો છે અર્થાત્ 'બીજાઓ હલકા દેખાય અને પોતે સારો દેખાય એ વૃત્તિ છૂપાયેલી પડી છે. એટલે સહેજે બીજાઓની હલકાઈ, બીજાઓના દોષ, ન્યૂનતા, જોવા તરફ લક્ષ રહેવાનું.

આપણા છૂપા દુષ્ટ ભાવને આપણે જોતા નથી, અગર ઓળખી શકતા નથી, એ મોટી કમનસીબી છે એટલે જ જીવનગાડું અનાદિની ચાલે ચાલ્યું આવ્યું ચલાવ્યે જઈએ છીએ. 'આપણી જાતને લોકમાં સારી દેખાડો' બસ આ જ એક લગની રહે છે. એ ભવાભિનંદીનું લક્ષણ છે.

**ભવાભિનંદી જીવને સારા બનવાની ધગશ કરતાં સારા દેખાવાની જ ધગશ બહુ.** પછી એ જોવાની ફુરસદ કે બુદ્ધિ નથી કે 'એમાં બીજાઓ કરતાં જો સારા દેખાવું છે તો ગર્ભિત વૃત્તિ રહેવાની કે બીજા હલકા, ન્યૂન, ઊતરતા દેખાય' એ વૃત્તિ છૂપી હોવાને લીધે જ બીજાઓના દોષ દેખવાની વૃત્તિ બની રહે છે. આની પોતાને ગમ પડતી નથી, પરંતુ હકીકત આ છે.

**બીજાના દોષ પર દૃષ્ટિ કેમ ?**

**પ્ર.-** બીજાના થોડા યા વધુ ગુણ તરફ દૃષ્ટિ ન જતાં એનો કોઈ દોષ દેખાય એના તરફ દૃષ્ટિ કેમ જાય છે ?

ઉ.- કહો,

**બીજાના દોષ જડવાથી પોતાને ગમતી આપવડાઈ પોષાય એ માટે નિમિત્ત મળી રહે છે.** 'બસ, આ દોષવાળો, હું એવો નહિ, હું સારો;' એ ભાવને પોષણ

મળે છે એટલે મૂળમાં આપવડાઈની ભરપૂર લાલસા હોય હું સારો દેખાઉં, સારો દેખાઉં' એ વૃત્તિ બની રહેતી હોય, એથી અંતરમાં છૂપી વૃત્તિ રહેવાની કે 'બીજાઓ ઊતરતા દેખાય; અને એનાં પોષણ માટે બીજાઓના દોષ જોવા તરફ દૃષ્ટિ રહેવાની; કેમકે ગુણ જુએ તો તો બીજા સારા લાગે, અને એમાં કાંઈ પોતે વધુ સારો દેખાય નહિ એથી આપવડાઈ શી રીતે જણાય ? ત્યારે 'લોક મારી આપવડાઈ કરે' એ વૃત્તિ તો કોટે વળગી છે; એટલે પછી જાતનો ગુણ અને બીજાનું ઊતરતાપણું લગાડવાની વૃત્તિ રહેવાની.

**આપવડાઈ અને દોષદૃષ્ટિથી નીચગોત્ર કર્મ :**

આમ, પર દોષદૃષ્ટિ આપવડાઈ પર પોષાય છે, અને આપવડાઈ ગાવી એ નીચગોત્ર કર્મ બાંધવાનું કારણ છે; તેથી જ પ્રશમરતિશાસ્ત્ર પરદોષ પરની હલકાઈ ગાવાને પણ નીચગોત્ર કર્મનું કારણ કહે છે.

**કર્મને ત્યાં કાયદો છે કે 'જે વસ્તુનો તમે ઉત્કર્ષ કરો, મદ કરો, વડાઈ હાંકો, પછી એનાથી પછી વંચિત થાઓ.'**

**બળની વડાઈ કરો** એટલે પરભવે બળહીન નિર્બળ બનવાનું. શ્રેણિક સમકિત પામ્યા પહેલાં હરણીનો શિકાર વગેરેમાં બળનો મદ કર્યો તો નારકીમાંની ભયંકર નિર્બળતા પામ્યા.

**ઊંચકુળનો મદ** કરો એટલે નીચ કુળમાં ષટકાવાનું. મરીચિએ એ વડાઈ ગાવાથી દેવાનંદાની કુક્ષીનું નીચકુળ જોયું. સમરાદિત્યના પહેલા ભવની અવાંતર કથામાં આવે છે કે પુરોહિત બ્રાહ્મણ વિભાવસુએ ધોબીની સામે ઊંચ કુળનો મદ કર્યો એટલે પછી મરીને એજ ધોબીને ત્યાંનો નીચ કુળવાળો કૂતરો થયો એમ,

**લાભનો મદ** કરો એટલે પછી લાભથી વંચિત બનો, સુભૂમ ચક્રવર્તીએ એવો મદ કર્યો એટલે મરીને સાતમી નરકમાં પડ્યો અને સર્વ લાભથી વંચિત બન્યો;

જેનો મદ કરો, જેની વડાઈ મગજમાં વસાવો, કર્મસત્તા એના જ નાલાયક બનાવે છે.

**મહાત્મા હરિકેશી કેવા ઊંચા ? છતાં નીચ જાતિમાં કેમ ? :**

**જાતિનો મદ** હરિકેશી મહાત્માએ પૂર્વ ભવમાં કરેલો, તેથી એ મદે એમને ઉચ્ચ જાતિ માટે અયોગ્ય બનાવ્યા; ને અહીં ચંડાળની જાતિમાં જન્મવું પડ્યું. જાતિસ્મરણ જ્ઞાનથી પ્રતિબોધ પામ્યા. પૂર્વ ભવનો ચારિત્રમાર્ગ યાદ આવ્યો, એને જ એક તરણતારણ ઉપાય સમજી, એ લેવા તૈયાર થયા. પરંતુ હીન જાતિના,



તેથી એમને દીક્ષા કોણ આપે ? છતાં પોતે જ સ્વયં ચારિત્ર સ્વીકારી કઠોર સંયમ-તપ-ક્ષમાદિની સાધનામાં લાગી પડ્યા. દેવતા તુષ્ટમાન થઈ ગયો અને એમનો ભક્ત અધિષ્ઠાયક બની ગયો. આ મહાત્મા યજ્ઞના વાડામાં ગોચરી માટે ગયા ત્યાં બ્રાહ્મણો એમનો તિરસ્કાર કરી લાકડીના પ્રહાર કરવા તૈયાર થઈ જાય છે. પેલા દેવતાએ બ્રાહ્મણોને ઊલટીઓ કરતા જમીન પર સુવાડી દીધા. ત્યાં યજ્ઞ કરાવનારની છોકરી મહાત્માની ક્ષમા માગે છે એટલે દેવતા બ્રાહ્મણોને સ્વસ્થ કરે છે. પછી ત્યાં મુનિ વેદના યજ્ઞનો અને બ્રાહ્મણ શબ્દનો સાચો અર્થ બતાવે છે એટલે બ્રાહ્મણો શુદ્ધ ધર્મ સમજે છે.

આવો પ્રતિબોધ કરનાર મહાત્મા હરિકેશી આત્માથી ગમે તેવા ઊંચા, છતાં પણ પૂર્વના જાતિમદના પ્રભાવે ઊભી થયેલ કર્મ સત્તાએ એમને ઉચ્ચ જાતિમાં જનમવા માટે નાલાયક બનાવ્યા, અને ચંડાળ જાતિમાં ઉત્પન્ન કર્યા.

**"દિવ્ય-દર્શન" - "પ્રવચન મહોદધિ" વર્ષ-૧૫,અંક-૪૩,તા.૮-૭-૧૯૬૭**

વિચારવા જેવું છે કે મહાત્મા હરિકેશી પૂર્વે કેવી સાધના કરીને આવ્યા હશે કે એમને અહીં ઝટ વૈરાગ્ય અને ચારિત્ર ઉદયમાં આવી ગયા ! ત્યારે સુસંસ્કરણ કેવુંક લઈને આવ્યા હશે કે અહીં સહેલાઈથી મહા સંયમ અને તપના સાધક બની ગયા ! તેમ પૂર્વની સાધનાનું પુણ્ય કેવુંક લાવ્યા હશે કે દેવતા સેવક થઈ ગયો.

તો હેં આવી પણ સાધનાની કર્મને શરમ ન પડી કે એમને ચંડાળની જાતિમાં જનમ આપ્યો ?

પણ કહો ને, મોટા તીર્થંકર ભગવાન મહાવીર-સ્વામીની પૂર્વ ભવની રાજવી શરીરે લાખ વરસની માસખમણના પારણે માસખમણ સહિત સંયમની સાધનાની પણ કર્મને શરમ ક્યાં પડી છે કે એમને માગણિયા કુળમાં ન ઊતારે ?

અશુભ કર્મ તો જાણે કહે છે કે 'તારી ધર્મસાધના સાચી, એનાં રુડાં ફળ તને મળશે, પરંતુ તારી પૂર્વની ભૂલનો હું પ્રતિનિધિ બેઠેલો છું તે શું તને સજા કર્યા વિના ખસું ?' સમજો છો ? શું સમજ્યા પ્રતિનિધિ એટલે ?

**આપણી ઝીણામાં ઝીણી પણ દરેક ભૂલ યાને દરેક દરેક ખોટા વિચાર, ખોટો શબ્દ, કે ખોટી કાયા-ઇન્દ્રિયોની હીલચાલ ઝટ પોતાના પ્રતિનિધિરૂપે અશુભ કર્મને ખડું કરી જ દે છે,** પછી ભલેને આપણને એ વિચાર કરવામાં કે શબ્દ બોલવામાં કશું ખોટું ન લાગતું હોય. આપણને એવા વિચાર-ઉચ્ચાર કરવામાં કાંઈ

ડર કે ચિંતા થતી નથી, પરંતુ અંદરખાને અશુભ કર્મરૂપ પ્રતિનિધિ ઝટ ખડા થઈ જ જાય છે !

**કેટલી જાતનાં કર્મ સર્જાય ? :**

કરમ પણ એક નહિ, અનેક જાતના અશુભ કરમ સરજાઈ જાય છે ! જ્યાં અશાતા-વેદનીય કર્મ ખડું થયું કે ત્યાં જ નીચગોત્ર કર્મનો પણ બંધ પડ્યો જ છે. સાથે અશુભ નામકર્મો દુઃસ્વર, દૌર્ભાગ્ય, અનાદેય, અપયશ, અપ્રશસ્ત વર્ણ-ગંધ-રસ-સ્પર્શ, વગેરે આવ્યાં જ હોય છે. ત્યારે જ્ઞાનાવરણ-દર્શનાવરણ-મોહનીય-અંતરાય કર્મો પણ તીવ્ર રસવાળા બંધાઈ જ ગયા હોય છે. અશુભ નરકગતિ કે તિર્યંચગતિમાંથી ગમે તે અનુરૂપ એકગતિ નામકર્મ ખડું થઈ જ ગયું હોય.

**દેખીતા એક અશુભ વિચાર-વાણી-વર્તનનો આ કેવો નતીજો ?** એના કેટલા કર્મ-પ્રતિનિધિ ખડા થઈ જાય છે ? અનેક જાતના ને ? ભલે ને વિચાર કોઈ જીવની હિંસાનો કર્યો, પરંતુ હવે એના પ્રતિનિધિરૂપે માત્ર અશાતા-વેદનીય કર્મ નહિ, કિન્તુ નીચગોત્ર, અશુભ નામકર્મો, વગેરે અનેક જાતના ઊભા થઈ જાય છે. એમ, ભલે વિચાર કે ભાષણ કોઈ મદનું કર્યું તેથી નીચગોત્ર કર્મ નામનો પ્રતિનિધિ ઊભો થવા સાથે અશાતાવેદનીય કર્મ, અશુભ અનેક પ્રકારનાં નામકર્મરૂપી પ્રતિનિધિઓ ખડા થઈ જ જવાના.

કર્મવિજ્ઞાન આ કહે છે કે એક આયુષ્ય કર્મ આખા જીવનમાં એક જ વાર અમુક સમય બંધાય, બાકી તો જીવનભર પ્રત્યેક સમયે જ્ઞાનાવરણ આદિ સાતેય કર્મ બંધાયા કરે છે. એમાં જે જોડલાં કર્મ છે, દા.ત. શાતા-અશાતા, ઊંચગોત્ર-નીચગોત્ર, સૌભાગ્યનામકર્મ-દૌર્ભાગ્યનામકર્મ, વગેરે, એમાંથી શુભકર્મ શુભભાવ વખતે જ બંધાય, ને અશુભ કર્મ અશુભ ભાવ વખતે જ બંધાય; ત્યારે જ્ઞાનાવરણ આદિ ચાર કર્મ જે ઘાતી કર્મ છે તે તો અશુભ જ છે, તેથી એ તો બંધાવાના જ. સવાલ થાય,

**શુભ ભાવમાં અશુભ જ્ઞાનાવરણાદિ બંધાય ? :**

**પ્ર.**- શુભ ભાવ વખતે પણ આ અશુભ ઘાતી કર્મ પણ જો બંધાય, તો તો અશુભભાવ કરતાં શુભ ભાવનાં ફળમાં ભેદ શો પડ્યો ?

**ઉ.**- ભેદ આ, કે શુભભાવ વખતે એ જ્ઞાનાવરણાદિ કર્મ મંદ રસવાળા બંધાય, તેથી એ રસના ઉદય વખતે એ જ્ઞાનાવરણ કર્મ વગેરે પોતાની જ્ઞાન રોકવા આદિની પ્રકૃતિ મંદ બતાવે; ને અશુભ ભાવથી બંધાયેલ એ જ્ઞાનાવરણ આદિ કર્મ તીવ્ર રસવાળા બંધાય; જેથી એના ઉદયમાં તીવ્ર પ્રકૃતિ દાખવવાનાં. શુભ ભાવ ને અશુભ ભાવમાં પણ તરતમતા ઘણી હોય છે એ હિસાબે કર્મપ્રકૃતિના



રસ વિષે પણ તીવ્રતા મંદતામાં ય તરતમતા આવવાની. જો શુભ ભાવ ઊંચી કોટિનો, તો શુભ કર્મનો રસ અધિક તીવ્ર નીપજવાનો; તેમ અશુભ કર્મ જ્ઞાનાવરણ આદિનો રસ અધિક મંદ બંધાવાનો. એમ જોરદાર અશુભ ભાવના હિસાબે એ અશુભકર્મનો રસ ભારે તીવ્ર તૈયાર થવાનો.

આ શુભ-અશુભ કર્મનું અને રસનું નિર્માણ સહેજે બની આવે છે. ત્યાં કોઈ જગત્કર્તા જેવાના પ્રયત્નની દરમિયાનગીરી નથી હોતી. જેમ તેલિયું કપડું વાતાવરણમાં પલોટાયે વાતાવરણની રજ એના પર ચોંટ્યા જ કરે તેમ આત્મા તેવા તેવા ભાવમાં પલોટાય કે તરત કર્મનાં પુદ્ગલો તેવા તેવા રસવાળા બની આત્મા સાથે એકમેક થાય છે. એ એના કાળે પાકે અને જીવને તેવા તેવા રસવાળી પ્રકૃતિના અનુભવ કરાવે છે. પ્રકૃતિ શી ? આ જ કે જ્ઞાન રોકવું, દર્શન રોકવું, શાતા કે અશાતા આપવી, યશ કે અપયશ ફેલાવવો, ક્રોધ થવો, અભિમાન થવું, વગેરે વગેરે;

સારાંશ, દિલમાં જે કોઈ શુભ કે અશુભ ભાવ કરાય એ તરત પોતાના કર્મરૂપી પ્રતિનિધિને ઊભા કરી દે છે એક ક્ષણનો પણ એમાં વિલંબ નથી કે 'અજાણ્યો અંધારામાં ભાવ પસાર થઈ ગયો અને કશું કર્મ ઊભું ન થયું,' એવું બનતું નથી. એટલે જ આ ધ્યાનમાં રાખવાનું છે કે ઝીણો પણ અશુભ ભાવ એના કર્મપ્રતિનિધિને ઊભા કરશે જ. તો પછી દિવસભર અશુભ ભાવો કેઈ પ્રકારના ચાલ્યા કરે એથી કેટલાં પાપકર્મના થોક ઊભા થયે જ જવાના ? અને દિલમાં એવા અશુભ ભાવ કરવામાં મહેનત તો કાંઈ ન પડી, તેમ એવા કેટલાય ઢગલાબંધ અશુભ ભાવ કર્યાનું તાત્કાલિક પ્રત્યક્ષ કશું પરિણામ આવ્યું નહિ. લૌકિક કોઈ લાભ થયો નહિ. પણ ઊભા થયેલાં પ્રતિનિધિરૂપ કર્મ જીવને કેટલીય વિટંબણાઓમાં ઘસડશે ! માટે જ આ સાવધાની જોઈએ કે આપણે ભારે જાગૃતિ અને ધરખમ પ્રયત્ન રાખી અશુભ ભાવ ઊઠવા ન જોઈએ, શુભ ભાવોમાં રમ્યા કરીએ, અને જાગવા જતા અશુભ ભાવને શુભમાં ફેરવી નાખીએ.

**પ્ર.**- પણ અનાદિનો અભ્યાસ અશુભ ભાવ કરવાનો પડી ગયો ત્યાં સતત શુભ ભાવ રાખવાનું કામ ક્યાં સહેલું છે ?

**ઉ.**- ગરજ જાગૃતિ અને પ્રયત્નથી વધુ સરળ છે. નહિતર મોક્ષમાર્ગ જેવી વસ્તુનો ઉપયોગ જ શો રહે ? ધર્મશાસનની સ્થાપના શા કામની કહેવાય ? પ્રભુએ ધર્મશાસન સ્થાપ્યું, ચતુર્વિધ સંઘ સ્થાપ્યો, મોક્ષમાર્ગ અને તત્ત્વદર્શન આપ્યાં, એ સમજીને જ સ્થાપ્યા-આપ્યા છે કે જીવ એની ગરજ કરે, ઉત્કટ અભિલાષી બને,

સાથે સાથે જાગૃતિ રાખે, ચિત્તસાવધાની રાખે, તેમજ એ તરફ શુભ યોગોનો પુરુષાર્થ કર્યે જાય, તો એ ગરજ, જાગૃતિ અને શુભ યોગોના સતત પ્રયાસ-અભ્યાસથી ભાવ શુભ થતા આવે, શુદ્ધ થતા આવે, ઉપયોગ નિર્મળ બનતો જાય.

**શુભ યોગો એવી ધગશથી સેવાય એ ઉપયોગને શુભ-શુદ્ધ કરતા આવે છે.**

**યોગથી ઉપયોગ શુદ્ધિ કેવી રીતે ?**

આપણે સમજતા હોઈએ કે આપણા હૃદયના ભાવ નિર્મળ નથી, ચોક્ખા નથી, મલીન છે. છતાં શુભ મનોયોગ યાને વિચારો સારા કર્યે જઈએ તો એની અસર ઉપયોગ પર પડે જ છે, ભાવ ચોક્ખા થતા આવે છે. તીર્થંકર ભગવાન વગેરે મહાપુરુષોનાં ચરિત્ર વાંચી કે સાંભળી એનું સ્મરણ કર્યે જઈએ કે 'પહેલાં એ કેવા હતાં, પછી એમણે શું શું કર્યું, કેવા કેવા પ્રસંગ બની આવ્યા એમાં એમણે કેવા કેવા સત્પરાક્રમ ખેડ્યાં,' આ સ્મરણ કરવા સાથે એની યુક્તિયુક્તતા અને પરિણામ પર વિચાર કરીએ તો એ વિચારણા ઉપયોગ યાને ભાવને ચોક્ખા કરતા આવે છે.

નાના બચ્ચાના રમતિયાળપણાના ભાવ નિશાળના ભણતરની પ્રવૃત્તિથી સુધરતા આવવાનો અનુભવ છે ને ?

માણસ રેઢિયાળ હોય પણ પરણીને લાવેલી સુશીલ સુસંસ્કારી પત્નીના વારંવારના મધુર પ્રેરક બોલ પર મન લગાવી વિચાર કરતો રહેવાથી રેઢિયાળગીરી સુધરીને પ્રૌઢતા વિવેક વ્યવસ્થિતતા આવે છે ને ?

તપ યોગનો અભ્યાસ કરતાં કરતાં ભાવ સુધરવાનો અનુભવ તો કેટલાયને થતો હોય છે ! પ્રારંભે તપના દહાડે ખાવાના વિચાર આવતા હોય છે; પરંતુ આગળ વધતાં વધતાં પારણાને બદલે નવા તપના ભાવ જાગે છે. વર્ધમાન આંબેલ તપની ઓળીઓ કરનારને પૂછો તો અનુભવ સાંભળવા મળશે.

સારાંશ, **અશુભ ભાવની ચાલ અનાદિની છતાં શુભ યોગોના અભ્યાસથી એમાં સુધારો થઈ શકે છે.** એમ સુધારો થયા પછી ક્યારેક અશુભ ભાવ જાગી પણ જાય, કિન્તુ એને શુભ ભાવમાં ફેરવી શકાય. શુભ વિચારો, શુભ વચનો, અને શુભ વર્તાવ વારંવાર ચાલુ રહે, સાથે 'કયા ભાવ શુભ ? કયા અશુભ ? કેવું ધ્યાન એ આર્તધ્યાન ? ને કેવું એ ધર્મધ્યાન ? વગેરેનું તત્ત્વજ્ઞાન મેળવતા રહીએ તો પછી અશુભમાંથી શુભ ભાવ બનાવવાની કળા આવડવાથી જ્યાં અશુભ ભાવ જાગવા જાય કે તરત એને શુભમાં ફેરવી નાખતા વાર નહિ.

**દુનિયામાં અનેક કળામાં પારંગત થાઓ છો; પરંતુ ખરેખરું તો આ અશુભ**



**ભાવોને શુભમાં ફેરવી નાખવાની કળામાં પારંગત થાઓ એ અત્યંત જરૂરી અને હિતકર છે.** પરલોકમાં જબરદસ્ત જવાબ આપે એમ છે. કળાબાજ માણસો ફાંકો રાખીને ફરે છે કે આ અમારી કારીગરીનું કામ કરવું એટલે રમતવાત. એમ આપણે આત્મવિશ્વાસ લઈને ફરીએ કે અશુભ ભાવને ઊઠવા જતાં જ શુભ ભાવમાં ફેરવી નાખવો એ અમારો હસ્તગત હુન્નર. પણ આ ત્યારે બને કે અનેકાનેક પ્રસંગોમાં તેવા તેવા અશુભ ભાવોને શુભ ભાવમાં ફેરવી નાખવાનો નિર્ધારિત અભ્યાસ ચાલુ રાખીએ, એની કળા શીખી લઈએ.

**પ્ર.- અશુભ ભાવોને શુભમાં શી રીતે ફેરવાય ?**

ઉ.- એ માટે પહેલાં શુભ ભાવના પ્રકારો સમજી રાખવા જોઈએ, અને એને ચિત્તમાં વારંવાર પલોટતા રહેવું જોઈએ. એ સારા અભ્યસ્ત થયા હોય તો પછી જ્યાં પ્રસંગ આવ્યો કે એમાંથી તેને યોગ્ય પ્રકારે અમલમાં લાવી શકાશે. શુભ ભાવના પ્રકાર અગર જાણતા જ નથી, કે જાણવા છતાં એ સારા અભ્યસ્ત નથી, તો પ્રસંગ આવતાં એ ઝટ ક્યાંથી સ્ફુરવાના ? માટે પહેલાં જાણો અને સાથે એનો અભ્યાસ ખૂબ કરો, વારંવાર એનો પાઠ-પુનરાવર્તન-રટણા કરો; જેથી અવસર આવ્યો કે તરત એ શુભ ભાવ સ્ફુરી આવે, ચિત્તમાં ચાલુ થઈ જાય.

હવે જુઓ **શુભ ભાવના પ્રકારો,**

મૈત્રી-પ્રમોદ-કરુણા-માધ્યસ્થ્ય આ એક પ્રકારના ૪ શુભ ભાવ છે.

**૧. મૈત્રીભાવ કેવો અને કેમ આવે ?**

કોઈ પણ જીવ પ્રત્યે વૈરભાવ કે દ્વેષભાવ નહિ, પણ સર્વ જીવો પ્રત્યે સ્નેહભાવ વાત્સલ્યભાવ એ મૈત્રીભાવ છે. જગત સાથેના પ્રસંગોમાં જીવને અજ્ઞાનતાવશ ક્યારેક દ્વેષ થઈ આવે છે; કિન્તુ હૃદયની એવી કેળવણી કરી લેવી જોઈએ કે એમાં ઊંડે ઊંડે જીવમાત્ર પ્રત્યે સ્નેહભાવ હોય, કોઈના ય માટે એવું ન સ્ફુરે કે 'આનું નિકંદન જજો, આનું બૂરું થજો,' અહિત થજો,' દુશ્મન માટે પણ એ ભાવ ન આવે. આપણું ભયંકર નુકસાન કરનાર હોય, આપણું વાટી નાખનાર હોય, વાળી ઝુડીને સાફ કરી નાખનાર હોય, છતાં એવી દુર્બુદ્ધી ધરનાર માટે આ સૂત્ર લગાડાય કે,

**'સવ્વે જીવા કમ્મવસ ચઉદહ રાજ ભમંત,'**

અર્થાત્ સંસારમાં ૧૪ રાજલોકમાં ભમતા જીવો કર્મથી જકડાયેલ હોઈ કર્મના ઉદયને પરવશ છે, એટલે મારા તેવા તેવા કર્મને લઈને મારે નુકસાની આવે, સહવાનું આવે, અને એ કર્મ જ બીજાને એવું કરવા પ્રેરે, એમાં બીજાનો શો

વાંક ? વાંક મુખ્ય પણે મારા કર્મનો જ છે. જીવનાં પોતાનાં બૂરાં કર્મ વિના એનું કોણ બગાડનાર છે ? તેથી દ્વેષ થાય તો પોતાનાં કર્મની પ્રત્યે થાય, કિન્તુ બીજા પ્રત્યે શા સારુ ?

વળી સામાનો વિચાર કરીએ તો એ પણ કર્મવશ છે, તેથી તેવાં તેવાં કર્મના ઉદયને લઈને બુદ્ધિ બગાડી રહ્યો છે. બીજાનું નુકસાન કરવાની દુર્બુદ્ધિ કરી રહ્યો છે. કષાયમાં ચડી રહ્યો છે ત્યાં પણ સહેજે સહેજે એ પોતે જવાબદાર નહિ, કિન્તુ એનાં કર્મ જવાબદાર છે. પછી એ વ્યક્તિ પર દ્વેષ શા માટે કરવો ? એનું બૂરું શા માટે ચિંતવવું ? જીવ-વ્યક્તિ પ્રત્યે તો સ્નેહભાવ રાખવો, ચિંતવવું કે એનું ભલું થાઓ, એને સદ્‌બુદ્ધિ સૂઝો, એ પાપના ગર્તામાંથી ઊંચે આવો, એ સુખી થાઓ, એનું કલ્યાણ થાઓ.'

મહાપુરુષો આવી મૈત્રીમાં ઝીલતા હતા તેથી ભયંકર ઉપસર્ગ કરવા આવનાર પ્રત્યે પણ દ્વેષ ન કેળવતાં બૂરું ન ચિંતવતા અને હિતની ભાવનાથી ભાવિત રહેતા. અપુનર્બંધક અવસ્થામાં આવેલા જૈનેતર જીવો પણ આ મૈત્રી-ભાવનામાં રમતા સાંભળવા મળે છે.

## એક સંતનો મૈત્રીભાવ

એક સંતની પરીક્ષા કરવા માટે એક ગૃહસ્થે એમને જમવા નોતર્યાં. પરંતુ જ્યાં એ ભોજનનો કોળિયો લઈ ખાવાની તૈયારી કરે છે, ત્યાં પેલા નોંતરનાર જજમાને કૃત્રિમ ચડભડાટ કર્યો; કહે છે 'ભામટા ! મફતનું ખાવા અહીં ચોંટ્યો છે ? ઊઠ ઊઠ, શરમ નથી આવતી અહીં બેસી રહેતા ?'

**અપમાન પછી સન્માન :**

સંતે જરાય મોં કે વચન બગાડ્યા વિના ત્યાંથી ઊઠીને ચાલવા માંડ્યું. થોડેક એ ગયા એટલે પેલો પાછળ દોડી સંતની આગળ જઈ ક્ષમા માગે છે; કહે છે, 'માફ કરજો, જરા મને ખોટો આવેશ આવી ગયો તેથી મેં વિવેક વિનાનું બોલી નાખ્યું. આપ તો સંત છો એટલે આપે સહન કરી લીધું. ધન્ય જીવન ! હવે પધારો પાછા, ભોજનનો મને લાભ આપો; નહિતર હું સંતની અવગણનાના ઘોર પાપમાં ડૂબી જઈશ. દયા કરો, પધારો જમીને જ જાઓ.'

**બીજી વાર અપમાન :**

સંતના દિલમાં પેલા પ્રત્યે અ-મૈત્રીભાવ જાગ્યો જ નહોતો કે જેથી કોઈ રીસ રાખે. એટલે પાછા વળી પેલાના ઘરમાં આવી ફરીથી જમવા બેઠા. પાછું જ્યાં જમવાનું શરૂ કરે છે ત્યાં વળી પેલો તાડૂક્યો. કહે છે, 'અરે નિર્લજ્જ ! વળી



ફેર પાછો હરામનું ખાવા ચોંટ્યો ? ઊભો થા, ઊભો થા, ચાલતી પકડ, નહિતર કાનપટ્ટી ઝાલીને બહાર ઘસડી જઈશ.'

**મૈત્રી-કરુણાથી ઉકળાટ ન ઊઠે :**

હવે સંતને ગુસ્સો ન ચડે ? શું એમ ન કહે કે 'અલ્યા નાલાયક ! હજી હમણાં જ રસ્તામાં શું શું કહીને કેવી કેવી વિનંતિ કરીને મને અહીં લઈ આવ્યો એ ભૂલી જાય છે ? ને હરામખોર ! આવા ઊંધા બોલ બોલે છે ?' પણ ના, મૈત્રી-કરુણાથી ભર્યા હૃદયવાળા સંતને કોઈ ઉકળાટ થયો નહિ. એ તો ઊઠ્યા, માંડ્યું ત્યાંથી ચાલવા.

વળી પાછો પેલો અધરસ્તે જઈ માફી માગે છે, પગે પડે છે, કાકલૂદી કરે છે, 'ક્ષમા કરો સંત ! મારા આવેશિયા મન સામે ન જુઓ, પધારો પાછા, ભોજન લઈ મને પાપીને કૃતાર્થ કરો, મારો ઉદ્ધાર કરો.'

**ત્રીજી વાર અપમાન :**

સંતના દિલમાં નીતરતો મૈત્રીભાવ વહી રહ્યો છે, કરુણા છે, તેથી પાછો આવી જમવા બેસી જાય છે. પેલો ભાવ દેખાડી પીરસે છે. પણ જ્યાં સંતે થોડુંક જમવાનું કર્યું ત્યાં પાછો જજમાન તડૂકે છે, 'અરે દુષ્ટ ! આ શો ધંધો માંડ્યો છે ! તારા બાપનું ઘર છે તે મફતિયું ચપાટવા બેસી ગયો છે ? જિંદગીમાં આ જ ધંધા માંડ્યા છે કે ગમે તેના ઘરમાં ઘૂસી જવું, ને ભોજનની લૂંટ ચલાવવી ? ભાગ ભાગ અહીંથી, નહિતર ડંડા મારીને બહાર ધકેલી દઈશ.'

**જીવ તો સારો પણ પ્રારબ્ધ ડાંડ :**

શું અહીં સંત ધીરજ ગુમાવે છે ? ના, એ તો શાંતિથી ઊભા થઈ ગયા, મનમાં કેવળ મૈત્રી અને કરુણાભાવને વહાવે છે તેથી કશો ઉકળાટનો બોલ નથી કાઢતા કે 'અલ્યા ! તેં આ શો ધંધો માંડ્યો છે ? મને વારે વારે કાકલૂદી કરી કરીને બોલાવે છે, ને પછી આવો આવો દુષ્ટ વર્તાવ કરે છે ? બસ, જા હવે સંકલ્પ કે તારે ઘરે પગ ન મૂકું.' ના આવું કશું બોલવાનું નહિ, કે વિચારવાનું પણ નહિ એ તો એક જ ચિંતા કે આ જીવ તો સારો છે, પરંતુ એનું ડાંડ પ્રારબ્ધ આમ કરાવી રહ્યું છે. એમાં એ બીચારો શું કરે ? એ તો દયાપાત્ર છે. એનું ભલું થાઓ. એનો આવેશ શાંત થાઓ.'

બસ, સંતે ઊઠીને ચાલવા માંડ્યું પેલાએ જોયું કે 'ખરેખર ! આ સંત તે સંત. એમની પરીક્ષા નકામી. સો ટચના સોનાને ગમે તેટલું તપાવો છતાં એ ઝાંખું ન પડે, એને તપાવ્યાથી શું ? પેલો જજમાન આવા સંતને ગમે તેટલા તાવે તેથી

કાંઈ એ પોતાની મૈત્રી-કરુણાભાવનામાંથી ચલિત થોડા જ થાય ? એ તો મનને હિસાબ નક્કી કરી રાખ્યું હોય છે કે,

**સંતના હિસાબ :**

(૧) જગતની વચ્ચે બેઠા છીએ એટલે સંયોગો તો ભાતભાતના આવવાના. પરંતુ આપણે એથી લહેવાઈ જવાનું નહિ, વિહ્વળ થવાનું નહિ.

(૨) આપણે જો એવી શ્રદ્ધા કરીએ છીએ કે 'જીવનમાં મૈત્રીભાવ અને કરુણાભાવ એ જ તારણહાર છે, જીવનું ઉત્થાન કરનાર છે,' તો એને મજબુત પકડી રાખવાના. સામા તરફથી આપણા પર આપત્તિ આવે, પીડા ત્રાસ-તકલીફ આવે, છતાં મૈત્રીભાવ જ રાખવાનો, અંતરમાં એના પ્રત્યે સ્નેહ-વાત્સલ્ય જ વહેતું રાખવાનું; પરંતુ દ્વેષ-વૈર-તિરસ્કાર નહિ કરવાના; કેમકે,

(૩) 'એ દ્વેષાદિ તો સ્વ-પરના મારક છે, અનેક જન્મોમાં ભટકાવનારા અને દુષ્કૃત્યોની પરંપરા ચલાવનારા છે.'

**ભાવી ભવોમાં સારા કે નરસા પાક ઊતરવાની ભઠ્ઠી આ ભવમાં ચડે છે.**

અહીં જે કાંઈ કરશો, એ એક ભઠ્ઠી ચડી સમજજો.

**નરસા પાકની ભઠ્ઠી :**

એક પણ અસત્ય વચન બોલ્યા, એ અસત્યની ભઠ્ઠી ચડી. પછી એના પાકરૂપે અનેક જન્મોમાં અસત્ય ઊતર્યા કરશે. સાવદ્યાચાર્ય એક વખત અસત્યમાં પરિણમનારું આયોજિત વચન બોલ્યા, તો ભઠ્ઠી ચડી. એના પરિણામે તીર્થંકર નામકર્મ ગુમાવી અનેક ભવોમાં રખડતા થઈ ગયા, જ્યાં અસત્ વચનોના પાક ઊતરતા જ ગયા.

**ચંડકોશિયા નાગે પૂર્વ ભવે ક્રોધની ભઠ્ઠી ચડાવેલી :**

ચંડકોશિકની હકીકત જાણો છો ને ? મૂળ, સાધુના ભવમાં એક વાર એક સાધુ ઉપર ગુસ્સે ભરાયા; આ ભઠ્ઠી ચડી. ભવાંતરોમાં, કહો જોઉં, એના પાક કેવા ઊતરતા ચાલ્યા ? તાપસના ભવમાં અને નાગના ભવમાં ગુસ્સાએ માઝા મૂકી. ગુસ્સાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ વધી ઊઠ્યા. સાધુના ભવમાં ગુસ્સાની ભઠ્ઠી ચડાવી ત્યારે તો દ્રવ્યથી એક સાધુ, ક્ષેત્રથી ૧૦ ડગલાં, કાળથી ૧૦ મિનિટ, અને ભાવથી બરડામાં એક ડુંકી લગાવી ચમચમ કરાવવું, એટલું જ આંધણ મૂકાયેલું. પરંતુ પછી એ ભઠ્ઠીના પાક કેવા ઊતરતા ચાલ્યા ? પછીના તાપસના ભવમાં ગુસ્સો, જે કોઈ એની વાડીનાં ફળ તોડે, એના પર વરસવા લાગ્યો. તે એટલી હદનો કે રાજકુમાર ફળ તોડતા દેખાયા તો એમને ફરસીથી લોહીલુહાણ કરવાના



પ્રયત્ન સુધી પહોંચ્યો ! ત્યારે ચંડકોશિક નાગના ભવમાં તો ગુસ્સો શું માણસ કે શું પશુપંખી, માત્ર એ નજરે ચડે એટલી વાર, તરત એનાં મડદાં પાડવા સુધી પહોંચ્યો. યાવત્ ત્રિલોકનાથ વિશ્વવત્સલ પ્રભુ મહાવીરદેવને પણ ઝેરી બટકું ભરી ખત્મ કરવાની ઈચ્છા સુધી ચડી ગયો. સાધુભવે ચડાવેલી ક્રોધભઠ્ઠીના આ કેવાક ભયંકર પાક ઊતર્યા કહેવાય ?

માટે જ જ્ઞાનીઓનો આ ઉપદેશ છે કે અહીં ભઠ્ઠી ચડાવતાં જ વિચાર કરો, અટકાવી દો એને; નહિતર એના કેઈગુણા દારુણ પાક ઊતરશે.

**આવશ્યક પાપમાં બચાવ મળે ? :**

ત્યારે વિચારો કે દિનભરમાં કેટકેટલી નરસા ભાવની ભઠ્ઠીઓ ચડતી હશે ! એમ, કેટલી દુષ્કૃત્ય-દોષોની ભઠ્ઠીઓ ચડતી હશે ! રાચીમાચીને, નિ:સંકોચ, નિર્ભયપણે એ બધું વાચિક-માનસિક-કાયિક નરસું સેવ્યે જાઓ, એ પ્રત્યેક ભઠ્ઠી ચડવારૂપ થાય છે. પછી ત્યાં બચાવ નથી ચાલી શકતો કે આ તો મારે સંસાર ચલાવવા અતિ આવશ્યક હતું. આવશ્યક હતું કે નહિ એ વાત રહેવા દે, તું એમાં રાચ્યોમાચ્યો ખરો ને ? દિલમાં કાંઈ સંકોચ રહ્યો નહિ ને ? પરલોકનો ભય ન તરવર્યો ને ? બસ પાપ આવશ્યક છે એમ માની લીધું પછી સંકોચ-બંકોચ, ભય-બય, કાંઈ રાખવાનું નહિ, એમ જ ને ? તો ત્યાં જ મલીન ભાવની ભઠ્ઠી ચડે છે.

''દિવ્ય-દર્શન'' - **''પ્રવચન મહોદધિ''** વર્ષ-૧૫,અંક-૪૪,તા.૧૫-૭-૧૯૬૭

**સંતની સ્વસ્થતા :**

પેલા સંત આ સમજતા હતા કે 'વૈર-વિરોધ દ્વેષ-ઇતરાજી, ભલે સામાની વારંવારની નાલાયકી જોવા પર કરી, પરંતુ એની ભઠ્ઠી ચડી તેના પાક અનેક જન્મો સુધી ભયંકર ઊતરવાના. તેથી કલ્યાણાર્થી માટે તો મૈત્રીભાવ જ આદરણીય છે.'

એટલે ત્રીજી વાર પણ જજમાને જમવાના અર્ધવચ્ચે સંતનો તિરસ્કાર કર્યો ત્યારે ય એમને જરાય ગુસ્સો કે વિહ્વળતા ન કરી, અને શાંતિથી ઊઠીને ચાલવા માંડ્યું. તો એમાં શું બગડ્યું પોતાનું ? તિરસ્કાર કરનારો અંદરમાં ઊકળી રહ્યો હોય, પરંતુ સંત પોતે તો શાંત અને સ્વસ્થ છે. **એમને જગતના જીવોની કર્મપીડિતતા પર કરુણા ઊભરાય છે કે અહો ! કર્મથી બીચારા કેવા પીડાઈ રહ્યા છે !**

હવે એ સંત જ્યાં શાંતિથી ચાલ્યા જાય છે ત્યાં પેલો જજમાન દોડતો જઈ પગમાં પડે છે, ને કહે છે,

'સંતમહાત્મા ! પાછા વળો, પધારો જમીને જાઓ. મારી ભયંકર ભૂલ હતી કે મેં જમતા આપનો તિરસ્કાર કર્યો.'

સંત કહે છે 'જો ભાઈ ! નાહક પાછું તને દુઃખ થાય એવું શા માટે કરવું ? હવે આગ્રહ રહેવા દે. તું પણ શું કરે ? પ્રારબ્ધની લીલા જ કોઈ એવી વિચિત્ર હોય છે કે ભલભલાને ભૂલાવી નાખે. તારો કોઈ વાંક નથી. તારા પર તો મને ખૂબ પ્રેમ છે. એટલા જ માટે હવે તને દુઃખનું નિમિત્ત ન આપવું, એ કારણે મારે આવવાની જરૂર નથી.

**જજમાનનો ઈકરાર :**

જજમાન જુએ છે કે મેં આમનો ત્રણ ત્રણ વાર તિરસ્કાર કર્યો છતાં આમના મનમાં જરાય રીસ નથી. માત્ર મને દુઃખ ન થવાના હિસાબે જ પાછા વળવાની ના કહે છે. ત્યારે હવે પરીક્ષામાં શું બાકી રહે છે ? કશું નહિ તો શા સારુ આમને મેં આટલી વિટંબણા કરી ? હું કેવો પાપાત્મા ?...' એમ વિચારતાં એની આંખમાંથી પાણી પડે છે. રોતાં રોતાં કહે છે,

'મહાન પુરુષ ! માફ કરજો મેં આપનો ત્રણ ત્રણ વાર તિરસ્કાર કર્યો. પરંતુ મને દિલમાં દુઃખ તો કશું હતું જ નહિ. આવેશ પણ મને નહોતો. મેં ઈરાદાપૂર્વક એ કહેલું; અને એનું કારણ એ, કે મારે આપની સજ્જનતા-સંતપણાની પરીક્ષા કરવી હતી. તેથી આ બધો ઢોંગ માંડેલો. આપ સરખા મહાન પુરુષની પરીક્ષા શી કરવાની હોય ? એ મારી મૂઢતા જ હતી, નાદાનિયત હતી. અને એમાં આપને મેં ભારે કષ્ટ આપ્યું, વિટંબણા કરી તે માટે પગે પડીને આપની વારંવાર ક્ષમા માગું છું. આપ તો સો ટચના સોના જેવા છો, સંત તે સંત. માટે મારા જેવા પાપીનો કાંઈક ઉદ્ધાર થાય એ માટે પાવન કરો મારું આંગણું, પધારો ભોજન લેવા.'

સંતને કોઈ રીસ તો હતી જ નહિ. સત્ય હકીકત સમજયા, પાછા વળ્યા, જજમાનના જમાડવાના ભાવ પૂરા કર્યા.

શુભ ભાવોમાં કયા કયા પ્રકાર આવે એની વિચારણા ચાલે છે. એમાં પહેલાં આ ચાર ભાવ, મૈત્રી વગેરે. એમાં આ મૈત્રીની વાત થઈ કે મૈત્રી યાને સમસ્ત જીવો પર નિઃસ્વાર્થ સ્નેહ વાત્સલ્ય હેતનો ભાવ હૃદયમાં અખંડ વહેતો રાખવાનો. બહુ મઝા છે એની; પણ અનુભવે સમજાય. પહેલપહેલાં ખાસ પ્રયત્ન કરીને અને પછી સહજ રીતે મૈત્રીભાવ જાગતો રાખવાનો. વા-વંટોળ આવે, પણ એને નંદાવા દેવાનો નહિ.



**મૈત્રીભાવના લાભ :**

(૧) મૈત્રીભાવથી આરોગ્ય પણ સુંદર સચવાય છે. દિલમાં જે માણસ દ્વેષ ધમધમાટ અસંતોષની લાગણી અનુભવે છે, એનું લોહી ઊકળે છે, લોહી વિકૃત થાય છે, વાયુની ગતિ વિષમ બને છે. પિત્તાશય બગડે છે. એના પર પાચન પણ બગડે અને આરોગ્ય પણ ઘવાય; તેમજ મન પણ અસમાધિમાં પડે, એમાં નવાઈ નથી. મૈત્રીભાવ આ અટકાવે છે. ત્યારે, (૨) આરોગ્યથી ચિત્ત સ્વસ્થ રહી સમાધિ સુંદર જળવાય એ સહજ છે. વળી (૩) મૈત્રીભાવ ઉપર જીવોના હિતની સારી વિચારણા થાય અને શક્ય પુરુષાર્થ થાય, એને અવકાશ રહે છે. આવા અનેકાનેક લાભ દેખી દિલમાં સુવાસિત મૈત્રીભાવ જ મઘમઘતો રાખવામાં અને દ્વેષાદિ દુર્ગંધિત પદાર્થને ન ઊઠવા દેવામાં આળસ કે આનાકાની કોણ કરે ?

## ૨. કરુણાભાવ કેવો અને કેમ આવે ?

**બીજો છે કરુણાભાવ.** કેવો મંગળમય એ ભાવ ! એ કરનારનાં પણ કર્મ તોડે, ને ઝીલનારને પણ ચિત્તની સમાધિ જગાવવા દ્વારા અશુભ કર્મબંધના થોકથી બચાવે. અલબત્ત આ વસ્તુ કરુણાભાવ સક્રિય બને અને સામા પર કરુણાનું કાર્ય કરે ત્યારે બને. પરંતુ એટલું ખરું કે જો દિલમાં કરુણાભાવ ન હોય, અને દ્વેષભાવ, તુચ્છતાનો ભાવ, યા કઠોરતા આવી જાય, તો એથી બહાર ભભૂકી ઊઠતા તેવા પ્રકારના બોલ કે વર્તાવથી સામાના દિલમાં કષાયની વૃદ્ધિ થાય, આર્તધ્યાન ચાલે, કદાચ રૌદ્રધ્યાન પણ જાગી જાય. માટે કરુણાભાવ રાખતાં સામાને આનાથી બચાવી લેવાનું થાય છે. એ પણ લાભ જ છે. આ તો પરની વાત.

**કરુણાનું મૂળમાં સ્થાન ક્યાં ? :**

પોતાની દૃષ્ટિએ કરુણાભાવ હૃદયને કોમળ રાખી ઊચ્ચ ગુણોને યોગ્ય ભૂમિકા સર્જે છે. દયાશૂન્ય કઠોર ભૂમિમાં ગુણો નથી આવતા, પણ દયાળુ કોમળ દિલમાં એ આવી શકે છે. એટલા માટે તો જીવ ચરમાવર્તકાળમાં આવી પહેલ પહેલો મોક્ષદૃષ્ટિ ગુણ અને બીજા ગુણ પામે છે; તેની ભૂમિકામાં સહજ મળના હ્રાસને કારણ તરીકે બતાવ્યો. અનાદિકાળથી જીવમાં રાગ-દ્વેષની તીવ્ર પરિણતિ ચાલી આવે છે એ સહજ મળ છે. એનું અ-ચરમ પરાવર્ત યાને છેલ્લાની પૂર્વેના પુદ્ગલ-પરાવર્ત કાળમાં જોર રહે છે. છેલ્લા પુદ્ગલ-પરાવર્ત કાળમાં એનો નોંધપાત્ર હ્રાસ થાય, જોર ઘટે. ત્યાં મોક્ષ પ્રત્યે દૃષ્ટિ જાગે, એને યોગ્ય ગુણો પ્રગટ થવા માંડે. આ સહજ મળનો હ્રાસ થયાનાં ત્રણ લક્ષણ કહ્યાં છે. એમાં પહેલું લક્ષણ **'દુઃખિત જીવો પર અત્યંત દયા'** છે. એ આવે ત્યારે સમજાય કે સહજમળ ઘટ્યો છે; અને

ત્યાં મોક્ષદૃષ્ટિ અને બીજા ગુણો પ્રગટવાની ભૂમિકા ઊભી થાય. આ સૂચવે છે કે દયા કરુણાભાવ કેટલો બધો જરૂરી પ્રાથમિક ગુણ છે ! પ્રશ્ન થાય કે,

**પ્ર.- કરુણા એ પ્રાથમિક જરૂરી કેમ ?**

**ઉ.-** ત્યાં આ વિચારવું જોઈએ કે એ ન હોય ત્યારે કઈ દશામાં આત્મા વર્તતો હોય ? કાં તો

(૧) એ અત્યંત સ્વાર્થરસિક હોય, જેથી એને બીજાનાં દુઃખ તરફ જોવાની વૃત્તિ જ નથી, ફુરસદ જ નથી, પરવા જ નથી. અથવા,

(૨) દિલ એટલું બધું ઘમંડમાં હોય કે દુઃખથી પીડાતા જીવો એને તુચ્છ લાગે છે, અધમ લાગે છે. જાણે 'એ માગણિયા એટલે ખોટા' એમ સમજી રાખે છે, એટલે દયાપાત્રતા જ એને દેખાતી નથી. અથવા,

(૩) અનહદ વિષયાંધતા હોય, જેથી ઇન્દ્રિયોના વિષયોમાં એટલો બધો આસક્ત લયલીન અને ડૂબાડૂબ છે કે એને તો એની જ ચિંતા અને લગની છે. ત્યાં પછી બીજા પર કરુણાનો ભાવ રાખવા જોગું એની પાસે હૃદય જ નથી. દેખાય છે આજે કે કેટલાક મોટા શ્રીમંતો પોતાના બંગલા મોટર વૈભવવિલાસમાં એટલા બધા ચકચૂર છે કે એમની નજરે ચડતા યા એમને કરગરતા દીન દુખિયારા માણસો પ્રત્યે દયા નથી, ઊલટું દ્વેષ છે, એમને ઘૃણા-સૂત્રની દૃષ્ટિથી જુએ છે. વિષયસુખોનો અંધાપો ચીજ જ એવી છે કે પરદુઃખની હમદર્દી જ ન થવા દે.

એટલે જો આત્મા અત્યંત સ્વાર્થરસિક હોય, યા બહુ ઘમંડી હોય કે અતિવિષયાંધ હોય, તો સહેજે એનામાં દયા કરુણા સ્થાન નહિ પામવાના.

**શ્રી પાર્શ્વનાથ ચરિત્રમાં** આવે છે કે રાજકુમાર લલિતાંગનો કહેવાતો મિત્ર નામથી **'સજ્જન'** પણ કામથી દુર્જન. કેવળ સ્વાર્થરસિક હતો તો એને નિર્દોષ એવા પણ સજ્જન લલિતાંગની જરાય દયા ન આવી, અને પ્રપંચથી એને શરતમાં હરાવી એની આંખો ખલાસ કરી. ધવલશેઠની કઈ દશા હતી ? એ જ; શ્રીપાળ પ્રત્યે જરાય એને દયા નહોતી; કેમકે એ અત્યંત સ્વાર્થરસિક હતો.

ત્યારે અતિઘમંડના દાખલા તો આજે બહુ જોવા મળે. કેટલાય નગરોમાં એવા અતિઘમંડી શ્રીમંત હોય છે કે જેમને શ્રીમંતાઈના તોરમાં દુઃખી સાધર્મિકોની ભક્તિ તો શું પણ દયા ય નથી આવતી. તો બીજા જીવોની દયાની વાતે ય શી ? **પાલક** અતિઘમંડી હતો, તે એને વૈર તો ખંધકસૂરિજી ઉપર હતું, છતાં એણે અતિ ઘમંડમાં એમની સાથેના ૫૦૦ મુનિઓને ઘાણીમાં નિર્દયતાથી પીલી નાખ્યા. કોઈ દયા ન આવી.



**એવું નમુચિએ કર્યું.** મહાપદ્મ ચક્રવર્તી પાસેથી વરદાનમાં સાત દિવસનું છ ખંડનું રાજ્ય માગી લઈ એક આચાર્ય પ્રત્યેના વૈરનાં કારણે અતિ-ઘમંડમાં સમસ્ત શ્રમણ સમુદાયને મારી નાખવા તૈયાર થઈ ગયો. ઘમંડ દયા ભૂલાવે છે.

**એમ અતિ વિષયાંધતામાં** ત્રિપૃષ્ઠ વાસુદેવે નિર્દયતાનાં કામો કરી સાતમી નરક સાધી.

સિંહગુફાવાસી મુનિ કોશા વેશ્યા પ્રત્યે અતિ વિષયાંધ બન્યા, તો એને રાજી કરવા ભર ચોમાસામાં વરસતા વરસાદે નેપાળ દેશમાં રત્નકંબળ ભેટ લેવા ગયા. મુનિ છતાં અસંખ્ય પાણીના જીવોની અને ચોમાસાના હિસાબે બીજા કેટલાય ત્રસ જીવોની દયા ગુમાવી.

**ધર્મ સગો ક્યારે થાય ? :**

અનાદિનો જટિલ સહજમળ ઓછો થયાનો વિશ્વાસ દયા વગેરે ત્રણ ગુણ પર ધરી શકાય; અને એ દયા કરુણાભાવ વિકસાવવા ઉપર થઈ શકે; પરંતુ એ માટે જુગજુની ખંધી સ્વાર્થપટુતા અહંત્વ અને વિષયાંધતા પર નિગ્રહ અજમાવવો જોઈએ. આ ત્રણ મહાવિકારો યથેચ્છ ફાલવા ફૂલવા દેવા છે, નિઃસંકોચ મહાલવા દેવા છે, એના પર થોડો પણ કાપ મૂકવો નથી, તો કરુણાભાવ સગો નહિ થાય. એ નહિ, તો ધર્મ ક્યાંથી સગો થવાનો ?

વિચારો, વિચારો, માનવ જેવો ઉચ્ચ ભવ મળ્યો અને પરમાત્માનું શાસન મળ્યું, ત્યાં તો જીવોની સાચી વિસ્તૃત ઓળખ મળી, અને હૃદય કૂણું કરી શકાય એવું પ્રાપ્ત થયું. હવે એક શ્રેષ્ઠ ઉચ્ચ માનવપ્રાણી તરીકે દુનિયાના દુઃખી જીવો પ્રત્યે કરુણાભાવ નહિ આવે તો શું કમાયા ? શાનું જીવન જીવ્યા ? ઢોરનું કે માનવનું ? જાતને થોડું પણ દુઃખ અપ્રિય લાગે છે, તો જગતના દુઃખિત જીવોને પણ એ કેવું અકારું લાગતું હોય ? શું એના પ્રત્યે કરુણા ન ઊભરાય ? દુઃખીને જોઈને દિલ દ્રવિત થાય નહિ ?

**વિશેષ કરુણાભાવ ભૂલ કરનારા જીવો, પાપી જીવો, અને કષાયમાં ચડેલા જીવો પ્રત્યે લાવવાનો છે.** જીવો બીચારા કર્મને પનારે પડેલા છે, મિથ્યાત્વ અને રાગાદિ આંતરશત્રુથી જિતાયેલા છે, એટલે ભૂલ કરે, અનુચિત આચરે, પાપ સેવે, કષાયમાં ચડે એ સ્વાભાવિક છે. ત્યાં દ્વેષ થાય તો કર્મ અને આંતર શત્રુઓની શિરજોરી ઉપર થાય, પણ બીચારા રાંક પરાધીન જીવ પર શા માટે થાય ? **એના પર તો કરુણાભાવ જ વહેતો રહેવો જોઈએ કે**

'આ બીચારાને કર્મ અને રાગાદિ શત્રુઓ કેવા પીડી રહ્યા છે ! બીચારો

જીવ, સ્વરૂપે વીતરાગ સ્વભાવવાળો અનંત જ્ઞાનનો ધણી, છતાં કર્મ અને મોહ એની ગલીચ સ્થિતિ કરે છે, અજ્ઞાન અને મૂઢ બનાવે છે હલકટ કૃત્યો કરાવે છે. બીચારાને પોતાનું સાચું આત્મસ્વરૂપ ઓળખાઓ, સદ્‌બુદ્ધિ જાગો, અને આંતર શત્રુ સામે માથું ઊંચકી એને કચરનાર બનો.'

આવી શુદ્ધ સ્વચ્છ કરુણા જો આપણા દિલમાં ઊભરાવીએ તો આપણું શું બગાડે ? શી હલકાઈ થાય ? કશું જ નહિ. એમાં તો દિલ પ્રફુલ્લિત સ્વચ્છ ઉદાર બને. ભલે ને સામાએ આપણું બાહ્ય કશું બગાડ્યું ય હોય, છતાં જો આપણે એની પાછળ સામાના કર્મની જોહુકમી અને આંતરશત્રુની શિરજોરી જ કામ કરતી જોઈએ, અને તેમાં સામા ઉપર વધારામાં નવી કર્મશૃંખલાઓની લદામણ નિરખીએ, ને એના પરિણામે સામાને ભવિષ્યમાં કેવી વિટંબણાઓ ત્રાસ અને પાપરક્તતા વેઠવી પડશે એ વિચારીએ, તો આપણા દિલમાં સામા પ્રત્યે સહેજે કરુણાભાવ ઊભો થાય. સામો જીવ બીચારો એ યાતનાઓથી અને આંતરશત્રુઓથી બચો એવી ભાવના તગતગે. આ ભાવકરુણા છે.

**દ્વિવિધ કરુણા :**

ભૂખ્યા-તરસ્યા-રોગી વગેરેનાં એ દ્રવ્ય દુઃખ પર હૃદય દ્રવે એ દ્રવ્ય કરુણાભાવ, અને ભૂલતા, પાપી, અધર્મી, કષાયી કે અસમાધિ-દુર્ધ્યાનમાં પીડાતા જીવોના એ ભાવદુઃખ ઉપર દિલ દ્રવિત થાય એ ભાવ-કરુણાભાવ કહેવાય.

## દ્રવ્યદયાનો હેતુ :પ્ર૧૫૬

દ્રવ્યદુઃખી પર દિલ દ્રવિત થવાનું કારણ એ છે કે એવો જીવ જ ભૂખ-તરસ-રોગ-મારપીટ વગેરેથી પીડાતો હોય છે, અને એથી અસમાધિનો ભોગ બને છે, એ પીડા આપણને હોય તો આપણે પણ સીદાઈએ છીએ અને અસમાધિ અનુભવતાં અશુભ કર્મ બાંધીએ છીએ અગર એ આપણને નથી ગમતું તો સહેજે બીજાઓને પણ એવી સ્થિતિ અપ્રિય લાગે જ. એના પ્રત્યે જો આંખમિંચામણા કરીએ, દિલ ન પીગળે, તો સહેજે કઠોરતા આવે. પછી એવું કઠોર દિલ દેવ-ગુરુભક્તિ અને ધર્મમાં ક્યાંથી ભળી શકે ? એકલી કાયા ભળે એની કિંમત નથી; દિલ ભળવું જોઈએ. દિલ તો જ ભળે કે એ કોમળ હોય, કઠોર નહિ. જેમ પરિગ્રહની અતિ મમતા મમ્મણ શેઠની માફક કઠોર બનેલ દિલના ધર્મમાં ભળવા નથી દેતી, તેમ દયાના અભાવે કઠોર બનેલ દિલ પણ ધર્મમાં ભળી ન શકે.

**આ જરાક સૂક્ષ્મ નિરીક્ષણ છે;** પણ હકીકત છે. બીજાનાં દુઃખ પર દિલ



પીગળે નહિ, તો એ કઠોર બને. આપણે કોઈ વીતરાગ નથી કે આપણને કોઈ રાગ દ્વેષના ભાવ જ ન જાગતા હોય. તો જયાંસુધી એ ભાવો જાગવાની સ્થિતિમાં બેઠા છીએ ત્યાં સુધી દુઃખીનું દુઃખ જોયા પછી સહેજે એના પર દયાનો પ્રશસ્ત રાગ આકર્ષણ થવું જ જોઈએ. એ જો નથી થવા દેવું, તો કોઈ સ્વાર્થ યા ઘમંડનો અપ્રશસ્ત રાગ ત્યાં જોર કરી રહ્યો છે એ નક્કી થાય છે; અને એ કઠોરતા છે. કઠોર દિલ બીજામાં ભળે ક્યાંથી ? એવું દિલ તો સ્વાર્થ, અહંત્વ કે વિષયોને સર્વેસર્વા અર્પિત થઈ ગયેલું હોય છે, સંપૂર્ણ ભળી ગયું હોય છે. એ તો એને થોડા પણ ઓછા કરે તો કોમળતા આવે ને દુઃખીની સહાનુભૂતિ દયા, કરુણા, દાન પરોપકાર ઉદારતા વગેરેમાં મન લાગે.

**કુમારપાળની કોમળતા :**

રાજા કુમારપાળ અઢાર દેશના માલિક હતા. એમને એટલા પ્રમાણમાં સૈન્યપ્રબંધ અને બીજા મોટા ખર્ચની જોગવાઈ જોઈએ એમાં પરાપૂર્વથી ચાલી આવેલ ધારા મુજબ કોઈ અપુત્રિયો મરે તો એનું ધન રાજ્યની તિજોરીમાં શાહજોગ આવતું હતું. પરંતુ કુમારપાળ ગાદીએ આવ્યા પછી જ્યાં પહેલો પ્રસંગ સામે આવ્યો, કરોડોના ધનના માલિક કૂબેર શેઠ અપુત્રિયો મરી ગયાના સમાચાર મળ્યા, અને મહાજન પણ કહે છે કે 'નામદાર ! એના ધનનો કબજો લો, પછી અમે એનું મૃતકાર્ય કરીએ.' ત્યાં જ રાજા વિચારે છે કે 'અગર આવો શ્રીમંત કૂબેર મરી ગયો તો એની માતા પત્ની વગેરેને કેટલું ભયંકર દુઃખ લાગતું હશે ? એમાં વળી રાજ્ય ધન લૂંટી લે તો દુઃખની સીમા જ ક્યાં રહે ?' આ વિચારે માત્ર કૂબેર જ શું, બીજો પણ કોઈ અપુત્રિયો મરે તો પણ એનું ધન લેવું એ મહા નિર્દયતા છે, મહા કઠોરતા છે, ઉત્તમ માનવભવના મહાકિંમતી દિલને વિનશ્વર તુચ્છ લક્ષ્મી ખાતર કચરો બનાવવાની મૂર્ખતા છે, એમ લગાડી દીધું. એટલે ત્યાં જ એમણે મનમાં પ્રતિજ્ઞા કરી લીધી કે 'કોઈપણ અપુત્રિયા મરનારનું ધન મને ખપે નહિ. એક ગરીબ માણસને પણ માત્ર એક બાપ હોય, પરંતુ આવું ધન ખાનાર રાજાને તો જાણે કેટલાય બાપ કરવા પડે ! કેમકે ધનનો વારસો તો દીકરો જ ખાય એટલે' જેનું ધન ખાય એ એનો બાપ બન્યો ગણાય.'

જુઓ એટલી મોટી ઉપાધિવાળા કુમારપાળનું કોમળદિલ અને કરુણા ! શી રીતે બન્યું ? સ્વાર્થને ઓછો કર્યો, તેમજ રાજવીપણાની સત્તાધીશતા અને કાયદેસર વર્તાવના ઘમંડને દબાવ્યો તો એ બન્યું.

આવું જો ન આવડે તો પશુ કરતાં ઊંચો કે અનાર્ય કરતાં ઊંચો આર્ય

મનુષ્યભવ પામીને શી વિશેષતા કરી ? રોટલા ખાવા ? માટીનું નાશવંત ધન ભેગું કરવા કે જે પાછું અવશ્ય મૂકીને જ મરવાનું ? બોલો બોલો શા માટે અહીં આવ્યા છો ? ધર્મ કરવા ? તો ધર્મ પણ અંતરમાં જાગ્યો હશે તો જ તે બહારનો ધરમ લેખે લાગશે; અને અંતરમાં જાગવા માટે ધર્મ સાથે અંતર ભળવું જોઈશે. એ વળી તો જ ભળે કે જો અંતર કોમળ હોય, ને કોમળ તો જ થાય કે કરુણાભાવનો ખપ થાય. એ ખપ કરવા નરી સ્વાર્થાંધતા, વિષયમૂઢતા અને નર્યો ઘમંડ ઓછો કરાય.

**નર્યો ઘમંડ ઓછો કરવો એટલે બીજાની મહત્તાને સ્થાન આપવું.** નર્યા ઘમંડમાં એ નથી અપાતું ત્યાં (૧) બીજાનો વિચાર જ નથી રહેતો; અથવા (૨) જો રહે છે તો હલકો જ વિચાર રહે છે; બીજાને હલકા તરીકે જ જોવાય છે.

(૧) જ્યાં બીજાનો વિચાર જ નથી રહેતો ત્યાં પોતાનું કામ કરવા ટાણે કે પોતાનો સ્વાર્થ સાધવા વખતે જાણે દુનિયા પર કોઈ એવો જીવ જ નથી કે જેને પોતાનો પણ કોઈ સ્વાર્થ હોય, કોઈ સુખ-કામના હોય, કોઈ દુઃખવેદના હોઈ દુઃખ ટળવાની ઇચ્છા હોય. આવું કશું જાણે છે જ નહિ બીજાને આવું હોવાનું જો મનમાં જ નથી, તો પછી એના અંગે વિચાર જ શાના આવે ? 'હું સામાના સ્વાર્થ-ઘાતમાં નિમિત્ત ન થાઉં, સામાનું સુખ હણાવામાં નિમિત્ત ન બનું, સામાને દુઃખ અગવડ કષ્ટ પહોંચે એવું ન કરું,' આવો કોઈ વિચાર જ નહિ, એની કોઈ ગણતરી જ નહિ. એ જાણે કશા જ લેખામાં નહિ ! લેખામાં માત્ર પોતાનો સ્વાર્થ અને પોતાની સુખસગવડ સાધવા યોગ્ય, અથવા પોતાનું દુઃખ કષ્ટ અગવડ ટાળવા જેવા ! લેખામાં મહત્તા એની, બીજાની કશી મહત્તા જ નહિ. આ દશા અભિમાનની છે, અહંત્વની છે. બસ, 'હું જ સુખી થાઉં, સુખ ભોગવું સગવડ ભોગવું, અનુકૂળ મેળવું, હું જરાય દુઃખમાં ન પડું;' 'હું' નો જ વિચાર મનમાં તરવર્યા કરે છે, મહત્ત્વ 'હું' નું જ લાગ્યા કરે છે. એમાં પછી નજર સામે બીજા આવે તો એમ થાય છે કે 'આપણે બીજાનું ક્યાં સંભાળવા બેસીએ ?...આપણે તે કેટલે પહોંચીએ ?... સૌ સૌનાં ભાગ્ય સૌની પાસે...આપણે આપણું જુઓ.' એમ 'હું' જ કિંમતી લાગે છે, મહત્ત્વનો ભાસે છે, એકજ સંભાળવા યોગ્ય લાગે છે. આમ બીજા જીવને મહત્ત્વ જ ન અપાય એ નર્યા ઘમંડની દશા છે.

(૨) વળી, જો બીજાનો વિચાર આવતો હોય તો પણ એવું બને છે કે ત્યાં જાતના ઘમંડને લીધે સામો હલકો ભાસે છે. એનો કોઈપણ દોષ દૂષણ ખામી આગળ કરીને પછી 'એ વળી શાનો દયાપાત્ર, શાનો મદદ કરવા યોગ્ય, શાનો ભક્તિપાત્ર ?' એમ એને હલકી નજરે જ જોવાનું થાય છે. એટલે જો સામાને કશું



મહત્ત્વ જ ન આપવાનું હોય, પછી એના કોઈ પણ ભલાનો વિચાર આવે જ શાનો ? નીતરતું ઘમંડ અહંત્વ જાતની જ મહત્તા લગાડે છે, બીજાની લેશ પણ નહિ.

જીવન કેવું જીવી રહ્યા છો એ તપાસો. એમાં જોવા જેવું છે કે 'આપણી પ્રવૃત્તિ વખતે બીજાનો વિચાર કેટલો, બીજાને કષ્ટ-દુઃખનું નિમિત્ત ન બનીએ બીજાને પણ ભલું થવામાં નિમિત્ત બનીએ, એ જાગૃતિ કેટલી રહે છે ? કુટુંબના માણસ પર ગુસ્સો કરી એને દબાવી દેતાં જાતની વડાઈ તો સ્થાપિત થાય, પરંતુ સામાના દિલમાં ક્લેશ-કંકાસ-અસમાધિ અને દુર્ભાવ પેદા થાય છે એનો વિચાર જ પોતાને ક્યાં કેટલો રહે છે ?'

**'સમરાદિત્ય'ના ત્રીજા ભવમાં** પોતે શિખીકુમાર એક મંત્રીના પુત્ર છે. પોતાની માતા જાલિની દુશ્મન બનેલ અગ્નિશર્માનો જીવ છે. એ પતિને કહે છે કે 'આ ઘરમાં કાં તો શિખી રહે, કે કાં હું રહું. એ હશે તો હું નહિ રહી શકું.' શિખીકુમાર ખાનગીમાં સાંભળી જાય છે, ને અનુકંપાભાવથી એ જ વિચારે છે કે અગર માતાને મારા નિમિત્તે દુઃખ થતું હોય તો મારે અહીં રહી એવા નિમિત્ત બનવાનું શું કામ છે ? હું ચાલ્યો જાઉં, ભલે એ સુખે રહે.' બસ, આટલું વિચારી એ ત્યાંથી ઘર છોડીને ચાલ્યો જાય છે.

શિખીને પોતાને ઘરમાં રહેવું છે, પણ બીજાનો વિચાર મૂકી દઈને નહિ. પિતાનો પોતાના ઉપર અનહદ પ્રેમ અને સદ્ભાવ છે, માતા કરતાં ય વધુ, છતાં આ ઉત્તમ કરુણાભર્યા જીવને માતાને દુઃખ થવામાં નિમિત્ત બને એવો પોતાનો અહીં વાસ પસંદ નથી તેથી એ ઘર છોડી ચાલ્યો જાય છે.

દિલમાં ઘમંડ અહંત્વ ઓછા હોય અને એ ઓછા અહંત્વે ભલે જાતનું થોડું મહત્ત્વ લાગે, પણ સાથે સાથે બીજા જીવનું ય પોતાને મન મહત્ત્વ લાગે, તો બીજાનો ભલો વિચાર જરૂર આવે.

શિખીકુમારના આત્માની એ સ્થિતિ છે, એમાં બીજા જીવ તરીકે તો વળી માતા જ છે. એટલે તો એનાં દુઃખનાં નિવારણનો વિચાર જરૂર આવે,

**પ્ર.**- પણ એ માતા તો દુશ્મન છે ને ?

**ઉ.**- માટે જ એવા જીવ પ્રત્યે પણ ભલાઈનો વિચાર એ મહા ઉત્તમતા છે, દુશ્મનની પ્રત્યે દુશ્મનાવટ અને કઠોરતાનો વિચાર તો અધમ માણસ પણ કરે છે, પશુ પણ કરે છે, ત્યારે આપણે પણ એ કરીએ એમાં ઉત્તમતા ક્યાંથી ગણાય ? સુઘડ માનવતા ક્યાં રહે ?

ઘમંડ જ મારે છે; દુશ્મન માટે તો મનમાં જરાય સારો વિચાર પ્રવેશવા નથી દેતો; એનું લેશ પણ મહત્ત્વ આંકવા નથી દેતો; કેમકે જ્યાં બીજાનું ય મહત્ત્વ ન આંકવા દે, 'બીજાને મારા નિમિત્તે કષ્ટ ન પડો' એવો વિચાર ન આવવા દે, બીજાનાં ભલાંનો કોઈ હિસાબ માંડવા દે નહિ, ત્યાં દુશ્મન માટે તો શી ય વાત ? એટલે જ અનંતી પુણ્યરાશિ ખરચી પ્રાપ્ત કરેલ આ માનવભવ અને અનુકૂળ સંયોગોમાં કાંઈ નક્કર સદ્ધર સાધી જવું હોય તો જાતના ઘમંડને જર્જરિત કરો, બીજા જીવોનું મહત્ત્વ આંકો, દુશ્મનનું પણ મહત્ત્વ આંકવાનો પ્રયત્ન કરો, એમાં આડે આવતા ઉચ્છ્રંખલ કષાયપીડિત મન પર નિયંત્રણ મૂકો, કહી દો એને

'બેસ, બધું તાર્યું ધાર્યું નહિ થાય; હવે મેં ભગવાન અરિહંતદેવને માથે ધર્યા છે તેથી એમના સેવકપણાની લાયકાત મારે રાખવાની જ છે. મન ! તું તો મારું સેવક છે, સ્વામી નહિ, મારા આદર્શને અનુકૂળ જ તારે વર્તવાનું . માટે કષાય હેઠા મૂક. ઉપશમને ભજ. કષાયોમાં તો અનાર્યો અને પશુનું મન પણ મહાલે છે; તું શાનું એમાં મહાલે ? જગતમાં જેમ કષાયનું એક જીવન હોય છે એમ ઉપશમભાવનું પણ જીવન છે. મારે તે ખપે.'

મનને આ પ્રમાણે કહી એના પર અંકુશ મૂકી દો, પછી એ મન દુશ્મનનું પણ મહત્ત્વ આંકવા આડે નહિ આવે; જાતના ઘમંડને અમર્યાદિત નહિ ફાલવા ફૂલવા દે; મનના ભાવ નિરહંકાર નમ્રતા મૃદુતા અને લઘુતાભર્યા બની જશે. કરુણાભાવ વધુ ને વધુ જાગતો રાખવાથી આ બની શકે, તેમ મન પર અંકુશ મૂકી ઘમંડ-અહંત્વ-જાતવડાઈને દબાવીને બીજાનો વિચાર ઊભો રાખવાથી મૈત્રી-કરુણાભાવ જાગતા રહી શકે. એ માટે એ લક્ષ રહેવું જોઈએ કે,

'હું કોણમાત્ર ? હું તો અનંતા કર્મની બેડીઓથી જકડાયેલો, અનેકાનેક પ્રકારના કર્મથી પીડાતો, અનંતા રાગ-દ્વેષ, હર્ષ-શોક, ભય-દીનતા, મત્સર-અસૂયા વગેરે દોષો અને એની વાસનાઓનો ભરેલો, અનેક દુષ્કૃત્યોને આચરનારો, મારે વળી અહંત્વ શા ? ક્યાં એ દોષમુક્ત અને કર્મમુક્ત પરમાત્મા અને ક્યાં હું ? ક્યાં એ મહાગુણસંપન્ન અને મહાન સુકૃતોના આચરનારા ઉત્તમ પુરુષો અને ક્યાં હું ? હું તો રોગ અકસ્માત વગરેનો શિકાર, અને મૃત્યુને અવશ્ય પામનારો, તેમજ મારામાં તેવા ગુણો અને સુકૃતોના ય ભલીવાર નહિ; તો મારે શા અહંત્વ ને શી મોટાઈ ?



આમ લક્ષ જાગતું રાખવાથી જાતનું મહત્ત્વ, જાતની વડાઈ જાતનું અહંત્વ દબાશે. એથી બીજાને મહત્ત્વ આપવાનું સરળ બને. એટલે બીજાને તકલીફમાં નિમિત્ત ન બનવાનો, બીજાને ઉપયોગી થવાનો ને બીજાની આપત્તિમાં સહાનુભૂતિ દાખવવાનો અવકાશ રહે. ત્યાં કરુણાભાવ સહેલાઈથી ઊભો થાય, જાગતો રહે. ........... **શુભ ભાવમાં રમતું મન એ ભવ્ય પુણ્યોપાર્જનનું એક સુંદર ચાલુ યંત્ર છે.**

## ૩. પ્રમોદભાવ

ત્રીજો શુભ ભાવ પ્રમોદભાવ છે. જેમ મૈત્રીભાવથી સૌ જીવના પ્રત્યે સ્નેહભાવ, અને કરુણાભાવથી દુઃખી કે પાપી જીવના પ્રત્યે દિલની કરુણાનો પરિણામ જાગતો રાખવાની જરૂર છે, એમ પ્રમોદભાવથી સુખી કે ગુણિયલ જીવ પ્રત્યે ઈર્ષ્યા ન સેવતાં તોષ હર્ષ-આનંદનો ભાવ જાગતો રાખવો જરૂરી છે.

જીવની આ અનાદિ કુટેવ છે કે બીજાનું સારું સહન ન થાય. પોતાને જોઈતું મળ્યું હોય, છતાં બીજાને અધિક કેમ મળ્યું એમ કરી બળતરા થાય છે. પોતે ગુણિયલ હોય, પરંતુ બીજામાં એવા ગુણ હોવાની કોઈ પ્રશંસા કરે તો તે સાંભળી બળવાનું થાય છે. અરે ! પ્રશંસા તો દૂર, પણ એક ગવૈયો કે ગાયક મંડળી બીજા ગવૈયા કે ગાયક મંડળીને સહન નથી કરી શકતી. એક વિદ્વાન બીજા વિદ્વાનને જોઈ રાજી અને ગુણાનુરાગી થાય તો તે અપવાદરૂપ; બાકી તો અસૂયા આવી જાય છે. એક શ્રીમંત બીજા શ્રીમંતની શ્રીમંતાઈ પર અંદરખાને અસહિષ્ણુ બને છે.

એવી જીવની આ પણ એક કુટેવ છે કે કોઈનો પણ દોષ જોતાં એના બીજા ગુણોને સાવ ભૂલી જાય છે, અને દોષ પર ઘૃણા સાથે નિંદા કરવા મંડે છે. ઉપાધ્યાય માનવિજયજી મહારાજ કહે છે,

**'કરત પ્રશંસા સબ મિલ અપની, પરનિંદા અધિકેરી...'**
**ક્યું કર ભક્તિ કરું પ્રભુ તેરી.'**

શું છે આ બધું ? પ્રમોદભાવની ખામી અને ઈર્ષ્યા-અસૂયા-દોષદૃષ્ટિ વગેરેની બોલબાલા.

**ઈર્ષ્યાથી જુઆરાનાં નુકસાન :**

ત્યારે, જોવા જેવું છે કે આ કુટિલ દોષથી માણસ કેવાં નુકસાન વહોરે છે. સગા ભાઈ-ભાઈમાં ઈર્ષ્યા થવાથી જુઆરા માંડે છે, તેથી (૧) એકબીજાની અગવડમાં સગા ભાઈની હુંફ નથી મળતી; (૨) ખર્ચા વધે છે; (૩) સમાજમાં ભારબોજ

ઓછો પડે છે; (૪) સ્વતંત્રતા એટલે કે સ્વચ્છંદતા પોષાય છે; (૫) નવી પ્રજાને એવું જ જોવા મળે છે. તેથી એનામાં સારું સંસ્કરણ નથી થતું; (૬) બાઈઓમાં છૂટછાટ વધે છે; (૭) ઉભયની વિલાસિતા વધે છે;...આવાં આવાં તો કેટલાંય નુકસાન થાય છે. મૂળ કારણ શું ? ભાઈ-ભાઈ વચ્ચે ઈર્ષ્યા, યા દેરાણી-જેઠાણી વચ્ચે ઈર્ષ્યા. બાપ પ્રત્યે દીકરાનું પણ આવું બને છે. એમાં ય કારણ શું ? આવું જ કાંક કે 'બાપે બીજા દીકરા પ્રત્યે વધુ રાગ કેમ દેખાડ્યો ?' એની ઈર્ષ્યા; અગર સાસુ-વહુ વચ્ચે ઈર્ષ્યા. પ્રમોદભાવનો ખપ નથી એટલે આવું જ ચાલે.

**ઈર્ષ્યાનો પ્રારંભ :**

ઈર્ષ્યાનો માર્યા કોઈ કોઈનું સહી લેવા, ખમી ખાવા, પોતાના હૈયામાં સમાવી દેવા તૈયાર નથી. 'હું તો સારું કમાઉં, પણ બીજો મારાથી કેમ આગળ વધે ?' એ અસહિષ્ણુતા જાણે જીવતી જાગતી ! ને કદાચ પછી બીજો પૈસા ગુમાવી નાખે તો તે જોઈ ઈર્ષ્યાળુને આનંદ થાય છે.

**પ્ર.**- આવી ઈર્ષ્યાનું કારણ કાંઈ ?.

**ઉ.**- કારણ શું પૂછવું હતું ? બાળપણથી એ અભ્યાસ છે. માતાએ એક બાળકને જરાક સારું કાંક દીધું કે એનું જ બીજું બાળક એ સહી લેવા તૈયાર નથી; એ લડે છે, ધમપછાડા કરે છે. જો સગા ભાઈ માટે પણ આમ, તો પછી બીજા પ્રત્યે તો ઈર્ષ્યા ક્યાંથી રોકી શકે ? પ્રમોદભાવ વિના ઈર્ષ્યા અટકાવી શકાય નહિ.

**ઈર્ષ્યાની પાછળ બીજા કેટલાં પાપ ઊભા થાય છે !**

અભયા રાણીને ઈર્ષ્યા થઈ કે 'આ સુદર્શન શેઠ કપિલા બ્રાહ્મણીને પોતાના પરસ્ત્રીત્યાગના ગુણ પર શાનો બનાવી જાય ? આ એને હું આમ એ ગુણ મૂકાવી દઉં ! મારાં રૂપ-લાવણ્યથી લચબચતા દેહના એકાંતમાં હાવભાવ આગળ એનું બીચારાનું શું ગજું ?'

છે ને ખતરનાક ઈર્ષ્યા ? 'મૈં મરું પણ થને (તને) રાંડ કરું' એવી ઝેરી લેશ્યા એ જગાવે છે. આ અભયા રાણી પોતે ભ્રષ્ટ થઈ પવિત્ર સુદર્શનને પતિત કરવા ધારે છે. સખી કપિલાએ એને કહ્યું કે "મારા પતિના મિત્ર સુદર્શનને તો મેં ઘરે ખાનગીમાં બોલાવી ધારેલું કે હું એની સાથે આનંદ લૂંટીશ. પણ એ તો કહે હું તો નપુંસક છું.' તેથી મેં એને જવા દીધા." આ સાંભળી અભયાએ પ્રમોદભાવથી કહેવા જેવું હતું કે 'વાહ, સરસ ! એ ખરો સદાચારી કે તારા જેવી રમણી સામેથી ઊઠીને માગે છે છતાં એ ન લોભાયો. ધન્ય એને.' પરંતુ પ્રમોદભાવ લાવે ક્યાંથી ? અનાદિની સુઅભ્યસ્ત ઈર્ષ્યા હૈયાને સળગાવે ત્યાં પ્રમોદને અવકાશ શો ?



**હવે જુઓ કે અભયારાણી એક ઈર્ષ્યા પાછળ કેટકેટલા દોષો માથે કરે છે ?**

(૧) અભયારાણીએ પહેલો તો પોતે દુરાચાર ઈચ્છ્યો. આ કેટલો મોટો દોષ ?

(૨) બીજું સુદર્શન જેવા પવિત્ર માણસને પતિત કરવા ઈચ્છ્યું. એ પણ કેવી ક્રૂર લાલસા ?

(૩) એણે વળી એ પહેલાં કપિલાને કહ્યું 'અરે ભોળી રે ભોળી ! એ તો તને બનાવી ગયો. ઉદ્યાનમાં તેં એના છોકરા નથી દેખ્યા ?' આ સામાનું દુરાચારમાંથી બચવાનું રહસ્ય ખુલ્લું પાડ્યું.

(૪) પાછી કપિલાની દુરાચારની વૃત્તિ ઉપર ઠપકો આપવાને બદલે આડકતરી અનુમોદના કરે છે એ પણ દોષ.

(૫) ત્યારે કપિલા કહે છે 'તે તું મને ભોળી કહે છે, તો પછી તું ય વળી કઈ ચાલાક છે કે એને ફસાવે ?' ત્યાં અભયા કહે છે, 'એમ ? તો મારી ચાલાકી તને બતાવીશ.' આ શું કર્યું ? આપબડાઈનો દોષ સેવ્યો. ઈર્ષ્યા કાનપટ્ટી ઝાલીને જીવને અનેક દોષોમાં ઘસડે છે. હજી જુઓ આગળ.

(૬) હવે અભયા, બિલાડી ઊંદર પકડવા સતત કાળી લેશ્યા કરે એમ, સુદર્શનને ફસાવવા અને પતિત કરવા ચાલુ કુટિલ લેશ્યા કરી રહી છે. આ પણ ઈર્ષ્યા પાછળનું ભયંકર પાપ-લંગર છે. જીવ ખરેખર પાપસેવન તો કરશે ત્યારે કરશે, પરંતુ એની જે લગની રખાય છે તે સમયે સમયે પાપકર્મ બંધાવ્યા જ કરે છે, અને કુસંસ્કારનો જથ્થો વધાર્યા કરે છે.

**ચોરી-છુપકીથી કરાતા દુષ્કૃત્યો પૂર્વે જીવ સતત સમયે સમયે ભારે પાપકર્મ બાંધ્યા કરે છે અને કુસંસ્કારોનો સંચય વધાર્યા કરે છે.**

આનું કારણ આ જ, કે કામ ચોરી-છૂપકીથી કરવું છે એટલે મન તાક્યા કરે છે કે ક્યારે લાગ મળે ને આ કરું. સંભવ છે કે કલાકો સુધી કે દિવસો સુધી એ કરવાનો યોગ ન મળે; છતાં જીવની દશા કઈ ? એ જ લગની ચાલુ કે 'ક્યારે, ક્યાં, કેમ, લાગ મળે ને આ કામ કરું.' આ લગનીમાં અશુભકર્મના અને કુસંસ્કાર ઉપાર્જવાના લંગર ચાલુ રહે એમાં શી નવાઈ ? રેઢિયાળ જીવનમાં પાપનો ભય નહિ એટલે આવાં કેટલાય અશુભોપાર્જનનો હિસાબ નથી દા.ત. ચોરીથી પૈસા ઉપાડવા કે ચીજ-માલ-ઉપાડવાની યા ચોરીથી સારું સારું ખાઈ લેવાની બુદ્ધિમાં રમવું, દુરાચારની વૃત્તિ રાખવી, કોઈની નિંદાની કે ચાડીચુગલીની આતુરતા રાખવી. કોઈનું બગાડવાની યા હલકો પાડવાની તક શોધ્યા કરવી, ખાનગીમાં દુષ્ટ કાર્ય

કરવાની લગની રાખવી,... આવી બધી બુદ્ધિ-વૃત્તિ આતુરતા-લગનીમાં અસંખ્ય સમય સતત ચીકણાં કર્મબંધ અને ભયંકર કુસંસ્કારવર્દ્ધન ચાલુ રહે છે. એના પરિણામે ભાવી ભવોમાં કેવા દારુણ વિપાક ભોગવવાનું થાય ? અભયા રાણી આ દોષમાં ડૂબી; કેમકે હવે એને સુદર્શનને પોતાની સાથે દુરાચારમાં લેવો છે, અને એ માટે પેંતરો ગોઠવવો છે. ઈર્ષ્યા પાછળ આ પણ ભયંકર દોષ ઊભો થાય છે.

(૭) વળી અભયાને આ કામ ખાનગીમાં કરવું છે તેથી માયા-પ્રપંચ ઊભો કરે છે. આ પણ મોટો દોષ ઈર્ષ્યા ઊભો કરે છે. અભયા એ માટે ખાનગી માણસ દ્વારા સુદર્શનનો એકાંત ક્યાં મળે એ તપાસ કરાવતાં શોધી કાઢે છે કે એ ચતુર્દશીના રાત્રિપોષધમાં શૂન્ય ઘરમાં કે નગર બહાર ધ્યાનમાં ઊભા રહે છે. એ પરથી સુદર્શનની કાયા-બરાબર સોને રસ્યું ધાતુનું પૂતળું તૈયાર કરાવી એને ચૌદશની રાતે માણસો પાસે બહારથી કપડે ઢાંકી પોતાના આવાસમાં મંગાવે છે. સંત્રીએ દરવાજે રોકતાં માણસો ખોલી બતાવી કહે છે 'આ તો આજે મહારાણી સાહેબને કામદેવની પૂજા કરવા માટે લઈ જઈએ છીએ. સંત્રીએ લઈ જવા દેતાં અંદરથી થોડી વારે પૂજા કરેલું એ પૂતળું બહાર લાવી ગામ બહાર લઈ જઈને ધોઈ કરી પાછું લાવે છે. ફરી પાછા પહેરગીરે પૂછતાં એ જ બતાવે છે અને અંદર લઈ જાય છે. વળી બહાર જાય છે. એમ ૩-૪ વાર કરતાં પહેરગીરો હવે પૂછવાનું કરતા નથી, એટલે સુદર્શન શેઠને કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઊભેલાને આખા ને આખા ઊપાડી કપડે ઢાંકી મહેલમાં લઈ આવે છે, ને રાણીના આવાસમાં ઊભા કરી દે છે.

અહીં એક વસ્તુ જોવાની છે કે રાજા-રાણીના સૂવાના આવાસ જુદા રહેતા હશે તેથી જ રાણીને એકાંત મળે છે. એ પૂર્વ કાળની પતિ-પત્નીની અસંયમ સિવાયની રાતભર સંયમ જાળવવાની કાયમી મર્યાદા સૂચવે છે. આજની દશા ન્યારી છે, પશુ કરતાં પણ બદતર સ્થિતિ છે, કાગડા કાગડી ચકલા-ચકલી જેવી વાસનાની આગમાં રાતભર બળ્યા કરવાની સ્થિતિ છે. એમાં પછી શરીરનો રાજા વીર્ય સારી રીતે ખત્મ થાય, નબળું દૂબળું પડતું જાય, એમાંથી રોગોના આક્રમણ જન્મે, ઈન્દ્રિયો તથા શરીર શિથિલ પડે, ઘડપણ વહેલું આવે, વિચારસરણી હલકી તામસ બને, અને અંતે ભવોભવનાં દુઃખદ દુષ્કૃત્યો ઊભાં થાય, એવી બધી પાપી પરંપરા ચાલે એમાં નવાઈ નથી, અસ્તુ.

(૮) રાણી ઈર્ષ્યાની મારી ઘોર પ્રપંચ કરવા ઉપરાંત રાજા તથા સુદર્શનનો ભારે દ્રોહ કરી રહી છે, વિશ્વાસઘાત કરી રહી છે એ પણ ભયંકર દોષ છે.

(૯) આગળ રૂપાળા સુદર્શનને જોઈ કામાતુર બની એની સામે એકાંતમાં ન



કરવા જોગા ચેનચાળા અને ચેષ્ટાઓ કરે છે, અને સુદર્શનને ભોગ માટે પલાળવા ઘણું મથે છે. પરંતુ સુદર્શન શેઠ તો મક્કમ મને પવિત્ર રહી લેશ પણ વિકાર ઊભો કરતા નથી. એ તો સમજે છે કે,

**'નારી નરકની ખાણ, એમાં શું પડવું ? નારી ધીખતી અગ્નિપુતળી, એનો સંપર્ક ભયંકર ! નારી દુર્ગતિની વાટ, એ રસ્તે જવું જ ખતરનાક ! એમાં વળી આ તો પરસ્ત્રી, પરદારા,**

**'પરદારા સેવી પ્રાણી નરકમાં જાવે,**
**તેહનો છૂટકારો કદીય ન થાવે રે...'**

**ત્યારે એમાં લોભાવામાં મળવાનું શું ? ૧. કેવળ ચામડાની ચેષ્ટા, ૨. બાલિશ આયાસ. ૩. કિંમતી વીર્યનો નાશ, ૪ વિકાર રોગોનું પોષણ, ૫. રૂપ-રંગ-સ્પર્શના મોહમાં પરમાત્મગુણો અને આત્મસમૃદ્ધિ દર્શન-જ્ઞાન-ચારિત્રની બેકદર, ૬. ભયંકર કર્મબંધ, ૭. ભયાનક કામવાસનાની વૃદ્ધિ, ૮. ભવના ફેરાનો વિસ્તાર... આવા આવા જાલિમ અનર્થો કરનાર તરફ મન પણ શા માટે લઈ જવું ?**

**સ્ત્રીના શરીરમાં આકર્ષાવા જેવું છે પણ શું ? મળ-મૂત્ર અને અશુચિપદાર્થોનો પોટલો ! વિષ્ટાની કોથળી પણ રેશમી બોસ્કીની અસ્તરે લપેટેલી ! નરી ગંદકીનો ગાડવો ! શરીર આખામાં એક ખૂણામાં પણ પવિત્ર સુંદર કણ ન મળે. ત્યાં શા મોહ કરવા ?**

**ત્યારે, કામવાસનાએ ધગધગ બળતી સ્ત્રીનો આત્મા પણ કેવો ક્રૂર કુટિલ, માયાવી; ઈર્ષ્યાળુ, અભિમાની, દ્રોહી, મૂઢ-અજ્ઞાન-મિથ્યામતિ, જૂઠી-માયાવાદી...એના બોલ, એના હાવભાવ અને માયાચાલ તરફ જરા પણ આકર્ષાવાનું હોય નહિ. જો જરાક ભૂલ્યા ને મન લેશ પણ કૂણું ખેંચાનારું કર્યું તો લપસણું ભારે, ને બાર વાગી જાય. વાતમાં કાંઈ માલ નહિ, ને આજસુધી કરેલી અનંતકાળની મહેનત બરબાદ ! આટલી બધી હસ્તગત કરેલ માનવભવ સાથે લાખો ભવોએ પણ દુર્લભ એવા જિનવચનની પ્રાપ્તિની મહાન ઉન્નતિ પર પાણી ફેરવવાનું ! ભાવી ઉત્તરોત્તર ઉન્નતિને બદલે મહા અધોગતિ અને દીર્ઘાતિદીર્ઘ દુર્ગતિની દુઃખદ પરંપરાને આમંત્રણ ! એક માત્ર પરસ્ત્રીના મોહક વયણ અને દેહમાં ફસી શું આ બધું ઊભું કરવાનું ? છટ છટ એનો પડછાયો પણ ન જોઈએ.'**

**સુદર્શન શેઠને આવી બધી સમજ છે. તેથી અભયાના હાવભાવ-ચેનચાળા અને પ્રાર્થના પર જરાય આકર્ષાતા નથી, વિકારના લેશને પણ આવકારતા નથી, પોતાના શુભ ધ્યાનમાં જ લીન રહે છે. ત્યારે અભયાને મૂળ ઈર્ષ્યાના પાયા પર**

**કેટલા બધા અપકૃત્યમાં ઊતરવાનું થાય છે ! એ કામાતુર અને નિર્લજ્જ નફટ, નિર્વિચાર બની હદ બહારની ચેષ્ટાઓ કરે છે.**

(૧૦) હજી પણ આગળ જુઓ કે ઈર્ષ્યાનો મૂળ રોગ ક્યાં સુધી લઈ જાય છે. સુદર્શન શેઠ જરાય ચલાયમાન થયા નહિ એટલે હવે અભયારાણી વિફરી; દમદાટી દે છે, પણ એમાં નિષ્ફળ થતાં પોતાના હાથે જ પોતાના કેશ ફેંદી નાખ્યા, અને પોતાના શરીર પર લહુરિયા ખેંચ્યા; પછી બૂમ પાડે છે 'અરે હાય, હાય દોડો દોડો, આ કોઈ લુચ્ચો મારા પર આક્રમણ કરે છે.' ત્યાં તો સિપાઈઓ દોડતા આવે છે, અને સુદર્શન શેઠને પકડી લે છે. જુઓ અભયા મૂળ ઈર્ષ્યાનો દોષ ઉપર હવે, એક પવિત્ર મહાન શ્રાવક અને તે પણ પોષધધ્યાનની મહાઆરાધનામાં રહેલ, એને ખોટી દમદાટી દેવાના દોષમાં ચડી; વળી આગળ એના પર ભયંકર આક્ષેપ આરોપ ચડાવવા તૈયાર થઈ ગઈ, જાણે સુદર્શન શેઠે વાળ તાણ્યા અને આક્રમણમાં લહુરિયા કર્યા એવા ઢોંગી દેખાવ રાણીએ કર્યો. આમ ઈર્ષ્યાના મૂળ પાયા પર ખોટી દમદાટી, ઢોંગી દેખાવ અને આક્રમણનો આરોપ, એમ ત્રણ દોષ નવા ઊભા કર્યા.

(૧૧) બસ, આના પર રાજાએ પકડી લાવેલ સુદર્શન શેઠને સાચી હકીકત પૂછતાં, શેઠે અભયાની દયા ખાતર મૌન રાખ્યું. કેમકે એમને આટલું બધું થવા છતાં ય અભયા પર ઈર્ષ્યા કે દ્વેષ હતો જ નહિ. એકબાજુ પોતાનું શીલ રક્ષાઈ ગયું, હવે રાણીની અહિંસા માટે એ મૌન રાખે છે. ચતુર્થ વ્રતની ચિંતા પછી હવે પહેલા વ્રતની ચિંતા કરે છે.

**એક પાયો જો સારો સલામત કે** 'મારે તો મૈત્રી-કરુણા-પ્રમોદભાવ વગેરે શુભ ભાવ જ ખપે, એ જ મારું હૃદય,' તો પછી ઉપર અપકૃત્યોને જગા જ નથી મળતી અને સુંદર સુકૃતો-સત્કૃત્યોની ઇમારત રચાય છે, અનેકાનેક બ્રહ્મચર્ય-સદાચાર-દયા-અહિંસા વગેરે ગુણોના વિકાસ થાય છે. ત્યારે,

**પાયો જ જો નરસો સલામત,** અમૈત્રી-સ્વાર્થાંધતા-જાતવડાઈ-કઠોરતા-ઈર્ષ્યા વગેરે મલીન ભાવ જો મૂળમાં મહાલતા, તો એના પર અનેકાનેક દોષ-દુષ્કૃત્યો-દુર્ગુણોની ઇમારત ખડી થતાં વાર નહિ.

અભયારાણીનો પાયો જ ઈર્ષ્યાનો અશુભ ભાવનો મંડાયો છે, તો એના પર નિર્દોષ પવિત્ર સુદર્શન શેઠને આટલે સુધી પહોંચાડનારી બની કે રાજાએ શેઠનું મૌન જોઈ રાણીના કહેવા હિસાબે શેઠને શૂળીએ ચડાવી દેવાની સજા ફરમાવી દીધી. રાણીને એ સાંભળ્યા પર, ઈર્ષ્યાના પાયા પર એ ઊભી હોવાથી, કોઈ જ



પસ્તાવો થયો નહિ, શેઠ તરફ કોઈ જ ભલી લાગણી ન થઈ. અહીં પ્રશ્ન થાય.

**પ્ર.-** લાગણી ન થવાનું ઈર્ષ્યાથી જ થોડું હોય છે ? હવે તો રાણીને ઈર્ષ્યા ન હોય તો ય સ્વમાન નડતું હોય, તેથી શેઠ પર લાગણી શાની ઊભરાવે ?

ઉ.- અરે ! સ્વમાનની રક્ષા તો એ રીતે ય થઈ શકે કે એ રાજાને કાનમાં કહી દે કે 'જુઓ આ બધું તો મેં સુદર્શનને ચળાયમાન કરવા કરેલું, આવી આવી યોજનાથી કરેલું, પરંતુ ખરેખર સુદર્શન શેઠ પોતાના વ્રતમાં ઘણા મક્કમ ! એમને છોડી દો. એમનો લેશ વાંક નથી. અગ્નિ પરીક્ષામાં સારા પસાર થયા છે. એમને ધન્યવાદ આપો.' જો રાણી રાજાને આવું કાંઈ કહેત તો સ્વમાન પણ સચવાત, અને શેઠની પ્રત્યે ભલી લાગણી પણ સક્રિય કરી શકાત.

પરંતુ રાણીને ઈર્ષ્યાનો પાયો સલામત છે એટલે કોઈ જ પ્રમોદભાવનો લેશ પણ નથી. પછી શેઠનું કશુંય સારું શાની વખાણે ? શું કામ ધ્યાન પર જ લે ?

**શેઠમાં તો ઘણું ય સારું સારું હતું,** (૧) પોષધધ્યાન રાતભર અખંડ રાખવાની પ્રતિજ્ઞામાં મક્કમતા, તે ક્યાં સુધીની ? પેલા માણસો રસ્તા વચ્ચેથી લઈ જતાં અને મહેલમાં ઉપાડી જતાં કોઈ જ ચૂંકારો કે કોલાહલ નહિ;

(૨) રાણીનાં ખોટાં પ્રલોભ-પ્રાર્થના સામે અડગ વ્રતસ્થૈર્ય અને કોઈ જ વિકાર નહિ;

(૩) રાજાની આગળ ભયંકર ગુનેગાર તરીકે મુકાવા છતાં કોઈ જ ખેદ કે દીનતા નહિ;

(૪) રાણીનાં દુશ્ચરિતની લેશ પણ ચાડી નહિ;

(૫) બલ્કે એની હિંસા યા એને કષ્ટ ઊભા થવામાં નિમિત્ત ન થવાની પૂર્ણ તકેદારી, એમ અહિંસાના આદર્શનું સુંદર પાલન, આદર્શ આ કે જાતે હિંસા કરવી કરાવવી તો નહિ જ કિન્તુ કોઈની હિંસા બીજો કરે એમાં નિમિત્ત પણ ન થવું; અને

(૬) જાત પર ભયંકર શૂળીની સજા સહર્ષ વધાવી લે,

આવું આવું કેટકેટલું સારું સુદર્શન શેઠમાં ભરેલું છે. પરંતુ રાણીને ઈર્ષ્યાનો પાયો એમાંનું કશું જોવા દેતો નથી, અને જાતને અનેક ભયંકર કોટિના પણ દોષો દુષ્કૃત્યો અને દુર્ગુણોમાં ઘસડે છે.

ત્યારે વિચારજો કે જીવનમાં આવી મહા પાપિષ્ઠ ઈર્ષ્યા ન પેસવા દેવા માટે પ્રમોદભાવની કેટલી બધી જરૂર છે ! બીજાનું સારું સહતાં શીખો, બળો નહિ.

**બળવામાં ઈર્ષ્યાભાવમાં અનેક દોષ ઊભા થાય છે.** બીજાનું સારું જો સહન નથી થતું તો પછી

(૧) એને હલકા પાડવાનું મન થશે કેમકે

(૨) એના પર દ્વેષ થયો હોય છે.

(૩) હલકા પાડવા હલકા ઉપાય લેવાનું મન થશે

(૪) એમાં એક યા બીજી રીતે માયા-દંભ-પ્રપંચ ખેલાશે.

"દિવ્ય-દર્શન" - **"પ્રવચન મહોદધિ"** વર્ષ-૧૫,અંક-૪૬,તા.૨૯-૭-૧૯૬૭

**બળવામાં ઈર્ષ્યાભાવમાં અનેક દોષ ઊભા થાય છે.** બીજાનું સારું જો સહન નથી થતું તો પછી

(૫) નિંદા, ચાડીચુગલી કરવાનું અને

(૬) જરૂર પડ્યે ખોટા આરોપ ચડાવવાનું પણ બનશે.

(૭) આ બધા પાછળ મૈત્રીભાવ તો શાનો જ ઊભો રહે ? એના પર ક્રૂરભાવ આવશે, હૈયું કઠોર નિષ્ઠુર થશે.

(૮) વળી પોતાની બડાઈ હંકાશે. એ માટે રજનો ગુણ ગજનો કરીને દેખાડાશે, એટલે

(૯) પછી સ્વ પ્રશંસા અને સામાને હલકો ચિતરવા સારુ અસત્યવાદ પણ સસ્તો થવાનો.

(૧૦) ત્યારે, આપબડાઈમાં અભિમાન તો સળગતું જ રહેવાનું.

(૧૧) એમ, એને હલકો પાડવા બીજા આગળ જે બોલાશે-કરાશે એમાં એ બીજાઓના દિલમાં કષાયભાવ થવાનો, બીચારા અશુભ ભાવમાં ઝીંકાઈ પાપકર્મના થોક ઉપાર્જશે, એનો કોઈ વિચાર, કોઈ દયા, કોઈ સહૃદયતા રહેવાની નહિ.

વિચારજો કે પ્રમોદભાવને બદલે ઈર્ષ્યાને હૈયામાં ઘાલવામાં કેટકેટલા દોષ-દુષ્કૃત્યો ઊભાં થાય છે ! પોતાને જરા ય ખ્યાલ પણ નથી હોતો કે હું બીજા આગળ નિંદા કરતાં એ શ્રોતાઓના પણ આત્માનું બગાડી રહ્યો છું. કદાચ એ લોકો પાછળથી સાચું જાણશે તો મારા પ્રત્યે દુર્ભાવવાળા બનશે, મને હલકો-ગણશે, એનો પણ ખ્યાલ કે પરવા રહેતી નથી.

આમ, પ્રમોદ ન રાખો અને ઈર્ષ્યા-અસૂયામાં ચડો એટલે અનેક પાપોને આમંત્રણ દેવાનું થવાનું. આજે જુઓ તો દેખાશે કે

**આ ઈર્ષ્યાભાવથી કોણ કોણ પીડાઈ રહ્યું છે ?**



સાસુ-વહુને પરસ્પરનું સહન નથી થતું. દીકરો જો માતાનો કહ્યાગરો અને માતાને રાજી રાખવા મથનારો હશે, તો વહુને એ સહન નહિ થાય, અને એ સાસુ ઉપર દ્વેષ અરુચિ ઈર્ષ્યા કરનારી બનવાની. એથી ઊલટું જો માતાને દેખ્યું કે આ દીકરો એની વહુને રાજી રાખવા મથે છે, એનું કહ્યું કરે છે, એની સલાહ લે છે, તો એ વહુ ઉપર ઈર્ષ્યા કરનારી બનવાની.

**પ્ર.-** પણ જો દીકરો માતા અને પત્ની બંનેને રાજી રાખવાનું કરે તો તો પછી ઈર્ષ્યા ક્લેશ રગડો ન થાય ને ?

ઉ.- પરંતુ એમ બનવું અતિ મુશ્કેલ છે. એનું કારણ, એક તો બધી ય વાત બધાને રુચિકર હોતી નથી. કેટલુંક એકને ગમે તે બીજાને નથી ગમતું. પછી એકનું ગમતું કરવા જાઓ તો બીજાને નહિ ગમવાનું, એટલે બંને રાજી ક્યાંથી થાય ? વળી બંનેને ગમી જાય તેવું ય કરો, તો પણ મનુષ્ય-સ્વભાવ છે કે એ બેમાંથી એકને એમ લાગશે કે 'હું સુપીરિયર Superior મોટો કે મોટી છું તે મારે સારુ તો આ સારી ઊંચી સરભરા થાય એ બરાબર છે; પરંતુ આ બીજો કે બીજી તો આજકાલની આવેલી, તે એને વળી આટલું સારું ઊંચું શા માટે થવું જોઈએ ?' ત્યારે નવા આવેલાને વળી એમ થાય છે કે 'આ જૂનાને તે આટલા બધા શોખ અને મોટાઈ શા સારુ હોતા હશે ? કે હજીય મારા કરતાં કે મારા જેવાં ઊંચાં વસ્ત્રો, ખાનપાન-સન્માન-સરભરા વગેરે સગવડ એમને જોઈએ ?' આ સ્થિતિમાં માતા-પત્ની બંનેને ગમતું ક્યાંથી થવાનું ?

એમ, દીકરો જન્મ્યા પછી પતિ-પત્ની વચ્ચે પણ આમ બને છે. દીકરો માતાનો જ કહ્યાગરો છે, તો બાપને એની મા પ્રત્યે ઈર્ષ્યા થાય છે. એથી ઊલટું દીકરો જો બાપનો જ કહ્યાગરો છે, તો એ માતાને અસહ્ય બને છે. ત્યારે જો બંનેનો કહ્યાગરો છે, તો બાપને એમ લાગે છે કે 'આ એની મા દીકરાને બીચારાને કહ્યાગરાને શાની આટલી બધી હુકમ કરનારી થાય છે ? શું કામ ભણતા દીકરાને ધક્કા ટાંપા ખવરાવતી હશે ? શા માટે કામકાજમાં રોકી રાખતી હશે ?' એથી ઊલટું માતાને એમ લાગે છે કે 'નવ નવ મહિના ગર્ભનાં કષ્ટ તો મેં સહન કર્યા છે, તે મારો તો તાબેદાર રહે, પણ નાના કુમળા બીચારા દીકરાને એના બાપ શા સારુ હુકમો જ કાઢ્યા કરે છે ?'

જુઓ અસૂયાનું રાક્ષસી જોર. એનાથી કોણ બચી શકે છે ? શેઠ-નોકર વચ્ચે ય શું છે ? ઘરાક સીધો મુનીમ સાથે વાત કરે તો તે શેઠને રુચતું નથી. ત્યારે પૂરી મહેનત અને હોશિયારી મુનીમની હોય, પણ બોલબાલા શેઠની થતી હોય ત્યાં

મુનીમને એ અસહ્ય થઈ પડે છે.

ભાઈ-ભાઈ વચ્ચે ય ઈર્ષ્યા સળવળતી રહે છે, એક ભાઈને બીજાના વિશેષ આદર થાય, યશ ગવાય, ચાર માણસોમાં આગળ થાય, એ એને અસહ્ય બને છે. એકની વધારે આરામી મોજશોખ હોય તો બીજાને એ સહન નથી થતું.

એવું દેરાણી-જેઠાણીમાં છે. વધારે કામકાજ કરનારી એક જણી બીજીની આરામી પર બળશે. એકના સગા વધારે આવે તો તો બીજીને ખટકે છે. આવાં આવાં કારણે તો ધણી પાસે જુઆરા મંડાવે છે. કદાચ ભેગી રહે તોય આગળ પડતી, બીજી પાછી પડે, ત્યાં પેલીને અંદરખાને રાજીપો થાય છે; અથવા પાછળ પડવાની મેલી રમત પણ કરાવે છે. જીવની ઈર્ષ્યાવશ કેવી દુર્દશા !

**ઈર્ષ્યાળુ રાણીની કથા :**

એક રાજાને બે રાણી, એક સમકિતી, બીજી મિથ્યાદૃષ્ટિ. સમકિતી રાણીએ ઘરમંદિર રાખેલું, તે પ્રસંગે પ્રસંગે પ્રભુના ભક્તિપ્રસંગ ઠાઠથી ઊજવે છે. રાજ્યમાં નવા ગવૈયા આવ્યા તો ભક્તિકાર્યક્રમ યોજે છે. આમ જલસા ચાલે છે તે મિથ્યાદૃષ્ટિ રાણીને અસહ્ય થઈ પડે છે, ઇચ્છે છે કે 'આ પાછી કેમ પડે ?' પ્રભુના મંદિરમાં ભક્તિ-ગુણગાન ચાલે, ને આ બળે ! લાગ શોધે છે, 'કેમ આના ધતિંગ બંધ કરાવી દઉં ?' પરંતુ લાગ જડતો નથી. છતાં જેમ ગિરોલી ભીંત પર તાકીને ચોંટી રહે કે ક્યારે માખી બેસે ને ઝડપી લઉં તે કલાકો સુધી ક્ષણે ક્ષણે શું, સમયે સમયે કાળી પાપલેશ્યા પોષ્યા જ કરે, એમ આ ઈર્ષ્યાળુ રાણી કરી રહી છે, ને અનંતા કર્માણુઓ આત્મા પર ચિટકાવી રહી છે.

પ્રમોદભાવ નથી રાખવો કે 'વાહ ! આ શોક્ય રાણી સારી પ્રભુભક્તિ કરી રહી છે ! જીવન કૃતાર્થ બનાવી રહી છે;' એને ઈર્ષ્યા સળગતી રાખવી છે કે 'કેમ એ ધામધૂમ કરે ? કેમ જલસા કરે ?' તો એના આત્માની કેવી કરુણદશા ઊભી થાય છે ! લેવું નહિ દેવું નહિ, પોતાના સુખવિલાસમાં પેલી કોઈ આડે આવતી નથી, છતાં અસહિષ્ણુતાની આગ ! અને તે પણ શરીરની કોઈ તકલીફ સહવાની વાત નથી, માત્ર મનથી સહી લેવાનું છે, વધાવી લેવાનું છે, છતાં તે બનાવવું નથી, ને ઈર્ષ્યાની આગ સળગતી રાખવી છે, પછી કેવી ઘોર કાળી લેશ્યા ઊભી થાય છે !

એણે ખૂબ ફાંફા માર્યા કે 'રાજાને ચડાવું ? દિવાન દ્વારા કાંક ઊભું કરું ? શોક્ય માંદી પડે ? એને કોઈ અકસ્માત્ થાય ? બહારના કોઈ સારા શેઠિયાઓ રાજા પાસે એની ફરિયાદ લઈ જાય ? શોક્યનો નોકર કાંક કરે ?...' આવા તો



કેટલાય ભયંકર પાપી વિચારો કરે છે, પરંતુ કાંઈ જ લાગ લાગતો નથી.

**ઈર્ષ્યાથી ભક્તિભાવનો લોપ : પ્રભુમિલન દૂર :**

ત્યારે ઈર્ષ્યાની વિચારસરણીમાં બીજું સારું તો સૂઝે જ શાનું ? ભલે ને માણસ મંદિરમાં ગયો, પણ જો ત્યાંય ઈર્ષ્યાને અસૂયા-અસહિષ્ણુતાને હૈયામાં ઊઠવા દીધી તો પત્યું, દેવની ભક્તિના ભાવથી એ બાતલ થઈ જવાનો, મનમાં વિચારણા એ ઈર્ષ્યાની જ ચાલવાની. દા.ત. પ્રભુનાં દર્શન કરે છે, પણ એની આગળ બીજા પણ કોઈ દર્શન કરી રહ્યા છે, તો ઈર્ષ્યાને લીધે આનાથી એ સહન નહિ થાય, મનને થયા કરશે કે 'આ હવે ક્યારે ખસશે ? ક્યારે અહીંથી ટળસે ? જોને કેવા ગુંદરની જેમ ચિટક્યા છે ?'

આવા ઈર્ષ્યાના ભાવ સાથે એના પ્રભુદર્શનમાં પ્રભુની સાથે શું મિલન થાય ? એ વખતે ય મનમાં એને એવું થોડું જ આવે છે કે 'પ્રભુ ! આ મારો જીવ કેવો રાંક કે અહીં તારી સામે ઊભો છતાં ઈર્ષ્યાનું ઘોર પાપ કરી રહ્યો છે ? પ્રભુ મને એથી બચાવ.' આવો વિચાર જ ક્યાં સસ્તો પડ્યો છે ? કેમકે એ તો બીજા આગળ ઊભેલાનો જ ગુનો જોઈ રહ્યો છે, પોતાનો ઈર્ષ્યાનો ગુનો એને દેખાતો જ નથી. 'હું ઈર્ષ્યા અસહિષ્ણુતા કરું છું એ મારો મોટો ગુનો છે' એવું માનવા જ તૈયાર નથી હોતો. કોઈ બતાવે તો કબૂલ કરવા તૈયાર નહિ, એ સમજતો જ નથી કે,

**ભટકાવનાર કોણ ? :**

**'હું પ્રભુ દર્શન વિના જે નથી ભટક્યો એ ઈર્ષ્યાદિ દુષ્ટ ભાવોથી આ સંસારમાં ભટક્યો છું.**

માટે પહેલાં એ દુષ્ટ ભાવોથી પાછો હટું. છોડું એને. તો જ પ્રભુનાં દર્શન ખરેખર સાચાં દર્શન થશે અને એ તારનારા બનશે.' જો આ સમજ જ નહિ, તો પછી એ ઈર્ષ્યાની લપ મૂકવાની વાત ક્યાં ? એ તો બોલવાનું કે 'દર્શનં દેવ દેવસ્ય' અને બીજું વાક્ય 'આ આગળવાળા ક્યારે ખસશે ?' એ મગજમાં લાવશે !

**ઈર્ષ્યાના બીજા દાખલા :**

એવું જ સ્તવન-સ્તુતિ બોલવામાં બને છે. બીજો કોઈ સ્તવન બોલે છે એ ખમાતું નથી એટલે ઈર્ષ્યાનો માર્યો પેલાના અવાજને ઢાંકી દેવા મથશે. સ્તવનની લીટીઓ તો માત્ર હોઠ પર, અને હૈયામાં પેલાના અવાજને ઢાંકવાનો ભાવ. જો ઢંકાયો અગર પેલાનું પૂરું થઈ ગયું, તો પછી તો આનું બાકીનું સ્તવન સારા ભાવથી ચાલે ને ? ના, ઈર્ષ્યાની ઘેરી છાયા એ ચાલવા દે નહિ. પછી પણ મનમાં

રાજીપાનો ભાવ કે 'હાશ ! કેવો પેલાનો અવાજ ઢાંકી દીધો.' અગર 'હાશ ! પેલાનું પૂરું થયું, લપ ટળી.' હવે કહો, આ દુષ્ટ રાજીપામાં સ્તવનના સાચા ભાવ દિલમાં શી રીતે ઊઠે ? ભક્તિભાવ ક્યાંથી ઊભો થાય ?

ત્યારે, ઉપાશ્રયમાં પડિક્કમણું કરતાં જો સૂત્રનો આદેશ પોતાને ન મળ્યો અને બીજાને મળ્યો, તો ઈર્ષ્યા ટટાર થશે, ને એ તક જોયા કરશે કે પેલાના સૂત્ર બોલવામાં ભૂલ ક્યાં પડે છે ? લાવ ઝટ એ સંભળાવી દઉં.' આખું સૂત્ર કે સ્તવન-સજ્ઝાય ચાલી જાય, એમાં આ ભૂલરૂપી ઊંદર પકડવાની બિલાડીવૃત્તિ જ રમવાની ! એ સૂત્ર-સ્તવન-સજ્ઝાયનો ભાવ દિલમાં ઊઠવા જ ક્યાં દે ? ઈર્ષ્યાથી ફૂલ ભરેલા દિલમાં એવા શુભ ભાવ શુભ વિચાર માટે જગા જ નથી. એ તો ઈર્ષ્યા ઊભરાતી છે એટલે જ્યાં પેલાની જરાક ભૂલ પડી કે તરત જ આ ગાજવાનો, જોસથી રોફમાં ભૂલ કાઢશે ! પાછી જો બીજી ભૂલ પડી તો વધુ રોફમાં ભૂલ કાઢવાનો; ને ૩-૪ ભૂલે તો મિજાસ, 'આવડતું ન હોય તો આદેશ શું કામ માગો છો ?'

**ઈર્ષ્યા ક્યાં લઈ જાય છે ?** લાખ રૂપિયાનાં પ્રભુદર્શન, પ્રભુપૂજા, પ્રભુગુણગાન, પ્રતિક્રમણ વગેરેને પણ કૉડિનાં બનાવવા સુધી લઈ જાય છે. એના જ નિમિત્ત ઉપર ઈર્ષ્યાની આગ સળગતી રાખવાનું કરે છે. હવે પૂછે છે,

**પ્ર.**- તો પછી એનાં કરતાં એ પ્રભુદર્શનાદિ ન કરે તો સારું ને ?

ઉ.- આ પ્રશ્ન એના જેવો છે કે 'છોકરો નાદાન ખાઈ ખાઈને માંદો પડે છે, તો એના કરતાં એ બિલકુલ ન ખાય તો સારું ને ?' અરે ! નહિ ખાય તો મરી જશે. માટે ખાય તે વિવેકથી ખાય એવું કરો. એમ અહીં પ્રભુદર્શનાદિ શુભ ક્રિયાઓ વિના તો અનેક જન્મ-મરણ અને દુર્ગતિભ્રમણ થશે, માટે શુભ ક્રિયા વિવેકથી કરે એવું કરો. એને સમજાવો કે,

**ઈર્ષ્યા રોકવા વિચારણા :**

'ભાઈ ! આટલી ઉત્તમ લાખ રૂપિયાની તું ધર્મક્રિયા કરે છે, ત્યાં શા સારુ એને ઈર્ષ્યાના ઝેરથી મૃતવત્ કરે ? જો, આ ક્રિયા તો મહા ભાગ્યના ઉદયે મળે છે, આ જગતમાં બહુ થોડાને એ લાધે, જો એ બીજાઓ પણ આ ક્રિયા કરવા આવ્યા છે તો એ પણ મહાભાગ્યશાળી છે; સંસારની પાપક્રિયાઓના ભયંકર રોગથી માંડ છૂટીને અહીં આવ્યા છે. તો એમના પ્રત્યે સહાનુભૂતિ દાખવ, ઈર્ષ્યા કાં કરે ? શું હોસ્પિટલમાં આવેલો એક દરદી બીજા દરદીની ઈર્ષ્યા કરે છે ? કે સહાનુભૂતિ બતાવે છે ?

**આપણે પણ પાપક્રિયાઓના ભયંકર રોગથી માંડ છૂટીને ધર્મક્રિયામાં જોડાયા**



**છીએ તે પાપક્રિયાઓથી પોષાતા મનના દુષ્ટ ભાવોનું ઝેર કાઢવા માટે અને શુભ ભાવોનું ચૈતન્ય પ્રાપ્ત કરવા સારુ જોડાયા છીએ.** તો ધર્મક્રિયાથી હાથવેંતમાં રહેલ આ સત્ચૈતન્યની જાગૃતિ, આ શુભ ભાવ, શા સારુ જતો કરે ? ત્યારે,

**ઈર્ષ્યા તો ઝેરી નાગણ કરતાં ભયંકર છે.** ઝેરી નાગણ કરડી હોય પણ માણસ સાવધાન અને ધર્મ પામેલો હોય તો તો ઝટ નવકારમાં ચિત્ત લગાવશે, પણ મન નહિ બગાડે. ત્યારે ઈર્ષ્યા જેને કરડી એની તો સાવધાની જ ગૂમ ! મન બગડ્યું જ. એ કોઈ હવે શુભ ક્રિયાઓથી પણ શુભ ભાવનો ભાગી ન થઈ શકે; એનું તો મન બગડ્યું એ અશુભ ભાવ જ રમતા રાખે છે. ક્રિયા આખી ય રદ બાતલ જવાની ! વળી કૂડાં કર્મબંધ ભારે ! અને એથી ય ભયંકર તો પરલોક માટે ઝેરી કુસંસ્કાર દૃઢ થવાના. અરે ! કુસંસ્કારો તોડવાના માનવભવમાં, અને આવી ઊંચી ક્રિયાઓની પ્રાપ્તિમાં એ કામ કરવાને બદલે એ કુટિલ કૂંડા કુસંસ્કારોને દૃઢ બનાવવાનું કરવાનું ?

માણસને વિચાર જોઈએ. 'સમૃદ્ધિ ને સન્માન એક દિ' ખોવાઈ જવાના છે. દુનિયાની વડાઈ એક દિવસ વટાઈ જવાની છે. પણ શું કામ ઈર્ષ્યાથી ભાવી ભયંકર બનાવવું ?'

પેલી ઈર્ષ્યાળુ રાણી, જુઓ, આ વિચારના અભાવે ઈર્ષ્યામાં તણાઈ રહી છે અને લાગ શોધે છે કે ક્યારે આ ધામધૂમ કરનારી શોક્યને એની ધામધૂમ બંધ કરાવી દઈ, ઠંઠી પાડી દઉં ? માળી બહુ રોફ કરે છે તે હેઠી ઊતારી દઉં. પેલી ભલી રાણી ક્યાં રોફ કરતી હતી ? ક્યાં પાવર બતાવતી હતી ? એ તો પ્રભુભક્તિમાં મસ્ત હતી. પણ આ મિથ્યાદૃષ્ટિ અભિમાની અને ઈર્ષ્યાથી પીડાતી રાણીને એમ લાગ્યા કરે છે. કિન્તુ એવા એના મિથ્યા હિસાબ પર વજન શું મૂકાય ?

**અજ્ઞાની મિથ્યાજ્ઞાનીઓના ગણિત-લેખાં પ્રામાણિક મનાય નહિ.** મનઘડંત કલ્પના કરે એ થોડી જ સાચી માની લેવાય ? દસ વરસનું બાળક વિરાગી થાય દીક્ષા લેવા તૈયાર થાય ત્યારે મિથ્યાજ્ઞાનીઓ કોલાહલ મચાવી મૂકે છે કે 'આ બીચારાને દીક્ષામાં શી ખબર પડે ?' શું આ હિસાબ સાચો છે ? બાળક શું નથી સમજતા કે દીક્ષામાં વાહન નહિ મળે, પગે ચાલવું પડશે; રાત્રે નહિ ખવાય, પાણી પણ ન પીવાય; પૈસો એક પણ રખાય નહિ; રમવા-ખેલવા નહિ જવાય; માતા પાસે નહિ રહેવાય;...' શું બાળકને આ બધી ખબર નથી પડતી ? સાધુનો વ્યવહાર એ નજરે દેખે છે, ખબર કેમ ન પડે ? માટે મિથ્યાજ્ઞાનીઓનાં લેખાં

અપ્રામાણિક ઠરે છે; કેવળ વિષય-કષાયના આવેશ ઉપર ઘડાયેલાં છે. ત્યારે,

**વિષય-કષાયના આવેશ ઉપર ઘડાયેલાં લેખાં પ્રામાણિક મનાય નહિ; એના આધારે જીવન ન ચલાવાય. વસ્તુતત્ત્વ નક્કી ન કરાય.** આપણે આપણી જાત માટે આ સાવધાની રાખવાની છે, કે આપણે કોઈ લેખું ધોરણ કે હિસાબ માંડીએ તે ઇંદ્રિયની કોઈ વિષયાસક્તિના આવેશ ઉપર કે કોઈ ક્રોધાદિ કષાયના આવેશ ઉપર ન મંડાયેલ હોય; 'આવેશ' સમજો છો ને ? 'આવેશ' એટલે હઠાગ્રહ, આ જ બરાબર એવી સચોટ માન્યતા પણ એમાં પછી ખુવારી થાય છે.

## "દિવ્ય-દર્શન" - **"પ્રવચન મહોદધિ"** વર્ષ-૧૫,અંક-૪૭,તા.૧૨-૮-૧૯૬૭

**સ્ત્રી રાજા રુકમીને કુમારના રૂપની આસક્તિનો આવેશ** જાગી એ જોવા આંખ ઠહરાવી, તો એ ભૂલી પડી. પછી ચારિત્ર લેતાં પાળતાં અને અંતે અનશન કરવા જતાં એને કોઈ મોટા દોષરૂપ અને ગુરુને એ કહી પ્રાયશ્ચિત્ત કરવારૂપ એ ન સમજી. એ છૂપાવ્યું. તો એક લાખ ભવ સંસારમાં ભમી.

**રાવણ રાજા એ સીતાના રૂપમાં અંધ આવેશવાળો** બન્યો અને ધોરણ બાંધ્યું કે હું આને મારી પટ્ટરાણી બનાવી દઈશ તો એ ભૂલો પડ્યો. પાયમાલ થયો.

**માખીઓ વગેરે રસની આસક્તિના આવેશમાં** સલામતીનું ધોરણ બાંધે છે પરંતુ એમાં એ પ્રાણ ખોઈ નાખે છે.

**એવું જ ગંધ-સ્પર્શ-શબ્દની ઉત્કટ અભિલાષાના આવેશમાં** વિકલેન્દ્રિય જીવોનું બને છે. આવેશ એટલો બધો હોય છે કે એ વિષયોથી એને કોઈ હટાવવા માગે તો એ હટવા તૈયાર નહિ; અને સલામતીને બદલે અનર્થ અત્યંત નાશનો શિકાર બને છે. ગરમાગરમ દૂધ આદિ પરથી માખીને હટાવો પણ એ એના આસક્તિ-આવેશમાં મજા-સલામતીનું ધોરણ રાખી પાછી આવીને એના પર ઘૂમે છે, અને એમાં પટકાઈને મરે છે, એવું દીવાની જ્યોત પાસેથી પતંગિયાને દૂર હટાવો છતાં એનું ત્યાં આવી બળી જવાનું બને છે.

ત્યારે માણસજાતને શું થાય છે ? પકવાન્ન વગેરેની આસક્તિના આવેશમાં વધારે ખાવામાં મજા નિરાંત માની પ્રવર્તે છે અને પાછળથી પીડા પામતો પસ્તાય છે. જુવાનીના જોમમાં ચાનાં કોડીયાં ઢીંચી અને બીજું આચડકૂચડ ખાઈ જુવાની અને આરોગ્ય વહેલું ગુમાવનારાના દાખલા આજે ઘણા દેખાશે. એવા જ વિષયોન્માદના આવેશમાં ચડેલાની દુર્દશાના દાખલા ઢગલાબંધ.



**એવું કષાયના આવેશ પર ચડેલાને બને છે. અગ્નિશર્મા ક્રોધકષાયના આવેશ પાછળ** એના કુલપતિ ગુરુના સમજાવવા છતાં એની ખરાબી ન સમજ્યો, અને 'રાજા ગુણસેનને પાંસરો કરું છું' એ ધોરણમાં ચડ્યો, તો ભલે નવ ભવ સુધી એને ઉપદ્રવ કરી શક્યો પણ તેથી શું ? રાજા ગુણસેન દીન રાંક કાયર ન બન્યો, કિન્તુ ઊલટું ક્ષમામાં આગળ વધતાં સમરાદિત્ય કેવળી બની મોક્ષે ગયો. અને અગ્નિશર્માનો જીવ અનંત સંસાર ઉપાર્જનારો બન્યો.

**અભિમાનના આવેશમાં, વસુ રાજા** તણાયો. હિસાબ માંડ્યો કે 'હું સત્યવાદી તરીકે નામના પામેલો છું તો યજ્ઞમાં આવતા 'અજ' શબ્દનો ખોટો અર્થ 'બકરો' કરીશ, એમાં મને શી હાનિ થવાની છે ?' પણ એ હિસાબ ખોટો પડ્યો અને અસત્ય બોલતાં જ દેવતાએ એને સિંહાસન પરથી નીચે પટક્યો, તો મરીને નરકે ગયો. એવી જ દશા રાવણની થઈ. સીતા ચળવા માંગતી જ નથી તેથી રાવણે એને રામ-લક્ષ્મણને પાછી સોંપી દેવા નક્કી કર્યું. પરંતુ અભિમાનના આવેશમાં તણાઈ ધોરણ બાંધ્યું કે 'એમ ને એમ પાછી કેમ દેવાય ? એ લોકોને યુદ્ધમાં હરાવી પકડી લાવી પછી તુચ્છકાર કરીને આપી દઉં.' એમાં એ પોતાના જ ચક્રથી પોતે કપાઈ મરી નરકમાં સિધાવ્યો.

**માયાના આવેશમાં જુઓ. વિધવા બેન ઉપર** બે ભાઈને ભરોસો સારો હતો, પરંતુ એનું પારખું કરવા બેન માયાના આવેશમાં ચડી બે ભોજાઈઓને બેભત્થુ વાક્ય સંભળાવી બહારથી શિખામણ દેવાનો ડોળ કરે છે, એમાં પોતે સારી સફળ થવાનું ધોરણ બાંધ્યું, પરંતુ એવાં કાઠાં કર્મ બાંધ્યા કે પછીના ભવે દુરાચારિણી અને ચોર તરીકેના ખોટા આરોપ પામી. વિષય-કષાયના આવેશમાં બાંધેલ ધોરણ કદાચ અહીં પસાર થતાં દેખાય, તો ય પરલોકે છૂટકારો ક્યાં છે ? ભયંકર ખાનાખરાબી વહોરવી જ પડે છે અને પૂર્વનાં ધોરણ ઠેકાણે પડી જાય છે.

**લોભના આવેશમાં મમ્મણ શેઠનાં** ધોરણ શા સચવાયા ? સુભૂમ ચક્રવર્તી શું ખોટી ગયો ? અતિ રાગના આવેશમાં બ્રહ્મદત્ત ચક્રવર્તી અવધિજ્ઞાની ભાઈ મુનિનો સમજાયો ન સમજ્યો; તો કઈ દશા થઈ ? એ બધા સાતમી નરકે સિધાવ્યા. **જમાલિ** પોતાને નજરે દેખાતા ટૂંકી મિથ્યા દૃષ્ટિના હિસાબની મમતામાં પડ્યો, પ્રભુ શ્રી મહાવીરદેવને અવગણ્યા, તો સંઘ બહાર થયો, અને અંતે એનું ભવભ્રમણ વધી ગયું.

**ત્રિપૃષ્ઠ વાસુદેવનો બાપ પ્રજાપતિ રાજા** પોતાની જ દીકરી પરના કામરાગના

આવેશમાં ચડી હિસાબ માંડે છે કે 'હું આને પરણી લઉં એમાં શું ખરાબ થવાનું ?' પરંતુ એમ કરવા જતા લોકમાં 'પ્રજાપતિ' એટલે કે પોતાના સંતાનનો પતિ, દીકરીનો પતિ એમ થુત્કાર પામ્યો; અને દીકરીની માતા રાણી એને છોડીને પિયેર ચાલી ગઈ.

વિષય-કષાયના આવેશ ભૂંડાં. જીવ સંસારની વાસનાવાળો હોય એ બને, પરંતુ જો આવેશ પકડ હઠાગ્રહ ધરનારો બન્યો તો એની પાછળ માંડેલા હિસાબ લેખાં જૂઠાં ઠરવાના, ખતરનાક નીવડવાના.

**પેલી ઈર્ષ્યાળુ રાણી** શોક્ય રાણીને દબાવી દેવાના આવેશમાં છે, તેથી છિદ્ર શોધ્યા જ કરે છે.

એમાં એ રાણીને ભગવાનની પ્રતિમા જ ગૂમ કરવાનો વિચાર આવ્યો. મનોમન ખુશી-આનંદમાં આવી જાય છે કે 'આના ભગવાન જ ઊઠાવી ઠેકાણે પાડી દઉં, પછી એ શાની ધામધૂમ કરશે ? બહુ ફાટી છે, રોજ જલસા કરવા જોઈએ છે. હવે એને બરાબર ખબર પાડી દઉં છું.' બસ એણે નક્કી કર્યું કે 'ભગવાનને ખાનગીમાં ઊઠાવી લઈ જઈ ઊકરડામાં ઘાલી આવું.'

દાટી આવી શકશે કે કેમ એ એક સવાલ છે, પણ ઈર્ષ્યાના પાપે અત્યારે તો એ કાળી પાપિષ્ઠ લેશ્યામાં ચડી છે આના પ્રતિસમય કેવા ઘોર કુસંસ્કારનાં આંધણ ચડે છે, આત્મા સાથે જડબેસલાક એકમેક થાય છે, ભવાંતરે એ કેવા ભયંકર દુષ્કૃત્યો આચરાવશે, તેમજ એ લેશ્યામાં સમયે સમયે બાંધેલા ઘોર કર્મનાં કેવાં દારુણ, દુઃખ વરસશે, આ બધાનો કોઈ વિચાર જ નથી. પ્રમોદભાવ નથી, ઈર્ષ્યા સળગી રહી છે, એ બીજો કોઈ શુભ વિચાર જ શાનો આવવા દે ? કાળી પાપિષ્ઠ લેશ્યાથી શે બચવા દે ?

**બહુ ધ્યાન રાખજો** કે ક્યારે ય કોઈની પ્રત્યે ઈર્ષ્યા ન ઊઠે, કોઈનું ય સારું અસહ્ય ન બને, નહિતર પછી પાપિષ્ઠ વિચાર પાપિષ્ઠ લેશ્યા ઘર કરશે. જીવનમાં એવું બને છે કે કોઈ આપણાથી જરા આગળ પડતો થયો, કાંઈક સારું કરનારો થયો, કે એ જોઈને પછી મનમાં છૂપી અસૂયા ઊભી થાય છે; અને ભૂલની શોધમાં જ્યાં પેલાની કોઈ પણ જાતની સહેજ ક્ષતિ દેખાઈ કે તરત ભડભડાટ થાય છે, રોષનું વેણ નીકળે છે.

**રોષ અને વેણ કહી આપે છે કે ઈર્ષ્યા હતી;** આપણા દિલમાં પેલા પ્રત્યે કોઈ જાતની અસૂયા અસહિષ્ણુતા સળવળતી હતી. તેથી જ આ રોષ ભભૂકી ઊઠ્યો. ભલે આપણે માનતા હોઈએ કે મને ઈર્ષ્યા નથી, પરંતુ એ વિના સામાની



ભૂલ શોધવા તરફ દૃષ્ટિ ન જાય, ભૂલ દેખાતાં રોષનો ભડકો ન ઊઠે.

આના પરથી તો પરખી લેવું જોઈએ અને જાતનું માપ કાઢી લેવું જોઈએ કે આપણે હજી ઈર્ષ્યા-અસૂયા-અસહિષ્ણુતાના રોગથી પીડાઈએ છીએ. આપણામાં પ્રમોદભાવ નથી ખીલ્યો. તેવો આપણે પ્રમોદભાવનો ખપ નથી કર્યો. તો ક્યાંસુધી આ દુર્દશા ચાલવાની ? પ્રમોદભાવ વિના તો કેટલા બધા નીચ હૃદયના બનીએ છીએ ? કૃષ્ણ લેશ્યાના કેવા ભોગ બનીએ છીએ ? કેવા અધમ વિચારોમાં તણાઈએ છીએ ? સામાનું સારું ન સહી શકવાને લીધે એના બીજા ગુણો સુકૃતો તરફ કેવી ઉપેક્ષા-આંખમિચામણા કરી એની અનુમોદના ગુમાવીએ છીએ ?

**રાણીનું દુષ્ટ કૃત્ય :**

પેલી ઈર્ષ્યાળુ રાણી અતિ દુષ્ટ નિર્ણય પર આવી. એણે લાગ જોઈ મંદિરમાં કોઈ હતું નહિ ત્યારે ભગવાનની રમ્ય મૂર્તિ ઉપાડી; કપડામાં ઢાંકી બહાર નીકળી ગઈ. પહોંચી ગામ બહાર ઊકરડે. કપડામાંથી મૂર્તિ કાઢી ઊકરડામાં મૂકવા જાય છે, પણ નસીબ બે ડગલા આગળ ! તે અંતરાય ઊભો થયો. અંતરાય ખરો, પણ સારા માટે. ભાવી વિશેષ અધોગતિથી બચી જવાનું હશે, એટલો વળી ભાગ્યોદય થવાનો હશે તે વિઘ્ન આવ્યું.

**અસત્ પુરુષાર્થ પછી કોણ બચાવે ?**

**માણસ દુષ્ટ કાર્ય કરવા જાય છે તેમાં એનો અસત્ પુરુષાર્થ કામ કરી રહ્યો છે કિન્તુ એમાં અણચિંત્યું વિઘ્ન આવી જાય એ કોઈ તેવી ભવિતવ્યતાને લીધે. ત્યાં કાંઈ એનો સત્પુરુષાર્થ નથી. એ તો ભવિતવ્યતા જ વિઘ્નને ખડું કરે છે. એ સૂચવે છે કે અસત્ પુરુષાર્થ કરવા જાઓ અને વિઘ્નથી બચો એ તેવી ભવિતવ્યતાના હિસાબે જ. પરંતુ એવી ભવિતવ્યતા કેટલાને બની આવે ? પોતાને કેટલીકવાર બની આવે ? બહુ થોડાને અને પોતાને ય ક્યારેક કોકવાર. બાકી તો બહુવાર દુષ્ટ કાર્ય થવાનું અને જીવને મરવાનું. માટે ભવિતવ્યતાના આધાર પર ન રહેતાં, દુષ્ટ કાર્યના અસત્પુરુષાર્થથી જ બચવું સલામત છે. તેવા પુરુષાર્થ જ નહિ થવા દેવાનો; પગલું જ નહિ માંડવાનું; અરે ! અપકૃત્યનો વિચાર જ નહિ ઊઠવા દેવો.**

**સાધ્વીજી બચાવે છે :**

પેલી રાણી જ્યાં ઊકરડામાં પ્રભુજીને મૂકવા જાય છે કે તરત જ ત્યાં એક સાધ્વીજીએ દૂરથી એ દેખતાં બૂમ મારી 'અરે ! ભલી રે બાઈ ! આ તું શું કરે ?'

રાણી ખચકાઈ ગઈ, એટલામાં સાધ્વીજી નજીક આવી પહોચ્યા; અને એને કહે છે, 'ભાગ્યવતી ! આ ભગવાનને ઊકરડામાં ઘાલવાનું કરવા આવી છે ? શરમ

નથી આવતી તને ? ત્રણ લોકના નાથને અશુચિમાં મૂકાય ? કઈ દુર્ગતિમાં જાવું છે ? આવું ઘોર કૃત્ય કરી એક મનુષ્ય ભવમાંથી અનંતા ભવોમાં ભટકવાનું ઊભું કરવું છે તારે ? જા પાછી જા પાછી, મંદિરમાં જઈ પ્રભુજીને બિરાજમાન કરી દે.'

સાધ્વીજીના પ્રભાવશાળી સચોટ વક્તવ્યે રાણીને આંજી દીધી. એ ક્ષોભ પામી ગઈ. 'મારી ભૂલ થઈ' કહીને ગઈ પાછી, ગુપસુપ પ્રભુજીને મંદિરમાં મૂળ સ્થાને પધરાવી દીધા.

**રાણી ઈર્ષ્યામાં મરે છે. :**

એટલી ધિઠ્ઠાઈ વળી ઓછી કે રાણીએ સાધ્વીજીનું કહ્યું સાંભળ્યું, ધ્યાનમાં લીધું, અને પાછી વળી. અતિ ધિટ્ઠું હૃદય તો આ ગણકારે જ શાનું ? ડરની મારી કદાચ એ વખતે સાધ્વીને દેખાડવા પાછી જાય, પણ ધાર્યું કરવા બીજો કોઈ રસ્તો લે, અગર ફરી મોડેથી પાછી ત્યાં આવે. હા, સંભવ છે કે ભય લાગ્યો હોય કે મોડું થશે અને પાછળ તપાસ થશે કે રાણી ક્યાં ગઈ, તો કદાચ પકડાઈ જવાશે ! માટે પણ પાછી વળી જાય. કિન્તુ અંતરના ભાવ જો પ્રભુ ઉપર પણ કઠોર અરુચિવાળા અને એમને ગમે ત્યાં મૂકી દેવાના કાયમ રહ્યા હોય તો તો ભયંકર કર્મ બાંધી આ સંસારમાં ફેંદાઈ જાય; અસંખ્ય ભવો ભટકતી થઈ જાય. પણ અહીં એવું નથી બનતું એ એટલી હદની ધિઠ્ઠાઈ અને દુષ્ટતા નથી સૂચવતી. છતાં પ્રભુભક્ત રાણી પ્રત્યેની ઈર્ષ્યા છૂટી નહિ. કર્મસંયોગે એ ઈર્ષ્યાળુ રાણી ત્યારબાદ થોડા વખતમાં આયુષ્ય પૂર્ણ થયે કાળ કરી ગઈ.

ખૂબી કેવી કે એ બીચારી ઈર્ષ્યામાં રમતી રહી મરી, ત્યારે એની શોક્ય રાણી પ્રભુભક્તા છે ને ? એને દુઃખ થયું કે 'અરે ! મારી બેન ગઈ ?' એને એની ઈર્ષ્યાની ખબર જ નથી.

**શુદ્ધ જિનભક્તિ કેવી ઉમદા છે કે બીજાની તેવી ઘાલગૂંચ તરફ દૃષ્ટિ નથી જવા દેતી, એ તો પ્રમોદભાવથી બીજાનું સારું અને બીજાના ગુણ જ જોવરાવે છે,** કદાચ કોઈ ત્રુટિ દેખાઈ જાય તો કરુણાભાવથી દયા ઊભરાવે છે; અને ચાલુમૈત્રીભાવથી બીજાની ઉપર સ્નેહ વાત્સલ્ય રખાવે છે.

**ભક્તનું માપ :**

જગતદયાળુ વીતરાગ પ્રભુના આપણે સાચા ભક્ત છીએ ? એનું માપ આ રીતે નીકળે છે કે આપણે મૈત્રી-કરુણા-પ્રમોદભાવનો કેટલો ખપ રાખીએ છીએ. આપણને વીતરાગ ગમે છે, એટલે વીતરાગતા ગમે છે, અને એ ગમે એટલે સહેજે દ્વેષભાવ નિર્દયતા અને ઈર્ષ્યા-અસૂયા તરફ અરુચિ હોય. પછી ત્યાં અ-મૈત્રીભાવ



વગેરે શાના યથેચ્છપણે મહાલે ? જો એ મહાલે છે તો મૈત્રીભાવ વગેરે ક્યાં ગમ્યા ? એ નહિ; તો વીતરાગતા ક્યાં ગમી ? પછી વીતરાગ દેવ પર અંતરનો પ્રેમ શુદ્ધ ભક્તિ શી રીતે જાગે જ ?

**રાજા કુમારપાળ** વીતરાગ પ્રભુના ભક્ત બન્યા હતા એમને અંતકાળે ઝેરના પ્રયોગના ભોગ બનવાનો અવસર આવ્યો, અને ઝેર ઊતારી નાખનારા રત્નની ખજાનામાં તપાસ કરાવતાં રત્ન ગૂમ થયેલું માલમ પડ્યું; પણ ત્યાં ઝેરનો પ્રયોગ કરનાર પ્રત્યે દ્વેષભાવ ન આવ્યો, મૈત્રીભાવ ગુમાવ્યો નહિ. પોતે પોતાના કર્મની વિટંબણા સમજી કર્મનું ઝેર કાઢનાર વીતરાગ અરિહંત પરમાત્માના ધ્યાનમાં લાગી ગયા, અને કાળ કરી દેવલોકમાં અવતાર પામ્યા, વિચારો કે ત્યાં જો અ-મૈત્રીભાવ દ્વેષભાવ ઊઠ્યો હોત તો દેવલોક પામત ખરા ? પણ જિનનો ભક્ત મૈત્રીભાવ કરુણાભાવ પ્રમોદભાવ શાનો ગુમાવે ?

**વીતરાગ જિનેશ્વર ભગવંત અ-મૈત્રી વગેરે દોષોથી રહિત છે માટે ગમે છે, તો પોતે એ દોષોનો પક્ષકાર અને ઈજારદાર શાનો બને ?**

**રાણી મરીને ક્યાં ગઈ ?**

પ્રભુની ભક્તા રાણી કશી આટીઘુંટીમાં પડતી નથી કે ઝીણવટથી બીજાનું મેલું ખોજ્યા કરવાની એને ટેવ નહિ; તેથી ઈર્ષ્યાળુ શોક્યની ઈર્ષ્યાની રમતથી તદ્દન અજાણમાં છે. એ તો એના મરણના દુઃખે જ્યારે જ્ઞાની ભગવંતનો યોગ થાય છે ત્યારે એમને વંદન કરવા ગયેલી એ પૂછે છે,

'પ્રભુ ! પેલી બીચારી મારી બેન રાણી વહેલી કાળ કરી ગઈ, તે ક્યાં ગઈ ?'

જ્ઞાની ગુરુ કહે છે, 'તને અહીં આવતાં રાજવાડાના દરવાજે તારા તરફ ઈર્ષ્યાથી ભસતી કૂતરી મળી એ જ તારી બેન.'

**'અરે ! બીચારી એ કૂતરી થઈ ? શું કારણ ?'**

'કારણ ઈર્ષ્યા. તારા મંદિરમાં તારી પ્રભુભક્તિના થતા જલસા એનાથી સહન થતા નહોતા. એ ઈર્ષ્યાએ એને કૂતરીનો અવતાર આપ્યો કે જ્યાં પેલી ઈર્ષ્યાના સંસ્કાર કામ કરી શકે તે તને દેખી એટલે ઈર્ષ્યાથી ભસવા માંડ્યું.'

**કૂતરીને પ્રતિબોધ :**

રાણી આ સાંભળી દુઃખિત થઈ. ત્યાંથી ઊઠીને પાછી આવે છે. પાછી દરવાજે આવતાં એ જ કૂતરી એની સામે જોઈ જોસથી ભસવા લાગી જાય છે રાણી એ જોઈ કહે છે, 'અરે કુંતલા ! કુંતલા ! હજી પણ ઈર્ષ્યા કરે છે ? કુંતલા ! આ

ઈર્ષ્યાના પાપે તો માનવ અવતાર એળે ગુમાવી કૂતરીનો નીચ અવતાર પામી, છતાં હજી એ જ પાપ ? બૂઝ, બૂઝ, કુંતલા ! ઈર્ષ્યા મૂકી દે બેન !'

**કૂતરીનો પશ્ચાત્તાપ :**

વારંવાર પોતાનું પૂર્વ નામ સાંભળતા કૂતરીને પૂર્વ જન્મનું સ્મરણ થઈ આવ્યું, ભારે પશ્ચાત્તાપ થયો કે અરે ! ઈર્ષ્યામાં આ મેં મૂર્ખીએ ઉત્તમ મનુષ્ય અવતારે ધર્મ સાધવાનું કેવું ગુમાવ્યું ? અને પુણ્ય ઉપાર્જવાના બદલે કેવાં મેં પાપ ઉપાર્જ્યાં કે આ અધમ અવતાર પામી ? ત્યારે જીવનભર એ ઈર્ષ્યાના પાપમાં બીજા તો કેટલાય અશુભ કર્મના જથા ભેગા કર્યા હશે ? પ્રભુને ઊકરડે ઘાલવાની બુદ્ધિમાં વળી કેવાં ઘોર પાપ ઉપાર્જ્યાં હશે ? અરેરે ! મારું શું થશે ?'

**કૂતરીનું અનશન :**

તીવ્ર પશ્ચાત્તાપમાં કૂતરીને ઈર્ષ્યાનું ઝેર ઊતરી ગયું. માનવ અવતારે જે કામ ન થયું તે અહીં હલકા અવતારમાં થયું; પરંતુ એમાં ભવિતવ્યતા બળવાન તે બની આવ્યું. નહિતર ભક્ત રાણીને સમયસર એવા જ્ઞાની ગુરુ ક્યાંથી મળે ! પેલીની દુર્દશા જાણે ક્યાંથી ? અને સમયસર આને ઉપદેશ દે શી રીતે ? પણ બધું ભવિતવ્યતાએ બનાવી આપ્યું, ને કૂતરી પ્રતિબોધ પામી. આ સૂચવે છે કે

**પાપત્યાગનો રાજમાર્ગ :**

આવી ભવિતવ્યતા તો કોકને જવલ્લે મળી આવે ને તેથી હલકા અવતારે પાપથી પાછું ફરવાનું થાય. માટે એના ભરોસે ન રહેવાય. દરેકને રાજમાર્ગ આ કે માનવના અવતારે જ પાપથી પાછા ફરી જવું; ઈર્ષ્યા-અસૂયા-અસહિષ્ણુતાને અટકાવી દેવા; પ્રમોદભાવ સૌમ્યતાને જ પકડી રાખવી નહિતર અહીંથી ભ્રષ્ટ થયા એટલે દુર્ગતિઓના પલ્લે પડી જવાનું થાય.

કૂતરીએ ત્યાં પછી અનશન કર્યું, તીવ્ર દુષ્કૃતગર્હા અને પરમાત્માના ધ્યાનમાં બાકીનું આયુષ્ય પૂર્ણ કરીને સદ્‌ગતિએ ચડી ગઈ.

વાત આ છે, કદી ય ઈર્ષ્યા, અસૂયા, અસહિષ્ણુતાને હૃદયમાં ઊઠવા જ ન દો; પ્રમોદભાવ કેળવો, મન મજબૂત કરીને એનો ખૂબ અભ્યાસ રાખો, બીજાનું સુખ, બીજાનું સારું, બીજાના ગુણ-સુકૃત-ધર્મસાધના દેખી પ્રમોદ-હર્ષ-આનંદ અનુભવો; પણ એના પર અસૂયા-અસહિષ્ણુતા ન કરો. એમ બીજાને માન-સન્માન મળે, બે માણસો એને બોલાવે અને કુશળ પૂછે, એની સરભરા કરે, પ્રશંસા કરે, એમાં સહેજ પણ બળાપો ન કરો.

તમે કહેશો કે 'અમે એમાં ક્યાં બળતરા કરીએ છીએ ?'



**આપણી પરીક્ષા :**

પરંતુ પરીક્ષા ત્યારે થાય છે કે જ્યારે આપણી સામે એ વસ્તુ બનતી હોય અને પાછું ત્યાં આપણને એ માન-સરભરા-કુશળપૃચ્છા-પ્રશંસા ન મળતી હોય, એ વખતે બીજાને એ મળવાનું જોઈ આપણને કેટલી ધીરજ રહે છે ? આપણને બળતરા થાય છે કે કેમ ? સહેજ પણ મન ગ્લાની અનુભવે છે ? એ તપાસતાં જણાઈ આવશે કે અસૂયાથી છૂટી નીતરતો પ્રમોદભાવ આપણે હસ્તગત કર્યો છે કે નહિ ?

**અસૂયા કોનામાં નહિ ? :**

ખુદ પિતા-પુત્ર, પતિ-પત્ની, મા-દીકરી, સાસુ-વહુ, ભાઈ-ભાઈ, નણંદ-ભોજાઈ, દેરાણી-જેઠાણી-વગેરેમાં પણ આ બનતું હોય છે કે એ બેમાંથી એકને કોઈ બોલાવે, પૂછેગાછે, સન્માને, વખાણે, સરભરા કરે, ત્યારે બીજાને મનમાં ઓછું આવે છે, સામો અવિવેકી લાગે છે, અને સાથેના પર સહેજ અસહિષ્ણુતા ઊભી થાય છે. હા, એ પણ અટકે; કિન્તુ એ સાથેનો જો સામાને વિવેક શિખવાડે કે 'આ મારા પિતાજી છે,' અગર 'આ મારો મોટો દીકરો છે' 'એમને પૂછો,' 'એ જ ખરેખર વખાણવા લાયક છે' 'સરભરા એની કરવા જેવી છે,' આવો જો વિવેક શિખવાડે તો અસૂયા થતી અટકશે. પરંતુ એ તો પોતાને વધુ માન મળ્યું એટલે, પોતાની વધુ કિંમત અંકાઈ એટલે.

આપણી વધુ કિંમત અંકાય, આપણું ગૌરવ સચવાય ત્યાં બીજા પ્રત્યે હજી ઈર્ષ્યા-અસૂયા નહિ ઊઠે, પરંતુ એટલા પરથી આપણામાં ઈર્ષ્યા-અસૂયા દોષ નથી એવો વિશ્વાસ ન ધરાય, વિશ્વાસ તો ત્યારે ધરી શકાય કે આપણી કિંમત ઓછી અંકાય છે, ને બીજાની વધુ અંકાય છે, અથવા આપણું ગૌરવ નથી થતું, અને બીજાનું થાય છે, કે આપણને સગવડ તેવી નથી મળતી, ને બીજાને અપાય છે, યા આપણને એમ લાગે છે કે આપણી કક્ષા ઊંચી છે પણ સગવડ સરભરા બીજાની સમાન જ થાય છે, અથવા આપણો ભાવ નથી પૂછાતો એવો બીજાનો પૂછાય છે,...આવા બધા પ્રસંગોમાં આપણા મનને ઓછું નથી આવતું, અને બીજાને મળતું ગૌરવ મૂલ્યાંકન સરભરા વગેરે આપણે ખુશીથી સહી શકીએ છીએ. આ જો આપણી સ્થિતિ હોય તો આપણે ઈર્ષ્યાથી બચ્યાનો સંતોષ લઈ શકીએ.

**પ્રમોદભાવ આ માગે છે** કે તમારું ઓછું કે સમાન પણ ગૌરવ સચવાતું હોય સગવડ-સરભરા મળતી હોય, અને બીજાને સારું ગૌરવ વગેરે મળતું હોય, અને ત્યાં મનને જરા ય ઓછું ન લાવીએ, બીજાનું એ બધું ખુશીથી વધાવી

લઈએ, એ જરાય અસહ્ય ન લાગે, લેશ પણ અકળામણ કરાવનારું કે ઊંચાનીચા કરનારું ન બને. આપણે તો એજ વિચારવાનું કે,

**બીજાના પુણ્યોદય પર બળતરા આપણાં પુણ્યને હણે :**

'બીજાને જે ગૌરવ, સન્માન, સરભરા પ્રશંસા વગેરે મળે એ એના પુણ્યના ઉદયનું ફળ છે. મારે શા સારુ ઈર્ષ્યા-અસૂયા કરવી ? એથી કાંઈ સામાનું પુણ્ય કચરી નહિ શકાય; ને એ કચરવાનો વિચાર કે પ્રયત્ન કરવાથી ફાયદો પણ શો ? આપણને જ્યારે આપણો પુણ્યોદય ગમે છે ત્યારે બીજાના પુણ્યોદય નબળા પડે એવો વિચાર પણ કરવો એ પુણ્યોદયનો દ્રોહ કરવા જેવું છે. એમાં તો આપણું પુણ્ય રીસાઈ જાય, અર્થાત્ પુણ્ય નબળું પડતું જાય, ને નવાં પુણ્યને આવવાનો માર્ગ બંધ થઈ જાય. જગતમાં એવા ઈર્ષ્યાળુ માણસ દેખાય છે કે જે એક યા બીજી રીતે પાછા પડે છે, અનર્થના ભોગ બને છે, હલકાઈ પામે છે. શું કારણ ? આવું જ કાંઈક કે બીજાના પુણ્યોદય કચરવાની બુદ્ધિ ધરી એથી પોતાનાં પુણ્ય ઢીલાં પડ્યાં, એના પર આઘાત લાગ્યા. માટે મારા માટે આ જ ઉચિત છે કે બીજાના પુણ્યોદય સહી લેતાં શીખું, વધાવી લેતાં શીખું.'

**ઈર્ષ્યામાં બીજી ખોટ :**

બીજાના પુણ્યોદય પર બળતરા કરવાથી વળતું તો કાંઈ નથી, ઊલટું એટલો સમય શુભ ભાવ ન રાખવાથી પોતાને નવું પુણ્ય કમાવાનો અવસર ગુમાવાય છે. ઉપરાંત, એ બળતરાના સંસ્કાર બીજા ત્રીજા કામ વખતે પણ એનું સ્મરણ કરાવી બળતરા ઊભી કરી જાય છે; અને એથી ત્યાં પણ પુણ્યોપાર્જન ગુમાવાય છે. તો નાહક બીજાના પુણ્યોદય પર બળી આવી ખોટ શા સારુ ઊભી કરવી ?

**ઈર્ષ્યામાં જડનું મહત્ત્વ અંકાય એ નુકસાન :**

એક વસ્તુ એ પણ બને છે કે જો બીજાને વધુ સગવડ-સરભરા-સન્માન મળવા પર આપણને બળતરા થાય છે, તો એનો અર્થ એ, કે આપણે એ જડલીલાનું મહત્ત્વ ખૂબ આંકીએ છીએ. માટે તો 'એ મને વધુ નહિ, ને એને કેમ વધુ ?' એવી અસહ્યતા ઊભી થાય છે, જડલીલાનું જો મહત્ત્વ જ ન આંકુ એને માલ વિનાની ચીજ ગણું તો તો પછી એ કોઈને વધુ મળે તે દેખી કરમાવાનું શું ? મવાલીઓ કોઈને વધુ સલામી ભરે, કે વખાણે, તે જોઈને થોડી જ બળતરા થાય છે ? ન થાય, કેમકે મવાલી અને એનાં માન-સન્માન એ માલ વિનાની ચીજ છે.





**ઈર્ષ્યામાં બીજનો નાશ :**

ત્યારે જો બીજામાં તપ, જ્ઞાન, સંયમ વગેરે ગુણ કે સુકૃત વધુ દેખી સંતાપ થતો હોય તો એ ખોટું છે; કેમ કે ગુણ કે સુકૃત ઉપરની બળતરા એની પ્રશંસા ગુમાવરાવે છે, અને તેથી એનું બીજ બળી જાય છે. ધર્મપ્રશંસા એ ધર્મનું બીજ છે, ગુણપ્રશંસા એ ગુણનું બીજ છે, સુકૃતપ્રશંસા સુકૃતનું બીજ છે. ઈર્ષ્યા-અસૂયામાં એ બાળી નાખવાથી ભવિષ્યમાં પોતાને ધર્મ-ગુણ-સુકૃત પામવા દુર્લભ બની જાય છે.

તો આ ઉત્તમ જનમમાં નવી ધર્મસાધના, નવા ગુણ કે નવાં સુકૃત સાધવા-વધારવાને બદલે શા માટે મારે ઊલટું ભવિષ્યમાં ય એ દુર્લભ થાય, એ મારાં સગાં ન થાય, એવું કરવું જોઈએ ? શા સારુ એ સ્થિતિ કરનારી ઈર્ષ્યા-અસૂયાથી બીજાના ધર્મ-ગુણ-સુકૃત પર બળવું જોઈએ ? ભલે ને એ સારું પામે હું એટલું સારું નથી પામી શકતો એ મારા પુણ્યની કચાશ છે. એમાં બીજાનું સહન નહિ કરવાથી, એના પર બળવાથી તો મારી પુણ્યની કચાશમાં વધારો થશે, પુણ્ય વધુ દૂબળું પડશે, સબળું નહિ થાય હું જો મારું પુણ્ય સબળ કરવા ચાહતો હોઉં તો મારા માટે તો આ જ ઉચિત છે કે મારે ઉદારતા સહિષ્ણુતા અને પરના ભલાની ભાવના તથા પરના ગુણ-ધર્મ-સુકૃતની અનુમોદના વધારવી જોઈએ. એથી જ પુણ્યવૃદ્ધિ થાય, પણ ઊલટા બળાપા-ઈર્ષ્યા-અસૂયા-ક્ષુદ્રતાથી ન થાય.

**કુદરત પણ શું દેખાડી રહી છે ?** એક બગીચામાં અનેક જાતના પુષ્પ-છોડ અને ફળ-વૃક્ષ ઊગે છે. એમાં એ એકેકને તરતમતાવાળા ફળફૂલ આવે છે. એક છોડને સામાન્ય સારું અને સુગંધી વિનાનું યા મામૂલી સુગંધવાળું ફૂલ, તો બીજાને એથી વધુ રળિયામણું અને વધુ સુગંધદાર પુષ્પ, ત્યારે ત્રીજાને વળી ખૂબ સુંદર અને સુગંધની મહેક-મહેક ફેલાવનારું પુષ્પ આવે છે. એવું ફળોના ઝાડમાં બને છે. કોઈને સામાન્ય સુંદર અને મીઠું, તો બીજાને વિશેષ મધુર, ત્યારે ત્રીજાને વળી એથી અધિક મીઠું ફળ આવે છે. તો શું આ નીચી કોટિના છોડ અને વૃક્ષો ઊંચી કોટિના છોડ-વૃક્ષ તરફ ઈર્ષ્યા કરીને બળી સુકાઈ જાય છે ? ના, એ તો દરેક પોતે પોતાનામાં મસ્ત રહી કલ્લોલ કરતા જીવે છે. બધી ય હરિયાળી ને બધીય વનરાજી પ્રસન્ન દેખાય છે.

અગર આવા તુચ્છ જીવો ઈર્ષ્યા નથી કરતા, તો માણસજાત એટલે તો

કેટલીય ઊચ્ચ કોટિના જીવો, શું એ ઈર્ષ્યા કરે એ એની લાયકી છે ? શોભા છે ? કે હલકા એકેન્દ્રિય જીવો કરતાં પણ ભારે હલકાઈ છે ? પુણ્યે ઊંચો ભવ આપ્યો, બુદ્ધિ શક્તિ આપી, અને ધર્મશાસનનો યોગ આપ્યો, એનો આવો ભયંકર દુરુપયોગ ? શા માટે મારે એવા અધમાધમ દુરુપયોગના માર્ગે ચડવું જોઈએ ? એકેન્દ્રિય છોડ-ઝાડના દૃષ્ટાંતથી હું મને પ્રાપ્તમાં મસ્ત પ્રસન્ન કેમ ન રહું ? શા માટે બીજાનું સારું જોઈને બળું ? કેમ જ અસહિષ્ણુ થાઉં ?'

**ઈર્ષ્યામાં બીજા સુખનો લોપ : ઈર્ષ્યામાં તો એવું થાય છે કે માણસ પોતાને મળેલ અનુકૂળતામાં પણ સુખ અનુભવી શકતો નથી.**

**સુખનો અનુભવ તો ભય, ચિંતા અને સંતાપ વિનાના મનથી થાય.**

બકરીને ગમે તેટલો સારો ચારો ખવરાવો, પરંતુ ત્યાં જો સામે વાઘ બાંધ્યો હોય તો એના ભયમાં પેલા ચારાનું સુખ શું અનુભવી શકે ?

વિધવા માતાનો કમાઉ પુત્ર માંદો પડ્યો હોય અને એની, જીવશે કે મરશે એવી જો ચિંતા માતાને ઊભી થઈ હોય તો હવે એ માતા મીઠાઈનાં પણ ભોજન પર બેઠી હોય ત્યાં એ ભોજનનું સુખ શું અનુભવી શકે ?

એવું જ એને પુત્ર મરી ગયાનો કે જુવાન બાઈને ધણી ગુજરી ગયાનો સંતાપ હોય તો એ પૈસાટકાનું સુખ શું અનુભવી શકે ?

આ તો મોટા ભય-ચિંતા-સંતાપની વાત, કિન્તુ નાના ય ભય-ચિંતા-સંતાપની વખતે પણ સુખ-સંવેદન થવું મુશ્કેલ છે. ચિત્તમાં કોઈ ભય ન પેઠો, કાંઈ ચિંતા ન ઊભી થઈ, સંતાપ ન જાગ્યો, ત્યાં સુધી ઈષ્ટ-સંયોગથી સુખનો અનુભવ થવા માંડ્યો પરંતુ જ્યાં ભય, ચિંતા કે સંતાપ સળવળ્યો, ત્યાં જ સુખસંવેદન ખત્મ !

**ભયમાં સુખાનુભવ ગૂમ ! :**

માણસ રૂપિયા કમાઈને એ લઈ રસ્તેથી જતો હોય, મન ટેસમાં-રંગમાં હોય કે 'વાહ ! સારી રકમ મળી ગઈ,' ને ત્યાં બૂમ સાંભળે કે 'અરે ! આ બે જણનાં ખીસ્સાં કપાયાં, ને પૈસા ગૂમાવ્યા,' ત્યાં આ ભાઈને ભય લાગી જાય છે કે રખે ને મારું ય ખીસ્સું કપાય તો ?' હવે આ ભયમાં પેલો રંગ ગૂમ થઈ જાય છે. પેલો ભય મનને સતાવ્યા કરે છે.

**ચિંતામાં સુખ ગૂમ :**

નેમિકુમારે કૃષ્ણનો શંખ ફૂંક્યો, ને કૃષ્ણને ભય ઊભો થયો કે આ કદાચ મારું રાજ્ય લઈ લે તો ? ત્યાં રાજ્યપાટના સુખનું સંવેદન ગૂમ ! પછી નેમિકુમારના બળની પરીક્ષા ઊભી કરી, કે 'એકે બીજાનો હાથ વાળવો.' નેમિકુમારે તો



રમતમાત્રમાં કૃષ્ણનો હાથ વાળી નાખ્યો, પણ કૃષ્ણ આખા ને આખા નેમિકુમારના હાથ ઉપર લટકી પડ્યા છતાં એ વાળી શક્યા નહિ; એટલે ચિંતા થઈ કે 'શું આ મારું રાજ્ય લઈ લેશે ?' બોલો, રાજ્ય તો પોતાના હાથમાં છે, એના સુખ-સંવેદનમાં પોતે મસ્ત છે. પરંતુ આ ચિંતા થયે શું સુખનું સંવેદન કરી શકે ?

**સંતાપથી સુખ નષ્ટ :**

એમ એક મનગમતી ચીજ બગડી ગયા કે નષ્ટ થયા પર સંતાપ થયો તો તે બાકીની અનેક સારી અનુકૂળતા પાસે છતાં એનાં સુખનું સંવેદન નહિ ટકવા દે. આજે માણસ રોદણાં કેટલાં બધાં રુએ છે ? શું બધું જ બગડી ગયું છે ? મોંઘવારી થઈ, વસ્તુની અછત થઈ, એ બગડ્યું, પરંતુ પરિવાર મળ્યો છે, રહેવા ઘર છે, શરીર-આરોગ્ય છે, સમાજમાં ચાહના મળે છે, બુદ્ધિ ચાલે છે, એવું એવું તો કેટલુંય સારું છે. પરંતુ એના સુખનો અનુભવ પેલા સંતાપની બળતરામાં શાનો ઊભો રહે ? ઘડીભર એ સંતાપ ભૂલે, તો વળી બીજી વસ્તુના સુખાનુભવ થાય; પરંતુ પાછું પેલું બગડી ગયેલું યાદ આવતાં સંતાપ ટટાર, તે સુખના સંવેદને હટાવી દે છે.

તો ઈર્ષ્યાના સંતાપમાં પણ આવું જ છે. એ પણ સુખના અનુભવને અટકાવી દે છે. આ સંતાપ અને ઈર્ષ્યાથી કેવી ખરાબી ! માણસને હાથ વેંતમાં રહેલ ઢગલો-સુખ અનુભવમાં ન આવવા દે !

**સંતાપથી સારી હુંફ ગુમાવે :**

સંતાપની આ એક ઓર ભયાનક્તા છે કે એ મળેલા ઊંચામાં ઊંચા દેવાધિદેવ, સદ્ગુરુ મુનિઓ અને જૈન ધર્મ તથા એ બધાની ઉપાસના કરવાના મળેલા સોનેરી સમયની હુંફ નથી માણવા દેતો. ચિત્ત સંતાપમાં અને બગડી ગયેલ વસ્તુમાં રોકાયું એટલે એના રોદણામાં દેવ-ગુરુ-ધર્મ તથા અમૂલ્ય અવસર મળ્યાનો આનંદ નહિ જાગવા દે કે 'અહો બાહ્ય ગમે તેવા કપરા કાળમાં પણ મને કેટલા બધા ઊંચા દેવ-ગુરુ-ધર્મ મળ્યા છે ! તો મારે શી કમીના ?

**પ્રમોદ માટે ભાવના :**

પ્રમોદભાવ રાખવો સરળ છે, જો આટલું કરાય કે ક્યાંક ઈર્ષ્યા અસહિષ્ણુતા ઊઠવા જાય કે તરત મનમાં વિચારાય કે 'અરે ! મારે કાચતુલ્ય બાહ્યની લોથમાં આવા સંતાપ વિહ્વળતા કરવાની શી જરૂર છે ? મારે તો વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર ભગવાન, ત્યાગી ચારિત્રસંપન્ન મુનિમહારાજો, ને વીતરાગના ધર્મ જેવા કોહિનૂર હીરા મળ્યા છે. હવે તો એમની ઉપાસના કરવાનો સોનેરી અવસર આવી મળ્યો

છે, પછી બીજી લપમાં સા સારુ પડું ? ન્યૂનતા શું કામ માનું ? રોગમાં અકસ્માત્માં વિટંબણામાં અને અંતકાળે ખૂબ જ ધૈર્ય, સત્ત્વ અને સમતા-સમાધિ આપનાર આ દેવ-ગુરુ-ધર્મ છે. પરલોકમાં જવાબ આપનાર આ જ તત્ત્વો છે, સદ્ગતિ એ જ અપાવે છે. એ મને મળ્યા એટલે તો મારી સ્થિતિ ઘણી સદ્ધર છે, પછી ઈર્ષ્યા અસહિષ્ણુતા કે બીજા સંતાપ શા સારુ કરવા ? મહાપુરુષો એ આલંબને મસ્ત જીવન જીવ્યા, ઘોર આપત્તિઓ આવી છતાં મુંઝાયા નહિ, વિહ્વળ ન થયા તો હું પણ એમના રાહે જ ચાલુ. જગતમાંનું સારું જ જોઉં."

આવી બધી ભાવના વિચારણાથી ઈર્ષ્યા અસહિષ્ણુતા દૂર રાખી પ્રમોદભાવ સદા જાગતો રાખવો ખાસ જરૂરી છે.

## • ૪. માધ્યસ્થ ભાવ •

જીવન શુભ ભાવમાં વહેતું રાખવા માટે એક પ્રકાર મૈત્રી આદિ ભાવોમાં ચોથો માધ્યસ્થ ભાવ છે;

**માધ્યસ્થ ભાવ એટલે** તટસ્થભાવ, ઉપેક્ષાભાવ, એવા કોઈ દોષિત પાપી, ધર્મવિરોધી જીવ નજરમાં યા સ્મરણમાં ચડી જાય કે જે આપણાથી સુધરે એમ નથી, ત્યારે એની ઉપેક્ષા કરવી, તટસ્થ રહેવું, પરંતુ એની ચિંતામાં નહિ પડવું તે. આમેય કેટલીય વાર બીજાના દોષ બીજાની ભૂલ પર ઝટ દૃષ્ટિ જાય છે. મન વિહ્વળ થાય છે કે 'આમ કેમ ચાલવું જોઈએ ?' ત્યાં એ ચિંતા ખોટી છે. જરૂર, આપણાથી સુધારી શકાય એમ હોય તો તો કરુણાભાવથી એ સુધારવા યત્ન કરીએ. પરંતુ એ બની શકે એમ ન હોય, ત્યાં બળવાની-બબડવાની શી જરૂર ? એમ તો જગતના જીવ દોષોથી ભરેલા છે, તો શું એ બધાને સુધારવાનો ઈજારો રાખી ફરશું ? ખુદ તીર્થંકર ભગવાન બધાયને સુધારી શકતા નથી, તો આપણે કોણ માત્ર ? આપણાથી અસાધ્ય એવા એ દોષો તરફ તો ઉપેક્ષા આંખમિંચામણા જ કરવા ઉચિત છે. અલબત્ત મૈત્રી-ભાવના વિષય તો એવા જીવો છે જ, પરંતુ એની પાછળ વિહ્વળતાવાળી ચિંતા કરવાની જરૂર નથી. એથી મન અસમાધિમાં પડે છે.

### 'પરચિંતાऽધમાધમા'

શાસ્ત્ર કહે છે, કે ઉત્તમ સ્વાત્મ ચિંતા છે, મધ્યમ સુખ ચિંતા છે, અધમ અર્થચિંતા છે, પણ પરચિંતા અધમાધમ છે. જ્યાં કાંઈ શેક્યો પાપડ ભાંગે એમ નથી, કશું સારું કરી શકાય એવું નથી, એવા પરદોષની ચિંતા કરવી, સંતાપ



કરવા, વિહ્વળ થવું, રાત ને દિવસ મનમાં એ જ લાવ્યા કરવું, એ જીવને પોતાના આત્માની ચિંતા ભુલાવનાર છે, તેમજ કષાયો દુર્ધ્યાન અને અસમાધિનું પોષણ કરનાર છે.

**જગતના જો દોષો જોતા જ બેસવાનું હોય તો પોતાના આત્માનું ક્યારે વિચારવાનું ?**

**'કાજી ક્યોં દુબલે ?'** તો કે **'સારે શહરકી ફિકર,'** બીજાના દોષો જ જોતા બેસવામાં પોતાનો આત્મા, સ્વચિંતા-સ્વસુધારણા ગુમાવવાથી અને ઊલટું ખોટા સંતાપ-સંકલ્પ-વિકલ્પો અને કષાય કરતો રહેવાથી દૂબળો પડે છે. એનામાં પુણ્યબળ ઓછું થાય છે, અને પાપનું જોર વધે છે, તો શું આથી આવો ઊચ્ચ ભવ પામ્યાની સાર્થક્તા થઈ કહેવાય ? કે શું પુણ્ય ઘસાવાથી અને પાપ વધવાથી આ ભવ ખતરનાક નીવડ્યો કહેવાય ?

મૂળ ખામી આ છે કે પોતાના આત્મા સામે જોવું નથી કે 'એ કઈ સ્થિતિમાં છે,' એટલે બીજાના દોષ બીજાની ભૂલો અને બીજાની ખામીઓ સામે દૃષ્ટિ રહે છે.

આમાં બે વાત બને છે,

(૧) બીજાની તરફ નજર રહેવાથી મન એમાં રોકાઈ ગયું, એટલે એ હવે પોતાના આત્માનો વિચાર કરવા નવરું નથી. ત્યારે,

(૨) બીજાના ય મોટા ભાગે દોષ જ જોવાનું કરાય છે, એમાં એ બીજાઓ તરફ ઘૃણા, સૂગ, દુર્ભાવ, અધમભાવ જાગે છે. આના પોતાની ઉપર પ્રત્યાઘાત ભૂંડા પડે છે. એ રીતે પણ પોતાના આત્માનું બગડતું જોવાતું નથી.

પહેલી વાતમાં, બીજામાં ગૂંથાયેલા મનને પોતાના આત્મા તરફ જોવાની ફુરસદ નથી, ગરજ નથી, જગા નથી, અવકાશ નથી, એટલે પોતાનું સુધારવા ભલું કરવાનો કોઈ વિચાર અને પ્રયત્ન જ કરવાનો રહ્યો નહિ ને ? તો જિંદગી એમ જવાથી એ કરવાનું ક્યારે ?

**મંદિર-ઉપાશ્રયે પણ જીવ ક્યાં ભૂલે છે ? :**

**પ્ર.-** પણ એમ તો અમે દેરાસર જઈએ, ઉપાશ્રયે જઈએ, દાન કરીએ, તપ કરીએ, એમાં પોતાના આત્માનું ભલું તો થાય જ છે ને ?

**ઉ.-** અહીં એ જોવાનું છે કે મંદિર-ઉપાશ્રયમાં જઈને ય કે દાન તપ કરતાં ય જીવ ક્યાં જપ્યો રહે એમ છે ? ત્યાં અને ત્યારે પણ એને જે બીજાનું જોવાની પડેલી આદત, એ કેમ છૂટે ? એ આદત સખણી શાની બેસી રહે ? એ તો પરનું

પિંજણ, પરતપ્તિ, પરતપન કરાવ્યા જ કરશે, પછી ભલે બીજાનું એકલું ખરાબ નહિ પણ સારું ય વિચારાય, છતાં જીવ પરનું ડહાપણ કર્યા કરવાનો.

મંદિરમાં જશે ત્યાં આ દોઢડહાપણ કે 'આ કેમ આમ ઊભા છે ? આમણે કપડાં કેવાં મેલાં પહેર્યાં છે ? પેલા ભાઈ રાગડો કેમ મોટો તાણે છે ? ટ્રસ્ટીઓ કેમ અહીં ડોકાતાં જ નથી ? આ પેલા ગરબડ કેમ કરે છે ?...' આમ બીજાના દોષ હલકાઈ ફેંદવાનું ચાલુ. પોતાનામાં કોઈ ખામી-ત્રુટિ છે ? ના, જાણે કશી નથી.

હવે જો પરનું સારું વિચારશે કે 'આ ભાઈએ આમ વિવેકથી ઊભા રહેવું જોઈએ આમણે આ રીતે પ્રક્ષાલ કરવો જોઈએ. ટ્રસ્ટીઓએ મંદિર પર બરાબર ધ્યાન આપવું જોઈએ'... વગેરે; તેમજ બીજાને શિખામણ આપવા ય જશે, કે 'જુઓ ભાઈ ! સ્તવન મધ્યમ અવાજે બોલો જેથી બીજાના ચૈત્યવંદનને ધક્કો ન પહોંચે.' 'અરે ! તમે ભાઈ ! ભગવાનને પૂંઠ કરીને પાછા ન ચાલો.' 'એ મોટા ! પ્રભુને ફૂલ પાંખડીઓ તોડીને ન ચડાવાય; તો ત્યાંય પરચિંતા પ્રધાન બનવાની.

**સાચી આત્મહિતની ચિંતા ક્યારે આવે ?**

**પ્ર.**- પણ ! બીજાને આવી સારી શિખામણ આપે એમાં ખોટું શું ?

**ઉ.**- ખોટું આ, કે જે એવી શિખામણો આપ્યા કરે છે, અથવા મોંઢે ન બોલાય ત્યાં જે વિચાર્યા કરે છે કે 'આ ભાઈએ આમ કરવું જોઈએ, ને આણે આમ...વળી આ ભાઈએ આમ કર્યું હોત તો ઠીક થાત...,' આવું આવું વિચારનાર-બોલનારનું ધ્યાન માત્ર બીજાઓ ઉપર છે. હવે એ પોતાના આત્મા પર ધ્યાન ક્યારે લઈ જવાનો ?

**પોતે દર્શન-પૂજા આદિ કરી રહ્યો હોય ત્યારે પણ બીજાઓની વાત-વસ્તુમાં મન ઘાલનારો પોતાના આત્મામાં મનને ક્યાંથી પરોવી શકે ?**

**ધર્મક્રિયા વખતે પણ સ્વાત્મ-વિચારનો અભ્યાસ નહિ રાખનારો સાંસારિક પ્રવૃત્તિ વખતે તો સ્વાત્માનો વિચાર જ શો કરવાનો ?**

એ તો ત્યાં પણ બીજાઓમાં મન ઘાલ્યા કરવાનો; અગર શરીર સાથે સંબંધ રાખનાર સ્વાર્થનો જ વિચાર કરવાનો. આ નુકસાન ઓછું છે ? એટલે બીજાઓને સારી સારી શિખામણ આપવાનું કાર્ય સુંદર હોવા છતાં પોતાના માટે તો સ્વાત્માને સરાસર ભૂલવાનું થાય છે, એ મહા મોટું નુકસાન છે.

પોતાના આત્મા પર દૃષ્ટિ જ નહિ, આત્માની જાંચ નહિ, એમાં કયા કયા



નાના મોટા દોષ, ખામી, વાસના-વિકારો ઊછળી રહ્યા છે એનો જાગતો ખ્યાલ નહિ, હવે એને દબાવવા કયા કયા ઉપાય યોજવા,...વગેરેનો વિચાર જ નહિ, એ તો એક જાતની નાસ્તિક્તા થઈ,

**નાસ્તિક બે જાતના,** (૧) એક ઉઘાડા નાસ્તિક, જે સાફ ના પાડે કે આત્મા નથી, પરલોક નથી, પુણ્ય-પાપ જેવી વસ્તુ નથી; (૨) બીજા પ્રચ્છન્ન નાસ્તિક, ગુપ્ત નાસ્તિક; જે મોંઢેથી તો કહે કે 'હું આત્મા-પરલોક-પુણ્યપાપ માનું છું,' પરંતુ એના આચરણમાં સ્વાત્માની કોઈ ચિંતા જ ન દેખાતી હોય, 'બીજા શું કરે છે, ત્રીજા શું કરે છે, પેલા ભૂલ કરે છે, ઓલ્યા ભૂલ કરે છે,' વગેરે વિચારણા હોય, તેમજ જાતના-ખોખાની અને એને સંબંધિત ઢગલો બાબતની સચોટ તકેદારી રહે. આ છૂપા નાસ્તિક છે.

**માધ્યસ્થ-ભાવના ગુમાવી આનું ને તેનું જોયા કરવામાં પ્રચ્છન્ન નાસ્તિક્તા પોષાવાનું ભયંકર નુકસાન ઊભું થાય છે.**

**આનાથી બચવા માટે** મધ્યસ્થભાવ માધ્યસ્થભાવના કેળવવાની છે, બીજાનું કાંક નરસું દેખાઈ જતાં એની પ્રત્યે ઉપેક્ષા કરવાની; એનો વિચાર જ બંધ કરી દેવાનો. આ થોડું પણ કરાય, તો એટલા અંશે સ્વાત્માને સંભાળવાનો અવકાશ પ્રાપ્ત થાય. પરંતુ જો મધ્યસ્થભાવ, ઉપેક્ષાભાવ, ઉદાસીનભાવ, નથી કેળવવો, તો બીજાઓની ઉપર જ દૃષ્ટિ ઘૂમ્યા કરવાની; નજર ત્યાંની ત્યાં જ દોડ્યા કરશે; પછી ભલે વિચાર બીજાના સારાનો ય આવશે, પરંતુ એમાં સ્વાત્મા તો યાદ જ નહિ આવે. પછી જાતનું શું વળ્યું ? અભવી ચારિત્ર લઈને કેટલાય જીવોને ઊંચા લાવે છે, ઊંચે ચડાવે છે, પણ એને પોતાના જ આત્માના હિતનો વિચાર નથી તેથી શે બચે ? પોતે બીચારો સંસારમાં ભટકતો જ રહે છે. અહીં પૂછો,

**પ્ર.**- પણ અભવી તો આત્માના હિત તરીકે મોક્ષને માનતો જ નથી, કે 'સમ્યગ્દર્શનાદિ એ જ સાચાં આત્મહિત છે' એવું માનતો જ નથી, પછી બીજાના માટે પણ 'આ જીવો એ પામો' એવો વિચાર એ શાનો કરે ? એટલે એનું રખડવાનું તો, પોતાની આ માન્યતા જ નથી અને ભૌતિક સુખોની જ ભરપૂર માન્યતા છે, એનાં કારણે જ છે. જ્યારે અમે તો સાચાં આત્મહિતની માન્યતા ધરાવીને બીજાના એવાં આત્મહિતની વિચારણા કરીએ છીએ. પછી અમારે શાનું રખડવાનું રહે ?

**ઉ.**- અહીં પહેલું તો એ જુઓ કે અભવ્ય જીવ પોતે ચારિત્ર લઈ આચાર્ય પણ બની બીજાને મોક્ષ અને મોક્ષમાર્ગનો ઉપદેશ આપે છે. ઉપદેશ એવો રોમાંચક

કે શ્રોતાનાં રુંવાડાં ખડાં કરી દે. એનું પરિણામ એ, કે યોગ્ય જીવો વૈરાગ્યરંગે રંગાઈ જાય છે. ત્યારે અભવ્ય આચાર્ય એમને ચારિત્ર આપે છે, શાસ્ત્ર ભણાવે છે, તપ કરાવે છે, ત્યાગમાં ચડાવે છે, મોક્ષ નિકટ કરી આપે છે, તો આટલું બધું કરવા છતાં એ અભવી જીવ કેમ એમના આત્મહિતનો વિચાર કરનારો નથી કહેવાતો ? એટલા જ માટે નથી કહેવાતો કે એ જે એ બધું કરે છે તે માનપાનાદિને સારું જ કરે છે, પણ સામાની આત્મદયાથી નહિ. ખરેખર તો એને ખુદને આત્મહિતની શ્રદ્ધા જ નથી નહિતર એ પોતાના આત્મહિતની વિચારણા કેમ ન કરે ? અને કરે તો પોતે ચિરકાળ ભવમાં શાનો ભટકતો રહે ?

"દિવ્ય-દર્શન" - **"પ્રવચન મહોદધિ"** વર્ષ-૧૬,અંક-૧,તા.૨-૯-૧૯૬૭

## શુભ ભાવ કયા કયા ? કેમ કરાય ?

બસ હવે તમે જાતનો વિચાર કરો કે

**ભલે તમે બીજાના દેખીતો આત્મહિતનો વિચાર કરતા દેખાઓ, પરંતુ જો ખરેખર આત્મહિત-વિચારક હો, તો તમે પોતાના આત્માનું અઢળક હિત વિચાર્યા વિના રહો ખરા ?**

જો તમને બીજાના માટે એ વિચારો આવે છે કે 'આ ભાઈ ભગવાનની આશાતનાનું પાપ કેમ કરે છે ? પેલા ભાઈ વચમાં ઊભા રહી બીજાને દર્શનના અંતરાયનું પાપ શા સારુ કરતા હશે ? પેલા વળી જરાક કહેતાં એકદમ ધમધમી ક્રોધ-કષાયમાં કેમ પડતા હશે ? આ ભાઈને ખાવાનો આટલો બધો શોખ, તે રસનાના વિષયની આસક્તિમાં કેમ આટલા બધા તણાતા હશે ?...' આવા આવા જો વિચાર આવે છે તો એનો અર્થ તો એ કે તમને એ વિષયાસક્તિ, એ ક્રોધાદિ કષાયો, કોઈને ધર્મમાં અંતરાય, તથા પ્રભુની આશાતના વગેરે પાપો આત્મહિતના ઘાતક લાગ્યા છે, માટે ત્યાજ્ય લાગ્યા છે. જો ખરેખર આમ લાગ્યું હોય તો પછી એ જ દોષો તમારા પોતાના પણ આત્માના હિતના ઘાતક અને ત્યાજ્ય લાગ્યા છે ને ? એ લાગ્યા હોય તો એક યા બીજી કોઈ પણ વિષયાસક્તિ કોઈ પણ કષાય, આશાતના કે બીજાના ધર્મમાં અંતરાય જાતે સેવાય ખરા ? કેટલા સેવાય ? કેવી રીતે સેવાય ? હોંશથી નિર્ભીકપણે સેવવાનું બને ?

### સ્વાત્મહિતનો વિચાર કયા ગણાય ? :

બહુ ડાહ્યા માણસો છો તો વિચારી જુઓ કે જો પેલાને થતી રસનાના



વિષયની આસક્તિ તમને ખૂંચી, અને એના આત્મહિતનો વિચાર કરવા તમે ગયા, તો તમને રસનાના કોઈ પણ વિષયની એટલે કે પેલાને લાડવાની તો તમને પેંડા, બરફી, ગુલાબજાંબુ યા શિખંડ, બાસુંદી કે આફુસ કેરીનો રસ યા કોઈ ફરસાણ-ભજિયા વગેરેમાંના કોઈ પણ પદાર્થની આસક્તિ નથી નડતી ને ?

- અગર આસક્તિ નડે છે તો એના પર અને એ વિષયનાં સેવન પર ઘૃણા તિરસ્કાર થાય છે ને ?
- દુઃખદ પરલોકનો મોટો ભય લાગે છે ને ?
- હવે ક્યારે જલદી એ આસક્તિ અને એ વિષયસેવન છૂટે એની પેરવીમાં છો ને ?
- જેની જેની આસક્તિ નથી એવું દિલને લાગે છે તે તે પદાર્થોના ત્યાગનાં તો પચ્ચક્ખાણ કરી લીધાં છે ને ?

**જો આમાનું કશું નહિ, તો પછી પોતાના આત્માના હિત અહિતનો વિચાર ઊભો કહેવાય ?** એમ, પેલાના પણ શું આત્મહિતના વિચારથી જ એનામાં માથું ઘાલ્યું ? કે ખાલી પરદોષ-દૃષ્ટિની કુટેવથી ? યા જાતની વડાઈથી ?

### જાતને પ્રશ્નો : વિષયાસક્તિ-કષાય-આશાતના-અંતરાય અંગે :

આસ્તેથી વિચારજો, ઉતાવળ કરતા નહિ, ઊંડાણથી તપાસજો, જેથી પોતાની અંતરની ચોરવૃત્તિ કે શાહુકાર-વૃત્તિનો પત્તો લાગશે. બીજાની કોઈ વિષયાસક્તિ પર વિચાર કરવાનું યાને એમાં માથું ઘાલવાનું મન થાય છે, અને તે પણ 'આત્મહિતની ઘાતક છે માટે સામાને એ વિષયાસક્તિથી બચાવી લેવાય તો સારું,' એવી બુદ્ધિથી બીજાનું વિચારવાનું મન થાય છે, તો પછી શું પોતાની પાંચે ઇન્દ્રિયોના અને કામના કોઈ પણ વિષયની આસક્તિ હૈયામાં શલ્યની જેમ ખૂંચે છે ને ? અગર આસક્તિ કોઈ બી છે જ નહિ ને ? અને છે, તો એ દાબવાના વિચાર બહુ આવે ? પણ ક્યાંથી આવે, જો બીજાના જ વિચાર કર્યા કરવા હોય, બીજાઓમાં જ માથું મારવું હોય ?

એમ, બીજાના ક્રોધકષાયનો વિચાર કરાય છે, અને 'એ આત્મહિતનો ઘાતક છે' એમ સમજીને, તો પોતાના ક્રોધ અભિમાન માયા લોભકષાયનો બહુ વિચાર આવે છે ખરો ? એ હૈયે ખટકે છે ?

**એના પર ભય લાગી જાય છે ખરો કે 'મારું પરલોકમાં શું થશે ? આ કષાયના ગુણાકાર થઈ પરલોકના ભવોમાં મને કેવી કેવી ભયંકર દુષ્ટ બુદ્ધિ કરાવશે ?** તો લાવ, એને દબાવવા ભગીરથ પુરુષાર્થ અજમાવું. એ કેમ અને

ક્યારે ઓછા થાય ?' આવી ચિંતા જાગતી રહે છે ખરી ?

એમ, બીજાઓ પ્રભુની એક પ્રકારની આશાતના કરે છે એ પર જો ઝટ મગજ દોડે છે, અને તે આશાતના આત્મહિતઘાતક સમજીને; તો પછી

• પોતાની જાતમાં તો કોઈ જ પ્રકારની આશાતના કરવાનું નથી ને ? તેમજ ન થઈ જાય એની પાકી તકેદારી છે ને ? બીજાના આત્માનું એથી હિત ઘવાય એ જો લાગી આવે છે, તો પોતાના આત્માની તેવી ચિંતા ન હોય ?

પોતાનાથી બીજી પણ કોઈ જાતની નાની કે મોટી આશાતના થઈ જાય તો તે લક્ષબહાર જાય ? ખટક્યા વિના રહે ? ગુરુ આગળ એનું પ્રાયશ્ચિત્ત લીધા વિના રહેવાય ?

**છે આ બધું ચાલુ ? જો ના, તો આત્માનો ને આત્મહિતનો વિચાર ક્યાં રહ્યો ?**

એમ, કોઈ વચમાં ઊભો રહી બીજાનાં પ્રભુદર્શન રોકે છે, દર્શન ધર્મમાં અંતરાય કરે છે, એના તરફ જો ઝટ દૃષ્ટિ જાય છે, ને તે પણ ધર્મ-અંતરાય આત્મહિત ઘાતક સમજીને; તો પછી પોતાના જીવનમાં કોઈને પણ કોઈ પણ જાતનો ધર્મ-અંતરાય કરવાનું નથી થતું ને ?

• દીકરો નિશાળનું ભણવાનું ન કરતાં સામાયિક લેવા જાય, તો એને એ અટકાવો નહિ ને ?

• એ વિરાગી બની દીક્ષા લેવા તૈયાર થાય તો એમાં અંતરાય રૂકાવટ ન કરો ને ?

• એમ કુટુંબને દાનમાં, શીલમાં, વ્રતમાં, તપમાં અંતરાય કરો નહિ ને ? કદાચ મોહવશ કરો તો અંતરમાં લોહીના આંસુ પડે ને ? એમ મનને થાય ખરું કે 'અરેરે ! આ ધર્મમાં અંતરાય કરીને મારે શું પરભવમાં પણ ધર્મથી સાવ હીન બનવું છે ? એવા ધર્મહીન પાપી જીવનથી તો મારા બાર વાગી જાય.'

આવો કોઈ પોતાના આત્મા માટે વિચાર જો નથી, જો ધર્મમાં અંતરાય એક યા બીજા પ્રકારે કરવાનું થાય છે, તો પછી બીજાનું દર્શનાદિધર્મમાં અંતરાય કરવાનું ખટકે છે, એમાં ઝટ માથું મરાય છે, એ ખરેખર એના આત્મહિતના વિચારથી ક્યાં રહ્યું ? એ વિચાર હોય તો તો પોતાના પણ આત્મહિતનો વિચાર કેમ જાગતો ન રહે ? બીજાના દોષના વિચાર વારે વારે કરવાના અને પોતાનો હિત વિચાર જવલ્લે જ, એવું કેમ બને ? એટલે લાગે છે કે,

**જ્યાં સ્વહિતનો વિચાર નથી ને બીજામાં માથું મરાય છે તે ખરેખર**



**આત્મહિતના વિચારથી નહિ.**

**પ્ર.**- તો પછી કયા કારણે બીજાના દોષનો વિચાર અને બીજા સારું આત્મહિત સાધે, તેમ એના દોષ ટળે, એનો વિચાર આવે છે ?

ઉ.- જેને પોતાના આત્માનો વિચાર છે, પોતાના આત્મહિતની ચિંતા જાગતી છે, એને ખરેખર તો બીજાનામાં બહુ માથું મારવાની ફુરસદ જ નથી; અને જો બીજાનો વિચાર આવી જાય છે તો તે આત્મહિતની દૃષ્ટિએ કેમકે પોતાનું આત્મહિત નજર સામે છે. પરંતુ જેને પોતાના દોષની ચિંતા જ નથી, પોતાના આત્માનો વિચાર જ છે નહિ, એ જો બીજાના દોષ પર વારે વારે દૃષ્ટિ લઈ જાય છે, તો તે સ્વાભિમાન અને બીજા પ્રત્યે ઈર્ષ્યા-અસૂયાના કારણે. વ્યક્તિ પ્રત્યેની ઈર્ષ્યા એની ખામી શોધાવે છે, દોષ તરફ દૃષ્ટિ નખાવે છે. પણ 'એ દોષ બીચારાના આત્મ-હિતનો ઘાતક છે' એવી કોઈ દયા ત્યાં સ્ફૂરતિ નથી. કેમકે મૂળ પાયામાં આત્મા અને એના હિતનો વિચાર જ નથી; નહિતર તો પોતાના આત્મા તથા આત્મ-હિતની ચિંતા રહ્યા કરે.

**પ્ર.- વ્યક્તિ પ્રત્યે ઈર્ષ્યા થવાનું શું કારણ ?**

ઉ.- કારણ એ, કે એ વ્યક્તિને કાંઈ વધુ સગવડ, અધિક સન્માન વગેરે મળતું હોય યા એ પોતાનો સમોવડિયો થતો હોય તે અસહ્ય લાગે છે, ખમાતું નથી; ને એમ થવાનું કારણ જાતનું ભારે અહંત્વ છે. આથી ઊભી થયેલી ઈર્ષ્યા એના દોષ પર તરાપ મરાવે છે. સામાના આત્મહિતની ચિંતા વિના પણ આ રીતે બીજાનામાં માથું મારવાનું બને છે.

ત્યાં પછી એણે આવો સુધારો કરવો જોઈએ, આમ વર્તવું જોઈએ, વગેરે વિચાર આવે તે પણ પોતાનું અહંત્વ એમ વિચારવા પ્રેરે છે માટે; પણ નહિ કે કરુણાથી બીજાના આત્મ-હિતની તમન્ના આવી ગઈ છે તેથી, નહિતર તો પોતાના હિતનો વિચાર કેમ ચૂકે ? એનાથી કેમ પરવારેલો હોય ?

**બીજાના ભલાનો વિચાર અહંત્વથી :**

**પ્ર.**- ત્યારે સ્વને છોડી બીજાના ભલાનો વિચાર કરે તે શાથી ?

ઉ.- એ પણ એમજ જો પોતાના આત્માની લેશ પણ ચિંતા નથી, તો પરવિચાર પોતાની વિદ્વત્તા, ધર્મસમજ વગેરેના અહંત્વથી પણ પ્રેરાઈને કરે એવું બને, આ પ્રતિપાદન તમને કદાચ અજુગતું લાગશે. પરંતુ હકીકત એ આવીને ઊભી રહે છે. આપણી જાતમાં જ જુઓ ને કે બીજાના ભલાનો વિચાર દા.ત. બીજા દયાળુ બને એમ આપણે ઈચ્છતા હોઈએ, પરંતુ જો આપણે જાતે નિર્દય

બનતા હોઈએ અને એનો કોઈ ખટકો, કોઈ શરમ, કોઈ પરલોકભય હોય નહિ, તો બીજા દયાળુ બને એવું શા માટે ઇચ્છ્યું ? એટલા માટે કે આપણને એક એવી સમજ છે કે 'માણસે દયાળુ બનવું જોઈએ,' એટલે 'આ સામા લોક શા માટે નિર્દય બને છે ? એમણે દયાળુ બનવું જોઈએ,' એવું આપણને લાગે છે, અને એ આપણી સમજ બીજાને આપણા દ્વારા સમજવાની કક્ષામાં રાખીને દેવી છે.

પણ આ વાત જો આપણી જાતમાં પણ લાગુ કરતા હોઈએ કે 'માણસ જાતમાં તો હું પણ છું, એટલે મારે પણ દયાળુ બનવાની જરૂર છે; નહિતર મારામાં નિર્દયતાના કુસંસ્કાર દૃઢ થઈ મારા આત્માનું બગડી જશે; એ દુઃખદ ભવોમાં જોરશોરથી હિંસા નિર્દયતા કરતો રખડી પડશે, અને સંસાર કેદથી છૂટી જ નહિ શકે, ભવના ફેરા મિટશે જ નહિ;'- આવું જો આપણા આત્મા માટે વિચારતા હોઈએ, તો તો આપણે આપણા આત્માનો વિચાર કર્યો કહેવાય, આપણી હિતચિંતા કરી કહેવાય. પરંતુ આપણા બીજા પ્રત્યેના વ્યવહારમાં આપણે નિર્દય બનતા હોઈએ, હિંસા કરતા હોઈએ, આપણા ભૌતિક સ્વાર્થને સાધવા કે સુરક્ષિત રાખવા આપણને જરાય, એ નિર્દયતા કે હિંસા કરવામાં, આંચકો આવતો ન હોય, કોઈ ભય લાગતો ન હોય, જાતનું બગડવાનો વિચાર જ હોય નહિ, તો પછી આપણે 'બીજા દયાળુ બનો' એવું શા માટે ઇચ્છ્યું ? નિર્દયતાથી એ બીચારો આ ભવચક્રમાં ભટકતો થઈ જશે, એના આત્માનું બગડી જશે,' એવું થોડું જ લાગ્યું છે ? એ જો લાગ્યું હોય તો શું આપણા આત્માનો પણ એવો વિચાર ન થાય ? એ ય રખડી જવાની કંપારી ન છૂટે ? દહેશત ન ઊઠે ? જો એ નથી ઊઠતી, અને તુચ્છ સ્વાર્થ સાધવા કે બેપરવાઈમાં નિર્દયતા-હિંસા નિઃસંકોચ કર્યે જઈએ છીએ તો બીજાની પણ વાસ્તવિક હિતચિંતા શાની થાય ? હિતચિંતા થવાનું દેખાય છે એ આત્મવિચારના પાયા પર નહિ, કિન્તુ 'આત્મવિચારના આપણે સમજદાર છીએ અને આ સામાઓ અણસમજુ છે, એમને માટે હું એ સમજે અને દયાળુ બને' એવા ખ્યાલ પર હિત ચિંતા થાય છે. આ ખ્યાલ અહંત્વના ઘરનો છે, કેમકે ખરેખર પોતાને આત્મા તરીકે પોતાની તો ચિંતા છે જ નહિ.

બીજું એમ પણ બને છે કે પોતાને વિષયસુખો બહુ ગમે છે એટલે બીજાઓ પણ એવાં સુખ પામે એવી એમના ભલાની ચિંતા થાય છે. અલબત્ત આમાં બીજા પર ઈર્ષ્યા ન થઈ, કિન્તુ સહાનુભૂતિ આવી, છતાં એમાં શુદ્ધ આત્મવિચાર ક્યાં છે ? સાચું આત્મહિત ક્યાં લક્ષમાં જ છે ? તો એ વિના આત્મા શી રીતે ઊંચો આવે ?



**પ્ર.**- પરંતુ ઈર્ષ્યા ન કરતાં સામાને વિષયસુખો મળો એવી શુભેચ્છા રાખે એટલો તો સારો ને ?

**ઉ.**- અહીં એ જોવાનું છે કે એવી શુભેચ્છા કેમ રાખે છે ? શું ખરેખર મૈત્રી-કરુણાને લીધે રાખે છે ? કે પોતે જો એથી ઊલટું ચિંતવે, અને બીજાઓના સુખની ઈર્ષ્યા કરે, તો કુદરત પોતાના જ વિષયસુખ લૂંટી લે એવો ડર છે માટે શુભેચ્છા રાખે છે ? અર્થાત્ વિષયસુખની ભારે આસ્થાથી પરનું એવું ઇચ્છે છે ?

**પરના સારાની ચિંતામાં આ વિચારવા જેવું છે કે એ,**

**(૧) પોતાના અહંત્વથી થાય છે ? કે**

**(૨) વિષયસુખની ભારે આસ્થા ને ગૃદ્ધિથી ? યા**

**(૩) ખરેખર સાચા આત્મહિતની ચિંતાથી પરચિંતા થાય છે ?**

(૧) 'બીજા કેમ આવી ભૂલ કરે છે ? એમ ન કરે તો સારું' એવું વિચારવા છતાં જો પાછું પોતાના જીવનમાં એવી કે એથી ભયંકર ભૂલો નિઃસંકોચ નિર્ભયપણે સેવ્યે જવી છે, એનો કોઈ અફસોસ-અરેકારો લેશ પણ ધરવો નથી, તો તો બીજાની ભૂલો સુધરવાનો વિચાર કર્યો તે સમજદારીના અહંત્વને લીધે કર્યો, યા બીજાની ભૂલોના નિમિત્તે બીજા પ્રત્યે અસૂયા-અસહિષ્ણુતાને લીધે કર્યો એવું બને. આમ અહંત્વ કે અસુયા કામ કરવાથી આત્મહિતની ચિંતા ન રહી.

(૨) એમ 'બીજાઓ સંસારના સુખ પામો' એવું ઇચ્છ્યું તે, વિષયસુખ પોતાને બહુ ગમે છે માટે ઇચ્છ્યું, આમાં વિષયસુખો પ્રત્યેની પોતાની પક્કી આસ્થા આસક્તિ મૂલ્યાંકન કામ કરી ગઈ. તેથી પરની આત્મ-હિતચિંતા ન રહી. ત્યારે,

**(૩) પરના વાસ્તવિક આત્મ-હિતનો વિચાર હોય તો તે સાચી મૈત્રી-કરુણાદિના ભાવ ઉપર ઊભો થાય,** દીર્ઘ પરલોકની દૃષ્ટિપૂર્વકનો વિચાર થાય. પરંતુ આ તો જ બને કે મૂળ પાયામાં પોતાના આત્માના વાસ્તવિક હિતની ચિંતા જાગૃતિ સદા જાગતી હોય ત્યારે, એ જો હોય તો પોતાના ભરચક દોષો, પોતાના ખુલ્લા છૂપા અનેક દુષ્કૃત્યો, અનેકાનેક પોતાની ભૂલો, ચૂકો, ખામીઓ નજર સામે એવી તરવર્યા કરતી હોય, એની એટલી બધી ચિંતા હોય કે બીજાના દોષ-દુષ્કૃત્યો અને ભૂલો-ચૂકો પર દૃષ્ટિ જ ન જાય. એના તરફ ઉપેક્ષા ઉદાસીન ભાવ રહે, યાને ચોથી માધ્યસ્થ્ય ભાવનાનો જ ખપ કરાય.

**પ્ર.**- પોતાના દોષ જુએ અને સુધારવા મથે એમ બીજાના પણ દોષ જુએ અને સુધારવા મથે એમાં શો વાંધો ?

ઉ.- બીજાની ભૂલ સુધારીએ, બીજાને દોષથી, પાપથી, દુષ્કૃત્યથી કે કષાય યા દુર્ધ્યાનથી બચાવીએ એ તો પરોપકારનું કાર્ય છે. તે સારું છે, પરંતુ અહીં કેટલીક ભારે તકેદારી રાખવાની છે; જેમ કે,-

**બીજાના દોષ સુધારવા જતાં કઈ તકેદારી રાખવી ? :**

બીજાના દોષ સુધારવા પહેલાં દોષ જોવા જતાં પરદોષ જોવાની કુટેવ ન પડી જાય, એ પહેલું સાચવવાનું છે.

**પરદોષ-દૃષ્ટિની આદત ન બંધાઈ જવી જોઈએ; નહિતર જ્યાં ને ત્યાં અને જ્યારે ને ત્યારે અધમ ગીધડાની વૃત્તિ ઊભી થશે.**

ગીધડાં શું કરે છે ? આ જ કે એ નિરંતર એ જોયા કરે છે કે મેલું ક્યાં પડ્યું ? માંસ, મડદું ક્યાં પડ્યું ? આ આદત જ બંધાઈ ગઈ હોય છે. સારું કશું ક્યાં પડ્યું એ જોવાની વૃત્તિ જ નહિ, મેલું, માંસ, મડદું ક્યાં પડ્યું એ જોવા માટે એની લાંબી નજર તૈયાર. એવી રીતે બીજા ક્યાં ભૂલે છે, એનામાં દોષ કયા છે, એ જ જોવાની આદત પડી જાય, સારું જોવાની કોઈ પરવા જ નહિ, પણ નરસું જોવા તરફ તીણી અને લાંબી નજર, એ આદત, એ વૃત્તિ, એ દૃષ્ટિ, ભૂંડી છે. એથી જીવને જે સ્વનું છોડી પરનું જોવાનો અનાદિસિદ્ધ ભારે રસ છે, એ અહીં પણ પુષ્ટ થવાનો. એ રસમાં

**દૃષ્ટિ અને વિચારણા બહાર તરફ જ ભટકતી રહેવાથી, મન તેમાં જ રોકાયું; એટલે હવે પોતાનું જોવા-વિચારવા તરફ કોઈ જ લક્ષ રહેતું નથી; પછી સ્વનું સુધારવાની વાત જ ક્યાં ?** એકજ દિવસનો, અરે ! એક કલાકનો પણ હિસાબ જુઓ કે પરનું જોવામાં કેટલી સ્થિરતા થઈ ? અને સ્વનું જોવામાં કેટલી રહી ? પરની પિંજણ કેટલી થઈ ? અને સ્વચિંતા કેટલી ?

**વિચાર જોઈએ કે :**

'એક, ૨-૩ મિનિટનાં પ્રભુદર્શનમાં પણ, (૧) પ્રભુ મારા પોતાના માટે કેવા પરમ ઉચ્ચ આદર્શ છે, (૨) વળી મને કેવો કેવો ઉપકાર કરનારા છે, ને હું એમની સામે કેટકેટલો અધમ છું, (૩) એમના ઉત્કૃષ્ટ ગુણો અને સુકૃતોની સામે કેવા કેવા નાના મોટા અઢળક દોષ-દુષ્કૃત્યોથી ભરેલો છું ? (૪) આ કુમેળ કેમ તૂટે ? (૫) પ્રભુ મારા હિત માટે શું શું ફરમાવે છે ? (૬) આવું કાંઈ વિચારવામાં સ્થિરતા કેટલી ? અને એના બદલે ત્યાં જ આડુંઅવળું આચડ-કુચડ અને બીજાનું જોવાનું કેટલું ? (૭) શું એ બહારનું કે બીજાનું નરસું જોયેલું બધું સુધારી શકીએ છીએ ? ના, તો પછી પરનું સુધારવાના ભેખ લેવાનું કે ઇજારો રાખવાનું શું કામ



છે ? (૮) એ બહાના હેઠળ પરના દોષ જોયા કરવાની અધમ ગીધડાવૃત્તિ શા માટે રાખવી-પોષવી ?'

એ ગીધવૃત્તિ કેવી ખતરનાક છે કે ખાસ પોતાના આત્મા તરફ જોવા માટેની બે મિનિટની પ્રભુદર્શનની ક્રિયામાં પણ સ્વદર્શનની સ્થિરતા નહિ ! એ તો ૫-૧૦ સેકન્ડ, અને પરપંચાત ૧૧૦ સેકન્ડ ! ત્યારે બીજી-ત્રીજી ક્રિયા-પ્રવૃત્તિ વખતે તો સ્વદર્શનની વાત જ કેવી ? એક જ દિવસનો હિસાબ કેવો નીકળે ? તો આખા વરસનો અને આખા જીવનનો હિસાબ કેવો નીકળે ? ઉચ્ચ માનવભવ પામીને આ જ કરવાનું ને ? પરની ભૂલો જોવા-સુધારવાનો ભેખ લેતાં પહેલાં બહુ વિચારવા જેવું છે. દોષોથી લગભગ રહિત થયેલા અને મહા ગુણિયલ બનેલા સંત પુરુષોની વાત જુદી છે, પરંતુ આપણે પરની પંચાત કૂટવામાં સ્વાત્માને આખો ને આખો ભૂલી જઈએ છીએ. જીવનનો લગભગ બધો સમય પરપંચાતમાં જાય છે. તો સ્વનું ક્યારે સુધારવાનું ?

**અઈમુત્તા સામે સ્થવિરો :**

બીજાનો દોષ જોવાની દૃષ્ટિમાં સ્વનું કેવું વટાઈ જાય છે, એ બાળ અઈમુત્તા મુનિની ભૂલ જોનાર મોટા મુનિઓના દૃષ્ટાંત પરથી દેખાય છે. એમની સાથે બાળમુનિ બહાર ગયેલા, તે પાછા ફરતાં તળાવના કાંઠે બીજા છોકરાઓને કાગળની હોડીઓ તરાવતા જોઈ ઊભા રહી ગયા, અને કાચલીને દોરીથી બાંધી તળાવમાં તરતી મૂકી, મોટા મુનિઓએ પાછળ વળી આ જોતાં પાછા આવીને કહ્યું 'અઈમુત્તા' આ શું ? અસંખ્ય જીવોની વિરાધના કરાય ? પ્રભુએ પાણીના સૂક્ષ્મ ટીંપે ટીંપે અસંખ્ય જીવો કહ્યા છે, **'જત્થ જલં તત્થ વણં'** કહ્યું છે, 'જ્યાં પાણી ત્યાં વનસ્પતિ નિગોદ, એમાં અનંતા જીવ !' વળી અણગમ જળમાં હજારો પોરાં ત્રસ જીવો, આ બધાની હિંસા થાય એવી આ રમત તું સાધુ તારાથી કરાય ?'

બાળમુનિ, બાળ એટલે કોઈ સાવધાન કરે ત્યાં ઝટ પોતાની ભૂલ જોનારા, પણ 'તમે મોટી શિખામણ આપનારા કેવા છો તે હું જાણું છું' એવું નહિ કહેનારા.

**બાળમાં અને મોટી ઉંમરવાળામાં આટલો ફેર;-** મોટાને એ સ્વદોષ જોવાનું મુશ્કેલ, અને પરદોષ દર્શન સહેલું; શિખામણ મળવા પર સામાની ખામી તરફ દૃષ્ટિ ઝટ જાય. માટે જ વડીલો આગળ અને ગુરુ આગળ બાળ જેવા થઈને રહેવાનું છે. એમના તરફથી આપણી ભૂલ અંગે શિખામણ મળતાં ઝટ સ્વ તરફ દૃષ્ટિ જાય, પણ એમની ખામી તરફ નહિ. વડીલની સામે, ગુરુની સામે, શિંગડાં કેમ ઊંચકાય છે ? આ બાળભાવ નથી માટે.

બાળ અઈમુત્તા મુનિએ તો ઝટ પાત્ર લઈ સ્થવિર મુનિઓ સાથે ચાલવા માંડ્યું. હવે આગળ જુઓ કે બાળમુનિ અને મોટા મુનિ વચ્ચે સ્વદોષ દર્શન અને પરદોષ દર્શનની દૃષ્ટિએ કેવો ફેર પડે છે ? બાળમુનિને તો ભારે પસ્તાવો છે કે,

'અરે ! આ મેં કેવું હિંસાનું પાપ કર્યું ! પ્રભુએ તો મને પાપથી બચાવી લેવાનો અને ચારિત્ર આપવાનો નિઃસીમ મહાન ઉપકાર કર્યો, પણ મેં મૂર્ખાએ પાછું આવું મહાપાપ આચર્યું ? પાણીમાં તણાતા વીંછીને કોઈ દયાળુ બહાર કાઢી કિનારે મૂકે પણ એ પાછો પાણી તરફ જઈ એમાં તણાય એના જેવી આ મારી ધિટ્ઠાઈ ? પ્રભુ ! મારું શું થશે ? હું પ્રભુ ! રાંક છું, પાપી છું, મારો ઉદ્ધાર કર.'

બાળમુનિ તો આ સ્થિતિમાં સ્વદોષદર્શન કરી રહ્યા છે, પરંતુ પેલા મોટા મુનિએ ભલે અઈમુત્તાની ભૂલ સુધારી તે સારું કર્યું, પરંતુ એ જુઓ કે,

**હવે એ ભૂલ સુધરવાનું સારું કાર્ય થયું એની અનુમોદનામાં છે ? કે હજી પણ સામાની એ ભૂલ તરફ જોવામાં છે ?**

મહાવીર પ્રભુની પાસે આવી એ સ્થવિર મુનિ પ્રભુને પૂછે છે, 'ભગવન્ ! ચારિત્ર લઈને પણ સચિત્ત જળની રમત કરનારો આ અઈમુત્તો મુનિ કેટલા ભવ કરશે ?' અહીં જોવા જેવું છે કે,

**કોઈની હલકાઈ તરવરે એવા વચન પાછળ કેવા દોષ કામ કરી રહ્યા છે ?**

પહેલું તો અહંત્વ-માનકષાયને પરવશ બન્યાથી બોલાય છે; કેમકે મનમાં જ્યારે એવું આવે કે 'આ કેમ આવી ભૂલ કરે છે ? હું કાંઈ એવી ભૂલ ન કરું,' ત્યારે જ એ ભૂલ કરનારને હલકી દૃષ્ટિથી જોવાય. તો એમાં 'હું' પણું કિંમતી તરીકે આગળ થયું એ અભિમાનની લાગણી છે. માટે તો શાસ્ત્રો કહે છે કે પરનો અપકર્ષ-હલકાઈ-નિંદા કરે એને નીચગોત્ર કર્મ બંધાય. કેમ વારુ ? એટલા જ માટે કે એમ કરવામાં પોતાનું હુંપણું કિંમતી તરીકે આગળ થાય છે; અને 'હુપણું-અભિમાન' જાતનો મદ છે, એટલે એથી વિપરીત તરીકે જાતને હલકા સ્થાનમાં લઈ જાય એવું નીચગોત્ર કર્મ બાંધે એમાં નવાઈ નથી.

• • •



# પ્રકરણ દોહન

# પ્રકરણ દોહન

## પ્રસ્તાવના

વર્તમાન વિજ્ઞાનના ચમત્કારો વિષમ વાતાવરણ અને વિલાસોની પરવશતાથી વિકૃત બનેલા આર્ય માણસને સ્વસ્થ કરવા તત્ત્વ પરિણતિની જરૂર છે. તત્ત્વોનો બોધ, ચિંતન, ભાવન અને અખંડ ધ્યાનાનુભવ એ પરિણતિ જગાડે છે. એથી દૃષ્ટિનો એટલો બધો વિકાસ થાય છે કે એમાં ક્યાંય સમાઈ જતા વિજ્ઞાનના ચમત્કાર વગેરે હવે મનને મુંઝવતા નથી.

શ્રી સર્વજ્ઞકથિત તત્ત્વો જ યથાર્થ હોઈ શ્રદ્ધેય છે. મહાપુરુષોએ એ તત્ત્વોનો વિસ્તાર શાસ્ત્રોમાં આલેખ્યો છે. અને બાલજીવોને ચિંતન માટે જરૂરી એવા પદ્યમય પ્રકરણો રચ્યા છે. એ દ્વારા વિસ્તારથી તત્ત્વોનું એકવાર પરિશીલન કરી લીધા બાદ ચિંત્વન માટે તે તત્ત્વો યાદ કરવા જરૂરી છે; અને સરળતાથી યાદ કરવાનું તો સંક્ષિપ્ત ગ્રંથ દ્વારા બની શકે, આ હેતુએ પ્રસ્તુત **'પ્રકરણ-દોહન'** નામના સંક્ષિપ્ત ગ્રંથની યોજના કરવામાં આવી છે. આમાં ચૈત્યવંદનાદિ **ત્રણ ભાષ્ય** અને જીવવિચારાદિ **ચાર પ્રકરણ** ગ્રંથોના પદાર્થોનું દોહન આપવામાં આવ્યું છે. આમાં નવતત્ત્વસંગ્રહ, મેસાણા પાઠશાળાના પ્રકરણ પુસ્તકો. નવતત્ત્વ પ્રકરણ વગેરે ગ્રંથોનો આધાર લીધો છે.

વિસ્તૃત ગ્રંથો ન જોનાર માટે પણ ગુરુગમ દ્વારા આ દોહન ગ્રંથનું અધ્યયન અતીવ લાભદાયી નીવડશે. ગુરુગમની જરૂર એટલા માટે છે કે એમાં ઘણા સ્થાને ટૂંકા વાક્યોમાં ગૂઢ પ્રશ્નો અને ઉત્તરો સમાયેલા છે, વિસ્તૃત વિવેચનના સંક્ષેપ રહેલા છે, અને અનેક પદાર્થોના સૂચન પડેલા છે. ગુરુગમની અશક્યતાવાળા માટે પણ તત્ત્વચિંતન અને ઉચ્ચ જીવન માટે આમાંથી બહોળા પદાર્થો મળી શકશે.

પદાર્થ-ગ્રંથોનો અભ્યાસ કરવાનો માર્ગ એ છે કે ક્રમ અનુસારે અમુક અંશ ધ્યાનપૂર્વક વાંચવો પછી પુસ્તકની અંદર જોયા વિના મોંઢેથી બોલીને તે પદાર્થોનું અવધારણ નક્કી કરવું. પાછું ફરીથી તેટલો અંશ વાંચી ખૂટતા પદાર્થો તૈયાર કરી લેવા. અવકાશના સમયે આવૃત્તિ કરી જવી. એમ બીજે દિવસે આગળ અંશ તૈયાર કરી બેય દિવસના પદાર્થોની અવકાશે આવૃત્તિ કરી જવી. આ રીતે આખો



ગ્રંથ ઉપસ્થિત થશે. આ રીતે ન બને તો દરેક અઠવાડીયે, પખવાડીયે અમુક દિવસ નિયત કરી નિયમિત રીતે ગ્રંથ કે એનો ભાગ સારી રીતે વાંચી જવો, અને લક્ષ રાખી અવસરે અવસરે વિના ગ્રંથે સ્મરણ ચિંતન કરવું.

પ્રૌઢો તેમજ બાળકોની પાઠશાળામાં ત્યાંને ત્યાં તત્ત્વના પદાર્થો તૈયાર કરાવવા માટે એક સરળ ઉપાય એ છે કે શિક્ષકે ચારેક પદાર્થો સમજાવી વારા ફરતી વિદ્યાર્થીઓને ક્રમે અક્રમે તે પદાર્થો પૂછી ઘુંટાવવા, પછી બીજા ચારેક પદાર્થ લેવા. બીજે દિવસે એની એકાદવાર આવૃત્તિ કરાવી આગળ વધવું.

સ્મૃતિની સરળતા વગેરે માટે આ ગ્રંથમાં **(૧) કેટલેક સ્થાને પદાર્થોનો પ્રાચીન ગ્રંથોના કરતા ક્રમ ફેરવ્યો છે.** જેમકે, ગુરુવંદન-ભાષ્યમાં ગુરુની ૩૩ આશાતનામાં જ્યાં જ્યાં કંઈક કંઈક સરખાઈ છે તે આશાતનાઓ સાથે લીધી છે. (૨) કોઠાઓની યોજના એવી કરી છે કે જેનું પુનઃ પુનઃ વાંચન ચિત્તમાં પ્રતિકૃતિ રૂપે પદાર્થો સ્થિર કરશે. (૩) નવ તત્ત્વમાં પુણ્ય-પાપ, આશ્રવ તત્ત્વમાં લગભગ પહેલો કર્મગ્રંથ સમાવ્યો છે, આશ્રવની અનેક વ્યાખ્યાઓ સરળ સંક્ષેપમાં ઉતારી છે. આ અને આવી બીજી અનેક વિશેષતાઓ ગ્રંથનું બુદ્ધિ પૂર્વક અવગાહન દર્શાવશે. ગ્રંથનો એના મહત્ત્વ અનુસાર વાસ્તવિક લાભ લેવા અર્થે આટલું ધ્યાન ખેંચ્યું છે. (- પ્રથમ આવૃત્તિમાંથી ટૂંકાવીને)

અંતે, પરમકૃપાસિન્ધુ સિદ્ધાંત મહોદધિ પૂજ્ય ગુરુદેવ આચાર્ય દેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પરમ પ્રસાદે આ ગ્રંથ રચ્યો છે. એમાં અનાભોગાદિ દોષે શ્રી જિનવચન વિરુદ્ધ કાંઈ લખાયું હોય તેનો મિથ્યા દુષ્કૃત ઈચ્છું છું.

**રાધનપુર.** લી०

૨૦૦૫ ફા.સુ.૫

સિદ્ધાંત મહોદધિ કર્મપ્રકૃતિ શાસ્ત્રનિષ્ણાત

**પૂ. આચાર્યદેવ શ્રીવિજયપ્રેમસૂરીશ્વરજી**

**મહારાજ શિષ્યાણુ મુનિ ભાનુવિજય**

ऐँ नमः

# પ્રકરણ દોહન

## શ્રી ચૈત્યવન્દન ભાષ્ય

પંચાંગી - (૧) સૂત્ર (૨) નિર્યુક્તિ (૩) ભાષ્ય (૪) ચૂર્ણી (૫) ટીકા (વૃત્તિ)

↓ ↓ ↓ ↓

| રચનારા - | ગણધર | ૧૪ પૂર્વી | પ્રાયઃ પૂર્વધર | બહુશ્રુત આચાર્ય |
|---|---|---|---|---|
| | ૧ ત્રિક ૧૦ | ૮ વર્ણ ૧૬૪૭ | ૧૪ સ્મરણીય ૧ | ૨૦ દોષ ૧૯ |
| | ૨ અભિગમ ૫ | ૯ પદ ૧૮૧ | ૧૫ જિન ૪ | ૨૧ કાઉસ્સગ્ગનું |
| ૨૪ | ૩ દિશા ૩ | ૧૦ સંપદા ૯૭ | ૧૬ થોય ૪ | પ્રમાણ |
| દ્વાર | ૪ અવગ્રહ ૩ | ૧૧ દંડકસૂત્ર ૫ | ૧૭ નિમિત્ત ૮ | ૨૨ સ્તવન |
| | ૫ વંદના ૩ | ૧૨ અધિકાર૧૨ | ૧૮ હેતુ ૧૨ | ૨૩ ચૈત્યવન્દન |
| | ૬ પ્રણિપાત | ૧૩ વંદનીય ૪ | ૧૯ આગાર૧૬ | ક્યારે ૭ |
| | ૭ નમસ્કાર | | | ૨૪ આશાતના૧૦ |
| | ૧ થી ૧૦૮ | | | |

### દ્વાર (૧) : ત્રિક ૧૦

૧૦ ત્રિક : ૧ નિસીહિ, ૨ પ્રદક્ષિણા, ૩ પ્રણામ, ૪ પૂજા, ૫ અવસ્થા ચિન્તન, ૬ દિશિત્યાગ, ૭ પ્રમાર્જન, ૮ આલંબન, ૯ મુદ્રા, ૧૦ પ્રણિધાન. (આ દરેક ત્રણ પ્રકારે)

૧. **નિસીહિ ૩ :** ૧. ઘર મંદિરના અગ્રદ્વારે, ૨. જિણઘર મધ્યે, ૩. જિણપૂજાના વ્યાપારને તજવા ચૈત્યવંદન સમયે.

૨. **પ્રદક્ષિણા ૩ :** જ્ઞાનાદિ, રત્નત્રય પ્રાપ્તિસૂચક-સમવસરણ ભાવનાસૂચક, મંદિરની બહારની ત્રણ દિશાની મૂર્તિ

૩. **પ્રણામ ૩ :**
(૧) અંજલિબદ્ધ (માથે બે હાથ લગાડી સહેજ નમાવવું તે.)
(૨) અર્ધાવનત (મસ્તકને હાથથી પૂરો પંચાંગ નહિ)
(૩) પંચાંગ (૨ ઢીંચણ, ૨ હાથ, ૧ માથું આ પાંચ જમીનને અડે તે રીતે)



૪. **પૂજા ૩ : ૩ પ્રકારે :**
(૧) અંગપૂજા - વાસક્ષેપ, જલ, ચંદન, પુષ્પ, વિલેપન, આભરણ અંગ-રચના.
(૨) અગ્રપૂજા - ધૂપ, દીપ, આરતિ, ગીત, નૃત્ય.
(૩) ભાવપૂજા - ચૈત્યવંદન સ્તવન.
**૫ પ્રકારે :** ગંધ(ચંદન), પુષ્પ, ધૂપ, દીપ, વાસક્ષેપ. (અક્ષત)
**અથવા સર્વપ્રકારી ૧૭ ભેદી ૨૧ પ્રકારી**

૫. **અવસ્થા ૩ : ૧. પિંડસ્થ (છદ્મસ્થ)**

<table>
<tr><th colspan="3">જિનમૂર્તિમાં થતું અવસ્થાનું દર્શન</th></tr>
<tr><th>જન્મ</th><th>રાજ્ય</th><th>શ્રમણ</th></tr>
<tr><td>પરિકરમાં મસ્તક પરના ભાગમાં અભિષેક કરતા કળશવાળા દેવ.</td><td>માલાધારી દેવ નિરાગપણે રાજ્યભોગ.</td><td>શીર્ષ અને મુખ કેશરહિત</td></tr>
<tr><td colspan="3">ભાવના<br>હસ્તિ અશ્વરથાદિ વૈભવવાળું સામ્રાજ્ય છોડી જે પ્રભુએ નિઃસગપણું લીધું એવા અચિંત્ય મહિમાવાળા જગત્પ્રભુનું દર્શન મહાપુણ્યશાલી જ પામી શકે !</td></tr>
</table>

<table>
<tr><th>૨. પદસ્થ-કેવલી આઠ પ્રાતિહાર્ય :</th><th>૩. રૂપાતીત મુક્ત</th></tr>
<tr><td>૧. અશોક વૃક્ષ માટે પરિકરમાં કલશધારી દેવની બાજુમાં પાંદડા.<br>૨. પુષ્પવૃષ્ટિ-પરિકરમાં માલાધારી દેવ.</td><td>પ્રભુનું પર્યંકાસન કે જિનમુદ્રા આસન.</td></tr>
<tr><td>૩. દિવ્યધ્વનિ-પ્રતિમાજીની પડખે વીણા વગાડતા દેવ.<br>૪. ચામર. ૫. આસન. ૬. ભામંડલ.<br>૭. દુંદુભિ-ત્રણ છત્રની ઉપર ભેરીવાળા દેવ.<br>૮. આતપત્ર - છત્ર ૩.</td><td>આત્માનું શુદ્ધ સ્વરૂપ (અનંતજ્ઞાનાદિમય) ભાવવું.</td></tr>
<tr><td colspan="2">સમતૃણમણિ, સમશત્રુમિત્ર, અનિદાન તપસ્વી-આદિસ્વરૂપ ભાવવું.</td></tr>
</table>

૬. **દિશિત્યાગ ૩ :** પ્રભુ સિવાય ઊંચે-નીચે કે આડી, ડાબી-જમણી કે પાછળ, દૃષ્ટિ ન નાખવી.

૭. **પ્રમાર્જન ૩ :** ચૈત્યવંદન કરવા બેસતાં પહેલાં ત્રણવાર ભૂમિ પ્રમાર્જન.

૮. **આલંબન ૩ :** સૂત્રોચ્ચાર **સૂત્રા** (વર્ણા) **લંબન :** સ્પષ્ટ શુદ્ધ સંપદાયુત; ઉચિત-ધ્વનિયુત

**અર્થાલંબન :** અર્થનો ઉપયોગ
**પ્રતિમાલંબન :** પ્રતિમા તરફ દૃષ્ટિ

૯. **મુદ્રા ૩ :**

- **યોગમુદ્રા :** યોગ-સંયોગ, સમાધિ. પરસ્પરના આંતરે આંગળી રાખી વચમાં હાથ પોલા કમળના ડોડા જેવા, સહેજ નમેલા કપાળ નીચે રહે; અને કોણી સંયુક્ત કે અસંયુક્ત પેટ પર રહે; બેઠા કે ઊભા, ત્રણ પ્રણિધાન સૂત્ર સિવાય આ મુદ્રા.
- **મુક્તાશુક્તિમુદ્રા :** બે હાથ સરખા અડતા, મધ્યમાં ઉન્નત કપાળે અડે અથવા ન અડે; બે જાવંતિ તથા જયવીયરાય વખતે.
- **જિનમુદ્રા :** આગળ ચાર આંગળ છેટા અને પાછળ ચારથી ન્યૂન છેટા એવા બે પગ કાયોત્સર્ગમાં ઊભા રહેતી વખતે.

૧૦. **પ્રણિધાન ૩ :**

| | | |
|---|---|---|
| ચૈત્યવંદન સ્વરૂપ (જાવંતિ ચેઈઆઈ) | મુનિવંદન સ્વરૂપ (જાવંત કેવિ સાહૂ) | પ્રાર્થના સ્વરૂપ (જયવીયરાય) |

## દ્વાર (૨) : અભિગમ ૫

(૧) સચિત્તત્યાગ, (૨) અચિત્તગ્રહણ, (૩) એકાગ્રતા, (૪) દશીવાળું અખંડ ઉત્તરાસંગ (૫) પ્રભુને દેખતાં જ મસ્તકે, અંજલિ જોડી **નમો જિણાણં** કહેવું.

**સ્ત્રીઓને** માત્ર ત્રણ, વસ્ત્રાવૃત છે માટે ૪થું નહિ, અને મસ્તકે અંજલિ નહિ.

**રાજાને** આ પાંચ-ખડ્ગ, છત્ર, ઉપાનહ, મુકુટ, (કલગીવાળો તાજ), ચામર.

## દ્વાર-(૩) દિશા ૨ :

(૧) પુરુષે પ્રભુની જમણી, અને (૨) સ્ત્રીએ ડાબી બાજુએ ઊભા રહેવું.

## દ્વાર-(૪) અવગ્રહ ૩ :

**જઘન્ય** ૯ હાથ, **મધ્ય** ૧૦ થી ૫૯ હાથ, **ઉત્કૃષ્ટ** ૬૦ હાથ.

અન્ય આચાર્યોએ-૦ાા-૧-૨-૩-૯-૧૦-૧૫-૧૭-૩૦-૪૦-૫૦-૬૦ હાથ એમ બાર પ્રકારે કહ્યો છે.

(પ્રભુને ઉચ્છ્વાસઆદિ ન લાગે તે માટે અવગ્રહ છે)



## દ્વાર-(૫) વંદના :

**જઘન્ય**

૧. અંજલિબદ્ધ, ૨. "નમોજિણાણં" પદ, ૩. એક શ્લોક, ૪. અનેક શ્લોક, ૫. એક નમુત્થુણં (પ્રથા હાલમાં નથી.).

**મધ્યમ ( દંડ થુઈજુઅલા )**

૧. નમુ૦ અરિહંત૦ થોય (ચાલુચૈત્યવંદન, ચોમાસી દેવવંદનમાં ૧૯ પ્રભુનાં)

૨. નમુ૦ અરિ૦ + થોય (અધ્રુવ) લોગસ્સ (ધ્રુવ સ્તુતિ) (આ પ્રથા હાલમાં
દંડક જુગલ થુઈ જુગલ જણાતી નથી.)

૩. દંડક પંચક : નમુ૦ અરિ૦ લોગ૦ પુક્ખર૦ સિદ્ધાણં૦ + ૪ થોયનો જોડો : પહેલી ૩ વંદના સ્તુતિ + ૧ અનુશાસ્તિ સ્તુતિ દેવદેવીની

(ચોમાસી દેવવંદનમાં પાંચ પ્રભુનાં)

**ઉત્કૃષ્ટ**

પાંચ દંડક, ૮ થોય, સ્તવન, ૩ પ્રણિધાન સૂત્ર (દેવવંદનમાં)

**અથવા ૯ પ્રકારે,**

**જઘન્ય** ૧. નમસ્કાર, **મધ્ય**૦-૨.૧૦૮ સ્તુતિ સુધી, **ઉત્કૃ**૦-૩.૧ નમ૦ + ૧નમુ૦
**મધ્યમ** જ. ૪. ઈરિયા; નમસ્કાર; નમુ; અરિ; થોય.
**મધ્યમ** મ. ૫. ,, ,, ,, ,, ,, લોગ૦
**મધ્યમ** ઉ. ૬. ,, ,, ,, ,, ,, લોગ૦, થોય, પુક્ખર; થોય, સિદ્ધાણંની ૩ ગાથા

ઉત્કૃષ્ટ
જ. ૭. ઈરિયા૦ ૪ થોય, નમુ૦ થી જય વીયરાય.
મ. ૮. આઠ થોયનું દેવવંદન
ઉ. ૯. આઠ થોયનું દેવવંદન + નમુ૦ - થી જય વીયરાય.

**અન્યમતે**

જ. ૧ નમુ. મ. ૨-૩ નમુત્થુણં વડે. ઉ. ૪-૫ નમુ૦ થી

**દ્વાર-(૬) પ્રણિપાત :** પંચાંગ : ૨ ઢીંચણ + ૨ હાથ + ૧ મસ્તક ભૂમિને અડે.

**દ્વાર-(૭) નમસ્કાર :** ૧-૨-૩... ૧૦૮ સુમહાર્થ શ્લોકથી.

**દ્વાર-(૮) વર્ણ ૧૬૪૭; (૯) પદ; (૧૦) સંપદા.**

| | પંચમંગળશ્રુતસ્કંધ, નવકાર. | પ્રણિપાતસૂત્ર(થોભવંદન) ખમાસમણું | પ્રતિક્રમણશ્રુતસ્કંધ, ઈરિયા૦ તસ્સઉત્તરી | શક્રસ્તવ- પ્રણિપાત દંડક નમુત્થુણં | ચૈત્યસ્તવ-અરિહંતચેઈ૦ અન્નત્થ૦ | નામસ્તવ-લોગસ્સ૦ સવ્વલોએ૦ | શ્રુતસ્તવ-પુક્ખરવર૦ સુઅસ્સભગ૦ | સિદ્ધસ્તવ-સિદ્ધાણં૦ વેયાવ૦...સમાહિ. | પ્રણિધાન સૂત્ર ૩- (૧)જાવંતિ૦(૨)જાવંત૦ (૩) પ્રાર્થના સૂત્ર જયવી૦... આભવમખંડા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| વર્ણ | ૬૮ | ૨૮ | ૧૯૯ | ૨૯૭ | ૨૨૯ | ૨૬૦ | ૨૧૬ | ૧૯૮ | ૩૫+૩૮+૭૯=૧૫૨ |
| ગુરુઅક્ષર જોડાક્ષર | ૭ | ૩ | ૨૪ | ૩૩ | ૨૯ | ૨૮ | ૩૪ | ૩૧ | ૩+૧+૮=૧૨ |
| પદ | ૯ | ... | ૩૨ | ૩૩ | ૪૩ | ૨૮ | ૧૬ | ૨૦ | |
| સંપદા | ૮ | ... | ૮ | ૯ | ૮ | ૨૮ | ૧૬ | ૨૦ | |

| ઈરિયા૦ | | સંપદા (૮ નામ) | પદ |
|---|---|---|---|
| ૫ મૂલ સંપદા. | ઈચ્છામિ પડિ૦ | ૧લી અભ્યુપગમ | ૨ |
| | ઈરિયા૦ વિરા૦ | ૨જી નિમિત્ત | ૨ |
| | ગમણાગમણે | ૩જી ઓઘહેતુ | ૧ |
| | પાણક્ક...સંકમણે | ૪થી ઈતર (વિશેષ) હેતુ | ૪ |
| | જે મે જીવા વિરા૦ | ૫મી સંગ્રહ | ૧ |
| ૩ ચૂલિકા સંપદા | એગિંદિયા...પંચિ૦ | ૬ઠ્ઠી જીવ | ૫ |
| | અભિ૦...દુક્કડં | ૭મી વિરાધના | ૧૧ |
| | તસ્સ ઉત્તરી..ઠામિકાઉ૦ | ૮મી પડિક્કમણ | ૬ |
| | | | ૩૨ |

| નમુત્થુણં. | સંપદા. | પદ |
|---|---|---|
| નમુ૦ અરિ૦, ભગ૦ | ૧લી સ્તોતવ્ય૦ | ૨ |
| આઈ૦... સયં૦ | ૨જી ઓઘહેતુ૦ | ૩ |
| પુરિ૦...હત્થીણં | ૩જી વિશેષહેતુ૦ | ૪ |
| લોગુ૦... પજ્જોઅ૦ | ૪થી સ્તોતવ્ય૦ ઉપયોગ૦ | ૫ |
| અભય૦...બોહિ૦ | ૫મી ઉપયોગ હેતુ૦ | ૫ |
| ધમ્મ૦... વટ્ટીણં, | ૬ઠ્ઠી સ્તોતવ્ય વિશેષોપયોગ | ૫ |
| અપ્પડિ૦... વિયટ્ટ૦ | ૭મી સ્તોતવ્ય સ્વરૂપ૦ (જેણે કરીને સ્તોતવ્ય છે) | ૨ |
| જિણાણં... મુત્તાણં. | ૮મી જિનસમફલદ૦ | ૪ |
| સવ્વન્નૂણં... જિઅભયાણં | ૯ મોક્ષ૦ | ૩ |
| | | ૩૩ |



| અરિહંત ચેઈયાણં | સંપદા | પદ |
|---|---|---|
| **અરિહંત૦** કરેમિ૦ | ૧લી અભ્યુપગમ | ૨ |
| વંદણવત્તિ૦...નિરુવ૦ | ૨જી નિમિત્ત | ૬ |
| સદ્ધાએ...ઠામિ૦ | ૩જી હેતુ | ૭ |
| **અન્નત્થ૦**...ભમલી૦ | ૪થી એકવચનાન્તઆગાર | ૯ |
| સુહુમેહિં...સુહુ૦દિટ્ઠિ૦ | ૫મી બહુવચનાંતઆગાર | ૩ |
| એવમાઈ૦...કાઉ૦ | ૬ઠ્ઠી આગંતુકઆગાર | ૬ |
| જાવ અરિ૦...ન પારેમિ | ૭મી કાઉ૦ અવધિ | ૪ |
| તાવ કાયં...વોસિરામિ | ૮મી કાઉ૦ સ્વરૂપ | ૬ |
| | | ૪૩ |

**સંપદાના આદ્યવર્ણો :**

ઈચ્છા, ઈરિ, ગમ, પાણા, જે મે, એગિંદિ, અભિ, તસ્સ ॥
નમુ, આઈગ, પુરિસો, લોગુ, અભય, ધમ્મપ્પ, જિણ, સવ્વં ॥
અરિહં, વંદણ, સદ્ધા, અન્ન, સુહુમ, એવ, જા, તાવ ॥

## દ્વાર (૧૧) મું : દંડક સૂત્રો ૫

નમુ૦ અરિ૦ લોગ૦ પુક્ખર૦ સિદ્ધાણં૦

## દ્વાર (૧૨) મું : અધિકાર

| અધિકાર | સૂત્રો | વિષય |
|---|---|---|
| ૧. **ભાવજિનવંદના...** | નમુ૦..જિઅ૦ | તીર્થંકરનામકર્મનો વિપાકઉદય ભોગવતા અથવા વિચરતા |
| ૨. **દ્રવ્ય** " ... | જેઅ અઈઆ૦ | પૂર્વ ત્રીજાભવેથી તીર્થ૦ કર્મનો પ્રદેશોદય ભોગવતા જે ભાવજિન બનશે તે અથવા સિદ્ધ થયેલા. |

| | | |
|---|---|---|
| ૩. **સ્થાપના જિનવંદના** | અરિહંત૦ | જે ચૈત્યમાં વંદના કરવાની છે, ત્યાં રહેલી પ્રતિમાઓ |
| ૪. **નામ જિનવંદના...** | લોગસ્સ૦ | વર્તમાન અવસર્પિણીના ૨૪ જિન નામ. |
| ૫. **ત્રિભુવન સ્થાપના જિનવંદના** | સવ્વલોએ... ઠામિકાઉ૦ | ત્રણે લોકમાં રહેલા સર્વ પ્રતિમાજી. (અને બીજી થોય) |
| ૬. **વિહરમાન જિનવંદના...** | પુક્ખર૦ | વર્તમાનમાં ૨ાા દ્વિપમાં ૫ મહાવિદેહની ૨૦ વિજયમાં વિચરતા ૨૦ જિન. |
| ૭. **શ્રુતજ્ઞાન વંદન...** | | તમતિમિર૦ |
| ૮. **સિદ્ધસ્તુતિ...** | | સિદ્ધાણં૦ |
| ૯. **વીરસ્તુતિ...** | જો દેવાણ, ઇક્કોવિ. | વર્તમાન શાસનાધિપતિ આસન્ન ઉપકારી. |
| ૧૦. **નેમ૦...** | ઉર્જિંજત૦ | |
| ૧૧. **અષ્ટાપદાદિતીર્થ** અને ભિન્નભિન્ન સંખ્યાવાળા જિનેશ્વરો | ચત્તારિ... | |
| ૧૨. **સમ્યગ્દષ્ટિ દેવસ્મરણ...** | વેયા૦ | |

અહીં ૨-૧૦-૧૧ મો એ ૩ અધિકાર શ્રુતપરંપરા અનુસારે, અને બાકીના ૯ અધિકાર લલિતવિસ્તરાવૃત્તિ અનુસારે (શ્રુતપરંપરાએ એટલે અશઠ ગીતાર્થ પૂર્વાચાર્યોની અનવદ્ય આચરણરૂપ સંપ્રદાયે અથવા નિર્યુક્તિ ભાષ્યચૂર્ણિના આધારે. જેમકે સૂત્રમાં ચૈત્યવન્દના પુક્ખરવરદી૦ સુધી. નિર્યુક્તિમાં એથી આગળ સિદ્ધાણંની ૧ ગાથા સુધી ચૂર્ણિમાં એથી આગળ સિદ્ધાણંની ૨ જી ગાથા સુધી, આવશ્યકચૂર્ણિ **'सेसया जहिच्छाए'** શેષ અધિકાર વન્દન કરનારની ઇચ્છાપર એમ ચૂર્ણિમાં કહ્યું છે માટે શ્રુતમય.

**'જેઅ અઈયા સિદ્ધા'** આ બીજો અધિકાર પણ શ્રુતમય છે, કેમકે ચૂર્ણિમાં જ અર્થથી શ્રુતસ્તવ...ના પ્રારંભે કહ્યો છે, **'उक्कोसएणं सत्तरिसयं एगकालए भवंति'** ત્યાંથી આકર્ષીને પૂર્વાચાર્યોએ નમુ૦ને અંતે મૂક્યો. પશ્ચાનુપૂર્વીક્રમથી ભાવજિન પછી દ્રવ્યજિને વન્દના કરવાના હિસાબે બરાબર પણ છે પછી અરિહં૦થી સ્થાપના જિનવંદન.

**અશઠ ગીતાર્થ આચાર્યોની નિરવદ્ય** આચરણા એ પણ પ્રભુની આજ્ઞા છે એમ શાસ્ત્ર કહે છે માટે મધ્યસ્થો તેને નિવારતા નથી.



## દ્વાર-(૧૩) : વંદનીય ૪

જિન-મુનિ-શ્રુત-સિદ્ધ

| જાવંત કેવિ૦

નામ સ્થાપના દ્રવ્ય ભાવ

**दव्वजिणा जिणजीवा**
**भावजिणा समवसरणत्था ।**

- ચૈત્યવંદના જિનની છતાં પ્રસંગથી છેલ્લા ત્રણને વંદના.

## દ્વાર-(૧૪) સ્મરણીય :

શાસનદેવ ૧. શાસનમાં ઉપદ્રવ વિઘ્ન નિવાર્યા છે, નિવારે છે માટે.
૨. પ્રભાવિક કાર્ય માટે, ૩. પ્રતિદિન સત્કાર ઉચિત છે.

કદાચ દેવ સ્વસ્મરણ ન જાણે તો પણ મંત્રાક્ષરવત્ વેયાવચ્ચ૦ સૂત્રાક્ષરોથી વિઘ્નશાન્તિ આદિ ઇષ્ટ સિદ્ધિ કહી છે.

**દ્વાર-(૧૫) જિન ૪ :** જિનનું નામ એ **નામજિન**, પ્રતિમા એ **સ્થાપનાજિન,** ત્રીજા ભવથી કેવળજ્ઞાનની પૂર્વ સુધી **દ્રવ્યજિન,** સમવસરણ કે સિંહાસને દેશના આપતા **ભાવજિન.**

## દ્વાર-(૧૬) (સ્તુતિ) :

૧લી થોય અધિકૃત (મૂળનાયક વગેરે) જિનની
૨જી થોય સર્વજિનની, ૩જી શ્રુતની } ૩ **વંદના સ્તુતિ**

૪થી શાસન દેવની=૧ **અનુશાસ્તિ સ્તુતિ**

આ ૪ થોય સ્વ-સ્વ અધિકારને અંતે કહેવાય છે માટે **ચૂલિકા સ્તુતિ** કહેવાય.

## દ્વાર-(૧૭) નિમિત્ત : ૮

પ્રયોજન (કાઉસ્સગ્ગનાં) ૮ {
૧ પાવાણંકમ્માણં નિગ્ઘાયણ,
૬ વંદન-પૂઅણ-સક્કાર-સમ્માણના ફલનો લાભ બોહિલાભ, નિરુવસગ્ગ
૧ શાસનદેવસ્મરણ.

## દ્વાર-(૧૮) હેતુ : ૧૨

ઉપરના નિમિત્ત (ફલ)માં કારણ
૧લું નિમિત્ત 'પાપકર્મક્ષય'-એમાં

૪ હેતુ-૧. ઉત્તરીકરણ (ઉપરાંત કરવું તે) કાઉસ્સગ્ગ ૨. પ્રાયશ્ચિત્ત
૩. વિશોધિ (આત્મ પરિણામની શુદ્ધિ), ૪. વિશલ્ય (ત્રણ શલ્યનો અભાવ)

- ૭ **નિમિત્ત**માં ૫ હેતુ - શ્રદ્ધા, મેધા, ધૃતિ, ધારણા, અનુપ્રેક્ષા.
- **છેલ્લા નિમિત્ત**માં ૩ હેતુ - સંઘમાં વૈયાવચ્ચ, શાંતિ, સમ્યગ્દષ્ટિને સમાધિ.

## દ્વાર-(૧૯) : આગાર ૧૬

૧. ઊંચો, ૨. નીચો શ્વાસ, ૩. ખાંસી, ૪. છીંક, ૫. બગાસુ, ૬. ઓડકાર, ૭. અધોવાયુ, ૮. ભમરી-ચકરી, ૯. ઊલટી, ૧૦. સૂક્ષ્મ કાયકંપ, ૧૧. શ્લેષ્મસંચાર, ૧૨. દૃષ્ટિસંચાર-આદિથી આ ચાર, ૧૩. વિજળી-અગ્નિ, ૧૪. આડ, ૧૫. ચોર-રાજ-ક્ષોભ, ૧૬. સર્પડંસ.

## દ્વાર-(૨૦) : દોષ ૧૯

૧. ઘોટક-(એક પગ ઊંચો), ૨. ઉદ્ધી-(બે પગ જોડીને), ૩. નિગડ-(બે પગ પહોળા), ૪. લતા-(શરીર ધૂણે), ૫. શિરઃકંપ-(શિર ધૂણે), ૬. સ્તંભાદિ-(ઓઠીંગુ), ૭. માળ-(છતને માથું ટેકવે), ૮. શબરી-(ગુહ્યસ્થાન આગળ બે હાથ), ૯. સ્તન-(ડોસાદિના કારણે વસ્ત્ર ઢાંકે). ૧૦. સંયતી-(આખું શરીર ઢાંકે), ૧૧. લંબુત્તર-(નાભિ નીચે ચાર આંગળ, જાનુ ઉપર ચાર આંગળ આ માપથી મોટું), ૧૨. કવિઠ્ઠ-(વસ્ત્રને મલિન થવાના ભયે સંકોચી રાખે), ૧૩. ખલિણ-(ઘોડાની લગામનાં ચોકડાની પેઠે ગુચ્છા આગળ, ડાંડી પાછળ), ૧૪. વહુ-(મસ્તક નીચું રાખે), ૧૫. ભ્રમિતાંગુલિ-(આંગળીથી ગણે), ૧૬. મૂક-(હું હું અવાજ), ૧૭. વારુણી-(બુડ બુડ અવાજ), ૧૮. વાયસ-(ડોળો ફેરવે), ૧૯. વાનર-(આડું અવળું જોતો હોઠ હલાવ્યા કરે.),

| | | | | |
|---|---|---|---|---|
| **સાધ્વીને** | લંબુત્તર, સ્તન,સંયતી | દોષ | વિના | ૧૬ |
| **શ્રાવિકાને** | ,, ,, | ,, અને વધૂ દોષ | ,, | ૧૫ |

## દ્વાર-(૨૧) કાઉસ્સગ્ગનું પ્રમાણ :

ઈરિયા૦નો કાઉ૦ ૨૫ શ્વાસોશ્વાસનો. થોયોનો કાઉ૦ ૧ નવકાર = ૮ શ્વાસો૦ના. (શાસ્ત્રમાં આવતા શ્વાસોશ્વાસ શબ્દથી કોઈ ઊંચો શ્વાસ લઈને નીચે મૂકવો તે ન સમજે એ માટે આર્ષવચન- **'પાયસમા ઉસાસા.'** ગાથાના પાદ (ચતુર્થ ભાગ) સમાન શ્વાસોશ્વાસ સમજવા.)



## દ્વાર-(૨૨) સ્તવન : 'ગંભીર - મહુરસદ્દં, મહત્થજુત્તં હવઈ થુત્તં'

(આત્માના અધ્યવસાયની વિશુદ્ધિ કરે તેવું, સંવેગ ભક્તિ જ્ઞાન વૈરાગ્ય ઉત્પન્ન કરે તેવું, જેમાં આત્માની નિંદા, પશ્ચાત્તાપ હોય, પ્રભુના ગુણ કહેનારું તથા છંદોભંગાદિ દોષ વિનાનું હોય તે.)

## દ્વાર-(૨૩) : ચૈત્યવંદન ૭

૧. જગચિં૦, ૨. વિશાલ૦, ૩. દેરાસરમાં, ૪. પચ્ચ૦પારવાનું, ૫. આહાર પછી, ૬. નમોસ્તુ.૦ ૭. ચઉક્કસાય૦

છૂટા શ્રાવકને સવાર સાંજે દેરામાં,

## દ્વાર-(૨૪) આશાતના : ૮૪

ઉત્કૃષ્ટ, ૪૨-મધ્યમ અને ૧૦-જઘન્ય.

૧. તંબોલ, ૨. પાણી, ૩. ભોજન, ૪. પગરખાં, ૫. મૈથુન, ૬. શયન, ૭. થૂંકવું-નાક છીંટકારવું, ૮. લઘુનીતિ, ૯. વડીનીતિ, અને ૧૦. જુગાર.

**સર્વઉપાધિથી (ધર્મવડે વ્યાપ્ત ચિંતનથી) વિશુદ્ધ રીતે પ્રતિદિન દેવવંદન કરનાર શીઘ્ર મોક્ષ પામે છે.**

• • •

# ગુરુવંદન ભાષ્ય

1. **ફેટાવંદન**-શીર્ષનમન, હાથજોડવા, અંજલિ રચવી, યથાયોગ્ય ૧-૨-૩-૪ અંગવડે નમસ્કાર. સંઘમાં પરસ્પર થાય. શ્રાવક શ્રાવિકા ચારેને કરે. સાધ્વી સાધુને તથા સાધ્વીને, અને સાધુ તો કેવળ સાધુને જ કરે.
2. **છોભવંદન**-૨ પંચાંગ પ્રણિપાત શ્રાવક સાધુને, શ્રાવિકા સાધુ-સાધ્વીને. સાધુ વડીલ સાધુને. સાધ્વી કોઈપણ સાધુને તથા વડીલ સાધ્વીને કરે.
3. **દ્વાદશાવર્ત વંદન**-૨ 'અહોકાયં.'વાળું, ચતુર્વિધ-સંઘ આચાર્યાદિ પાંચ પદવાળાને, અને પદવાળા અધિક પદપર્યાયવાળાને કરે.

(જેમ દૂત ૧ નમસ્કાર કરી કાર્ય જણાવે, અને વિદાયની અનુજ્ઞા મળ્યા બાદ પણ બીજો નમસ્કાર કરીને જાય, એમ ૨ છોભવંદન, ૨ દ્વાદશાવર્ત.)

**વંદન શા માટે** - વંદનથી ગુણવંતગુરુની ભક્તિ થાય. ભક્તિ એ વિનય છે, અને વિનય એ ધર્મનું, જ્ઞાનનું, અને આચારનું મૂળ છે. દેવગુરુ પ્રત્યે વિનય ભક્તિ નમ્રતા ન હોય તો ધર્મનું કાંઈ ફળ નથી. માટે આચારાંગ પહેલાં ઉત્તરાધ્યયન જે ભણવાનું, એમાં ૧લું અધ્યયન વિનયનું. આવશ્યક નિર્યુક્તિમાં-

**विणओ सासणे मूलं, विणीओ संजओ भवे ।**
**विणयाउ विप्पमुक्कस्स कओ धम्मो कओ तवो ? ॥**

(વિનય મૂલ જિનશાસને, વિનયી જ સાધુ જોય;
વિનય વિહોણો કષ્ટ સહે, ક્યાંથી ધર્મતપ હોય.)

**जम्हा विणयइ कम्मं अट्ठविहं चाउरंतमुक्खाए ।**
**तम्हा उ वयंति विऊ विणउत्ति विलीनसंसारा ॥**

(ચારગતિથી છોડાવવા આઠે પ્રકારના કર્મને નાશ પમાડે છે માટે સર્વજ્ઞો તેવા પ્રકારના આચારને વિનય કહે છે.)

• • •

## ગુરુવંદન ભાષ્યે ૨૨ દ્વાર

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | વંદનનાં નામ | ૫ | ૧૨. | શરીર પડિલેહણ | ૨૫ |
| ૨. | દૃષ્ટાંત | ૫ | ૧૩. | ત્યાજ્ય દોષ | ૩૨ |
| ૩. | અવંદનીય | ૫ | ૧૪. | વંદનથી ગુણ | ૬ |
| ૪. | વંદનીય | ૫ | ૧૫. | ગુરુ સ્થાપના | |
| ૫. | વંદન અદાતા | ૪ | ૧૬. | અવગ્રહ | ૨ |
| ૬. | વંદન દાતા | ૪ | ૧૭. | અક્ષર સંખ્યા | ૨૨૬ |
| ૭. | નિષિદ્ધ અવસર | ૫ | ૧૮. | પદ | ૫૮ |
| ૮. | અનિષિદ્ધ અવસર | ૪ | ૧૯. | અધિકાર | ૬ |
| ૯. | વંદનનાં કારણ | ૮ | ૨૦. | ગુરુવચન | ૬ |
| ૧૦. | આવશ્યક | ૨૫ | ૨૧. | ગુરુઆશાતના | ૩૩ |
| ૧૧. | મુહપત્તિ પડિલેહણ | ૨૫ | ૨૨. | વિધિ | ૨ |

• • •



**દ્વાર ૧-૨. વંદનના** (ભાવથી-ક્રિયામાં ચિત્ત (ઉપયોગ)વાળા સમ્યગ્દષ્ટિને.**દૃષ્ટાંત**
**નામ ૫** દ્રવ્યથી- ,, ,, ,, વિનાના સમ્યગ્૰ કે મિથ્યાત્વીને **૫**

| | | | |
|---|---|---|---|
| ૧. | **વંદનકર્મ** | પ્રશસ્ત મન વચન કાયા વડે ગુરુને વાંદવા, સ્તુતિ કરવી | **શીતલાચાર્યનું** ૪ કેવળી ભાણેજને દ્રવ્યથી પછી ભાવથી |
| ૨. | **ચિતિકર્મ** | રજોહરણાદિ ઉપધિસહિત કુશલક્રિયાથી કુશલ કર્મનો સંચય | **ક્ષુલ્લકાચાર્ય** પૂજાતા પીઠબદ્ધ ખીજડો, બકુલ તિલક વૃક્ષ |
| ૩. | **કૃતિકર્મ** | મોક્ષાર્થે નમન આદિ વિશિષ્ટ ક્રિયા | **કૃષ્ણ વાસુદેવનું** સર્વ સાધુને ભાવથી, વીરકકોળીનું દ્રવ્યથી, અનુકરણ હોવાથી |
| ૪. | **પૂજાકર્મ** | મન વચન કાયાના પ્રશસ્ત વ્યાપાર | **શાંબનું શય્યામાં** રહ્યા રહ્યા પણ ભાવથી, લોભી પાલકનું હજૂરમાં પણ દ્રવ્યથી. |
| ૫. | **વિનયકર્મ** | કર્મનો નાશ કરનારી ગુરુ પ્રત્યેની અનુકૂલ પ્રવૃત્તિ | **એક રાજસેવકે** 'મુનિદર્શનથી મારું કાર્ય સિદ્ધ થશે' માની ભાવથી પ્રદક્ષિણા પૂર્વક વન્દના કરી. બીજાએ માત્ર અનુકરણરૂપે દ્રવ્યથી કરી. |

• • •

### દ્વાર-૩ : અવંદનીય ૫

| **પાસત્થો. ૧** | **ઓસન્નો. ૨** | **કુશીલ. ૩** |
|---|---|---|
| ૧. **પાર્શ્વસ્થ**-જ્ઞાનાદિની પાસે રહે પણ સેવે નહિ. ૨. **પાશસ્થ**-કર્મબંધહેતુ મિથ્યાત્વાદિની જાળમાં રહે. (૧) **સર્વપાસત્થો**-વેષધારી જ્ઞાનદર્શન ચારિત્ર રહિત. (૨) **દેશપાસત્થો**- શય્યાતર-રાજ૰અગ્ર૰નિયત- | અવસન્ન-સાધુની સામાચારી (૧૦ પ્રકારના આચાર)માં શિથિલ. (૧) **સર્વતઃ** શેષકાલે પાટ પાટલા વાપરનારો, સ્થાપના તથા પ્રાભૃતિકાનો ભોજી. (૨) **દેશતઃ** પ્રતિક્રમણ, પડિલેંહણાદિ, તથા દશવિધ | (૧) **જ્ઞાનકુશીલ**- 'કાલેવિણએ૰'ની વિરાધના કરે. (૨) **દર્શનકુશીલ**- નિસ્સંકિય૰...નો વિરાધક. (૩) **ચારિત્રકુશીલ** યંત્ર, મંત્ર, ચમત્કાર |

| | | |
|---|---|---|
| પિંડભોજી, કુલનિશ્રાએ વિચરે, સ્થાપનાકુલ-સંખડીમાં ફરે. ગૃહસ્થની સ્તવના કરે. | સામાચારી ન જ કરે, કે ન્યૂનાધિક કરે, કે ગુરુના વચનથી બલાત્કારે કરે. | જ્યોતિષ, સ્વપ્નફળ, જડીબુટ્ટી, વશીકરણ, લક્ષણ, ભાવતાલ કહે, સ્નાનાદિ વિભૂષા કરે. |

| સંસક્ત. ૪ | અહાછંદો. ૫ |
|---|---|
| મિશ્ર, મૂલોત્તર ગુણોમાં દોષો ભળવાથી<br>(૧) **સંક્લિષ્ટ**-પાંચ મહાઆશ્રવયુક્ત, ગારવવાળો, સ્ત્રીગૃહસહિત,<br>(૨) **અસંક્લિષ્ટ**-જેવાના ભેગો જાય તેવો થાય, સંવિજ્ઞ ભેગો સંવિજ્ઞ જેવો વર્તે, પાસત્થા ભેગો પાસત્થા જેવો વર્તે. | સ્વમતિકલ્પનાનો અર્થ કે ઉત્સૂત્ર પ્રરૂપે; ગૃહસ્થના કાર્યમાં પ્રવર્તે; સાધુના અલ્પ અપરાધમાં ઘણો ક્રોધ કરે; આગમનો અર્થ મતિ મુજબ કરી વિગઈઓ ભોગવે; ત્રણ ગારવવાળો. |

● આવાઓને વંદન કરવાથી કાયક્લેશ અને કર્મબંધ થાય; એનામાં રહેલા પ્રમાદસ્થાનોની ઉપબૃંહણા (અનુમોદન-સમર્થન)નું પાપ લાગે; એને અને બીજાઓને પ્રમાદમાં પ્રોત્સાહન મળે; માટે અવંદનીય.

● જ્ઞાનાદિના કે સંઘના ગાઢ કારણે કોકવાર આવાને વંદન કરવું પડે.

● પ્રથમ પરિચયે શ્રાવક સાધુવેષ દેખી ઉચિત વિનયવંદન કરે, પણ પછી તપાસ કરે અને વંદનીય લાગે તો વિનય, કે સત્કાર, કાંઈ ન કરે.

## દ્વાર-૪ : વંદનીય ૫

| આચાર્ય | ઉપાધ્યાય | પ્રવર્તક | સ્થવિર | રત્નાધિક |
|---|---|---|---|---|
| ગણના નાયક, સૂત્રાર્થના જ્ઞાતા, અર્થના વાચક. | નાયકસમ, સૂત્રાર્થના જ્ઞાતા, સૂત્રોના વાચક. | ક્રિયાકાંડમાં ગચ્છને પ્રવર્તાવે. | જ્ઞાન૰ પર્યાય૰ વય-સ્થવિર. સ્થિરીકરણ કરે. | પહેલાં પદપર્યાયે અધિકને, પછી ચારિત્રપર્યાયે અધિકને. |

(અવચૂરિમાં રત્નાધિકને અને આવ૰ વૃત્તિમાં સ્થવિરને **ગણાવચ્છેદક** ગણ્યા છે. સૂત્રાર્થજ્ઞાતા, ગચ્છ માટે ક્ષેત્રઉપધિ આદિની ચિંતા કરનાર)

દીક્ષાપર્યાયે નાના પણ આચાર્ય ઉપાધ્યાય પ્રવર્તકને વંદન કર્યા બાદ રત્નાધિકને.

**આવ૰વૃત્તિ**મતે પ્રથમ આચાર્યને અને પછી દીક્ષાપર્યાય મુજબ.



## દ્વાર-૫ : વંદન અદાતા ૪

૧. દીક્ષિત-માતા, ૨. પિતા, ૩. જ્યેષ્ઠ બંધુ, ૪. વયમાં લઘુ કે મોટા સર્વ રત્નાધિક.

**દ્વાર-૬. વંદક :** ઉપર સિવાય ચતુર્વિધ સંઘ.

**દ્વાર-૭.** વંદન માટે **અનવસર** ૪- ૧. વંદનીય જો વ્યાક્ષિપ્ત (ધર્મકાર્ય ચિંતામાં વ્યાકુલ), ૨. પરાઙ્મુખ (કે ઊભા), ૩. પ્રમત્ત (ક્રોધમાં કે નિદ્રામાં હોય), ૪. આહાર-નીહાર કરતા કે કરવાની ઈચ્છાવાળા હોય તો.

(અનુક્રમે દોષો : ૧. ધર્મનો અંતરાય, ૨. વંદનપરઅલક્ષ, ૩. ક્રોધ, ૪. અંતરાય અને રોગ.

**દ્વાર-૮. અવસર ૪ :** ૧. પ્રશાંત (અવ્યગ્ર), ૨. ઉપશાંત (અપ્રમત્ત), ૩. આસનસ્થ, ૪. છંદેણ કહેવા માટે ઉદ્યત હોય-ત્યારે આજ્ઞા માગીને વંદન કરાય.

**દ્વાર-૯. વંદનકારણ ૮ :** ૧. પ્રતિક્રમણ, ૨. સ્વાધ્યાય, (આ બેમાં ૪+૩=૭ વાર ધ્રુવવંદન, અહોરાત્રમાં ૧૪ વાર ૧૪ વાંદણા.)

૩. કાઉસ્સગ્ગ (જોગમાં), ૪. અપરાધ ખમાવતાં, ૫. પ્રાઘુર્ણક, ૬. આલોચના, ૭. સંવર (પચ્ચક્ખાણ-સંક્ષેપ કે બીજું મોટું પચ્ચક્ખાણ), ૮. સંલેખના (અનશન આદિ).

**દ્વાર-૧૦. આવશ્યક ૨૫ :** વાંદણાં દેતાં - ૧ યથાજાત + ૨ અવનત (ઈચ્છામિ... નિસીહિયાએ ઉચ્ચારપૂર્વક) + ૨ પ્રવેશ + ૧ નિર્ગમ + ૧૨ આવર્ત + ૪ શીર્ષ (૨ સંફાસં + ૨ ખામેમિ ખમાસમણો વખતે) + ૩ ગુપ્તિ (વંદનમાં એકાગ્રતા)

- આ ૨૫માંથી કોઈ એક પણ આવશ્યકને વિરાધનારો વંદન કરવા છતાં નિર્જરા ન પામે.

**દ્વાર-૧૧. મુહપત્તિ પડિલેહણ ૨૫ :** ઉત્કટઆસને - ૧ દૃષ્ટિ પડિ૰ + ૬ ઉર્ધ્વ પપ્ફોડા (૬ પુરિમ = ખંખેરવાનું) + ત્રણ ત્રણના અંતરે ૯ અક્ખોડા (ઉપર ચઢતાં હાથને ન અડે) + ૯ પ્રમાર્જન (પક્ખોડા નીચે ઉતરતાં.)

### મુહપત્તિ પંડિલેહણેના ૨૫ બોલ

૧ (બે બાજુ દૃષ્ટિ) સૂત્ર અર્થ તત્ત્વ કરી સદ્દહું. ૬ (પપ્ફોડા)- સમકિત મોહનીય મિશ્રમો૰ મિથ્યાત્વમો૰ પરિહરું; કામરાગ સ્નેહરાગ દૃષ્ટિરાગ પરિહરું. ૯ (અક્ખોડા) ૯ (પ્રમાર્જના) સુદેવ સુગુરુ સુધર્મ આદરું; કુદેવ કુગુરુ કુધર્મ પરિહરું;

જ્ઞાન દર્શન ચારિત્ર આદરું; જ્ઞાનવિરાધના દર્શન વિરાધના ચારિત્ર વિરાધના પરિહરું; મનગુપ્તિ વચનગુપ્તિ કાયગુપ્તિ આદરું; મનદંડ વચનદંડ કાયદંડ પરિહરું.

## દ્વાર-૧૨ : શરીર પડિલેહણના ૨૫ બોલ

૩ (ઊંધા ડાબા હાથે) હાસ્ય રતિ અરતિ પરિહરું; ૩ (જમણા હાથે) ભય શોક દુગંછા પરિહરું; ૩ (લલાટે) કૃષ્ણલેશ્યા નીલલેશ્યા કાપોતલેશ્યા પરિહરું; ૩ (મુખે) રસગારવ ઋદ્ધિગારવ શાતાગારવ પરિહરું; ૩ (હૃદયે) માયાશલ્ય નિયાણશલ્ય મિથ્યાત્વશલ્ય પરિહરું; ૪ (ખભાની) ક્રોધ માન પરિહરું, માયાલોભ પરિહરું; ૬ (બે પગે) પૃથ્વીકાય અપ૦ તેઉ૦ની રક્ષા કરું. વાઉ૦ વનસ્પતિ૦ ત્રસ૦ની રક્ષા કરું.

**શરીર પડિ૦ ૨૫** - પ્રદક્ષિણાની માફક પ્રમાર્જના અવળા ડાબા હાથની ૩ સવલા અવળા જમણા હાથની ૩, બે હાથે મુહપત્તિ પકડી મધ્ય દક્ષિણ અને વામ એ ક્રમે શીર્ષે (લલાટે) ૩, મુખે ૩, હૃદયે ૩, (આ અંગ પડિલેહણા), ૪ બે ખભાની ઉપર નીચે (પીઠની કાખની) અને ૬ બે પગની ચરવળાથી (આંકડા મુજબ હાસ્યથી માંડી ત્રસકાય સુધીના બોલ લેવાના). સ્ત્રીનું શીર્ષ હૃદય અને ખભા ઢાંકેલા હોવાથી એને એ ૧૦ પડિલેહણા નહિ. પ્રતિક્રમણ વખતે સાધ્વીજીને શીર્ષની ૩ ખરી. **આવશ્યકમાં અધિકાધિક ચિત્તથી અધિકાધિક કર્મનિર્જરા.**

## દ્વાર ૧૩ : વંદનમાં ટાળવાના ૩૨ દોષ

અનાદત, સ્તબ્ધ, તર્જના, હીલિત, મનઃપ્રદુષ્ટ, ભય, ભજન્ત, મૈત્રી, કારણ, ગૌરવ, કર, કરમોચન, સ્તેન, દૃષ્ટાદૃષ્ટ, શઠ, પ્રત્યનીક, રુષ્ટ, પવિદ્ધ, વિપલિકુંચિત, પરિપંડિત, ટોલગતિ, કચ્છપરિંગિત, મત્સ્યોદ્વૃત, વેદિકાબદ્ધ, અંકુશ, ચુડલીક, શૃંગ, આશ્લિષ્ટાનાશ્લિષ્ટ, ન્યૂન, ઉત્તરચૂડ, મૂક, ઢઢ્ઢર.

૧. **અનાદત**- સંભ્રમરહિત, ચિત્તની ઉત્સૂકતા વિના વાંદે. ૨. **સ્તબ્ધ**- દ્રવ્યથી કે ભાવથી અક્કડપણે વાંદે. ૩. **તર્જના**-'વદન કરીએ કે ન કરીએ આપને ન તોષ, ન રોષ'. એમ કહેતો વાંદે. ૪. **હીલિત**-'તમને વાંદવાથી શું ?' એમ અવજ્ઞા૦ ૫. **મનઃપ્રદુષ્ટ**- (i) વંદનીયના દોષ મનમાં લાવી, અસૂયા અરુચિ સાથે વાંદે કે (ii) સ્વ કે પર નિમિત્તે થયેલ મનોદ્વેષ પૂર્વક. ૬. **ભય**-વંદન ન કરું તો ગચ્છ બહાર કરે. ૭. **ભજન્ત**- (i) ગુરુ મને ભજે છે તેમ આગળ પણ ભજે એ માટે વાંદે, (ii) 'હે ગુરુજી ! અમે તમને વંદન કરવા ઊભા છીએ' એમ કહી વાંદે ૮. **મૈત્રી**- 'આ મારા મિત્ર છે કે થશે.' ૯. **કારણ**-વસ્ત્રપાત્રાદિ લાભના કારણે. ૧૦. **ગૌરવ**- 'સાધુઓ જાણે કે આ સામાચારી કુશલ છે', એ હેતુએ. ૧૧. **કર**- વંદન એ અરિહંત રાજાનો કે ગુરુનો કર છે એમ ચિંતવે ૧૨. **કરમોચન**-'લૌકિક



કરથી તો છૂટ્યા પણ આ કર હજી છૂટ્યો નથી' ૧૩. **સ્તેન**-આમને વાંદવાથી મારી લઘુતા થશે' માટે છૂપો વાંદે. ૧૪. **દૃષ્ટાદૃષ્ટ**-ઘણાની વચમાં કે ઓથે રહીને વાંદે. ૧૫. **શઠ**-(i) વિશ્વાસ ઉપજાવવા વાંદે. (ii) માંદગીના બહાને અવિધિથી વાંદે. ૧૬ **પ્રત્યનીક**-અનવસરે વંદન કરે, ૧૭. **રુષ્ટ**-ગુરુ કે પોતે રોષમાં વર્તતા વાંદે. ૧૮. **પવિદ્ધ**-વંદન ક્રિયા અધુરી છોડી ભાડુતની પેઠે ભાગે. ૧૯. **વિપલિકુંચિત**-થોડી વંદના કરી વચ્ચે દેશકથાદિ કરે. ૨૦. **પરિપિંડિત**-(૧) ઘણાને એક વંદને વાંદે, (૨) અક્ષર આવર્તોને છૂટા ન કરે (૩) બે કેડ પર હાથ થાપી આવર્ત કરે. ૨૧. **ટોલગતિ**- વાંદતા તીડની જેમ પાછો હઠે, આગળ કૂદે. ૨૨. **કચ્છપરિંગિત**-કાચબાની જેમ સન્મુખ કે વિમુખ ચળાયમાન ૨૩. **મત્સ્યોદ્વૃત**-(૧) ઉઠતા બેસતા મચ્છની જેમ ઉછળવા સરખો, (૨) મચ્છ શીર પલટાવે તેમ એક પછી બીજાને વંદન કરવા શરીર ઘુમાવે. ૨૪. **વેદિકા-બદ્ધ**-બે ઢીંચણની (૧) ઉપર, (૨) નીચે, (૩) બે પડખે, (૪) ખોળામાં-હાથ થાપે, (૫) બે હાથ વચ્ચે એક ઢીંચણ રાખે. ૨૫. **અંકુશ**-(૧) વંદનાર્થે વંદનીયને કપડું ઝાલી આસને ખેંચી જાય. (૨) રજોહરણને અંકુશની જેમ ઝાલે, ૨૬. **ચુડલીક**-ઉમાડીયાની જેમ ઓઘો ભમાવે. ૨૭. **શૃંગ**-લલાટના બે પડખે 'અહો કાયં' કરે. ૨૮. **આશ્લિષ્ટાનાશ્લિષ્ટ**-ઓઘાને કે માથાને દસે આંગળાં ન સ્પર્શે. ૨૯. **ન્યૂન**-અક્ષર, પદ, કે આવશ્યકથી. ૩૦. **ઉત્તરચૂડ** - વંદન બાદ મોટા સાદે 'મત્થએણ વંદામિ' કહે. ૩૧. **મૂક** - મનમાંજ સૂત્ર બોલે. ૩૨. **ઢઢ્ઢર** - ઘણા મોટા સાદે સૂત્ર બોલે.

## દ્વાર ૧૪. વંદનના ગુણ ૬

૧. વિનયોપચાર (આરાધના), ૨. માન કષાયનો ભંગ, ૩. ગુરુજનની સમ્યક્પૂજા, ૪. જિનાજ્ઞારાધન ('વિનય ધર્મનું મૂળ'એ શ્રીજિનવચન), ૫. શ્રુતારાધન (વંદન પૂર્વકજ શ્રુત લેવાય), ૬. અક્રિયા (મોક્ષ). વંદન-સેવાથી ક્રમસર ૧. તત્ત્વશ્રવણ, ૨. તત્ત્વબોધ, ૩. વિરતિ, ૪. સંયમ, ૫. અનાશ્રવ (સંવર), ૬. તપ, ૭. નિર્જરા, ૮. અક્રિયા, ૯. મોક્ષનો લાભ થાય.

● **અવંદનના ૬ દોષ :**

**माणो अविणय खिंसा( हीलना ) नीयागोयं अबोही भववुड्ढी । अनमंते छ दोसा ।**

## દ્વાર ૧૫. સ્થાપના

૧. **યાવત્કથિક- કાયમી,** પ્રતિષ્ઠા-વિધિપૂર્વક પ્રતિષ્ઠિત,

૨. **ઈત્વર-અલ્પકાળની,** નવકાર પંચિંદિયથી થાપેલી.

આ દરેક ૨ પ્રકારે, (૧) સદ્ભૂત સ્થાપના- ૩૬ ગુરુગુણયુક્તની કાષ્ઠપાષાણાદિની મૂર્તિ કે પુસ્ત-લેપ્ય કર્મ, ચિત્રકર્માદિમાં, અને (૨) અસદ્ભૂત સ્થાપના-અક્ષ, કોડી જ્ઞાનાદિના ઉપકરણ પુસ્તક નવકારવાલી વગેરેમાં ગુરુની આકૃતિ વિનાનામાં. **સ્થાપના શા માટે ? 'ગુરુ વિરહંમિ ગુરુઠવણા, ગુરુવએસોવદંસણત્થં ચ'** શ્રી જિનશાસનમાં ગુરુનું કેટલું બહુમાન ! સ્થાપિત પણ ગુરુનો આદેશ જોઈએ.

**દ્વાર-૧૬. અવગ્રહ**- સ્વપક્ષે ૩ાા હાથ, પરપક્ષે ૧૩ હાથ, ગુરુના અવગ્રહમાં આજ્ઞા વિના ન પેસાય. અવગ્રહથી આશાતના ટળે, શીલ સચવાય.

**દ્વાર-૧૭. અક્ષર :** વંદન સૂત્રે (વાંદણામાં) ૨૦૧ લઘુ+૨૫ ગુરુ=૨૨૬

**દ્વાર ૧૮,૧૯,૨૦-પદ ૫૮, સ્થાન (અધિકાર) ૬, ગુરુવચન ૬.**

| | **इच्छामि निसीहि०** | **अणुजाणह मे मिउग्गहं** | **निसीहि वइक्कंतो** | **जत्ता भे** | **जवणिज्जं च भे** | **खामेमि वइक्कमं** |
|---|---|---|---|---|---|---|
| પદ | ૫ | ૩ | ૧૨ | ૨ | ૩ | ૪ |
| અધિ**કા**ર | **ઈચ્છા** વંદનની ઈચ્છા પ્રગટ કરી | **અનુજ્ઞા** અવગ્રહમાં પેસવા રજા માગી | **અવ્યાબાધ** વંદનપૂર્વક સુખશાતા પૂછી | **સંયમયાત્રા** સુખ પૂર્વક વર્તે છે ? | **યાપના દેહ સમાધિ** શરીર સુખરૂપ છે ? | **અપરાધની ક્ષમાપના** દિવસે કે રાત્રે થયેલા |
| ગુરુ-વચન | **છંદેણ** (જેવો તારો અભિપ્રાય.) | **अणुजाणामि** | **तहत्ति** | **तुब्भंपि-वट्टए** | **एवं** | **अहमवि खामेमि तुमं** |

પછી **आवस्सियाए** થી **वोसिरामि** સુધીમાં ૨૯ પદે વિશેષ પ્રકારે અપરાધની ક્ષમાપના, વંદન ન કરાવવું હોય તો છંદેણના બદલે **'પડિક્ખહ'** કહે; અને ટૂંકું કરાવવું હોય તો **'તિવિહેણ'** કહે, ત્યાં શિષ્ય 'મત્થએણ વંદામિ' કહી પૂરું કરે.

| | **અવ્યાબાધ** | **યાત્રા** | **યાપના** | |
|---|---|---|---|---|
| દ્રવ્યથી | ખડ્ગાદિઘાની પીડારહિત | સુખપૂર્વક સંયમ ક્રિયા પ્રવર્તવી | ઔષધાદિ વડે શરીર સમાધિ | દ્ર૦ |
| ભાવથી | મિથ્યાત્વાદિની પીડારહિત | | મનના ઉપશમ વડે સમાધિ | ભા૦ |



## દ્વાર-૨૧. આશાતના ૩૩

૩. આગળ-પાછળ-બાજુમાં **ચાલવું,** ૬. **નજીકમાં-ઊભા રહેવું,** ૯. **બેસવું** (આગળ ગુરુને પુંઠ થાય અને બીજાને વંદનમાં અંતરાય, પાછળ શ્વાસ ખાસી છીંક લાગે, બાજુમાં બરાબરી દેખાય.)

૧૦. **ઉચ્ચાસન :** ગુરુના આસન કરતા ઊંચે બેસે.

૧૧. **સમાસન :** ગુરુના સમાસન આસને બેસવું.

૧૨-૧૩. સંથારાવસ્થાન-સંચારપાદ ઘટ્ટન- ગુરુના આસન શય્યા પર સુવું, બેસવું કે સંથારે પગ લગાડવો.

૧૪-૧૫. **આચમનશુદ્ધિ,**
**આલોચન** (ઇરિયા)- ગુરુ કરતા પહેલું કરે.

૧૬. **પૂર્વાલોચન :** ગોચરીમાં,

૧૭-૧૮. **પૂર્વોપદર્શન :**
**પૂર્વનિમન્ત્રણા :** ગુરુની પહેલાં બીજા, આગળ આ કરે.

૧૯. **પૂર્વઆલાપન :** ગૃહસ્થાદિને ગુરુએ બોલાવ્યા પહેલા પોતે બોલાવે.

૨૦. **ખદ્ધદાન :** ગુરુની આજ્ઞા વિના બીજાને વહેંચે.

૨૧. **ખદ્ધાદાન :** ગુરુને થોડું આપી સારું સારું પોતે વાપરે.

૨૨-૨૩. **અપ્રતિશ્રવણ :** દિવસે ગુરુ બોલાવે છતાં ઉત્તર ન આપે.
**રાત્રે** કોણ જાગે છે ? પૂછે તો જાગતા છતાં ઉત્તર ન આપે.

૨૪. **ખદ્ધ** (ભાષણ)-ઘાટા પાડીને ગુરુ સાથે કર્કશ બોલે.

૨૫. **તત્રગત :** ગુરુ બોલે કે તૂર્ત 'મત્થએણ વંદામિ' કહી ત્યાં જવાને બદલે સ્થાને રહ્યો ઉત્તર આપે.

૨૬. **કિં ભાષણ :** 'કેમ ? શું છે ? શું કહો છો ?' કહે પણ 'આજ્ઞા ફરમાવો' એમ નહિ.

૨૭. **તું** (ભાષણ)-'ભગવંત ! પૂજ્ય ! આપ !' ન કહે.

૨૮. **તજ્જાત :** સામે તેવો જ ઉત્તર 'વૈયાવચ્ચ કેમ કરતો નથી' ? 'તમે કેમ કરતા નથી' ?

૨૯. **નોસુમન :** 'અહો આપે ઉત્તમ ધર્મકથા કહી' આદિ પ્રશંસા ન કરે પણ મનમાં દુભાય.

૩૦. **નોસ્મરણ :** તમને આ અર્થ યાદ નથી એમ ગુરુને કહે.

૩૧. **પરિષદ્‌ભેદ :** સભા એકતાન હોય ત્યારે ગુરુને કહે 'હવે કથા કેટલી લંબાવવી છે.'

૩૨. **કથા છેદ :** ગુરુની સભાને કહે 'પછી હું સારી રીતે તમને સમજાવીશ.'

૩૩. **અનુત્થિત કથા :** ગુરુ કહી રહ્યા બાદ એજ કથા સભાને વિસ્તારથી સમજાવે પોતાની ચતુરાઈ બતાવવા.

| આશાતના | જઘન્ય | મધ્યમ | ઉત્કૃષ્ટ |
|---|---|---|---|
| ગુરુની | પગ લગાડવો | થુંક વગેરે લગાડવું | આજ્ઞા ન માનવી, આજ્ઞાથી વિપરીત આચરવું, કઠોર બોલવું. |
| સ્થાપનાની | પગ લગાડવો, ચલવિચલ કરવા. | ભૂમિ પર પાડવા અવજ્ઞાથી જેમ તેમ મુકવા. | નાશ કરવો. |

**દ્વાર-૨૨. લઘુ પ્રતિક્રમણ** (બૃહદ્ ગુરુવંદન) **વિધિ-**

સવારના પ્રતિક્રમણના નિયમવાળાએ સામગ્રી કે શક્તિના અભાવે કરવાનું.

**સવાર :** ઈરિયા૰, કુસમિણ૰, ચૈત્ય૰, મુહપત્તિ, ૨ વાંદણા, રાઈઅં આલોઉં, સવ્વસ્સવિ૰ વાંદણા, ખામણાં, વાંદણાં, સંવર (પચ્ચક્ખાણ), ૪ છોભવંદન, બે સજ્ઝાયના આદેશ.

**સાંજના :** ઈરિયા૰ ચૈત્ય૰ મુહ૰ વાંદણાં૰, પચ્ચક્ખાણ, વાંદણા દેવસિઅં આલોઊં, સવ્વસ્સવિ, વાંદણાં, ખામણાં, ૪ છોભવંદન, દેવસિય પાયચ્છિત્ત૰ કાઉ૰ બે સજ્ઝાયના આદેશ.

**-: ઈતિ ગુરુવંદન ભાષ્ય-દોહન :-**



# પચ્ચક્ખાણ ભાષ્ય

પચ્ચક્ખાણ=પ્રત્યાખ્યાન. (પ્રતિ=પ્રતિકૂલ, આ=મર્યાદિત, અમુકરીતે, ખ્યાન=કહેવું) અમુકરીતે નિષેધની પ્રતિજ્ઞા કરવી.

**૯ દ્વાર=(૧) પચ્ચક્ખાણ ૧૦, (૨) ઉચ્ચરવાની વિધિ ૪, (૩) આહાર ૪, (૪) આગાર ૨૨, (૫) વિગઈ ૧૦, (૬) નિવિયાતાં ૩૦, (૭) ભાંગા, (૮) શુદ્ધિ ૬, (૯) ફલ ૨.**

**દ્વાર ૧ પચ્ચક્ખાણ ૧૦ :-**

૧. અનાગત વૈયાવચ્ચાદિ કારણે અગાઉથી અઠ્ઠમાદિ કરે.

૨. અતિક્રાંત- પછીથી કરવા.

૩. કોટિ સહિત- ૧. સમકોટિક=ઉપવાસના પારણે; પ્રભાતમાં જ બીજા ઉપવાસનું પચ્ચ૰ કરે. ૨. વિષમકોટિક=જુદું આયંબિલાદિ કરે.

૪. નિયન્ત્રિત- નિશ્ચિત ગમે તેવી સ્થિતિ હોય તોય અમુક તપ રોજ કરવો (જિન-કલ્પીને કે ચૌદ પૂર્વીના કાળમાં પ્રથમ સંઘયણીને.)

૫. અનાગાર- 'અનાભોગ' અને 'સહસા' માત્ર આ બે આગાર ખુલ્લા.

૬. સાગાર- અનેક આગારોવાળું.

૭. નિરવશેષ- ચારે આહારનો ત્યાગ (પ્રાયઃસંલેખના સમયે.)

૮. પરિમાણકૃત- **દત્તિ**=જેટલું એક જ ધારાએ પાત્રમાં પડે, **કવળ**=૩૨માંથી આટલા, અમુક **ગૃહે**, અમુક **દ્રવ્ય**ના.

૯. સંકેત- ચિન્હ સહિત પચ્ચ૰ કરે. કેત=ઘરવાળાનું ગૃહસ્થિનું તે સંકેત.

૧૦. અદ્ધા પચ્ચક્ખાણ- અદ્ધા=કાળઃ-નવકાર સહિત, (સહિત એ મુહૂર્તનું જ વિશેષણ છે માટે મુહૂર્તથી ઓછો કાળ નહિ), પોરિસી...

**સંકેત પચ્ચક્ખાણ ૮ :**

૧. અંગુષ્ટ સહિત-મુઠ્ઠિમાં અંગુઠો વાળી છુટો ન કરે ત્યાં સુધી

૨. મુઠ્ઠિ સહિત- મુઠ્ઠિ વાળી છૂટી ન મૂકે૰

૩. ગંઠિ૰- ગાંઠવાળી ન છોડે૰

૪. ઘર૰- ઘરમાં ન પેસે૰

૫. સ્વેદ૰- પરસેવાના બિંદુ ન સુકાય૰

૬. ઉછ્વાસ૰- આટલા શ્વાસો૰
૭. સ્તિબુક૰- માચી વાસણ પર બિંદુ ન સુકાય૰
૮. દીપક૰- દીવો ન ઓલવાય૰

**અદ્ધા પચ્ચક્ખાણ ૧૦ :**

૧. નવકાર સહિત- સૂર્યોદયથી ૧ મુહૂર્ત અને નવકાર-આ=બે વાળું
૨. પોરિસી સાર્દ્ધપોરિસી સાથે લેવી. પોરિસી=પહોર.
૩. પુરિમાર્દ્ધ દિવસનો પૂર્વ અર્ધ પૂરો થયે.
૪. એકાશન- નિશ્ચલ બેઠકથી એકવાર ભોજન
૫. એકલસ્થાન- જમણા હાથ અને મુખ વિના બીજા અંગ ન હાલે.
૬. આચામામ્લ- ઓસામણ (વિગય) અને આમ્લ (ખાટો રસ) ત્યાજ્ય.
૭. અભક્તાર્થ- ભક્ત=ભોજન એનું પ્રયોજન જ્યાં નથી. ઉપવાસાદિ.
૮. ચરિમ-૧ દિવસ૰ (અહોરાત્ર) ૨. ભવ-ચરિમ મરણ વખતનું.
૯. અભિગ્રહ- દ્રવ્ય (અમુક) ક્ષેત્ર (અમુક ઘેર) કાલ (ભિક્ષાકાલ બાદ) ભાવ (ગાતો રોતો... વહોરાવે)
૧૦. વિગઈ-૬ વિગય, ૩૦ નિવિયાતા.

• • •

(ઉપવાસમાં બેવાર ભોજનનો ત્યાગ હોઈ અભત્ત૰ કહેવાય, અને આગળ પાછળ એકાસણું હોય તો કુલ ચારવાર ભોજનનો ત્યાગ થવાથી ચતુર્થભક્ત કહેવાય. પરંતુ આગળ, છઠ્ઠ વગેરેની આસપાસ એકા૰ ન હોય તોય છઠ્ઠભત્ત, અઠ્ઠમ૰, દશમ૰,ની સંજ્ઞા રૂઢ છે. એકાસન કરી ઊઠ્યા પછી દિવસ ચરિમ (તિવિહાર૰ કરવાથી ૮ માથી ૪ આગાર (સાગારિયા૰..... પારિઠ્ઠા૰)નો સંક્ષેપ થાય છે એ લાભ.)

**દ્વાર-૨.** **ઉચ્ચાર વિધિ ૪ :** ૧. ઉગ્ગએસૂરે નમુ૰, ૨. ઉગ્ગએસૂરે પોરિસીઅં, ૩. સૂરેઉગ્ગએ પુરિમઙ્ઢં, ૪. સૂરેઉગ્ગએ અભત્તઙ્ઢં. અથવા ૧. ગુરુ-પચ્ચક્ખાઈ, ૨. વોસિરઈ કહે; શિષ્ય- ૩. પચ્ચક્ખામિ ૪. વોસિરામિ-કહે તે.

**उवओगित्थ पमाणं न पमाणं वंजणऽच्छलणा=**

(પચ્ચક્ખાણ ધારેલું પ્રમાણ. પાઠનો ફેરફાર એ પ્રમાણ નહિ.)



**ઉચ્ચાર સ્થાન ૫ :**

૧. નમુ૰ પોરિસી આદિનું- નમુ+પોરિસી+સાઢ+પુરિ+અવ+૮સંકેત=૧૩ ભેદ
૨. વિગઈઓ૰ વિગય+નીવિ+આયંબિલ=૩
૩. એકાશનનું - એકા૰બેઆ૰એકલ૰=૩
૪. પાણસ્સ - છ આગારનું
૫. દેસાવ૰ અથવા સાંજના- ૧ ભેદ=કુલ ૨૧ ભેદ

- એવી રીતે **ઉપવાસના** પાંચ સ્થાન : ૧. ચઉત્થડભત્ત કે અભત્તથી ૩૪ અભત્ત૰, ૨. નમુ૰ આદિ અને આઠ સકેતનું, ૩. પાણસ્સ, ૪. દેસાવ૰, ૫. સાંજનું.

- મધ્ય પચ્ચક્ખાણમાં સૂરે ઉગ્ગએ અને વોસિરઇ ન કહેવું, એ પૂર્વાચાર્યોથી ચાલી આવતી કરણ વિધિ છે.

- તિવિ૰ ઉપવાસ એકાશન આદિમાં પાણસ્સનો આગાર હોય,
- દુવિ૰ અચિત્ત જલ૰ એકાશન આદિમાં કે છૂટામાં પાણસ્સનો આગાર હોય.
- ઉપવાસ, આંબેલ, નીવિ એ ચઉવિહાર કે તિવિહારજ હોય.
- **એકાશન** કારણે દુવિ૰ પણ હોઈ શકે તેમાં અચિત્તનો નિયમ નહિ (શ્રાદ્ધવિધિ-નીવિ અપવાદે દુવિ૰ પણ હોય)
- **પોરિસી**૰ તિવિ૰ કે ચઉવિ૰. ગૃહસ્થને કારણે દુવિ૰ પણ. ગાઢ કારણે મુનિને પણ (પંચાશકજી)
- નમુક્કારસહિયં ચઉવિ૰ જ હોય, કેમકે એ ગઈરાતના ચઉવિ૰ના તીરણ રૂપ છે.
- દિવસચરિમં મુનિને ચઉવિ૰ જ. અને ગૃહસ્થને તિવિ૰ દુવિ૰ પણ.
- ભવચરિમં તિવિ૰ કે ચઉવિ૰ હોય. - એકલઠાણ ચઉવિ૰ જ.

**દ્વાર-૩.** **આહાર=** ૧. એકલું પણ જે ક્ષુધા શમાવી શકે તે. (અશન, પાન, ખાદિમ, સ્વાદિમ.)
૨. આહારમાં ભળ્યું ન ભળ્યું છતાં જે આહારમાં સ્વાદ આપી શકે તે (લુણ, હિંગ, જીરૂં, તંબોલમાં કાથો, પાણીમાં કપુર)
૩. ક્ષુધિત ક્ષુધા શમાવવા જે પંક જેવું નીરસ પણ કોઠામાં નાખે તે. (માટી)

૧. **અશન-** મગ આદિ કઠોળ, ભાત (કૂર) ઘઉં, સાથવો (શેકેલા મગ) જુવારનો લોટ, માંડા (પૂડા પોળી રોટલી રોટલો) દૂધ દહીં વગેરે, ખાજાં આદિ પકવાન્ન રાબ ઘેંસ આદિ. સર્વે શાક વગેરે ક્ષુધા શમાવે તે.

૨. **પાન-** કાંજી (છાસની આશ), જવનું-ઘઉં-ચોખા-કોદ્રવ-આદિનું ધોવણ, કેરાનું ધોવણ, ચીભડા આદિની અંદર રહેલા પાણી કે એનું ધોવણ, મદિરાનું પાણી (આસવ સરકો) વગેરે. તિવિહારમાં કર્પૂરાદિથી અમિશ્રિત શુદ્ધ જલ કલ્પે. (નાળીયેરનું પાણી, શેલડીનો રસ, છાશ વગેરે અશનમાં ગણાય.)

૩. **ખાદિમ =** ક્ષુધાની પૂર્ણ શાન્તિ ન કરે પરંતુ કાંક સંતોષ કરે તે. કોઠવડી, આમળાગંઠી, આંબાગોળી, શેકેલા ધાન્ય (મમરા, પોંક, ચણા ડાળીયા વગેરે) ખજુર, ખારેક, નાળીયેર, મેવો, કેરી આદિ ફળો.

૪. **સ્વાદિમ=**(i) દ્રવ્યોને અને તેના રસાદિ ગુણોને જે સ્વાદ પમાડે તે. (ii) રાગદ્વેષ રહિત જેનું આસ્વાદન કરનાર સંયમીને સંયમ ગુણોનો આસ્વાદ કરાવે છે. (iii) જેનું આસ્વાદન પોતાના માધુર્યાદિ ગુણોનો નાશ કરે.

**(साईमं-स्वादयति इति)**

સુંઠ, હરડે, બહેડાં, પીપર, મરી, જીરું, અજમો, જાયફલ, જાવંત્રી, કાથો, ખેરવટી, જેઠીમધ, કેસર, નાગકેસર, તમાલપત્ર, એલચી, તજ, લવિંગ, બીડલવણ, અજમોદ, પીપરીમૂલ, ચિણિકબાલ, મોથ, કપૂર, બાવળ, ધાવડી, ખેર, ખીજડાની છાલ અને પત્ર, સોપારી, હિંગ, જવાસામૂળ, બાવચી, તુલસી, સંચળ, તંબોલ, વરીયાલી, સુવા વગેરે સ્વાદિમમાં ગણાય. જીરૂ એ સ્વાદિમ કે ખાદિમ એમ બે મત છે. અજમાને પણ કેટલાક ખાદિમ કહે છે, મધ, ગોળ, ખાંડ, સાકર પણ સ્વાદિમમાં ગણાય, પણ તુપ્તિકારક હોવાથી દુવિહારમાં ન કલ્પે.

## અનાહારી

એ ચઉવિહાર કે મુક્કિસહિયં આદિ સંકેત પચ્ચક્ખાણ કર્યા પછી અશન પાન વગેરે ચારે આહારના ત્યાગના પચ્ચક્ખાણ કાળમાં ઔષધના કારણે લેઇ શકાય, ઉપર પાણી ન વપરાય. તે આ :-

લિંબડાના અંગ, ગોમૂત્રાદિમૂત્ર, ગળો, કડુ, કરીયાતું, અતિવિષ, રાખ, ચીડ, હળદર, ઉપલેટ, વજ, ત્રિફળા (હરડે, બહેડા, આમળા, ત્રણે સરખા ભાગે) બાવળ છાલ, ધમાસો, નાંહિ, આસંધી, રિંગણી, એળીઓ, ગુગળ, બોરડી, કંથેરી, કેરમૂળ, પુંઆડ, મજીઠ, બોળ, પાનની જડ, ચિત્રક, કુંદરૂ, ફટકડી, ચીમડ, થુવર, આકડા, આદિ દ્રવ્યો છે.



**દ્વાર ૪થું** **આગાર:=**કયા પચ્ચક્ખાણમાં કેટલા અપવાદ

| પચ્ચક્ખાણ | આગાર |
|---|---|
| નમુક્કા૦ના... ... | ૨-(અન્નત્થ) ણાભોગેણં, સહસા૦ |
| ચરિમં, સંકેત, અભિગ્રહ | ૪-ઉપરના ૨+મહત્તરા૦ સવ્વસમાહિ૦ |
| પ્રાવરણમાં ... ... | ૫-ઉપરના ચાર+ચોલપટ્ટા૦ |
| ઉપવાસના ... ... | ૫-ઉપરના ચાર+પારિટ્ઠા૦ |
| પોરિસી સાઢપોરસીના ... | ૬-મહત્તરા૦ વિના૩+પચ્છન્ન૦+દિસામોહ+સાહુવ૦ |
| પુરમઢ્ઢ અવઢ્ઢના ... | ૭-ચરિમં૦ મુજબ ૪+પચ્છન્ન+દિસામોહ+સાહુવ૦ |
| વિગઈનીવિ (પિંડદ્રવ બે પચ્ચે૦વાળી)ના | ૯-ચરિમ+લેવા૦, ગિહ૦ ઉક્ખિત્ત૦, પડુચ્ચ૦, પારિટ્ઠા૦, |
| નીવિ (માત્ર દ્રવના પચ્ચ૦ વાળી)ના ... ... | ૮-ઉક્ખિત્ત૦ વિના ઉપરના ૯-૧=૮ |
| આયંબિલના... ... | ૮-પડુચ્ચ૦ વિના વિગઇના ૯-૧=૮ |
| એકા૦ બેઆસનાના ... | ૮-ચરિમં૦ મુજબ ૪+સાગારિયા૦, આઉંટણ, ગુરુઅબ્ભુ૦, પારિટ્ઠા૦ |
| એકલઠાણના... ... | ૭-આઉંટણ૦ વિના ઉપરના. |
| પાણહારના... ... | ૬-લેવેણ, અલેવેણ, અચ્છેણ, બહુલે૦, સસિત્થેણ, અસિત્થેણ. |
| ૪ દ્રવ વિગઈ | - દૂધ, મધ, મંદિરા તેલ, |
| ૨ પિંડવિગઈ | - માખણ, પકવાન્ન. |
| ૪ પિંડદ્રવવિગઈ | - ઘી, ગોળ, દહીં, માંસ. |

## આગારના અર્થ

- **અન્નત્થ=** (આગળ ગણવામાં આવતા આગાર) **સિવાય.** (આ શબ્દ દરેક આગાર સાથે જોડવો.)
- **ણાભોગેણં-** **અનાભોગ,** પચ્ચક્ખાણ ભૂલી, ભૂલથી મોમાં નાખે (ભૂલ ખ્યાલમાં આવતાં, તુર્ત મોંમાંથી બહાર કાઢી નાખવું.)

- **સહસાગાર-** અચાનક અણચિંત્યું મોંમાં પડી જાય (છાશ વલોવતાં મોમાં કણ પડી જાય.)
- **મહત્તરાગાર-** પચ્ચક્ખાણથી થતી નિર્જરાની અપેક્ષાએ મોટી નિર્જરાનું-સંઘ, ચૈત્ય, કે ગ્લાન મુનિ આદિનું કાર્ય આવી પડેથી વહેલું પારે.
- **સવ્વસમાહિ૦-** તીવ્ર શૂલ આદિ અત્યંત પીડાથી દુર્ધ્યાનને લઈને દુર્ગતિમાં જવાનું ન થાય તે સારુ દુર્ધ્યાન અટકાવવા ઓષધાદિ લેવા માટે સમય થયા પહેલાં પચ્ચ૦ પારે. કે તેવા પીડાતા સાધુ કાજે જવા વૈદ્ય વહેલું પચ્ચક્ખાણ પારે.
- **પચ્છન્નકાલ-** મેઘ, ધૂલ, પર્વત, આદિથી સૂર્ય ઢંકાયો, અનુમાનથી ભૂલથી પહોર આદિ દિવસ દહાડો ચઢ્યો માની પચ્ચ૦ પારે.
- **દિસામોહ-** ભૂલથી પૂર્વને પશ્ચિમ જાણી વહેલા પચ્ચ૦ પારે.
- **સાગારિયા-** મુનિની અપેક્ષાએ કોઈ ગૃહસ્થ, અને શ્રાવકની અપેક્ષાએ નજર લાગે તેવો ગૃહસ્થ, આવી ચઢતાં એકાશનાદિમાં અધવચ ઉઠી બીજે બેસવું પડે.
- **આઉંટણ-** હાથ પગ વગેરે સંકોચતા પસારતા.
- **ગુરુ અબ્ભુ૦-** ગુરુ કે વડીલ પાહુણા પધારે ત્યારે ઊભા થતા.
- **પારિટ્ઠા૦-** વિધિગૃહીત વિધિભુક્ત આહારમાંથી વધતા ગુરુની આજ્ઞાએ ઉપવાસાદિવાળાને વાપરવું પડે. ચોવિ૦ ઉપ૦ને આ આગાર છે, છતાં એને પારિટ્ઠા. નથી અપાતું, કેમકે હાલ પાણીનું પારિટ્ઠા૦ કરવાની પ્રવૃત્તિ નથી, અને પારિટ્ઠા૦પાણી વિના મુખશુદ્ધિ શી રીતે કરે.
- **ચોલપટ્ટાગારેણં-** જિતેન્દ્રિય ચોલપટ્ટ-ત્યાગાભિગ્રહધારિ મહામુનિઓ જો ગૃહસ્થ આવે તો તુરત ચોલપટ્ટક પહેરી લે.

  એકલા વસ્ત્ર ત્યાગના પચ્ચક્ખાણમાં **'પાંગુરણ સહિઅં પચ્ચક્ખામિ** અન્નત્થ૦.... ચોલ૦'
- **લેવાલેવેણ-** વિગઈથી ખરડાએલ કડછીને લૂછવા છતાં સર્વથા અલેપ નથી પણ લેપાલેપ છે, એનાથી વહોરાવે.



- **ગિહત્થસંસટ્ઠેણં-** શાક, કરંબો વઘારવાથી કિંચિત્ લેપવાળી થયેલ હથેલી રોટલાદિમાં લુવામાં ઘસી ગૃહસ્થે બનાવેલ વસ્તુ મુનિને નીવિ આયંબિલમાં ખપે, પરંતુ સ્પષ્ટ રસ અનુભવવામાં આવે તો ન ખપે. પચ્ચક્ખાણ ભાંગે. (આ આગાર મુનિને માટે છે.)
- **ઉક્ખિત્ત વિવેગેણં-**રોટલી પર પડેલી ગોળ આદિ પિંડ વિગઈ ઉપાડી લેઈ અલગ કરે, છતાં કિંચિંત્ અંશ રહી જાય તોય એ રોટલી વાપરતાં એ વિગયના ત્યાગીને પચ્ચ૦ ભંગ નહિ. (આ આગાર મુનિને માટે છે.)
- **પડુચ્ચમક્ખિએણ-**પડુચ્ચ=સર્વથા લુખાની અપેક્ષાએ કિંચિત્ મ્રક્ષણ=સ્નેહવાળું કર્યું હોય કે રોટલી કૂણી કરવાને ઘી આદિનો કણક આદિમાં હાથ દે, તો તેવી અલ્પલેપવાળી રોટલીથી નીવિ. પચ્ચનો ભંગ નહિ. (આ આગાર પણ મુનિ માટે છે.)

  તિવિહારના પચ્ચક્ખાણમાં કેવળ શુદ્ધ પાણી ન મલે, છતાંય બીજા પાણી કલ્પે છે એથી **લેવેણ વા** વગેરે આગાર,
- **लेवेण**- અનાજ ધોયેલું, ડહોળું અને દાણાવિનાનું, એવું નીતર્યું ઓસામણ, ખજુર, આંબલી કે દ્રાક્ષાદિનું નીતર્યું ચોક્ખું પાણી (ભાજનને કંઈક ચીકણું કરે માટે લેપકૃત્)
- **अलेवेण**- સોવીર-કાંજી (છાસની આશ) ઈત્યાદિ અલેપકૃત
- **अच्छेण**- ત્રણ ઉકાળાવાળું નિર્મલ જલ, ફલાદિના ધોવણ કે ફલાદિના નિર્મલ અચિત જલ.
- **बहुलेण**- તલનું કે તંદુલનું ધોવણાદિ ગડુલ જલ,
- **ससित्थेण**- સિત્થ=દાણો. રંધાયેલ દાણો રહી ગયેલું ઓસામણ, તેવું જ તિલોદક તંદુલોદક. **ઉત્સ્વેદિમ જલ=**૧. પિષ્ટજલ (પલાળેલા લોટનું કોહ્યા પહેલાનું પાણી), ૨. પિષ્ટધોવણ (લોટ ખરડાયેલ હાથ કે ભાજન ધોયાનું પાણી) લોટના કણવાળું.
- **असित्थेण**- ઉપર મુજબનું, પણ લોટના કણ કે દાણા વિનાનું ગાળેલું કે નીતરેલું પાણી.

**દ્વાર ૫ મું :**

**વિગઈ** (૬/૨૧ + ૪/૧૨)૧લી ૬ વિગઈના ૨૧ ભેદ, બીજી મહાવિગઈના ૧૨ ભેદ.

| ૫ દૂધ | ૪ દહીં-૪ ઘી | ૪ તેલ | ૨ ગોળ | ૨ પકવાન્ન |
|---|---|---|---|---|
| ગાય | ગાય | તલ | પિંડ | ઘી |
| ભેંસ | ભેંસ | સર્ષવ | દ્રવ | તેલનું |
| બકરી | બકરી | કુસુંબી | | |
| ● ગાડરીનું | ગાડરીનું | અળસીનું | | |

● ૫ મું ઊંટડીનું નહિ એવું મેસાણાની ચોપડીમાં છે ટિપ્પણ છે પણ નીવિયાતું ગણવાની પ્રવૃત્તિ છે.

| ૩ મધ | ૨ મદિરા | ૩ માંસ | ૪ માખણ |
|---|---|---|---|
| કુંતીયાનું<br>માખીઓનું<br>ભમરીઓનું | કાષ્ટ (વનસ્પતિની,<br>સ્કંધ-શેરડીની પુષ્પ-<br>મહુડાની ફલ-દ્રાક્ષની) લોટની | જલચર<br>થલચર<br>ખેચરનું | ઘીની જેમ |

## ૩૦ નીવિયાતાં-

૫ દૂધના-પયઃશાટી, ખીર, પેયા, અવલેહિકા, દુગ્ધાટી.

૫ દહીંના-કરંબ, શિખરણી, સલવણ, ઘોલ, ઘોલવડાં.

૫ ગોળના-સાકર, ગુલવાણી, પાકગુડ, ખાંડ, અર્ધ ઉકળ્યો શેરડી રસ.

૫ ઘીના-નિર્ભંજન, વિસ્પંદન, પક્વોષધિતરિત, કિટ્ટિ, પક્વઘૃત.

૫ તેલના-નિર્ભંજન, તિલકુટ્ટી, પક્વોષધિતરિત તિલમલિ, પક્વતેલ. અને

૫ પક્વાન-દ્વિતિય પુડલો, ૪થો ઘાણ, ગુડધાણી, જલલાપસી, પોતકૃત પુડલો.

**:: આની સમજુતી ::**

**પયઃશાટી**- દ્રાક્ષ સહિત રાંધેલ દૂધ-બાસુદી (દ્રાક્ષાદિ રહિત કેવળ દૂધની બાસુદી એ નીવિયાતું નહિ) એવું મેસાણાની ચોપડીમાં ટિપ્પણ છે પણ નીવિયાતું ગણવાની પ્રવૃત્તિ છે.

**ક્ષીર**-ખીર, (ઘણા) તંદુલ સહિત રાંધેલ દૂધ.

**પેયા**-(દૂધપાક) અલ્પ તંદુલ સહિત રાંધેલ દૂધ (કાંજી)



**અવલેહિકા**-તંદુલના લોટ સહિત રાંધેલ દૂધ

**દુગ્ધાટી**-કાંજી આદિ ખાટા પદાર્થ સહિત રાંધેલ દૂધ

**કરબ**-(દહીંમાં) મેળવેલા ભાતવાળું દહીં

**શિખરણી**-દહીંમાં ખાંડ નાખી વસ્ત્રથી છણેલું (શીખંડ)

**સ-લવણ**-લૂણ નાખી મથેલું, હાથથી અડવાળેલું.

**ઘોલ**-વસ્ત્રાથી ગાળેલું દહીં.

**ઘોલવડા**-ઘોલમાં નાખેલાં કે ઘોલથી બનાવેલાં વડાં.

**ગુલવાણી**-(ગુલપાનક) ગોળનું પાણી જે પુડા આદિ સાથે ખવાય છે તે.

**પાકગુડ**- (પાકો ગોળ) ઉકાળીને કરેલો, ખાજાં આદિ ઉપર લેપાતો. ગોળની ચાસણી.

**નિર્ભંજન**-તળાયા બાદ વધેલુ બળેલું ઘી-તેલ.

**વિસ્પંદન**- દહીંની તર + લોટની બનેલી કુલેર. [અર્ધ બળેલા ઘી+તંદુલનું ભોજન (સિદ્ધાન્તે)]

સુખડી પણ આ રીતે થવા છતાં ગોળનું નીવિયાતું સેનપ્રશ્નમાં કહ્યું છે, તેથી ગુલધાણીની કૃતિ ઉપર લખ્યાથી જૂદી રીતે સંભવે છે.

**પકવોષધિતરિત**-ઓષધિ ઉકાળેલ ઘી તેલ ઉપરની તર.

**કિટ્ટી**-ઉકળીને ઘી તેલ ઉપર તરી આવતો મેલ.

**પકવ ઘી-તેલ**-આમળાદિ ઔષધિ સાથે ઉકળેલું.

**તિલકુટ્ટી**-તલ+ગોળ ખાંડણીમાં ખાંડી એક રસ કરેલ.

**તલસાંકળી**-ગોળનો પાયો કરી તલ ભેળવે તે.

**દ્વિતીય પૂપ**-તવીમાં સંપૂર્ણ સમાતા એક પુડલાને તળી પછી એજ ઘી તેલમાં તળાયેલ બીજા પુડલા પુરી (ઘી તેલ નવું ઉમેર્યા વિના)

**તત્સ્નેહ ચતુર્થાદિઘાણ**-પુરીઓ વગેરેના ૩ ઘાણ તળ્યા બાદ ચોથા પાંચમા આદિ ઘાણની પુરીઓ (નવુ ઘી તેલ ઉમેર્યા વિના)

**ગુડ ધાણી**-ગોળના પાયામાં મેળવેલ ધાણીના લાડુ.

**જલ લાપસી**-તળ્યા બાદ વધેલા ઘીને કાઢી લીધા પછી, તવીમાં રહેલી ચીકાશમાં ઘઉંનો ભરડો વગેરે શેકી, ગોળનું પાણી રેડી, બનાવેલ દાણાદાર શીરો કે કંસાર; ચાલુ શીરો કે લાપસી (બાટ) જેમાં નીચે ઘી ન નાખે,

**પોતકૃત**-ઉપર કહ્યા મુજબની ચીકાશમાં તળેલ પુડલો; કે ઘી તેલનું પોતુ દઈ તળેલ ઢેબરાં આદિ.

## નિવિયાતું

**સંસૃષ્ટ**-ગૃહસ્થે પોતાના માટે છાંટેલા ભાત આદિની ઉપર ચઢેલા દૂધ દહીં ચાર આંગળ સુધી સંસૃષ્ટ; નરમ ગોળ, ઘી, તેલ, એક અંગુલ સુધી સંસૃષ્ટ, આ નીવિયાતું છે. તેથી ઉપર ચઢેલું વિગઈમાં જાય.

● કઠીન ગોળને ચુરમામાં, કઠીન માખણને ભાતમાં મિશ્ર કર્યો છતાં ગોળ માખણના આર્દ્ર આમલક (લીલા આમળા), પીલુ કે શીણ વૃક્ષના મહોર જેવડા ઝીણા કણીયા રહી જાય, તે ગોળ માખણ **સંસૃષ્ટ,** પણ એથી મોટો એક પણ કણ રહ્યો હોય તે દ્રવ્ય **વિગઈ** ગણાય. તે નીવિ કે વિગઈના પચ્ચ૦માં ન કલ્પે. તળ્યા બાદ કે સુખડી વગેરે ઉદ્ધર્યા બાદ વધેલું ઘી ઠંડુ થઈ બનાવેલું દ્રવ્ય પણ નીવિયાતું. એને **ઉત્કૃષ્ટ દ્રવ્ય** પણ કહે છે. આમાં ઘી નીચે ઉતરી ઠંડુ પડવું જોઈએ, નહિતર ચૂલા ઉપર તો પાક થયેલી વિગઈ ગણાય. કલમ શાલિ તંદુલ આદિ દ્રવ્યોથી ભેદાયેલ દૂધ એય નીવિયાતું.

**- સરસોત્તમ દ્રવ્યો. (ઉત્તમ દ્રવ્યો)**

તલસાંકળી; હારડારૂપ કોપરાં; ખારેક સિંગોડાં વગેરે; 'વરસોલાં' સાકરનાં દ્રવ્યો; અખોડ મેવાદિ; ખાંડઆદિથી મિશ્ર અચિત્ત રાયણ કેરી આદિ ફળો; દ્રાક્ષ, નાળીયેર, કાકડી આદિના અચિત્ત પાણી; ડોળીયું (મહુડાના બીજનું તેલ) એરંડીયું, કુસુંભીયું.

**મુનિને નીવિમાં અપવાદે કલ્પ્ય**-૩૦ નીવિયાતાં, ૭ સંસૃષ્ટ, તથા ઉત્તમ દ્રવ્યો.

**मज्जे महुम्मि मंसम्मि नवणीयम्मि चउत्थए ।**
**उप्पज्जन्ति अणंता (અનેક) तव्वन्ना तत्थ जंतुणो ॥**

**દ્વાર ૭. પચ્ચ૦ના ભાંગા ૧૪૭-**

**૩ અયોગી ભંગ** - મન, વચન, કાયાના ૩, કરણ, કરાવણ, અનુમોદનના ૩.+

**૩ દ્વિક સંયોગી ભંગ** - મનવચન, મનકાયા, વચનકાયા, ના ૩. કરણકરા૦, કરણઅનુ૦, કરાવણઅનુ૦ ના ૩. +

**૧ ત્રિયોગી ભંગ** - મન, વચન, કાયા નો ૧. કરણ કરાવણ અનુમોદનનો ૧.



મન આદિના ૭, તથા કરણ આદિના ૭. ૭x૭x૩ કાળ=૧૪૭ અતીતનું પચ્ચ૦=અતીતની નિંદા, ગર્હા વર્તમાનનું પચ્ચ૦=વર્તમાનનો સંવર (નિરોધ)

- સાંસારિક તુચ્છ લાભ ખાતર મોક્ષમાર્ગ જેવા મહાન લાભાર્થે કરેલ પચ્ચક્ખાણનો ભંગ ન કરાય.
- પચ્ચ૦ કરનાર-કરાવનાર, એ પચ્ચ૦ના અર્થના જાણ-અજાણ હોય. એના ૪ ભાંગામાંથી બંને અજાણનો ચોથો ભાંગો અશુદ્ધ; બાકી ત્રણ શુદ્ધ. ૩જા ભાંગામાં જાણ ગુરુ અજાણ શિષ્યને પચ્ચ૦નો ભાવ સમજાવી પચ્ચ૦ કરાવે.

દિવસ ઉગ્યા પૂર્વે થાપનાજી, ગુરુ કે ચૈત્ય સન્મુખ સ્વયં પચ્ચ૦ ઉચ્ચરી, પચ્ચ૦ નો કાળ પૂરો થતા પહેલાં ગુરુને વંદન કરી રાગ, દ્વેષ, નિયાણા રહિત પચ્ચ૦ ગુરુ પાસે કરે, ત્યાં સાથે સાથે મનમાં આલાપક અને સ્થાને સ્થાને 'પચ્ચક્ખામિ', 'વોસિરામિ' બોલતો જાય.

**દ્વાર, ૮ શુદ્ધિ ૬ :**

૧. ફાસિયં (હૃદયના વિરતિના પરિણામ અને સંવેગથી ફરસ્યું), ૨. પાલિયં (રક્ષિતં - વારંવાર સંભાળ્યું), ૩. શોધિત (ગુરુને આપતાં શેખ વધેલું વાપરીને), ૪. તીરિયં (મોડું પચ્ચ પારીને), ૫. કિટ્ટિયં (કિર્તિતં-ભોજન વખતે પુનઃ પચ્ચ૦ સંભારીને મારે અમુક પચ્ચ૦ હતું તે હવે પૂર્ણ થયું માટે હવે ભોજન કરીશ' એ રીતે) ૬. આરાહિયં (પૂર્વોક્ત રીતે પચ્ચ૦ ભાષ્યની બધી વિધિ અથવા પાંચે શુદ્ધિ સાચવીને.)

**અથવા શુદ્ધિ ૬ :-**

**૧. શ્રદ્ધા શુદ્ધિ** - 'શાસ્ત્રે જે પચ્ચ૦ જે રીતે, જે અવસ્થામાં, જે કાળે કરવાનું કહ્યું છે, તે પચ્ચ૦ તે રીતે, તે અવસ્થામાં, તે કાળે કરવું યોગ્ય છે' તેવી સચોટ શ્રદ્ધા.

**૨. જ્ઞાન શુદ્ધિ** - પચ્ચ૦નું સ્વરૂપ, અને કઈ રીતે, કઈ અવસ્થામાં, કયા કાળે થઈ શકે તે જાણવું.

**૩. વિનય શુદ્ધિ** - ગુરુને વંદન કરવા પૂર્વક પચ્ચ૦ કરવું.

**૪. અનુભાષણ શુદ્ધિ** - ગુરુ પચ્ચ૦ ઉચ્ચરાવે તે સાથે પોતે મનમાં આલાવો બોલે અને તે તે સ્થાને 'પચ્ચક્ખામિ' 'વોસિરામિ' કહે.

**૫. અનુપાનલ શુદ્ધિ** - વિષમ સંકટ આવી પડે પણ પચ્ચ૦ ન ભાંગતા સમ્યક્ પાળવું.

**૬. ભાવ શુદ્ધિ** - આ લોકમાં ચક્રવર્તી આદિના સુખની, પરલોકના દેવાદિ સુખની અભિલાષા (નિયાણું) રહિત, કોઈ પ્રકારના રાગ દ્વેષ વિના, માત્ર કર્મક્ષયાર્થે પચ્ચ૰ કરવું, ને પૂર્ણ પાળવું.

**રાગથી પચ્ચક્ખાણ** - ગુરુને પોતા તરફ રાગી કરવા, લોકોને પોતા પ્રત્યે ભક્તિ-ભાવવાળા કરવા, પ્રિય વસ્તુ પ્રાપ્ત કરવા (બાધારૂપે), ચમત્કારી શક્તિઓ ઉત્પન્ન કરવા, પૌદ્‌ગલિક સુખાર્થે, ઈત્યાદિ હેતુએ થતા પચ્ચ૰ અથવા માયાવાળા કે ધન કીર્તિ આદિના લોભવાળા પચ્ચક્ખાણ.

**દ્વેષથી પચ્ચક્ખાણ**-ન ભાવતી, ન પસંદ વસ્તુના ત્યાગ માટે, અમુકને સંતાપવા, તેજો લેશ્યાદિ અર્થે,... કરાતું પચ્ચ૰ અથવા ક્રોધ રીસ, અભિમાન આદિવાળું પચ્ચક્ખાણ.

**અપ્રત્યાખ્યાન** કષાય મોહના ઉદયે પચ્ચક્ખાણનો ભાવ ન જાગે, અને **વીર્યાન્તરાયના ઉદયે** પચ્ચ૰ પાળવાની શક્તિ ન હોય, એ સંભવિત છે. છતાં "પચ્ચક્ખાણ મોક્ષનું પરમ અંગ છે, અને ભાવથી કે દ્રવ્યસહિત ભાવથી પચ્ચ૰ ધર્મ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મુક્તિ નથી" એવી શ્રદ્ધા રાખવી. આ શ્રદ્ધાય ન હોય તો '**મિથ્યાત્વ મોહનો** પણ ઉદય વર્તતો ગણાય.

● સમકિતી શ્રદ્ધા રાખે એટલું જ નહિ, પણ નીચે જણાવેલા અજ્ઞાન ભર્યા કુતર્ક ન કરે; જેવાં કે : ૧. મનની ધારણાથી ધારી રાખવું. પચ્ચ૰થી શું વિશેષ ? ૨. પચ્ચ૰ લેઈને ય મન કાબૂમાં રહેતું નથી. ૩ લો ! ન ગમ્યું કે ન મળ્યું એટલે પચ્ચ૰ કર્યું. ૪. પચ્ચ૰ લેઈને ન પાળવાથી વ્રતભંગનો મહાદોષ, એ કરતાં વિના નિયમે માત્ર ભાવનાથી પાળવું. ૫. લોક સમક્ષ પચ્ચ૰નો દેખાવ એ આડંબર છે, એ કરતાં ગુપ્ત દાનની જેમ મનથી ધારી પાળેલું બહુ ફલવાળું. ૬. દાનાદિ ચાર ધર્મમાં ભાવ ધર્મ જ શ્રેષ્ઠ છે. ૭. વ્રત નિયમ તો ક્રિયા ધર્મ છે, ક્રિયા તો જ્ઞાનની દાસી છે, માટે જ્ઞાન સ્વરૂપ ભાવના ઉત્તમ છે, વ્રત નહિ. ૮. મરુદેવા, ભરતચક્રી, શ્રેણિક, આદિએ ક્યાં પચ્ચ૰ કર્યાં હતાં ? વગેરે કુતર્કો ન કરવા.

**કારણ કે,**

૧. પચ્ચ૰માં અન્નત્થડણાભોગેણં વગેરે આગારો હોવાથી અજાણતા ભૂલ થાય ત્યાં નિયમ ભાંગતો નથી, જ્યારે મનની ધારણામાં આગાર તો છે નહિ, તેથી ભૂલ થતાં ધારણા ભાંગે છે. આ વિશેષ છે. બીજું એ છે કે, માત્ર મનથી ધારવામાં કોઈ પ્રસંગે મનને એમ થાય કે 'મારે નિયમ ક્યાં છે, લાવ ને ખાઈ લઉં' આ રીતે પડે છે. નિયમવાળાને અંકુશ છે. ત્રીજું એ કે,



પચ્ચ૰ એટલે પાપને નોટિસ સાથે પાપથી છૂટા છેડા (વિરતિ). મનની ધારણામાં તે નથી એટલે પાપ ન આચરવા છતાં અવિરતિ અંગે પાપ લાગે. જેમ ભાગીદારીની પેઢીમાંથી છૂટા થવાની નોટીસ ન આપે, તો નુકસાનીનો ભાગ ભરવો પડે, ભલે પોતે જો તે વેપાર નથી કર્યો તોય.

૨. પચ્ચ૰ લીધાથી કાયા અંકુશમાં આવી, અને ધીમે ધીમે મનને અંકુશમાં આવવાનો અભ્યાસ પડે છે.

૩. ભલે કોકે ન ગમ્યું કે ન મળ્યું એટલે પચ્ચ૰ કર્યું; છતાં એની આશા છોડી, હવે મળે તોય ન લેવી ભોગવવી એવી વૃત્તિ કેળવી, અને 'પાપની વસ્તુ નથી તોય ચાલે છે, તો પછી એનો ત્યાગ ધર્મ કાં ન કરું' આ શુભ ભાવના કરી એવા ઘણા લાભ પચ્ચ૰થી છે.

૪. પચ્ચ૰ વિનાનાને ગુરુ પ્રાયશ્ચિત્ત છે, ભાંગનારને લઘુ પ્રાયશ્ચિત્ત છે.

૫. લોક સમક્ષ લીધેલા પચ્ચ૰નો માથા પર ભાર રહે છે, એથી બરાબર પળે છે; જેમ ૪ થું વ્રત.

૬. પચ્ચ૰થી સાચો ભાવ જન્મે છે. કેમકે પચ્ચ૰ આલંબન છે.

૭. વ્રતનિયમરૂપ ક્રિયાના સતત વ્યવહારમાં ટેવાતા, વિષયોનો રંગ ઓછો થઈ, પરિણતિ અને સંવેદન જ્ઞાન જન્મે છે; નહિ કે વિષયમાં રક્ત રહીને.

૮. ભરત મહારાજાએ પૂર્વે વ્રત સાધ્યા છે. મરુદેવા અપવાદભૂત છે, શ્રેણિક કૃષ્ણને પોતે વ્રત ન પામ્યાનો તીવ્ર બળાપો, અને બીજાના વ્રતને જોઈ અનહદ આનંદ હતો, અને હજી પણ વ્રત લઈને જ કેવળ જ્ઞાન પામી શકશે.

● ● ●

## જીવ વિચાર

**ઉપયોગ ( ચેતના ) લક્ષણો જીવઃ** જીવનું **લક્ષણ** ઉપયોગ=જ્ઞાન કે દર્શનનું સ્ફુરણ. ચેતના=જ્ઞાન, સુખદુઃખાદિનું સંવેદન.

**જીવ**-બે પ્રકારે-

૧. **સંસારી** (સંસરણ ભ્રમણ કરે તે, કર્મવાળા) અને

૨. **મુક્ત**-મોક્ષના (ભ્રમણથી કે કર્મથી રહિત).

**સંસારી**-બે પ્રકારે-

૧. **ત્રસ** (સ્વેચ્છાએ હાલીચાલી શકે) અને;

૨. **સ્થાવર** જીવો (સ્થિર રહે તે).

### સ્થાવર-૫

૧. **પૃથ્વીકાય** - (પૃથ્વી એજ છે કાયા જેની તે જીવ) - રત્નો, પરવાળાં, હિંગળોક, હડતાલ, મણસિલ, પારો, ધાતુઓ, ખડી, પાષાણ, માટી, ખાર, મીઠું, ફટકડી સુરમો, વગેરે.

૨. **અપ્કાય** - ભૂમિનું આકાશનું, ઝાકળ ધૂમસ, હિમ કરા, વનસ્પતિપરનું, હાઈડ્રોજન ઑક્સિજન વાયુના સંયોગથી થતું, ઘનોદધિ (રત્નપ્રભાદિ પૃથ્વીની નીચે અસંખ્ય યોજન સુધી થીજેલું) પાણી.

૩. **તેજસ્કાય**-અંગારા, જ્વાળા, તણખા, ભાઠા-લીંડી વગેરેનો અગ્નિ (મુર્મુર), આકાશમાંથી ખરતો રેખારૂપ અગ્નિ (ઉલ્કા), ચકમક વજ્ર વગેરેનો અગ્નિ (અશનિ), ખરતા તારા જેવા અગ્નિના કણ (કનક), વિજળી, દીવાની ઉજેહી વગેરે.

૪. **વાયુકાય**=ઉદ્‌ભ્રામક (તૃણાદિને ઊંચે ભમાવે તે), સંવર્તક વાયુ, ઉત્કાલિક વાયુ, (રહી રહીને વાય અને ધૂળમાં રેખા કરે તે), મંડલિક (પાંદડાં વગેરેને ગોળ ભમાવે તે) મહાવાયુ, શુદ્ધવાયુ, ગુંજવાયુ, ઘનવાત, તનવાત.

૫. **વનસ્પતિકાય**-બે પ્રકારે. ૧. **સાધારણ,** ૨. **પ્રત્યેક.**

**૧. સાધારણ**- જે એક શરીરમાં અનંત જીવ છે, એ શરીરને નિગોદ કહે છે. જે વનસ્પતિમાં નસો, સંધિ અને પર્વ ગુપ્ત હોય, ભાંગવાથી સરખા ભાગ થાય, છેદવાથી તંતુ ન જણાય. ગમે તે છેલ્લો ટુકડો વાવવાથી ફરી ઉગે તે અનંતકાય, ઉગતી વખતે અંતર્મુહૂર્ત સુધી સર્વકિસલય પાંચે રંગની ફુગ, સેવાળ,



ભૂમિકંદ, અવ્યક્ત અવયવવાળા અંકુર, કૂણાપાંદડા-ફળ, બિલાડીના ટોપ, લીલી હળદર, આદુ, કચુરો, પાલખું, થોર, કુંવર પાઠું, ગુગળ, ગળો, કુણી આંબલી, બટાટા લસણ, ડુંગળી, શકરીયાં, મૂળા વગેરે અનંતકાય.

**૨. પ્રત્યેક**-જે એક શરીરમાં એક જીવ તે ઉપર કહ્યાથી ઊલટા લક્ષણવાળા, મૂળ, કંદ, સ્કંધ, ડાળી, પાંદડાં, ફૂલ, ફળ, બીજ, કાષ્ઠ, છાલ, ગુચ્છ (કપાસ, વગેરે), ગુલ્મ, (મોગરો વગેરે ફુલઝાડ), લતા-ચંપકાદિ પુષ્પોના વેલા. વલ્લિ-કોળા વગેરેના વેલા ઇત્યાદિ.

આ પ્રત્યેક સિવાયના પાંચેય સ્થાવરોના અસંખ્ય શરીરો ભેગા મળે ત્યારે જ ચક્ષુથી જોઈ શકાય. પ્રત્યેક વન૦ સિવાય પૃથ્વીકાયાદિ પાંચ સૂક્ષ્મ જીવો પણ છે તે ચૌદ રાજલોક વ્યાપી છે, બીજાથી એ અછેદ્ય, અભેદ્ય, અદાહ્ય, અપ્રતિઘાત્ય છે. મેરુ જેવાને પણ અણુએ અણુએ અનુવિદ્ધ છે.

### ત્રસ ૪

**દ્વીન્દ્રિય**- અક્ષ, શંખ, કોડા, કરમીયા, જળો, અળસીયાં, ચુડેલ, વાશીમાં થતા લાળીયા જીવ, કાષ્ઠના ઘુણ (મહેર) યોનિમાં થતા કૃમિ પોરા વગેરે.

**ત્રીન્દ્રિય**- કાનખજૂરા, માંકણ, કેશ-વાળ જૂ, કીડી, ઉધેઈ, ઈયળ, ઘીમેલ, સવા, શ્વાનાદિના શરીરે થતા ગીંગોડા, ગધેયા, વિષ્ટાના કીડા, ધનેરા, ઇંદ્રગોપ વગેરે.

**ચતુરિન્દ્રિય**- વીંછી, બગાઈ, ભ્રમર, તીડ, માખ, ડાંસ, મચ્છર કંસારી, કરોળીયા, ખડમાંકડી, વગેરે.

**પંચેન્દ્રિય**- ૪. નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવ.

• **નારકી ૭** પ્રકારે-૧. રત્નપ્રભા પૃથ્વીમાં ધમ્મા; ૨. શર્કરાપ્રભામાં વંશા; ૩. વાલુકાપ્રભામાં શેલા; ૪. પંકપ્રભામાં અંજણા; ૫. ધૂમપ્રભામાં રિષ્ટા; ૬. તમઃપ્રભામાં મઘા; અને ૭. મહાતમઃપ્રભામાં માઘવતી.

• **તિર્યંચ** ૩ પ્રકારે-**જલચર, સ્થલચર** (૧. ઉરપરિસર્પ-સાપ, ૨. **ભૂજપરિસર્પ**- ગીરોલી અને ૩. **ચતુષ્પદ**-ગાય), અને **ખેચર** (**૧. રૂંવાટાની** પાંખવાળા હંસ કાગડા, ૨. **ચામડાની** પાંખવાળા-ચામાચીડીયા; અથવા મનુષ્યલોકની બહાર ૧. બીડેલ પાંખવાળા અને ૨. વિસ્તારેલ પાંખવાળા.

• **મનુષ્ય** ૩ પ્રકારે-**૧૫ કર્મભૂમિના** (૫ ભરત, ૫ ઐરવત, ૫ મહાવિદેહ. જ્યાં ખેતી વેપારાદિ કર્મ છે, અથવા જ્યાં મોક્ષ સાધવાનું કર્મ અનુષ્ઠાન છે તે)

૩૦ **અકર્મભૂમિના** (યુગલિક-હૈમવંત, હરિવર્ષ, રમ્યક્ દેવકુરુ, ઉત્તરકુરુ

દરેક ૫-૫), **૫૬ અંતરદ્વીપના (સમુદ્રમાં** હિમવંત અને શિખરી પર્વતની બંને બાજુની ૧૬ દાઢાની દરેક ઉપર ૭-૭ ક્ષેત્ર-યુગલિક)

● **દેવ** ૪ પ્રકારે-૧૦ ભવનપતિ, ૮ વ્યંતર, ૫ જ્યોતિષ, ૨ વૈમાનિક.

**મુક્ત (સિદ્ધ)જીવો**-મુક્તિમાં સ્વરૂપે એક સરખા છતાં સિદ્ધિ પામતી વખતની સ્થિતિના હિસાબે.

● **૧૫ પ્રકારે- સિદ્ધ ૧. જિનસિદ્ધ** (તીર્થંકરો) ૨. **અજિનસિદ્ધ** (સામાન્ય કેવલી) ૩. **તીર્થ**૰ તીર્થ પ્રવર્ત્યા પછી સિદ્ધ. ગણધરાદિ. ૪. **અતીર્થ**૰ (તીર્થ પ્રવર્ત્યા પહેલાં સિદ્ધ-મરુદેવા માતા, અથવા તીર્થવિચ્છેદ પછી જાતિ સ્મરણાદિથી સિદ્ધ થાય તે) ૫. **ગૃહિલિંગ**૰ (ગૃહસ્થના વેષમાં કેવળ પામી...) ૬. **અન્યલિંગ**૰ (મિત્યાત્વી તાપસાદિના વેષે જાતિસ્મરણથી, વલ્કલચીરી) **સ્વલિંગ** (સાધુ વેષે) ૮-૧૦ સ્ત્રી-પુરુષ-નપુંસક લિંગ (સ્ત્રી-પુરુષ અને નપુંસકપણે), ૧૧. **પ્રત્યેક બુદ્ધ**૰ (કાંઈક વસ્તુ ઉપરથી વૈરાગ પામી જાતે જ ચારિત્ર લઈ-કરકંડુ, ૧૨. **સ્વયંબુદ્ધ**૰ (ગુરુના ઉપદેશ વિના સ્વયં વિરક્ત), કપિલ. ૧૩. **બુદ્ધબોધિત** ગુરુના ઉપદેશથી), ૧૪. **એક**૰ (એક સમયમાં એક-વીર પ્રભુ), ૧૫. **અનેકસિદ્ધ** (ઋષભદેવ સ્વામી.)

## સંસારી જીવોના ૫૬૩ ભેદ

**નારક**- ૭x૨ પર્યાપ્તા-અપર્યાપ્તા=**૧૪.**

**તિર્યંચ**- પંચેદ્રિ તિ૰ ૨૦-અપંચેંદ્રિ તિ૰ ૨૮=૪૮ (જલચર, સ્થલચર, ખેચર એ ૫x૨ ગર્ભજ-સંમૂછિમ x ૨ પર્યાપ્ત અપર્યા૰=૨૦, પ્રત્યેક વન૰ સિવાય ૫ સ્થાવર એ સૂક્ષ્મ-બાદર=૧૦ + બાદર પ્રત્યેક૰ ૧ એ ૧૧ અને ૩ વિકલેંદ્રિય એ ૧૪x૨ પર્યા૰ અપર્યા૰=૨૮)

**મનુષ્ય**-અપર્યા૰ સંમૂ૰ ૧૦૧+પર્યા૰ગર્ભજ ૧૦૧+અપર્યા૰ગર્ભજ ૧૦૧=૩૦૩ (૧૫ કર્મભૂ૰+૩૦ અકર્મભૂ+૫૬ અંતર્દીપ૰=૧૦૧.)

**દેવ**-અપર્યા૰-પર્યા૰ ૨x૯૯=**૧૯૮.** (૧૦ ભવનપતિ+ ૧૫ પરમાધામી+૮ વ્યંતર+૮ વાણવ્યંતર+૧૦ તિર્યગ્જૃંભકદેવ+૧૦ ચર અચર જ્યોતિષી+૩ કિલ્બિષીયા+ ૧૨ કલ્પોપન્ન + ૯ લોકાન્તિક + ૯ ગ્રૈવેયક+૫ અનુત્તર-૯૯.)

**૧૦ ભવનપતિ**-અસુરકુમાર નાગ૰ વિદ્યુત૰ સુવર્ણ૰ અગ્નિ૰, દ્વીપ૰, ઉદધિ૰, દિક્૰, પવન૰, સ્તનિત (મેઘ) કુમાર.

**૧૫ પરમાધામી** (અસુરનિકાયમાં) અંબ, અંબરીષ, શ્યામ, શબલ, રુદ્ર, ઉપરુદ્ર, કાળ, મહાકાળ, અસિપત્ર, વન, કુંભી, વાલુકા, વૈતરણી, ખરસ્વર, મહાઘોષ.



**૮ વ્યંતર**-પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિંનર, કિંપુરુષ, મહોરગ, ગંધર્વ.

**૮ વાણવ્યંતર**-અણપન્ની, પણપન્ની, ઋષિવાદી, ભૂતવાદી, કંદિત, મહાકંદિત, કોહંડ, પતંગ.

**૧૦ તિર્યગ્જૃંભકવ્યંતરો**-તીર્થંકરાદિવિશિષ્ટ પુણ્યશાળી જીવોને ધનધાન્યાદિ આપનાર. અન્નજૃંભક, પાન૰, વસ્ત્ર૰, લેણ (ઘર)૰ પુષ્પ૰, ફલ૰, પુષ્પફલ૰, શયન૰, વિદ્યા૰, અવિયત્તજૃંભક.

**જ્યોતિષ્ક** ૧૦-ચંદ્ર, સૂર્ય, ગ્રહ નક્ષત્ર, તારા, એ ૫ ચર, ૫ સ્થિર.

હવે **વૈમાનિક-૩ કિલ્બિષિયા** (ભંગી જેવા હલકા દેવ)-

૧. પહેલા બીજા દેવલોક નીચે. ૨ ત્રીજા દેવલોક નીચે, ૩. છટ્ઠા દેવલોક નીચે.

**૯ લોકાન્તિક**-(પાંચમા દેવલોક) સારસ્વત, આદિત્ય, વૃદ્ધિ, અરુણ, ગંદેતોય, તુષિત અવ્યાબાધ, મરુત, અરિષ્ટ.

**૧૨ કલ્પોપપન્ન**-સુધર્મ દેવલોક, ઈશાન૰, સનત્કુમાર૰ માહેન્દ્ર૰, બ્રહ્મ૰, લાંતક૰ શુક્ર૰, સહસ્રાર૰, આનત૰, પ્રાણત૰, આરણ૰, અચ્યુત૰.

**૯ ગ્રૈવેયક**-હિટ્ઠિમ, મજ્ઝિમ, ઉવરિમ; દરેક પાછા હિટ્ઠિમ૰ મ૰ ઉ૰ એમ ત્રણ ત્રણ પ્રકારે.

**૫. અનુત્તર**-વિજય, વૈજયંત, જયંત, અપરાજિત, સર્વાર્દ્ધસિદ્ધ-વિમાનના.

દેવનિકાયમાં ૧૦ પ્રકારના દેવ : ૧. ઇંદ્ર, ૨ સામાનિક (ઇંદ્ર નહિ પણ ઇંદ્ર સરખી ઋદ્ધિવાળા,-વડીલ જેવા), ૩. ત્રાયસ્ત્રિંશ (મન્ત્રી પુરોહિતસ્થાને), ૪. પારિષદ્ય (મિત્ર જેવા), ૫. આત્મરક્ષક (શરીરરક્ષક), ૬. લોકપાલ (કોટવાળ જાસૂસ), ૭. અનીક (સૈનિક), ૮. પ્રકીર્ણ (પ્રજા જેવા), ૯. આભિયોગિક (નોકર), ૧૦ કિલ્બિષ (ભંગી), ગ્રૈવે૰ અનુ૰ સિવાય ભવનપતિ-વૈમાનિકમાં આ દશે પ્રકારના, વ્યંતર-જ્યોતિષીમાં ૩જા ૬ઠા વિના ૮ પ્રકારે.

### જીવોની અવગાહના

| | |
|---|---|
| પ્રત્યેક વનસ્પતિ | ૧૦૦૦ યોજન |
| બેઇન્દ્રિય | ૧૨ યોજન |
| તેઇન્દ્રિય | ૩ ગાઉ |
| ચઉરિન્દ્રિય | ૧ યોજન |
| ૧૦૦૦ યોજન ઊંડા પાણીમાં કમળનો નાળ, મનુષ્ય-લોકની બહાર શંખ કાનખજૂરા ભ્રમર વગેરે આ માપે હોય છે. | |

શરીરનું માપ (ઉત્કૃષ્ટ)

| નારકી | | શરીર | દેવ | શરીર |
|---|---|---|---|---|
| | ધનુષ | આંગળ | ભવન૦, વ્યં૦,જ્યો૦ | ૭ હાથ |
| ૧. | ૭ાા | -૬ | વૈમાનિક ૧-૨ દેવલોક | ૭ હાથ |
| ૨. | ૧૫ાા | -૧૨ | ૩--૪ દેવલોક | ૬ હાથ |
| ૩. | ૩૧ા | ધનુષ્ય | ૫--૬ દેવલોક | ૫ હાથ |
| ૪. | ૬૨ાા | ધનુષ્ય | ૭--૮ દેવલોક | ૪ હાથ |
| ૫. | ૧૨૫ | ધનુષ્ય | ૯-૧૨ દેવલોક | ૩ હાથ |
| ૬. | ૨૫૦ | ધનુષ્ય | ગ્રૈવે૦... | ૨ હાથ |
| ૭. | ૫૦૦ | ધનુષ્ય | અનુ૦... | ૧ હાથ |

| તિર્યંચ૦ પંચેન્દ્રિય | ગર્ભજ શરીર | સંમૂર્છિમ શરીર |
|---|---|---|
| જલચર | ૧૦૦૦ યોજન | ૧૦૦૦ યોજન |
| ઉરપરિ૦ | ૧૦૦૦ યોજન | ૨ થી ૯ યોજન |
| ભુજપરિ૦ | ૨ થી ૯ ગાઉ | ૨ થી ૯ ધનુષ્ય |
| ચોપગાં | ૬ ગાઉ | ૨ થી ૯ ગાઉ |
| ખેચર | ૨ થી ૯ ધનુ | ૨ થી ૯ ધનુષ્ય |

ઉત્કૃષ્ટ શરીર-માપવાળા મત્સ્ય સ્વયંભૂરમણ સમુદ્રમાં, સર્પગીરોલી પક્ષી વગેરે મનુષ્ય લોકની બહાર દ્વીપોમાં, હાથી દેવકુરુ ઉત્તરકુરુમાં હોય છે.

## મનુષ્ય ગર્ભજ

| અવસર્પિણી | ઉત્સર્પિણી | કર્મભૂમિને અકર્મભૂમિ | શરીર | આયુ |
|---|---|---|---|---|
| આરો | આરો | કર્મભૂમિ તથા | ૩ ગાઉ | ૩ પલ્યોપમ |
| ૧ | ૬ | દેવકુરુ ઉત્તરકુરુ | | |
| ૨ | ૫ | હરિવર્ષ રમ્યક્ | ૨ ગાઉ | ૨ પલ્યોપમ |
| ૩ | ૪ | હૈમવંત ઐરણ્યવંત | ૧ ગાઉ | ૧ પલ્યોપમ |
| ૪ | ૩ | મહાવિદેહ | ૫૦૦ ધનુષ્ય | ક્રોડપૂર્વ |
| | | ભરત ઐરાવત | | |
| ૫ | ૨ | ભરત ઐરાવત | ૭ હાથ | ૧૩૦ વર્ષ |
| ૬ | ૧ | ભરત ઐરાવત | ૧ હાથ | ૨૦ વર્ષ |



- પ્રત્યેક વન૦ સિવાય **પાંચે સ્થાવરો** (સૂક્ષ્મ કે બાદર)નું સંમૂર્છિમ મનુષ્યોનું,..... અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલું ઉત્કૃષ્ટ શરીરમાન.
- દેવનારકી સિવાય બીજાનું જઘન્ય શરીરમાન પણ તેટલું.

● **સૂક્ષ્મ** નિગોદ-વાયુ-તેજ-અપ્-પૃથ્વી-**બાદર** વાયુ-અગ્નિ-અપ્-પૃથ્વી-નિગોદનું ઉત્તરોત્તર અસંખ્યાતગુણ શરીરમાન; છતાં અંગુલનો અસંખ્યાતમો ભાગ.

## ઉત્તર વૈક્રિય શરીર

| નારકને | દેવને | મનુષ્ય | તિર્યંચ |
|---|---|---|---|
| મૂળથી બમણું | ૧ લાખ જોજન | ૧ લાખ યોજનથી અધિક | ૯૦૦ યોજન |

| જીવ | આયુષ્ય ઉત્કૃષ્ટ |
|---|---|
| પૃથ્વીકાય | ૨૨૦૦૦ વર્ષ |
| અપ્કાય | ૭૦૦ વર્ષ |
| તેઉકાય | ૩ અહોરાત્ર |
| વાઉકાય | ૩૦૦૦ વર્ષ |
| પ્રત્યેક વનસ્પતિકાય | ૧૦૦૦૦ વર્ષ |
| સાધારણ વન૦, સૂક્ષ્મ થાવર, સંમૂર્છિમ મનુષ્ય | અંતમુહૂર્ત |
| બેઇન્દ્રિય | ૧૨ વર્ષ |
| તેઇન્દ્રિય | ૪૯ દિન |
| ચઉરિન્દ્રિય | ૬ માસ |
| ઉપરના સર્વ અને તિર્યંચ૦ મનુ૦ | જઘન્યથી અંતર્મુહૂર્ત |

## સ્થિતિ = આયુષ્ય (ઉત્કૃષ્ટ)

| પંચેન્દ્રિય તિર્યંચ | ગર્ભજનું આયુષ્ય | સંમૂર્છિમનું આયુષ્ય |
|---|---|---|
| જલચર | ક્રોડ પૂર્વ વર્ષ | ક્રોડ પૂર્વ વર્ષ |
| ઉરપરિસર્પ | ક્રોડ પૂર્વ વર્ષ | ૫૩૦૦૦ વર્ષ |
| ભુજપરિસર્પ | ક્રોડ પૂર્વ વર્ષ | ૪૨૦૦૦ વર્ષ |
| ચતુષ્પદ | ૩ પલ્યોપમ | ૮૪૦૦૦ વર્ષ |
| ખેચર | પલ્યોપમનો અસં૦મો ભાગ | ૭૨૦૦૦ વર્ષ |

| સર્વ આરામાં | આયુષ્ય પ્રાયઃ | પૃથ્વીકાય | આયુષ્ય |
|---|---|---|---|
| • હાથી વગેરેનું | મનુષ્ય જેટલું | સુંવાળી | વર્ષ હજાર |
| • ઘોડા વગેરેનું | મનુષ્યથી ૧/૪ ભાગે | શુદ્ધ કુમારમૃત્તિકા | ૧૨ હજાર |
| • ગાય, પાડા | મનુષ્યથી ૧/૫ ભાગે | રેતી | ૧૪ હજાર |
| • ગધેડાં, ઊંટ | | મણસિલ | ૧૬ હજાર |
| • બકરાં આદિ | મનુષ્યથી ૧/૮ ભાગે | પત્થરના કાંકરા | ૧૮ હજાર |
| • કૂતરાં આદિ | મનુષ્યથી ૧/૧૦ ભાગે | (ખર) કઠન પૃથ્વી | ૨૨ હજાર |

| દેવ | આયુષ્ય | દેવીનું | નારકી | આયુષ્ય |
|---|---|---|---|---|
| ભવનપતિ | ૧ સાગરોપમથી | ૪ાા પલ્યો૰ | ૧ | ૧ સાગરોપમ |
| અસુર૰ | અધિક | | ૨ | ૩ સાગરોપમ |
| બાકી ૯ | ૨ પલ્યો૰માં ન્યૂન | ૧ પલ્યો૰માં ન્યૂન | ૩ | ૭ સાગરોપમ |
| નિકાય | | | ૪ | ૧૦ સાગરોપમ |
| વ્યંતર | ૧ પલ્યો૰ | ૦ાા પલ્યો૰ | ૫ | ૧૭ સાગરોપમ |
| જ્યોતિષિ ચંદ્ર | ૧ પલ્યો૰+૧ લાખ વર્ષ | ૦ાા પલ્યો૰+૫૦૦૦૦વર્ષ | ૬ | ૨૨ સાગરોપમ |
| સૂર્ય | ૧ પલ્યો૰+૧૦૦૦ વર્ષ | ૧/૨ પલ્યો૰+૫૦૦ વર્ષ | ૭ | ૩૩ સાગરોપમ |
| ગ્રહ | ૧ પલ્યોપમ | સાધિક ૧/૪ પલ્યો૰ | દેવ } | જઘન્ય |
| નક્ષત્ર | ૧/૨ પલ્યોપમ | ૧/૪ પલ્યો૰ | નારકી | ૧૦૦૦૦ વર્ષ |
| તારા | ૧/૪ પલ્યોપમ | સાધિક ૧/૮ પલ્યો૰ | | |

| વૈમાનિક દેવલોક | આયુષ્ય | અનુત્તર આજુ-બાજુ ૪ વિમાનમાં | જઘન્ય ૩૧ સા૰ ઉત્કૃષ્ટ ૩૩ સા૰ |
|---|---|---|---|
| ૧ | ૨ સાગરો૰ | સવાર્થ સિદ્ધ | જઘન્ય ઉત્કૃષ્ટ |
| ૨ | ૨ સા૰+કંઈક અધિક | | ૩૩ સાગરોપમ |
| ૩ | ૭ સાગરો૰ | **દેવી** | **આયુ૰** |
| ૪ | ૨ સા૰+કંઈક અધિક | ૧ લા દેવલોકે | |
| ૫ | ૧૦ સાગરો૰ | પરિગૃહિતા | ૭ પલ્યોપમ |
| ૬ | ૧૪ સાગરો૰ | અપરિગૃહિતા | ૫૦ પલ્યોપમ |
| ૭ | ૧૭ સાગરો૰ | ૨ જા દેવલોકે | |
| ૮ થી ૧૨ | ક્રમે ૧૮ થી ૨૨ સા૰ | પરિગૃહિતા | ૯ પલ્યોપમ |
| ૯ ગૈવેયક | ક્રમે ૨૩ થી ૩૧ સા૰ | અપરિગૃહિતા | ૫૫ પલ્યોપમ |



**કાયસ્થિતિ** - મરીને ફરી એવીને એવી જ કાયામાં ઉત્પન્ન થયા કરવું, જુદી કાયમાં ગયા વિના, તે ઉત્કૃષ્ટ ક્યાં સુધી બને-

**અનંતકાયને** અનંત કાળચક્ર, **પૃથ્વીકાયાદિને** અસંખ્યાત કાળચક્ર, **વિકલેન્દ્રિયને** સંખ્યાત વર્ષો અને તિર્યંચ મનુષ્યને ૭-૮ ભવ. **દેવનારકી મરીને તુર્ત દેવ કે નારકી ન જ થાય.**

**માપ** - શરીરનું **ઉત્સેધઅંગુલ** માપે=ચાલુ માપે. ૮ આઠજવ=૧ અંગુલ, ૨૪ અંગુલ=૧ હાથ, ૪ હાથ=૧ ધનુષ્ય, ૨૦૦૦ ધનુષ્ય=૧ ગાઉ, ૪ ગાઉ=૧ યોજન. આયુષ્યકાળનું માપ-વર્ષ વગેરે ચાલુ પ્રમાણે.

**અંતર્મુહૂર્ત=**મુહૂર્ત (બેઘડી)ની અંદરનો કાળ.

**૧ પૂર્વ**=૮૪ લાખ પૂર્વાંગ=૮૪ લાખ×૮૪ વર્ષ=૭૦ લાખ ૫૬ હજાર ક્રોડ વર્ષ.

**૧ સાગરોપમ**=૧૦ કોટા કોટિ પલ્યોપમ. અહીં પલ્યોપમ સૂક્ષ્મ અદ્ધાપલ્યો૰ લેવો.

તે **પલ્યોપમ=**યુગલિઆના એક એક વાળના અસંખ્ય ટૂકડાથી અતિગાઢ ઠાંસેલ ચાર ગાઉ લાંબા પહોળા ઊંડાકૂવામાંથી સો સો વર્ષે એકેક ટૂકડો કાઢતા કૂવાને સંપૂર્ણ ખાલી થતા જેટલા વર્ષો લાગે તેટલો.

**પ્રાણ-** ૧. ભાવ પ્રાણ જ્ઞાન વગેરે દરેક સિદ્ધ કે સંસારી જીવને હોય.

૨. દ્રવ્યપ્રાણ ૧૦ પ્રકારે ૫ ઇંદ્રિય + ૩ મનવચન કાયાનું બલ+શ્વાસોશ્વાસ+ આયુષ્ય,

એકેંદ્રિયને ૧ સ્પર્શન ઇંદ્રિય+૧ કાયબલ + શ્વાસો + આયુ=૪ પ્રાણ. વિકલેંદ્રિયને વચનબલ અને એકેક ઇંદ્રિય વધવાથી ક્રમસર ૬-૭-૮ પ્રાણ. અસંજ્ઞિ પંચે૰ને શ્રોત્ર ઇંદ્રિય વધે એટલે ૯, અને મનબલ વધવાથી સંજ્ઞિ પંચે૰ને ૧૦ પ્રાણ.

ઇંદ્રિયોનો ક્રમ શરીર (એટલે સ્પર્શન ઇન્દ્રિય)થી ઊંચે જતાં જીભ, નાક, આંખ, અને નાક એ રીતે વૃદ્ધિ. પ્રાણનો વિયોગ એ મરણ.

**યોનિ**-એટલે જીવ જે પુદ્ગલના સમૂહમાં આવી શરીર ઉત્પન્ન કરે છે તે. સમાન વર્ણ ગંધ રસ સ્પર્શ આકારવાળા ઉત્પત્તિ સ્થાનોની એક યોનિ ગણાય. પૃથ્વીકાય વગેરે ચારને ૭-૭ લાખ યોનિઓ. પ્રત્યેક વન૰ ને **૧૦** લાખ, સાધારણ વન૰ અને મનુ૰ને **૧૪-૧૪** લાખ, વિકલેન્દ્રિયને **૨-૨** લાખ, પંચેંદ્રિતિર્યંચ, દેવ અને નારકીને ૪-૪ લાખ યોનિ હોય છે. કુલ્લે **૮૪ લાખ જીવયોનિમાં જીવ ધર્મવિના અનંતવાર જન્મ્યો.**

**સિદ્ધના જીવો**ને શરીર, આયુઃકર્મ, કાયસ્થિતિ, દ્રવ્યપ્રાણ કે યોનિ એ પાંચે

દ્વારમાંથી એકેય નથી. સર્વથા કર્મમળરહિત શુદ્ધ ચિદ (જ્ઞાન), આનંદ સ્વરૂપમાં સાદિ (મોક્ષ પામ્યાના પ્રારંભથી) અનંત કાળ મસ્ત રહે છે. ત્યાંથી કદીય પડવાનું નથી.

## જીવના વિવિધ પ્રકાર

**૨ પ્રકારે :** સિદ્ધ-અસિદ્ધ; જ્ઞાની-દર્શની; અશરીરી-શરીરી. તેવી રીતે જ્ઞાની, સમકિતી, ચારિત્રી, કષાયી, યોગી, વેદી, આહારી, લેશ્યાવાળા, ઇન્દ્રિયવાળા, રૂપી, સાકાર, અને એથી વિપરીત્ અજ્ઞાની વગેરે.

**સંસારી જીવો ૨ પ્રકારે :** ત્રસ-સ્થાવર, પર્યાપ્ત-અપર્યાપ્ત, સંજ્ઞી-અસંજ્ઞી, ઔદારિક-વૈક્રિય

**૩ પ્રકારે :** સ્ત્રી-પુરુષ-નપુંસક; મન-વચન-કાયયોગી; સમ્યગ્-મિથ્યાત્વ-મિશ્રદૃષ્ટિ; સંયત-અસંયત-સંયતાસંયત; સંજ્ઞી-અસંજ્ઞી-નોસંજ્ઞિ નોઅસંજ્ઞી; સંમૂર્છિમ-ગર્ભ-ઉપપાત જન્મવાળા.

**૪ પ્રકારે :** ૪ ગતિવાળા; ૩ વેદ અને અવેદવાળા.

**૫ પ્રકારે :** એકેન્દ્રિય વગેરે પાંચ; ઔદારિક-વૈક્રિય-આહાર-તેજસ-કાર્મણ શરીરવાળા; ૪ કષાયો અને અકષાયી;

**૬ પ્રકારે :** પૃથ્વીકાયાદિ ૫ અને ત્રસકાય.

**૭ પ્રકારે :** નારકી + $\frac{\text{તિર્યંચ}}{\text{તિર્યંચી}}$ + $\frac{\text{માનવ}}{\text{માનવી}}$ + $\frac{\text{દેવ}}{\text{દેવી}}$

એકેન્દ્રિ૰ **સૂક્ષ્મ-બાદર** ૨+૩ વિકલેં૰+સંજ્ઞી-અસંજ્ઞી

૫ સ્થાવર કાય+ ઔદા૰પંચેન્દ્રિય+ વૈક્રિ૰પંચે.

**૮ પ્રકારે**-એકેન્દ્રિયથી ચતુરિ૰૪+નારકી તિર્યંચઆદિ ૪; ૫ જ્ઞાની+૩ અજ્ઞાની; પ્રથમ સમયવાળા ૪ ગતિના+અપ્રથમ૰૪ ગતિના,

**૯ પ્રકારે**-૫ સ્થાવર+૪ બેઇન્દ્રિયાદિ;

**૨૪ પ્રકારે**-૧ નારકી +૧૦ ભવનપતિ+૫ સ્થાવર+૩ વિકલેં૰+૧ તિર્યંચ+૧ મનુ૰+૩ વ્યં૰ જ્યો૰ વૈમા૰ ઇત્યાદિ અનેક રીતે અનેક પ્રકારો બને.

● વર્તમાનમાં અનેક જાતના મોટા મત્સ્ય વગેરેની અને હાડપિંજરોની શોધના હિસાબે સ્વયંભૂ૰ વગેરે સમુદ્રો અને દ્વિપોમાં ઉત્કૃષ્ટ અવગાહનાવાળા શરીર હોઈ શકે છે.-પાણીના એક બિંદુમાં પોરા વગેરે હજારો જીવો હોય છે તે તો જુદા ત્રસ જીવો, પરંતુ પાણી ખુદ એકેન્દ્રિય-જીવનું શરીર છે; તેમ પૃથ્વી વગેરે-ઇલેક્ટ્રીકના



ગોળામાં રાજકુમાર જેવા અગ્નિને સૂક્ષ્મ વાયુ મળી શકે છે તેથી તે સચિત્ત ગણાય. બહારના દીવાને પણ મધ્યમ વાયુ જ ચાલે છે, વધુ પડતો વાયુ તો એનેય બુઝાવી દે છે.

● શાસ્ત્રે વાયુને અપ્કાયની યોનિ કહી છે જે સૂચવે છે કે વર્તમાનની બે ભાગમાં હાઇડ્રોજન અને ૧ ભાગ ઑક્સિજનના મિશ્રણથી થતા પાણીની શોધ નવી નથી.

● **પૃથ્વી વગેરેમાં જીવ હોવાની સાબિતી**-મૂર્છિત મનુષ્યની જેમ સ્થાવરો સચેતન છે, કેમકે મનુષ્ય શરીરની જેમ એ (૧) કાળે કાળે વધે છે (૨) છેદન ભેદનને યોગ્ય છે (૩) છેદાયેલા સ્થાને ફરી પેદા થાય છે, (૪) નિયત પુદ્ગલોના સ્કંધ હોવાથી પ્રથમતઃ જીવથી ગૃહિત છે. આ ઉપરાંત

● **પૃથ્વી**-પત્થર માટી વગેરેને હરસમસા જેવા સમાન અંકૂર થાય છે.

● **જલ**-(૧) ઈંડાના પાણી જેવું પ્રવાહી સચેતન છે, (૨) ભૂમિ ખોદતાં દેડકાની જેમ એ પ્રગટ થાય છે, (૩) દ્રવ્યોના વિકારથી ઉત્પન્ન થતા કીડાની જેમ વાદળાના વિકારથી ઉત્પન્ન થાય છે, (૪) શિયાળામાં પણ માનવ શરીરની જેમ કૂવાનું પાણી ઉષ્ણ લાગે છે (૫) દૂધ, મૂત્ર વગેરેની જેમ જીવ પ્રયોગ વિના સિદ્ધ ન થાય.

● **અગ્નિ**-(૧) ખજવો જેમ જીવ શક્તિ યોગે પ્રકાશે છે તેમ અંગારા દીવા વગેરે. (૨) શરીરની જેમ ગરમ છે, (૩) આહારાદિથી શરીર વધે તેમ એ વધે છે, (૪) જીવવા વાયુ જોઈએ છે.

● **વાયુ**-કોઈની પ્રેરણા વિના તિર્છો અને અનિયમિત ગતિ વાળો છે.

● **વનસ્પતિ**- **(૧)** શરીરની જેમ બાળ, તરુણ, વૃદ્ધ અવસ્થાઓવાળી હોય છે, **(૨)** રોગી થાય છે; એમ વિશિષ્ટ રસાયનોથી કાંતિ વધે છે. **(૩)** કમળ વગેરેમાં નિદ્રા અને જાગ્રતિ દેખાય છે. **(૪)** કેશ નખની જેમ પાન વગેરે ફરી આવે છે. **(૫)** પશુની જેમ આખી છાલ ઉતારવાથી મરી જાય છે, **(૬)** ક્રોધ વગેરે અનેક સંજ્ઞાઓ દેખાય છે, **૧.** કોકનદનું મૂળ પગ લાગ્યાથી હુંકાર કરે છે તે ક્રોધ. **૨.** 'હું છતાં લોક દુઃખી કેમ ?' એ રુદંતી વેલનું માન. **૩.** વેલા પોતાના ફળોને ઢાંકી દે એ માયા **૪.** ધોળા આકડા પોતાના મૂળ નીચે નિધાનને રાખે એ લોભ. **૫.** આહાર સંજ્ઞા પ્રસિદ્ધ છે. **૬.** હાથના સ્પર્શે લજામણી સંકોચાય એ ભય કે લજ્જા, (૭) યુવતીના પાની પ્રહારે બકુલ વિકસે એ કામ.

# નવતત્ત્વ

**સમ્મં ચ મોક્ખબીયં, તં પુણ ભૂયત્થસદ્દહણરૂવં ।**
**પસમાઈ લિંગગમ્મં, સુહાય પરિણામ રૂવં તુ ॥**

સમ્યક્ત્વ એ મોક્ષનું બીજ છે કેમકે, 'સમ્યગદર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ મોક્ષનો ઉપાય સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર છે; ત્યાં સમ્યગ્દર્શન= સમ્યકત્વ રૂપ બીજ હોય તોજ પછીનાં બે પ્રાપ્ત થઈ મોક્ષ ફલ નીપજે.

સમ્યક્ત્વ એ કાર્યરૂપે સદ્ભૂત (યથાર્થ) પદાર્થની શ્રદ્ધા સ્વરૂપ છે; જ્યારે મુખ્યતાએ એ આત્માનો એક શુભ પરિણામ છે; તે શુભ પરિણામ પ્રશમ આદિ પાંચ ચિહ્ન (લક્ષણ)થી જાણી શકાય છે.

૧. **પ્રશમ**=અનંતાનુબંધિ કષાયનો અનુદય; અથવા વિષય તૃષ્ણા અને ક્રોધની ચળની શાંતિ (ઉપશમ), ૨. **સંવેગ**=મોક્ષની અભિલાષા. ૩ **નિર્વેદ**=સંસાર પર વૈરાગ્ય. ૪ **અનુકંપા**=દુઃખીની દ્રવ્ય-ભાવ દયા. ૫ **આસ્તિક્ય**=આત્મા છે, કર્મ છે, વગેરે તત્વની શ્રદ્ધા.

**સંવેગો મોક્ખમઈ, નિવ્વેઓ ભવવિરત્તયા હોઈ ।**
**દુત્થિયવિસયાઉ દયા, અત્થિક્કં તત્ત વિસયંતિ ॥**

**સમ્યક્ત્વ**-૧ પ્રકારે-તત્ત્વરુચિ. ૨ પ્રકારે-નિસર્ગ (સહજ) અધિગમ (ઉપદેશાદિ નિમિત્તથી). ૩ પ્રકારે-ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક, અથવા **કારક** (સમ્યક્ત્વની ક્રિયા કરે), **રોચક** (શ્રદ્ધા માત્ર), અને **દીપક** (પોતે મિથ્યાદૃષ્ટિ છતાં બીજાને સમકિત પમાડે).

**જીવાઈ નવ પયત્થે, જો જાણઈ તરસ હોઈ સમ્મત્તં;**
**ભાવેણ સદ્દહંતો, અયાણમાણેડવિ સમ્મત્તં.**

'અયાણમાણે' એટલે નવ પદાર્થોનું વિસ્તારથી જ્ઞાન ન છતાં ભાવથી શ્રદ્ધા કરનારને સમ્યક્ત્વ હોય. એ નવ પદાર્થ એટલે નવતત્ત્વ.

**તત્ત્વ**=જ્ઞેય, હેય, કિંવા ઉપાદેય એવો યથાર્થ, અકલ્પિત, પ્રામાણિક (પ્રમાણસિદ્ધ) પદાર્થ. એવાં કુલ તત્ત્વ નવ છે. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ.

જૈન-દર્શનમાં તત્ત્વોની વ્યાખ્યા **(અનુયોગ)** ના ચાર વિભાગ છે.

૧. **ચરણકરણાનુયોગ**માં મોક્ષના ઉપાયભૂત ચારિત્ર (વિરતિ), શુભ ક્રિયાઓ, શુભ ભાવના વગેરેનું વર્ણન આવે જેમ કે આચારાંગ ઓઘનિર્યુકિત વગેરેમાં.



૨. **ગણિતાનુયોગ**માં દ્રવ્યોની સંખ્યા, અલ્પબહુત્વ, કાયસ્થિતિ, ભાંગા વગેરેનું વર્ણન આવે જેમ કે સૂર્યપ્રજ્ઞપ્તિ આદિમાં.

૩. **ધર્મકથાનુયોગ**માં મહાપુરુષોના જીવનો, એમના ઉત્તમકૃત્યો, ધાર્મિક વ્યવહાર અને વિચારણા, ગુણપ્રાપ્તિ, દોષત્યાગ વગેરેનું વર્ણન આવે જેમકે જ્ઞાતાધર્મકથા વગેરે.

૪. **દ્રવ્યાનુયોગ**માં દ્રવ્યો, ગુણ-પર્યાયો, ઉત્પત્તિ-સ્થિતિ-વિનાશ, લક્ષણો સાધક યુક્તિઓ વગેરેનું વર્ણન હોય જેમ કે સૂત્રકૃતાંગ વગેરે.

નવતત્ત્વના વિવેચનમાં ચારે અનુયોગ સમાય છે. પહેલો અનુયોગ હેય એવા આશ્રવ તત્ત્વ અને ઉપાદેય એવા સંવર નિર્જરા તત્ત્વમાં, બીજો કાલાદિ તત્ત્વોના ગણિતમાં, ત્રીજો સિદ્ધ થનારના ચરિત્રરૂપે મોક્ષતત્ત્વમાં, અને ચોથો જીવ વગેરે તત્ત્વોમાં.

**નવતત્ત્વનો શબ્દાર્થ :** ત્રિકાળમાં જે જીવે છે-ચેતના ધારણ કરે છે તે **જીવ** જીવથી વિપરીત તે **અજીવ,** શુભવિપાકવાળું કર્મ તે **પુણ્ય,** એથી વિપરીત તે **પાપ.** જેનાથી આત્મામાં કર્મજળ વહી આવે તે **આશ્રવ** (કર્મબંધના હેતુ). જેથી આશ્રવદ્વારો ઢંકાય બંધ થાય તે **સંવર.** આત્મા પરથી કર્મનો અંશે ક્ષય તે **નિર્જરા.** આત્મા સાથે એકમેક મળી જતા કર્મના સ્વભાવ, રસ વગેરેનું નક્કી થવું તે **બંધ.** સર્વ કર્મનો ક્ષય તે **મોક્ષ.** અહીં પુણ્ય નિર્જરાના સાધનને પણ ઉપચારથી પુણ્ય નિર્જરા કહે છે.

**તત્ત્વનો સંક્ષેપ :** જો કે જીવ-અજીવમાં બાકીના સાત તત્ત્વો સમાઈ જાય છે, જેમ કે સંવર, નિર્જરા અને મોક્ષ એ જીવના પરિણામરૂપ હોવાથી **જીવ** રૂપ છે. તેમજ પુણ્ય વગેરે ચાર એ **અજીવ** સ્વરૂપ છે; છતાં જે તત્ત્વોની શ્રદ્ધા મોક્ષનું બીજ છે તેના ૯ પ્રકાર પડે છે. તેમાં જીવ અજીવ-એ બે જ્ઞેય તત્ત્વ; પુણ્ય સંવર, નિર્જરા અને મોક્ષ એ **ઉપાદેય** તત્ત્વ; અને પાપ, આશ્રવ તથા બંધ એ **હેય** તત્ત્વો છે. એની તે રીતે પરિણતિ શ્રદ્ધા કરવાથી સમ્યગ્દર્શન થાય છે. અહીં જીવ પુદ્ગલ સિવાય અજીવ, સંવર, નિર્જરા, અને મોક્ષ એ અરૂપી છે, અને અજીવ (પુદ્ગલ માત્ર) પુણ્ય, પાપ, આશ્રવ અને બંધ એ રૂપી છે. એમાં આશ્રવ જો ભાવથી આત્માના કષાયાદિ પરિણામરૂપ લેવાય તો અરૂપી ગણાય. સોનાની બેડી સરખું પુણ્ય તત્ત્વ પણ નિશ્ચયથી હેય છતાં સંવર આદિમાં સહાયક હોવાથી ઉપાદેય કહ્યું. જેમ કે મનુષ્ય આયુ-શરીર વગેરે પુણ્યકર્મથી મળે તો મોક્ષ માર્ગની આરાધના થાય. જો કે પહેલા બેય તત્ત્વને જ જ્ઞેય કહ્યા, છતાં પછીના ૭ તત્ત્વો જીવ કે

અજીવરૂપે જ્ઞેય તો છે જ; તેવી રીતે જીવ કે અજીવ એ પછીના તત્ત્વોરૂપે **હેય** કે **ઉપાદેય** છે જ; પરંતુ અહીં દરેક તત્ત્વની પોતાની મુખ્યતાએ જ્ઞેય-હેય-ઉપાદેય વિભાગ કર્યાં છે.

**દરેક તત્ત્વના ભેદ :** જીવ-૧૪, અજીવ-૧૪, પુણ્ય-૪૨, પાપ-૮૨, આશ્રવ-૪૨, સંવર-૫૭, નિર્જરા-૧૨, બંધ-૪, અને મોક્ષ-૯ પ્રકારે છે.

**જીવતત્ત્વઃ પ્રકાર :** ચેતના, સકર્મ અકર્મ, વેદ, ગતિ, ઇન્દ્રિય, કાય, વગેરે વિવિધ દૃષ્ટિએ જીવના અનેક રીતે પ્રકારો પડે, એ પૂર્વે જીવવિચારમાં વર્ણવ્યું છે. અહીં જીવના ૧૪ ભેદ લીધા છે.

૨ એકેંદ્રિય સૂક્ષ્મ અને બાદર, ૩ વિકલેંદ્રિય, ૨ પંચેંદ્રિય સંજ્ઞી અને અસંજ્ઞી-એ ૭ પર્યાપ્ત+૭ અપર્યાપ્તા=૧૪ પ્રકારના જીવ (સંસારી).

**સૂક્ષ્મ**=સૂક્ષ્મનામકર્મના ઉદયવાળા જીવો, જેમના શરીર અસંખ્યાતા પણ ભેગા થાય તોય ઇન્દ્રિયથી જાણી શકાય નહિ, તેમજ જે છેદન, ભેદન, દહનને યોગ્ય ન હોય. આથી વિપરીત તે બાદરનામકર્મના ઉદયવાળા બાદર.

**સંજ્ઞી**=મનવાળા. પર્યાપ્તા=પોતાના યોગ્ય પર્યાપ્તિ પૂરી કરીને મરે તે.

**જીવનાં લક્ષણઃ**-જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય, ઉપયોગ એ જીવનાં લક્ષણ છે. ત્યાં જીવ એ લક્ષ્ય કહેવાય. માત્ર સર્વ લક્ષ્યમાં રહેનાર ધર્મને લક્ષણ કહેવાય. અલક્ષ્યમાં નજ રહે. અને દરેક લક્ષ્યમાં રહે તેજ તે લક્ષ્યનું લક્ષણ બની શકે. જ્ઞાન વગેરે તેવાં છે; કોઈ પણ અજીવ (જડ)માં તે નથી રહેતાં, અને દરેક જીવમાં રહે છે.

**જ્ઞાન**=વસ્તુનો વિશેષ બોધ. **દર્શન**=સામાન્ય બોધ. મૂર્છિત મનુષ્યની જેમ સ્થાવરોને પણ અવ્યક્ત જ્ઞાન દર્શન છે. **ચારિત્ર**=આત્મગુણમાં વિચરવું, **તપ**=ઇચ્છાનો નિરોધ-આ બે મોહનીયના ઉદયથી રોકાય છે, તો પણ જીવ માત્રને અતિ અલ્પ અંશે આ ગુણ ઉઘાડો હોય છે; કેમકે કર્મથી કદાપિ આત્માના સર્વ પર્યાય હણાતા નથી નહિતર તો જીવ મટીને અજીવ થઈ જાય. **વીર્ય**=આત્મશક્તિ. **ઉપયોગ**=જ્ઞાન કે દર્શનનું સ્ફુરણ. ઉપર જ્ઞાન, દર્શન ગણ્યાં, તે લબ્ધિ (શક્તિ) રૂપે સમજવાં; જ્યારે ઉપયોગ એ પ્રવૃત્તિરૂપે હોય.

**પર્યાપ્તિ**-એટલે (૧) આહાર ગ્રહણાદિને યોગ્ય એવી, પુદ્ગલોપચયના પરિણમનથી, આત્મામાં ઉત્પન્ન થયેલી શક્તિ; અથવા (૨) પરિણત થયેલ તે પુદ્ગલો; અથવા (૩) શરીરાદિ યોગ્ય દળીયા લેવા પરિણમાવવા વગેરેની તાકાત



પેદા થવાના કરણની સમાપ્તિ.

**પર્યાપ્તિ ૬:-** આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોશ્વાસ, ભાષા અને મન. જીવ ભવાંતરમાં જે પુદ્ગલ સમૂહમાં જઈ પડે છે, ત્યાં પ્રથમ સમયે તેજસ કાર્મણ શરીરથી ત્યાંનાજ પુદ્ગલ ઓજાહારરૂપે લઈ ખલરસરૂપે પરિણમાવે છે. પછી શરીર ઇન્દ્રિય વગેરે બનવા યોગ્ય ક્રિયા થાય છે, આને માટે જરૂરી તે તે પર્યાપ્તિઓ ત્યાં પૂરી કરે છે. (ખલ=મળ, રસ=શરીરમાંની ૭ ધાતુ.) છએ પર્યાપ્તિનો **પ્રારંભ** પ્રથમ સમયે જ થાય છે, **કેમકે** છને યોગ્ય દલિકનું ગ્રહણ પ્રથમ સમયે થઈ જાય છે. પરંતુ સમાપ્તિ ઝીણા ઝીણા સુતરની જેમ ક્રમસર થાય છે. આહાર પર્યાપ્તિ એક સમયમાં, શરીર પર્યાપ્તિ અંતર્મુહૂર્તમાં, અને તે પછી બાકીની ચાર ઔદારિક શરીરમાં અંતર્મુ૦ અંતર્મુહૂર્તે, તથા વૈક્રિય શરીરમાં સમય સમયના અંતરે પૂરી થાય.

**કોને કેટલી પર્યાપ્તિ ? :** એકેન્દ્રિયને શ્વાસોશ્વાસ સુધીની ૪, વિકલેંદ્રિય અને અસંજ્ઞિ પંચેદ્રિયને ભાષા સાથે ૫, અને સંજ્ઞિને મન સાથે ૬ પર્યાપ્તિ હોય છે. જે જે જીવ અપર્યાપ્તનામકર્મના ઉદયે પોતપોતાને યોગ્ય પર્યાપ્તિ પૂરી ન કરી શકે અને મરી જાય એ **લબ્ધિઅપર્યાપ્તા** કહેવાય; અને જે પર્યાપ્તનામકર્મના ઉદયે નક્કી પૂરી કરવાના છે પણ હજી પૂરી કરી નથી ત્યાં સુધી **કરણ-અપર્યાપ્ત** કહેવાય. દેવતાનારકી કરણ અપર્યાપ્તા હોય, પણ લબ્ધિ અપર્યાપ્તા નહિ. લબ્ધિ અપર્યાપ્તાને પણ પહેલી ત્રણ પર્યાપ્તિ તો થાય જ; કેમકે ઇન્દ્રિય પર્યાપ્તિની સમાપ્તિ વિના પરભવનું આયુષ્ય ન બંધાય.

**૧૦ પ્રાણ**-૫ ઇન્દ્રિય+૩ મન વચન કાયબલ+૧ શ્વાસોચ્છ્વાસ+૧ આયુષ્ય. એકેંદ્રિયને ૧ સ્પર્શન ઇંદ્રિય + ૧ કાયબલ+૧ શ્વાસો૦+૧ આયુ=૪ પ્રાણ. પછી બે ઇન્દ્રિય વગેરેને ૧ વચનબલ સાથે એકેક ઇન્દ્રિય વધવાથી ૬-૭ ૮-૯ (અસંજ્ઞિ પંચે૦ને), અને સંજ્ઞિ પંચેંદ્રિયને મન બલ વધવાથી ૧૦ પ્રાણ હોય છે.

દરેક ઇન્દ્રિય ૨ પ્રકારે-૧ દ્રવ્યેંદ્રિય, ૨ ભાવેંદ્રિય. **દ્રવ્યેંદ્રિયના ૨ ભેદ**-૧, નિર્વૃત્તિ, ૨ ઉપકરણ. નિર્વૃત્તિ (રચના, આકાર) ૨ ભેદે-૧, બાહ્ય જૂદી જૂદી જાતની, અને ૨ આભ્યન્તર શ્રોત્રાદિક્રમથી કદંબપુષ્પ-મસૂર-અતિમુક્ત પુષ્પ-અસ્ત્રો અને અનિયત આકાર વાળી, અને અંગુલના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ જાડાઈવાળી છે. આ અંદરની નિર્વૃત્તિમાં રહેલી સ્વ-સ્વ વિષય ગ્રહણમાં ઉપકારક જે શક્તિ છે તેને ઉપકરણ ઇંદ્રિય કહે છે. ભાવેન્દ્રિય ૨ ભેદે-૧. લબ્ધિ (જ્ઞાનાવરણના ક્ષયોપશમથી આત્મામાં જન્મેલી શક્તિ) અને ૨. ઉપયોગ=ચેતનાનો વ્યાપાર જેનાથી તે તે બોધ

થાય. એકેંદ્રિયાદિ વિભાગ દ્રવ્યેન્દ્રિયના હિસાબે છે. બાકી તો પાંચે ભાવેન્દ્રિય વૃક્ષાદિમાં પણ હોય છે.

**૩ બલ**-બાળકને પોતાના બળે ચાલવાનું હોવા છતાં જેમ લાકડાની ઘોડીના આલંબને ચાલી શકે છે, તેમ પુદ્ગલ સ્વરૂપ મન વચન અને કાયાના અવલંબને આત્મા મનન, ભાષણ કે પ્રવૃત્તિ કરી શકે છે. એ કરવાનું સામર્થ્ય તે યોગ.

ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, અને કાર્મણને યોગ્ય તે તે વર્ગણાઓ (પુદ્ગલ સ્કંધો)ની જેમ ભાષા, શ્વાસોશ્વાસ અને મનને યોગ્ય તે તે વર્ગણાઓ પર્યાપ્તિ બલે કાયયોગથી જીવ ગ્રહણ કરી અનુક્રમે વચન-કાય-મનયોગથી પરિણમાવી વિસર્જે છે. આમ જીવ ઉપયોગી ૮ વર્ગણાઓ છે.

**૧૫ યોગ-૪** મનના+૪ વચનના+૭ કાયાના.

સત્ય, અસત્ય, મિશ્ર (કેટલુંક સાચું કેટલુંક જૂઠું), વ્યવહાર (સાચુંય નહિ અને જૂઠુંય નહિ, જેમકે 'ઘડો-લાવ)-આ ચાર મનના અને વચનના.

**કાયા-શરીર ૫ પ્રકારે**-ઔદારિક, વૈક્રિય, આહારક, તેજસ, અને કાર્મણ. આમાં પછી પછીનું શરીર વધુ વધુ સૂક્ષ્મ પુદ્ગલોનું બનેલું હોય છે. જન્મથી દેવ નારકને વૈક્રિય શરીર, બાકી બધા સંસારી જીવોને ઔદારિક શરીર. વૈક્રિય લબ્ધિવાળા ચારે પ્રકારના સંજ્ઞી પંચેન્દ્રિય જીવો તથા વાઉકાય બીજું વૈક્રિય શરીર વિકુર્વી શકે. ચૌદ પૂર્વી મુનિ આહારક લબ્ધિથી આહારક શરીર વિકુર્વી શકે. અનાદિકાળથી સદા તેજસ કાર્મણ શરીર દરેક સંસારી જીવને હોય. તેજસ શરીરથી આહારનું પચન, શીત તેજો લેશ્યા થાય. આત્મા સાથે લાગેલ કર્મનો જથો તે કાર્મણ શરીર. નિગોદના જીવોનું અનંતાનું એક ઔદારિક શરીર, પણ એ દરેક જીવનું કાર્મણ શરીર જૂદૂં જૂદૂં. ભવાન્તરમાં જતી વખતે તેજસ કાર્મણ શરીર સાથે જ હોય.

જીવ ઉત્પત્તિના પહેલા સમયે કાર્મણ શરીરથી આહાર લે; પછી પર્યાપ્તિ પૂરી ન થાય ત્યાં સુધી કાર્મણ સાથે ઔદારિક કે વૈક્રિય મિશ્ર કાયયોગથી અને પર્યાપ્તિ પૂર્ણ થયા બાદ શુદ્ધ, ઔદા૰ કે વૈ૰ કાયયોગથી પ્રવૃત્તિ કરે. આહારક શરીરમાં પણ તેવી રીતે ઔદારિક સાથે આહારક મિશ્ર કાયયોગ અને શુદ્ધ આહારક કાયયોગ, આમ **કાયયોગ ૭ પ્રકારે**-ઔદા૰, વૈ૰, આહા૰, એ દરેકના મિશ્ર-૩ અને કાર્મણ કાયયોગ.

સ્પર્શન ઇન્દ્રિયનો બાહ્ય નિર્વૃત્તિ ભેદ નથી, એટલે આભ્ય૰ નિ૰ સ્પર્શનેંદ્રિય છે.

**આયુષ્ય-૧ અપર્વતવીય** જેમ ધીમે ધીમે બળતું છુટું ઘાસ ભેગું થઈ જાય



તો તૂર્ત એક સાથે બળી જાય તેમ નિમિત્ત (ઉપક્રમ)ને લઈને જે આયુષ્યના બાકીના દળીયાં એક સામટા ભોગવાઈ જાય તે; તેથી આયુષ્યના કુલ દળીયાં ભોગવાયા પણ ભોગવવાનો કાળ ટૂંકો થયો.

**૨. અનપવર્તનીય**-કાળ જરાય ટૂંકો ન થાય પરંતુ તે આયુષ્યનો અંત બે રીતે ૧. સોપક્રમ, (ગજસુકુમાલાદિને), ૨. નિરૂપક્રમ-કુદરતી મૃત્યુવાળો.

નારક, દેવ, અને અસંખ્યાતવર્ષાયુવાળા મનુ૰તિર્યંચ, છેલ્લા છ માસ બાકી રહે પરભવનું આયુષ્ય બાંધે. બાકીના નિરૂપક્રમ આયુવાળી વર્તમાન આયુષ્યનો ત્રીજો ભાગ બાકી રહે ત્યારે. અને સોપક્રમી જીવો ૩-૯-૨૭-૮૧ મો ભાગ બાકી રહે, યાવત્ છેવટે અંતર્મુહૂર્ત બાકી રહે ત્યારે પરભવાયું બાંધે.

• • •

## જીવોનાં સ્થાન

**સૂક્ષ્મ એકેન્દ્રિય**-સર્વ લોકમાં.

**બાદર પૃથ્વીકાય**-રત્નપ્રભાદિ પૃથ્વીઓ અને નરકાવાસા, પાતાલકલશા, ભવનો, પર્વતો, જગતી વેદિકા, વિમાનો, કૃષ્ણરાજી, તથા દ્વીપો સમુદ્રોમાં.

**બાદર અપ્કાય**-ઘનોદધિ, સમુદ્રો, દ્રહો, નદીઓ, કૂવા વગેરે ભવનો અને વિમાનની વાવડીઓ, તમસ્કાય, પાતાલકલશાની અંદર, ધૂમસ વર્ષા વગેરે.

**બાદર અગ્નિકાય**-યુગલિક ક્ષેત્રો સિવાય મનુષ્યલોક (અઢીદ્વીપ).

**બાદર વાયુકાય**-ઘનવાત, તનવાત, પાતાલકલશામાં, ભવનો, વિમાનો વગેરેમાં જ્યાં પોલાણ હોય ત્યાં.

**બાદર વનસ્પતિકાય**-તિર્છાલોકમાં, ભવનો-વિમાનોના બગીચાઓમાં.

**વિકલેંદ્રિયો અને પંચેન્દ્રિયતિર્યંચ**-તિર્છાલોકમાં ઊંચે મેરુ શિખર સુધી અને નીચે અધોગ્રામ સુધી.

**મનુષ્ય**- અઢી દ્વીપમાં. **દેવ**-ત્રણે લોકમાં. **નારક**-અધોલોકમાં. જીવો નિગોદમાં અનંતાનંત છે બાકી અસંખ્યાત છે.

• • •

# અજીવ તત્ત્વ

**૫ ભેદ**-ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, કાળ, અસ્તિ=પ્રદેશ, કાય=સમૂહ, કાળ ગમે ત્યારે પણ પિંડિત કે અપિંડિત વર્તમાન એક સમયરૂપજ મલે, માટે કાલાસ્તિકાય નહિ.

**૧૪. પેટાભેદ**-ધર્મા૰ વગેરે ચારેના સ્કંધ, દેશ અને પ્રદેશ એમ ૩-૩ ભેદ કરતાં ૧૨ અને પુદ્ગલમાં પરમાણુનો ૧ ભેદ વધુ. તથા કાળનો ૧ ભેદ એમ કુલ ૧૪ ભેદ અજીવના,

**સ્કંધ**=આખું દ્રવ્ય. **દેશ**=દ્રવ્યનો એક ભાગ. **પ્રદેશ**=દ્રવ્યનો નિર્વિભાજ્ય અંશ. (દેશ પ્રદેશ દ્રવ્યમાં જ સંલગ્ન હોય) **પરમાણુ**=છૂટું નિર્વિભાજ્ય (અણુ) દ્રવ્ય.

**સ્વરૂપ**-ધર્મા૰ અધર્મા૰ આકાશ જગતમાં એકેકજ છે. પુદ્ગલ સ્કંધો અને પરમાણુઓ અનંતાનંત છે.

માછલીને ચાલવામાં પાણી, કે પક્ષીને ઊડવામાં હવાની જેમ **ધર્મા૰** એ ગતિમાં પ્રવૃત્ત થયેલ જીવ પુદ્ગલને ગમનમાં સહાયક છે; માટે જ લોકાન્ત સુધી જ ગતિ થાય છે.

**અધર્મા૰** મુસાફરને ઝાડ કે વહાણને દ્વીપ જેમ સ્થિતિ(સ્થિરતા)માં ઉપકારી છે.

**આકાશ**નો ગુણ અવગાહ (અવકાશ) આપવાનો છે. જેટલા આકાશ ભાગમાં ધર્મા૰ અધર્મા૰ એ બે દ્રવ્ય સંપૂર્ણ વ્યાપ્ત છે અને જીવો તથા પુદ્ગલો ગતિ સ્થિતિ કરે છે તેટલો **લોકાકાશ** કહેવાય બાકી અલોક. દરેક જીવ, ધર્મા૰, અધર્મા૰ અને લોકાકાશ એ એક સરખા અસંખ્ય પ્રદેશવાળા છે. લોકાકાશ એ ઊંધા મૂકેલા મોટા કોડીયા પર નાનું કોડીયાનું સંપુટ જે આકારે થાય તે આકારે છે.

ધર્મા૰ અધર્મા૰ એ બે દ્રવ્ય ન હોય તો અનંત આકાશમાં જીવ કે પુદ્ગલની ગતિ કે સ્થિતિનો ક્યાંય નિયમ ન રહે.

પુરણ ગલન સ્વભાવવાળું તે **પુદ્ગલ**. એના પરમાણુ, દ્વયણુક(દ્વિપ્રાદેશિક)... યાવત્ અનંત પ્રાદેશિક સ્કંધો હોય છે. અનંત પ્રાદેશિક જીવોપયોગી પુદ્ગલ સ્કંધો **(વર્ગણાઓ)**ના આઠ વિભાગ-ઔદારિક-વૈક્રિય-આહારક-તેજસ-ભાષા-શ્વાસોચ્છ્વાસ-મન અને કાર્મણ વર્ગણા, (ઔદારિક શરીર વગેરે બનાવવા યોગ્ય પુદ્ગલો.) જીવને શરીર, ભાષા, પ્રાણ મન, સુખ દુઃખ, જીવન, મરણ એ પુદ્ગલના પ્રભાવે છે પુદ્ગલનો ઉપકાર છે.

વર્ણ, રસ, ગંધ અને સ્પર્શ એ પુદ્ગલ માત્રના સામાન્ય ગુણો છે; જ્યારે શબ્દ, અંધકાર, પ્રકાશ, પ્રભા, છાયા, પ્રતિબિંબ તડકો વગેરે પુદ્ગલના વિશેષ



**પર્યાયો** છે. શબ્દ પુદ્ગલ ન હોત તો કાનના પડદાને મોટો શબ્દ ઉપઘાત ન કરત તેમ છાયા ફોટામાં ન પકડાત.

**વર્ણ** ૫ કૃષ્ણ, નીલ, રક્ત, પીત, શુકલ. **રસ** ૫-કડવો, તીખો, કષાયલો, ખાટો, મીઠો. **ગંધ** ૨-સુગંધ, દુર્ગંધ. **સ્પર્શ** ૮-શીત-ઉષ્ણ, સ્નિગ્ધ-રુક્ષ (લુખો), ગુરુ-લઘુ, મૃદુ કર્કશ. પરમાણુમાં વર્ણ, ગંધ, રસ એકેક હોય અને સ્પર્શ બે હોય. શીત ઉષ્ણમાંથી એક અને સ્નિગ્ધ-રુક્ષમાંથી એક કોક સ્થાને લઘુ અને મૃદુ પણ માન્યા છે. પાછળની ભાષા, શ્વાસોચ્છવાસ મન અને કાર્મણ એ ચાર વર્ગણાને શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રુક્ષ, એ ચાર જ હોય, એથી એ ચઉસ્પર્શી ગણાય, જ્યારે પ્રથમની ચાર વર્ગણાઓ અષ્ટસ્પર્શી છે.

કૃષ્ણ વગેરે ગુણોમાં તરતમતા હોય છે, જેમકે કોઈ એક ગુણ કૃષ્ણ દ્વિગુણ કૃષ્ણ... યાવત્ કોઈ અનંત ગુણ કૃષ્ણ.

**કાળ**-નવાને જૂનું કરે છે. વર્તના, પરિણામ, ક્રિયા અને પરાપરત્વ એ કાળનો ઉપકાર છે. **વર્તના**=સર્વ પદાર્થોનું તે તે સમયે ઉત્પત્ત્યાદિ રૂપે હોવું તે. **પરિણામ**=બાળ યુવાન વગેરે ભિન્ન ભિન્ન અવસ્થા. **ક્રિયા**=પરિણામનું રૂપાન્તર; તે ત્રણ રીતે થાય (૧) પ્રયોગ ઉત્પાદ-પ્રયત્નથી સાધ્ય, (૨) વિસ્રસા ઉત્પાદ-કુદરતી નિર્માણ, જેમ ઈન્દ્ર-ધનુષનું, (૩) મિશ્ર ઉત્પાદ, જેમ ઘડાદિનો. **પરત્વ**=મોટાપણું, જૂનાપણું. **અપરત્વ**-નાનાપણું, નવાપણું.

**'किमिदं भंते ! कालो त्ति पवुच्चइ ! गोयमा ! जीवा चेव अजीवा चेव'** એ સૂત્રના અનુસારે કાળ એ સ્વતંત્ર દ્રવ્ય નથી કિંતુ જીવ અજીવનાં વર્તનાદિ પર્યાયરૂપ છે. પર્યાય પણ કથંચિત દ્રવ્યથી અભિન્ન હોવાના હિસાબે કાળને દ્રવ્ય કહી શકાય, પણ સ્વતંત્ર દ્રવ્ય નહિ; એથી દ્રવ્યો કુલ પાંચ જીવ ધર્મા૰ વગેરે - એમ કેટલાક કહે છે.

બીજા કહે છે **'गोयमा ! छ दव्वा पन्नत्ता तं जहा-धम्म॰ अद्धासमए य'** એ વચનથી કાળ એ પણ એક સ્વતંત્ર દ્રવ્ય છે, જેના સમય, આવલિકા વગેરે વિશેષો છે. વિશેષો કોઈ સામાન્યમાં અનુવિદ્ધજ હોય. ઋતુઓના વિભાગ, ગર્ભાદિની નિયમિતતા વગેરે પણ કાળને આભારી છે. એ કાળ દ્રવ્ય મનુષ્યક્ષેત્ર-વ્યાપી છે. લાગે છે કે વ્યવહારનયથી કાળ દ્રવ્યરૂપ, ને નિશ્ચયથી ઉપર કહ્યું તેમ વર્તનાદિ પર્યાય સ્વરૂપ છે.

**કાળનું માપ**-સૌથી જઘન્ય 'સમય' છે. અત્યંત જીર્ણ વસ્ત્ર ફાડતાં એક તન્તુ પછી બીજો ફાટવામાં એવા અસંખ્યાત સમય લાગે. **અસંખ્ય સમય=૧ આવલિકા,**

૨૫૬ આવલિકા=૧ **ક્ષુલ્લક ભવ.** ૧૭ાા (૧૭-૧૩૯૫/૩૭૭૩) ક્ષુલ્લક ભવ=૧ શ્વાસોચ્છ્વાસ (હૃષ્ટપુષ્ટ યુવાનનો ૧ **પ્રાણ.**) ૭ પ્રાણ=૧ સ્તોક. ૭ સ્તોક=૧ લવ, ૭૭ લવ=૧ **મુહૂર્ત,** ૧ **મુહૂર્ત**=૪૮ મિનિટ=૨ ઘડી=૩૭૭૩ પ્રાણ=૬૫૫૩૬ ક્ષુલ્લક ભવ=૧,૬૭,૭૭,૨૧૬ આવલિકા. ૯ સમયથી મુહૂર્ત પૂરું ન થાય ત્યાં સુધી **અંતર્મુહૂર્ત,** ૩૦ મૂહૂર્ત=૧ દિવસ (અહોરાત્રિ) ૧૫ દિવસ=૧ પક્ષ. ૨ પક્ષ= માસ. ૨ માસ=૧ ઋતુ. ૩ ઋતુ=૧ અયન (દક્ષિણાયન ઉત્તરાયણ) ૨ અયન=૧ વર્ષ.

૮૪ લાખ વર્ષ=૧ પૂર્વાંગ, ૮૪ લાખ પૂર્વાંગ=૧ પૂર્વ (૭૦૫૬૦ અબજ વર્ષ ૭૦૫૬ ક્રોડ વર્ષ). લૌકિકશાસ્ત્રમાં **કૃતયુગ** ૧૭ લાખ ૨૮ હજાર વર્ષનો, **ત્રેતાયુગ** ૧૨ લાખ ૯૬ હજાર, **દ્વાપરયુગ** ૮ લાખ ૬૪ હજાર અને **કલિયુગ** ૪ લાખ ૩૨ હજાર વર્ષનો માન્યો છે. ચારે યુગના કુલ ૪૩ લાખ ૨૦ હજાર વર્ષ થાય.

અસંખ્યાત વર્ષ=૧ પલ્યોપમ. ૧૦ કોટાકોટિ પલ્યો૦=૧ સાગરોપમ. ૧૦ કોટાકોટિ સાગરોપમ=૧ ઉત્સર્પિણી=૧ અવસર્પિણી. ૧ અવસર્પિણીમાં ૬ આરા-ક્રમસર ૪ કોટાકોટિ પલ્યો૦+૩+૨+કંઈક ન્યૂન ૧ કોટા૦ પલ્યો૦+૨૧૦૦૦ વર્ષ+૨૧૦૦૦ વર્ષ, આથી ઊલટા ૬ આરા ઉત્સ૦માં. ૧ ઉત્સ૦+૧ અવસ૦=કાળચક્ર અનંતાકાળ૦= ૧ પુદ્ગલ-પરાવર્ત.

● **પલ્યોપમ**-૧ જોજન લાંબો પહોળો ઊંડો કૂવો, એને જન્મે ૭ દિવસના યુગલિઆના એકેક વાળના અસંખ્ય ટુકડાથી એવો ખીચ ભર્યો કે ઉપર થઈને ચક્રવર્તીની આખી સેના ચાલી જાય છતાં બરાબર નક્કર રહે, એમાંથી સો સો વર્ષે એકેક ટૂકડો કાઢતાં સંપૂર્ણ કૂવો ખાલી થવાનો કાળ એ **સૂક્ષ્મ અદ્ધાપલ્યોપમ.** આયુષ્યની **ગણતરી** આનાથી થાય છે, માટે બીજા પાંચ પ્રકારના પલ્યોપમ અહીં નથી બતાવ્યા.

● **પુદ્ગલ પરાવર્ત**-૧ દ્રવ્ય, ૨ ક્ષેત્ર, ૩ કાળ, ૪ ભાવ.

પૂર્વે કહેલી આહારક વર્ગણા સિવાયની ઔદારિકાદિ સાતે વર્ગણા રૂપે જગતના સર્વ પુદ્ગલોને જીવ ગ્રહણ કરી મૂકે એમાં જે કાળ જાય તે **બાદર દ્રવ્યપુદ્**૦, ત્યાં ક્રમશઃ ઔદારિક રૂપે લઈને મૂકતા જે કાળ લાગે તે **સૂક્ષ્મપુદ્**૦.

ચૌદે રાજલોકના સર્વ આકાશ પ્રદેશને ક્રમવિના અને ક્રમસર **મરણે** કરીને એક જીવને સ્પર્શતા લાગતો કાળ તે **બાદર-સૂક્ષ્મ ક્ષેત્રપુદ્**૦, સમ્યક્ત્વ પામ્યા પછી મોક્ષે જતાં ઉત્કૃષ્ટ કાળ લાગે તે આ સૂક્ષ્મ ક્ષેત્ર પુદ્૦નો દેશોન અર્દ્ધ ભાગ. ધ્યાનમાં રાખવાનું છે કે એક અંગુલ માત્ર આકાશ ક્ષેત્રના પ્રદેશો સંખ્યામાં અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણીના સમય જેટલા થાય. કાળચક્રના સર્વ સમયોને ક્રમવિના કે



ક્રમશઃ મરણથી સ્પર્શી રહેવામાં બાદર સૂક્ષ્મ **કાલપુદ્**૦ કાળ જાય. સર્વ રસબંધના અધ્યવસાય સ્થાનકને મરણે સ્પર્શી રહેવામાં **ભાવપુદ્ગલ પરાવર્ત**.

● છ એ દ્રવ્યોમાં કોણ કોણ, "૧ પરિણામિ, ૨ જીવ, ૩ મુત્તં, ૪ સપએસા, ૫ એક, ૬ ખિત્ત, ૭ કિરિયા યા ૮ નિચ્ચં, ૯ કારણ. ૧૦ કત્તા, ૧૧ સવ્વગય ઈયર, ૧૨ અપ્પવેસે." છે કે નથી એનો વિચારઃ-

**પરિણામી=**ગતિ વગેરે પરિણામ (અન્યધર્મ, અન્ય અવસ્થા)ને પામે તે. જીવ અને પુદ્ગલ પરિણામી છે, બાકી ચાર દ્રવ્યો અપરિણામી, **જીવ પરિણામ**ના **૧૦ પ્રકાર :** દેવાદિગતિ, ઈંદ્રિય, કષાય, લેશ્યા, યોગ, ઉપયોગ, જ્ઞાનદર્શન, ચારિત્ર અને વેદ. **અજીવપરિણામના ૧૦ પ્રકાર :** ગતિ, આકૃતિ, બંધન, (જોડાવું), ભેદ (વિખરાવું), અગુરુલઘુ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, શબ્દ.

● **જીવ**-જીવ દ્રવ્ય જીવ છે, બાકી પાંચ અજીવ.

● **મૂર્ત**=રૂપી. પુદ્ગલ મૂર્ત છે, બાકી પાંચ અમૂર્ત,

● **સપ્રદેશ=**પ્રદેશવાળા પાંચ દ્રવ્ય છે; માત્ર કાળ અપ્રદેશી છે.

● **એક** : ધર્મા૦ અધર્મા૦ આકાશા૦ એ એકેક છે, બાકી અનેક (અનંત)

● **ખિત્ત**-આકાશ એ ક્ષેત્ર (આધાર) છે, બાકી પાંચ ક્ષેત્રી (રહેલાં) છે.

● **સક્રિય**-(ગત્યાદિક્રિયાવાળા) જીવ અને પુદ્ગલ. બાકી ૪ અક્રિય.

● **નિત્ય**-સદા એક અવસ્થામાં રહેનાર-ધર્મા૦ આદિ ૪. બાકી જીવ-પુદ્ગલ અનિત્ય. એજ જીવ મનુષ્ય મટી દેવ થાય છે, એજ મેરુ આદિ શાશ્વત પદાર્થમાં પણ પુદ્ગલો બદલાય છે. કાળમાં એવું પરાવર્તન નથી માટે નિત્ય.

**કારણ** = જે બીજા વિજાતીય દ્રવ્યને ઉપકારક છે તે. એવાં ધર્મા૦ વગેરે પાંચ. એક માત્ર જીવ દ્રવ્ય અકારણ. (કોઈને ઉપકારક નહિ), 'વિજાતીય' કહેવાથી જીવ જીવને ઉપદેશાદિ દ્વારા ઉપકારક છે, એની ગણતરી ન કરી. ધર્માસ્તિકાયાદિને જીવ ઉપકારક નથી.

**કર્તા**-માત્ર ઉપભોગ કરનાર પણ ઉપભોગ્ય નહિ. (સ્વામી) તે માત્ર જીવ, બાકી ૫ દ્રવ્ય અકર્તા. **પુદ્ગલ** એ ગતિ અવગાહ વગેરેનો ઉપભોક્તા છે, પરંતુ પોતે જીવથી ઉપભોગ્ય છે માટે એને અકર્તા કહ્યો.

**સર્વગત**-સર્વવ્યાપી માત્ર આકાશ છે, બાકી પાંચ અસર્વગત-દેશવ્યાપી, એમાં સંસારી જીવ દેહવ્યાપી છે.

**અપ્રવેશી**=વિજાતીય દ્રવ્યરૂપે કદી ન થનાર. સર્વ દ્રવ્યો અપ્રવેશી. કદાપિ જીવ જીવ મટીને પુદ્ગલ ન થાય, તેવી રીતે બીજા દ્રવ્યો.

● ● ●

## પુણ્ય-પાપ તત્ત્વો

પુણ્ય=શુભ કર્મ, કિંતુ શુભ કર્મ બાંધવાના ઉપાયને પણ પુણ્ય કહે છે, તે **નવ પ્રકારે :**

પાત્રને (૧-૫) અન્ન-પાણી-સ્થાન-શયન-વસ્ત્રનું દાન, (૬) વંદન સત્કારાદિ, (૭-૮-૯) મન-વચન કાયાની શુભ પ્રવૃત્તિ. સાધુસાધ્વી એ સુપાત્ર, શ્રાવક શ્રાવિકા એ ભક્તિનું પાત્ર, બીજા દુઃખી જીવો એ અનુકંપાનું પાત્ર.

સંક્ષેપમાં **'પરિણામે બંધ'** એ ન્યાયે શુભ અધ્યવસાય એ પુણ્ય; તેમજ એને પેદા કરનાર શુભ કાયિક-વાચિક વ્યાપાર એ પણ **પુણ્ય**; એથી વિપરીત ૧૮ પાપસ્થાનક એ **પાપ.** એમાં ક્રોધ વગેરે અપ્રશસ્ત હોય તો પાપ અને પ્રશસ્ત હોય તો પુણ્ય. જિનપૂજાદિ એ પુણ્યક્રિયા. કેમકે એમાં અધ્યવસાય પ્રભુભક્તિનો શુભ છે, પણ પાણી વગેરેની હિંસાનો નથી. આ તો કારણરૂપ પુણ્ય-પાપની વાત થઈ. પણ ફળરૂપ પુણ્ય-પાપ એટલે શુભાશુભ કર્મ જે આત્મા બાંધે છે અને જેના વિપાકથી સુખ દુઃખ મેળવે છે તે. આને માટે પહેલા કુલ કર્મ ગણી પછી એનો શુભ અશુભ વિભાગ કરીએ.

**કર્મના મૂળ ભેદ** (પ્રકૃતિ) ૮=જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય, અંતરાય - આ ચાર **ઘાતિ** કર્મ, (આત્માના વિશિષ્ટ ગુણનો ઘાત કરે તે ઘાતિ), વેદનીય, આયુઃ, નામ અને ગોત્ર (આ ચાર **અઘાતિ કર્મ**). આવરણ=આચ્છાદન કરનાર. મોહનીય, આત્માને મૂંઝવે, આત્મસ્વરૂપથી ચૂકાવે, સત્‌અસત્‌ના વિવેક વિનાનો બનાવે. અંતરાય જીવને દાનાદિ કરવાની આડે આવે, અટકાવે. સુખદુઃખ રૂપે વેદાય તે વેદનીય. તે ભવમાંથી નીકળવાની આડે આવે તે આયુષ્યકર્મ. ગતિ શરીર વગેરે પર્યાયો તરફ જીવને નમાડે તે નામ કર્મ. ઊંચનીચ શબ્દથી ઓળખાવે તે ગોત્ર. જે કર્મ ભોગવતા (૧) પાપ બુદ્ધિ થાય તે **પાપાનુબંધિ કર્મ,** પરિણામે ભયંકર, અને (૨) શુભ-દાન, દયા, વ્રત, તપ, ત્યાગાદિ કરવાના વિચારો આવે તે **પુણ્યાનુબંધી કર્મ.**

• • •

## ૮ કર્મની ઉત્તર પ્રકૃતિ ૧૨૦

**જ્ઞાનાવરણ ૫-** મતિજ્ઞાનાવરણ, શ્રુત જ્ઞાનાવરણ, અવધિ જ્ઞાનાવરણ, મનઃપર્યાય જ્ઞાનાવરણ, અને કેવલ જ્ઞાનાવરણ. આત્માના મતિ વગેરે જ્ઞાનને આ અટકાવે છે.



**મતિ**=ઇંદ્રિય કે મનથી થતું જ્ઞાન, **શ્રુત**=શાસ્ત્ર વગેરેથી થતું શબ્દાનુસારી જ્ઞાન. **અવધિ**=ઇંદ્રિય-મન, કે શાસ્ત્રની સહાય વિના સીધું આત્માને થતું રૂપી દ્રવ્યોનું પ્રત્યક્ષ. **મનઃપર્યવ**=અઢીદ્વીપમાંના સંજ્ઞી પંચેંદ્રિયના ચિંત્વનનું પ્રત્યક્ષ. આ મુનિનેજ થાય. **કેવળજ્ઞાન**=સર્વકાળના સર્વપર્યાય સહિત સર્વદ્રવ્યોનું આત્માને થતું સાક્ષાત્‌ જ્ઞાન.

**મતિજ્ઞાન** એ અર્થાવગ્રહ, ઈહા, અપાય, ધારણા-આ ૪ ભેદે ચક્ષુ, મનથી=૮, અને વ્યંજનાવગ્રહ સહિત ૫ ભેદે બાકી ૪ ઇન્દ્રિયથી=૨૦, એમ ૨૮ ભેદે.

**દર્શનાવરણ** ૯-ચક્ષુદર્શનાવરણ (ચક્ષુથી દેખી ન શકાય), અચક્ષુ (અન્ય ઇંદ્રિય કે મનથી) દર્શનાવરણ, અવધિ૦, કેવલદર્શન. આ ૪ + ૫ નિદ્રા. દર્શન=સામાન્ય જ્ઞાન.

૧. **નિદ્રા**-નિદ્રા જેમાં સુખેથી જગાય તે; ૨. **નિદ્રાનિદ્રા**-ગાઢ નિદ્રા જેમાં કષ્ટે જગાય તે, ૩. **પ્રચલા**-બેઠા કે ઊભા નિદ્રા આવે તે. ૪. **પ્રચલાપ્રચલા**-ચાલતા નિદ્રા આવે તે, ૫. **સ્ત્યાનર્દ્ધિ**-વાસુદેવના અર્દ્ધ બળવાળી નિદ્રા કે જેમાં જાગ્રતની જેમ. ખરેખર હાથીના દાંત તોડવા વગેરે. ચાર ચક્ષુ૦ આદિ આત્મામાં દર્શનલબ્ધિ ન થવા દઈને, અને પછીની પાંચ નિદ્રા એ પ્રાપ્ત દર્શનનો નાશ કરવા વડે કરીને દર્શનાવરણ કહેવાય છે.

**મોહનીય ૨૬**-૧. દર્શનમોહનીય=મિથ્યાત્વ (જેના ઉદયે અતત્ત્વ પર રુચિ થાય, કિંતુ સર્વજ્ઞ પ્રભુએ કહેલા તત્ત્વ ઉપર શ્રદ્ધા ન થાય) + ૨૫ ચારિત્રમોહ૦ની પ્રકૃતિ (૧૬ કષાયમોહ૦+૯ નોકષાયમોહ૦. કષ=સંસારનો, આય= લાભ જેથી થાય તે.)

**૧૬ કષાયો**-ક્રોધ, માન, માયા, લોભ એ દરેક ૪-૪ પ્રકારે. તેમાં ૧. **અનંતાનુબંધિ**-અનતઃ= સંસાર, તેના બંધની પરંપરાને કરનારો. યાવજ્જીવ સાથે રહેનારો, આત્માના સમ્યક્ત્વ ગુણનો ઘાતક, ૪થે ગુણઠાણે ન હોય. ૨ **અપ્રત્યાખ્યાનીય**-પચ્ચક્ખાણ= વિરતિ માત્રનો ઘાતક. વર્ષ પર્યંત ટકનારો, એ ૫ મે દેશવિરતિ ગુણઠાણે ન હોય. ૩. **પ્રત્યાખ્યાનાવરણીય**- થોડા પચ્ચ૦ને ન રોકે, કિંતુ સર્વવિરતિને રોકે. ચાર માસ ટકનારો, છટ્ઠે સાધુના ગુણઠાણે ન હોય. ૪ **સંજ્વલન**-પરીષહ ઉપસર્ગે ચારિત્રીને પણ સહેજ ધુંધવે, તે વીતરાગભાવને રોકનાર. ૧૫ દિન ટકનારો. આ ચારે ચોકડીના ૪ **ક્રોધ**ના દૃષ્ટાંત-પર્વતરેખા, પૃથ્વી-રેતી-જલની રેખા. તેમ ૪ **માનના**-પત્થરનો થાંભલો, અસ્થિનો૦, કાષ્ઠનો૦, નેતરની સોટી. ૪ **માયાના**-વાંસનું મૂળ, મેંઢાનું શિંગડું, ગોમૂત્રની ધારા, અવલેહિ (વાંસની છાલ). ૪ **લોભના**-કિરમજી રંગ, કાદવ, ગાડાની મળી, હળદરના રંગ. ૧૨

કષાયની સાથે રહે કે કષાયોને જગાડે તે **નોકષાય ૯**- હાસ્ય-શોક (હર્ષ-દીલગીરી), રતિ- (ઇષ્ટમાં રાજીપો), અરતિ (અનિષ્ટમાં નારાજી), ભય (સ્વસંકલ્પથી બીક), જુગુપ્સા (તિરસ્કાર-દુગંચ્છા ભાવ), પુરુષવેદ (સળેખમ થયે ખાટું ખાવાની ઇચ્છાની જેમ જેના ઉદયે સ્ત્રીભોગની અભિલાષા થાય). સ્ત્રીવેદ (પુરુષભોગની અભિલાષા), નપુંસકવેદ (ઉભય અભિલાષા)

**અંતરાય ૫**- દાનાંતરાય, લાભાં૦, ભોગાં૦, ઉપભોગાં૦, વીર્યાંતરાય,-ક્રમસર દાન કરવામાં, લાભ થવામાં, એકજવાર ભોગવી શકાય તેવી વસ્તુ (જેમકે ખોરાક), ભોગવવામાં, વારંવાર ભોગવાય તે-વસ્ત્રાલંકારાદિ ભોગવવામાં, અને વીર્ય પ્રગટ થવામાં અંતરાય કરનાર આ કર્મોનો ઉદય બને છે.

**વેદનીય** ૨- ૧, સાતા૦, ૨ અશાતા૦. જેના ઉદયે આરોગ્ય વિષયોપભોગ વગેરેથી સુખનો અનુભવ થાય તે શાતા વેદનીય, એથી ઊલટું અશાતા વેદનીય.

**આયુઃ** ૪-નરક-તિર્યંચ-મનુષ્ય-દેવનું આયુષ્ય. ભવાંતરે જતાવેંત ઉદયમાં આવે તે આયુઃકર્મ.

**ગોત્ર** ૨-ઉચ્ચ ગોત્ર નીચ ગોત્ર. જ્ઞાનાદિહીનને પણ જેના ઉદયે ઉત્તમ જાતિકુળ બળ વગેરે ઐશ્વર્ય સત્કાર સન્માન સ્થાન આદિ મળે તે ઉચ્ચ ગોત્ર તેથી વિપરીત નીચ ગોત્ર, એથી જ્ઞાનાદિસંપન્ન પણ હોય છતાં નિંદા પામે.

**નામકર્મ ૬૭ ભેદે**- ગતિ ૪ + જાતિ ૫ + શરીર ૫+ અંગોપાંગ ૩+સંઘયણ ૬+સંસ્થાન ૬+વર્ણાદિ ૪+આનુપૂર્વી ૪+વિહાયોગતિ ૨=૩૯ **પિંડ પ્રકૃતિ**+૮ **પ્રત્યેક પ્રકૃતિ+ત્રસદશક-સ્થાવર દશકની ૨૦=૬૭** પિંડ પ્રકૃતિ=પેટાભેદવાળી પ્રકૃતિ.

**ગતિ** ૪-નારકાદિ પર્યાય જે કર્મથી પ્રાપ્ત થાય તે ગતિનામકર્મ, નરક-તિર્યંચ-મનુષ્ય-દેવ ગતિ.

**જાતિ ૫**- એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય. જેનાથી હીનાધિક ચૈતન્યનું વ્યવસ્થાપક એવું એકેન્દ્રિયાદિપણું મળે, તે **જાતિ** નામકર્મ.

**શરીર-૫ ( શિર્યંતે ઇતિ ) ઔદારિક**=ઉદાર-સ્થૂલ પુદ્‌ગલોનું બનેલું, મનુષ્ય તિર્યંચનું. **વૈક્રિય**=વિવિધ ક્રિયા (અણુ-મહાન, એક-અનેક) કરી શકાવા યોગ્ય શરીર, દેવનારકનું, **આહારક**=શ્રી તીર્થંકરદેવની ઋદ્ધિ જોવા કે સંશય પૂછવા ચૌદ પૂર્વી એક હાથનું શરીર બનાવે તે. **તેજસ**-અનાદિકાળથી જીવની સાથે લાગેલ તેજસ દ્રવ્યનો જથ્થો, જેનાથી આહારનું પચન, તેજો કે શીત લેશ્યા થઈ શકે છે તે. **કાર્મણ**-જીવ સાથે લાગેલ કર્મનો જથ્થો. આ શરીરો જે કર્મના ઉદયે પ્રાપ્ત થાય તે કર્મ શરીર-નામકર્મ.

**અંગોપાંગ** ૩-ઔદારિક, વૈક્રિય આહારક શરીરને માથું, છાતી, પેટ, પીઠ,



બે હાથ, બે પગ એ ૮ અંગ, આંગળીઓ વગેરે ઉપાંગ, પર્વ-રેખાદિ અંગોપાંગ, જેનાથી મળે તે અંગોપાંગ **નામકર્મ**. એકેન્દ્રિયને અંગોપાંગ નામકર્મનો ઉદય ન હોવાથી શરીરમાં અંગોપાંગ નથી હોતા. શાખા વગેરે તો જૂદા જૂદા જીવના શરીર હોવાથી એક જીવ શરીરના અવયવ નથી.

**૫ બંધન નામકર્મ**-નવા લેવાતા ઔદારિકાદિ પુદ્‌ગલોને જુનાની સાથે લાખની જેમ ચોંટાડનાર-એકી ભાવે કરનાર.

**૫. સંઘાતન** નામકર્મ-નિયત પ્રમાણવાળા શરીરને રચતા પુદ્‌ગલના જથાને સંચિત કરનાર.-આ બેનો બંધ-ઉદયમાં શરીર નામકર્મ ભેગો સમાવેશ.

● **સંઘયણ** (હાડકાના સાંધા) ૬- ૧. **વજ્રઋષભનારાચ**-હાડકાનો પરસ્પર સંબંધ એકબીજાને આંટી મારીને થયેલો હોય તે. **નારાચ=**મર્કટબંધ, એના પર **ઋષભ**=હાડકાનો પાટો વીંટળાયો હોય, અને વચમાં ઠેઠ ઉપરથી નીચે આરપાર **વજ્ર=**હાડકાની ખીલી હોય તેવું સંઘયણ, ૨. **ઋષભનારાચ** માત્ર વજ્ર નહિ, બાકી પહેલા મુજબ, ૩ **નારાચ**-માત્ર મર્કટબંધ હોય; ૪ **અર્દ્ધનારાચ**-સાંધાની એકજ બાજુ હાડકાની આંટી હોય ને બીજી બાજુએ ખીલીબંધ હોય; ૫ **કીલિકા**-હાડકાં ફક્ત ખીલીથી સંધાએલ હોય; ૬. **છેવટ્ઠું- છેદસ્પૃષ્ટ**-સેવાર્ત્ત- હાડકા માત્ર છેડે અડીને રહ્યા હોય, તેલમાલીશ વગેરે સેવાની અપેક્ષા રાખે તે.

● **સંસ્થાન** (આકાર) ૬- ૧. **સમચતુરસ્ર-અસ્ર**=ખૂણો, પર્યંકાસને બેઠેલાના જમણા ઢીંચણથી ડાબા ખભાનું અંતર, જમણા ખભાથી ડાબા ઢીંચણનું અંતર, બે ઢીંચણનું અંતર, બે ઢીંચણના મધ્યભાગથી લલાટ પ્રદેશ સુધીનું અંતર-આ ચારે સરખા હોય તે સમચતુરસ્ર સંસ્થાન. અથવા સમાન=સામુદ્રિક શાસ્ત્રને અનુસારે લક્ષણ અને પ્રમાણવાળા છે ચારેબાજુના શરીરના અવયવો જેમાં એવી આકૃતિ તે સમચતુરસ્ર સંસ્થાન. ૨. **ન્યગ્રોધ**-વડ સરખું. નાભિથી ઉપર પ્રમાણ લક્ષણવાળું, નીચેનું લક્ષણહીન, ૩. **સાદિ**-ન્યગ્રોધથી ઊલટું. ૪. **વામન**-માથું, ગળું, હાથ, પગ-એ ૪ પ્રમાણ લક્ષણવાળાં. ૫. **કુબ્જ**-એ સિવાયના છાતી, પેટ વગેરે સારાં, ૬. હુંડક-સર્વ અવયવ પ્રમાણ લક્ષણ વિનાનાં.

● **વર્ણાદિ** ૪-વર્ણ, ગંધ, રસ, સ્પર્શ સારાં નરસાં જેથી મલે તે શુભાશુભ વર્ણાદિ નામકર્મ.

● **આનુપૂર્વી** ૪-નરકાનુપૂર્વી, તિર્યંચાનુ૦, મનુ૦, દેવા૦, વિગ્રહગતિથી (વચમાં ફંટાઈને) ભવાંતરે જતા જીવનો આકાશ પ્રદેશની શ્રેણિના અનુસારે ગમનક્રમ તે આનુપૂર્વી.

**વિહાયોગતિ** ૨-(ચાલ) ૧. શુભ-હંસ હાથી વૃષભની,
૨. અશુભ-ઊંટ ગધેડા પાડાની.

**૮ પ્રત્યેક પ્રકૃતિ :**

૧. **અગુરુલઘુ નામકર્મ**-એના ઉદયથી શરીર, ભારે કે હલકા નહિ, પણ અગુરુલઘુ મળે.

૨. **ઉપઘાત**૦-આથી પોતાના અવયવથી પોતેજ હણાય જેમકે પડજીભી, ચોર દાંત, છઠ્ઠી આંગળી.

૩. **પરાઘાત**૦-આના ઉદયે જીવ બીજાને ઓજસથી આંજી દે છે.

૪. **શ્વાસોશ્વાસ**-આથી શ્વાસોશ્વાસલબ્ધિ મળે.

૫. **આતપ**૦-પોતે શીત છતાં બીજાને ગરમ પ્રકાશ કરે તેવું શરીર મળે, જેમકે સૂર્યના રત્નોનું. અગ્નિમાં ગરમી ઉષ્ણસ્પર્શના ઉદયથી અને પ્રકાશ ઉત્કટ લાલ વર્ણના ઉદયથી છે.

૬. **ઉદ્યોત**૦-જેના ઉદયે જીવનું શરીર ઠંડો પ્રકાશ આપે-ઉત્તરવૈક્રિય શરીર, ચંદ્રાદિના રત્નો, ઔષધિ વગેરે.

૭. **નિર્માણ**૦-સુથારની જેમ અંગોપાંગને શરીરમાં ચોકસ સ્થાને રચે.

૮. **તીર્થંકર નામકર્મ**-જેના ઉદયથી અષ્ટ મહાપ્રાતિહાર્યાદિ અતિશયો મળે.

**૧૦-૧૦ પ્રકૃતિ ત્રસ-સ્થાવર દશકની**- એના ઉદયે નીચે મુજબ જીવને પ્રાપ્ત થાય. ૧. **ત્રસ**-તડકા વગેરેમાંથી સ્વેચ્છાએ ખસી શકે-ગમનાગમન કરી શકે તે **ત્રસ**; ન હાલી શકે તે **સ્થાવર.** ૨. **બાદર**-આંખે દેખી શકાય તેવું શરીર. **સૂક્ષ્મ**-ઘણાં શરીર ભેગાં થાય તોય ન જોઈ શકાય. ૩. **પ્રર્યાપ્ત**-સ્વયોગ્ય પર્યાપ્તિ પૂરી કરવાને સમર્થ. એથી ઊલટું **અપર્યાપ્ત,** ૪. **પ્રત્યેક**-જીવ દીઠ જૂદું શરીર. **સાધારણ**-અનંત જીવનું એક શરીર. ૫. **સ્થિર**-મસ્તક હાડકાં, દાંત વગેરે સ્થિર રહે. **અસ્થિર**-જીહ્વા આદિ. ૬. **શુભ**-નાભિની ઉપરના અવયવો શુભ; નીચેના **અશુભ.** કોઈને **માથેથી** અડવામાં એ ખુશ થાય છે, પગ લગાડવામાં ગુસ્સે થાય છે. સ્ત્રીના પગના સ્પર્શથી પણ જે ખુશ થાય છે તે તો પોતાના મોહને લઈને. ૭. **સૌભાગ્ય**-વગર ઉપકારે પણ સૌને ગમે. **દૌર્ભાગ્ય**-ઉપકાર કરનારો પણ લોકને અરુચિકર બને. તીર્થંકર દેવો અભવ્ય આદિને ન ગમે તે તો તે જીવોના મિથ્યાત્વના ઉદયે. ૮. **સુસ્વર**- સારો સ્વર. વિપરીત **દુઃસ્વર.** ૯. **આદેય**-જેનું વચન યુક્તિ કે આડંબર વિનાનું છતાં બીજાને ગ્રાહ્ય બને, જેને જોતાં વેંત બીજા આદરમાન આપે. વિપરીત **અનાદેય.** ૧૦. **યશ**-કીર્તિપ્રશંસા પામે, વિપરીત **અપયશ.**

• • •



## પુણ્ય પ્રકૃતિઓ-૪૨

**(વિશુદ્ધ પરિણામે બંધાય અને શુભ રસે ભોગવાય)**

મૂળ ચાર અઘાતિ કર્મોમાંથી જ પુણ્ય પ્રકૃતિઓ છે. ૧. શાતાવેદનીય+ ૩ આયુષ્ય (નરક વિનાના) ૧ ઊંચ ગોત્ર+૩૭ નામકર્મની=૪૨.

તિર્યંચને પણ સ્વઆયુષ્ય મળ્યા પછી રાખવું ગમે છે માટે પુણ્યમાં ગણ્યું, પણ તિર્યંચ ગતિ નથી ગમતી માટે એ પાપ પ્રકૃતિ. નારકને સ્વઆયુ ટકે એ નથી ગમતું તેથી પુણ્યમાં નરકાયુ ન લીધું.

નામકર્મની ૩૭માં ૪ દેવ-મનુ-ગતિ આનુપૂર્વી+પંચેંદ્રિય જાતિ+૫ શરીર+ ૩ અંગોપાંગ+૨ પહેલું સંઘયણ-સંસ્થાન+૪શુભ વર્ણાદિ+૧ શુભ વિહાયોગતિ+૭ ઉપઘાત સિવાયની પ્રત્યેક પ્રકૃતિઓ+૧૦ ત્રસદશક. (કાર્મણ શરીર૦ પણ સંસારના સુખ આપવામાં હેતુ છે.)

## પાપ પ્રકૃતિઓ-૮૨

(સંક્લિષ્ટ અધ્યવસાયે બંધાય અને અશુભ રસે ભોગવાય.)

મૂળ ચારેય ઘાતિ કર્મો પાપ પ્રકૃતિ છે. તેથી ૫ જ્ઞાનાવરણ+૯ દર્શના૦ +૨૬ મોહનીય+૫ અંતરાય=૪૫ ઘાતિ, તેમજ અઘાતિમાંથી ૧ અશાતા વે૦ +૧ નરકકાયુ+૧ નીચગોત્ર+૩૪ નામકર્મની=કુલ ૮૨ પાપ પ્રકૃતિઓ.

નામ૦ની ૩૪- ૪ નરકતિર્યંચગતિ આનુપૂર્વી + ૪ એકેન્દ્રિયવિકલે૦જાતિ +૧૦ પ્રથમ સિવાયના સંઘયણ સંસ્થાન +૪ અશુભ વર્ણાદિ + ૧ અશુભ વિહાયોગતિ (કુલ ૨૩ પિંડપ્રકૃતિ)+૧ ઉપઘાત + ૧૦ સ્થાવર દશક.

**પુણ્યની** ૪૨+પાપની ૮૨=૧૨૪. આમાં વર્ણાદિ ૪ શુભ અને અશુભ એમ બે વાર ગણાયા, તેથી ૧૨૪-૪=૧૨૦ કુલ કર્મ પ્રકૃતિ બંધાય. આમાં મિથ્યાત્વ મોહનીય સાથે મિશ્રમોહ૦ અને સમ્યક્ત્વ મોહનીય ગણતા કુલ ૧૨૨ કર્મપ્રકૃતિ ઉદયમાં ગણાય. એમાં પાંચ શરીર સાથે ૫ બંધન અને ૧૫ સંઘાતન, તથા વર્ણાદિ ૪ ને બદલે વર્ણ ૫, વધે, એટલે કુલ ૩૬ વધવાથી ૧૨૨+૩૬=૧૫૮ કર્મપ્રકૃતિ સત્તામાં ગણાય.

• • •

## આશ્રવ તત્ત્વ

જેના લીધે આત્મામાં કર્મ વહી આવે તે, અર્થાત્ આત્માને શુભાશુભ કર્મબંધનું કારણ તે **આશ્રવ** કહેવાય. તેના ૪૨ ભેદ -ઈંદ્રિય ૫, કષાય ૪, અવ્રત ૫, યોગ ૩, (આ ૧૭ પ્રકારે અસંયમ પણ કહેવાય) અને ૨૫ ક્રિયા.

આનો પરમાત્મા, ગુરુ, સંઘ વગેરેની ભક્તિ આદિ ધર્મમાં પ્રશસ્ત ભાવે ઉપયોગ તે શુભ આશ્રવ. તેથી ભિન્ન અર્થકામમાં ઉપયોગ તે અશુભ આશ્રવ.

**૫ ઈંદ્રિયો** પ્રસિદ્ધ છે તેના ઈષ્ટ-અનિષ્ટ વિષયો અંગે રાગ-દ્વેષ થઈ કર્મ બંધાય; ત્યાં તે તે ઈંદ્રિય આશ્રવ ગણાય. અહીં જો રાગદ્વેષ ન કરે તો ઈન્દ્રિય આશ્રવ મટી જાય.

**૪ કષાય**-ક્રોધ, માન, માયા, લોભ, એ દરેક અનંતાનુબંધિ આદિ ૪ પ્રકારે ગણતાં ૧૬ ભેદ; અને અનંતાનુ૦ આદિ પ્રત્યેકના અનંતાનુ૦ અપ્રત્યા૦, પ્રત્યા૦ અને સંજ્વલન એમ ચાર ચાર ભેદ ગણતાં ૬૪ ભેદ થાય. સ્વરૂપે તે તે કર્મ છતાં ફળભેદે આ વિભાગ છે.

**૫ અવ્રત**-હિંસા, મૃષા, અદત્તાદાન, અબ્રહ્મ, અને પરિગ્રહ. **૧. प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा** દયાના પરિણામ રાખીને યતનાદિ ઉપયોગપૂર્વક કરાતી શુભ પ્રવૃત્તિમાં કદાચ જીવઘાત થાય તોય હિંસા આશ્રવ નહિ; એથી ઊલટું અયતના-પ્રમાદ એ આશ્રવ ગણાય, પછી ભલે જીવ ન મર્યો. **अजयं चरमाणो य पाणभूआइ हिंसइ ।** ૨. પ્રિય, પથ્ય, અને તથ્ય વચન તે સાચું, એવું નહિ તે મૃષા. ચોરને ચોર કહેવાથી અપ્રિય લાગે છે. જીવોને પાપનો ઉપદેશ પથ્ય-હિતકારક નથી, શિકારીને હરણીની દિશા કહેવી તે પથ્ય નથી, ભય લોભ વગેરેથી અન્યથા બોલવું તે તથ્ય નથી માટે એ બધું **મૃષા** ગણાય. ૩. તૃણ જેવું પણ માલિકે ન આપેલું લેવું તે અદત્તાદાન, તેવી રીતે અયતનાએ થતો જીવઘાત, ગુરુની આજ્ઞા-રજા વિનાની કોઈપણ પ્રવૃત્તિ, તથા શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ વર્તન તે **અદત્તાદાન.** **૪.** વૈક્રિય કે ઔદારિક શરીરથી મન વચન કે કાયાએ કામભોગ કરવો, કરાવવો કે અનુમોદવો તે ૨x૩x૩=૧૮ પ્રકારે **અબ્રહ્મ. ૫.** ધન ધાન્યાદિનો સંગ્રહ તે **પરિગ્રહ.** આ પાંચે પાપોના ત્યાગની પ્રતિજ્ઞા-વિરતિભાવથી અવ્રત આશ્રય અટકે છે.

**૩ યોગ**-મન વચન કાયાની પ્રવૃત્તિ.

૨૫ **ક્રિયા-૧. કાયિકી**-(i) અવિરતિને કાયાનો સાવદ્ય વ્યાપાર એ **અનુપરત** કાયિકી, અને (ii) પ્રમત્ત સાધુને શુદ્ધ ઉપયોગ વિનાની ઈંન્દ્રિય કે કાયાની પ્રવૃત્તિ



એ **અનુપયુક્ત** કાયિકી ૨. **અધિકરણિકી**-(i) **સંયોજના**-શસ્ત્રના અવયવ જોડવા તે, **નિર્વર્તના**-નવું શસ્ત્ર બનાવવાની ક્રિયા, (અધિકરણ=જીવઘાતક વસ્તુ કે પ્રવૃત્તિ) અથવા પશુ બંધ વગેરે. ૩. **પ્રાદ્વેષિકી**-(i) જીવ કે (ii) અજીવ પર દ્વેષ. ૪. **પારિતાપનિકી**-(i) સ્વહસ્તે કે (ii) પરહસ્તે સ્વ કે પરને સંતાપ ઉપજાવવો. ૨-૩-૪-થી ક્રિયાઓ ૯માં ગુણઠાણા સુધી હોય. ૫. **પ્રાણાતિપાતિકી**-સ્વતઃ કે પરતઃ પ્રાણનાશ, ૫ મા ગુણઠાણા સુધી. ૬. **આરંભિકી**-ખેતી વગેરે કે (i) જીવ કે (ii) જીવ ચિત્રાદિના ઘાત થાય તેવી પ્રવૃત્તિ ૬ સુધી. ૭. **પારિગ્રહિકી**-મમત્વ ભાવે (i) જીવ, કે (ii) જડ વસ્તુનો સંગ્રહ કરવો. ૫ મા ગુણ૦ સુધી. ૮. **માયાપ્રત્યયિકી**-(પ્રત્યય=નિમિત્ત) (i) **આત્મભાવવંચન**૦ પોતાનો અંદરનો ભાવ છુપાવી માયાથી બહાર બીજું બતાવવું. (ii) **પરભાવવંચન**-જૂઠા સાક્ષીલેખ કરવા આદિ, ૭મા ગુણ૦ સુધી, ૯. **મિથ્યાદર્શનપ્રત્યયિકી**-સર્વજ્ઞના કથનથી (i) ઓછુંવત્તું, કે (ii) તદ્દન **વિરુદ્ધ** માનીને કરાતી પ્રવૃત્તિ (દેશથી કે સર્વથા અશ્રદ્ધા) ૩ જા ગુણ૦ સુધી. ૧૦. **અપ્રત્યાખ્યાનિકી**-(i) સજીવ અને (ii) નિર્જીવ વસ્તુ સંબંધી ત્યાગની પ્રતિજ્ઞા (વિરતિ) અને ત્યાગ ન હોવો તે. ૧૧. **દૃષ્ટિકી**-૧૨ **સ્પૃષ્ટિકી** કે **પૃષ્ટિકી**-જીવ કે અજીવને રાગદિવશે દેખવાની સ્પર્શ કરવાની કે તે અંગે પૂછવાની પ્રવૃત્તિ. ૧૦ મા ગુણ૦ સુધી. ૧૩. **પ્રાતીત્યકી**-જીવ કે જડને આશ્રીને થતા રાગાદિથી આ ક્રિયા લાગે. ૧૪. **સામંતોપનિપાતિકી**- પોતાના ઘોડા, નાટક, કૌતુકાદિ જોવા ચારે બાજુથી લોક ઊલટી પડે અને પ્રશંસા-નિંદા કરે તેથી હર્ષદ્વિષ અથવા ઉઘાડા રાખેલા ઘૃતાદિના વાસણમાં ત્રસ જીવોનું એકસામટું આવી પડવું, આ અને પછીની ૧૫થી ૧૭મી ક્રિયા ૫ મા ગુણ૦ સુધી. ૧૫. **નૈસૃષ્ટિકી**-જીવા-જીવનું યંત્રથી કાઢવું, ફેંકવું,-કૂવામાંથી પાણી, ધનુષમાંથી બાણ વગેરે, યોગ્ય શિષ્યને ગુરુ કાઢી મૂકે, કે નિર્દોષ આહાર-પાણીને વિના કારણ પરઠવે તે અથવા **નૈશસ્ત્રિકી**-રાજાદિના આદેશે હંમેશાં શસ્ત્રાદિ સજી રાખવા તે. ૧૬. **સ્વહસ્તિકી**-કૂતરા વગેરે જીવથી કે અજીવ શસ્ત્રથી જાતે બીજાને મારવા તે. ૧૭. **આજ્ઞાપનિકી** કે **આનયનિકી**-જીવને કે અજીવને (જેમ કે જાદુમાં) સાવદ્ય આજ્ઞા કરવાથી કે એની પાસે કંઈ મંગાવવાથી ૧૮. **વિવરણિકી**-જીવ કે અજીવને ફાડવાથી, સામાનું હૃદય ભેદાય તેવા ટોણાં, કલંક કે સમાચાર આપવાથી આ ક્રિયા લાગે. **વિતારણિકી**- જીવાજીવ અંગે ઠગવાની. ૯મા ગુણ૦ સુધી. ૧૯. **અનાભોગિકી**-અનુપયોગે-પ્રમાર્જ્યા વિના કંઈ લેવું મુકવું તે **અનાયુક્તાદાન,** અનુપયોગે પ્રમાર્જવું તે **અનાયુક્તપમાર્જના.** ૧૦ મા સુધી. ૨૦. **અનવકાંક્ષપ્રત્યયિકી**-સ્વ પર હિતને અવગણી આલોક પરલોક વિરુદ્ધ આચરણ ૯ મા સુધી. ૨૧. **પ્રાયોગિકી**-ગૃહસ્થનો મન, વચન, કાયાનો શુભાશુભ વ્યાપાર.

૨૨. **સમાદાન સામુદાયિકી**-વિષયને ગ્રહણ કરનાર ઇન્દ્રિય તે સમાદાન. એનો દેશ-સર્વ ઘાતક વ્યાપાર આઠે કર્મનો સમુદાય જેથી બંધાય તે ક્રિયા. ૫ મા ગુણ૦ સુધી ઇન્દ્રિય અવ્રતીને. ૨૩. **પ્રૈમિકી**-પોતાને થયેલા કે બીજાને કરાવાતા રાગ (માયા લોભ) અંગેની ક્રિયા ૧૦ મા સુધી ૨૪. **દ્વૈષિકી**-દ્વેષ-ક્રોધમાનની નિશ્રાવાળી ક્રિયા ૯ મા સુધી. ૨૫. **ઈર્યાપથિકી-ઈર્યા**=ગમનાગમનાદિ યોગ એજ છે **પથ** એટલે કર્મબંધનો માર્ગ જ્યાં, તે ક્રિયા-૧૧-૧૨-૧૩ મે ગુણઠાણેજ આ ક્રિયા હોય.

**કોને કેટલી ક્રિયા અને કેટલા આશ્રવ :** આ ૨૫માંથી ઈર્યાપથિકી ક્રિયા સયોગિ વીતરાગને, દૃષ્ટિકી ચક્ષુદર્શનીને તથા પ્રાતીત્યકી, સામંતોપ૦, આનયનિકી, અને પ્રાયોગિકી એ ચાર ક્રિયા દીર્ઘકાલિકી સંજ્ઞાવાળાને હોય. તેથી **એકેન્દ્રિયને** એ ૬ વિના ૧૯ ક્રિયા + ૧ સ્પર્શનેન્દ્રિય +૪ કષાય+૫ અવ્રત+૧ કાયયોગ=૩૦ આશ્રવ હોય. બેઇન્દ્રિયને ૧ વચનયોગ + ૧ રસનેન્દ્રિય વધે તેથી ૩૨, તેઇન્દ્રિયને ૩૩, ચતુરિન્દ્રિયને દૃષ્ટિકી ક્રિયા પણ વધે તેથી ૩૫, અસંજ્ઞિ પંચેન્દ્રિયને ૩૬, અને સંજ્ઞિ પંચેન્દ્રિયને ઉક્તમાં ૧ ઈર્યા૦ + ૪ ક્રિયા + ૧ મન યોગ વધવાથી ૪૨ આશ્રવ.

**બીજી રીતે,** સામાન્યતઃ કર્મબંધના મૂળ ૪ હેતુ-મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ છે. પેટાભેદે **બંધ હેતુ ૫૭**- મિથ્યા૦ ૫ (અનાભોગિક. અનાભિગ્રહિક, આભિગ્રહિક, સાંશયિક, આભિનિવેશિક), અવિરતિ ૧૨ (હિંસાદિ ૫+૧ રાત્રિભોજન+૫ ઇન્દ્રિય + ૧ મન), ૧૬ કષાય, ૯ નોકષાય, ૧૫ યોગ. તત્ત્વાર્થકાર પ્રમાદને પણ અધિક ગણી મૂળ ૫ બંધ હેતુ કહે છે. ૬ ઠ્ઠા અને ૭ મા ગુણઠાણા વચ્ચે બંધમાં ફરક પ્રમાદથી પડે છે.

જોકે સામાન્યતઃ પ્રતિસમય જીવ આયુષ્ય સિવાય સાતે કર્મ બાંધે છે. પરંતુ અમુક અમુક આશ્રવની પ્રધાનતાએ તે તે કર્મના સ્થિતિ-રસ વિશેષ પ્રકારે બંધાય છે. એવા જૂદા જૂદા આશ્રવ નીચે મુજબ-

• **જ્ઞાનાવરણના આશ્રવ**- જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનના સાધનોની આશાતના, ઉપઘાત, ઈર્ષ્યા, દ્વેષ, અંતરાય, અપલાપ. **વિઘ્નનિહ્નવ પૈશૂન્યા-શાતનાઘાત-મત્સરાઃ ।**

**દર્શનાવરણના**-દર્શન વગેરેનું ઉપર પ્રમાણે.

**શાતાવેદનીયના**૦ :

દેવપૂજા, ગુરુપાસ્તિ, પાત્રદાન, દયા, ક્ષમા ।

સરાગસંયમો, દેશસંયમાડકામનિર્જરા ॥ બાલતપ, શૌચ (તૃષ્ણાનાશ).



**અશાતા વેદનીયના**-સ્વપરને **'દુઃખ શોક વધાસ્તાપાક્રન્દને પરિદેવનમ્'** (વિલાપ).

**દર્શનમોહનીયના**૦-વીતરાગ-શાસ્ત્ર-સંઘ-ધર્મ-સંઘના ગુણો અને સર્વ દેવોની નિંદા, સર્વજ્ઞતા-મોક્ષ-દેવાધિદેવનો અપલાપ, ધાર્મિક દૂષણ, ઉત્માર્ગ દેશના, અતત્ત્વનો આગ્રહ, અસંયત પૂજા, ગુર્વાદિનું અવમાન વગેરે.

**ચારિત્રમોહ**૦**ના-** સ્વ પરના કષાયનું ઉદ્દીપન, ધર્મમાં વિઘ્ન, સાધુની નિંદા, અવિરતિની પુષ્ટિ, વિરતિરહિતના ગુણગાન, ચારિત્રદૂષણ વગેરે.

• **નરકાયુના**૦-બહુ આરંભ-પરિગ્રહ. માંસાહાર, પંચેંદ્રિયનો ઘાત, સ્થિર વૈર, રૌદ્રધ્યાન, વિષયોમાં અતિલંપટતા, અનંતાનુ૦કષાય વગેરે. • **તિર્યંચાયુના**૦-માયા, આર્તધ્યાન, શલ્ય, ગૂઢતા, સન્માર્ગનાશ, વ્રતમાં દૂષણ. અપ્રત્યા૦ કષાય વગેરે.

• **મનુષ્યાયુના**૦-અલ્પ આરંભ-પરિગ્રહ, સ્વભાવથી કષાયોની મંદતા, મધ્યમ ગુણો, દાનરુચિ, દેવગુરુભક્તિ, પ્રત્યા૦કષાય વગેરે. • **દેવાયુના**૦-તપ, શ્રદ્ધા, સરાગસંયમ, દેશવિરતિ, અજ્ઞાન-તપ-કષ્ટ, ધર્મશ્રવણ, સુપાત્રદાનાદિ.

• **અશુભનામના-** વક્રતા, ઠગવું, હિંસાદિ ૫, અસભ્ય વર્તન, તીવ્ર કષાય, વિષય લંપટતા, અનાચારીનું પોષણ, મિથ્યાત્વાદિ.

**શુભનામના**૦-પૂર્વોક્તથી વિપરીત, તથા સંસાર-ભય, ક્ષમાદિ.

**જિનનામના**૦-અરિહંતવાત્સલ્યાદિ.

**નિચગોત્રના**૦-પરની નિંદા, અવજ્ઞા, મશ્કરી, પરના ગુણ આવરવા અને દોષ ઢાંકવા, સ્વનો ઉત્કર્ષ-મદ, પ્રશંસાદિ, • **ઊંચગોત્રના**૦-એથી વિપરીત.

**અંતરાયના**૦-દાન, લાભ વગેરેમાં અંતરાય કરવો.

• • •

## સંવર

જેનાથી કર્મબંધ અટકે તે **સંવર.** ભાવ સંવર અને ભાવ નિર્જરા આત્માના પરિણામ રૂપ છતાં આશ્રવ નિરોધની અપેક્ષાએ સંવર અને કર્મ નિર્જરાની અપેક્ષાએ નિર્જરા ગણાય.

તે-૫ સમિતિ+૩ ગુપ્તિ+૨૨ પરીસહ+૧૦ યતિધર્મ+૧૨ ભાવના+૫ ચારિત્ર=૫૭ ભેદે સંવર. **૫ સમિતિ** (સમ્યક્ ઉપયોગવાળી પ્રવૃત્તિ)- ૧. **ઈર્યા-**

**સમિતિ**-ધુંસરા પ્રમાણ દૃષ્ટિએ ચાલતાં માર્ગમાં કોઈ જીવની વિરાધના ન થાય એનો ઉપયોગ. ૨. **ભાષા૦**- નિઃશંકહૃદયે નિરવદ્ય અને સ્વપરહિતકારી બોલવાનો ઉપયોગ. ૩. **એષણા૦**-આહાર, વસ્ત્ર, પાત્ર, નિર્દોષિતા સાચવવી તે. ૪. **આદાનનિક્ષેપ૦**-સારી રીતે જોઈ પ્રમાર્જીને જ વસ્તુ લેવા મૂકવાનો ઉપયોગ ૫. **પારિષ્ઠાપનિકા૦**-નિર્જીવ ભૂમિપર લઘુનીતિ વડીનીતિ વગેરે તજતા જીવરક્ષાનો ઉપયોગ.

• **૩ ગુપ્તિ**- મનવચન અને કાયાના યોગોનું નિયમન અર્થાત્ અકુશલ યોગનો નિરોધ અને પ્રશસ્ત યોગનું ઉદીરણ-શાસ્ત્ર વિધિએ મોક્ષમાર્ગમાં સ્થાપન કરવાવાળું ઉન્માર્ગથી નિવારણ-

• **૨૨ પરીસહ**-કર્મનિર્જરાના અને રત્નત્રયની નિશ્ચલતાના હેતુએ હર્ષ ખેદ કે અસંયમની ઈચ્છા કે પ્રવૃત્તિ કર્યા વિના શાંતિથી સહવા યોગ્ય ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, દંશ (ડાંસ મચ્છર), અચેલ (જીર્ણ કે અલ્પવસ્ત્રતા, નગ્નતા), અરતિ (તેવા મુકામ આદિને લીધે), સ્ત્રી (રૂપ-શોભા-વિલાસાદિ સહજ દેખાઈ જવાથી) ચર્યા (વિહાર ગોચરી), નૈષેધિકી (સ્મશાનાદિમાં કાયોત્સર્ગે) અથવા નિષદ્યા (આસન) પરીસહ, શય્યા, આક્રોશ, વધ, યાચના, અલાભ, રોગ, તૃણસ્પર્શ, મળ, સત્કાર પ્રજ્ઞા (આ બેથી થતા દર્પને દબાવો), અજ્ઞાન, સમ્યક્ત્વ (જિનવચને શંકા ન કરવી) આ ૨૨માં અજ્ઞાન અને પ્રજ્ઞા એ જ્ઞાનાવરણના ઉદય કે ક્ષયોપશમથી; સમ્ય૦ એ દર્શનમોહ૦થી. અલાભ એ અંતરાયથી. આક્રોશ, અરતિ, સ્ત્રી, નૈષેધિકી, અચેલ, યાચના, સત્કાર એ ચારિત્રમોહ૦ના ઉદયથી, બાકીના ૧૧-વેદનીયના ઉદયે થાય.

• **૧૦ યતિધર્મ**-ક્ષમા (સહિષ્ણુતા) મૃદુતા, સરલતા, મુક્તિ (નિર્લોભતા), તપ (બાહ્ય-અભ્યંતર), સંયમ (પ્રાણિદયા, ઇંદ્રિય-નિગ્રહ) સત્ય, શૌચ (અચૌર્ય કે મનની પવિત્રતા) બ્રહ્મચર્ય, આકિંચન્ય (અપરિગ્રહ).

• **૧૨ ભાવના**-૧. જગતના પદાર્થો **અનિત્ય** છે; ૨. **અશરણ**- પાપના ઉદયમાં કોઈ બચાવતું નથી. ૩. **સંસાર** ૮૪ લાખ યોનિમય ભયંકર છે. શત્રુ મિત્ર થાય છે, મિત્ર શત્રુ થાય છે. ૪. **એકત્વ**-જીવ એકલો જન્મે છે, એકલો પોતાના કર્મનાં ફળ ભોગવે છે. એકલો મરીને પરલોક જાય છે. ૫. **અન્યત્વ**-બીજાઓ, કુટુંબ, ધન, યાવત્ શરીર પણ પોતાના નથી. ૬. **અશુચિત્વ**-શરીરની ઉત્પત્તિ, સ્વરૂપ અને પરિણામ અપવિત્ર છે, માટે શરીર દમવા યોગ્ય છે. ૭. **આશ્રવ**-ઇંદ્રિયાદિ આશ્રવો નદીની જેમ તૃણવત્ જીવને સન્માર્ગથી ભ્રષ્ટ કરી તાણી જાય છે. ૮. **સંવર**, ૯. **નિર્જરા**-સકામ-અકામ ૧૦. **લોકસ્વભાવ**-જીવ, પુદ્ગલ વગેરેથી



વ્યાપ્ત ચૌદ રાજલોકના વિવિધ ભાવ, ૧૧. **બોધિદુર્લભ**-દેવતાઇ સુખ મળવા સહેલા, પણ સમ્યક્ત્વ મળવું મુશ્કેલ, ૧૨. **ધર્મસ્વાખ્યાત**-'અહો ! શ્રી જિનેશ્વરદેવોએ કેવો સુંદર શ્રાવક ધર્મ અને સાધુ-ધર્મ ઉપદેશ્યો છે !'

• **૫ ચારિત્ર**-૧. **સામાયિક**-સર્વસાવદ્ય પ્રવૃત્તિનો ત્યાગ અને નિરવદ્ય પંચાચારનું પાલન, ૨. **છેદોપસ્થાપનીય**-સામાયિક ચારિત્રના પર્યાયનો કે સડી ગયા અંગ જેવા સાતિચાર ચારિત્ર પર્યાયનો છેદ કરી મહાવ્રતારોપણ. ૩. **પરિહારવિશુદ્ધિ**-નવ સાધુનો ગણ વારાફરતી ૧૮ માસની અવધિમાં જેમાં પરિહાર નામના તપને વહન કરે છે તે વિશિષ્ટ ચારિત્ર ચર્યા. ૪. **સૂક્ષ્મસંપરાય**-૧૦ મા ગુણઠાણાનું ચારિત્ર, જ્યાં માત્ર સૂક્ષ્મ સંજ્વલનનો લોભ છે. ૫. **યથાખ્યાત**-સર્વ કષાયના ઉપશમ કે ક્ષયથી પ્રગટેલું ચારિત્ર.

• • •

## નિર્જરા

આત્મપ્રદેશ સાથે એકમેક થયેલ કર્મનો પરિશાટ-આમ્રનીજેમ સ્વતઃ કે ઉપાયદ્વારા પાકી જઈ કર્મ રૂપે મટી જવું તે **નિર્જરા.** તે ૧. અકામ અને ૨. સકામ, એમ બે ભેદે.

**અકામ નિર્જરા** સર્વ જીવોને (અનિચ્છાએ અનેકવિધ દુઃખ સહવામાં) હોય.

**સકામ નિર્જરા એ** કેવળ કર્મનિર્જરાની અભિલાષાએ બાહ્ય-આભ્યંતર તપ કરનારને હોય, આ તપ નિર્જરાનું પ્રધાન કારણ હોવાથી નિર્જરાતત્ત્વમાં ગણાય, તેથી નિર્જરાના ૧૨ ભેદ.

૬ ભેદે **બ્રાહ્યતપ**-અનશન, ઉનોદરિકા, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ, સંલીનતા,

૬ ભેદે **આભ્યન્તર તપ**-પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન, વ્યુત્સર્ગ.

• **અનશન**-આહારનો ત્યાગ. **ઉનોદરિકા**-બે ચાર કોળીયા ઓછા ખાવા. **વૃત્તિસંક્ષેપ**-ઘણી વસ્તુઓ (દ્રવ્યો) ખાવાની મનોવૃત્તિ પર સંયમન, દ્રવ્યસંક્ષેપ. **રસત્યાગ**-દૂધ ઘી વગેરે વિગઈનો ત્યાગ. **કાયક્લેશ**-લોચ, પરીસહ, ઉપસર્ગ વગેરે સહવા. **સંલીનતા**-શરીરના અવયવો તથા ઇંદ્રિયોની અપ્રશસ્ત પ્રવૃત્તિ રોકવી.

• **પ્રાયશ્ચિત્ત-૧૦**

**'આલોયણ-પડિક્કમણોભય-વિવેગ-વોસગ્ગે ।**

**તવ-છેય-મૂલ-અણવટ્ઠયા ય પારંચિએ ચેવ ॥'**

આલોચન=ગુરુની આગળ કહેવું તે. પ્રતિક્રમણ='મિચ્છામિ દુક્કડં' હૃદયથી કહેવું તે. ઉભય=પહેલા બે. વિવેક=ત્યાગ. ૫. કાઉ૰, ૬. તપ, ૭. ચારિત્ર પર્યાયછેદ.

• **વિનય='ભત્તી-બહુમાણો-વન્નજણણં (પ્રશંસા)-ભાસણમ વન્નવાયસ્સ** (નિંદાનો પ્રતિકાર) । **આસાયણ પરિહાણી'** ... આ પાંચ રીતે

**'નાણસ્સ દંસણસ્સ ય, ચરણસ્સ ય તહ તિવિહજોગસ્સ । વિણઓ લોગુવયારો, સત્તવિહો વિસયભેએણં ॥'** રત્નત્રય, ત્રણ યોગ લોકોપચાર એમ સાત ભેદે વિનય.

**૧. જ્ઞાનજ્ઞાનીની** ભક્તિ-બાહ્ય સેવા સત્કાર, બહુમાન-આંતરપ્રીતિ, સર્વજ્ઞે જોયેલા પદાર્થોનું સમ્યગ્ મનન, યોગોપધાનાદિવિધિ-પૂર્વક જ્ઞાનનું ગ્રહણ અને અભ્યાસ. એમ પાંચ પ્રકારે જ્ઞાનવિનય.

**ભત્તી તહ બહુમાણો, તદિટ્ઠત્થાણ સમ્મભાવણયં ।**

**વિહિગહણ ડબ્ભાસોવિઅ, એસો વિણઓ જિણુદિટ્ઠો ॥**

૨. **દર્શનિની** દર્શન ગુણે અધિકની **શુશ્રૂષા ૧૦ પ્રકારે-' ૧ સક્કારડ ૨ બ્ભુટ્ઠાણે, ૩ સમ્માણા ૪ સણપરિગ્ગહે તહય । ૫ આસણઅણુપ્પયાણં ૬ કિઈકમ્મ ૭ અંજલિગહોઅ ॥ ૮ ઈંતસ્સડહિગચ્છણયા, ૯ ઠિઅસ્સ તહ પજ્જુવાસણા ભણિઆ । ૧૦ ગચ્છંતાણુવ્વયણં, એસો સુસ્સૂસણા વિણઓ ॥'**

**અનાશાતના ૪૫ પ્રકારે-** ૧. **તિત્થયર-૨. ધમ્મ-** ૩. **આયરિય-૪. વાયગે-** ૫. **થેર-** ૬. **કુલ** ૭. ગણે- ૮. સંઘે । ૯. **સંભોઈઅ** ૧૦. **કિરિયાએ ૧૫ મઈનાણાઈણ ય તહેવ ॥' થેરસ્થવિર-** વય-શ્રુત-પર્યાય એ ત્રણ ભેદે. **કુલ**=એક આચાર્યની સંતતિ. ગણ=મિથ:સાપેક્ષ કુલત્રયનો સમુહ. **સંભોગ**=સાધુઓનો પરસ્પર ગોચરી પાણીનો વ્યવહાર. **ક્રિયા**=પરલોક છે, આત્મા છે, મોક્ષ છે વગેરે પ્રરૂપણા. આ ૧૫નો ૩-૩ રીતે અનાશાતના વિનય.

**'૧ આસાયણવજ્જણયા, એસેસિ' તહ ય ૨ ભત્તિ બહુમાણો ૩ વણ્ણસ્સ ય સંજલણં, હોઈ અણાસાયણા વિણઓ ॥** (૩. સદ્ભૂતગુણો પ્રશંસી યશ વધારવો.)

૩. **ચારિત્ર વિનય** ૧૫ પ્રકારે-૫ ચારિત્રx૩ રુચિ-પાલન-પ્રરૂપણા. **'સામાઈઆઈચરણસ્સ ૧ સદહાણં તહેવ કાએણં । ૨ સંફાસણા પરુવણમહ પુરઓ ભવ્વસત્તાણં ॥'** ૪ થી: ૬. **યોગવિનય**-આચાર્યાદિની પ્રત્યે અકુશલ મનવચનકાયાના



વ્યાપારને રોકવા અને કુશલને પ્રવર્તાવવા. **'મણવય કાઈઅવિણઓ, આયરિઆઈણ સવ્વકાલંપિ । અકુસલમણાઈ રોહો, કુસલાણ ઉદીરણં તહ ય ॥'**

૭ મો **લોકોપચાર વિનય** ૭ પ્રકારે- '૧ અબ્ભાસત્થણ ૨ છંદોણુવત્તણં ૩ કયસુપડિકઈ તહય । ૪ કારિઅમિતકરણં ૫ દુક્ખત્તગવેસણા તહય ॥ તહ ૬ દેસકાલજાણણ. ૭ સવ્વત્થેસુ તહાણુકુલત્તં । લોગોપચાર વિણઓ, સત્ત-વિહો હોઈ વિણેઓ ॥' **૧.** માન્યની નિકટમાં રહેવું, **૨.** પૂજ્યની ઈચ્છાને અનુસરવું, **૩.** ઉપકારનો ભક્તિ વગેરેથી બદલો વાળવો, **૪.** જ્ઞાનાદિકાર્ય નિમિતે આહારાદિ આપવા, **૫.** રોગપીડિતને ઔષધાદિનો ઉપચાર, **૬.** દેશકાળને ઉચિત સેવા બજાવવી, **૭.** સેવ્યને સર્વ બાબતોમાં અનુકૂલ રહેવું.

• **વૈયાવચ્ચ** ૧૦ પ્રકારે-

**'આયરિય ઉવજ્ઝાએ થેર તવસ્સીગિલાણસેહાણં ।**

**સાહંમ્મિઅ કુલગણસંઘ-વેચાવચ્ચં હવઈ દસહા ॥'** સેહ=શૈક્ષક, નવદીક્ષિત.

• **સ્વાધ્યાય** ૫-વાચના-સૂત્રાર્થપઠનપાઠન, પૃચ્છા, પરાવર્તન, અનુપ્રેક્ષા (સૂત્રાર્થચિંતન) અને ધર્મકથા.

• **ધ્યાન** ૪-આર્ત્ત, રૌદ્ર, ધર્મ, શુકલ૰. **આર્ત્તધ્યાનના** ૪ ભેદ-ઈષ્ટનોસંયોગ' અનિષ્ટનોવિયોગ, વ્યાધિનો નાશ, અને નિયાણું-એની ચિંતા=મનની લગની. **રૌદ્ર૰ના ૪ ભેદ**-હિંસા, અસત્ય, ચોરી, સંરક્ષણનું ધ્યાન. **ધર્મ૰ના ૪ ભેદ**-(જિનની)આજ્ઞા, અપાય (રાગદ્વેષના ભયંકર પરિણામ), વિપાક (કર્મના ઉદય), સંસ્થાન (૧૪ રાજલોક તથા દ્રવ્યોની સ્થિતિ)-આ ચારનો વિચય=એકાગ્ર વિચાર. **શુકલ૰ના** ૪ પ્રકાર-પૃથક્ત્વવિતર્ક સવિચાર, એકત્વવિતર્ક અવિચાર, સૂક્ષ્મક્રિયાડપ્રતિપાતી, અને **વ્યુપરતક્રિયાનિવર્તી.** (**પૃથકત્વ**=અન્યાન્ય પદાર્થો પર ધ્યાનને જવાની વિવિધતા, **વિતર્ક**=પૂર્વગતશ્રુત. **સવિચાર**=પદાર્થ-શબ્દ-યોગોના સંચરણવાળું. **એકત્વ**=એકજ પદાર્થનું આલંબન. **સૂક્ષ્મક્રિયા**=સૂક્ષ્મ મનોયોગનો નિરોધક સૂક્ષ્મ કાયયોગ હજી અપ્રતિપાતી=પ્રવર્તમાન છે તે. **વ્યુપરતક્રિયા**=યોગનિરોધ.)

• **વ્યુત્સર્ગ**=ત્યાગ. **દ્રવ્યથી** ૪ પ્રકારે-ગણ-દેહ-ઉપધિ-અશુદ્ધ કે અધિક આહારનો. **ગણ**-પરગણમાં જ્ઞાનાદિ ઉપસંપદાર્થે કે જિનકલ્પાદિઅર્થે સ્વસમુદાયને છોડી જવું. **દેહ**-કાયોત્સર્ગ; અથવા સજીવ-નિર્જીવનો વિધિમુજબ યોગ્ય સ્થળે ત્યાગ; તેવી રીતે અધિક કે સદોષ **ઉપધિ**-વસ્ત્ર-પાત્રનો કે **આહારનો** ત્યાગ. **ભાવથી**-કષાયોનો, સંસારનો અને કર્મનો ત્યાગ.

• • •

## બંધ

કષાય, મિથ્યાત્યાદિ આશ્રવોને લીધે આત્મા સાથે લોહ-અગ્નિ કે ખીર-નીરની જેમ થતો કર્મનો એક-મેક સંબંધ તે બંધ કહેવાય. આ કર્મ એ જડ પુદ્ગલ છે. અરૂપી એવો પણ આત્મા અનાદિકાળથી કર્મથી લિપ્ત હોઈ રૂપીવત્ બન્યો છે તેથી નવીન કર્મનો લેપ એને લાગે છે. બ્રાહ્મી કે દારૂ રૂપી છતાં અરૂપી જ્ઞાનને અનુગ્રહ ઉપઘાત કરે છે, તેમ જડ કર્મ અરૂપી આત્માને અસર કરે છે. કર્મના ઉદયે આત્માના સહજ સ્વભાવ અને ગુણ ઢંકાઈ જાય છે અને વિભાવ દશા અને દોષો પેદા થાય છે. જેમ કે નામ કર્મના ઉદયે આત્માનું અરૂપિપણું આવરાઈ શરીર, ત્રસપણું વગેરે થાય છે. માર્ગ પર રાખેલા ઘીના કુબાના ચીકણા મોઢ પર જેમ રજનો ગાઢ સંબંધ થાય છે, તેમ કષાયાદિભાવોમાં વર્તતા આત્માના સર્વ પ્રદેશે સમાન પ્રદેશમાં રહેલા **કર્મવર્ગણાના** પુદ્ગલો સર્વજીવ કરતાં અનંતગુણ રસાણુવાળાં બનીને બંધાય છે; તે હવે **કર્મ** કહેવાય. બંધાતી વખતે જ કર્મના **જ્ઞાનાવરણ** આદિ આઠ, સાત, છ કે એક પ્રકાર પડી જાય છે. ત્યાં જેમ કોઈ સુંઠ વગેરેનો લાડુ (૧) સ્વભાવે વાયુ વગેરેનો નાશક છે (૨) અમુક દિવસ ટકવાની સ્થિતિવાળો છે, (૩) તીખો-મધુર વગેરે રસ (સ્વાદ) વાળો છે, અને (૪) અમુક દળ પ્રમાણ છે; તેમ કર્મમાં સમજવું. તે અનુસારે **બંધ ૪ પ્રકારે-પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ.**

• **૧. પ્રકૃતિ**=સ્વભાવ. બંધાયેલા કર્મનો કોઈનો જ્ઞાન રોકવાનો, કોઈનો દર્શન આવરવાનો, કોઈનો અક્ષય સુખ રોકી શાતા અશાતા આપવાનો-ઇત્યાદિ જે સ્વભાવ નક્કી થાય છે, એ **પ્રકૃતિબંધ** થયો કહેવાય. જૂદા જૂદા સ્વભાવને અનુસારે વહેંચાયેલા કર્મને જૂદી જૂદી કર્મ પ્રકૃતિ કહે છે.

• **૨. સ્થિતિબંધ** એટલે બંધાયેલા કર્મને ટકવાનો કાળ નક્કી થવો તે; જેમકે ૨૦ કોડાકોડી, ૩૦ કોડા-કોડી સાગરોપમ. બંધાયેલું કર્મ ઉદયમાં ન આવે ત્યાં સુધીનો કાળ તે **અબાધાકાળ** કહેવાય. નવીન બંધાયેલા આયુષ્ય કર્મનો, બંધ સમયથી આ જીવનના અંત સુધી, અબાધાકાળ કહેવાય. તે આયુષ્યકર્મના સ્થિતિ કાળ ઉપરાંત સમજવો; જ્યારે બીજા કર્મના પોતાના સ્થિતિકાળમાંનો જ પ્રથમ અમુક કાળ અબાધાકાળ હોય છે. અબાધાકાળ પૂર્ણ થયે તે કર્મના દળીયા ક્રમે ઉદયમાં આવવા માંડે તે જો સંક્રમવગેરે બીજા ફેરફારને ન પામ્યું હોય તો જ્યાં સુધી છેલ્લું દલિક ઉદયમાં આવી રહે ત્યાં સુધીનો કાળ, એ તે કર્મની સ્થિતિ ગણાય.

• **૩. રસબંધ**-કર્મ પ્રકૃતિઓનો તીવ્ર કે મંદ રસ (અનુભાગ) નક્કી થવો. એના અનુસારે વિપાકમાં તીવ્રતા કે મંદતાનો અનુભવ થાય. અશુભ પ્રકૃતિનો



અશુભરસ એકઠાણીયાથી માંડી ચઉઠાણીયા સુધી હોય; શુભકર્મનો શુભરસ બેઠાણીયાથી માંડી ચૌઠાણીયા સુધી હોય. દા.ત. ગળો કે શેરડીના રસનો સહજ જઘન્ય (મંદ) સ્વાદ એ એક ઠાણીયો. એ અગ્નિપર ઉકળવાથી બળી જઈ અડધો રહ્યો, સ્વાદમાં પૂર્વ કરતાં તીવ્રતા થઈ, તે બેઠાણીઓ રસ, વળી ઉકળવાથી મૂળનો ત્રીજો ભાગ રહ્યો, અધિક તીવ્ર તે ત્રિઠાણીઓ રસ. અને માત્ર ચોથો ભાગ રહ્યે, અત્યંત તીવ્ર થયો તે ચઉઠાણીયો રસ. આ રીતે અધ્યવસાયના અનુસારે કર્મના રસમાં મંદતા-ઉગ્રતા નક્કી થાય.

• **૪. પ્રદેશબંધ**-કર્મપ્રકૃતિઓમાં પુદ્ગલસ્કંધોનું પ્રમાણ નક્કી થવું.

પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ યોગની તીવ્ર મંદતાને અનુસારે થાય; અને સ્થિતિ-રસનો બંધ કષાયના અનુસારે થાય. ત્યાં **સંક્લેશ** (તીવ્ર કષાય અર્થાત્ અશુભ અધ્યવસાય)થી શુભ કે અશુભ કર્મની સ્થિતિ દીર્ઘ બંધાય, પરંતુ શુભ કર્મનો રસ મંદ અને અશુભ કર્મનો રસ તીવ્ર બંધાય; જ્યારે **વિશુદ્ધિ** (કષાયની મંદતા-શુભ અધ્યવસાય)થી સ્થિતિ શુભ કે અશુભ કર્મની ઓછી બંધાય, પરંતુ રસ શુભ કર્મનો તીવ્ર અને અશુભનો મંદ બંધાય.

• **૮ કર્મ પ્રકૃતિના દૃષ્ટાન્ત :** આંખે પાટાની જેમ **જ્ઞાનાવરણ** વસ્તુને જાણવા નથી દેતું. **દર્શનાવરણ** રાજાના પોળીયાની જેમ દર્શન અટકાવે છે. **વેદનીય** મધલેપેલી ખડ્ગધારાને ચાટવાની જેમ શાતા અશાતા આપે છે. **મોહનીય** મદિરાની જેમ જીવને ઉન્મત્ત-પરવશ બનાવે છે. **આયુષ્ય** બેડીની જેમ જીવને શરીરમાં ધરી રાખે છે. **નામકર્મ** ચિતારાની જેમ શુભાશુભ રૂપો કરે છે. **ગોત્ર** પૂજ્ય-અપૂજ્ય ઘડા ઘડતા કુંભારની જેમ ઊંચનીચપણું કરે છે. ભંડારી જેમ રાજાને તેમ **અંતરાય** કર્મ જીવને દાનાદિ ન કરવા દે.

• **સ્થિતિ ઉત્કૃષ્ટી**-જ્ઞાનાવરણ, દર્શના૰, વેદનીય અને અંતરાયની ૩૦ કોડાકોડી સાગરોપમ, મિથ્યાત્વ મોહનીયની ૭૦ કોડાકોડી૰, કષાય મોહનીહની ૪૦ કોડાકોડી૰, નામ૰-ગોત્રની ૨૦ કોડાકોડી૰, અને આયુષ્ય કર્મની ૩૩ સાગરોપમ.

• **જઘન્ય સ્થિતિ**-વેદનીયની ૧૨ મુહૂર્ત, નામ-ગોત્રની ૮ મુહૂર્ત, અને બાકીનાની અંતર્મુહૂર્ત. વીતરાગને માત્ર યોગપ્રત્યયિક (ઈર્યાપથિક) કેવળ **શાતા**નો બંધ હોય. તેની સ્થિતિ ૧ સમયની, અર્થાત્ બંધના પછીના જ સમયે વેદાઈ તરત જ ક્ષય પામે.

• **રસ**-મતિજ્ઞાનાવરણાદિ ૪, ચક્ષુદર્શના૰ ૩, સજવલન કષાય ૪, પુંવેદ ૧ અંતરાય ૫=૧૭ પ્રકૃતિનો ૯મે ગુણઠાણે એક ઠાણીયો રસ બંધાય, કેમકે અશુભનો

એક ઠાણીયો રસ બાંધવાની યોગ્યતા ત્યાં છે. બીજા અશુભ કર્મ ત્યાં બંધાતા નથી તેથી તેનો એકઠાણીયો રસ ન હોય. ૯માંથી નીચે ૨-૩-૪ ઠાણીયો રસ બંધાય.

● **પ્રદેશ-** બંધાએલા કર્મમાંથી સૌથી થોડો દલ સમૂહ આયુષ્યને, નામ-ગોત્રને એથી અધિક અને પરસ્પરમાં સમાન, એથી ક્રમશઃ અધિકાધિક અંતરાય, આવરણ, મોહનીય અને વેદનીયને ભાગે આવે. વેદનીયના દળીયાં ખૂબ હોય ત્યારે સ્પષ્ટ સુખ દુઃખનો અનુભવ થાય, તેથી તેને ઘણો ભાગ.

• • •

## મોક્ષ

સકલ કર્મનો ક્ષય થઈ પ્રગટ થવું. આત્માનું સર્વથા શુદ્ધ સ્વરૂપ તે મોક્ષ. સુવર્ણ અને માટીનો મૂળથી સંયોગ છતા ખારાદિપ્રયોગથી જેમ સુવર્ણ સર્વથા શુદ્ધ થઈ શકે છે, તેમ સમ્યગદર્શન, જ્ઞાન અને ચારિત્રની આરાધનાથી અનાદિ કર્મસંયોગનો નાશ થઈ ભવ્ય આત્મા સર્વથા શુદ્ધ-સિદ્ધ-બુદ્ધ-મુક્ત થઈ શકે છે. મુક્ત થયેલાને ફરી કદી કર્મનો સંયોગ થતો નથી એટલે હવે અક્ષય-અનંત-અવ્યાબાધ સુખ, અનંત જ્ઞાન, અનંત દર્શન અને અનંત વીર્ય એ ચાર અનંતાની નિત્ય સ્થિતિ હોય છે. એમ તો આઠ કર્મના નાશથી મૂળ આઠ ગુણ પ્રગટ થાય છે.

મોક્ષ તત્ત્વનો અને બીજા પણ તત્ત્વોનો **નવદ્વારોથી** વિચાર (વ્યાખ્યાન) થઈ શકે છે.

**૧. સત્પદ પ્રરૂપણા-** તે તે પદ (=નામ)વાળી વસ્તુની સત્તાની ગતિ વગેરે માર્ગણા સ્થાનોમાં પ્રરૂપણા=કથન, વિચારણા, **૨. દ્રવ્ય પ્રમાણ**-એ વસ્તુ પ્રમાણમાં કેટલી છે ? **૩. ક્ષેત્ર**-કઈ કે કેટલી જગામાં રહી છે ? **૪. સ્પર્શના**-વસ્તુ સાથે કેટલા આકાશ પ્રદેશનો સ્પર્શ છે ? પરમાણુનું ક્ષેત્ર ૧ આકાશ પ્રદેશ, સ્પર્શના ૭ આકાશ પ્રદેશ. **૫. કાળ**-કેટલી એની સ્થિતિ છે ? **૬. અંતર**-એ વસ્તુ ફરી બનવામાં વચ્ચે કેટલા કાળનું આંતરૂં-વિરહ પડે ? **૭. ભાગ**-તે વસ્તુ સ્વજાતીયની કે પરની અપેક્ષાએ કેટલામે ભાગે છે ? **૮. ભાવ**-ઔદયિક વગેરે પાંચ ભાવમાંથી કયા ભાવે એ વસ્તુ વર્તે છે ? **૯. અલ્પ બહુત્વ**-વસ્તુના ભેદમાં પરસ્પર ન્યૂનાધિકતા બતાવવી.

**૫ ભાવ- ૧. ઔદયિક**-કર્મના ઉદયથી થતો, જેમ કે અજ્ઞાન, નિદ્રા, ગતિ, શરીર વગેરે. **૨. પારિણામિક**-અનાદિનો તેવો પરિણામ, જીવત્વ, ભવ્યત્વ વગેરે. **૩. ઔપશમિક**-મોહનીય કર્મના ઉપશમથી થતો, સમ્યગ્ ચારિત્ર અને



**૪. ક્ષાયોપશમિક**-ઘાતિ કર્મના ક્ષયોપશમથી થતો. જ્ઞાન, દર્શન વગેરે. **૫. ક્ષાયિક**-કર્મના ક્ષયથી થતો. કેવલજ્ઞાન, સિદ્ધત્વ વગેરે. મોક્ષ શબ્દ એ શુદ્ધ (એક, અસમાસ) પદ છે, માટે મોક્ષ સત્-વિદ્યમાન છે, પરંતુ બે પદવાળા આકાશપુષ્પની જેમ અસત્ નથી.

એ મોક્ષની વિચારણા **૧૪ માર્ગણા** દ્વારોથી થાય છે.

**૧૪ માર્ગણા**-૧. ગતિ ૪, ૨. ઇંદ્રિય ૫, ૩. કાય ૬, ૪. યોગ ૩, ૫. વેદ ૩, ૬. કષાય ૪, ૭. જ્ઞાન અજ્ઞાન ૮, ૮. સંયમ ૭, ૯. દર્શન ૪, ૧૦. લેશ્યા ૬, ૧૧. ભવ્યત્વ ૨, ૧૨. સમ્ય૦ ૬, ૧૩. સંજ્ઞી૦ ૨, ૧૪. આહારક૦ ૨. (**૭ સંયમ**-સામાયિકાદિ ૫, દેશવિરતિ અને અવિરતિ. **૬ સમ્યક્ત્વ**-ક્ષાયિક, ક્ષાયોપ૦, ઔપ૦, મિશ્રમોહ૦, સાસ્વાદન, મિથ્યાત્વ) કુલ ૬૨ માર્ગણા.

આમાંથી મનુષ્ય ગતિ, પંચેંદ્રિય, ત્રસકાય, ભવ્યત્વ, સંજ્ઞિ, યથાખ્યાત ચારિત્ર, ક્ષાયિકસમ્યક્ત્વ, અનાહારક, કેવલજ્ઞાન-દર્શન,-આટલી માર્ગણાએ મોક્ષ થાય; બાકીમાં નહિ. યોગ વેદ વગેરે શૈલેશી વખતે છે જ નહિ માટે ન ગણ્યા.

## નવ તત્ત્વનો પ્રભાવ

જીવ અજીવ વગેરે નવ તત્ત્વોને જાણવાથી સમ્યક્ત્વ-સમ્યગદર્શન પ્રગટ થાય છે. એટલું જ નહિ, પણ નવ તત્ત્વના વિસ્તૃત સ્વરૂપને ન જાણતો છતાં 'આ તત્ત્વો જ સાચાં' એવી ભાવથી શ્રદ્ધા કરનારો પણ સમ્યક્ત્વ પામે છે.

કારણ કે, 'સર્વજ્ઞ એવા શ્રી જિનેશ્વરદેવોનાં સર્વ વચન સત્ય હોય છે, પણ એકેય વચન મિથ્યા નથી હોતું' આ બુદ્ધિ જેના મનમાં છે, તેનામાં દૃઢ સમ્યક્ત્વ છે. રાગ, દ્વેષ કે અજ્ઞાનને લીધે જૂઠું બોલાય, પણ તે તો એમનામાં છે નહિ.

એક અંતર્મુહૂર્ત પણ જેને સમ્યક્ત્વ સ્પર્શ્યું હોય, તે સંસારમાં અર્ધ પુદ્ગલપરાવર્તથી અધિક કાળ ન રહે. અનંતા કાળ ચક્રો = એક પુદ્ગલપરાવર્ત. અનંતા પુદ્ગલપરાવર્ત=અતીત કાળ. અતીતકાળથી અનંતગુણ=અનાગતકાળ.

જૈન દર્શનને વિશે **જયારે** પણ પ્રશ્ન થાય કે અત્યાર સુધીમાં કેટલા જીવ મોક્ષે ગયા ત્યારે ત્યારે એનો ઉત્તર એ છે કે એક નિગોદમાં રહેલા અનંતાનંત જીવોના **અનંતમા ભાગ** જેટલી જ સંખ્યા મોક્ષે ગયેલાની છે.

● **દ્રવ્ય પ્રમાણ**- સિદ્ધો અનંતા છે, સર્વ જીવથી અનંતમે ભાગે અને સર્વ અભવ્યોથી અનંતગુણ છે. ● **ક્ષેત્ર**-એક કે સર્વ સિદ્ધ લોકના અસંખ્યાતમા ભાગની અવગાહ તથા **સ્પર્શના** વાળા છે. અવગાહ ક્ષેત્ર કરતાં સ્પર્શના એ આજુબાજુએ સ્પૃષ્ટ આકાશ પ્રદેશોથી અધિક છે. ● **કાલ**-એક સિદ્ધની અપેક્ષાએ સાદિઅનંત. ● **અંતર**-સિદ્ધપણામાંથી ચ્યવી બીજે જઈ આવી ફરી સિદ્ધ થાય તો અંતર પડ્યું કહેવાય, પણ કદી ચ્યવવાનું નથી માટે અંતર નથી. ● **ભાગ**-સર્વ જીવોના અનંતમે ભાગે. ● **ભાવ**-સિદ્ધોનું કેવળજ્ઞાનદર્શન ક્ષાયિક ભાવે છે. ● **અલ્પબહુત્વ**-સૌથી થોડા નપુંસકપણે થયેલા સિદ્ધ છે, (નપું૰ તે જન્મથી નહિ, પણ કૃત્રિમ-પાછળથી થયેલા), એનાથી સંખ્યાતગુણ સ્ત્રીપણે થયેલા સિદ્ધ, એથી સંખ્યાતગુણ પુરુષપણે થયેલા સિદ્ધ છે.

મનુષ્ય, વૈમા૰ કે જ્યો૰ એ ત્રણના સ્ત્રીપણામાંથી આવેલા મનુષ્યો એક સમયે ઉત્કૃષ્ટથી ૨૦ મોક્ષે જઈ શકે. તેવી રીતે તિર્યંચ સ્ત્રી, મનુષ્ય-જ્યો૰-ભવન૰-વ્યંતરના પુરુષ, પહેલી ૩ નરક, થી આવેલા ઉત્કૃષ્ટ ૧૦; વનસ્પતિથી આવેલ ૬; ભવન૰ની સ્ત્રીથી આવેલ ૫; પૃથ્વી-અપ્૰ ૪થી નરકથી આવેલા ૪ અને વૈમા૰ પુરુષથી આવેલ ઉત્કૃષ્ટ ૧૦૮ એક સમયે સિદ્ધ થઈ શકે.

મધ્યમ કાયાએ-તિર્છાલોકે-કર્મભૂમિમાં-પુરુષ-સ્વલિંગે (જૈન સાધુવિષે) ઉત્સર્પિણી અવસર્પિણીના ૩જા ૪થા આરામાં..... ૧૦૮; પ્રત્યેક વિજયમાંથી કે અવસ૰ના ૫ મા આરામાં, કે સ્ત્રીલિંગે...૨૦; તેવી રીતે અધો લોકમાંથી ૨૦, મતાન્તરે ૨૨ કે ૪૦; અકર્મભૂમિમાં વૈરી દેવથી લઈ જવાએલા, કે અન્યલિંગે, કે નપુંસક..... ૧૦; નંદનવને-ઉર્ધ્વલોકે-૨ હાથનીકાયાએ-ગૃહિલિંગે.....૪; પાંડુકવને-સમુદ્રે-૫૦૦ ધનુ-કાયાએ.....૨; નદીજળે..... ૩, અવસ૰ના ૧-૨-૬ઠા આરામાં, ઉત્સર્પિણીના ૧-૨-૫-૬ આરામાં દેવસંહૃત.....૧૦ ઉત્કૃષ્ટ એક સમયે સિદ્ધ થાય.

● **સતત કેટલા સમય સુધી કેટકેટલા મોક્ષે જઈ શકે ?**

પ્રત્યેક સમયે ૧ કે ૨..... યાવત્ ૩૨ મોક્ષે જાય તો વધુમાં વધુ તેવું લાગટ ૮ સમય સુધી જ બને, પછી આંતરૂં પડે જ. તેવી રીતે ૩૩ થી ૪૮ સુધી..... લાગટ ૭ સમય, ૪૯ થી ૬૦..... ૬, ૬૧ થી ૭૨..... ૫, ૭૩ થી ૮૪..... ૪, ૮૫ થી ૯૬..... ૩, ૯૭ થી ૧૦૨..... ૨, ૧૦૩ થી ૧૦૮..... ૧ સમય.



● ૪૫ લાખ યોજનપ્રમાણ મનુષ્ય લોકમાંથી જ મનુષ્ય જ મોક્ષે જાય. લોકની ટોચે સિદ્ધશિલા પણ તેટલા માપની. ભરત ઐરવતમાં ૩જા ૪થા આરામાંજ જન્મેલો અને મહાવિદેહમાં સદા મોક્ષે જઈ શકે. યથાખ્યાત ચારિત્રી કેવલીજ મોક્ષે જાય. કોઈ સિદ્ધિ પામ્યા પછી વધુમાં વધુ છ માસે તો બીજા આત્માની સિદ્ધિ થાય જ. જેટલા આત્મા સિદ્ધ થાય તેટલા જીવ અનાદિ નિગોદમાંથી બહાર નીકળે. **અસંખ્યગુણા**-સંહૃત કરતાં જન્મક્ષેત્રે સિદ્ધ, ઉર્ધ્વ કરતાં અધોલોકે, તે કરતાં તિર્ચ્છા લોકે સિદ્ધ, સમુદ્ર કરતાં દ્વીપોમાંથી; ઉત્સ૰અવસ૰ કરતાં મહાવિદેહમાંથી; (ઉત્સ૰ કરતાં અવસ૰માં વિશેષાધિક), તિર્યંચમાંથી આવીને સિદ્ધ થયેલા કરતાં મનુષ્યમાંથી આવીને સિદ્ધ થયેલા, તે કરતાં નરક....., તે કરતાં દેવ....., અતીર્થ સિદ્ધ કરતાં તીર્થસિદ્ધ,

● **ચરમ ભવની અપેક્ષાએ સિદ્ધના ૧૫ ભેદ**-૧ કોઈ **જિનસિદ્ધ** (તીર્થંકર થઈને સિદ્ધ) ૨. કોઈ (સંખ્યાતગુણા) **અજિનસિદ્ધ**, અથવા ૩. કોઈ **તીર્થસિદ્ધ** (તીર્થ સ્થપાયા પછી મોક્ષે ગયેલા), ૪. કોઈ **અતીર્થસિદ્ધ** (મરુદેવા); અથવા ૫. **ગૃહસ્થલિંગ** સિદ્ધ (ગૃહસ્થવેષે કેવળજ્ઞાન પામ્યા, ભરત વગેરે), ૬. **અન્યલિંગ** સિદ્ધ (તાપસાદિ વલ્કલચીરી), ૭. **સ્વલિંગસિદ્ધ** (સાધુવેષે); અથવા ૮-૯-૧૦. **સ્ત્રી-પુરુષ-નપુંસકલિંગે** સિદ્ધ (નપું૰ ગાંગેય); અથવા ૧૧. **પ્રત્યેકબુદ્ધ સિદ્ધ** (વૈરાગજનક નિમિત્ત પામી વિરાગી અને કેવળી થયેલ, કરકંડુ), ૧૨. **સ્વયંબુદ્ધ** સિદ્ધ (કર્મસ્થિતિ લઘુ થવાથી બુદ્ધ, કપિલ), ૧૩. **બુદ્ધ બોધિત** (ગુરુથી ઉપદેશ પામી); અથવા ૧૪. **એક સિદ્ધ** (એક સમયમાં એક, શ્રી વીરવિભુ) ૧૫. **અનેક** સિદ્ધ. ૫ મા ૬ ઠ્ઠા ભેદ અંગે ધ્યાનમાં રાખવું કે પૂર્વ ભવમાં ચારિત્રની ખૂબ સાધના કરી છે.

**:: નવ તત્ત્વ સમાપ્ત ::**

# દંડક

**દંડક પદ=**

૧. આગમના મહત્ત્વવાળા પાઠ એ દંડક, દા.ત. 'સામાયિક દંડક ઉચ્ચરાવોજી,' એમાંના વાક્ય તે દંડક પદ. અથવા

૨. જીવો જ્યાં કર્મથી દંડાય છે, તે સ્થાનો દંડક પદ; નારક વગેરે.

**૨૪ દંડક :** ૧ સાત નારકનો+૧૦ ભવનપતિના + સ્થાવરના + ૩ વિકલેન્દ્રિયના + ૨ ગર્ભજ તિર્યંચ મનુષ્યના + ૩ વ્યંતર જ્યો૦ વૈમાનિકના=૨૪.

**પ્ર૦** આમજ **ગણતરી** કેમ ? ઉ૦ સૂત્રકારની વિવક્ષા એવી માટે

આ ૨૪ દંડકમાં સંક્ષેપથી જાણવા યોગ્ય ૨૪ દ્વાર છે. સંક્ષેપથી પદાર્થોના સંગ્રહ કરનારા આ ગ્રન્થને સંગ્રહણી કહે છે.

● **૨૪ દ્વાર :** ૧. શરીર ૫,- ૨. અવગાહના,- ૩. સંઘયણ ૬,- ૪. સંજ્ઞા ૪, ૬, ૧૦, ૧૬,- ૫. સંસ્થાન ૬,- ૬. કષાય ૪,- ૭. લેશ્યા ૬,- ૮. ઇંદ્રિયો - ૯. સમુદ્ઘાત ૭,- ૧૦. દૃષ્ટિ ૩,- ૧૧. દર્શન ૪,- ૧૨. જ્ઞાન ૫,- ૧૩. અજ્ઞાન ૩,- ૧૪. યોગ ૧૫,- ૧૫. ઉપયોગ ૧૨,- ૧૬. ઉપપાત,- ૧૭. ચ્યવન,- ૧૮. સ્થિતિ,- ૧૯. પર્યાપ્તિ ૬,- ૨૦. કિમાહાર,- ૨૧. સંજ્ઞા ૩,- ૨૨. ગતિ,- ૨૩. આગતિ,- ૨૪. વેદ ૩. પ્રસંગવશાત્ અલ્પ-બહુત્વ.

**૨૪ દ્વારને સહેલાઈથી યાદ રાખવા અનુકૂલ વિભાગ**

| | | | |
|---|---|---|---|
| શરીર | સંજ્ઞા ૪ | દૃષ્ટિ | ઉપપાત |
| અવગાહના | કષાય | દર્શન | ચ્યવન |
| સંઘયણ | લેશ્યા | જ્ઞાન | સ્થિતિ |
| સંસ્થાન | સમુદ્ઘાત | અજ્ઞાન | કિમાહાર |
| ઇંદ્રિય | યોગ | ઉપયોગ | ગતિ |
| પર્યાપ્તિ | વેદ | સંજ્ઞા ૩ | આગતિ |

## ૨૪ દ્વારોની સમજૂતી

(૧) **શરીર ૫-૧. ઔદારિક** (૧) ઉદાર ગુણવાળું (i) તીર્થંકર દેવો, ગણધર મહારાજ વગેરેને હોવાથી, (ii) મોક્ષ, ચારિત્ર અને અનંત લબ્ધિઓનું અનન્ય સાધન; અથવા (૨) ઉદાર (સ્થૂલ) પુદ્ગલવાળું, કે (૩) સૌથી વધારે સહજ ઊંચાઈ (દસ હજાર યોજન) વાળું. **૨.** (i) **વૈક્રિય :** વિવિધ ક્રિયાવાળું (નાનું, મોટું,



ભારે, અદૃશ્ય, અનેક, વગેરે થઈ શકે). (ii) વિશિષ્ટ ક્રિયાવાળું (અદભુત-સૂક્ષ્મ પુદ્ગલનું, સુંદર સાધિક લાખ જોજનનું થઈ શકે. **૩. આહારક**-વિચરતા તીર્થંકર દેવની ઋદ્ધિ જોવા કે સંશય પડે ત્યારે આહારક લબ્ધિવાળા ચૌદ પૂર્વધર મુનિઓ વૈક્રિય કરતાંય અતિ દેદીપ્યમાન અને સૂક્ષ્મ પુદ્ગલોનું આ શરીર બનાવે છે. સ્થૂલ ઔદારિક પુદ્ગલોના પર્વતોની વચમાંથી પણ અસ્ખલિત પણે પસાર થઈ જાય છે. આ શરીર અને મૂળ શરીરની વચમાં અખંડ આત્મપ્રદેશો વિસ્તૃત છે. **૪. તૈજસ**-બાહ્ય શરીરમાં ગરમી અને પેટમાં પાચન શક્તિ આંતર તૈજસ લઈને છે. આ અને કાર્મણ શરીર પ્રવાહથી અનાદિકાળથી આત્મા સાથે સંકળાયેલાં છે. ફક્ત એનાં પુદ્ગલો બદલાયા કરે છે. તપસ્યા આદિથી ઉત્પન્ન તેજો કે શીતલેશ્યાથી તૈજસ પુદ્ગલો દ્વારા સામાને બાળી કે ઠારી શકાય છે. **૫. કાર્મણ** જગતમાં ઉપયોગી થઈ શકે એવા આઠ પ્રકારના પુદ્ગલ સ્કંધ(વર્ગણા)માંના આઠમા સૌથી સૂક્ષ્મ પરિણામવાળાં કાર્મણ વર્ગણાના પુદ્ગલો જીવની સાથે બંધાઈને બનેલ આઠ પ્રકારના કર્મના જથાને કાર્મણ શરીર કહે છે.

(૨) **અવગાહના :** શરીરની ઉત્કૃષ્ટ જઘન્ય ઊંચાઈ.

(૩-૪) **સંઘયણ-સંસ્થાન**નું વર્ણન આગળ નવ તત્ત્વમાં પુણ્ય પાપ તત્ત્વમાં છે.

(૫) **ઇન્દ્રિય**-ઇન્દ્રિય એટલે ઇન્દન (સમૃદ્ધિ)શાલી આત્મા, તેની; અર્થાત્ તેને જણાવનારી તે ઇંદ્રિય, એ પાંચ છે. દરેકનાં બબ્બે ભેદ-**દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય.** દ્રવ્યેન્દ્રિયના બે ભેદ-**નિર્વૃત્તિ૦** અને **ઉપકરણ૦**, તેમ ભાવેન્દ્રિયના બે પ્રકાર- **લબ્ધિ૦** અને **ઉપયોગ૦. નિર્વૃત્તિ** પણ બે પ્રકારે- બાહ્ય અને આભ્યન્તર. જીવોને બાહ્ય નિર્વૃત્તિ એટલે ઇન્દ્રિયોના બાહ્ય અવયવના આકારની બનાવટ, જૂદી જૂદી જાતની હોય છે, પણ આભ્યન્તર નિર્વૃત્તિ (અંદરના અવયવની આકૃતિ) એક સરખી હોય છે. માત્ર સ્પર્શનેન્દ્રિયનો અંદરનો આકાર પણ સૌ સૌના શરીરના ઘાટે છે, કેમકે તે ચામડીમાં રહે છે. અભ્યન્તરમાં રસનેદ્રિય અસ્ત્રાના આકારે, ઘ્રાણેંદ્રિય પડઘમ જેવી, ચક્ષુ૦ ચંદ્રના આકારે, અને શ્રોત્ર૦ કદબ પુષ્પના આકારે છે. **ઉપકરણ** એટલે તે તે વિષયને જાણવામાં ઉપકારક શક્તિ; તે પણ આહારના પુદ્ગલમાંથી શરીર બન્યા પછી બનેલી છે, અને નિર્વૃત્તિમાં રહે છે. જ્ઞાનદર્શનાવરણના ક્ષયોપશમથી પ્રાપ્ત થયેલ આત્મિક જ્ઞાન-શક્તિ એ **લબ્ધિ** ભાવેન્દ્રિય. અને એ શક્તિની જાગ્રતિ, અર્થાત્ જ્ઞાનના ઉદયની સન્મુખ એવું ચૈતન્ય-સ્ફુરણ એ **ઉપયોગ** ભાવેન્દ્રિય. નિર્વૃત્તિ હયાત છતાં રોગાદિથી ઉપકરણ હણાયાથી રસ વગેરેનું જ્ઞાન નથી થતું; સૂક્ષ્મ ઉપકરણ એ નિર્વૃત્તિના આધારે છે અને નિર્વૃત્તિ સાથે એકમેક છે તેથી નિર્વૃત્તિ પણ ઇંદ્રિય.

(૬) **પ્રર્યાપ્તિ**-નું વર્ણન નવતત્ત્વમાં છે.

(૭) **સંજ્ઞા**-(મતિજ્ઞાનાદિ એ **જ્ઞાનસંજ્ઞા.**) કર્મના ઉદય કે ક્ષયોપશમથી થાય તે **અનુભવ. સંજ્ઞા=અભિલાષ;** તે ચાર. **આહાર, ભય, મૈથુન, પરિગ્રહ.** ક્રમે અશાતા-ભય-વેદ-લોભ કર્મના ઉદયે જન્મે. એ ચારમાં મતિજ્ઞાન અને દર્શન આવરણના ક્ષયોપશમે થતી **ઓઘ** અને **લોક** સંજ્ઞા ભળતાં છ થાય. પૂર્વ સંસ્કારે, મોઘમ કે સામાન્ય જીવને ઓઘ સંજ્ઞા જન્મે. જેમકે જન્મતાં જ બાળક સ્તનપાન કરે છે, વેલડી સપાટ ભૂમિ ત્યજી વૃક્ષ કે ભીંત ઉપર ચડે છે. એ છમાં **ચાર કષાય** ભળતાં ૧૦ થાય. અને **મોહ** (મમતા) **ધર્મ, સુખ,** (રતિ), **દુઃખ, જુગુપ્સા, શોક,** એ છ ભળતાં ૧૬ સંજ્ઞા થાય.

બીજી (૧૮)- **૩ સંજ્ઞા** (સમજ)- ૧. **હેતુવાદોપદેશિકીસંજ્ઞા=** માત્ર વર્તમાન ઈષ્ટાનિષ્ટ વિષયમાં પ્રવૃત્તિ-નિવૃત્તિ કરાવનાર સમજ. આથી ભૂત-ભવિષ્યના દુઃખના સ્થાનના ખ્યાલ વિનાજ વર્તમાન દુઃખ ટાળવા કે સુખ લેવા પ્રવૃત્તિ કરે; જેમકે વિકલેંદ્રિય, અસંજ્ઞિ પંચેંદ્રિય. 'હેતુવાદ'નું એટલે વર્તમાન પૌદ્ગલિક ઈષ્ટાનિષ્ટના નિમિત્તનું 'ઉપદેશ'- કથન છે જેમાં તે હેતુવાદોપદેશિકી. ૨. **દીર્ઘકાલિકી સંજ્ઞા=** ભૂત-ભાવિ કાળની વિચારણા શક્તિ. આથી પૂર્વ આનું કેમ હતું ? ભવિષ્યમાં શું પરિણામ આવે ? ઈત્યાદિ વિચારણા કરી શકે. આવા જીવો સંજ્ઞિ પંચેંદ્રિ હોય; બીજા અસંજ્ઞી. ૩. **દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા=** સમ્યગ્દર્શનીનું કે વિશિષ્ટ દૃષ્ટિવાદ શ્રુતધરનું મોક્ષોપયોગી હેયોપાદેયાદિનું જ્ઞાન.

(૮) **કષાય**-નવતત્ત્વમાં કહ્યા મુજબ-

(૯) **૬ લેશ્યા**-આત્મામાં સારી નરસી લાગણી રૂપ ભાવ લેશ્યાને ઉત્પન્ન કરનાર જે યોગાન્તર્ગત પુદ્ગલ દ્રવ્યો તે દ્રવ્ય લેશ્યા. તે પોતાના રંગના અનુસારે નામવાળી અને લાગણી પેદા કરનારી હોય છે તે છ પ્રકારે છે, અને છ દૃષ્ટાન્તો છે.

| નામ | રંગ | જાંબુ લેનારનું દૃષ્ટાન્ત | લૂંટારાનું દૃષ્ટાન્ત |
|---|---|---|---|
| કૃષ્ણ | અતિકાળી | મૂળમાંથી ઝાડ કાપીએ | મનુષ્ય, ઢોર બધાને મારો |
| નીલ | ઓછી કાળી | મોટાં ડાળાં | મનુષ્યોને |
| કાપોત | ભુખરી | નાની ડાળી | પુરુષોને |
| તેજો | લાલ | લુમખાં | શસ્ત્રવાળાને |
| પદ્મ | આછી પીળી | માત્ર જાંબુ તોડીએ | સામે થનારને |
| શુક્લ | ધોળી | નીચે પડેલા ખાઈએ | માર્યા વિના માત્ર માલ લઈ લો. |



આમાં પહેલી ત્રણ અશુભ લેશ્યા છે વસતી ઓછી દુર્ગંધી કડવી, કર્કશ અને ક્રૂરભાવ કરનારી છે.

છેલ્લી ત્રણ શુભ લેશ્યા સુગંધી મીઠી, સુંવાળી અને શાંત ભાવ કરનારી છે.

કેટલાયને આ લેશ્યા જન્મસ્વભાવરૂપે હોય છે. દેવનારકના ભવની લેશ્યા તે ભવની પહેલાં અને પછી અંતર્મુહૂર્ત લેવા મૂકવા જાય છે. તે ભવમાં અમુક અમુક લેશ્યા નિયત છે. મનુષ્ય તિર્યંચને અંતર્મુહૂર્ત લેશ્યા ફરતી હોય છે.

● **૭ સમુદ્ઘાત**-(૧) **અજીવ સમુદ્ઘાત**=વિસ્રસા પરિણામથી થતો અચિત્ત મહાસ્કંધ જે માત્ર ચાર સમયમાં દંડ-કપાટ-મંથાન-અંતરપૂરણથી ચૌદ રાજલોકમાં વ્યાપે છે તે. (૨) **જીવ સમુદ્ઘાત** ૭ પ્રકારે.

**સમ્**-એકી સાથે, **ઉત્**-પ્રબળતાથી આત્મપ્રદેશ બહાર નીકળીને **ઘાત**-કર્મનાશ જે યત્નમાં થાય તે યત્નને **સમુદ્ઘાત** કહેવાય. આમાં ઉદીરણાથી કર્મ ઉદયાવલિકામાં પેસી ઉદય પામી નાશ પામે.

૧. **વેદના** સમુદ્ઘાત-જ્યાં અત્યંત અશાતાએ વ્યાકુલ આત્મા આત્મપ્રદેશોને બહાર કાઢી ઉદરાદીના પોલાણ અને ખભાદિના આંતરાપૂરી શરીરની ઊંચાઈ પ્રમાણ દંડકાર થાય તે. આમાં અશાતાની ઉદીરણા ૨. **કષાયસમુદ્ઘાતમાં** કષાયવ્યાકુલ આત્મા... ૩. **મરણ**૦-જેથી મરણ પૂર્વે અંતર્મુહૂર્તે વ્યાકુલઆત્મા આત્મપ્રદેશને ઠેઠ નવો જન્મ લેવાના સ્થાન સુધી ઉત્કૃષ્ટ અસંખ્ય યોજન લંબાવી કોઈક પુનઃસંકોચી પુનઃ લંબાવી, અંતર્મુહૂર્ત તેમ રહી મરે. આમાં આયુની ઉદીરણા. ૪. **વૈક્રિય**૦-જ્યાં વૈક્રિય લબ્ધિ વિકુર્વે અને ઉત્કૃષ્ટ સંખ્યાત યોજન આત્મપ્રદેશને શરીર પ્રમાણ દંડાકારે લંબાવી વૈક્રિયનામકર્મને ઉદીરી અને વેદી વૈક્રિય પુદ્ગલો લઇ વૈક્રિય શરીર રચે. ૫ **આહારક**૦-જ્યાં આહારક લબ્ધિ... ૬. **તૈજસ**૦-જ્યાં તે જોકે શીત લેશ્યા મુકવા માટે તેજો લબ્ધિ... ૭. **કેવળી**૦-વેદનીય, નામ, અને ગોત્રને આયુષ્યની સમાન સ્થિતિવાળા કરવા ચાર સમયમાં સંહરવાનો પ્રયત્ન, આમાં નામ ગોત્રની ઉદીરણા તેમજ ચાર અઘાતિનો (આયુના રસની) અપવર્તના (i) વૈ૦આ૦તે૦ સમુદ્ઘાતતે લબ્ધિ ફોરવનારને અવશ્ય હોય, બાકીના નિયત નહિ. (ii) કષાયસમુદ્ઘાતમાં નવા કર્મ ઘણાં ગ્રહણ થાય. કેવલિ૦ સિવાય બીજામાં પાંચ ક્રિયા અંગે બંધ થાય. વેદના૦ મરણ૦ કેવલિ૦માં પૂર્વનાં કર્મ ખપે, વૈ૦આ૦તે૦ માં તે જાતનાં કર્મ ખપે, અને તે શરીર બનાવવા પુદ્ગલનું ગ્રહણ થાય. (iii) વૈ૦આ૦તે૦ તથા કેવળી૦ એ આભોગિક (ઇરાદા પૂર્વકના) છે, બાકીના અનાભોગિક.

(૧૧) ૧૫ **યોગ** મન, ભાષા કે શરીર યોગ્ય વર્ગણામાંથી બનેલ મન, વચન કે કાયાની મદદથી (આલંબનથી) થતો આત્મ પ્રદેશમાં જે વ્યાપાર (સ્ફુરણ) તે **યોગ**. જે વસ્તુ જે સ્વરૂપે હોય, માત્ર તેજ સ્વરૂપે વિચારવા મનોદ્રવ્યની સહાયથી થતું આત્મપ્રદેશનું સ્પુરણ તે **સત્ય મનોયોગ.** વસ્તુમાં અછતું જે સ્વરૂપ, તે સ્વરૂપની તેમાં વિચારણા વખતે **અસત્ય** મનોયોગ. અંશે છતા-અછતા બે જાતના સ્વરૂપની વિચારણામાં મિશ્ર **(સત્યાસત્ય)** સત્યમૃષા **મનોયોગ**૦ વ્યવહારની વિચારણામાં **વ્યવહાર** (અસત્યામૃષા) મનોયોગ; જેમકે 'તું લે,' આમાં સાચું જૂઠું નથી. એમ **વચનના** ચાર યોગ.

**કાયાના સાત** યોગ છે, કેવળ (૧) ઔદા૦,(૨) વૈદ૦,(૩) આહા૦, કે (૪) કાર્મણ અને ઔ૦વૈ૦આ૦ -મિશ્ર એ૩, એમ૭. શરીરની હિલચાલ-ચેષ્ટા વખતે થતો આત્મવ્યાપાર એ તે તે યોગ પહેલા ત્રણમાંનું શરીર બીજા શરીર સાથે પ્રવર્તે ત્યારે મિત્ર કાયયોગ. કેટલાક શરીર-પર્યાપ્તિ પૂર્ણ થતા સુધી મિશ્ર યોગ માને છે, અને બીજા પોતાની સર્વ પર્યાપ્તિ પૂર્ણ થતાં સુધી મિશ્ર યોગ માને છે. **ઔદા૦મિશ્ર**-૧ ઔદા૦ની ઉત્પત્તિ વખતે કાર્મણ સાથે મિશ્ર, ૨-૩. ઉત્તર વૈક્રિય કે આહા૦ રચતા વૈક્રિય આહા૦ સાથે ઔ૦ મિશ્ર (સિદ્ધાન્ત મતે, અને ૪. કેવલી સમુદ્‌ઘાતમાં ૨ જે ૬ ઠે.ને ૭ મે સમયે કાર્મણ સાથે મિશ્ર **વૈ૦ આહા૦** મિશ્ર-૧. દેવનારકને ઉત્પત્તિ વખતે કાર્મણ સાથે વૈ૦મિશ્ર ૨. મનુષ્ય તિર્યંચને ઉત્તર વૈ૦, કે ચૌદઃ પૂર્વીને આહા૦ રચના (કર્મગ્રન્થ મતે), અને માત્ર સંહરણ વખતે (સિદ્ધાન્ત મતે). **કાર્મણ** કાયયોગ-૧. વિગ્રહ ગતિમાં. અંતિમ વક્ર એટલે કે ભવાંતરનો ઉત્પત્તિ સમય છોડીને, ૨. કેવલી સમુ૦માં ૩ જે ૪થે ૫મે સમયે, **ઔદા૦કાયયોગ** ૧. ઔદારિક શરીરે આઠે વર્ગણાના પુદ્‌ગલ લેવા, ૨. ભાષા, મન વગેરે રૂપે પરિણમાવવા ૩. ઔદારિક શરીરથી થતી બીજી ચેષ્ટાઓમાં, તથા ૪. કેવલી સમુ૦માં ૧લે, ૭મે, ૮ મે સમયે હોય, પછી પરિણત થયેલા ભાષા અને મનથી વચન અને મનોયોગ પ્રવર્તે. વૈ૦અને૦આહા૦થી૦વૈ૦ અને આહા૦કાયયોગ પ્રવર્તે. સાતમે અપ્રમત્ત ગુણ ઠાણે આહારક પણ બનાવવાની ઉત્સુકતા ન હોય, તથા આહારક નામ કર્મનો ઉદય ન હોય, તેથી આહારક મિશ્ર યોગ પણ ન હોય, છતાં છઠે બનેલા આહારક શરીરથી ચાલુ પ્રવૃત્તિ અંગે સાતમે આહા૦ કાયયોગ હોય.

(૧૨) ૩ **વેદ**-વિષયક્રીડાની અભિલાષા. એ સ્ત્રી, પુરુષ, નપુંસક એમ ત્રણ ભેદે. પુરુષ ભોગવવાની ઇચ્છા એ સ્ત્રી વેદ...

(૧૩) ૩ દૃષ્ટિ ૧. મિથ્યા દૃષ્ટિ-વિપરીત દૃષ્ટિ. મદિરા પીધેલો માતાને પત્ની



સમજે, તેમ મિથ્યાત્વના ઉદયે જીવ સત્‌ને અસત્ અને અસત્‌ને સત્, ધર્મને અધર્મ કુધર્મને સદ્ધર્મ વગેરે માને તે ૨. સમ્યગ્દૃષ્ટિ-વસ્તુને સાચા સ્વરૂપે મનાવે. ૩. **મિશ્રદૃષ્ટિ** કંઈક સાચું કંઈક ખોટું માને. અથવા સત્યતત્વ પ્રત્યે ન રુચિ કે ન અરુચિ.

(૧૪) ૪ **દર્શન**-ચક્ષુથી થતો સામાન્ય ભાસ તે ચક્ષુ દર્શન; બીજી ઇંદ્રિયોથી થાય તે અચક્ષુ દર્શન. અવધિ અને કેવળ દર્શન પણ વસ્તુના સામાન્યરૂપનું પ્રત્યક્ષ કરે.

(૧૫) ૫ **જ્ઞાન**- મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ, અને કેવળજ્ઞાન.

(૧૬) ૩ **અજ્ઞાન**-મતિ-શ્રુત અજ્ઞાન, અને વિભંગ જ્ઞાન (મિથ્યાત્વીનું અવધિ જ્ઞાન). અજ્ઞાન એટલે વિપરીત જ્ઞાન; એ મિથ્યા દૃષ્ટિને હોય.

(૧૭) ૧૨ **ઉપયોગ**-૪ દર્શન+૫ જ્ઞાન+૩ અજ્ઞાન, દર્શન વગેરે શક્તિરૂપે છે, અને ઉપયોગ એ આત્મામાં તેના સ્ફુરણ રૂપે છે.

(૧૯-૨૦) **ઉપપાત ચ્યવન** એક સમયમાં તે તે દંડકમાં કેટલા જીવ જન્મે, મરે.

(૨૧) **સ્થિતિ**- દંડકના જીવનું આયુષ્ય.

(૨૨) **કિમાહાર**- કઈ કઈ દિશામાંથી જીવ આહાર લે. ૩-૪-૫-૬ (પૂર્વાદિ ૪+ઉર્ધ્વ, અધો) દિશાનો હોઈ શકે છે. અહીં લોકના ખૂણા પર રહેલાને પૂર્વ દક્ષિણ વગેરે બે દિશાનો અને અધો કે ઉર્ધ્વ દિશાનો એમ ઓછામાં ઓછો ૩ દિશાનો આહાર હોઈ શકે છે. વિદિશા (ખૂણાઓ)માંથી પુદ્‌ગલ ગ્રહણ ન હોય.

(૨૩-૨૪) **ગતિ-આગતિ** કયા દંડકમાંથી કેટલા જીવ આવે અને ક્યાં કેટલા જાય તે.

• • •

## ૨૪ દંડકમાં ૨૪ દ્વારોનો વિચાર

**શરીર :** ગર્ભજ તિર્યંચ અને વાઉકાયને ૪, મનુષ્યને ૫, બાકીનાને ૩. વાઉકાય પણ વૈક્રિય શરીર વિકુર્વે, એક સાથે ચાર જ શરીર મનુષ્યને હોઈ શકે, વૈ૦ કે આહારક સાથે.

**અવગાહના :** ઉત્સેધ અંગુલ માપે (શ્રી મહાવીર પ્રભુના આત્માંગુલથી અડધું) પૃથ્વી આદિ ૪ તથા સાધા૦ વન૦ની જઘન્ય કે ઉત્કૃષ્ટ અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી. એમાં (ક્રમશઃ **સૂક્ષ્મ** વન૦ વાયુ૦ અગ્નિ૦ જલ૦ પૃથ્વી. **બાદર** અગ્નિ૦ જલ૦ પૃથ્વી નિગોદની અસંખ્ય અસંખ્ય ગુણ.) પ્રત્યેક વન૦ની ઉત્કૃષ્ટ ૧૦૦૦ જોજનથી અધિક. દ્વીન્દ્રિયની ૧૨ જોજન, ત્રીન્દ્રિય-૩ ગાઉ,

ચતુરિન્દ્રિયની ૪ ગાઉ, ગર્ભ૰તિ ૧૦૦૦ જોજન. આ બધાની જઘન્ય અંગુલનો અસં૰ ભાગ. **નારક** ઉત્કૃષ્ટ. ૭ાા ધનુ૰ ૬ અગુલથી ૫૦૦ ધનુ૰ સુધી, જઘન્ય ૩ હાથ. **દેવ** ત્રણે નિકાય, અને પહેલા બે વૈમા૰ સુધી ૭ હાથ ઉત્કૃષ્ટ ને જઘન્ય. ત્રીજા વૈ૰ થી ૬ હાથથી અનુત્તરે ૧ હાથ સુધી. સર્વ દંડકમાં શરીરની પ્રારંભિક જઘન્ય અવગાહના અંગુલનો અસંખ્ય ભાગ. વાઉકાયના **ઉત્તર વૈક્રિય** શરીરની પણ તેમ. પરંતુ બીજાના ઉત્તર વૈ૰ ની પ્રારંભે અંગુલનો સંખ્યાતમો ભાગ. ઉત્કૃષ્ટ ઉત્તર વૈક્રિય દેવોનું ૧ લાખ જોજન. મનુષ્યોનું લાખ જોજન અને ૪ આંગળ, તિર્યંચોનું ૯૦૦ જોજન, નારકોનું સ્વશરીરથી બમણું. આહારકની અવગાહના પ્રારંભે જઘન્ય પણ ૧ હાથથી કંઈક ઓછી, અને ઉત્કૃષ્ટ ૧ હાથ. વિકુર્વેલું શરીર ઉત્કૃષ્ટથી નારકને અંતર્મુહૂર્ત, દેવને ૧૫ દિન, તિર્યંચ મનુષ્યને ૪ મુહૂર્ત, (આ જીવાભિગમ મુજબ. સ્વોપજ્ઞ અવચુરિ, ભગવતી, અને દિગંબરના હિસાબે અંતર્મુ૰) અને આહારક અંતર્મુ૰ રહે.

**સંઘયણ :** સ્થાવર, દેવ, નારક એ સંઘયણ રહિત, સંમૂર્છિમ તિર્યંચ૰ મનુ૰ ને તથા વિકલેન્દ્રિયને છેલ્લું સેવાર્ત સંઘયણ, અને ગર્ભજ તિર્યંચ મનુષ્યને છએમાંનું ગમે તે સંઘયણ.

**સંજ્ઞા :** સર્વ દંડકમાં ૪ કે ૧૦ સંજ્ઞા હોય છે.

**સંસ્થાન :** સર્વદેવોને પહેલું સમચતુરસ્ર સંસ્થાન, ગર્ભજ મનુષ્ય તિર્યંચને ૬ માંનું ગમે તે, બાકીનાને છેલ્લું હુંડક સંસ્થાન. તેમાં એકેન્દ્રિયમાં પૃથ્વીકાયનું મસુરની દાળ કે અર્ધચંદ્રના આકારનું, અપ્કાયને પરપોટાના, તેજસ્કાયને સોયના, વાયુકાયને ધ્વજાના, અને પ્રત્યેક વનસ્પતિકાયને જૂદા જૂદા આકારનું સંસ્થાન હોય છે.

**કષાય :** સર્વને ચારે કષાય.

**લેશ્યા :** ગર્ભજ તિર્યંચ મનુષ્યને ૬, ભવનપતિ, વ્યંતર, નારક, તેઉકાય, વાઉકાય અને વિકલેંદ્રિયને પહેલી ત્રણ લેશ્યા, બાકીના એકેંદ્રિયને ૪ (દેવમાંથી આવેલાને અપર્યાપ્તપણે તુર્ત તેજો લેશ્યા હોય તેથી), જ્યોતિષીમાં અને વૈમાનિક પહેલા બે દેવલોકમાં તેજો લેશ્યા, વૈમા૰ ૩-૪-૫ મામાં પદ્મ, અને ઉપર શુકલ.

**ઇંદ્રિય** સ્પષ્ટ છે.

**સમુદ્ઘાત**-યુગલિક મનુષ્યને તથા સંમૂ૰મનુ૰તિર્યંચને-વે૰,ક૰,મ૰, એ ૩, બીજા મનુષ્યોમાં યથાસંભવ ૭ માંથી, એમાં કેવલિને વેદનીયની ઉદીરણા નથી માટે વે૰ સમુદ્ઘાત નહિ. નિર્વાણ વખતે દડાની જેમ જાય છે માટે મરણ સમુ૰ નહિ, માત્ર



કેવલી સમુ૰ હોય. ગર્ભજ તિર્યંચ તથા દેવને ૫, નારક, વાઉ-ને ૪ -વૈ૰ સાથે. બાકીના એકેન્દ્રિય વિકલે૰ને પહેલા ૩.

**દૃષ્ટિ**-સાસ્વાદન સાથે કોઈક જીવ સંમૂ૰તિર્યં૰પંચેન્દ્રિયમાં ને વિકલેન્દ્રિયમાં આવે, પછી મિથ્યાત્વી થાય, તેમાં સમ્યગ્ અને મિથ્યા એમ બે દૃષ્ટિ. એકેન્દ્રિયમાં મિથ્યા દૃષ્ટિ. બાકીમાં ૩ દૃષ્ટિ (કર્મગ્રન્થમતે પૃથ્વી૰અપ૰વન૰માં પણ સાસ્વાદન લઈને જાય.)

**દર્શન**-પાંચસ્થાવર, બેઈંદ્રિયને, તેઈંદ્રિયને ૧ અચક્ષુ દર્શન, ચતુરિન્દ્રિયને ૨-ચક્ષુ૰ અચક્ષુ૰, તિર્યંચ દેવ નારકને ૩-અવધિ સાથે, મનુષ્યને કેવળ દર્શન સાથે ૪ દર્શન.

**જ્ઞાન અજ્ઞાન**-દેવ, નારક અને તિર્યંચને ( મનઃપર્યાય-કેવળ વિના ) ૩ જ્ઞાન અજ્ઞાન, સ્થાવરને ૨ અજ્ઞાન, સમૂ૰પં૰તિર્યંચ,ને વિકલે૰ને ૨ જ્ઞાન-૨ અજ્ઞાન, મનુ૰ને બધાં. (કર્મગ્રંથ મતે સાસ્વાદનીને જ્ઞાન નહિ)

**યોગ**-મનુષ્યને ૧૫. તિર્યંચને (૨ આહા-વિના) ૧૩, દેવ નારકને (૨ ઔદા૰ ૨ આહા૰ વિના ) ૧૧. સ્થાવરને ૩ (૧ કાર્મણ-૨ ઔદા૰) એમાં વાઉકાયને વધુમાં ૨ વૈક્રિય સાથે ૫, સંમૂ૰મનુ૰તિર્યંચને તથા વિકલે૰ને વ્યવહાર (અસત્યમૃષા) વચન યોગ સાથે ૪.

**ઉપયોગ**-મનુષ્યને ૧૨, દેવ-નારક-તિર્યંચને ૯, બેઈ૰-તેઈ૰ને ૫, ચતુરિન્દ્રિયને ૬ અને સ્થાવરોને ૩

**ઉપપાત ચ્યવન**-એક સમયમાં સાધારણ વનસ્પતિમાં જીવો અનંતા, બીજા સ્થાવરોમાં અસંખ્યાત, ગર્ભજ મનુષ્યમાં સંખ્યાતા અને બાકીમાં સંખ્યાતા કે અસંખ્યાતા ઉત્પન્ન થાય અને મરે.

**વિરહ**-અસંજ્ઞિ પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યમાં ઉત્પત્તિમાં વિરહ પડે તો ઉત્કૃષ્ટતાએ ક્રમે અંતર્મુ૰ અને ૨૪ મુહૂર્તનો વિરહ પડે. નારકમાં ૧ લીથી ક્રમશઃ ૨૪ મુહૂર્ત-દિન ૭-૧૫, માસ ૧-૨-૪-૬નો, દેવમાં પહેલા બે વૈમાનિક સુધીમાં ૨૪ મુહૂર્તનો પછી ૩ જા દેવલોકમાંથી ક્રમશઃ ૯ દિવસ ૨૦ મુહૂર્ત-૧૨ દિ૰ ૨૦ મુહૂર્ત, ૨૨ાા દિ૰-૪૫ દિ૰-૮૦ દિ૰-૧૦૦ દિ૰ નવમે માસ ૧૦-૧૧-અગીયારમે બારમે ૧૦૦ વર્ષ (લગભગ), પહેલી ૩ ગ્રૈવે૰ આદિ વર્ષ ૧૦૦૦ની અંદર, લાખ અંદર-ક્રોડની અંદર-ચાર અનુત્તરે પલ્યોપમનો અસં૰મો ભાગ, સર્વાર્થસિદ્ધે પલ્યોપમનો સંખ્યાતમો ભાગ.

**સ્થિતિ-ઉત્કૃષ્ટ** સ્થાવરોનું આયુષ્ય ક્રમે વર્ષ ૨૨૦૦૦-૭૦૦૦- દિન ૩-વર્ષ-૩૦૦૦-૧૦૦૦૦, ગર્ભજ મનુ૰તિર્યંચનું ૩ પલ્યો૰, બેઈંદ્રિયાદિ ૩ નું ક્રમશઃ વર્ષ ૧૨-દિન ૪૯-માસ ૬, અસુરકુમારનું સાધિક ૧ સાગરો૰, બાકી ભવનપતિનું દેશોન ૨ પલ્યોપમ, વ્યંતર ૧ પલ્યો૰, જ્યો૰ ૧ પલ્યો+૧ લાખ વર્ષ, વૈમા૰ અને નારકનું ૩૩ સાગરો૰.

**જઘન્ય** આયુષ્ય વૈમા૰ ૧ પલ્યો૰, જ્યો૰ ૧/૮ પલ્યો૰ (સાધિક), બાકી દેવ-નારક ૧૦ હજાર વર્ષ, બાકી ૧૦ દંડકે અંતર્મુહૂર્ત.

**પર્યાપ્તિ**-દેવ, નારક, ગર્ભજ તિર્યંચ-મનુષ્યને ૬ પર્યાપ્તિ, સ્થાવરોને ભાષા મન વિના ૪, ને વિકલે૰ ૫.

**કિમાહાર**-ચોવીસેય દંડકે છએ દિશાથી આહાર મળે. લોકના છેડે રહેલ પાંચે સૂક્ષ્મ સ્થાવર અને બાદર વાયુમાં ભજના- ૫-૪ કે ૩ દિશાનો આહાર હોય. સંમૂ૰ પંચેદ્રિ ત્રસનાડીમાં જ હોય માટે ૬ એ દિશાનો આહાર લે.

**સંજ્ઞા**-ગર્ભજ મનુષ્યને દીર્ઘ કાલિકી અને દૃષ્ટિવાદો૰ હોય, દેવો, નારક અને ગર્ભજ તિર્યંચને દીર્ઘ કાલો૰, વિકલે૰ને હેતુવાદોપદેશિકી સંજ્ઞા હોય છે. સ્થાવરો સંજ્ઞા રહિત. કેમકે આ ૩ સંજ્ઞા વ્યકત (સ્પષ્ટ) ચૈતન્યવાળાને હોય. કરોડમાં લાખ સમાઈ જાય છે, તેથી કરોડપતિ એ લખપતિ નથી કહેવાતો, તેમ દીર્ઘકા૰માં હેતુવાદો૰નો સમાવેશ હોઈ જૂદી ન ગણી.

## ગતિ-આગતિ

**દેવો** એ પર્યાપ્ત સંમૂ૰ પંચેન્દ્રિય તિર્ય૰ અને ગર્ભજ પર્યાપ્તા તિર્યંચ-મનુષ્યમાંથી જ આવે અને સંખ્યાતા વર્ષોના આયુવાળા પર્યાપ્તા ગર્ભજ પંચેંદ્રિય તિર્યંચ-ગર્ભજ મનુષ્યોમાં તથા પર્યાપ્ત બાદર પૃથ્વી-અપ્-વન૰માં જ જઈ શકે. **નારકો**નું ગમનાગમન પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુવાળા ગર્ભજ તિર્યંચ-મનુષ્યોમાં જ અને આગમન સંમૂ૰ પંચે૰ તિર્યંચથી પણ હોય. **પૃથ્વી-અપ્-વન૰** નારક વિના ત્રેવીસેય દંડકમાંથી આવે અને દેવ નારક વિના દશે દંડકમાં જાય. **તેઉ૰-વાઉ૰** એ ૧૦માંથી આવે અને મનુષ્ય વિના ૯ માં જાય. **વિકલે૰**-૧૦માંથી આવે અને ૧૦માં જાય. **ગર્ભજ તિર્યંચ-મનુષ્યોનું** ગમન ચોવીસેય દંડકમાં; અને ગર્ભજ તિર્યંચનું આગમન ૨૪માંથી, પણ મનુષ્યોનું તેઉ-વાઉ૰ વિના ૨૨માંથી. સંમૂ૰ પંચે૰માં દેવ નારક વિના બીજા આવે અને સંમૂ૰ પર્યા૰ પંચે૰ તિર્યંચ પલ્યો૰ અસંખ્યાતમા ભાગના આયુમાં ચારે ગતિમાં જાય.



● **વિશેષતાઓ : છ નારક** એ પર્યાપ્ત ગર્ભજ સંખ્યાત વર્ષાયુ મનુષ્ય તથા જલચરાદિ પાંચે તિર્યંચોમાં જાય, **જ્યારે સાતમી**વાળો માત્ર પર્યા. ગર્ભજ પંચે૰ તિર્યંચોમાં જ જાય. ૬ થી ૭મીમાં ઉક્ત મનુ૰ અને ગર્ભજ જલચરથી આવે, ૫ મીમાં ઉરઃપરિસર્પમાંથી પણ આવે, ૪થીમાં સ્થળચરથી પણ, ૩જીમાં ખેચરથી પણ, ૨જીમાં પર્યા૰ ગર્ભજ સંખ્યાત આયુષ્ક મનુષ્ય અને પાંચેય તિર્યંચથી, અને ૧લીમાં ૫ પર્યા૰ સમૂ૰ તિર્યંચથી પણ આવે.

● **દેવ- ૯ મા દેવલોકથી અનુત્તર**- એમાં પર્યા૰ ગ૰ સંખ્યાત વર્ષાયુ મનુષ્યોની જ ગતિ-આગતિ (તેમાં ગ્રૈવે૰ અનુ૰માં જૈન મુનિલિંગી જ જાય.) **૩જા થી આઠમા** દેવ-લોકમાં આ મનુષ્ય ઉપરાંત પર્યા૰ ગ૰ પાંચેય તિર્યંચો જાય અને ત્યાંથી આ મનુ૰તિર્યંચમાં જ આવી શકે. બાકીના દેવ ઉક્ત મનુ૰ તિ૰ અને પર્યા૰ બાદર પૃથ્વી-અપ્-પ્રત્યેક વન૰માં આવી શકે. ઈશાનદેવમાં પર્યા૰ ગ૰ ૧૫ કર્મભૂમિના મનુષ્ય તિર્યંચ તથા પર્યા૰ ગ૰ હરિવર્ષ-રમ્યક્ દેવકુરુ ઉત્તર કુરુ યુગલિકથી આવે. **જ્યો૰ સૌધર્મમાં** ૧૫ કર્મ, ૩૦ અકર્મ૰ પર્યા૰ ગ૰ મનુ૰-તિર્યંચથી આવે, **ભવન૰ વ્યંતર**માં પર્યા૰ગર્ભજ મનુષ્ય અને પર્યા૰ ગર્ભજ સંમૂ૰ પાંચેય તિર્યંચથી આવે.

● **મનુષ્ય-** પર્યા૰ **૧૫ કર્મ ભૂમિમાં**- પર્યા૰ અકર્મ૰ અંતરદ્વિપ સિવાયના પર્યા૰ અપર્યા૰ મનુષ્ય- દેવ- ૬ નારક અને ૮ અગ્નિ-વાયુ સિવાયના ૪૦ તિર્યંચ ભેદથી આવે; અને એ ૫૬૩ જીવ ભેદમાં જઈ શકે. **સંમૂ૰ અને અપર્યા૰ કર્મ**૰માં ૧૦૧ સંમૂ૰, પર્યા૰ અપર્યા૰ કર્મ૰ અને ૪૦ તિર્યંચથી આવે અને એ તે મનુ૰ અને ૪૮ તિર્યંચમાં જાય.

● **હિમવંત હિરણ્ય**૰યુગલિક દેવપણામાં જ જાય સૌધર્મ સુધીમાં. અને **બીજા અકર્મ**૰ના ઈશાન સુધીમાં જાય, અને બધા અકર્મ૰ યુગ૰માં પર્યા૰ ૧૫ કર્મ૰ મનુ અને પાંચે ગ૰ પર્યા૰ પંચેદ્રિય તિર્યંચથી આવે. **અંતર દ્વિપમાં** પર્યા૰ કર્મ૰ મનુ૰ અને સંમૂ૰ ગર્ભજ પાંચે તિર્યંચથી આવે અને એ ભવન૰ વ્યંતરમાં જ જઈ શકે.

● **તિર્યંચ-પંચેદ્રિય સંમૂ૰ તિ**૰ની ગતિ આગતિ-સ્થાવર, વિકલે૰ પંચે૰ તિ૰ અને સંખ્યાત. વર્ષાયુ મનુષ્ય સુધી, વિશેષતયા ગતિ અંતર્દ્વિપના મનુષ્ય કે ચતુષ્પદમાં, ભવન૰ વ્યં૰માં અને ૧લી નરકમાં.

● **ગર્ભજ- તિર્યંચની ગતિ આગતિ**-એકે૰થી પંચે૰ તિ૰ કર્મ૰ મનુ૰ તથા પાતાલથી ઉપર ઈશાન દેવ સુધી. **જ્યારે** માત્ર આગતિ ૭ નરકથી, અને માત્ર ગતિ અકર્મ૰ તથા અંતર્દ્વિપ મનુ૰માં અને જલચરની-૭ નરકમાં, ઉરપરિ૰-૬ નરકમાં,

ચતુષ્પદની-૪ નરકમા, ખેચર-૩માં, ભુજપરિ૦ની-૨ નરકમાં.

● **સ્થાવરો, વિકલે૦** અને **અપર્યા** તિર્યં૦ મનુ૦ (સર્વ લબ્ધિ અપર્યા૦ જીવો)ની ગતિ પર્યા૦ અપર્યા સૂક્ષ્મ બાદર એકેંદ્રિથી પંચે૦તિ૦ મનુ૦ સુધીમાં અને આગતિ પણ ત્યાંથી. વિશેષ એટલો કે તેઉ૦ વાઉ૦ની ગતિ મનુષ્યમાં નહિ અને મનુ૦ આગતિ ત્યાંથી નહિ; **જ્યારે** બાદર પર્યા૦ પૃથ્વી. અપ્-વન૦માં આગતિ દેવ (ઈશાન સુધી)માંથી પણ ખરી.

## નરકની ગતિ આગતિ

| પર્યાપ્ત ગર્ભજ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **નરક** | **કર્મ૦ મનુ૦** | **જલચર** | **ઉરપરિ૦** | **ચતુષ્પદ** | **ખેચર** | **ભુજપરિ૦ તિર્યં૦પર્યા૦** | **સમૂ૦પંચે૦ તિર્યં૦પર્યા૦** |
| ૧ | ગ<br>આ | ગ<br>આ | ગ<br>આ | ગ<br>આ | ગ<br>આ | ગ<br>આ | ○<br>આ |
| ૨ | ગ<br>આ | ગ<br>આ | ગ<br>આ | ગ<br>આ | ગ<br>આ | ગ<br>આ | ○ |
| ૩ | ગ<br>આ | ગ<br>આ | ગ<br>આ | ગ<br>આ | ગ<br>આ | ગ<br>○ | ○ |
| ૪ | ગ<br>આ | ગ<br>આ | ગ<br>આ | ગ<br>આ | ગ<br>○ | ગ<br>○ | ○ |
| ૫ | ગ<br>આ | ગ<br>આ | ગ<br>આ | ગ<br>○ | ગ<br>○ | ગ<br>○ | ○ |
| ૬ | ગ<br>આ | ગ<br>આ | ગ<br>○ | ગ<br>○ | ગ<br>○ | ગ<br>○ | ○ |
| ૭ | ○<br>આ | ગ<br>આ | ગ<br>○ | ગ<br>○ | ગ<br>○ | ગ<br>○ | ○ |



## દેવોની ગતિ આગતિ

| પર્યાપ્ત | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ગ=ગતિ ક્યાં?<br>આ=આગતિ<br>ક્યાંથી ? | ૫૬<br>અંતર્દ્વિપ | હિમવંત<br>હિરણ્ય | બાકી<br>યુગલિક | ૧૫ કર્મ૦<br>મનુ૦<br>ગર્ભજ | ગર્ભજ<br>તિર્યંચ | સંમૂ૦પંચે૦<br>તિર્યંચ | પૃથ્વી-અપ્<br>વન-બાદર |
| ભવન૦વ્યં૦ | આ | ○ | ○ | ગ<br>આ | ગ<br>આ | આ | ગ |
| જ્યો૦સૌધર્મ૦ | ○ | આ | આ | ગ<br>આ | ગ<br>આ | ○ | ગ |
| ૨. ઈશાન | ○ | ○ | આ | ગ<br>આ | ગ<br>આ | ○ | ગ |
| ૩જાથી ૮મા<br>ના દેવ | ○ | ○ | ○ | ગ<br>આ | ગ<br>આ | ○ | ○ |
| ૯માથી ઠેઠ<br>અનુત્તર૦ | ○ | ○ | ○ | ગ<br>આ | ○ | ○ | ○ |

## તિર્યંચ-મનુષ્યની ગતિ-આગતિ

| | એકે૦થી પંચે૦<br>તિ૦, મનુ, | અકર્મ૦<br>અંતર્દ્વિપ- | નરક | દેવ, પાતાલથી<br>૮માં વૈ૦ સુધી |
|---|---|---|---|---|
| ગર્ભજ તિર્યંચ | ગ<br>આ | ગ | ગ<br>આ | ગ<br>આ |
| સમૂ૦પંચે૦તિર્યંચ | ગ<br>આ | અંતર્દ્વિપ<br>ગ | ૧ લીમાં<br>ગ | ભવ.વ્યં.૦<br>માં ગ |
| કર્મ૦મનુષ્ય | ,,<br>(તેઉવાઉથી<br>આ<br>નહિ.) | ગ | ગ<br>આ | ગ<br>આ |

| | | | | |
|---|---|---|---|---|
| અપર્યા૦મનુષ્ય | ,, | ૦ | ૦ | ૦ |
| તેઉ૦વાઉ૦ | આ મનુ૦માં ગ-નહિ | ૦ | ૦ | ૦ |
| પૃથ્વી-અપ્-વન-વિકલે૦અપર્યાપ્તા પંચે૦તિ૦ | ગ આ | ૦ | ૦ | ૦ |
| બાદર પર્યા૦ પૃથ્વી-અપ્-વન- | ગ આ | ઈશાન સુધીના દેવથી આ૦ | | |

ગતિ ગર્ભજ જલચરની ૭ નરક સુધી, ઉર૦-પરિ૦ ની ૬, ચતુષ્પદ- ની ૪, ખેચરની ૩, ભૂજ૦ની ૨ નરક સુધી.

## અસંખ્ય આયુષ્ક મનુષ્યની આગતિ-ગતી

| | પર્યા૦ | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સમ્૦પં૦તિ૦ | કર્મ૦ગ૦મનુ૦ | પ૦ગ૦તિર્યં૦ | ભવન૦વ્યં૦ | જ્યો૦સૌ૦ | ઈશાન |
| અંતર્દ્વિપ | આ | આ | આ | ગ | ૦ | ૦ |
| હિમ-હિરણ્ય | ૦ | આ | આ | ગ | ગ | ૦ |
| હરિ૦રમ્ય૦ દેવ૦,ઉ૦કુરુ૦ | ૦ | આ | આ | ગ | ગ | ગ |

● **વેદ-** ગર્ભજ તિર્યં૦ ને મનુ.માં ૩, યુગલિક તિર્યં૦ મનુ૦ અને દેવોમાં ૨-પુ૦સ્ત્રી, (૩જા દેવ૦થી ૧ પુંવેદ, બાકીમાં ૧ નપું૦. સંમુ૦પં૦તિ૦ને લિંગ ૩ હોય, પણ વેદ ૧.


● **અલ્પ-બહુત્વ૦-** પર્યા૦મનુ૦ [1]બાદર અગ્નિ-[1]વૈમા૦ દેવ-[1]નારક-[1]વ્યંતર-[1]જ્યો૦-[1]ચઉરિ૦-[2]પંચે૦તિર્ય૦[2]બેઈંદ્રિય૦[2]તેઈ૦-[1]પૃથ્વી-[1]અપ્૦-[1]વાયુ-વનસ્પતિ૦ એ ક્રમશઃ અધિકાધિક છે. (આમાં પૂર્વના કરતા ૧ નિશાનવાળા અસંખ્યગુણ. ૨ નિશાનવાળા વિશેષાધિક= દ્વિગુણથી ન્યૂન, વન૦અનંત ગુણ.)

● ● ●



# લઘુ સંગ્રહણી

જગત એટલે જડ અને ચેતન. જડમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, કાળ, પુદ્ગલ અને આકાશ ગણાય. આકાશ બે પ્રકારે : જે આકાશના ભાગમાં ચેતન (જીવો) તથા પુદ્ગલ વગેરે રહે છે તે **લોક** (આકાશ), અને જે એકલો આકાશનો ભાગ તે **અલોક** (આકાશ). આ લોક ઊંધા પાડેલા મોટા કોડીયા (શરાવ) ઉપર બીજું શરાવસંપુટ મૂકતાં જે આકાર થાય તે આકારે છે.





ચિત્રમાં ૧ થી ૨ સુધીનો મોટા નળા જેવો લોકની અંદરનો ભાગ તે ત્રસનાડી કહેવાય, એમાં જ ત્રસજીવો હોય.

નં. ૩ વાળું સ્થાન તે મધ્ય કે **તિર્ચ્છાલોક** કહેવાય છે, અને એની ઉપર નીચેના ભાગ તે ઉર્ધ્વ અધો લોક કહેવાય છે. છેક નીચેથી છેક ઉપર સુધીની ઊંચાઇ ૧૪ રાજલોક પ્રમાણ છે. મધ્યલોકમાં પહોળાઈ એક રાજલોક (અસંખ્યાત યોજન) પ્રમાણ છે. એમાં તદન મધ્યમાં જંબુદ્વીપ થાળી આકારે ગોળ છે. એને ફરતો એનાથી બમણી પહોળાઈવાળો લવણ સમુદ્ર છે. આને વીંટળાઈને વળી પાછો દ્વીપ-ઘાતકીખંડ, એને વીંટળાઈને સમુદ્ર (કાલોદધિ), એને વીંટળાઈને દ્વીપ (પુષ્કરવર દ્વીપ), પાછો સમુદ્ર, પાછો દ્વીપ... છેલ્લે સ્વયંભૂરમણસમુદ્ર-એમ અસંખ્યાત દ્વીપો અને સમુદ્રો મધ્યલોકમાં છે. અહીં જંબૂદ્વીપનું વર્ણન કરાશે.

**જંબૂદ્વીપના પદાર્થો-** ૧ **ખંડ** (**પ૨૬** જોજન ૬ કલા પ્રમાણ ૧ ખંડની પહોળાઈ), ૨. **જોજન** (ક્ષેત્રફળ), ૩. **વર્ષ** (ક્ષેત્રો), ૪. **વર્ષધર** (પર્વતો), ૫ **શિખર**, ૬. **તીર્થ** (આરા) ૭. **શ્રેણિ** (વૈતાઢ્ય પરના શહેર-ભવનોની પંક્તિ) ૮. **વિજય** (ચક્રવર્તીને જીતવાના ક્ષેત્ર), ૯. **દ્રહ** (સરોવર, કુંડ), ૧૦. **નદીઓ-** આ પદાર્થોનું વર્ણન તે સંગ્રહણી.

● ૧. **ખંડો**-થાળી જેવા ગોળ જંબૂદ્વીપની ૧ લાખ જોજનની પહોળાઈને ૧૯૦એ ભાગતા પ૨૬ જોજન ૬ કલા (પ૨૬ $\frac{૬}{૧૯}$ જોજન, $\frac{૧}{૧૯}$ જો૦=૧ કલા) આવે, તે ૧ ખંડ કહેવાય. એ ભરતક્ષેત્રની પહોળાઈ છે. લંબાઈ તો પૂર્વથી પશ્ચિમ સુધી. એવા કુલ ખંડો ૧૯૦ છે. તે આ રીતેઃ-ભરત ક્ષેત્ર-પર્વત-ક્ષેત્ર-પર્વત એમ કુલ ૭ ક્ષેત્ર અને ૬ પર્વતમાં દક્ષિણથી ઉત્તર સુધીના ૧ લાખ જોજન સમાઈ જાય છે. ભરતથી ઉત્તર તરફ આગળ આગળના ક્ષેત્ર પર્વતો બમણા બમણા પહોળા, અને વચલા મહાવિદેહથી આગળ ઉત્તર તરફના અર્ધા અર્ધા પહોળા છે.




એટલે મહાવિદેહના ૬૪ ખંડ, અને એની બંને બાજુ તરફ કુલ ૬૩-૬૩ ખંડ, એમ સર્વ મળી ૧૯૦ ખંડ થાય.

● ૨. **યોજન-**

**પ્ર.**- ૧ યોજનની લંબાઈ પહોળાઈવાળા સમચોરસ ટૂકડા (ખંડ) જંબૂદ્વિપનો ક્ષેત્રમાં કેટલા સમાય ?

ઉ.- ક્ષેત્રફળ=પરિધિ (Circumference) x $\frac{૧}{૪}$ વ્યાસ (વિષ્કંભ Diameter)ના જોજન જેટલા.

| ઉત્તરેથી | ખંડ પ્રમાણ | પહોળાઈ જોજન | કલા |
|---|---|---|---|
| ઐરવત ક્ષેત્ર | ૧ | ૫૨૬ | ૬ |
| શિખરી પર્વત | ૨ | ૧૦૫૨ | ૧૨ |
| હિરણ્યવંત ક્ષેત્ર | ૪ | ૨૧૦૫ | ૫ |
| રુક્મિ પર્વત | ૮ | ૪૨૧૦ | ૧૦ |
| રમ્યક્ ક્ષેત્ર | ૧૬ | ૮૪૨૧ | ૧ |
| નીલવંત પર્વત | ૩૨ | ૧૬૮૪૨ | ૨ |
| મહાવિદેહ ક્ષેત્ર | ૬૪ | ૩૩૬૮૪ | ૪ |
| નિષધ પર્વત | ૩૨ | ૧૬૮૪૨ | ૨ |
| હરિ વર્ષ ક્ષેત્ર | ૧૬ | ૮૪૨૧ | ૧ |
| મહાહિમવંત પર્વત | ૮ | ૪૨૧૦ | ૧૦ |
| હિમવંત ક્ષેત્ર | ૪ | ૨૧૦૫ | ૫ |
| હિમવંત પર્વત | ૨ | ૧૦૫૨ | ૧૨ |
| ભરત ક્ષેત્ર | ૧ | ૫૨૬ | ૬ |
| **કુલ ખંડ** | **૧૯૦ ના** | **૧,૦૦,૦૦૦ જોજન** | |



પરિધિ=વિષ્કંભના વર્ગ (Square)ની ૧૦ ગુણી સંખ્યાનું વર્ગમૂળ (કરણી).

**જંબૂ૦પરિધિ** (√૧ લાખ x ૧ લાખ x ૧૦)= ૩,૧૬,૨૨૭ યો૦-૩ ગા૦-૧૨૮ ધનુષ ૧૩॥ $\frac{૯૧૧૧૯}{૬૩૨૪૫૪}$ આંગળ. આ પરિધિ x ૨૫૦૦૦ = ૭,૯૦,૫૬,૯૪.૧૫૦ યો૦-૧ ગાઉ૦-૧૫૧૫ ધનુષ્ય-૬૦ આંગળ એ જંબૂ૦, **ક્ષેત્રફળ** (ગણિતપદ) સાતસો નેવું કોડ, છપ્પન લાખ, ચોરાણું હજાર, દોઢસો યોજન, એક ગાઉ, ૧૫૧૫ ધનુષ્ય, ૬૦ આંગળ (આ ચોરસ માપે સમજવું.)

● ૩. **વાસ=વર્ષ=ક્ષેત્રો** ભરતથી ઐરવત સુધી સાત છે. એમાં ભરત, મહાવિદેહ અને ઐરવત એ ત્રણ કર્મભૂમિ છે; અને હિમવંત, હરિવર્ષ, રમ્યક્, હિરણ્યવંત એ ૪ તથા ૨ દેવકુરુ-ઉત્તરકુરુ મેરુની ઉત્તર દક્ષિણે (મહાવિદેહમાં) એમ ૬ અકર્મભૂમિ છે. ક્ષેત્રોના નામ અનાદિ છે, અને તેના અધિષ્ઠાયક દેવો પણ તેજ નામે હોય છે.

૪. **પર્વતો :**

| **પર્વતો** | **ક્યાં છે ?** | **ઊંચાઈ યો૦** | **જાડાઈ (પહો -ળાઈ) યો૦** | **વર્ણ** |
|---|---|---|---|---|
| ૩૪ વૈતાઢ્ય લંબચોરસ | ભરત-ઐરવત મધ્યે ૧-૧ને મહાવિદેહ વિજયોમાં ૩૨ | ૨૫ | ૫૦ | શ્વેતરૂપાના |
| ૪ ગોળ વૈતાઢ્ય નળા જેવા | હિમવંતાદિ ૪ યુગ૦ ક્ષેત્ર મધ્યે | ૧૦૦૦ | ૧૦૦૦ | શ્વેત રત્નના |
| ૧૬ વક્ષસ્કાર ચિત્રકૂટ વગેરે | એકાંતર વિજયોને છૂટી પાડનારા ૧-૨ને, ૩-૪ને પણ ૨-૩ ને નહિ. | ૪૦૦<br>૫૦૦ | ૫૦૦ | પીળા સુવર્ણના |
| ૨ ચિત્રવિચિત્ર ગોળ | દેવકુરુમાં પૂર્વ-પશ્ચિમે | ૧૦૦૦ | મૂળે ૧૦૦૦ ઉપર ૫૦૦ | " |
| ૨ યમકસમક | ઉત્તરકુરુમાં પૂર્વ-પશ્ચિમે | ૧૦૦૦ | " | " |
| ૨૦૦ કંચનગિરિ | " ૧૦ સરોવરને ૧૦-૧૦ પૂર્વ-પશ્ચિમે | ૧૦૦ | ૨૦૦-૧૦૦ | " |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ ગજદન્ત યો૦ ૩૦૨૦૯-૬ લાંબા પણ વચમાં વાંકા હાથીદાંતના આકારે | દેવ૦ ઉત્તરકુરુને ઘેરનારા " મૂળ નિષધનીલવંતે છેડા મેરુ પાસે | મૂળે ૪૦૦ છેડે ૫૦૦ | ૫૦૦ અસિધારાવત્ | ઊંડા શ્વેત ૧૦૦ લાલ ૧૨૫ લીલો પીળો સુવર્ણ-રત્નના |
| ૧ મેરુ ગોળ | મહાવિદેહની વચમાં શિખરે ૧૦૦૦ યો૦ પહોળો | બહાર ૯૯૦૦૦ અંદર ૧૦૦૦ | ૧૦૦૦૦ ૧૦,૦૯૦ $\frac{૧૦}{૧૧}$ | પીળા સુવર્ણનો |
| ૬ વર્ષધર લંબચોરસ | હિમવંતને શિખરી મહાહિમવંત રુક્મિ નિષધ નીલવંત | બહાર અંદર ૧૦૦-૨૫ ૨૦૦-૫૦ ૪૦૦-૧૦૦ | ૧૦૫૨ $\frac{૧૨}{૧૯}$ ૪૨૧૦ $\frac{૧૦}{૧૯}$ ૧૬૮૪૨ $\frac{૨}{૧૯}$ | પીળો-પીળો પીળો-શ્વેત લાલ-લીલો |

મેરુ સિવાયના પર્વતો ઉપર કહેલી જમીન ઉપરની ઊંચાઈના ચોથા ભાગ જેટલા ભૂમિમાં ઊંડા.

● ૪ **વૃત્તવૈતાઢ્યો :**

હિમવંતમાં-શબ્દાપાતી, હરિવર્ષમાં-વિકટપાતી, રમ્યકમાં-ગંધાપાતી, હૈરણ્યમાં-માલ્યવંત.

**ગજદંત**-દેવકુરુ પાસે પૂર્વમાં - સૌમનસ પશ્ચિમમાં

વિદ્યુતપ્રભ. ઉત્તર૦ પાસે પૂર્વમાં - માલ્યવંત પશ્ચિમમાં - ગંધમાદન

● ૫. **શિખરો** (કૂટ)-

૧. ગિરિકૂટ (પર્વત પર શિખરો.

૨. ભૂમિકૂટ (જમીન પર શિખરો)



| કયા પર્વત પર | દરેક પર શિખર | કુલ શિખર | મૂળમાં વિસ્તાર ઊંચાઈ યો૦ |
|---|---|---|---|
| ૧૬ વક્ષસ્કાર | ૪ | ૬૪ | ૫૦૦ |
| સૌમનસ ગંધમા૦ | ૭ | ૧૪ | ,, |
| રુક્મિ-મહાહિમ૦ | ૮ | ૧૬ | ,, |
| ૩૪ વૈતાઢ્ય | ૯ | ૩૦૬ | ૬ $\frac{૧}{૪}$ |
| વિદ્યુત્પ્રભ-માલ્ય૦ | ૯ | { ૩ | ૧૦૦૦ |
| મેરુ૦ | | ૨૪ | ૫૦૦ |
| નિષધ-નીલ૦ | ૯ | ૧૮ | ૫૦૦ |
| હિમ૦-શિખરી | ૧૧ | ૨૨ | ૫૦૦ |
| **કુલ ૬૧ પર્વતો** | | ૪૬૭ | |

શિખરોનો ઉપરમાં વિસ્તાર મૂળ કરતાં અર્ધો છે.

વિદ્યુત્પ્રભ વગેરે ત્રણ પર એકેક સહસ્રાંક (૧૦૦૦ યોજનની ઊંચાઈવાળો) કૂટ છે, તે ક્રમે હરિકૂટ-હરિસહકૂટ-બલકૂટ નામે છે.)

શિખરોની ઊંચાઈ જેટલો જ મૂળમાં વિસ્તાર; તે ઘટતો ઘટતો છેક ટોચે અર્ધો વિસ્તાર રહે છે.

માત્ર દરેક વૈતાઢ્ય પરનાં ૩-૩ શિખર સુર્વણમય છે. બાકીના બધાં શિખરો રત્નમય છે.

ઉપરના ૬૧ પર્વતોમાંના દરેક પર્વત પર છેડેનું કૂટ **સિદ્ધકૂટ** કહેવાય છે; તે દરેક પર એકેક સિદ્ધાયતન (મધ્યે ૧૦૮+પશ્ચિમ સિવાયના ૩ દ્વારે ૧૨=૧૨૦ પાંચસો ધનુષી શાશ્વત જિનપ્રતિમાઓનું શાશ્વત મંદિર) છે. એમ ૬૧ સિદ્ધાયતનોમાં ૭૩૨૦ શાશ્વત બિંબો છે. આ સિદ્ધકૂટ સિવાયના ૪૦૬ કૂટ પર અધિપતિ દેવોના પ્રાસાદ છે. લંબાઈ, પહોળાઈ, અને ઊંચાઈમાં ૩૪ વૈતાઢ્યના સિદ્ધાયતનો ૧-૦ll-૧ ગાઉ, પ્રાસાદો ૦ll-૦ll-૧ ગાઉ; અને બાકીના ૨૭ પર્વતના સિદ્ધાયતન ૫૦-૨૫-૩૬ યોજન, અને પ્રાસાદ ૩૧l-૩૧l-૬૨ll યોજન છે.

| ભૂમિકૂટો | ક્યાં છે ? | ઊંચ-ઊંડા-તથા મૂળ શિખરે વિસ્તૃત |
|---|---|---|
| ૩૪ ઋષભકૂટ | ૩૪ વિજયોમાં | ૮-૨-૮-૪ યો૦ |
| ૮ જંબૂકૂટ | જંબૂવૃક્ષ | ” |
| ૮ શાલ્મલિ૦ | શાલ્મલિવૃક્ષ ” | ” |
| ૮ કરિકૂટ | ભદ્રશાળવને | ૫૦૦-૧૨૫-૫૦૦-૨૫૦ યો૦ |

આમ ૫૮ ભૂમિકૂટ થાય, એમાં પૂર્વોક્ત ગજદંતના સહસ્રાંક એવા **હરિકૂટ** અને **હરિસહ** કૂટ (બંને બાજુ ૨૫૦-૨૫૦ યોજન નિરાધાર રહેલા) એ બે ઉમેરતાં ૬૦ ભૂમિકૂટો છે.

સર્વત્ર **ઋષભકૂટ** ચોથા ખંડમાં હોય, અને વિજયોમાં સામસામા પર્વતો પરથી નીકળેલી બબ્બે મૂળ નદીઓના પ્રપાતની વચ્ચે હોય છે. **જંબૂકૂટ** એ ઉત્તરકુરુમાં આવેલ અનેક પરિવારવાળા મહાન **જંબુવૃક્ષ** (જંબૂદ્વિપના અધિષ્ઠાયક અનાદંત દેવનું નિવાસ)ની નજીકના સો યોજનના વનની ૮ વિદિશાઓમાં છે. દરેક પર વૈતાઢ્યની જેમ ૧-૧ સિદ્ધાયતન છે. આ બેઉ જાતના કૂટ જાંબૂનદ સૂર્વણમય છે. **શાલ્મલિકુટ** એ દેવકુરુમાં ગરુડવેગ દેવના નિવાસભૂત શાલ્મલિવૃક્ષ પાસેના પહેલા વનમાં છે; તે રુપ્યમય છે. **કરિકૂટ** એ મેરુની તળેટીના ભદ્રશાલ વનમાં દિશા-વિદિશાના આંતરામાં હાથી આકારે છે. તેના પર દેવના ભવન છે. અહીં ચક્રીને જીતવા યોગ્ય તે **વિજય**-એ અર્થથી ભરત, ઐરવત અને વિદેહની ૩૨ એમ ૩૪ વિજય જાણવી.

● ૬. **તીર્થ ૧૦૨**- ગંગા સિંધુના સમુદ્રસંગમ સ્થળે **માગધ** અને **પ્રભાસ**, અને વચમાં **વરદામ** એ ૩-૩ તીર્થ ભરત ઐરવત અને ૩૨ વિજયોમાં હોઈ, કૂલ ૧૦૨ તીર્થ છે. સમુદ્ર કાંઠાથી ૧૨ યોજન દૂર માગધાદિ દેવની રાજધાનીવાળા દ્વીપો છે. ચક્રવર્તી પહેલો ખંડ જીતતા અઠ્ઠમ કરીને આ દેવની સભામાં ૧૨ યોજન છેટેથી બાણ ફેંકે છે. તે પર નવા ચક્રિનું નામ વાંચી દેવ શરણે આવે છે.

● **શ્રેણીઓ** ૧૩૪-૩૪ લાંબા વૈતાઢ્ય પર તળેટીથી ૧૦ યોજન ઉંચે દરેકને બંને બાજુ ૧૦-૧૦ યોજન પહોળા સપાટ પ્રદેશ (મેખલા) છે. તેમાં ભરત-વૈતા૦ની ઉત્તર બાજુની મેખલા વધારે લાંબી અને દક્ષિણ બાજુની મેખલા ઓછી લાંબી હોઈને તેના પર ક્રમે ૬૦ અને ૫૦ વિદ્યાધરનગરો છે. ઐરા૦ વૈતાઢ્યમાં એથી વિપરીત ૫૦-૬૦, વિદેહ વૈતાઢ્યમાં ૫૫-૫૫. એમ કુલ ૬૮ શ્રેણીમાં



૩૭૪૦ નગરો.

વૈતાઢ્ય પર એથીય ૧૦ યોજન ઊંચે તેવી જ બંને બાજુની મેખલા પર કુલ્લે બીજી ૬૮ શ્રેણીઓમાં આભિયોગિક (નોકર જેવા) તિર્યગ્જૃંભક વ્યંતર દેવના ભવનો છે. એમાં ભરતના અને વિદેહની દક્ષિણ તરફની ૧૬ વિજયોના વૈતાઢ્યો પર સૌધર્મેન્દ્રના **૪ લોકપાલ** (સોમ-યમ-વરુણ-કુબેર) દેવોના આભિયોગિક, અને ઉત્તરની વિજયોના તથા ઐરવતના વૈતા૦ પર ઈશાનેન્દ્રના લોકપાલના આભિયોગિક રહે છે.

● ૮. **વિજયો** પૂર્વે કહ્યું તેમ ૩૪ છે. ભરત, ઐરવત ૫૨૬$\frac{૬}{૧૯}$ યોજન, અને વિદેહની દરેક વિજય ૨૨૧૨$\frac{૭}{૮}$ યોજન છે. એમાં પૂર્વે ૮મી પુષ્કલાવતી, ૯મી વત્સ, પશ્ચિમે ૨૪મી નલિનાવતી, અને ૨૫ મી વપ્ર વિજયમાં ક્રમે શ્રી સીમંધર સ્વામી, શ્રી યુગમંધર સ્વામી, શ્રી બાહુસ્વામી અને શ્રી સુબાહુસ્વામી એ ચાર વિહરમાન તીર્થંકર દેવો છે.

● ૯ **હ્રદો** : દ્રહો-સરોવરોની પહોળાઈ લંબાઈથી અડધી, અને ઊંડાઈ દરેકની ૧૦-૧૦ યોજન,

| મહાહ્રદો ૬ | ક્યાં ? | લંબાઈ | કોનું નિવાસ |
|---|---|---|---|
| પદ્મહ્રદ | હિમવંત પર્વતે | ૧૦૦૦ યોજન | શ્રી દેવીનું |
| મહાપદ્મ | મહાહિમવંત પર્વતે | ૨૦૦૦ યોજન | હ્રી દેવીનું |
| તિગિચ્છિ૦ | નિષધ | ૪૦૦૦ યોજન | ધી દેવીનું |
| કેસરી | નીલવંત | ૪૦૦૦ યોજન | કીર્તિ દેવીનું |
| મહાપુંડરિક | રુક્મિ | ૨૦૦૦ યોજન | બુદ્ધિ દેવીનું |
| પુંડરિક૦ | શિખરી | ૧૦૦૦ યોજન | લક્ષ્મી દેવીનું |

૧૦ લઘુહ્રદોમાંના નિષધ, દેવકુરુ, સુરપ્રભ, સુલસ, વિદ્યુત્પ્રભ એ પાંચ હ્રદ દેવકુરુમાં અને નીલવંત, ઉત્તર-કુરુ, ચંદ્ર, ઐરાવત, માલ્યવંત, એ પાંચ હ્રદ ઉત્તરકુરુમાં પદ્મહ્રદના માપના આવેલા છે. ક્રમે સીતોદા અને સીતા નદીથી ભેદાવાથી દરેકના બબ્બે ભાગ પડે છે, તે નામના દેવો તે તે હ્રદમાં રહે છે.

| નદીઓ | ક્યાં વહે છે ? | ઉત્થાન | અંત | દરેકની પરિવાર નદી |
|---|---|---|---|---|
| ગંગા-સિંધુ | ભરતમાં | હિમવંત-પદ્મહ્રદ | પૂ૦પશ્ચિમ લવણમાં | ૧૪૦૦૦ |
| ”(૧૬-૧૬) | પૂર્વવિદેહ ઉ૦ વિ. પશ્ચિમવિદેહ દ૦ વિ. એમ ૧૬ વિજયે | નિષધ-નીલવંતના હ્રદ | સીતોદામાં | ૧૪૦૦૦ |
| રક્તા-રક્તવતી વતી ૧૬-૧૬ | બાકીની ૧૬ વિજયે | ” | સીતામાં | ૧૪૦૦૦ |
| રક્તા-રક્તાવતી | ઐરવતમાં | શિખરી હ્રદ | લવણમાં | ૧૪૦૦૦ |
| ૧૨ અન્તર્નદી | વિજયોના આંતરે | નિષ-નીલ હ્રદ | સીતોદા સીતામાં | - |
| સીતોદા સીતા | વિદેહ મધ્યે દેવકુરુ અને ઉત્તર | નિ૦ હ્રદ નીલ૦ હ્રદ | પૂર્વ-પશ્ચિમ લવણ | ૮૪૦૦૦ ૮૪૦૦૦ |
| રોહીતા રોહિતાંશા | હિમ૦ક્ષેત્રે | | પૂ૦ પશ્ચિમ લવણ | ૨૮૦૦૦ |
| સુવર્ણકુલા રૂપ્યકુલા | હિરણ્ય૦ | | પૂ૦ પશ્ચિમ લવણ | ૨૮૦૦૦ |
| હરિસલિલા હરિકાંતા | હરિવર્ષ૦ | | પૂ૦ પશ્ચિમ લવણ | ૫૬૦૦૦ |
| નરકાંતા નારીકાંતા | રમ્યક૦ | | પૂ૦ પશ્ચિમ લવણ | ૫૬૦૦૦ |

**પેટા નદીઓ :** ભરતમાં ૨૮૦૦૦+ઐર૦માં ૨૮૦૦૦+૪ અભ્યંતર ક્ષેત્રોમાં ૩,૩૬,૦૦૦+મહા વિદેહમાં સીતા સીતાદોના મુખ્ય પરિવારમાં કુરુક્ષેત્રે ૧૬૮૦૦૦ અને વિદેહ મધ્યે ૮,૯૬,૦૭૬ (૬૪x૧૪૦૦૦+૧૨+૬૪)=૧૪ ૫૬૦૦૦.

આમ વિદેહમાં સીતા સીતોદા પ્રત્યેકને ૧૪૦૦૦ x ૩૮ (૩૨ ગંગા સિંધુ +૬ અંતર્નદી)=૫,૩૨,૦૦૦નો પરિવાર ગણ્યો છે.



**વિસ્તાર :** ગંગા-સિંધુ-રક્તા-રક્તવતીનો **મૂળે** ૬। યોજન. છેડે ૧૦ ગણો=૬૨॥ યો૦ (પરિવાર મળવાથી) વિસ્તાર કરતાં ઊંડાઈ ૫૦ મા ભાગે એટલે **મૂળે** ॥ગાઉ, છેડે ૫ ગાઉ ઊંડી. હિમ૦ હિરણ્યની મુખ્ય નદી વિસ્તારે એથી બમણી ૧૨॥-૧૨૫ યોજન, અને હરિ૦ રમ્ય૦ની એથીય દ્વિગુણ એટલે ૨૫-૨૫૦ યોજન.

● **જંબૂદ્વીપ**માં ૨ સૂર્ય અને ૨ ચંદ્ર ફરે છે, તેથી આજે ઉગીને સાંજે આથમેલો સૂર્ય ફરી ૫૨મ દિવસે આવે છે. દરેક ચંદ્રને ૨૮ નક્ષત્ર, ૮૮ ગ્રહ અને ૬૬,૯૭૫ કોડી કોડી તારાનો પરિવાર છે.

જંબૂદ્વીપની પરિધિ પર વલયાકાર ૮ યોજન ઊંચી જગતી (કોટ) છે, તે મૂળે ૧૨ યો૦ જાડી અને મથાળે ૪ યો૦ જાડી છે. તેમાં પૂર્વદક્ષિણાદિ ક્રમે વિજય-વૈજયંત જયંત-અપરાજિત નામે ૪ દ્વાર છે.

● વૈતાઢ્યની **તિમિસ્રા** અને **ખંડકપ્રપાતા** એ બે ગુફાઓ માત્ર ચક્રવર્તિના રાજ્ય વખતે ખુલ્લી રહે છે. તે ૫૦ યો૦ લાંબી, ૮ યો૦ પહોળી અને ૧૧ યો૦ ઊંચી હોય છે; ચક્રી એક ગુફામાં ભીંતો પર કાકિણી રત્નથી પ્રકાશ મંડલો ચીતરી, સૈન્ય સાથે બીજી બાજુ જઈ ૩ ખંડ જીતી પાછો બીજી ગુફામાંથી તે રીતે પાછો આવે છે. આ પ્રકાશના આધારે પછીથી ગમનાગમન વ્યવહાર ચાલે છે.

● વૈતા૦માં દક્ષિણ ઉત્તરે ગંગા સિંધુની બંને બાજુ ૯-૯ **બીલ** એટલે કુલ ૭૨ બીલ (પોલાણો) હોય છે. છઠ્ઠા આરાના પ્રચંડ તાપ અને નિસ્સીમ ઠંડી વખતે મનુષ્યો અને પશુઓ ત્યાં જ રક્ષણ પામશે.

● એકકાળે ૩૪ વિજયમાં થઈને ઉત્કૃષ્ટ ૩૪ તીર્થંકર દેવો અને ૪ ચક્રવર્તી હોય. ચક્રી ઉત્કૃષ્ટથી ભરત-ઐર૦ અને ૨૮ વિજયોમાં થઈને ૩૦ હોય. તે વખતે બાકી ૪ વિજયોમાં ૪ વાસુદેવ ૪ બળદેવ હોય.

● ગંગા આદિ ૪, અભ્યંતર ક્ષેત્રોની ૮ અને સીતા સીતોદા એ ૧૪ મહાનદીના નામના જે પ્રપાતકુંડોમાં તે નદીઓ પર્વત ઉપરથી પડી બહાર વહે છે, તે ૧૪+વિજયોના ૬૪+અંતર્નદીના ૧૨=૯૦ કુંડ છે.

● વિદેહના છેડે જગતી પાસે ૪ વન+મેરુના ૪ વન એ ૮ **મહાવન** છે. દરેક વિજયના પાંચમા ખંડમાં ગંગાના પૂર્વકાંઠે યો૦ ૧૨-૯-૮ લાંબી પહોળી ઊંચી પેટી જેવા ૯-૯ **નિધિ** ભૂમિની અંદર હોય છે. તે સરખાં નામવાળા દેવથી અધિષ્ઠિત હોય છે. ચક્રી તેને સાધીને સ્વનગરે પાછો આવે ત્યારે તે નિધિઓ પાતાલ માર્ગે ચક્રીના નગર બહાર આવી જાય છે.

● ● ●

अर्हते नमः
श्री विजयप्रेमसूरीश्वरगुरुभ्यो नमः

# પળમાં પાપને પેલે પાર

આ વિરાટ વિશ્વમાં અનંતાનંત પ્રાણીઓ ભિન્ન ભિન્ન યોનિઓમાં અનંતા જન્મ મરણ કરે છે. એમાં પ્રાણી અખૂટ કાળ વીત્યે એક માત્ર **સ્પર્શનેન્દ્રિય** (શરીર) ધારી એકેન્દ્રિય જીવની અવસ્થામાંથી નદીગોળપાષાણ ન્યાયે ઊંચી બેઇન્દ્રિય આદિની અવસ્થામાં ચઢે છે, યાવત્ પુણ્યના પ્રાગ્ભારથી અમૂલ્ય માનવ જીવન પણ પામે છે; પરંતુ જેને લઈને અનંતી કર્મરજ આત્માને મલિન કરી ફરી નીચેની અવસ્થામાં પાછો ધકેલી દે છે, એવા અવિરતિ આદિ આશ્રવ (કર્મબંધના હેતુ)ને નિર્ભયપણે અને રસપૂર્વક એ સેવે જાય છે અને એથી વિરતિ વગેરેના મોંઘામૂલાં અનુપમ ફલને અવગણી, ૫-૫૦ વર્ષના અતિ અલ્પ માનવ આયુષ્ય જીવવાના બદલામાં, પુનઃ અપાર સંસાર અટવીમાં અસંખ્યકાળ દુર્ગતિઓમાં દોડવાનું ઉપાર્જે છે. અહો ! વિરતિ આદિ સમ્યગ્ ધર્મના બળે **જે ટૂંકી જિંદગી ભાવિ અનંતો કાલ સુધારી શકે, જે વિનશ્વર જીવન અવિનાશી પદ** પ્રાપ્ત કરાવી શકે, જે ફોગટ આયુષ્ય **મહાકિંમતી** સમૃદ્ધિ મેળવી આપે એની આટલી બધી અવગણના !!

**અવિરતિનો પ્રભાવ :**

વિચારો કે તિર્યંચ કે મનુષ્ય મરી મરીને ફરી એવો જ જન્મ પામે તો સાત આઠ વાર, દેવતા નારકી તો તુરત બીજો જન્મ એવો પામી શકે જ નહિ, જ્યારે દ્વિન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય જીવો એનો એ જન્મ સળંગ સંખ્યાતા વર્ષો સુધી પામી શકે, પરંતુ એકેન્દ્રિય વધુમાં વધુ અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી જે (એકેકમાં ૧૦ કોડાકોડી સાગરોપમ વર્ષો સમાય) કે અનંત કાલચક્ર સુધી એવા ને એવા જન્મ પામી શકે છે, એ શાના બળે ? મિથ્યાત્વનો અભિનિવેશ એને નથી. ક્રોધ, માન, માયા, લોભ, કષાયોનું જોર એને તેવું નથી અને યોગ એટલે મન-વચન-કાયાની પ્રવૃત્તિ દોડધામવાળી એને નથી; હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહ-સર્વશાસ્ત્રસંમત આ પાંચ મહાપાપમાંનાં ક્યાં એનામાં પ્રગટ દેખાય છે ? છતાં અવિરતિ નામના આશ્રવના બળે કર્મલેપથી એવો લેપાયેલો રહે છે, કે યુગના યુગ વીત્યે પણ ઊંચો આવતો નથી.

**'કરે તે ભરે' એમ નહિ પણ 'વરે તે ભરે' :**

વરવું એટલે અવિરતિને વરવું. વિરતિ એટલે પાપ ન કરવાનું પચ્ચક્ખાણ



(પ્રતિજ્ઞા) અને એનું પાલન. પ્રતિજ્ઞા ન હોવી તે અવિરતિ. આ અવિરતિ પણ અઢળક કર્મ બંધાવે છે. નહિતર, ઉપર કહ્યું તેમ એકેન્દ્રિય; દા.ત., એક ઝાડનો જીવ હિંસા, જૂઠ વગેરે પાપ ન આચરવા છતાં કેમ મોક્ષ પામતો નથી ? લોકમાં તો કહેવાય છે કે 'કરે તે ભરે'. આ જીવ જો પાપ કરતો નથી તો પાપના દંડરૂપ દીર્ઘ સંસારને શા માટે ભરે ? માટે અહીં સમજવું જોઈએ કે જો કે આ જીવ દેખીતી રીતે પાપ કરતો નથી, પરંતુ એને પાપ ન કરવાની પ્રતિજ્ઞા (વિરતિ) નહિ હોવાથી, અવિરતિને લઈને, પાપ ન કરવા છતાં અગણ્ય કર્મ અને દીર્ઘ સંસાર ઉપાર્જે છે. આ રીતે વિચારતાં માનવ જેવો માનવ પણ જો વિરતિ માર્ગે ન ચઢે, તો ન આચરણમાં આવતાં એવા પણ અસંખ્ય પાપોની જવાબદારીમાંથી કેમ જ છૂટી શકે ? કર્મબંધ ક્યાંથી અટકે ? જ્યાં સુધી અવિરતિ છે એટલે કે પાપને વર્યો છે, પાપથી છૂટાછેડા નથી કર્યા, ત્યાં સુધી દંડ ભરવાનું ચાલુ છે.

**પ્ર.- પાપ કરે નહિ, છતાં કર્મ બંધાય - એ શી રીતે ?**

**ઉ.- दुःखं पापात् सुखं धर्मात् सर्वशास्त्रेषु संस्थितिः ।**

સર્વ શાસ્ત્રો કહે છે કે, પાપથી દુઃખ અને ધર્મથી સુખ થાય; એટલે કે પાપકાર્ય કરવાથી અશુભકર્મ બંધાય અને એનું ફળ દુઃખ. ધર્મ કરવાથી શુભકર્મ બંધાય અને એનું ફળ સુખ. હવે અહીં ખાસ એ સમજવાનું છે કે,

**પાપ કે ધર્મ કરવાનું ત્રણ રીતે બને :**

(૧) સ્વયં કરે, (૨) બીજા પાસે કરાવે, કે (૩) કોઈ કરે એમાં સંમતિ કે રાજીપો રાખે અથવા પ્રશંસા કરે. અનાદિકાળથી આત્માએ આ ત્રણમાંથી કોઈ ને કોઈ રીતે પાપ કરવાનું ચાલુ રાખ્યું છે. પાંચે ઇંદ્રિયોનાં મનગમતાં વિષયસુખો અને એનાં સાધનો મેળવવા, ભોગવવા, સાચવવા, વધારવા વગેરેનાં તેમજ એને અંગે કરાતાં હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ (સંગ્રહ અને મૂર્છા) ક્રોધાદિકષાયો વગેરેનાં સંખ્યાબંધ પાપો કેટલાય પોતે કરે છે, કેટલાક બીજા પાસે કરાવે છે અને બીજાથી કરાતાં ઘણાંય પાપોમાં પોતે સંમત હોય છે, પોતે એને સારાં માને છે, ઈત્યાદિ આ ત્રીજા પ્રકારનું પાપ વિશેષે સમજવા જેવું છે. એને અનુમોદના કે અનુમતિનું પાપ કહે છે. અમેરિકન કંપની જીવોના મહાન આરંભ સમારંભ કરી ઘરાક માટે માલ બનાવતી હોય અને દૂર દેશના ઘરાક તે માલ લેતા હોય, માલને સારો માનતા હોય એટલે સહેજે ઘરાકને એ આરંભાદિમાં અનુમતિ રહી. કોઈ જીવે ગતભવમાં એક યંત્રશાળ ઊભી કરી હતી, પણ મરી ગયા બાદ આ બીજા જીવન સુધી એમાંથી પોતાની અનુમતિ ઉઠાવી ન લીધી, ત્યાં સુધી એનું પાપ -

એને અંગે કર્મબંધ - પોતાને લાગે. કહેશો કે હવે તો ત્યાં એ યંત્રશાળ બીજો જીવ ચલાવે છે, એમાં આ જીવને શું ? તો સમજો કે જો કદાચ એ બીજો જીવ આ જીવને એ સોંપવા કે એનો નફો આપવા તૈયાર થાય તો આ લે કે નહિ ? તમને લાગશે કે જ્યારે એ લે ત્યારે તો પાપ લાગે, પણ તે પહેલાં શાનું ? એ માટે વિચારવું જરૂરી છે કે આ જીવ એ યંત્રશાળ પાછી લેવા તૈયાર થાય છે તે કઈ બુદ્ધિએ ? એ બુદ્ધિએ કે 'ગત જન્મમાં મેં એ વોસિરાવી-ત્યજી દીધી નથી, એ પાછી ન લેવાની મારે પ્રતિજ્ઞા (વ્રત) નથી, એટલે લેવામાં કોઈ વ્રત ભાંગતું નથી' આ શું સૂચવે છે ? એ, કે યંત્રશાળ ન રાખવા ચલાવવાના સોગન (નિયમ) ન હોવાથી, જીવને એ રાખવા ચલાવવાની છૂટ છે; સંમત છે અને યંત્રશાળ પાછી નથી લીધી ત્યાં સુધી પણ સંમતિ તો ચાલુ છે. તો પછી સંમતિનું પાપ કેમ ન લાગે ? મારે તો, ભાઈ 'માંસ ન ખાવાની પ્રતિજ્ઞા નથી.' એનો ભાવ એ છે કે 'મારે એ ખાવાની છૂટ છે, વ્રતનો બાધ નથી.' એટલે માંસ તો એ ખાશે ત્યારે ખાશે; પરંતુ 'આપણે તો ભાઈ છૂટા છીએ' આ બુદ્ધિથી એને અવિરતિનું પાપ સદા પ્રતિક્ષણ જાગ્રત છે, ચાલુ છે. માટે કહેવાય કે અનાદિકાળથી આ જીવને અવિરતિ સાથે સંબંધ છે, એમાંથી જેટલા જેટલા પ્રમાણમાં પ્રતિજ્ઞા રૂપી નોટિસ આપી છૂટો થાય, તેટલા અંશે પાપમાંથી બચે.

**'ન કરવા છતાં ભરવું પડે' એના દૃષ્ટાન્ત :**

જેમ, (૧) મ્યુનિસિપાલિટીને જો નોટિસ આપ્યા વિના બાર માસ સુધી ઘરધણી બહારગામ રહે અને તેથી એનો પાણીનો નળ કે ગટર ન વાપરે, તો પણ એનો ટેક્ષ ભરવો પડે. કેમ કે પાણી ગટર વાપર્યાં નથી, પરંતુ વાપરવાની સંભાવના-સંમતિ હતી. (૨) એવી રીતે ભાગીદારીની 'દુકાનમાં બાર માસ માટે નફો-નુકસાનમાં મારો ભાગ નહિ.' આવી નોટિસ આપ્યા વિના ભાગીદાર બહારગામ જાય તો તે દરમિયાન પોતે ખોટનો વેપાર ન કરવા છતાં ભાગીદારે કરેલા વેપારની ખોટના ભાગી બનવું પડે. (૩) જેમ, વ્યાજ ઠરાવ્યા વિના એમને એમ શરાફને ત્યાં જમા કરાવેલ રકમનું વ્યાજ ન મળે. (૪) જેમ, વર્ષોથી ચાલ્યા આવતા ગુમાસ્તાને જાહેર નોટિસથી શેઠ પોતાના ધંધા અંગે વ્યવહાર કરવાનો અનધિકારી ન ઠરાવે ત્યાં સુધી એ ગુમાસ્તાએ બીજાને ત્યાંથી ઉપાડેલ રકમની જવાબદારી શેઠ પર જ આવે. ભલે શેઠે જાતે રકમ ઉપાડી નથી કે ઉપડાવી નથી અને ગુમાસ્તાએ સ્વયં લુચ્ચાઈથી શેઠના નામે બીજેથી રકમો ઉપાડી છે તો પણ. તેવી રીતે પાપની પ્રતિજ્ઞા કરી અવિરતિને નોટિસ આપી છૂટું ન થવાય ત્યાં સુધી એ પાપ ન કરવા



છતાં કર્મબંધ લાગે.

**'પૂર્વ ભવોમાં મૂકેલાં તન ધનથી પાપ બંધાય પણ પુણ્ય નહિ' :**

શ્રી ભગવતીજીમાં કહ્યું છે કે, એક ઝાડનો જીવ કાળ કરી જાય તો પણ, એ ઝાડના લાકડામાંથી બનાવેલા બાણથી થતી પ્રાણાતિપાત આદિ પાંચ ક્રિયાઓ એ જીવને ભવાંતરમાં પણ લાગે, એટલે અવિરતિ (એ શરીરની મૂર્ચ્છા છોડવાની પ્રતિજ્ઞા નથી કરી તે) ને અંગે કર્મબંધ ભવાંતરોમાં પણ ચાલુ રહે. અહીં ખૂબી એ છે કે એજ ઝાડના લાકડામાંથી કોઈ પરમાત્માની મૂર્તિ બનાવી પૂજે, તો એના પુણ્યનો હિસ્સો પેલા ઝાડમાંથી ગયેલા જીવને ન મળે. એનું કારણ પૂર્વે કહી આવ્યા છીએ કે **પુણ્ય પણ કાં સ્વયં ધર્મ કરીને, કાં ધર્મ કરાવીને કે કાં ધર્મ કરે એમાં સંમતિ, રાજીપો, પ્રશંસાદિ રાખીને બંધાય**. ઝાડના જીવને આ ત્રણેમાંનું એકેય નથી એટલે પુણ્ય શી રીતે બંધાય ? જ્યારે બાણ બન્યું ત્યાં અવિરતિ તો છે, મૂર્ચ્છા ત્યજી નથી માટે. એટલે પાપકાર્યમાં સંમતિ હોવાથી, નિષેધ ન હોવાથી પાપ બંધાય. પુત્રને લાખનો વારસો, 'આને બરાબર સાચવજે' એમ ભલામણ કરી આપી જનાર બાપને ભવાંતરમાં પણ એને અંગેનો પાપનો કર્મબંધ લાગે. પણ પુત્ર સ્વેચ્છાથી એમાંથી પચાસ હજારનું ધર્મકાર્ય કરે, મંદિર બંધાવે, તો એ અંગે બાપને લગારેય શુભ કર્મ-પુણ્ય ન બંધાય; કેમ કે બાપે સ્વયં તો એ ધર્મકાર્ય કર્યું નથી; તેમ એ દીકરા પાસે પોતે કરાવ્યું પણ નથી, કિંતુ 'દીકરો એ ધર્મ કાર્ય કરે તો સારું, એય ઈચ્છ્યું નથી. એથી પુણ્ય બંધનો ત્રણમાંથી એકેય માર્ગ રાખ્યો નથી, માટે એ અંગે લગારે પુણ્ય ન બાંધે.

**જીવનમાં કર્તવ્ય :**

૧. આ ઉપરથી વિરતિ માર્ગની બલિહારી સમજી, પહેલું એ નક્કી કરી લેવું જોઈએ કે જીવનમાં આપણને જરૂર જ ન પડે એવા કયા કયા પાપો છે અને પછી એ ન કરવાના પચ્ચક્ખાણ (પ્રતિજ્ઞા) લઈ લેવા જોઈએ.

૨. જે પાપો જીવનમાં આચરવા પડે એવા છે એ પણ જીવનમાં કયા કયા સમયે આપણે આચરતા નથી, એ નક્કી કરી એટલા એટલા સમય માટે એની વિરતિ લઈ લેવી જોઈએ.

૩. જે સમયે જે પાપો આચરવા પડે છે તે સમયે પણ તે જેટલા અંશે આચરવાના હોય તેથી વધુ માટે વિરતિ કરી શકાય.

૪. જીવનમાં જરૂરી ગણાતા અંગે પણ મનની વૃત્તિઓ (તૃષ્ણા) પર કાપ મૂકી શકાય અને પ્રતિજ્ઞા પાળી શકાય તે મુજબ સંકોચ કરી તે અનુસારે વિરતિ

સ્વીકારી શકાય અથવા કારણ પડે એનો ઉપયોગ કરવો પડે એમ લાગતું હોય તો પણ 'આ આ... કારણ સિવાય આ આચરવું નહિ.' એમ વિરતિ લઈ શકાય.

**પ્રતિજ્ઞાના પુણ્ય લાભો :**

૧. જીવનમાં જે પાપ આપણે આચરવાના નથી એની પણ વિરતિ કરવાથી, એની અવિરતિથી થતા મહાન અશુભ કર્મ બંધાતાં અટકી જાય છે. એથી એ થયું કે વિરતિ-પ્રતિજ્ઞા કરવાનું કાર્ય પળનું અને લાભ અગણિત પાપ ઓળંગી જવાનો. આથી જ કહેવાય કે **'પળમાં પાપને પેલે પાર'**. કેમકે આમાં પ્રતિજ્ઞાની પળ સિવાય જીવનમાં બીજું સહવાનું શું છે ?

૨. આત્માની ખાનાખરાબી પર-પુદ્ગલમાં રમવાને લઈને છે, કેમ કે પર એ સ્વાધીન નથી. એ પરમાં રમવાનું એના ભોગથી, માલિકીથી કે આશાથી હો પણ તે પાપ છે. હવે જે વસ્તુ ઉપયોગમાં આવવી સંભવિત નથી એની પણ વિરતિ કરવાથી આત્માને એના પરપણાનો અને ત્યાજ્યપણાનો ખ્યાલ રહે છે અને આ ખ્યાલ શુભ વિચારણારૂપ હોવાથી પુણ્યબંધમાં કારણ બને છે.

૩. શરૂઆતમાં આવી અતિ સ્થૂલ વિરતિએ ચઢવાથી, આગળ જતાં જીવનમાં જરૂરી એવી પણ વસ્તુ કે પ્રવૃત્તિ સંબંધમાં સંકોચ કરી સૂક્ષ્મ વિરતિ કરવાનું મન થાય છે. આથી જીવનની જરૂરીયાતો ઘટે છે, ઓછાથી નભાવવાનો અભ્યાસ પડે છે અને એથી વિષમ-સંયોગોમાં અમુક વસ્તુ ન મળે તો પણ ચિત્તની સમાધિ કાયમ રહે છે. તેમજ જરૂરીયાત ઘટવાથી પૂર્વની જેમ હવે અધિકાધિક આરંભ સમારંભમાં દોડધામ કરવાની રહેતી નથી.

૪. વિરતિ ન હોવાથી શરમાશરમીથી જે કેટલીકવાર પાપપ્રવૃત્તિ આચરવી પડતી હતી, તે હવે અટકી જાય છે. કેમ કે વિરતિ કર્યા પછી તો કહી શકીએ કે 'મારે આની પ્રતિજ્ઞા છે.'

૫. મનથી અમુક વસ્તુ; દા.ત., રાત્રિભોજનનો ત્યાગ, પાળવા છતાં અવસર આવે પડી જવાય છે અને તે પણ એમ માનીને કે 'આપણે કાંઈ નિયમ નથી એટલે નિયમ ભાંગવાનો નથી માટે વાંધો નથી.' હવે ખૂબી જૂઓ કે અવસરે રાત્રિભોજન તો કરી જ લે છે એટલું જ નહિ, કિંતુ એમાં એને વાંધો નથી લાગતો. 'હું કોઈ પાપ કરું છું, અકાર્ય કરું છું.' એમ લાગવાને બદલે 'આપણે કાંઈ નિયમ નથી ભાંગતા એટલે રાત્રે ખાવામાં પાપ નથી



લાગતું.' આવી વિપરીત ભાવના થાય છે. જ્યારે વિરતિ કરવાથી અવસરે એ ત્યાગમાં ટકી રહે છે અને ઊલટું થાય છે કે 'હાશ ! નિયમ હતો તે પાપમાંથી બચ્યા.' કદાચ એવા જ કોક સંયોગોમાં નિયમ ભાંગવાનો પણ અવસર જો આવશે તો જો કે આત્માની ભાવના મુજબ નિયમ ભંગનું પાપ લાગશે, પરંતુ 'અરે ! ક્યાં આ સંયોગમાં ફસાયો કે આ પાપ કરવું પડ્યું, એમ **'પાપ એ અકાર્ય'** એ માન્યતા સચોટ હૈયે જચી રહેશે.

૬. વિરતિની પ્રગતિથી ઇંદ્રિયો અને મન કાબૂમાં આવે છે અને એથી ઇંદ્રિયોની સ્વચ્છંદતાથી નીપજતી નરક તિર્યંચ આદિ દુર્ગતિમાં જવું પડતું નથી. વિરતિથી ભોગવિલાસના ગુલામ મટી માલિક બનાય છે; એથી ભોગ વિલાસના જ સાધનોને દેવગુરુની ભક્તિ અને ધર્મ આરાધનાના સાધનો બનાવી અપૂર્વ પુણ્યનો થોક અને પાપનો ક્ષય ઉપાર્જાય છે.

૭. વિરતિના આસ્વાદી આ લોકમાં પણ શિષ્ટની ખ્યાતિ પામે છે અને પ્રૌઢ, ગંભીર, સંતોષી અને શાન્ત દાન્તમાં ખપે છે.

૮. વિરતિના આવા બીજા અનેક આલોક, પરલોકના હિતલાભોમાં એક મહાન લાભ એ છે કે, જેની વિરતિ કરી (દા.ત., એમ કર્યું કે આખા દિનમાં ૧૦થી અધિક ચીજ ન ખાવી) એ હવે જ્યારે જ્યારે આપણી આગળ ઉપસ્થિત થાય (એટલે કે કોઈ નવી ચીજ ખાવાનો અવસર આવે) ત્યારે ત્યારે ઝટ વિચાર આવશે કે 'આ મારા નિયમ બહાર તો નથી જતું ને ? રખેને એથી વધી ન જાય.' આ વિચાર સામાન્ય નથી, કિંતુ આત્માની એક ઉપયોગવંત દશા છે, શુભલેશ્યા-શુભધ્યાન છે. વ્રત રક્ષણની ચિંતા અને અધિક પાપ ન થઈ જાય એ વિચાર શુભ ભાવ હોવાથી શુભ કર્મ (પુણ્ય) બંધાવે છે એટલું જ નહિ કિંતુ ધર્મધ્યાનનો એક પ્રકાર જે, 'અપાય વિચય' એટલે કે રાગદ્વેષ અને હિંસાદિ પાપોથી થતા અનર્થોનો વિચાર છે એનો એ પ્રેરક બનવાથી અભ્યંતરતપની કોટિમાં જઈ વિપુલકર્મની નિર્જરા પણ કરાવે છે. આત્માના શુભ ઉપયોગની આટલી બધી વિશિષ્ટતા નિહાળી, જીવન તે માટે વિરતિ-નિયમ-અભિગ્રહ-પ્રતિજ્ઞામય કોણ ન બનાવે ? એમાં વિલંબ કેમ જ થાય ?

**સુખની પરંપરાનું વડબીજ વિરતિ :**

આ જીવન અતિ ટૂંકું છે. તે ય આજ ખપી જાય કે કાલ એ પણ નિર્ણીત નથી. ભાવિ અનંત કાળ છે અને એ આખાને સુધારવાનું-ઉચ્ચ બનાવવાનું સામર્થ્ય

આ જીવનમાં છે. **માનવ જીવનમાં મન, વચન, કાયાથી સેવેલા ધર્મ કે મોહના અભ્યાસો પ્રાયઃ પછીના અનેક જીવનોમાં ચાલુ રહે છે.** આ સનાતન સત્ય જો હૈયે અંકાઈ જાય તો આ જીવનમાં એકાંતે મોહ અને માયાના અભ્યાસમાં કેમ જ રચ્યા પચ્યા રહેવાય ? ધર્મ અભ્યાસને કેમ જ વીસરાય ?

ટૂંકમાં, વિવિધ પ્રકારની વિરતિનો અભ્યાસ એ ઉત્તમ ધર્મ-પરિણતિનો અભ્યાસ બનીને, આત્માને પ્રબલ પુણ્યબંધ અને કર્મનિર્જરા સહિત ઉપર કહેલા લાભો અર્પે છે ને સાથે ભવાંતરોનું સુંદર ધર્મભાતુ અગાઉથી નિશ્ચિત (Regisstered) કરી આપે છે, એવી સુખસાગરના પાતાલ કલશસમી વિરતિને જીવનમાં શીઘ્ર સ્થાપો એ મહેચ્છા.

**ચૌદ નિયમો ધારવાની રોજનિશી :**

વિરતિ એટલે પાપસ્થાનકોથી શક્યતાએ નિવૃત્ત થવાની પ્રતિજ્ઞા. એ ચાર રીતે થઈ શકે : (૧) આખા જીવન માટે-યાવજ્જીવ, (૨) બે-પાંચ વર્ષ, એક વર્ષ કે ચાતુર્માસ માટે (૩) આજના દિવસ કે રાત પૂરતી જ અથવા કોઈ પ્રસંગ પૂરતી જ. આમાં પ્રથમના બે વિસ્તૃત વિવેચન માગે છે, જે અત્રે કરવાનું નથી. ત્રીજા પ્રકારને માટે શ્રી જૈન શાસનમાં **ચૌદ નિયમ ધારવા**નું કહેવાય છે અને તે પણ પ્રત્યેક દિવસ-રાત પૂરતા જુદા એમ રોજ જુદા જુદા સવારે અને સાંજે ધારવામાં આવે છે.

**ચૌદ નિયમ ધારવા એટલે સહેલ, છતાં સુવિપુલ લાભવાહી :**

આટલું બધું શે યાદ રહે અને શે પાલવે ? એમ મુંઝાવાની જરૂર નથી. કેમ કે (૧) માત્ર એક ગાથા પરથી એ રોજ ઝટ ધારી શકાય છે. (૨) રોજનો એનો એ જ મહાવરો પડ્યા પછી એ નિયમો ધારવા, પાળવાની તકલીફ લાગતી નથી. (૩) નિયમો ફક્ત તે જ દિવસ કે રાત માટે જ હોય છે; તેથી ધારેલા નિયમોનું બંધન ૧૨ કલાકમાં ઉતરી જાય છે. (૪) આટલી સરળતા છતાં એનો લાભ અગણિત છે. દા.ત., એમાંનો બીજો નિયમ આખા દિવસમાં ખાવાની જુદી જુદી ચીજોની સંખ્યા નક્કી કરી 'આટલાથી વધુ ખાવી નહિ' એ છે. હવે વિચારો કે આખા દિવસમાં જુદી જુદી ૧૦-૨૦-૩૦ વસ્તુ ખાતા હશો, જ્યારે જગતમાં કરોડો ખાવાની ચીજો છે પણ જ્યાં સુધી આ નિયમ નથી ત્યાં સુધી ખાવામાં નહિ આવતી કરોડો ચીજોની વિરતિનો લાભ નથી મળતો. એવી રીતે જ્યાં સુધી 'આજે ૧૦-૧૫ મણથી વધુ પાણી ઉપયોગમાં ન લેવું' આ નિયમ નથી કર્યો ત્યાં સુધી દુનિયાના નદી સમુદ્રોના અબજો મણ પાણી અંગે અવિરતિનું પાપ ચાલુ છે,



અફસોસ તો એ કે એનો ઉપયોગ ન કરવા છતાંય. (૫) નિયમના અભ્યાસથી જીવન નિયંત્રિત બને છે, ઠરેલ બને છે, સુખી બને છે. મોંઘવારી કે માપબંધી એને મુંઝવતી નથી; કેમ કે આત્મદમનના અભ્યાસથી આવા અવસરે તો એ વધુ નિયમનો લાભગ્રાહી બને છે; તે એમ વિચારીને કે ''દુનિયા ન મળે અને ન ભોગવે, એના કરતાં તો ભલે સંયોગોના બલાત્કારે પણ હું નિયમ કરીને નહિ ભોગવું, એથી મને મહાન લાભ, આમાં સંયોગો મને ઉપકારી નીવડ્યા.'' આથી કાળ ઉપર, સરકાર ઉપર, અધિકારીઓ ઉપર એને ખોટો દ્વેષ નહિ આવે. સાથે જ આવા વિરતિવાળાની બહુલતાથી કાળા બજાર, સંગ્રહખોરી વગેરે ઘટી સામાન્ય જનતાનું શોષણ અને પીડિત દશા પણ ઘટે, એ પણ નોંધપાત્ર છે. વિરતિની અભ્યાસી જો દુનિયા બની જાય તો ઘરમાં જરૂરી ખાનપાન કર્યા પછી શા સારુ બહાર હોટલ આદિમાં વધારાનું ખાયપીએ કે જેથી એ માટે એ હોટેલો વગેરેમાં અનાજ, ખાંડ વગેરે ગરીબોની જીવન જરૂરીયાતો અઢળક ખેંચાઈ ખર્ચાઈ જાય અને એથી કરોડો માનવી પેટપૂર પણ ન પામી શકે ? (૬) **''પરપુદ્ગલ માત્રમાં રમવાની જેટલી છૂટ (અવિરતિ) એ પાપ''** - એ ખૂબ જ હૃદયમાં કોતરાઈ જાય છે અને કરેલી વિરતિની રક્ષાબુદ્ધિ આત્માને સતત જાગ્રત રાખે છે.

**નિયમ ધારવાની વિધિ :**

આગળ કહેવાશે તે ચૌદ નિયમની ગાથા ગોખી લેવી અને નિયમો બરાબર સમજી લેવા. સવારમાં ઉઠીને પોતાની જરૂરીયાતો અને શક્ય કેટલો સંકોચ કરી શકાશે તે વિચારી આ નિયમો ધારવા. એમાં, 'આજે વજનથી આટલું કે નંગ આટલા વાપરીશ' એમ નહિ ધારતાં; 'આજે આટલાથી વધુ નહિ વાપરું, એમ ધારવું. કેમ કે પ્રતિજ્ઞા 'આટલા પાપ કરીશ' એવી ન હોય, કિંતુ 'આથી વધુ તો નહિ જ કરું' એવી હોય. નિયમો ધારી લીધા પછી એની પ્રતિજ્ઞા-પચ્ચક્ખાણ કરી લેવું.

બીજું, સામાયિક કે પ્રતિક્રમણમાં આ નિયમ નહિ ધારતા, તે પૂર્વે કે પછી ધારવા. કેમ કે '૧૦ મણથી અધિક નહિ વાપરું' એને બદલે 'હું આજે ૧૦ મણ પાણી વાપરીશ.' આવી ગફલત મનમાં થઈ આવવી સુલભ છે અને તે સામાયિકની પ્રતિજ્ઞાને ધોખો પહોંચાડે છે. આગળ ઉપર નિયમોના નામનું ખાલી ખાનાવાળું પત્ર છે, એમાં શરૂઆતના અભ્યાસીએ દરેક નિયમ આગળના ખાનામાં ધારેલો આંકડો લખવો, જેથી પછી જોવા કામ લાગે. મહાવરો પડ્યા પછી મોઢેથી શીઘ્ર ધારી અને યાદ કરી શકાશે.

**નિયમો પાળવા સંક્ષેપવા અંગે :**

નિયમો પાળવામાં રીતસર કાળજી રાખવી; તે બે રીતે : (૧) ધારેલા આંકડાથી વાપરવામાં આગળ ન વધી જવાય અને (૨) ધારેલામાંથી પણ બને એટલું ઓછું વપરાય કે જેથી વૃત્તિ-લાલસા ઉપર અને ઇંદ્રિયોની મળે એટલું ભોગવી લેવાની સ્વચ્છંદતા ઉપર કાપ મૂકાય. આ સહેજે સહેજે બની શકશે, જેમ કે દસથી અધિક વસ્તુ ન ખાવાનું ધાર્યું હતું, એમાં પડોશીના ઘરની આવેલી જરા જેટલી વસ્તુ ભાણા આગળ આવી. ત્યાં મનને એમ થશે કે "જવા દે આને, નથી ખાવી; ૧૦માંથી પણ એક ઓછું કર્યાનો લાભ થશે."

હવે આ નિયમો સવારના સાંજે અને સાંજના સવારે સંક્ષેપવા જોઈએ, એટલે કે વાપરવાની કેટલી છૂટ હતી અને કેટલું વપરાયું તેમજ કેટલું ત્યાગના લાભમાં રહ્યું, એની ગણતરી કરી લેવી જોઈએ. આની સરળતા માટે અધિક આંકડાવાળી અનિયત વસ્તુને વાપરતા તે જ વખતે સાથેને સાથે ગણી લેવાની ટેવ રાખવી. જેમ કે સવારે ધાર્યું કે ૨૦થી અધિક દ્રવ્ય (વસ્તુ) ન ખાવા. પછી ચા નાસ્તો કરતી વખતે મોંમાં શું શું નાખ્યું, તે આંખ ફેરવી ગણી લેવું - 'દાતણ, પાણી, દૂધ, ચાહ, ખાખરો, ઘી - છ થયાં. બસ, આ છનો આંકડો મનમાં રહી જશે. તે જ્યારે પાછો કાંઈક ખાવાનો પ્રસંગ આવશે એટલે ધર્મદૂત જેવો એ આંકડો હૃદય સામે આવી ઊભો રહેશે - 'મારે દ્રવ્ય છ થયાં છે અને આ નવા ચાર વધ્યાં એટલે દસ થયાં.' એમ સાંજ સુધીમાં વધેલો આંકડો મનમાં રહેશે. છેવટે સાંજે બધા નિયમોમાં કેટલો ઉપયોગ અને બચાવ થયો તે વિચારી લેવું. એ નિયમ સંક્ષેપ્યા કહેવાય. નિયમના ભંગ બદલ પ્રાયશ્ચિત્ત લઈ શુદ્ધ થવું.

**પ્ર.- સવારથી જ ૨૦ ને બદલે ૩૦ વસ્તુ ધારવાથી સાંજે લાભમાં વધારે રહે કે નહિ ?**

ઉ.- (૧) લાભની વાત તો પછી, પણ પહેલા સવારથી જ ૧૦ની અવિરતિનું નુકસાન ચાલુ થયું. (૨) ૨૦ને બદલે ૩૦ની છૂટ હોવાથી ઉપયોગમાં છૂટ વધારે રહે; એથી લાલસા પર કાપ ન પડે. માટે સમજો કે સાચો લાભ મનની વૃત્તિઓને કાબૂમાં લીધાનો છે.

## :: ચૌદ નિયમની ગાથા ::

| | | | |
|---|---|---|---|
| જીવવાળું | મુખમાં નાખવાની ચીજ | છ વિગય | |
| १ सचित्त | २ दव्व | ३ विगइ | |
| જોડા | મુખવાસ | વસ્ત્ર | સૂંઘવાનું |
| ४ उवाण | ५ तंबोल | ६ वत्थ | ७ कुसुमेसु |
| વાહન | પલંગ-પથારી | શરીરે લગાવવાનું | |
| ८ वाहण | ९ सयण | १० विलेवण | |
| બ્રહ્મચર્ય | દિશા | સ્નાન | ભાતપાણી |
| ११ बंभ | १२ दिसि | १३ ण्हाण | १४. भत्तेसु ॥ |



આ ૧૪ ભેગા નીચેના નિયમો પણ પારાવાર અવિરતિના પાપમાંથી બચાવી લે છે માટે ધારી લેવાય છે.

**૧૫ પૃથ્વી ૧૬ પાણી ૧૭ અગ્નિ ૧૮ વાયુ ૧૯ વનસ્પતિ ૨૦ ત્રસ કાય ૨૧ અસિ ૨૨ મસી ૨૪ કૃષિ.**

આ નિયમો ધાર્યા પછી કરવાનું પચ્ચક્ખાણ (પ્રતિજ્ઞા)

**देसावगासियं उवभोगं परिभोगं पच्चक्खामि अन्नत्थणाभोगेणं सहसागारेणं महत्तरागारेणं सव्वसमाहिवत्तियागरेणं वोसिरामि ।**

(i) ઉપરના નિયમો (૧) સંખ્યાથી (૨) વજનથી (૩) માઈલથી (૪) 'આટલી વારથી વધુનો ત્યાગ' એમ ધારવાના છે.

(ii) દિવસના નિયમ સાંજે, અને રાત માટે ધારેલા નિયમ સવારે, અવશ્ય સંક્ષેપવા, (કેટલું કેટલું રાખ્યું હતું અને કેટલું વપરાયું તેની ગણતરી.)

(iii) નિયમ પોતાની ધારણા મુજબ થઈ શકે છે. જેમકે બેશાક ભેગા રાંધેલા 'એક દ્રવ્ય ગણીશ' કે 'બે જુદા ગણીશ.' અર્થાત્ પોતે જેવું ધાર્યું તેવું પાળવાનું છે.

(iv) ધર્મ કાર્ય નિમિત્તે, દુકાને વેપાર નોકરીના પ્રસંગમાં, કુટુંબના કાજે, કે અજાણતા ભૂલાય એ માટે અમુક અમુક નિયમમાં રખાતી છૂટને જયણા કહે છે.

(v) દિવસે જરૂર પડતી, સચિત્ત દ્રવ્ય વગેરેની રાતે જરૂર નથી પડતી. એથી દિવસના અને રાતના જુદા નિયમો ધરાય છે, જેથી ઘણો લાભ થાય છે.

## :: ચૌદ નિયમોની સમજ ::

**૧. સચિત્ત** - જેમાં જીવ હોય તે સચિત્ત કહેવાય, અથવા વાવવાથી ઊગે તે પણ સચિત્ત. કાચું શાક, ફળ, લીલાં દાતણ, લીલી વનસ્પતિ, બીજવાળી વસ્તુ, આખાં ધાન્ય, કાચું પાણી, કાચું મીઠું ફટકડી વગેરે સચિત્તમાં ગણાય.

શાક કાચાં ફળ વનસ્પતિ, ધાન્ય, મીઠું વગેરે અગ્નિ પર બરાબર ચઢી

(સીજાઈ) ગયેલા હોય અથવા મીઠાના સંસ્કારથી શાકના (કાચી કેરીના મરવા, કેરી પપૈયાનો છૂંદો) રૂપરસાદિ, કડકાશ વગેરે ફરી જાય તો અચિત્ત ગણાય. વિના અગ્નિએ આમ બનાવમાં ૪-૮ કલાકો પણ લાગે. પાકાં કેળાં છાલ સાથે પણ અચિત્ત છે. (છતાં લીલોતરીમાં ગણાય માટે તિથિએ એનો ત્યાગ કરવો ઉચિત્ત છે.) જયારે બીજા પાકા ફળ કે એના રસ એમાંના બીજથી જુદા પડ્યા બાદ બે ઘડી (૪૮ મિનિટ) પછી અચિત્ત ગણાય. અથવા કાચું પાણી, માંહી સાકર પડ્યાથી કે ત્રિફળા ચૂનો કે ક્ષાર પડ્યાથી બે ઘડી બાદ અચિત્ત બને. તે પછી શિયાળામાં ૪ પહોર, ઉનાળામાં ૫ પહોર અને ચોમાસામાં ૩ પહોર સુધી જ અચિત્ત ગણાય. (પહોર=દિવસનો ચોથો ભાગ). કાચી **અનાજની દાળ અને** ચોખા અચિત્ત હોય છે. મીઠું ચાર પાંચ ગુણા પાણીમાં ઉકાળેલું, પાણી બળી ગયા બાદ અચિત્ત છે, પણ ૪-૫ થી વધારે દિવસ વાપરવું નહિ. કુંભારની ભઠ્ઠીમાં પેક કુલડીમાં અચિત્ત થયેલું મીઠું વધારે દિવસ અચિત્ત તરીકે વપરાય છે. બિલકુલ લાલ છાંટ વિનાનો સફેદ સિંધવ અચિત્ત છે.

આ બધામાંથી અનાજને માટે ખાસ જરૂરી સચિત્ત ગણી '૧-૨-૫ થી વધુ સચિત્તનો ત્યાગ' એમ ધારવું. સચિત્ત પાણી જેવામાં પળે પળે અસંખ્ય જીવો જન્મે મરે છે, એથી અચિત્ત પાણી પીનારને જો કે એકવાર પાણીના જીવોનો નાશ થાય છે, પણ પછી વારંવાર નહિ, બીજાં સચિત્તમાં જો કે તેમ નથી, તો પણ એમાંના જીવનો પોતાના મુખથી ચાવીને તો નાશ ન કરવો, એ અભિપ્રાયથી સચિત્ત તજનારનામાં દયાના પરિણામની કોમળતા રહે છે, અને વિરતિ તો છે જ. ઉના પાણીથી કેટલાક ભડકે છે, કહે છે કે ગરમ કરેલું પાણી ગરમી કરે. આ ખોટું છે કેમકે એમ તો ગરમ કરેલી રસોઈ ગરમી નહિ કરે ? બીજું 'કાપેલા ફળને બે ઘડી રાખી મૂકવાથી વીટામીન ઊડી જાય છે' આ માન્યતાથી સચિત્તને તજવાનું છોડવા જેવું નથી; કેમકે એમ તો કેવળ વૈદકદૃષ્ટિ પર જતાં શાક પણ કડવા લીમડાનું પસંદ કરવું પડશે, અને જીવન એમાં પડી જવાથી ત્યાગ તપ જેવી અમૂલ્ય સાધનાઓથી ચૂકી જવાશે. નક્કી થયેલું આયુષ્ય અને પૂર્વોપાર્જિત બીજા કર્મોપર શ્રદ્ધા રાખી વિરતિના કલ્યાણપંથે ખૂબ જ વિચરવું જોઈએ. બાકી તો વિટામીન વગેરેના કેટલાય લાલચુઓને જિંદગીભર દવાઓ ખાયા કરવી પડે છે.

**૨. દ્રવ્ય-** કોઈપણ ચીજનું ગમે તેટલું પ્રમાણ દિવસમાં ગમે તેટલીવાર વાપરો, તોપણ તે ચીજ આખા દિવસ માટે એક દ્રવ્ય ગણાય તથા જુદા જુદા સ્વાદવાળી ચીજો આખા દિવસમાં જેટલી વપરાય તેટલાં દ્રવ્ય ગણાય. અહીં '૧૫-૨૦-૨૫ થી વધુ દ્રવ્યનો ત્યાગ' એમ ધારવાનું. આમાં પાણી દાતણ, મુખવાસ,



દવાના દ્રવ્યો વગેરે પણ ગણાય. ખાંડ, ચા, દૂધ, પાણી ભેગાં ઉકળી તૈયાર થયેલ ચા એક દ્રવ્ય ગણાય. તેમ, ચવાણું એક દ્રવ્ય ગણી શકાય. પણ ચા પીતાં મોળી લાગે અને ખાંડ નાંખી અથવા દૂધ ઉમેર્યું, તો ખાંડ દૂધના જુદા જુદા દ્રવ્ય વધે, રોટલી પર ચોપડેલું ઘી જુદું દ્રવ્ય. સવારે તુવેરની દાળ ખાધી, સાંજે નવી પણ કરેલી તુવેરની દાળ જુદું દ્રવ્ય નહિ. પણ ઓસામણ જુદું દ્રવ્ય, કેમકે ચીજ જુદી જાતની થઈ ગઈ. કેરીઓમાં કોક ખાટી, કોઈ મધુર વગેરે આવી તોપણ એક દ્રવ્ય. મોંમા આંગળી વીંટી નાખવાની ટેવ હોય તો જયણા રાખવી. ચોવિહારવાળાએ રાતના અણાહારી દ્રવ્યની જરૂર પડે તેનો ખ્યાલ રાખવો.

**૩. વિગય** - વિગઈ=વિકૃતિ (આત્માને બગાડનાર) કે વિગતિ (દુર્ગતિ પમાડનાર). એ કુલ ૧૦ છે. એમાં માંસ, દારૂ, મધ અને માખણ આ ચાર મહાવિગય અભક્ષ્ય છે, માટે જાવજ્જીવ સર્વથા ત્યાજ્ય છે. બાકી છ વિગય-દૂધ, દહીં, ઘી, તેલ, કઢા, ગોળ. આ દરેકનો મૂળથી(કાચી અને નીવિયાતીનો) ત્યાગ થઈ શકે અથવા કાચીનો કે નીવિયાતીનો. દરેક વિગયનાં ૫-૫ નીવિયાતાં પચ્ચક્ખાણ ભાષ્યથી જાણવા. રોજ ઓછામાં ઓછી વારાફરતી અથવા ગમે તે એક વિગય મૂળથી તજવાનો અભ્યાસ રાખવો. બાકી છૂટી રહેલીમાંથી કાચી કે નીવિયાતી જે આજે ઉપયોગમાં ન આવે એવી હોય અથવા ત્યાગી શકાય એવી હોય તે તજવી.

(i) **દૂધ :** ગાય, ભેંસ, બકરી, ઘેટી કે ઉંટડીનું દૂધ ઠંડુ કે ગરમ કરેલું, અથવા અગ્નિ ઉપરથી ઉતારી નીચે ચા વગેરેમાં ભેળવેલું એ કાચી દૂધ વિગય ગણાય.

**નીવિયાતું** (પાકી દૂધ વિગય)-કાચી વિગય મટી ગયેલું, જેમકે અગ્નિ પર બીજી વસ્તુમાં(ચામાં કે ઉકાળામાં) ભળી ઉકળી ગયેલું દૂધ, ખીર, દૂધપાક, દ્રાક્ષા કે લોટ સહિત ઉકાળેલું દૂધ કે બાસુદી, માવો, પેંડા વગેરે જેમાં દૂધ કે માવો આવે તે પાક, મોહનઠાર વગેરે આ બધાં દૂધની નીવિયાતી વિગય.

માવો સારો શેકાઈને લાલ પડી ગયેલો ન હોય, કે પાકી ચાસણીમાં અગ્નિ ઉપર ખૂબ ઉકળી ભેગો ભળી ગયો ન હોય, કે ઘીમાં તળાઈ ગયો ન હોય તો બીજે દિવસે ન વપરાય.

(ii) **દહીં :** ગાય, ભેંસ, બકરી, ઘેટીના દૂધનું દહીં(અથવા છાશ) ઠંડુ કે ઉનું કરેલું; એ કાચી દહીં વિગય. નીવયાતું-મીઠું નાખીને મથેલા દહીંનો મઠો, શીખંડ, રાયતું, કરંબો દહીંવડા, છાશ કે દહીંનાં ઢોકળાં, ઠેબરાં, ઘેંસ, કઢી, વડાં વગેરે.

માખણ કાઢી નાખેલ છાશ (વલોણાની) એ દહીં વિગયમાં જ નથી; એથી

એ કે એ નાખેલ વસ્તુ ખાનારો મૂળથી દહીં વિગય ત્યજી શકે છે.

પ્રસંગવશાત્ અત્રે એ સમજી લેવું કે (૧) વગર ઉકાળેલાં દૂધ-દહીં-છાશ એ કાચું ગોરસ કહેવાય. કાચાં ગોરસ સાથે દાણામેથી, ચણા, મગ વગેરે કઠોળ, કઠોળની-દાળ લોટ કે વનસ્પતિ (પાપડી, વાલોળ, ગવાર, ચોળાફળી, મેથીભાજી) કે એની વસ્તુ ભજીયાં, ખમણ, કઢી, પાપડ, મેથી નાખેલ અથાણાં વગેરે ભેગાં થતાંવેંત અગણ્ય ત્રસજીવો ઉત્પન્ન થાય છે. સામાન્ય ભાષામાં એને વિદળ થયું કહે છે. એ ટાળવા માટે કાચાં ગોરસ સાથે કઠોળ વાપરવાં નહિ. તેમ જ બેમાંથી એક વાપરેલું વાસણ સહેજ પણ તેનાં અંશવાળું, ચીકાશ કે પાણીવાળું હોય ત્યાં સુધી બીજી ચીજ એમાં લેવી નહિ. મુખ પણ બરાબર ચોક્ખું ન થયું હોય ત્યાં સુધી બીજી વસ્તુ મોમાં ન નાખવી. ઉપયોગવાળા ગૃહસ્થ શીખંડ રાયતા જેવી વસ્તુ સાથે કઠોળવાળી કોઈ વસ્તુ ભજીયાં, પાતરાં કે ચણાના લોટની કઢી જેવી પણ નથી કરતા. ચોખાના લોટની કઢી કરે છે. (જેની સરખી બે ફાડ થાય અને તેલ ન નીકળે એ દ્વિદલ. મગફળી આમાં નથી, એનાથી વિદળ ન થાય.)

(૨) દહીં, છાશ કે એ નાખીને બનાવેલ ઢેબરાં વડાં વગેરે - આ ત્રણમાંથી ગમે તે તૈયાર થયેથી એક રાત્રિબાદ બીજે દિવસે પણ અભક્ષ્ય નથી; પણ બીજી રાત્રિ લંઘે તો અભક્ષ્ય. એમાં પણ ત્રસ જીવો ઉત્પન્ન થાય છે. (જે દેખી મિથ્યાદૃષ્ટિ મહાન પંડિત ધનપાલ આ જૈન-શાસન પર તીવ્ર શ્રદ્ધાવાળા બન્યા હતા.) ઘાંચી વગેરેને ત્યાંથી લાવતાં પૂછવું.

(iii) **ઘી :** ગાય, ભેંસ, બકરી, ઘેટીનું-આ ચાર જ ઘી વિગયમાં છે. બાકી શુદ્ધ કપાસીયાનું કે વનસ્પતિનું ઘી એ વિગયમાં નથી.

(iv) **તેલ :** તલનું, કુસુંબીનું, અલસીનું કે સરસીયું-આ ચાર જ તેલ વિગયમાં છે. બાકી મગફળી, ટોપરાં આદિનું તેલ વિગયમાં નથી.

ઘી કે તેલ, ઠંડુ કે ગરમ, અથવા એમાં ત્રણ ઘાણ તળાઈને ન નીકળે ત્યાં સુધી એ કાચી ઘી તેલ વિગય. તથા બીજી વસ્તુની સાથે એ અગ્નિ પર ચઢી ગયું હોય તો નીવિયાતું. કિન્તુ નીચે જ એ વસ્તુ પર ચોપડ્યું હોય (દા.ત., રોટલી ઢોકળા પર) અથવા ભેળવ્યું હોય તો (લાડુમાં) એ ઘી તેલની કાચી વિગય ગણાય.

**નીવિયાતું**-અગ્નિ પર ચઢી બીજી વસ્તુ ભેગું ભળી ગયેલું ઘી તેલ એ નીવિયાતું. પરંતુ જો બીજી વસ્તુ સાથે અગ્નિ પર શેકાઈ ગયું (શીરામાં) તો તે વસ્તુ કઢા વિગયનું નીવિયાતું ગણાય. તેલ કે ઘીમાં વઘારેલા શાક સાથે પાણી હોવાથી તળ્યાં જેવાં ન થયાં હોય, તો ઘી તેલનું નીવિયાતું, નહિતર તળાવાથી કઢા વિગય ગણાય. ઘી તેલના પ્રમાણસર નાખેલ પૂરીઓના ત્રણ ઘાણ તળાઈ



બહાર નીકળી ગયા બાદ એ ઘી તેલ નીવિયાતું ગણાય; પરંતુ પાછું વચમાં તાવડીમાં જુદું કાચું ઘી કે તેલ જો ઉમેરાય, તો ત્યારથી ફરી ત્રણ ઘાણ થયા બાદ નીવિયાતું.

(v) **કઢા** (કટાહ)-ઘી તેલમાં તળેલ પૂરી, ભજીયાં, ગાંઠીયા, બદામ વગેરેના પહેલા ત્રણ ઘાણ એ કાચી કઢા વિગય. તાવડીમાં વચમાં નવું ઘી તેલ ઉમેરાય તો ત્યાંથી નવા ત્રણ ઘાણ એ પણ કાચી વિગય.

**નીવિયાતું**-ઉપર કહેલું ચોથા ઘાણથી નીવિયાતું. જ્યાં તાવડીમાં પૂડલો પૂરો સમાતો હોય ત્યાં પહેલો પૂડલો એ કાચી વિગય અને એજ ઘી તેલમાં બીજો પૂડલો પૂરી એ નીવિયાતું. જ્યાં ઘાણ ન હોય પણ માત્ર પોતું (ઘી તેલમાં બોળેલું કપડું) દઈને તવા પર કરાતું હોય તે માત્ર નીવિયાતું, જેમકે પોતાયું (ચોવડા, દશમી) ઢેબરૂં. આ પણ નીવિયાતાં :-તવી પર શેકેલી ઘી ચોપડેલી રોટલીનો ખાખરો, ઘી તેલમાં છમ-છમ થઈ તળ્યાં જેવાં થતાં શાક (દા.ત., કારેલાનું) ખમણ વગેરે, શીરો, લાપશી (બાટ), ઘીમાં સૂંઠ વગેરે શેકી બનાવેલ રાબડી વગેરે.

**સુખડી=**એ પહેલે દિવસે ઘી ગોળની કાચી વિગય અને બીજે દિવસે ઘી ગોળનું નીવિયાતું. એવી રીતે ઘી ગોળનો પાયો કરી બનાવેલું બીજું.

અહીં એ ખાસ સમજવાનું છે કે કઢાવિગય એ ઘી તેલમાંથી રૂપાન્તર થયેલ છે, એને ગણ્યા પછી ઘી તેલ વિગય ગણવાની નહિ. જેમ કે શીરો, પૂરી એ એકલી કઢા વિગય, પણ ઘી વિગય નહિ; છતાં માંહી ગોળ કે ખાંડ આવે તે વિગય તો ગણવી પડે. તળાયેલી એટલે કે કઢાવિગય બનેલી વસ્તુમાં ઉપરથી ઘી જો ઉમેરાય, તો ઘી વિગય પણ ગણવી પડે. ચુરમાનો લાડુ, ઉપર પાથરેલા ઘીવાળો મોહનઠાર વગેરેમાં કઢા, ઘી અને ગોળ ત્રણ વિગય આવે. કેટલાંક સૂંઠ ઘીમાં શેકી કરેલી રાબડીમાં તળેલો ગુંદર નાખે છે, તે ગુંદર જો ત્રણ ઘાણ અંદરનો હોય તો તે રાબડી કાચી અને નીવિયાતી કઢા વિગય થઈ. એવું બીજે જ્યાં ભિન્ન દ્રવ્યો ભેગાં થતાં હોય ત્યાં ખૂબ ખ્યાલમાં રાખવું.-એટલું ધ્યાનમાં રહે કે 'ઘી નામ જેમાં આવે તે બંધ' આવો જેને અભિગ્રહ હોય તેને ઘીની કઢાવિગય પણ ન ખપે; બાકી વિગય તરીકે મૂળથી પણ ઘી વિગયનો ત્યાગ કરવાથી કઢા વિગયનો ત્યાગ નથી ગણાતો, કેમ કે કઢાવિગય ભલે ઘી કે તેલથી બની પરંતુ હવે સ્વતંત્ર એક વિગય થઈ ગઈ, ત્યાં ઘી વિગયની મુદ્દલ ગણતરી નહિ.

**ગોળ** - એકલો ગોળ કે નીચે જ બીજી વસ્તુમાં ભળેલો ગોળ પણ (અગ્નિ પર એની સાથે પરિણામ ન પામેલો) એ **કાચી** ગોળ વિગય; જેમ કે લાડુમાં નાખેલો કે સૂંઠ ગોળની ગોળી.

નીવિયાતું-અગ્નિ પર રસોઈમાં ભળી ગયેલો અથવા ગોળની ચાસણી કે

ગુલવાણી એ પાકી વિગય, ખાંડ સાકર છૂટી પણ નીવિયાતું છે. ઘી ગોળનો પાયો બીજા દિનથી નીવિયાતું.

**૪. ઉવાણ** (વાણહ)-પગરખાં, જોડાં, બૂટ, ચંપલ, સપાટ, મોજાં વગેરે. 'અમુક સંખ્યાથી વધારે જોડ પહેરવી નહિ. ભૂલથી બીજામાં પગ પડે તેની અથવા નવા જોડા ખરીદતી વખતે 'જયણા' આમ ધારવાનું. તિથિને દિવસે અને ચોમાસામાં પગરખાંનો સર્વથા કે વધુ ત્યાગ રાખવાથી દયાધર્મ ખીલે છે. ખાલી પગ હલકો પડે છે અને એના મધ્ય કે ખાડાવાળા ભાગ નીચે કદાચ જંતુ આવે તો પણ બચી જાય છે-આ એક અમૂલ્ય લાભ છે.

**૫. તંબોલ :** પાન, સોપારી, વરીયાળી, ઈલાયચી, ધાણાની દાળ, તજ, લવીંગ વગેરે મુખવાસ સંખ્યાથી તો 'દ્રવ્ય'માં ગણાય છે એટલે અત્રે વજનથી (દા.ત., ૦ા-૧ તોલાથી અધિકનો) ત્યાગ કરવો. અનેક મશાલાવાળું પાનનું બીડું થતું હોય તો 'અમુક બીડાંથી અધિક નહિ' એમ ધારી શકાય. પાન ચોમાસામાં તો ખાસ કરીને તજવા જેવાં છે; કેમ કે પાણી સાથે રહ્યાથી એમાં ત્રસ જીવો ઉત્પન્ન થઈ જાય છે અને વળી એ કામોત્તેજક પણ છે.

**૬. વસ્ત્ર :** પહેરવાના કે ઓઢવાના તેમજ રૂમાલ વગેરે સંખ્યાથી નક્કી કરાય 'આટલાથી વધુ વાપરવા નહિ' એમ ધારવું.

**૭. કુસુમ :** તેલ, અત્તર, ફૂલ વગેરે. 'વજનથી આટલાથી વધુ સૂંઘવું નહિ.' માથામાં ગળામાં કે કપડામાં ફૂલ ભરાવાતા હોય કે પથારીમાં રખાતા હોય તો 'આટલાથી વધારે ન રાખવા' એમ ધારી શકાય. અહીં ખાસ ખ્યાલ એ રાખવો કે કોઈ વસ્તુ સૂંઘવા આખા ડબા કે સીસા પર નાક ધરવું નહિ, કેમ કે સૂંઘવામાં વજન વધી જાય. જો આંગળી પર લઈને સૂંઘે તો વજન ન વધે.

**૮. વાહન :** ત્રણ પ્રકારે-ફરતાં, તરતાં, ચરતાં. **ફરતાં**-રથ, પાલખી, ગાડી, ગાડાં, સાયકલ, મોટર, લીફ્ટ ટ્રામ, રેલ્વે વગેરે. **તરતાં**-નાવ, આગબોટ, એરોપ્લેન. **ચરતાં**-ઘોડા, ઊંટ, હાથી, ખચ્ચર વગેરે. આ ત્રણનો જુદો જુદો કે સામાન્યથી ભેગાનો નિયમ કરવો. જુદું જુદું ધારવામાં એ લાભ છે કે તરતાં વાહનનો બીલકુલ ત્યાગ થઈ શકે, એથી લાભ ઘણો. જે વાહનમાં અમસ્તુ બેસવું હોય પણ ક્યાંય જવું ન હોય તેની ગણતરી આગળ આવતા 'શયન'માં કરવી.

**૯. શયન :** ખાટલા, ખુરશી, બાંકડા, પાટ, પાટલા, ગાદી, ગાદલા, ચાકળા, સાદડી, શેતરંજી, ચાદર વગેરે ઉપર બેસવું-સૂવું આમાં આવે. આ બધું જે ધ્યાનમાં ન રાખી શકે એ જ્યાં માત્ર સૂવાનું થાય એટલાની જ ગણતરી ગણે. 'આટલી સંખ્યાથી વધુ નહિ' એમ ધારવાનું.



**૧૦. વિલેપન :** શરીરે ચોળવાનું તેલ, અત્તર, સાબુ, સ્નો, વેસેલાઈન વગેરે 'આટલી સંખ્યાથી કે આટલા વજનથી વધુ ન વાપરવું' એમ ધારવાનું.

**૧૧. બ્રહ્મચર્ય :** દિવસ માટે 'કાયાથી સંપૂર્ણ પાળવું' એમ ધરાય. રાત માટે સમયનું નિયમન.

**૧૨. દિશા :** 'ચારે દિશામાં અને ઊંચે, નીચે અમુક માઈલથી કે અમુક સ્થાનથી દૂર જવું નહિ.' ધ્યાન રાખવું કે જે દિશાનો ઉપયોગ ન થતો હોય એને બીલકુલ બંધ કરી શકાય. દિશા ખૂણા ભેગા પણ ગણી શકાય, ઊંચે '૧૦૦ ફુટથી કે આઠ-દસ માળથી વધુ જવું નહિ' નીચે 'એક ભોંયરાથી વધુ નીચે ન જવું' ઈત્યાદિ રીતે ધારવું. એરોપ્લેનમાં કે પર્વત પર અથવા વાવમાં જવું હોય ત્યારે એનો ખ્યાલ રાખવો.

**૧૩. સ્નાન :** 'દિવસમાં એકવારથી વધુ સ્નાન કરવું નહિ' એ રીતે ધારવું. હાથ પગ વગેરે ધોવાનું ગણવું કે નહિ એ પોતાની ધારણા પર છે. સ્મશાન જઈને નહાવું પડે એવું હોય તો પ્રથમથી એનો ખ્યાલ રાખવો.

**૧૪. ભાતપાણી :** આખા દિવસમાં ખાવા પીવામાં આવતા ભોજન અને પાણીનો નિયમ વજનથી કરાય. જેમ કે '૧૦ શેરથી અધિક ભાત પાણી લેવાં નહિ.' ધ્યાન રાખવું કે ઉનાળા જેવામાં પાણીનું અથવા તડબૂચ જેવા ફળનું, ચાનું વગેરેનું વજન પ્રમાણમાં વધારો કરે છે.

**૧૫. પૃથ્વીકાય :** ખાવાના અને બાહ્ય ધોવા, લેપ કરવા વગેરેના પોતાના ઉપયોગમાં આવતી સચિત્ત અચિત્ત પૃથ્વીનો '...અમુક વજનથી વધુનો ત્યાગ' એમ નિયમ થાય. માટી, મીઠું, ખાર, સાબુ વગેરે આમાં ગણાય.

**૧૬. અપ્‌કાય :** પીવા અને બાહ્ય નહાવા ધોવા આદિમાં વાપરવાના પાણીનો (સચિત્ત કે અચિત્ત) 'અમુક મણથી કે બાલટી (ડોલ)થી અધિક વાપરવું નહિ' એમ નિયમ થાય. હોજ નદી તળાવમાં પડીને નહાવાને બદલે બહાર જરૂરી પાણી કાઢીને નહાનારો ઘણા પાપમાંથી બચે. એમાં પડીને નહાનારને '૧ હોજ તળાવ કે નદીથી અધિક નહિ' એ મુજબ ધારવું પડે. તેવી રીતે છૂટા નળના ઉપયોગમાં સમજી લેવું.

**૧૭. અગ્નિકાય :** (૧) અગ્નિ. (૨) વિજળીના ચૂલા દીવાસળીની પેટી, કપડાની ઈસ્ત્રી, દીવા (ઇલેક્ટ્રીક પંખાનું વિચારણીય છે.) સ્વયં કર્યા તે ગણાય અને (૩) આજે એના પર બનેલ વસ્તુ વાપરી તે ગણાય. બીજામાં ચૂલો સળગાવ્યો કોઈએ અને ઉપયોગ કર્યો (જેમ કે તાપ્યું) આપણે તે ગણાય. કપડાંને ઈસ્ત્રી કરી તે ગણાય. ખાસ જોવા તથા વાંચવામાં જે દીવાનો ઉપયોગ કર્યો તે ગણાય.

ત્રીજામાં-ફક્ત આજના બનેલ રસોઈપાણીના ચૂલા, નહાવાના પાણીનો ચૂલો, પડોશીની કે બજારની આજની બનેલ વસ્તુ ખાધી કે બીજે ઠેકાણે ઉકાળેલું પાણી પીધું તેના ચૂલા વગેરે ગણાય. ધારવાનું એ રીતે કે 'આટલા.....થી વધુનો ત્યાગ.'

**૧૮. વાયુકાય :** આમાં વિજળીના કે બીજા પંખા, હીંડોળા, ચૂલો ફુંકવાની ફુકણી વગેરે ગણાય. ઊંચેથી કચરો વગેરે કાંઈ ફેકવું, કપડાની ઝાપટ, મોંની ફુંક, બારી બારણાને જોસથી હડસેલો વગેરે પણ ગણી શકાય; ન ગણવું હોય તો આ સિવાય માત્ર ઉપરનાની સંખ્યાનું નિયમન થાય.

**૧૯. વનસ્પતિકાય :** આમાં સચિત્ત અચિત્ત બેય ગણાય. લીલાં સૂકાં શાક વગેરે ખાવામાં આવે તે, પીવામાં ફળના રસ વગેરે આવે તે અને શરીરે ભાજી વગેરેના લેપ કરાય તે ઈત્યાદિ 'સંખ્યાથી ને વજનથી આટલાથી અધિક નહિ' એમ ધારવું.

પૃથ્વીકાયથી માંડી વનસ્પતિકાય સુધીના પાંચ એ જગતમાં અબજો તો શું પણ અગણિત મણ છે, વિચારો કે ઉપરના નિયમથી કેવો અઢળક લાભ !

**૨૦. ત્રસકાય :** 'નિરપરાધી ત્રસજીવોની, જાણી જોઈને, નિરપેક્ષપણે (વિના સ્વાર્થે, મરી જાય એ રીતે) મારવા નહિ.' આવું ધારવું. શ્રાવકની આ માત્ર સવા વસો દયા છે. પોતાના અપરાધીને મારે એનું કાંઈ કામકાજ કરતા કે રસ્તે ઊંચે જોઈને ચાલતા પોતાથી અજાણે જીવો મરે તેનું કે જલદી જવું છે માટે નિરપરાધી એવા પણ ઘોડા આદિને જાણી જોઈને મારે એનું પચ્ચક્ખાણ આમાં નથી આવતું.

**૨૧. અસિ :** તલવાર બંદુક વગેરે, ઘંટી, ખાણીયો, સાંબેલું, હથોડી, પરાળ વગેરે. છીણી, ચાકુ, સૂડી, કાતર, સોય, ટાંકણી, અસ્ત્રો, બ્લેડ, સાવરણી વગેરે.

**૨૨. મશી :** ખડીયા, કલમ, પેન્સીલ, ઇંડીપેન, પત્થરીયા પેન, રબર વગેરે.

**૨૩. કૃષિ :** હળ, કોશ, કોદાળી, પાવડા વગેરે. આ અસિ, મશી, કૃષિમાંથી 'આટલા નંગથી વધારે ન વાપરવા' એમ ધારવાનું. જે ચીજ બહુ સંખ્યામાં વપરાતી હોય (જેમ કે, ટાંકણીઓ) અને ગણવાની મુશ્કેલી હોય તે માટે 'અમુક સ્થાન (ઘર, દુકાન) સિવાય બંધ' એમ ધારવું એથી પણ લાભ ઘણો છે.

આ ચૌદ નિયમ ઉપરાંત કરવા યોગ્યમાં કાયમ **મુટ્ઠિસહિયંનું** પચ્ચક્ખાણ રાખવા જેવું છે. આથી દિવસનો મોટો ભાગ ચારે આહારના ત્યાગરૂપ એવા અમૂલ્ય અનશન ધર્મમાં આવી જવાય છે, કે જેમાં કદાચ મૃત્યુ થાય તો ઉત્તમ સદ્ગતિ મળે. તે એવી રીતે થાય કે જ્યારે ભોજન કે પાણી કાંઈપણ વાપરી



રહીએ ત્યારે ચોકખા મોઢે મૂઠીવાળી નવકાર ગણી મુઠસી (મુટ્ઠિસહિયં)નું પચ્ચક્ખાણ ધરાય. પછી જ્યારે પાછું કાંઈપણ મોંમાં નાખવું હોય ત્યારે મૂઠીવાળી નવકાર ગણેથી પૂર્વનું પચ્ચક્ખાણ મોકળું થાય તે પાછા ઉઠતી વખતે કરી લેવાનું. દિવસમાં ગમે તેટલીવાર આ કરવું અને પારવું પડે તો પણ આનો લાભ ચૂકવા જેવો નથી.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| સચિત્ત | | | | | | |
| દ્રવ્ય | | | | | | |
| વિગય | | | | | | |
| જોડા | | | | | | |
| તંબોલ | | | | | | |
| વસ્ત્ર | | | | | | |
| સૂંઘવાનું | | | | | | |
| વાહન | | | | | | |
| શયન | | | | | | |
| વિલેપન | | | | | | |
| બ્રહ્મચર્ય | | | | | | |
| દિશા | | | | | | |
| સ્નાન | | | | | | |
| ભાતપાણી | | | | | | |
| પૃથ્વી | | | | | | |
| પાણી | | | | | | |
| અગ્નિ | | | | | | |
| વાયુ | | | | | | |
| વનસ્પતિ | | | | | | |
| અસિ | | | | | | |
| મશી | | | | | | |
| કૃષિ | | | | | | |
| ત્રસની દયા ધારી લેવી | | | | | | |

॥ श्रीशंखेश्वरपार्श्वनाथाय नमः ॥

# ચાતુર્માસિક અને બીજા નિયમો

૧૮ દેશના સમ્રાટ પરમાર્હત્ કુમારપાલ રાજવીએ ૭૦ વર્ષની વૃદ્ધ ઉંમરે પણ **ચોમાસા** માટે રોજ એકાશન, લીલોતરી ત્યાગ, પાંચ વિગય ત્યાગ, બ્રહ્મચર્ય, નગર બહાર ન જવું વગેરે વિશેષ નિયમો રાખ્યા હતા. આવા વિશિષ્ટ શ્રાવકપણાના પાલનના યોગે દેવલોકમાં જઈ હવે થનાર પ્રથમ તીર્થંકરદેવ શ્રીપદ્મનાભ પ્રભુના તે ગણધર થશે અને મોક્ષ પામશે.

ભવ્ય જીવો ! તમે પણ ઉચ્છૃંખલ જીવનને વ્રત નિયમથી નિયમિત કરો. સાથે પ્રભુવચનની શ્રદ્ધા દૃઢ કરી, ચારિત્રની ઝંખના કરો. જીવનમાંથી મોહ-માયાને આત્મશત્રુ સમજી, એને ઓછી ઓછી કરે જાઓ, એથી મહા કલ્યાણ પામશો.

**નિયમ શા માટે ?**- આ જીવ જ્યાં સુધી પાપની અપેક્ષા ન છોડે ત્યાં સુધી એને અવિરતિનું પાપ લાગે છે અને પાપ આચરે ત્યારે વધારામાં કુયોગનું પણ પાપ લાગે છે. નિયમ કરવાથી પાપની અપેક્ષા છૂટે છે, તેથી આત્મા પાપથી બચે છે. છ માસ બહાર ગામ જવા છતાં, પહેલેથી નોટીસ નહિ આપી હોવાથી જેમ મ્યુનિસિપલ ટેક્ષ ભરવો પડે છે, દુકાનમાં ભાગે પડતું નુકસાન આપવું પડે છે, લાવેલી રકમના વ્યાજ ભરવા પડે છે, તેમ પ્રતિજ્ઞા-નિયમ નહિ કર્યો હોવાથી પાપનો ભાર આત્માને માથે ચઢે છે. "નિયમ વિના પાળીશું" એવું કેમ થાય છે ? માંહી મનની ચોરી છે કે અવસર આવે પાપ સેવી શકાય. આ પાપની અપેક્ષા છે. નિયમ કરવાથી એ ટળે છે, આત્મામાં કૌવત આવે છે, ઘણે સ્થળે પાપથી બચે છે. જીવોને અભયદાન મળે છે, ગુણસ્થાનકની કક્ષા વધે છે વગેરે લાભો છે.

## :: સૂચના ::

૧. અહીં નીચે આપેલા નિયમોમાંથી જેને જે રીતે ધારવું હોય તે રીતે ધારી શકે છે. જેમ કે, આખું ચોમાસું અથવા અમુક દિવસ બાદ રાખીને અથવા અમુક સંખ્યામાં અથવા અમુક પ્રસંગ સિવાય ઇત્યાદિ, જાતે સુધારો વધારો કરી દેવો.
૨. બહારગામ અશક્ય હોય તો તે સિવાય અને ખાસ બીમારી સિવાય માટે પણ નિયમ લઈ શકાય.
૩. કોઈ ખાસ કારણ પડે ગુરુ મહારાજ નિયમમાં ફેરફાર કરી આપે તો છૂટ એવું નિયમ લેતાં પહેલાં ધારી શકાય.



૪. પ્રમાદથી કે અજાણે નિયમ પાલન ન થયું તો તે બદલ અમુક દંડ. જેમ કે, એક દિવસ કે એક ટંક ઘી ત્યાગ, કે ગોળ ત્યાગ, કે શાક ત્યાગ, અથવા એક બાંધી નવકારવાળી, કે ૫૦ નવકાર, કે એક સામાયિક, કે એક આયંબિલ કે એકાસણું કે બેસણું અથવા ભંડારમાં કે જ્ઞાન ખાતે અમુક ખર્ચવું વગેરે ગમે તે દંડ રાખીને નિયમ લઈ શકાય છે.

## :: નિયમો ::

૧. અઢારે દોષ રહિત સર્વજ્ઞ શ્રી અરિહંત પરમાત્મા, પંચ મહાવ્રતધારી શુદ્ધ પ્રરૂપક શ્રી નિર્ગ્રન્થ સાધુ મહારાજ અને કેવલિ ભગવંતે ભાખેલો પંચાંગી પ્રદર્શિત શ્રી જિનધર્મ, આજ ત્રણ મારા સુદેવ, સુગુરુ અને સુધર્મ. એ સિવાય બીજાને મોક્ષ-સાધનાર્થે માનું નહિ.
૨. રોજ પ્રભુદર્શન તથા અષ્ટ પ્રકારી પૂજા કરવી. મહિને પ્રભુ ભક્તિમાં અમુક ખર્ચવું, સવારે ઊઠતાં મહાપુરુષોને સ્મરણ કરવા.
૩. રોજ પાંચ દહેરે દર્શન કરવા. રસ્તે જતાં જિનાલય આવે તો 'નમો જિણાણં' કહેવું.
૪. રોજ ઓછામાં ઓછી ૧ બાંધી નવકારવાળી ગણવી. ૧૦-૧૫ મિનિટ નવપદજીનું ધ્યાન ધરવું અને સૂતાં પહેલાં શુભ ભાવના ભાવવી.
૫. મહિને ........... વાર સ્નાત્ર ભણાવવું.
૬. સવારે ઉઠતાં, રાત્રે સુતાં, જમવાનું શરૂ કરતાં, ઘરની બહાર જતાં, મોટું કાર્ય કરતા, પ્રારંભે ૧ નવકાર ગણવો, ભૂલાય તો પછી યાદ આવે....દંડ.
૭. રોજ કે પર્વ દિવસે બે વાર કે એક વાર પ્રતિક્રમણ કરવું, કે મહિનામાં અમુક પ્રતિક્રમણ કરવા. રોજના પાપ સવાર-સાંજ પાંચ દશ મિનિટ યાદ કરી જવાં.
૮. રોજ ઓછામાં ઓછું ૧ સામાયિક કરવું અથવા મહિનામાં કે ચોમાસામાં..... સામાયિક કરી આપવા.
૯. રોજ ૦|-૦|| કલાક પણ સૂત્ર કે સ્તવન સજ્ઝાય મોટેથી ગોખવું. ૦| કલાક પણ આત્મચિંતવના જરૂર કરવી અથવા વ્યાખ્યાન સ્મરણ કરવું.
૧૦. રોજ ગુરુવંદન અને વ્યાખ્યાન શ્રવણ કરવું.
૧૧. જમતાં દિવસમાં એકવાર પણ યાદ કરવું કે ગુરુમહારાજનો લાભ મળ્યો કે નહિ.
૧૨. દર ચૌદશે કે ચોમાસામાં અમુક પૌષધ કરવા.

૧૩. બને તો રોજ ઓછામાં ઓછું બેસણું કરવું અથવા ૩ કે ૪થી વધારે ટંક ન કરવા.
૧૪. પાંચ અથવા દસ પર્વતિથિએ ઓછામાં ઓછું આયંબિલ કે એકાસણું કરવું અથવા મહિનામાં આટલા ઉપવાસ, આયંબિલ કે એકાસણા કરવા. ઓછા થાય તે બીજે માસે વાળી આપવા.
૧૫. રોજ ઓછામાં ઓછી એક વિગય ત્યાગ કરવી. [છ વિગય : દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ (ખાંડ), કઢા (તળેલું કે પકવાન્ન)] ચોપડ્યામાં પણ થોડું લુક્ખું ખાવાનો અભ્યાસ રાખવો.
૧૬. રોજ ........... દ્રવ્યથી વધારે ન ખાવા. જમતી વેળા પણ એકાદ ચીજ ન લેવી કે થોડી લેવી.
૧૭. રોજ કે પર્વતિથિએ લીલોતરી ન ખાવી.
૧૮. સચિત્ત સર્વથા ત્યાગ અથવા રોજ આટલાથી વધુ સચિત્ત નહિ ખાવા.
૧૯. સર્વથા કે શક્ય હોય ત્યાં કાચું પાણી ન પીવું.
૨૦. સવારે ઓછામાં ઓછી નવકારશી અને રાત્રે ચોવિહાર કે તિવિહાર કરવો. રાત્રિ-ભોજનનો ત્યાગ.
૨૧. પાપડ અને બીજી વસ્તુ જેને ફુગ ચડી હોય તે ન ખાવી. (ફુગમાં એકેક કણે અનંતાનંત જીવો હોય છે.)
૨૨. સુકો મેવો, ખારેક, ખજૂર, ભાજીપાલો, પાન, કેરી, કાચી ખાંડ, બોર, જાંબુ, આગલા દિવસના ભાંગેલા ટોપરાં સોપારી ન ખાવાં.
૨૩. ચોમાસામાં સર્વથા કે અમુકવાર સિવાય વસ્ત્ર રંગવા રંગાવવા નહિ, જમીન બીજા પાસે કે જાતે લીંપવી ગુંપવી નહિ, ખેતર ખેડવાં ખેડાવવાં નહિ, કાપણી કરવી કરાવવી નહિ, વ્યાપાર તરીકે ગાડાં મોટર વગેરે વાહન ચલાવવા નહિ. યાન્ત્રિક ધંધા જાતે કરવા નહિ. (શેરો લીધા હોય તે પુરતી જયણા.)
૨૪. કૂવા, વાવ, તળાવ બાંધવા, બંધાવવા કે ગાળવા, ગળાવવા નહિ, બોરિંગ નખાવવા નહિ, સાર્વજનિક ટીપમાં ફાળો આપવો પડે તેની જયણા.
૨૫. નવાં મકાન ચણાવવા નહિ, જૂનાં નવેસરથી સમરાવવા નહિ, તાત્કાલિક ભાંગફોડ સુધરાવવી પડે તેની જયણા.
૨૬. પત્થર કે ખાણ ખોદાવવી, સુરંગ લગાડવી, ભઠ્ઠી કરાવવી, વન બળાવવા વગેરે ન કરવું કરાવવું.
૨૭. ચોમાસામાં કુટુંબના ખાસ કારણ કે નોકરીના કે તબીયતના ખાસ નિમિત સિવાય શહેર બહાર જવું નહિ, વિમાનની કે સમુદ્રની મુસાફરી ન કરવી.



૨૮. પ્રવાહી દવા, આસવો, સરબતો બરફ, આઈસ્ક્રીમ, બહારની મીઠાઈ, બહારનો માવો કે એવી વસ્તુ, બહારની જલેબી; ન ખાવી. લીવર એક્ષ્ટ્રેક્ટ વગેરે અભક્ષ્ય દવા કે ઈંજેકશન ન લેવા.
૨૯. રોજ કર્મ ક્ષય નિમિત્તે ૧૦-૨૦ લોગસ્સનો કાઉસ્સગ કરવો. વીસસ્થાનકના ૨૦ અને જ્ઞાનના પાંચ એમ ૨૫ ખમાસમણ દેવાં. મુઠસી પચ્ચ૦નો અભ્યાસ પાડવો.
૩૦. કષાયો ઓછા કરવા. ઉપયોગ કેળવવો. બીનજરૂરી ક્રોધ, માન, માયા વગેરે થઈ જાય તો દશ દશ ખમાસમણા દેવા.
૩૧. પરરૂપ મોહથી ન જોવું, જોવાઈ જાય તો..... નવકાર ગણવા. નિંદા કે અભ્યાખ્યાન ન કરવા, ઉપયોગ રાખવો. કર્યા બદલ.....દંડ.
૩૨. રોજ મૈત્રી, કરુણા, પ્રમોદ, ઉપેક્ષા એ ચાર ભાવના ભાવવી અને ગુણાનુરાગ તથા ભાવદયા કેળવવી.

## :: જીવન માટેના નિયમ ::

૧. સાત વ્યસનનો ત્યાગ-શિકાર, જુગાર, મોટી ચોરી, પર સ્ત્રી, વેશ્યા, માંસ, દારૂ.
૨. મધ અને માખણનો ત્યાગ, ખાવું નહિ.
૩. કંદમૂળ, બટાકા-ગાજર, શક્કરીયા, ડુંગળી, લસણ, લીલું આદુ, લીલી હળદર, મૂળા, કૂણી આંબલી વગેરેનો ત્યાગ.
૪. વાશી રોટલી, રોટલા, પૂરી, વડાં વગેરે ન ખાવું. તેમજ તડકા કે પાકી ચાસણી વિનાના અથાણા કે મોરબ્બા ન ખાવા. (વાશીમાં અસંખ્ય બેઇંદ્રિય જીવો ઉત્પન્ન થાય છે.)
૫. કાચાં દહીં છાશ દૂધ સાથે કઠોળની ચીજ ભેળી ન કરવી ને ભેગી ન ખાવી. (તેમાં અસંખ્ય જીવો ઉત્પન્ન થાય છે.) બે રાત ઉપરનું દહીં ન ખાવું.
૬. સામગ્રી છતે રોજે પ્રભુદર્શન, પ્રભુપૂજા, ગુરુવંદન, વ્યાખ્યાનશ્રવણ, સામાયિક, નવકારશી, ચોવિહાર, સો નવકાર જાપ કરવા.
૭. બીડી, હુક્કો ન પીવો. પાન, તમાકુ, કોકીનના વ્યસન ન રાખવા.
૮. સિનેમા નાટક બિલકુલ ન જોવા, અગર વર્ષમાં..... થી અધિક ન જોવાં. ફાંસી, કુસ્તી વગેરે તમાશા ન જોવા. [આમાં સામુદાયિક નિકાચિત કર્મ બંધાય છે.]
૯. નિરપરાધી ત્રસ જીવને નિરપેક્ષપણે જાણી જોઈને મારવો નહિ.

૧૦. પશુ પંખીને શોખ ખાતર કે ઘરના રક્ષણ ખાતર પાળવાં નહિ. નદી, તળાવમાં નહાવું નહિ. ખરાબની સંગત ન કરવી.
૧૧. ગાડી ટપ્પામાં સવારી ઉપરાંત બેસવું નહિ.
૧૨. કોઈના પ્રાણ જાય તેવી કે કોઈને ભયંકર નુકસાન થાય તેવી સાક્ષી પૂરવી નહિ, દ્વેષથી ખોટું આળ ચઢાવવું નહિ. વાતવાતમાં ધર્મના સોગન ખાવા નહિ, ખોટી સાક્ષી પૂરવી નહિ (ખાસ અંગત પુત્રાદિ કારણે જયણા.) મનુષ્ય, તિર્યંચ કે કોઈ વસ્તુનું અદાવતી કે સ્વાર્થનું જૂઠ બોલવું નહિ.
૧૩. ખોટા લેખ કરવા નહિ, ટપાલ, રેલ, કે દાણની ચોરી ન કરવી, થાપણ ન ઓળવવી, ઠગવા માટે માલમાં ભેળસેળ ન કરવો, ખોટાં તોલ માપાં ન રાખવા કે ન વાપરવા. રસ્તા પર પડેલી ચીજ પોતાની ન હોય તો ન લેવી. મોટા પાપપૂર્વે રાત વીતાવવી.
૧૪. ઓછામાં ઓછું, પર્વતિથિ, ઓળીના દિવસો, પર્યુષણામાં બ્રહ્મચર્ય પાળવું... ઉંમર પછી સર્વથા બ્રહ્મચર્ય પાળવું.
૧૫. અન્યસ્ત્રી સાથે એકાંતમાં રહેવું નહિ, કે માવજતના કારણ સિવાય અન્ય સ્ત્રીને જાણીને અડવું નહિ.
૧૬. નર્તિકાના ગાયન ન સાંભળવા. નોવેલ, કે છાપામાંની કથાઓ વાંચવી નહિ.
૧૭. સ્થાવર જંગમ થઈને....થી વધુ પરિગ્રહ ન રાખવો. અધિક થયે ધર્મકાર્યમાં ખર્ચવું.
૧૮. ૧૫ કર્માદાનના ધંધા ન કરવા, ન કરાવવા (શેરો પૂરતી જયણા.)
૧૯. હિંદુસ્તાન બહાર જવું નહીં.
૨૦. થાળી ધોઈ પીવી. એઠું મૂકવું નહીં. (અસંખ્ય સંમૂર્છિમ મરે). એઠાંમોઢે બોલવું નહીં (જ્ઞાનાવરણ કર્મ બંધાય.) અણગળ પાણી ન પીવું કે વાપરવું.
૨૧. નાગપાંચમ, રાંધણછઠ્ઠ, શીતળાસાતમ, હોળી, બળેવ, નવરાત્રી વગેરે મિથ્યાપર્વો આરાધવા નહીં.
૨૨. દરવર્ષે ઓછામાં ઓછી એક તીર્થયાત્રા કરવી અને સાતક્ષેત્રમાં ઓછામાં ઓછું ૭ રૂ. વાપરવા. આવકનો ૧/૮ સારા માર્ગે.
૨૩. નવાણું યાત્રા ન થાય ત્યાં સુધી...નો ત્યાગ. વર્ધમાન તપનો પાયો ન નંખાય ત્યાં સુધી...નો ત્યાગ. ચારિત્ર ન લેવાય ત્યાં સુધી...નો ત્યાગ. ઉપરના નિયમો પાળતાં કોઈ ખાસ ગંભીર અકસ્માત કે કારણ ઊપસ્થિત થાય, કે ગંભીર બીમારી થાય, તો ગુરુ મહારાજને પૂછીને કાંઈ કરવું પડે તેની જયણા.



## :: અતિ-મનનીય ::

૧. મન વચન કાયાની અશુભ પ્રવૃત્તિ ધર્મસાધનાની ધારને બુઠ્ઠી કરે છે; પણ નિયમો, અભિગ્રહો, વિરતિ એ અશુભ પ્રવૃત્તિને બુઠ્ઠા કરે છે.
૨. આત્માના પ્રદેશ-પ્રદેશે વ્યાપેલા કર્મ અને કષાય રોગોને કાઢવા ધર્મઔષધ પ્રદેશે પ્રદેશે વ્યાપવું જોઈએ; જેમ હાડકા સુધી પહોંચેલા રોગને કાઢવા તેના ઔષધે હાડકા સુધી પહોંચવું પડે, તેમ ધર્મ રંગ આત્માના ઊંડાણમાં વ્યાપવું જોઈએ.
૩. દાન કરો ઉદાર બનવા, શીલ પાળો સદાચારી થવા, તપ કરો નિરીહ અને સહિષ્ણુ થવા.
૪. પરિગ્રહ-સંજ્ઞા, વિષયસંજ્ઞા, અને આહાર-સંજ્ઞાના ઘાતક દાન, શીલ અને તપને બનાવાય તો જ આત્મા નિર્મલ બને. આ ન થાય તો મનુષ્ય ભવમાં માત્ર આંટો.
૫. શાસનની દૃષ્ટિમાં આપણી દૃષ્ટિ મળે તો આપણે શાસનના રાગી, જગતની દૃષ્ટિમાં મળે તો જગતના રાગી.
૬. ઉદાસીન એટલે વિષય-કષાયોમાંથી જેનું મન ઊઠી ગયું છે તે. તેજ વિરાગી.
૭. સમ્યક્ત્વના વ્યવહારના અમલ વિના સમ્યક્ત્વ ટકાવવામાં જોખમ છે.
૮. ધર્મપરિણતિના બે આવશ્યક સાધનો-ભાવદયા અને અખંડ પ્રેમ. નીચી કક્ષાના કે ભૂલ કરનારા પર ભાવ-દયા; અને સમાન કે ઊંચી કક્ષાવાળા ઉપર અખંડ પ્રેમ.
૯. પુત્ર પરિવારને માતાપિતાના પૂજક બનાવવા. માતાપિતાએ ગંભીર અને મર્યાદાબદ્ધ બનવું જોઈએ. એ માટે મોહના ઉભરાને દાબવા પડે.
૧૦. જેમ પૈસા માટે, તેમ ગુણો કમાવા આત્મભોગ આપો. ગુણ કમાયા તો ધર્મ ફળ્યો.
૧૧. જ્યારે ધર્મી લક્ષ્મીને નચાવે છે, ત્યારે લક્ષ્મી અધર્મીને નચાવે છે.
૧૨. વેપાર માટે જીવન નથી, જીવન માટે વેપાર છે.
૧૩. કર્મના ઉદયથી પ્રાપ્ત થાય તે વિભાવ, કર્મના નાશથી પ્રગટે તે સ્વભાવ. યશ, માન, એ વિભાવ, જ્ઞાન, ક્ષમા વગેરે સ્વભાવ.
૧૪. જેના મૂળમાં વિરાગ નહિ તે પ્રશસ્ત રાગ નહિ. આલંબન પ્રશસ્ત છે માટે રાગ પ્રશસ્ત હોય એવો નિયમ નહિ.

૧૫. સજ્જન ગુણ શીખવે, દુર્જન દોષ શીખવે.

૧૬. બાહ્ય પદાર્થોના સંયોગો સંગને (બાહ્ય પ્રત્યે આસક્તિને) પેદા કરે છે, ઉત્તેજિત કરે છે. અંતરસે ન્યારો રહે તે છુટવાની દૃષ્ટિવાળા માટે, સંયોગોને વિષધર માનનાર માટે. બાકી તો સંગથી દૂર રહેવું.

૧૭. સંયોગજન્ય સુખમાં અકળામણ કે ઉદાસીનતા અનુભવનાર જ સાચું સુખ અનુભવી શકે. એ અકળામણ માટે મન મારે છૂટકો.

૧૮. ભવિષ્યમાં પણ કોઈ ખૂણામાં સંસાર દૂબળો ન પડે એવી યોજના સંસારાભિનંદી જીવની ચાલુ જ હોય છે. અઢાર પાપસ્થાનક એના ખૂણા છે. ધર્મી તે, કે જે એને દૂબળા કરે.

૧૯. સંસારને જર્જરિત કરવાની ઇચ્છા હોય તો પુદ્‌ગલની ઓછાશને સંતોષથી ચલાવી લેવાની ઇચ્છા થાય, તૈયારી આવે.

૨૦. ધર્મની બાબતમાં ઓછાશમાં ચલાવી લેનારો ન હોય કે ચલાવી લેવાનું ન ગમે તેનો ધર્મ વધતો ચાલે. પૌદ્‌ગલિક અનુકૂલતાની ઓછપમાં જેને ચલાવી લેવાનું ગમે, તે જ ધર્મમાં સ્થિર થઈ શકે.

૨૧. જ્ઞાન, દર્શન, ચારિત્ર એ રસાયણ છે. ભવનિર્વેદ અને માર્ગાનુસારીપણું એ કોઠાની શુદ્ધિ છે. રસાયણ માટે કોઠો શુદ્ધ કરો.

૨૨. જ્ઞાનાદિ-રત્નત્રયી એ વાવેતર છે. માર્ગાનુસારિપણું એ આત્મક્ષેત્રનું સંશોધન ને ખેડાણ છે.

૨૩. અનુત્તર વિમાનના દેવ કરતાં પણ ચઢીયાતી રત્નત્રયીની સામગ્રી પમાડનારી પુણ્યાઈ મલ્યાનો તોષ છે ? કે એના કરતાં કાંઈ ગુણી જઘન્ય જડની અનુકૂળતાનાય ઠેકાણા નહિ એવા પાપોદયમાં રાચો છો ?

૨૪. જે કાયા એકલીનો જ સંયમ સાધવાનો ઈજારો છે, એવી કાયાને ભૂંડની જેમ વિષયકીચડમાં રગદોળતાં કાંઈ થતું નથી ?

૨૫. માનવબુદ્ધિમાં દાનવ વિષયોની ચિંતા એ નરી પાગલતા છે.

૨૬. કહે છે કે આજે ૩૦ લાખ ટન અનાજની ખાધ છે. એ મળે તો ખાધ પૂરાઈ જાય; પણ આ જીવને અનંત કાળ પૂર્વે લાખ નહિ, અબજ નહિ, પરાર્ધના પરાર્ધ ટનની ખાધ જ્ઞાનીની દૃષ્ટિએ હતી. તેટલા ટન જીવને મળી જવા છતાંય હજી ખાધ નથી પૂરાઈ, એમ નવો નવો ઊગતો દિવસ કહે છે; તો ખાધ શી રીતે પૂરાય એ વિચાર્યું ? **अपूर्णः पूर्णतामेति पूर्यमाणस्तु हीयते ।**



૨૭. બ્રહ્મચર્યના પાલન કરતાં રસના જીતવી દુષ્કર છે. કેમકે ત્યાં અબ્રહ્મ પ્રત્યે સૂગ છે. અહીં રસસેવન પ્રત્યે સૂગ નથી. સૂગ આવે તો રાચવાનું સેવવાનું મટે.

૨૮. સત્સંગ એટલા માટે કે સંગ માત્રનું મૂળ કાઢી નાખે. તેમ નીરસ ભોજન એટલા માટે કે ભોજનનું મૂળ કાઢી નાખે.

૨૯. મૈત્રી ભાવના ઝગમગે તો બીજાનું બૂરું ન ચિંતવાય કે બીજા પ્રત્યે ઈર્ષ્યા અસૂયા ન થાય. મૈત્રી માટે માનવ જેવો ભવ કયો ?

૩૦. કરુણા ભાવના એ બીજાની ભૂલો પચાવવા માટેની પાચક પડીકી છે.

૩૧. આત્માનું શોધક જ્ઞાન તરીકે વિષયોના સ્વરૂપ, હેતુ અને પરિણામનો બોધ. દર્શન તરીકે વિષયોનો ભય અને અરુચિ, ચારિત્ર તરીકે વિષયોનો અસંગ.

૩૨. વિષયાસક્ત ઈન્દ્રિયો દુર્ગતિદાતા; આત્માસક્ત ઈન્દ્રિયો-સદ્‌ગતિ સાધક.

૩૩. પોતાના મોહની સાથે બીજાઓના મોહને બરાબર સાચવવાની તકેદારી, એ મોહની ઘેલછા નહિ તો બીજું શું ?

૩૪. પાછળ પસ્તાવા કરતાં પૂર્વે વિચારી લેવું સસ્તું છે.

૩૫. શ્રી સર્વજ્ઞકથિત પાપ, આશ્રવ અને બંધના, તત્ત્વોની રુચિ એટલે એ તત્ત્વોના હેયપણાની રુચિ અર્થાત તેના પ્રત્યે અણગમો.

૩૬. ભવ ન ગમે તો જ મોક્ષ ગમે.

૩૭. વિષય કષાય મૂકવા સાંભળે તે શ્રાવક, અને મૂકવાનું સાધે તે સાધુ.

૩૮. દ્રવ્યધર્મ સાથે ભાવ ધર્મ તરફ દૃષ્ટિ હોય તોજ ભવ ઓછા થાય.

૩૯. વિષયો જેને બાળે, તેને વિરતિ ઠારે, વિષયોમાં ઉની આંચ પણ ન લાગે એને વિરતિમાં ટાઢક ક્યાંથી લાગે ?

॥ ઈતિ ચાતુર્માસિક નિયમ સમાપ્ત ॥

ॐ अर्हं

# તરુણ સ્વાધ્યાય

**णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ॥**
**एगो मे सासओ अप्पा नाणदंसणसंजुओ ।**
**सेसा मे बाहिरा भावा सव्वे संजोगलक्खणा ॥**

"મારો આત્મા એકલો છે, શાશ્વત છે, જ્ઞાનદર્શનમય છે. બાકીના બધા પદાર્થો મારાથી નિરાળા છે, માત્ર સંયોગ સ્વરૂપ છે."

પવિત્ર આગમગ્રંથોના આ એક જ અલૌકિક ઉપદેશથી અનંતા આત્માઓએ મોક્ષ માર્ગની સાધના કરી છે, અવ્યાબાધ પરમપદની પ્રાપ્તિ કરી છે. સંસાર સાગરે ઝુલતી કોઈપણ જીવનનૈયાનો, આ ઉપદેશ, સુકાની બની શકે છે. પણ ક્યારે ?

આત્મા એને અનુસરે અને બાહ્ય ભાવોથી અળગો થાય ત્યારે.

આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરવાના અસંખ્ય યોગો છે. પવિત્ર આગમવાણીનું અમીપાન-એ પણ એક અદ્‌ભુત યોગ છે. વારંવારના એના ચિંત્વન, મનન, અને આચરણથી મિથ્યાત્વનો વિધ્વંસ થઈ સમ્યગ્દર્શન વિકસિત થાય છે. ભયંકર કર્માર્જક દુર્ધ્યાનને હઠાવી શુભ સંકલ્પોને આત્મામાં એ ઉછળતા કરી દે છે, ભવભ્રમણથી થાકેલાને સિદ્ધિપદે સ્થિત કરે છે. એ આગમવાણીના અલ્પ સુધાબિંદુઓ અહીં પ્રકાશિત કરવામાં આવે છે. આ પ્રકાશનનું નિમિત્ત પૂ. મુનિરાજશ્રી તરુણવિજયજી મહારાજની સુંદર રત્નત્રયીની આરાધનાપૂર્વકનું સમાધિમરણ બન્યું છે.

સ્વ. મુનિશ્રી તરુણવિજયજી મહારાજને સમાધિમરણની પ્રાપ્તિ-એ આ પવિત્ર આગમવાણીના અમીપાનનું પ્રત્યક્ષ ફળ કહી શકાય. મુનિશ્રીનો જન્મ અમદાવાદ (જૈનપુરી)માં થયો હતો. કાળુશા સંઘવીની પોળ (કાળુશીની પોળ) અમદાવાદના જૈન ઇતિહાસમા પ્રસિદ્ધ છે. એ પોળમાં વસતા ચીમનલાલ મનસુખરામ ભગતના એ સૌથી નાના પાંચમા પુત્ર હતા. સંસારી નામ જયંતિલાલ. તેમના પિતાશ્રી ચીમનલાલ ભગતની જૈનપુરીમાં પૂજાઓની રાગરાગણીની સમજણ અને ભક્તિપૂર્વક અતિમધુર કંઠે ગાનારમાં ઊંચી ગણતરી થતી. ધર્મ ઉપર એમને અનહદ રાગ અને શ્રદ્ધા હતા. તેઓ સંવત ૧૯૯૭માં સ્વર્ગવાસ પામ્યા. વડીલનો એ ધર્મવારસો પુત્રોમાં સારો ઊતર્યો; અને પિતાશ્રીની હયાતિમાં જ બે પુત્રોએ સિદ્ધાન્તમહોદધિ,



કર્મપ્રકૃતિના અજોડ અભ્યાસી પૂ. આચાર્યદેવ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ પાસે પ્રવ્રજ્યા અંગીકાર કરી. જેઓ હાલ મુનિશ્રી ભાનુવિજયજી મહારાજ અને મુનિશ્રી પદ્મવિજયજી મહારાજ તરીકે વિચરે છે. એમનાથી નાના પુત્ર શ્રી ચતુરદાસ આજે શ્રી જૈનધર્મ આરાધક મંડળના આગેવાન અને અદ્‌ભુત પૂજાસંગીતકાર તરીકે પ્રસિદ્ધ છે. સૌથી નાના જયંતિલાલને બાળપણથી જ ધર્મના સંસ્કારો તો હતા જ, અને તેમાં પિતાના પ્રભુભક્તિમય સંગીતના અને ધર્મક્રિયાના વારસાની એમણે ખૂબ ખીલવટ કરી, યાવત્ પુખ્ત ઉંમરે એમના વિવાહના કહેણને પણ અવગણેલા. વળી એ બધા બીજને વિ. સં. ૨૦૦૦માં અમદાવાદમાં શ્રી વિજયદાનસૂરીશ્વરજી જ્ઞાનમંદિર અને પૌષધશાળામાં ચાતુર્માસ રહેલ પૂ. આચાર્યદેવ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના પરમપ્રસાદે અવધ્ય સિંચન કર્યું. તે સમયે પ્રૌઢોને શ્રી તત્ત્વાર્થસૂત્રનો અભ્યાસ કરાવવાનો વર્ગ શ્રી ભાનુવિજય મહારાજ પાસે ચાલતો હતો, જેમાં ભાઈ જયંતિલાલે પણ અધ્યયન શરૂ કર્યું. તેનાથી તેમના ચારિત્રના મંદ વીર્યોલ્લાસ પર જાદુઈ અસર થઈ. પછી તો સંવેગનાં દૃઢ પરિણામમાં ઝીલતા ભાઈ જયંતિલાલ સંસાર કારાગારમાંથી કેમ જલ્દી છુટાય, એની સક્રિય યોજના ઘડવા લાગ્યા. અહો ! કેવો તારક જ્ઞાનરસ !

અંતે એમણે ભારે પુરુષાર્થથી સંવત્ ૨૦૦૧ના અષાઢ સુદ નોમે અગારવાસ ત્યજ્યો. આ સમયે સિદ્ધાંતમહોદધિ પૂ. પાદ ૧૦૦૮ આચાર્ય મહારાજ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ પિંડવાડા (મારવાડ) બિરાજતા હતા. શ્રીમદ્‌નો અનેક યોગ્ય ભવ્ય જીવો ઉપરનો અસાધારણ ભાવોપકાર આજે સુપ્રસિદ્ધ છે. એના એક પ્રતીક રૂપે સુવિહિત વિશાળ સમુદાય એ પરમોપકારી આચાર્યદેવની નિશ્રામાં સંયમ, તપ અને શ્રુતને સુંદર આરાધવા સાથે શ્રી જિનશાસનની સુવાસ ફેલાવી રહ્યો છે. ભાઈ જયંતિલાલ પીંડવાડા પહોંચી પુણ્યશ્લોક આચાર્યદેવ પાસે પ્રવ્રજ્યા અંગીકાર કરી, મુનિશ્રી ભાનુવિજયજી મહારાજના શિષ્ય મુનિશ્રી તરુણવિજયજી મહારાજ થયા.

ગૃહસ્થપણામાં તેમણે બે કર્મગ્રંથ સુધીનો અભ્યાસ કર્યો હતો. અને હવે મુનિપણામાં તો તેઓશ્રીએ અભ્યાસનો સતત પરિશ્રમ કરવા માંડ્યો. ટૂંક સમયમાં સંસ્કૃત બે બુક, ત્રણ ભાષ્ય સૂત્રથી કંઠે અને અર્થની વિચારણા તથા દશવૈકાલિક કેટલુંક કંઠે કરી લીધું. ધર્મસંગ્રહ, સંગ્રહણી, ન્યાય, પ્રશમરતિ વગેરેનો અભ્યાસ ચાલુ કરી દીધો. શ્રુતજ્ઞાનની દિવસે તેમજ રાત્રે નિયમિત આરાધના, સાથે સાથે સમિતિપાલન, આવશ્યક ક્રિયાઓમાં અપ્રમાદ, સારી શારીરિક સ્થિતિમાં ચાલુ એકાસણાનો તપ, શ્રી વર્ધમાન તપનો પ્રારંભ, વિનય, વૈયાવચ્ચ, ઇંદ્રિયનિગ્રહ,

આદિ અનેક ઉત્તમ સાધ્વાચારો પણ તેઓશ્રીના જીવનને ધન્ય બનાવતા હતા. એમનો (જયંતિલાલનો) જન્મ વિ.સ. ૧૯૮૧ના ફાગણ વદ ૫ના રોજ થયો હતો. એટલે ૨૦-૨૨ વર્ષના આવા ઉત્તમ આચારના પાળનાર અને સુંદર જ્ઞાનશક્તિ ધરાવનાર યુવાન મુનિના ભવિષ્ય માટે સૌએ ઊંચી આશા બાંધી હતી, અને પરિચિતો તેઓશ્રી જિનેન્દ્રશાસનને સારા ઉપયોગી થશે, એવો વાસ્તવિક મનોરથ પણ સેવતા હતા.

પરંતુ કાળની અને કર્મની ગતિ વિચિત્ર છે ! ફક્ત પોણા બે વર્ષના ચારિત્રપાલનના સમયનો મોટો ભાગ તેઓશ્રીની શારીરિક પ્રકૃતિ નરમ રહી. પિંડવાડામાં પ્રથમ હૃદય રોગનો હુમલો થયો, તે શાંત થયો. આમાં ત્યાંના ડૉ. વાડીલાલભાઈ તથા શ્રી સંઘે ઘણી સારવાર કરી. પછી મારવાડના અન્ય સ્થળોના વિહારમાં માથાનો અસહ્ય દુઃખાવો રહ્યો. ખૂબી તો એ હતી કે અસહ્ય દુઃખાવાના કાળમાં પણ એ ગજબ સહિષ્ણુતા અને સમાધિ ધરતા. વિવિધ યોગ્ય ઉપચારો થતા તે દુઃખાવો શમ્યો. પછી તેઓશ્રી મુનિશ્રી ભાનુવિજયજી સાથે વીસનગર પધાર્યા. ત્યાં લગભગ ચોમાસું બેસતાં જ ટાઈફોડ તાવ શરૂ થયો. માનવામાં આવે છે કે તે સમયમાં જ ક્ષયનો વ્યાધિ પણ તેઓશ્રીને દાખલ થઈ ગયો હોવો જોઈએ. ભાઈ વાડીલાલ ઘીઆ, ભોગીલાલભાઈ ગાંધી, વજુભાઈ, હીરાબેન, સેવાભાવી ડૉ. ગોરધનદાસ, વૈદ ઉત્તમરામ મથુરાવાળા આદિ વીસનગર અને અનેક સ્થળોના ભાઈ-બહેનોની તેમજ તપસ્વી પૂ. મુનિરાજ શ્રી કાન્તિવિજયજી મહારાજ આદિની કાળજી અને ભક્તિપૂર્વકની વૈયાવચ્ચ, તથા સ્વયં પણ પથ્યનું કડક પાલન છતાંય જીર્ણજ્વર શાંત થયો નહિ. પ્રારંભિક અવસ્થામાં તો ક્ષયના વ્યાધિનું ચોક્કસ નિદાન થવું પણ શક્ય નથી હોતું. એટલે થોડી થોડી શક્તિ હોવાથી આચાર પાલનમાં મક્કમ મુનિ પોતાના ગુરુજીની સાથે પાદ વિહાર કરી મહેસાણા પધાર્યા. પરંતુ હવે ચાલવાની શક્તિ મુદ્દલે રહી નહિ, જેથી તેઓશ્રીને મેનામાં યોગ્ય નિદાન અને ઉપચાર અર્થે અમદાવાદ શ્રી વિજયદાનસૂરીશ્વરજી જ્ઞાનમંદિર અને પૌષધશાળામાં લાવવામાં આવ્યા. સ્વર્ગસ્થ મુનિશ્રી તરુણવિજયજીના સંસારી બંધુ શ્રી ચતુરભાઈ અને તેમના સગાસંબંધીઓ કે જેઓ માંદગીની શરૂઆતથી જ અનેક રીતે વૈયાવચ્ચનો લાભ લઈ રહ્યા હતા, તેમણે સ્વર્ગસ્થ મુનિશ્રીને અમદાવાદ લાવ્યા પછી પણ વૈદ્ય, ડૉક્ટરો આદિના અનેક ઉપચારો કરાવ્યા. આમાં ડૉ. દિનકરભાઈ, સર્જન સોભાગભાઈ, વૈદરાજ વૃંદાવનવાળા, વગેરેની ઓનરરી સેવા નોંધને પાત્ર છે. ગ્લાનમુનિ માત્ર ઉપર દ્રવ્યભાવકરુણાવત્સલ પૂ. આચાર્ય મહારાજ પણ ઠેઠ માંદગીના પ્રારંભથી ખૂબજ વાત્સલ્ય અને અનુગ્રહ રાખી દૂર બેઠા છતાં સતત અનેકવિધ



આરાધનાના અને શુશ્રૂષાના સૂચનો આપ્યે જતા. શ્રી ચીમનલાલ કેશવલાલ કડીઆ પણ સ્વ. મુનિશ્રીની આશાઓભરી અનેકવિધ આરોગ્ય-ચિંતા અને પ્રયત્નોમાં મગ્ન રહેતા. પરંતુ ભવિતવ્યતા વિપરીત જ નીવડી, અને સ્વર્ગસ્થ મુનિશ્રીનો પુણ્યદેહ દિનપ્રતિદિન અનેક પીડાઓના આક્રમણથી ઘસાતો ચાલ્યો. છતાં તેઓશ્રીની વૈયાવચ્ચમાં સદૈવ તત્પર જ્ઞાનમંદિરમાં બિરાજતા પૂજ્ય મુનિ (હાલ પં.) શ્રી તિલકવિજયજી મહારાજ વગેરે સંભળાવે ત્યારે, એ અશક્ત મુનિશ્રીનો આત્મા રસપૂર્વક અમીપાન કરતો હોય તેવી પ્રસન્નતા ગંભીર સ્થિતિમાં પણ તેઓશ્રીના મુખ ઉપર દેખાતી. થોડાક દિવસો આ રીતે પસાર થયા અને છેલ્લે તેઓશ્રીના મગજના જ્ઞાનતંતુઓ દર્દથી ઘેરાવા લાગ્યા, સ્મરણશક્તિ મંદ થવાની સાથે ઇંદ્રિયોએ પણ ખૂબ શિથિલતા દેખાડવા માંડી અને એ રીતે ધીમે ધીમે મંદ પડતો મુનિશ્રી તરુણવિજયજીનો જીવનદીપ ચૈત્ર સુદ ૨ ના દિવસે રાતના ૯-૩૭ મિનિટે બુઝાયો. અત્યારસુધી આજુબાજુ ધીરતા ધરી બેઠેલા શ્રમણો, કુટુંબીઓ અને શ્રમણોપાસક ભક્ત વર્ગના હૃદયોની ધીરજ ખૂટી ગઈ અને ઉગતા આશાવંત શક્તિશાળી આત્માની શાસનને ખોટ પડી, એથી અનેક હૃદયોની દુઃખભરી લાગણીનો વાતાવરણ પર પડઘો પડ્યો અને એથી ભારે ગમગીની છવાઈ ગઈ.

અંતિમ આરાધના કરાવી રહેલા પૂજ્ય મુનિરાજોએ પણ યોગ્ય વિધિ કરી લીધી. તુરત જ તાર, ટેલીફોન અને માણસો દ્વારા શહેરમાં અને દેશાવરમાં ખબરો અપાઈ અને થોડાક સમયમાં જ્ઞાનમંદિરમાં સંખ્યાબંધ ભાવિકો દર્શનાર્થે એકઠા થઈ ગયા. સ્વર્ગસ્થ મુનિશ્રીના મૃતદેહને જરીઆન કપડાથી આચ્છાદિત કરી ચૈત્ર સુદ ૩ની સવારના દસ વાગે અગ્નિસંસ્કાર અર્થે લઈ જવામાં આવ્યો. આ સમયે બેથી ત્રણ હજાર માણસો સાથે હતા, અને દૃશ્ય ખૂબ જ લાગણીભર્યું હતું. સ્વ. મુનિશ્રીની આરાધનાની અનુમોદના અર્થે શ્રી ચતુરભાઈ તરફથી જ્ઞાનમંદિર અને કાળુશીની પોળે ભવ્ય અઠ્ઠાઈ મહોત્સવ ઉજવવામાં આવ્યો.

**'તરુણ સ્વાધ્યાય'**ની પુસ્તિકા સ્વર્ગસ્થ મુનિશ્રીના સ્વાધ્યાય અને અંતિમ આરાધનાના પ્રેમની સ્મૃતિ તથા અન્ય આત્માઓમાં તેના ઉદ્ભવ અને વૃદ્ધિ અર્થે શ્રી ચીમનલાલ કડીયાની વિનંતિથી પૂ. મુનિ શ્રી ભાનુવિજયજી મહારાજના પરિશ્રમે પૂર્વે ઉત્થાન પામેલી આ તેનું પુનર્મુદ્રણ છે. પારમેશ્વરી પ્રવ્રજ્યાના પાલનના બહુ અલ્પ સમયમાં શક્ય ઉત્તમ રીતિએ આરાધના કરનાર એ સ્વર્ગસ્થ મુનિશ્રી તરુણવિજયજી મહારાજને આપણા ત્રિવિધે ત્રિવિધે વંદન હો.

• • •

## तरुण स्वाध्याय

### ભક્તિનાં મૂલ્ય

**तायंमि पूइए, चक्कं पूइअं, पूअणारिहो ताओ ।**
**इहलोइअं तु चक्कं परलोअसुहावहो ताओ ॥**

— શ્રી આવશ્યક નિર્યુક્તિ

ચક્રવર્તી ભરત મહારાજા વિચારે છે કે :

"કેવળજ્ઞાની (સર્વજ્ઞ) બનેલા તીર્થંકર પ્રભુનો ભક્તિ ઉત્સવ કરવામાં ચક્રરત્નની પૂજા સમાઈ જાય છે. ખરેખર ! ભક્તિ સેવાને યોગ્ય તો અરિહંત પરમાત્મા છે, કેમકે ભાવિ અનંત કાળમાં સુખ આપનાર એ નાથ છે, ચક્ર તો માત્ર આ લોકમાં ઉપયોગી થાય."

### સુખનો અનન્ય માર્ગ

**अप्पा चेव दमेयव्वो, अप्पा हु खलु दुद्दमो ।**
**अप्पा दन्तो सुही होइ अस्सिं लोए परत्थ य ॥**

— શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

ઈષ્ટ વસ્તુ પરના રાગમાં કે અનિષ્ટ વસ્તુ પરના દ્વેષમાં ખેંચાતા આત્માને બલાત્કારે પણ રોકવો. આત્મદમન દુષ્કર છે. આન્તર શત્રુમાં ફસાતા આત્માનો નિગ્રહ એ આત્માને આલોક અને પરલોકમાં સુખી કરે છે.

### ભોગની ભયંકરતા

**कामा दुरत्तिक्कमा, जीवियं दुप्पडिवूहगं, कामकामी**
**खलु अयं पुरिसे, से सोयइ जूरइ तिप्पइ परितप्पइ ।**

— શ્રી આચારાંગ

વિષયતૃષ્ણા અને ભોગપિપાસા દબાવવી અતિ દુષ્કર છે, ત્યાં પ્રમાદ કેમં પાલવે ? સમજ કે આયુષ્ય જરાય નહિ વધે. પુદ્ગલની લંપટતામાં ટેવાયેલા આત્માને માટે અંતે તો શોક, હાયબળાપો, ઉન્માર્ગ-ગમન, પશ્ચાત્તાપ, કર્મના દારુણ વિપાક વગેરે જ રહે છે.



### ભોગની ભયંકરતા

**काम ! जानामि ते मूलं, संकल्पात् किल जायसे ।**
**ततस्तं न करिष्यामि, ततो मे न भविष्यसि ॥**

— શ્રી સૂગયડાંગ સૂત્ર ટીકા

અરે કામ ! તારું મૂળ હું જાણું છું. તું માનસિક તેવા વિચારમાંથી ઉત્પન્ન થાય છે. તેથી તેવો વિચાર જ હું નહિ કરું, પછી તું મને ક્યાંથી વળગવાનો ?

### (નારીપાશ) નારી નરકની દીવડી

**संगो एस मणुस्साणं जाओ लोगम्मि इत्थिओ ।**
**नो ताहिं विणिहणेजा चरेज्जऽत्तगवेसए ॥**

— શ્રી ઉત્તરાધ્યયન

માખને જેમ શ્લેમ, તેમ પુરુષને સ્ત્રી (તેમજ સ્ત્રીને પુરુષ) સંસારમાં ચીટકાવવા સ્નિગ્ધ લેપનું કાર્ય કરે છે. બુદ્ધિમાન આત્મા એનાથી આત્મનાશ ન થવા દેતાં, એનો સંગ તજીને પોતાના આત્માનો સારા સંસારથી નિસ્તાર કેમ થાય એવી આત્મા-ગવેષણમાં ઉતરે.

### ગોશાળાનો જીવ કેવલી થશે ત્યારે -

**एवं खलु अहं अज्जो ! इओ चिरात्तीयाए अद्धाए गोसाले नामं समणद्यायए...., आयरिए अयसकारए...., परं वुग्गाहेमाणे, दीहमद्धं संसारकन्तारं अणुपरियट्टिए । तं मां णं अदो ! तुब्भं को वि भवतु आयरियपडिणीए**

— શ્રી ભગવતીજી

હે આર્ય ! આજથી ઘણા કાળ પૂર્વે હું નામથી ગોશાળો, મુનિઓનો ઘાતક અને દ્વેષી હતો; ઉપરાંત ઉપકારી ધર્માચાર્ય પ્રભુ મહાવીરની કૃતઘ્નતા, અવર્ણવાદ, ઘોર દ્રોહ અને આશાતના મેં કરી; અનેક જીવોને ઉન્માર્ગે વ્યુદ્ગ્રાહિત કર્યા. એથી મેં અથાગ સંસારઅટવીમાં અગણિત ભયંકર ભવો કર્યા. માટે હે આર્ય ! તમો કોઈ તેવી ભૂલ ન કરતા. ધર્મગુરુના દ્રોહિ ન બનતા.

### બંધન અને મુક્તિ

**किमाह बंधणं वीरो ? कि वा जाणं तिउट्टइ ?**
**वित्तं सोयरिया चेय सव्वमेय न ताणइ ।**
**संखाए जीविअं चेव कम्मुणा उ तिउट्टइ ॥**

— શ્રી સૂગયડાંગ

જંબૂ સ્વામી- 'હે ભગવંત ! વીર પ્રભુએ બંધન કોને કહ્યું છે ? અને શું જાણવા આચરવાથી એ બંધન તુટે ?'

સુધર્મા ગણધર- હે આયુષ્મન જંબુ ! કર્મ, હિંસા, પરિગ્રહ વગેરે બંધન છે. કંચન કુટુંબમાનું કોઈ જ જીવને બચાવી શકતું નથી. વળી આયુષ્ય ચંચલ છે. આ વિચારી વિરક્ત બની સંયમ આદરવાથી મુક્તિ મળે.

### અગાધ જગત

**सव्वजीवा वि भंते । इमस्स जीवस्स माइत्ताए जाव उववन्नपुव्वे ।**
**हंता गोयमा ! जाव अणंतखुत्तो ।**

— શ્રી ભગવતીજી

"ભગવંત ! આ જીવને સર્વજીવો મા તરીકે, બાપ-ભાઈ-ભગિની-ભાર્યા-પુત્ર તરીકે પૂર્વે ઉત્પન્ન થયા છે ?"

"હે ગૌતમ ! અનંતીવાર તેમ બન્યું છે."

### તપ અને સંયમ

**संसारसागराओ उब्बुडो मा पुणो निबुड्डिजा ।**
**चरणगुणविप्पहीणो बुड्डइ सुबहुं पि जाणन्तो ॥**

- શ્રુતકેવળી શ્રી ભદ્રાબાહુસ્વામી

માનવ જીવન અને શાસ્ત્રજ્ઞાન પામ્યો એટલે તો તું સંસારસાગરમાં કેટલોય ઊંચો આવ્યો. પણ હવે સંયમ અને તપની ઉપેક્ષા કરી ફરી બુડ મા.

ધ્યાન રાખ કે ચારિત્ર ગુણે હીન એવો મહાપંડિત પણ સંસારમાં રુલી જાય છે.

### રાજ્ય કે બાહ્ય શત્રુથી આત્માને શું ?

**सबुंज्झह किं न बुज्झह संबोही खलु पेच्च दुल्लहा ।**
**नो हू वणमंति राइओ, नो सुलभ पुणरावि जीविअं ॥**

— શ્રી સૂયગડાંગ

શ્રી યુગાદિદેવ ૯૮ પુત્રોને કહે - "હે વત્સો ! બોધ પામો. માનવ ભવની દુર્લભ સામગ્રી પામ્યાં છતાં કેમ તમે મોક્ષમાર્ગને વિષે જાગ્રત નથી બનતા ? ભવાંતરમાં મોક્ષ માર્ગની આરાધના મળવી મુશ્કેલ ! ધ્યાનમાં રાખો કે પસાર થતો સમય પાછો નહિ આવે, અને ગએલું આયુષ્ય ફરી નહિ પૂરાય."



### ગલીચ ભોગ

**एवं खलु अम्म ! माणुस्सयकामभोगा असुई खेलासवा सुक्कासवा मुत्तपुरीसपुन्ना असुभनिस्सासा उव्वेयणगा बीभत्था दुक्खसज्झा अबुहजणणिसेविया साहुगरहणिज्जा अणंतसंसारवद्धणा चुडलिव्व दुक्खाणुबंधिणो सिद्धिगमणविग्घा ।**

— શ્રી ભગવતીજી

"હે માતાજી ! શશીવયણી અને મૃગનયણી રમણીઓની સાથે વિલાસોમાં વિલસવાનું કહો છો; પરંતુ મનુષ્યગતિના કામભોગો ગંદા, કફ વીર્યાદિ ઝરતા, મળભર્યા, ખરાબ શ્વાસવાળા, ઉદ્વેગ કરનારા, બીભત્સ, બહુકષ્ટથી સાધ્ય, મૂર્ખથી સેવાતા, સાધુપુરુષથી નિંદાતા, અનંત સંસારને વધારનારા, ચુડેલની જેમ દુઃખોની પરંપરામાં વળગાડી રાખનારા અને મોક્ષે જવામાં અંતરાયભૂત છે."

### વૈરનું વારણ

**सव्वे जीवा कम्मवस चउदहराज भमंत ।**
**ते मे सव्व खमाविअ मुज्झ वि तेह खमंत ॥**

— શ્રી સંથારાપોરિસિ

સર્વ જીવો ચૌદ રાજલોકમાં પોતપોતાના કર્મ અનુસારે ભટકે છે તે સર્વને હું ખમાવું છું. અને તે સૌ પણ મને ખમો.

### પરમશત્રુ

**तिण्णो हु सि अण्णवं महं, किं पुण चिट्ठसि तीरमागओ ।**
**अभितूर पार गमित्तए समयं गोयमा ! मा पमायए ॥**

— શ્રી ઉત્તરાધ્યયન

"હે ગૌતમ ! મોટા સંસારસાગરને તું લગભગ પાર ઉતરવા આવ્યો. હવે કાંઠે આવી આરાધનાની ઉપેક્ષા કેમ સેવી રહ્યો છે ? ઉઠ, સિદ્ધસ્થાને પહોંચવા ઉતાવળ કર. જોજે એક સમય પણ પ્રમાદ કરીશ મા."

### ઉત્સૂત્રની ઉગ્રતા

**दुब्भासिएण इक्केण मरीई दुक्खसायरं पत्तो ।**
**भमिओ कोडाकोडिं सागरसरिनामधेज्जाणं ॥**

— શ્રી આવશ્યક નિર્યુક્તિ

અહીંયાં (પરિવ્રાજકપણામાં) ધર્મ છે અને ત્યાં (જૈન મુનિપણામાં) પણ ધર્મ છે એવા એક ઉત્સૂત્ર વચનના અપરાધે ભગવાન મહાવીર સ્વામિના જીવ મરીચિને એક કોટાકોટિ સાગરોપમ વર્ષ સંસારના દુઃખસાગરમાં ભમવું પડ્યું.

**પૈસામાં ભાગ, પાપમાં નહિ**

**संसारमावन्न परस्स अट्ठा साहारणं जं च करेइ कम्मं ।**
**कम्मस्स ते तस्स उ वेयकाले न बंधवा बंधवयं उवेन्ति ॥**

– શ્રી ઉત્તરાધ્યયન

અજ્ઞાન જીવ અન્યને માટે કે સ્વપરના નિમિત્તે જે કાંઈ સંસારના કાર્ય કરે છે, તેના પાપનો ભોગવવામાં તે સ્નેહીઓ ભાગ પડાવવા નથી આવતા.

**જ્ઞાનની કસોટી દયામાં**

**एवं खु नाणिणो सारं जन्न हिंसइ किंचण ।**
**अहिंसासमयं चेव एतावन्ते वियाणिया ॥**

– શ્રી સૂયગડાંગ

"હે આયુષ્મન્ જંબૂ ! વિશિષ્ટ વિવેકવાળા જ્ઞાનીને એજ ઉચિત છે, કે કોઈપણ ત્રસ કે સ્થાવર જીવને એ પીડા ન કરે. પોતાને કોઈ પીડા કરે જેમ નથી ગમતું, તેમ બીજાને; એમ સમાન દૃષ્ટિએ વિચારે."

**ચિંતા માત્ર ભયંકર**

**एवं चउव्विहं रागदोसमोहंकियस्स जीवस्स ।**
**अट्टज्झाणं संसारवद्धणं तिरियगइमूलं ॥**

– શ્રી ધ્યાનશતક

"અપસંદ વિષયો ટળો કે ન મળો, વેદના ન હો, પસંદ વિષયો મળો કે ટકો" એનું ચિંતન અને દેવાદિના રૂપઋદ્ધિની પ્રાર્થના આ ચાર પ્રકારે થતું આર્તધ્યાન રાગ-દ્વેષ-અજ્ઞાનથી વાસિત જીવને તિર્યંચ ગતિમાં લઈ જઈ ભવપરંપરાવર્ધક બને છે.

**મૃત્યુથી નિર્ભય**

**मृत्योर्बिभेषि किं बाल ! स च भीतं न मुञ्चति ।**
**अजातं नैव गृह्णाति कुरु यत्नमजन्मनि ॥**

– શ્રી ઉપદેશતરંગિણી

"હે અજ્ઞાની ! મૃત્યુથી બીએ છે શું ? સમજ કે બીનેલાને મૃત્યુ છોડતું નથી; જ્યારે, જન્મ જંજાલથી પાર ઉતરેલાને એ પકડતું પણ નથી. માટે હવે ફરી



જન્મવું જ ન પડે એવો ઉદ્યમ કર."

**દાનવ્યસની ભોજરાજા**

**आपदर्थे धनं रक्षेत्, भाग्यभाजः क्व चापदः ? ।**
**दैवं हि कुप्यति क्वापि संचितोऽपि विनश्यति ! ॥**

– શ્રી પ્રબંધ ચિંતામણિ

ભોજ રાજાને મંત્રી શિખામણ દે છે, "સંભવિત ભાવિ આપત્તિ અર્થે ધન સંઘરી રાખવું જોઈએ."

રાજા કહે છે, "ભાગ્યશાલીને આપત્તિ ક્યાંથી ?"

મંત્રી કહે છે, "ભાગ્ય પણ કદાચિત્ રૂઠે છે."

રાજા કહે છે, "તો તો સંઘરેલું પણ નાશ પામે છે"

**સાચું રસાયન**

**इदं शरीरं परिणामदुर्बलं पतत्यवश्यं श्लथसन्धिजर्जरं ।**
**किमौषधैः क्लिश्यसि मूढ दुर्मते ! निरामयं धर्मरसायनं पिब ॥**

– શ્રી સનત્કુમાર

આ શરીર સેંકડો પ્રયત્ન છતાં પરિણામે દુર્બલ પડવાનું જ છે, અને સાંધાઓની શિથિલતા વગેરેથી જર્જરિત થઈ નાશ પણ પામવાનું છે. તો હે બેશુદ્ધ ! એને, જૂઠી સમજમાં તણાયો તું, ઔષધોથી વિડંબના કાં કરે ? અનંત આરોગ્યદાયક ધર્મરસાયન પી.

**ભવાંતરે ધર્મનો અધિકારી કોણ ?**

**लद्धिल्लिअं च बोहिं अकरिंतोऽणागयं च पत्थंतो ।**
**अन्नंदाइं बोहिं लब्भिसि कयरेण मुल्लेण ॥**

– શ્રી આવશ્યક

હે એદી ! અહીં પ્રાપ્ત થયેલી ધર્મશ્રદ્ધાને તું (ધર્મક્રિયાદ્વારા) સફલ કરતો નથી, અને ભવાંતર માટે બોધિ પ્રાર્થે છે. પરંતુ તે કયા મૂલ્યથી તને મળવાની ?

**પરમાર્થ એજ પરમ સાધના**

**एतभ्दाग्यं भवतो नास्ति येन सुवर्णसिद्धिविद्या तव सिध्यति । मारिनिवारण-जिनमंदिरमंडितपृथ्वीकरण-परनारीसहोदरत्वादिपुण्यैः सिद्धे लोकद्वये, काधिक वाञ्छा ?**

– શ્રી દેવચન્દ્રસૂરિજી

"કુમારપાલ ! જગતનું ઋણ ફેડવા તું સુવર્ણસિદ્ધિ ઝંખે છે, પરંતુ એ વિદ્યા સાધવા જોગું તારું ભાગ્ય નથી. કિંતુ અહિંસા પ્રચાર, પૃથ્વીના અલંકાર તુલ્ય અનેક જિનમંદિરોની રચના, પરસ્ત્રીબંધુપણું-ઇત્યાદિ પુણ્યકાર્યોથી તારા આલોક-પરલોક બંને દિવ્ય બન્યા છે. હવે અધિક શું જોઈએ ?"

### પ્રયત્નની દિશા

**के गुणास्तव यतः स्तुतिभि-च्छस्यद्भुतं किमकृथा मदवान् यत् ।**
**कैर्गता नरकभीः सुकृतैस्ते किं जितः पितृपतिर्यदचिन्तः ॥**

— શ્રી મુનિસુંદરસૂરિજી મ.

કયા ગુણો તે મેળવી લીધા કે તું પ્રશંસાને ઝંખે છે ?

એવું કયું અદ્‌ભુત (પરમાર્થનું) કાર્ય તેં કર્યું છે જેથી તું અભિમાની બની ગયો છે ? કયા સત્કાર્યોથી તારે નરકનો ભય નથી રહ્યો ?

તેં શું યમ (મૃત્યુ)ને સ્વાધીન કરી લીધો છે કે આટલો નચિંત બની ગયો છે.

### વિશ્વ-હિત ભાવો

**सर्वत्र मैत्रीमुपकल्पयात्मन् चिंत्यो जगत्यत्र न कोपि शत्रु ।**
**कियद्दिनस्थायिनि जीवतेऽस्मिन् किं खिद्यते वैरिधिया परस्मिन् ॥**

— શ્રી શાંતસુધારસ

હે જીવ ! તું દરેક જીવને તારો મિત્ર કલ્પી લે, આ જગતમાં કોઈને પણ દુશ્મન માનીશ મા. થોડાક દિવસ ટકાવાવાળા આ જીવનમાં બીજા પર શત્રુબુદ્ધિ રાખી શા સારુ જાતે જ ખેદમાં પડવું ?

• • •

### ॥ गुरुस्तुति ॥


**गम्भीरमाधरितवारिनिधिः, प्रवृद्धबौधप्रभाप्रतिहतांशुमहिन्दुधामा ।**
**रत्नत्रयीवितराणाज्जितपारिजातो, जीयाद्विभुर्विजयपूर्वकदानसूरिः ॥१॥**

• • •





## જૈન જનતાનો અવાજ



અમદાવાદના નગરશેઠ શ્રી વિમળભાઈ મયાભાઈ વિ. પંદર પ્રતિષ્ઠિત ગૃહસ્થોએ જાહેરાત કરીને બાળ સંન્યાસ દીક્ષા પ્રતિબંધક વિધેયનો વિરોધ કરવા માટે સં. ૨૦૧૨ના કાર્તિક વદ-૨ તા. ૧-૧૨-૫૫ને ગુરૂવારે સવારના ૯-૩૦ વાગે જૈનોની જાહેર સભા બોલાવી હતી. આ જાહેર સભા નગરશેઠના વંડે શ્રીમાન શેઠશ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ લાલભાઈની અધ્યક્ષતામાં મળી હતી. આ સભામાં હજારો જૈન ભાઈ-બ્હેનો હતા અને નીચે પ્રમાણે ઠરાવ કર્યો હતો.

<u>ઠરાવ</u>

"મુંબઈ રાજ્યની વિધાન સભામાં શ્રી પ્રભુદાસ પટવારીએ બાળ સંન્યાસ દીક્ષા પ્રતિબંધક વિધેય રજૂ કરેલ છે, તે ભારતની ત્યાગ-પ્રધાન સંસ્કૃતિની અવગણના કરનાર તથા ધર્મના મુળમાં ઘા કરનાર છે અને મુખ્યત્વે જૈન ધર્મને અસર કરે છે. તેથી ધર્મના કાર્યોમાં હસ્તક્ષેપ કરનારા આવા કાયદા ના. સરકારે મંજુર કરવા જોઈએ નહિ તેમ અમદાવાદમાં આજે મળેલ જૈનોની આ જાહેર સભા માને છે અને તેનો સખ્ત વિરોધ કરે છે."

શ્રેણિક કસ્તુરભાઈ
સભાના પ્રમુખ

આ કળાપૂર્ણ તામ્રપત્ર માનનીય વડાપ્રધાન **શ્રી મોરારજીભાઈ દેસાઈ**ને સુપરત કરવા માટે અમદાવાદના પ્રતિનિધિઓનું ડેપ્યુટેશન મુંબઈ જવાનું છે. **શ્રી પટવારી**ના બાળ સંન્યાસ દીક્ષા પ્રતિબંધક બીલ સામે જનતાનો કેટલો વિશાળ અને તીવ્ર વિરોધ છે, તે આથી સમજાય તેમ છે.

## બાલ દીક્ષા વિષે અમારો જાતિ અનુભવ

**સગીર દીક્ષિતાનો આત્મા પોકારે છે- "અમો દીક્ષામાં સુખી છીએ, મહાસુખી છીએ."**

**સગીરોની દયા ખાનારાઓએ તેઓને સંસારમાં ગોંધાવી રાખવાને બદલે દીક્ષાના મુક્તમાર્ગે વિચરવા દેવામાં સહાયક થવું જોઈએ.**

હું ઘરમાં હતી ત્યારે મારાં ધાર્મિક માબાપ તરફના સારા સંસ્કાર પામીને મને તેર વર્ષની ઉંમરમાં દીક્ષા લેવાની ભાવના થઈ. મારાં માતાપિતાએ મને ખુશીથી રજા આપી અને પોતાને ઘરઆંગણે જ તેઓએ હર્ષપૂર્વક મને ધામધૂમથી દીક્ષા અપાવી. જે કોઈ પણ બાળકને દીક્ષા લેવાની ઇચ્છા થાય તેને તેનાં માતાપિતાની સંમતિ વિના દીક્ષા આપવાનો રીવાજ જૈન શાસનમાં મુદ્દલ નથી. આથી દીક્ષાની ભાવનાવાળા બાળક પોતાના માતાપિતા પાસે આજ્ઞા માગે છે. અને યોગ્ય માતપિતા પણ સંસારના ક્લિષ્ઠ પાપમય જીવન કરતાં ત્યાગનું સત્યશીલનિષ્ઠ જીવન શ્રેષ્ઠ હોવાથી દીક્ષાના તરવા-તારવાના માર્ગે પોતાના કુળવાન પુત્ર-પુત્રીને પ્રેમપૂર્વક વળાવે છે. તથા એવાં બાળકોથી પોતાને પુણ્યવાન માને છે.

આજે જેઓ એમ સમજી બેઠા છે કે 'બાળક પાસેથી ફોસલાવીને દીક્ષામાં ઘણું જ કામ લેવામાં આવે છે.' પણ મને લાગે છે કે તેઓ આ માર્ગથી તદ્દન અજાણ હોવા જોઈએ. તેઓ સમજતા નથી કે સંસારમાં કુટુંબીજનો પોતાને આરામ મેળવવા માટે અથવા સ્વાર્થી લાલસાઓ પૂરવા માટે બચ્ચાંઓ પાસેથી ફોસલાવીને હદ ઉપરાંતનું કામ લે છે જ્યારે દીક્ષામાં તો તેવું કાંઈ છે જ નહિ. અહીં તો દીક્ષિતો સેવાભક્તિના ઐચ્છિક કાર્યની ચાહના ઘણી કરે છતાં મળે નહિ એવી પરિસ્થિતિ હોય છે, તેમાં ય બાલદીક્ષિતોની તો ઊલટા મોટેરાંઓ સ્વગુર્વાદિકોની માફક ઊલટથી સેવાભક્તિ કરે છે. સ્વગુર્વાદિકોની સેવાની માફક જ બાલગ્લાન-માંદા આદિની પણ સેવાભક્તિ કરવાની જૈન શાસ્ત્રોની આજ્ઞા છે.

હું મારી બીના કહું છું કે મેં તેર વર્ષની ઉંમરમાં દીક્ષા લીધી અને આજે વીશ વર્ષની થઈ તે દરમ્યાન મારી પાસેથી જેને મજૂરી કહી શકાય તેવું તલભાર પણ કામ લેવામાં આવ્યું નથી. મા-બાપના કરતાં યે અધિક વાત્સલ્યભાવથી મારાં ગુરુણી આદિએ મને પાળીપોષી અન્યત્ર જગતમાં ક્યાં ય ન મળે તેવું આત્મજ્ઞાન આપ્યું છે. કોઈ પણ માણસને જો સંશય હોય તો તે પોતાની મેળે આવીને તપાસ કરશે તો તે પોતાની સગી આંખે આ હકીકત જોઈ શકશે અને તેણે કહેવું જ પડશે કે 'બાળકનું જીવન ઘર કરતાં અહીં ઘણું જ સુખી છે.' વળી તમે એમ માનો છો



કે 'બાળકો હીજરાય છે ?' તે માટે હું ચેલેંજ આપીને કહું છું કે જેનું મન સંયમમાં પરોવાયેલું હોય છે, તેને તો અહીં આનંદ-આનંદ ને આનંદ જ છે. હું મારો અનુભવ જણાવું છું કે મને દીક્ષા લીધાને આજે સાત વર્ષ વીતી ગયાં, પણ મને કોઈ દિવસ એવું નથી લાગ્યું કે- 'આજે મને ગમતું નથી, તેમ માતાપિતા કે સિનેમા-નાટક પણ યાદ આવ્યા નથી.' શક્તિ પ્રમાણે તપશ્ચર્યા કરવી, ભણવું-ગણવું, મનશુદ્ધિ આદિની આવશ્યક ક્રિયાઓ કરવી-વિહાર કરવા-નવાં નવાં ગ્રામતીર્થોની પગપાળા યાત્રાઓ આ બધી નિષ્કપટ સર્વ જીવ સમભાવી જીવચર્યામાં મારા આટલા દિવસો ક્યાં પૂરા થઈ ગયા તેની મને ખબર પણ પડી નથી.

આજે તમે સાચી દૃષ્ટિથી જુઓ તો સંસારમાં જ બાળકો હીજરાઈ રહ્યાં છે, એની ઘણી ઇચ્છાઓ માબાપ પૂરી કરી શકતા નથી, તેથી બાળકો રડી-રડીને અડધાં થઈ ગયાં હોય છે. કોઈ માબાપ એવાં પણ હોય છે કે છોકરાંને બહુ જ મારે, વળી કોઈ તો પોતાનાં છોકરાંને બચપણથી અનીતિના માર્ગે વાળે, નિર્દય નોકરી વગેરે કરાવે, અમો તો નાની ઉંમરમાં દીક્ષા લેવાથી સંસારના આ બધા ત્રાસથી બચી ગયાં છીએ. અમોને દીક્ષા આપનાર-અપાવનારાઓએ તો અમારું રક્ષણ કરી અમારા ઉપર મોટો ઉપકાર કર્યો છે. આજે પણ અમોને જરૂર એમ જ થાય છે કે 'અમે સંસાર છોડી દીધો તે ઘણું જ સારું કર્યું.'

આજે દીક્ષા સામે કાયદો લાવનારા સગીરોને અણસમજુ ગણી દયા ખાવા નીકળ્યા છે. તેમણે સમજવું જોઈએ કે જો અમે અણસમજુ જ હોત તો દીક્ષા જેવા દિવ્ય જીવનની ભેટ અમોને મળી જ ન હોત. સમજ પણ વિષય પરત્વે ભિન્ન ભિન્ન પ્રકારની હોય છે. એથી કોઈને કાંઈ એકદમ અણસમજુ કહી શકાય નહિ. તમોને જો સાચી જ દયા આવતી હોય તો સગીરોને સંસારમાં ગોંધી રાખવાની ઝુંબેશ ઉઠાવવા કરતાં દીક્ષાના મુક્તપંથે વિહરવા દેવામાં સહાયક થાઓ.

કેટલાક એમ માનતા હશે કે "જૈનદીક્ષા તે ન મળ્યાના બ્રહ્મચારી જેવી હશે." તેમણે નોંધી લેવું કે અહીં તો મોટા મોટા લખપતિ અને કરોડપતિના દીકરા-દીકરીઓ પોતે વૈરાગ્યવંત બની કેવળ આત્માનું અને અન્ય સર્વનું કલ્યાણ સાધવાની બુદ્ધિથી સંસારના વિદ્યમાન ભોગસુખોને લાત મારી દીક્ષા લે છે અને પછી તેઓ મહા જ્ઞાની ચારિત્ર બની જગત ઉપર મોટા મોટા ઉપકાર કરે છે.

દીક્ષા એ તો જગત ઉપરનો મોટો આશીર્વાદ છે. દુઃખથી છૂટવાનો અને સુખી થવાનો એ જ એક માર્ગ છે. એ અમારું બાપનું ઘર છે. તેની સામે કાયદો લાવનારા સગીરો વગેરેનું ભયંકર અનિષ્ટ કરી રહ્યા છે. તેમને શાસનદેવ સદ્‌બુદ્ધિ સૂઝાડે.

(સાધ્વીશ્રી ......................)

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૪,અંક-૪૧,તા.૭-૭-૧૯૫૬

● શાસનપ્રેમી સજ્જનોની સોબત જ્યારે અમૃત છે, ત્યારે શાસનના વિરોધીઓની સોબત ઝેર છે.

● શાસન પ્રેમીઓની એકતા કલ્યાણ કારક છે અને શાસનના વિરોધીઓની એકતા અકલ્યાણ કારક છે.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૪,અંક-૪૩,તા.૨૮-૭-૧૯૫૬

"સાધુ સુખીયા સર્વદા દુઃખીયા નહિ લવલેશ" આવું શા માટે કહેવાય છે ? જેમનો આત્મા પ્રતિપળે હલકો અને ઊજળો થાય છે, એમાં દુઃખ હોય જ શાનું ? કર્મ જવાથી આત્મા હલકો થાય છે અને સમાધિમય જીવન હોવાથી આત્મા ઉજ્જ્વળ બને છે.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૪,અંક-૪૬,તા.૨૫-૮-૧૯૫૬

પ્રકાશક તરફથી : **ગ્રાહક બંધુઓને**

નિવેદિત કરતાં અતિ હર્ષ થાય છે કે 'દિવ્યદર્શન' ચાર વર્ષની યાત્રા પૂર્ણ કરી પંચમ વર્ષમાં ટૂંક સમયમાં જ પ્રવેશ કરશે.

પરંતુ અમારી સમિતિએ ધાર્યું છે કે વર્તમાનમાં એવા કેટલાક અનિવાર્ય પ્રસંગો ઉપસ્થિત થયા હોઈ 'દિવ્ય દર્શન'ને હાલ અઠવાડિકને બદલે પાક્ષિક બનાવવું. છતાં એમાં માસિક જે છ ફર્માનું વાંચન અપાતું, તે ચાર ફર્માનું આપવું. તેમાં એક સુંદર કથાનક તથા બોધક પ્રશ્નોત્તરી પણ આપવી. તેનું વાર્ષિક લવાજમ માત્ર રૂપિયા સાડા ત્રણ રાખવું. આશા છે કે દિવ્ય દર્શનના ચાલુ દરેક ગ્રાહકને નવા પાંચ ગ્રાહક વધારી મોકલવા માટે આ ટૂંકુ લવાજમ અને ભવ્યવાંચન અનુકૂળ રહેશે.

ઉપસ્થિત થયેલા પ્રસંગમાં એક યોજના એ વિચારીએ છીએ કે જૈન ધર્મના વિવિધ વિષયોને, તથા સંવેગ રંગ અને માનવજીવનને અજવાળતા કથાનકને બહુ જ સરળ અને રસમય ભાષામાં વર્ણવતા હોય તેવા ૨-૪ પુસ્તક પ્રતિવર્ષ પ્રગટ કરવા. તેના અગાઉથી સભ્ય થનારને ઘેર બેઠા મળ્યા કરે એવી વ્યવસ્થા કરવી.



આમાં જે ભાઈઓ સભ્ય થઈને અગર બીજી રીતે સહકાર આપવા ઇચ્છતા હોય, તેમણે મુંબઈના સરનામે કાર્ડથી જણાવવા વિનંતી છે. યોગ્ય સહકાર મળ્યા પછી નક્કી કરાશે.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૪,અંક-૪૬,તા.૨૫-૮-૧૯૫૬

શ્રી સર્વજ્ઞ ભગવાનોની એક પણ આજ્ઞાનો વિરોધ કરનારી માબાપોની પણ આજ્ઞા માનવી એ સ્વપર ઉભયનું અહિત કરનાર છે.

શાસનપ્રેમી સજ્જનોની સોબત જ્યારે અમૃત છે, ત્યારે શાસનના વિરોધીઓની સોબત ઝેર છે.

શાસન પ્રેમીઓની એકતા કલ્યાણ કારક છે અને શાસનના વિરોધીઓની એકતા અકલ્યાણ કારક છે.

વિનય વિદ્યાનો બાપ છે અને વિવેક દીકરો છે.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૫,અંક-૨,તા.૧-૧૦-૧૯૫૬

## જયસુંદરનું પરાક્રમ

એક નગરમાં જયસુંદર નામે એક રાજપુત્ર હતો. સારા કુળમાં જન્મવાનું પુણ્ય લાવેલો તે એની સાથે બીજી પણ લાયકાત સારી લઈને આવેલો. તેથી હજી તો એ બાળ હતો; છતાં વિનય, વિવેક, ઉદારતા વગેરે ગુણો એનામાં સારા પ્રકાશી રહ્યા હતા. ત્યારે એય ખરું છે કે માણસ જેવો ઊંચી કક્ષાનો જીવ બનવા છતાં જો ગુણોને બદલે પશુની માફક અવિનય, ઉદ્ધતાઈ, મૂઢપણું, તુચ્છતા વગેરે દુર્ગુણોથી ભરેલો રહે, તો એ સિંહનું ચામડું ઓઢીને સિંહ બની બેઠેલા શિયાળીઆ જેવો જ ને ? કાંકરા કરતાં હીરો ઊંચો, તો હીરામાં ચળકાટ હોય છે, સુંદરતા હોય છે. કાગડા કરતાં હંસ ઊંચો, તો હંસમાં ધીરતા, પવિત્રતા અને ખાનદાની હોય છે. ગંદવાડમાં એ કાગડાની માફક મોં ન ઘાલે. આપણે ઊંચા માનવપ્રાણી છીએ માટે આપણામાં ગુણોની ઉજળામણ સ્વભાવની સુંદરતા અને આચાર-વિચારની પવિત્રતા જોઈએ.

જયસુંદર આમ ગુણીયલ હતો; પણ રાજકુળમાં ઉછરેલો એટલે દયાનો પાઠ તેવો શીખેલો નહિ. એકવાર એ નગર બહાર ક્રીડાર્થે ગયો હશે ત્યાં જનાવરને

હેરાન કરનારી રમતમાં એ પડ્યો. એમાં એના પુણ્ય જાગ્યા તે ત્યાં જૈન મુનિઓનો ભેટો થયો.

મુનિઓ કહે છે, "મહાનુભાવ ! બીજા જીવોને આપણાથી હેરાન કરાય ?"

કુમાર કહે છે, "પણ એ તો અમે રમીએ છીએ ને ?"

"અરે ! પણ આવું રમવાનું ? એમ તો કોઈ મોટા રાક્ષસો આવીને તમને હેરાન કરનારી રમત રમે તો ?"

"તો તો અમને દુઃખ થાય; એ ન ગમે."

"બસ, ત્યારે એજ રીતે સમજી લો કે જેમ આપણને કોઈ પીડે એ નથી ગમતું તો બીજાને આપણે પીડીએ એ એને નથી ગમતું. આપણને દુઃખ દેનાર જો નાલાયક ગણાય, તો બીજાને દુઃખ દેનારા આપણે પણ કેવા ગણાઈએ ? નાલાયક ને ? તો શું તમને નાલાયક થવું પસંદ છે ?"

જયસુંદર કહે છે, "ના, ના, અમારે તો મોટા લાયક બનવું છે."

"તો તમે પ્રતિજ્ઞા કરો કે હવેથી હું કોઈને મારીશ નહિ, દુઃખ દઈશ નહિ."

રાજપુત્રના કોમળ હૃદયમાં મુનિની મીઠી વાણી સોંસરી ઉતરી ગઈ અને એણે દયા-અહિંસાની પ્રતિજ્ઞા કરી. હૈયું માખણ જેવું કૂણું રાખીએ તો સારા માણસના કિંમતી હિતવચન એમાં ભળી જાય. એ કૂણાશ રાખવી હોય તો પૈસા-ટકાનો કે વિદ્યા-હોશિયારીનો ઘમંડ ન જોઈએ; ઊંચા કુળનું હું પદ ન જોઈએ.

રાજપુત્ર તો તે પછી ખૂબ કાળજી રાખીને કોઈને ય દુઃખ દેતો નહિ. ખાનપાનમાં પણ એવું કાંઈ ખાતો નહિ. આ એની દયાથી બહાર એની ચાહના વધી ગઈ; પણ એના પિતાને એની દયાની ખબર નથી. તે એકવાર જાણવામાં આવી ગઈ.

બન્યું એવું કે નગરમાં એક ચોર પેંધી ગયેલો, તેને પકડવા માટે સિપાઈઓને તાકીદ આપી. સાથે જયસુંદરને હવે અનુભવી કરવા માટે મોકલ્યો. જયસુંદર સિપાઈઓની સાથે રાતના નગરમાં ફરે છે; ત્યાં ક્યાંકથી ચોર પકડાઈ ગયો. જયસુંદર વિચાર કરે છે કે- 'હવે આ ચોરને સિપાઈઓ સવારે પિતાજી પાસે હાજર કરશે, અને પિતાજી એમના સ્વભાવ મુજબ આને બીચારાને મારી નખાવશે. તો મારાથી એનું દુઃખ આવતું કેમ જોઈ રહેવાય ?'

વિચારીને ચોરને પૂછે છે, 'કહે, ચોરી કરવામાં શો સાર કાઢ્યો ? હવે મરવું પડશે ને ?'



ચોર કહે છે, 'ભાઈ સાબ, ખરી વાત છે. હું ભૂલ્યો. હવે જો તમે દયા કરો અને મને છોડી મૂકો તો ફરી જિંદગીમાં ચોરી નહિ કરું.' કહીને રાજપુત્ર પગે પડી દયા માટે કરગરવા લાગ્યો.

રાજકુમારને દયા તો હતી જ; પણ ચોરની ચોરી મૂકી દેવાની ઈચ્છા સાચી છે કે ખોટી તે કેટલાક પ્રશ્ન પૂછીને તપાસી. પછી સિપાઈઓએ કહ્યું, "આને છોડી મૂકો."

સિપાઈઓ કહે, "આને છોડી મૂકવામાં પિતાજી ગુસ્સે થશે."

કુમાર કહે છે, "તમે પિતાજીને વાત કરતા નહિ." એમ કહીને પેલાઓની ઈચ્છા નહિ છતાં ચોરને છૂટો કરાવ્યો, પોતાની પાસેથી થોડા પૈસા પણ એને આપી કહ્યું. "લો, આનાથી ધંધો કરજે, હવેથી ચોરી કરતો ના." ચોરના દિલમાં આ બધા પ્રસંગથી અજબ ચમત્કાર થયો. કુમાર તરફ એના દિલમાં ખૂબ જ માન ઉપજ્યું; હરખ ઉપજ્યો. એને એમ થયું કે 'માનવ તો હું ય છું અને આય માનવ છે. પણ અહો ! કેટલો બધો ફેર ! આમની કેટલી બધી ઉદારતા...' વિચારતાં વિચારતાં એનું હૈયું ભરાઈ આવ્યું, આંખમાં ઝળઝળીયાં આવી ગયાં ! કાયદો અને વ્યવસ્થાની રીત ગમે તેવી સારી મનાતી હશે, પરંતુ અધમ અને કચડાયેલા જીવ પર દયા અને ઉદારતાની પદ્ધતિ બહુ ઊંચી હોય છે. ગુનેગારના ગુના ભૂલાવી દઈ એને સજ્જનની કોટિમાં પલટી નાખે છે.

હવે અહીં એવું કે સવારે એક સિપાઈએ રાજાને ખાનગીમાં રાતની હકીકત કહી દીધી. રાજાને ચઢ્યો ગુસ્સો ! તાબડતોડ કુમારને ધમધમાવે છે.

'કેમ ? ચોર પકડાયો હતો કે નહિ ?'

કુમાર ચાડી કળી ગયો. એટલે હવે નીડરતાથી કહે છે, 'જી હા, પકડાયો હતો; પણ મેં એને છોડાવી મૂક્યો.'

"કેમ, શા માટે ?"

'આપ એને મારો નહિ એ માટે'

'અરે પાગલ ! એટલે એને ફરી ચોરી કરતો છૂટો મૂક્યો ?'

'ના પિતાજી, મેં એની ચોરી છોડાવીને દયા કરી.'

'તે રાજ્ય દયાથી ચાલતા હશે ?'

'અવશ્ય. દયામાં દૈવી તાકાત છે. અને કદાચ દયાથી રાજ્ય ન ચાલે, તો દયા ગુમાવવી પડે એવા રાજ્યને શું કરવાનું ?'

આ સાંભળી રાજા ગુસ્સે થઈ ગયો. કુમારને તમાચા લગાવી દઈ કહે છે,

'જો, આવી દયા રાખવી હોય તો નીકળી જા મારા રાજ્યમાંથી.' તે જ ક્ષણે કુમાર પગે લાગીને નીકળી પર રાજ્યમાં ચાલ્યો ગયો. સાથે કોણ ? કોઈ જ નહિ. સાથે ધનમાલ ખરા ? ના, તે પણ નહિ. માત્ર દયાને સાચવવા ખાતર ખુશીથી દેશવટો લીધો. અવસરે સુખ-સગવડ જતા કરવાનું આવડે તો ગુણ સિદ્ધ કરી શકાય.

પર રાજ્યમાં જઈ જયસુંદર વિચાર કરે છે, 'શું કરવું ? તત્કાળ તો નોકરી શોધી લેવી, પણ તે રાજવાડામાં;' -એમ વિચારી એક પરદેશી તરીકે રાજવાડામાં જઈ રસોડા ખાતામાં નોકરીએ લાગ્યો. કેવો પલટો ! ક્યાં પિતાને ત્યાં રાજકુમાર તરીકેના સન્માન, ઊંચા ખાનપાન વાહન, અને સોનાના પલંગમાં મખમલની તળાઈઓમાં આરામી ! અને ક્યાં અહીં એક નોકર તરીકે કરવી પડતી મજૂરી ! છતાં જયસુંદર મૂઢતા પર વિજય મેળવી સુંદર બન્યો છે, તે તો એ વિચારે છે કે 'જીવનમાં સુખ-દુઃખ એ તો પૂર્વ જીવનના કરેલા પુણ્ય-પાપ કર્મનાં ફળ છે. દુઃખ આવ્યું તો તે પાપથી આવ્યું છે, નહિ કે દયાના ગુણથી. માટે દયાને દોષ દીધા વિના ઊલટી એને વધુ વહાલી કરવી. બાકી દુઃખ ભોગવી લેવામાં તો પાપનો કચરો ઓછો થઈ રહ્યો છે. ત્યાં નિરાશા શી કરવી ? નિસાસા શા નાખવા ? એમ તો ઘણાય જીવો કરતાં મારી સ્થિતિ તો બહુ સારી છે, સુખભરી છે. પછી પૂર્વનું યાદ કરવાની કોઈ જ જરૂર નથી.'

એકવારનો પ્રસંગ છે. રસોઈયાએ જયસુંદરને બે મરઘી આપી કહ્યું, 'આને સમારી લાવ.'

જયસુંદર આ સાંભળી ચોંકી ઉઠ્યો. પોતાની પ્રતિજ્ઞા બરાબર યાદ છે. તેથી તેમ કરવાની ના પાડે છે.

રસોઈયો તડુકી ઉઠે છે, "શું ? ના કહે છે ?"

"હા, જીવને મારવાનું કામ મારાથી બીલકુલ નહિ બને."

રસોઈયો તે ઉપર એને બે ધોલ ઠોકી દઈ કહે છે, "તો તને હું રાજા સાહેબ પાસે લઈ જઈશ."

"ભલે, મરી જાઉં, પણ કોઈને મારું નહીં." એમ પોતાનો નિર્ણય જાહેર કરી દે છે.

પછી રસોઈઓ એને લઈ ગયો રાજા પાસે; અને હજુરને ફરીયાદ નોંધાવી. રાજા જયસુંદરની પરાક્રમી દયા ઉપર હૃદયમાં ખુશ થાય છે. કેમ વારું ? કહો, રાજા તે રાજા હતો, રસોઈયો નહિ, છતાં પરીક્ષા કરવા ખાતર ગુસ્સાથી જયસુંદરને કહે છે.



"આમ નોકરી બજાવીશ ? આજ્ઞાનું અપમાન કરીને ?"

જયસુંદર કહે છે, "હજુરને એમ લાગતું હોય તો હું નોકરીમાંથી છૂટો થાઉં છું."

"તે એમ છૂટો થવાશે ? તારા જેવાને તો ભયંકર સજા થશે. તો જ બીજા નોકરો પર છાપ પડી શકે. કામ સોંપેલું કરવા માંડ, નહિતર હાથીના પગ નીચે છુંદાવું પડશે, સમજ્યો ?"

જયસુંદર મનમાં એટલું જ વિચારે છે કે સોનું અગ્નિમાં જ શુદ્ધ ચકચકતું થાય. આત્મા પણ આવી અગ્નિપરીક્ષામાં જ નિર્મળ બને. તો પરીક્ષાથી ગભરાવાનું શું ? રાજા શું કરશે ? મારી નાખશે એજ ને ? આત્મા તો મરતો નથી; અમર છે; દયા માટેના મૃત્યુ પાછળ અમર દયાનો વારસો લઈ જશે. અને બીજાને મારું તેના કરતાં હું જ મરવાનું દુઃખ ભોગવી લઉં તો યોગ્ય છે.' પછી મનોમન વિચારી કહે છે, 'એ તમે મને ગમે તે કરો, મારાથી કોઈને મારવાનું નહિ બને.'

રાજાએ એને મેદાનમાં ઊભો કરી એના પર ગાંડો હાથી છોડવા બહાર કઢાવ્યો. છતાં ય આનું ધૈર્ય અને શાંતિ જોઈ, તરત પાસે બોલાવી એની પીઠ થાબડી યુવરાજ બનાવ્યો. છેવટે રાજ્ય સોંપ્યું. એટલામાં એના પિતાએ પણ પોતાની ભૂલ માની એને રાજ્ય આપ્યું. બંને રાજ્યમાં એણે જૈનધર્મનો ખૂબ પ્રચાર કર્યો.

## "દિવ્ય-દર્શન" - **"પ્રશ્ન-ઉત્તર"** વર્ષ-૫,અંક-૨,તા.૧-૧૦-૧૯૫૬

**પ્રશ્ન : મનમાં ખરાબ વિચારો આવે છે, તો એને સુધારવા શું કરવું ?**

**ઉત્તર :** મનના ખરાબ વિચારોને રોકવા માટે પહેલાં તો બે જાતની મનની કેળવણી કરવી જોઈએ. (૧) જે જાતના ખરાબ વિચાર આવતા હોય, એની ખરાબી શી શી છે એની વિચારણા સાથે એના પ્રતિપક્ષી વિચારો તથા શુભભાવના-ઓનો અભ્યાસ રાખવો જોઈએ. દા.ત. 'આમ આમ જૂઠ બોલીને મારી હોશિયારી બતાવું, કે અમુક વસ્તુ મેળવી અગર સંરક્ષી લઉં.'- આવા ખરાબ વિચાર આવતા હોય, ત્યાં જૂઠની ખરાબી શી શી છે, જાત બડાઈની ખરાબી કઈ કઈ છે, તથા અયોગ્ય રસ્તે વસ્તુ મેળવવામાં શી ખરાબી છે એની વિચારણા ઊભી કરવી જોઈએ. આમાં કોઈ દૃષ્ટાન્ત કથા પણ ચિંતવવી લાભદાયક છે. સાથે, પ્રતિપક્ષી વિચારો એટલે કે સત્યના, આત્મલઘુતા અને સુયોગ્ય ઉપાયને વળગવામાં કેવા કેવા લાભ છે, એ વિચારોનો પણ અભ્યાસ જોઈએ. અભ્યાસ એટલે વારંવાર

અભ્યાસ; તે એટલો કે જ્યારે ખરાબ વિચારણા ન ચાલતી હોય ત્યારે પણ આ પ્રતિપક્ષી વિચારો કરતા રહેવું જોઈએ. એના પણ દૃષ્ટાન્તની ચિંતવના કરવી. આની સાથે શુભભાવનાનો અભ્યાસ એટલે કે 'ક્યારે મારો ધન્ય દિવસ જાગે અને હું કમમાં કમ સત્યમાં એક્કો થાઉં ! અસત્યના બોલ તો શું પણ અસત્ય વિચારો પણ મનને ન સ્પર્શે ! સહજ રીતે મારું મન જ એવું ઘડાયેલું હોય કે તે સત્ય વિચારો તરફ જ ઝૂકે. આ તો થઈ એક પ્રકારની માનસિક કેળવણીની વાત. પણ,'

(૨) બીજી કેળવણી તેથી વિશેષ મહત્ત્વની એટલે કે વધારે અભ્યાસમાં ઉતારવા જેવી છે; તે એ છે કે **મનને જે સારી વસ્તુનો રસ હોય, એમાં મનને પરોવેલું રાખ્યા કરવું.** દા.ત. જૂઠના વિચારો જેને આવે છે એવા કોઈ મનુષ્યને, ધારો કે, ધર્મકથાનો રસ છે, અથવા તત્ત્વનો રસ છે, અથવા અરિહંત પ્રભુના સારા સારા બિંબના દર્શન-પૂજનનો રસ છે અથવા કોઈને કોઈ ધર્માનુષ્ઠાનનો રસ છે, કે ભણેલો હોય તો અનિત્યાદિ ભાવનાઓ વિચારવાનો, તત્ત્વના પદાર્થો વિચારવાનો અગર, પ્રભુભક્તિ-વૈરાગ્ય-આત્મ-પ્રાર્થનાદિના કાવ્ય બનાવવાનો રસ છે, ઇત્યાદિ ઇત્યાદિ કોઈ રસ છે,- તો એમાં સતત મનને પરોવેલું રાખવું જોઈએ. મનને એનો શોખ, એનું એક પ્રકારનું વ્યસન બનાવી દેવું. એટલે પછી મન એના ને એના જ વિચાર કર્યા કરશે. દા.ત. ધર્મકથાનો રસ હોય તો જુદી જુદી ધર્મ કથાઓનું સ્મરણ કર્યા કરવું. હવે આ શોખનું ચિંત્વન ખૂબ વધારવા એનું સાહિત્ય વાંચવું, ચિંત્વનના નવા નવા માર્ગ મેળવવા, ચિંત્વનમાં આવેલી અદ્‌ભુત વસ્તુની નોંધ કરતા રહેવું. એને અવરનવર ઉથલાવતા રહેવું. આ વ્યસન તે એવું કે ઠેઠ ખાતાં-પીતાં પણ આ વિચારણા આવ્યા કરતી હોય. છેવટે 'નમો અરિહંતાણં' કે એવા કોઈ બીજા પદનો ખૂબ માનસિક જાપ **ગણતરી બંધ** કર્યા કરવો. ગણતરી રાખવા જતાં મનને ખરાબ વિચારની ફુરસદ નહિ મળે. બસ, આ વ્યસન લાગ્યું એટલે ખરાબ વિચારોને ઊભા થવા સમય નહિ રહે, રસ નહિ રહે. આ સક્રિય ઉપાય છે. સાથે ઉપર પહેલો કહ્યો તે પ્રતિપક્ષી વિચારનો ઉપાય સહાયક છે.

**ખરાબ વિચારો રોકવા માટે સારી માનસિક કેળવણી ઉપરાંત લક્ષવાળી પ્રભુભક્તિ, ઇન્દ્રિય નિગ્રહ, વિવિધ વિષય ત્યાગ, તપસ્યા, દાન, વ્રત, સામાયિક, અધ્યયન, વૈયાવચ્ચ વગેરે અનેકાનેક ધર્મક્રિયામાં જીવને ખૂબ ખૂબ પરોવેલો રાખવો જરૂરી છે. એનાથી સારો ક્ષયોપશમ પ્રાપ્ત થવાને લીધે મનનો ખરાબ વિચારો તરફ ખેંચાણ ઓછી થઈ જાય છે. શુભક્રિયાના થોકની બલિહારી છે. એનાથી કેઈ આત્માઓ સમર્થ યોગી બની ગયા છે. વર્તમાનમાં પણ એ રીતે તપક્રિયાના માર્ગથી વિચારો સુધરી ગયાના અનેક દાખલા છે. માટે જ મન સુધારવા જે એમ ધારે છે**



**કે હું બધા વિચારો રોકી માત્ર ૐના ધ્યાનમાં બેસી જાઉં- એને સફળતા મળવાની મુશ્કેલી રહે છે. એમ એકલો તપ તપ્યા કરે અને બીજી શુભ ક્રિયાઓ, કે શાસ્ત્રાધ્યયન શ્રવણાદિમાં ન પરોવાય તો એને પણ મુશ્કેલી રહે.**

**પ્ર. : પ્રભુદર્શન-સ્મરણમાં રસ કેમ આવે ?**

ઉ. : પ્રભુદર્શનમાં રસ લાવવા માટે આપણી સામે જિનમૂર્તિ જે છે ત્યાં સમવસરણ પર પ્રભુ પધાર્યા એમ કલ્પવાનું. વળી ત્યાં આજુબાજુ ઇન્દ્રો ખૂબ આનંદમાં આવી જઈને ચામર ઉલાળે છે. ઉપરથી દેવ-દેવીનાં ટોળાં ઉતરી રહ્યા છે; નીચેથી મનુષ્યો, રાજાઓ, શહેરી-જંગલી પશુ-પંખીઓ આવી રહ્યા છે. સૌ પોતપોતાના સ્થાને સમવસરણ પર ગોઠવાઈ પ્રભુની વાણી સાંભળતાં ડોલી રહ્યા છે. સૌને અશોકવૃક્ષ ઢાંકે છે. ઉપર આકાશમાંથી ઝરમર પુષ્પ વૃષ્ટિ થઈ રહી છે. એની સુગુંધમાં આપણી નાસિકા તરબોળ છે. દિવ્યધ્વની વાંસળીના મધુર સૂર ગુંજી રહેલા આપણા કાને આવી રહ્યા છે. પ્રભુના મસ્તક પાછળ ઝગમગ ઝગમગ ભામંડળ પ્રકાશી રહ્યું છે. આવી બધી વસ્તુ કલ્પનાથી ખડી કરવાની છે. (નવકારના જાપમાં ત્યાં પ્રભુના મસ્તક પર સિદ્ધશિલા પર સિદ્ધ ભગવાન અને પ્રભુના સામે જમણી બાજુમાં આચાર્ય-ઉપાધ્યાય સાધુ કલ્પવાના.) ત્યાં આપણું મન પ્રભુની પોતાની અનુપમ સાધના વિચારે; પ્રભુના અચિંત્ય અતિશયો વિચારે; પ્રભુનો અનુપમ ઉપકાર વિચારે. મનને એમ થાય, 'અહો કેવું અનુપમ ! કેવુંક અજબ ! મને અને આ પ્રભુની પ્રાપ્તિ ! ઓ જગતના નાથ ! તારો કેટલો ઉપકાર માનું ! કેટલી બધી અનહદ તારી દયા ! તારણહાર તારું જ મારે શરણ છે, તારી જ મારે દિશા છે તું જ ત્રાતા, તું જ પિતા, તું જ મારા પ્રાણ છે...' એમ વિચારતાં વિચારતાં પ્રભુને અનેક વિશેષણોથી સંબોધવાના. દા.ત. 'હે અરિહંતપણાના આધાર, નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ, એ ચારેય નિક્ષેપાથી વિશ્વને પવિત્ર કરનાર, હે આદિ પુરુષ પુરુષોત્તમ ! હે વિશ્વરૂપી કમલના વનને વિકસિત કરનાર સૂર્ય ! હે કેવળજ્ઞાન રૂપી આરિસામાં જગતના પ્રતિબિંબવાળા ! હે સકલભવ્ય જનરૂપી બગીચાને વાણીરૂપી પાણીથી સિંચી નવપલ્લવિત અને વૃદ્ધિગત કરનાર !...' આ પ્રમાણે 'સકલાર્હત્' સ્તોત્ર, ભક્તામર સ્તોત્ર વગેરેથી ગદ્ય સ્તુતિ કરી શકાય. સ્તવનની કડીઓના ભાવ લઈને પણ ગદ્ય સ્તુતિ કરી શકાય.

બીજું, **પ્રભુના દર્શન કરતાં** પ્રભુના દરેક અવયવે, દા.ત. આંખે, કાને, હાથે, જીભે વગેરેએ કેવા કેવા પરાક્રમ અને ઉપકાર કર્યા એ વિચારવાનું. સાથે મુખમુદ્રા પર અને નયનમાં કેવી પ્રૌઢતા, ગંભીરતા ઉદાસીનતા વગેરે ભાવો ભર્યા છે તે નિખરવાનું. દરેક દરેક જિનબિંબના મુખને બરાબર જોતાં જોતાં 'નમો

જિણાણં જિઅભયાણં' કહેતાં જવાનું અને નમતા જવાનું. આમ કરવાથી દર્શનક્રિયાને રસદાર બનાવી શકાય. સાથે વીતરાગનાં દર્શન કેવી અનુપમ ક્રિયા છે, એની જરૂરીયાત એના લાભ વગેરેનો ખ્યાલ હોવો જોઈએ. એમાંય ખાસ કરીને દર્શન કરવા જતાં પહેલેથી મનમાં દર્શનના કોડ, દર્શનથી કૃતકૃત્યતા વગેરે તરવર્યા કરે એવું થવું જોઈએ. પછી જિનદર્શન મળ્યાથી મહાનિધાન પામ્યાનું ગૌરવ જોઈએ.

**પ્ર. : ધર્મક્રિયામાં મનની સ્થિરતા કેમ વધે ?**

**ઉ. :** મનની સ્થિરતા વધારવા માટે, (૧) પહેલાં તો જે ક્રિયા હાથમાં લીધી હોય તેનો ભારે રસ ઊભો કરેલો હોવો જોઈએ; અને એ રસ એ ક્રિયાના મહાલાભો મન પર લાવવાથી બને. ત્યારે આ અસાર અને મરણાવધિ સંસારની સામે એ ધર્મક્રિયા કેવી રીતે લાખ રૂપિયાની છે ! કેવી કેવી રીતે અપૂર્વ લાભદાયી છે ! એનો વિચાર કરવાથી મન પર ક્રિયા વસી શકે છે. લાભ વિચારવા માટે પણ રસ્તા છે. આત્મિક ગુણલાભ, શારીરિક લાભ, માનસિક લાભ, પુણ્ય લાભ, કર્મક્ષય લાભ, કૌટુંબિક લાભ, આર્થિક લાભ, લોકપ્રિયતાનો લાભ, સામુદાયિક લાભ, વાતાવરણની શુદ્ધિનો લાભ, સમય લાભ, ઇત્યાદિ ઇત્યાદિ અનેક દૃષ્ટિએ લાભો વિચારી શકાય.

(૨) ક્રિયામાં સૂત્રો આવતા હોય તેના (ક) દરેકે દરેકે અક્ષર પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. (ખ) એ ન બને ત્યાં સુધી દરેકે દરેક શબ્દ છૂટો ખ્યાલમાં લઈ એના પર મન લાગેલું રહેવું જોઈએ. (ગ) એય ન થાય ત્યાં સુધી દરેકે દરેક લીટી જુદી જુદી ખ્યાલમાં આવવી જોઈએ. આમાં એટલું જોવું કે દરેકે દરેક લીટીનો છેલ્લો શબ્દ ચોક્કસ ધ્યાનમાં આવતો જાય; ધ્યાન બહાર ન જાય. (ઘ) એમાંય સ્થિરતા ન થાય ત્યાં સુધી કમમાં કમ દરેક બે લીટીના જોડકાના પહેલા અને છેલ્લા શબ્દ પર તો મન જવું જ જોઈએ.

(૩) ક્રિયાના સૂત્ર અગર સ્તવન વગેરેના અર્થ પર મનને ચોંટાડવું જોઈએ. શબ્દાર્થ વાક્યાર્થ ન આવડે ત્યાં સુધી દરેક લીટી અગર બે લીટી કે દરેક ગાથાના અર્થ પર ધ્યાન રહેવું જ જોઈએ.

(૪) દરેક ગાથાના ભાવનું ચિત્ર જાણે નજર સામે ખડું થવું જોઈએ. દા.ત. પૂર્વે દર્શનમાં બતાવ્યું કે અરિહંત પ્રભુ સમવસરણ પર પધાર્યા. દેવો આવે છે;... વગેરે ચિત્ર નવકારમંત્રના સૂત્રમાં ચાલે. એમાં સિદ્ધ ભગવાન ઉપર જોવાના અને આચાર્ય-ઉપાધ્યાય-સાધુ પ્રભુની જમણી બાજુ જોવાના-ડાબી બાજુ આ પંચનમસ્કાર કરતા આપણે છીએ. આપણામાંથી પાપો ઉઠી બહાર ફેંકાઈ જાય છે અને આ



નમસ્કાર સર્વ મંગલની મોખરે થાય છે; અગર ગગનમાંથી શ્રેષ્ઠ કલ્યાણની વૃષ્ટિ આ નમસ્કાર પર થાય છે. આમ દરેક સૂત્રનાં જુદાં ચિત્ર બની શકે. એ સામે દેખાય એટલે મન એમાં સ્થિર બને.

(૫) સૂત્ર હો કે ન હો, પણ ક્રિયા પૂર્વે ઇન્દ્ર જેવાએ અગર મહાત્મા પુરુષોએ કેવા ઉલ્લાસથી અને જાતને કૃતકૃત્ય માનીને કરી, એ વિચાર જાગતો જોઈએ. એમ અશુભક્રિયા કેવો કર્મભાર વધારે છે, એથી ઊલટું આ ધર્મક્રિયા કેવો જૂનો કર્મભાર ઓછો કરે છે-એનો ખ્યાલ જોઈએ. એથી આ ક્રિયા તરફ આકર્ષણ વધે, તેથી સ્થિરતા વધે.

(૬) બીજી એક મહત્ત્વની પ્રક્રિયા એ છે કે પહેલે તબક્કે જ આપણે જે આખી ક્રિયા દરમિયાન મન એકાગ્ર સ્થિર રહેવાની અપેક્ષા રાખીએ છીએ તે અશક્ય નહિ તો દુઃશક્ય જરૂર છે. માટે કરવું એ જોઈએ કે આખી ક્રિયાના વિભાગ પાડી દઈ, દરેક વિભાગ પૂરતું મન સાબૂત રાખવું. દા.ત. પ્રભુદર્શને જઈએ છીએ; તો ત્યાં એમ ધારવું કે ઘરેથી અડધે રસ્તે અગર ઠેઠ મંદિરે પહોંચું ત્યાં સુધી મનમાં અરિહંત પ્રભુના ગુણો કે જીવન કે અમુક ઉપદેશ વિચારવો. થયું ! મંદિરે આવ્યા. હવે અંદર ગભારે પહોંચવા સુધી મનને એક જ વિચાર આપવાનો. નક્કી કરવાનું કે ગભારે ન પહોંચું ત્યાં સુધી બીજો વિચાર નહિ. એમ દર્શન ક્રિયા પૂરતું મન ચોક્કસ કરવાનું... એમ ઠેઠ મંદિર બહાર નીકળીએ ત્યાં સુધીમાં વિભાગવાર મનની સ્થિરતા નક્કી કરવાની... નવકારવાળીમાં પણ એવું, કે 'આ એક નવકારમાં તો બરાબર ચિત્ત એમાં જ રાખવાનું.' ચિત્તને જાણે આપણે હુકમ કરવાનો 'ચિત્ત ! બરાબર આ નવ પદો પર સ્થિર રહેજે.' પછી બીજા નવકારે સ્થિરતા નક્કી કરવાની.

(૭) મન અસ્થિર થવામાં કારણભૂત આપણા લોભ, ઈર્ષ્યા, મદ, ઉદ્વેગ, ખોટી જિજ્ઞાસા-ઉત્સુકતા વગેરે દોષો પણ બને છે. તો એ દોષોને કમમાં કમ આ ક્રિયાકાળ પૂરતા પણ દૂર રાખવા જોઈએ. એ માટે પહેલાં એ દોષોની પરલોકમાં થતી ભયંકરતાનો ખ્યાલ હૈયાને હચમચાવી મૂકે એવો થવો જોઈએ. બીજું, મન અસ્થિર થવામાં ક્રિયા કેવી કૂચા જેવી અને સમયાદિ બગડવા છતાંય કેવું લાભમાં મીંડું; એનો ખ્યાલ જોઈએ. તેમજ, મનઃ સ્થિરતાના અતિ મહાન લાભનો તીવ્ર અભિલાષ જોઈએ.

## "કરકસરના લીધે પરોપકાર"-એ પર એક કથા

મુંબઈ અલબેલી નગરી છે. એમાં કેઈ જાતના સારા-નરસા પ્રસંગ બનતા હશે. આપણને એ બધાની શી ખબર ? પણ ક્યારેક કોક કોક પ્રસંગ સાંભળવા મળે છે ત્યારે આશ્ચર્ય થાય છે કે અહો આવા સુકૃત કરનાર આજના કાળે પણ છે !! અને તે મુંબઈ જેવી મોહપુરીમાં ! એવો એક પ્રસંગ જુઓ.

મુંબઈમાં એક વાર કોક ચાર જુવાનીઆ પાંજરાપોળની ટીપ કરવા નીકળી પડ્યા. મનને થયું કે 'આપણા સાંસારિક સ્વાર્થનાં કેઈ કામો લાગવગ, શરમ ઊભી કરીને ય કરીએ છીએ, જીવનનો કેટલોય અમૂલ્ય સમય એની પાછળ બરબાદ કરીએ છીએ તો આપણા આત્માનું હિત કરનારા એવા પરોપકારના કાર્ય માટે શું આપણી પાસે સમય નથી ? લાગવગ નથી ? કેવળ સ્વાર્થનું જ જીવન હોય તો તે પશુજીવનથી શું ઊંચું ગણાશે ? બસ આજે આ જીવદયા માટે પાંચ સાત હજાર ભેગા કરવાનું કાર્ય જરૂર કરીએ...' એમ કરીને નીકળ્યા તો ખરા, પરંતુ પહેલાં સારી રકમ ક્યાંથી ભરાવવી તેની મુંઝવણમાં હતા. ત્યાં એ રસ્તે સામેથી એક સાધર્મી ભાઈ શ્રાવક-મિત્રને આવતો જોયો; એને ઊભો રાખી પૂછે છે,

'કેમ ચીમનલાલ, ક્યાં ચાલ્યા ?'

'ભાઈ આજ તો તમે જાણો છો ને રવિવાર છે ?'

'તે શું આજે નાટક-ચોપાટીમાં પડશો ? રહેવા દ્યો, રહેવા. આજે તો તમારે અમારી સાથે આવવું પડશે.'

'અરે યાર, તમારી સાથે હું ક્યાં નથી આવ્યો ? આજે મને ખેંચો નહિ.'

'ચીમનલાલ આજે નહિ ચાલે, આજે તો પાંજરાપોળની ટીપ કરવી છે તે તમારે સાથે આવવું જ પડશે. ખરી મિત્રતા તો આવા કાર્યમાં બતાવવી જોઈએ, માત્ર સહેલસપાટીમાં મિત્રતા તો કાગડા-કૂતરાને ય આવડે છે.'

ચીમનલાલ પણ દિલાવર શ્રાવક હતો. કહે છે, 'ભલે લો, આ તમારી સાથે ચાલ્યા. કહો ક્યાં જવું છે ?'

'એજ તો સમજાતું નથી. તમે જ કોઈ એવા સારા ઘરે લઈ ચાલો કે જ્યાંથી આપણને પહેલો આંકડો સારો ભરાય. પછી સૌ સૌના ઓળખીતા પાસે જઈશું.'

'ભલે આપણે ચાલો પહેલા દુભાશ ગલીમાં.' એ બધા એ ગલીમાં ગયા



અને એક જૂના માળામાં પેઠા. મિત્રો મુંઝાઈ કહે છે,

'સારું ઘર અહીં મળશે ?'

'એટલે સારું તમે કોને કહો છો ? બંગલા ને ? ભૂલા પડશો નહિ, બંગલા તો કેટલીય વાર ઠગનારા નીવડે છે ! આશા આપણે કઈ રાખી હોય, એ વળે મીંડું ! સાંભળવા પણ બીજું જ મળે !' **'માટે સારું ઘર એટલે બંગલો નહિ, પણ સારા માણસનું ઘર. સારા માણસ એટલે શ્રીમંત નહિ; સારા એટલે સારા ઉદાર દિલવાળા.'**

મિત્રો, 'ઠીક' કહી એમની પાછળ પાછળ એ માળાની સીડી પર ચઢે છે. ઉપર ચઢતાં એક બારીમાંથી ધણી-ધણીયાણીની રકઝક સંભળાઈ.

ધણી કહે છે, 'આ તમે દિવાસળીનું બાકસ કેમ દસને બદલે ચાર દિવસમાં પૂરું કર્યું ?'

પત્ની જવાબ દે છે, 'તે મેં હાથે કરીને થોડું જ બગાડ્યું છે ? આ ચોમાસાના દહાડામાં દીવાસળીઓ અને બાકસ પરનો ગંધકનો કાગળ હવાયેલા આવે છે; તેથી કેટલીય દિવાસળીઓ નકામી જાય છે. પછી દસ દહાડા ક્યાંથી ચાલે ?'

જુવાનીઆ એટલામાં તો ઉપર ચઢી ગયા, અને એમને ચીમનલાલ ગેલેરીમાં થઈને એક ઓરડીમાં લઈ જાય છે ત્યાં તો પેલી રકઝક સંભળાય છે.

ડોસો કપડાં સુકવતી ડોશીને કહે છે, 'દિવાસળી સાચવીને વાપરીએ તો એટલી કાંઈ નકામી ન જાય... બાક્સને જરા તપાવી લઈએ.'

મિત્રો ચીમનલાલને કાનમાં કહે છે, 'અહીંથી તમારે સારી રકમ લેવી છે ? બીજે, ચાલો બીજે, કાંક શુકનમાં જ ભૂલા ન પડીએ.'

'તમે ધીરજ રાખો. ગુણ જુદી ચીજ છે; દેખાવ જુદી ચીજ છે.'

જુવાનીઆ રૂમની અંદર પેઠા. રૂમ કેવડી ? ૮ બાય ૧૨ ની ! ત્યાં ડોસો તરત ઊભો થઈ ગયો. પીપ ઉપરના ડામચીઆ પરથી એક જુનું પુરાણું ગાદલું નીચે નાખી આવકાર આપે છે, 'આવો ભાઈ, આવો બેસો. આવ ચીમન, આવ.'

જુવાનીઆ સંકોચાય છે. એકેક વાત એવી જુએ છે કે નિષ્ફળતા મળે એવું ક્ષણભર લાગે. રકઝક ! નાની રૂમ ! ડામચીઓ પીપ પર ! ગાદલું જૂનું !... પણ હવે આટલે આવ્યા પછી જોયા કરો શું થાય છે એમ મન વાળી ગાદલા પર બેસે છે.

ડોસાને પરિવાર બીજો નહોતો. તેમ ઘાટી નહોતો એટલે બાજુમાંથી એક

છોકરાને બૂમ મારી બોલાવ્યો. કહ્યું, "જા ભાઈ નીચે પાંચ છ કપ ચાહનું કહી આવ." ડોસો વિવેકી છે એટલે પહેલાં અતિથિ સત્કાર કરીને પછી કામકાજ પૂછાય એમ સમજે છે. તેથી સીધું રોકડું નથી પરખાવતો કે 'કેમ ? આવો, કેમ આવ્યા છો, કહો શું કામ છ ?' આ તો લુખ્ખા હૃદયનો વર્તાવ છે. આર્ય દેશનો પાક તો બહુ રસાળ. એના સુપુત્ર લુખ્ખા નહિ, સ્નિગ્ધ હૃદયવાળા ! આંગણે ચઢેલાનું યોગ્ય સ્વાગત સન્માન કરે.

ડોસાએ છોકરાને કહ્યું તો ખરું પણ તરત જુવાનીઆ કહે છે, 'ના, ના, કાકા અમારે ચા નથી પીવી...'

'તે ભલે, ચા નહિ તો દૂધ. અલ્યા છોકરા એમ કર બશેર દૂધ લાવી એને ગરમ કરી એમાં લે આ કેશર, બદામ નાખી લાવ.' એમ કહી ડબ્બીમાંથી કેશર, બદામ કાઢી આપ્યા.

જુવાનીઆ તો ડઘાઈ જ ગયા. કહે, 'કાકા, કાકા, આટલું બધું ના હોય. અમારે કાંઈ ચાની બાધા નથી. પરંતુ આ તો એક કામે નીકળ્યા છીએ, તેમાં મોડું ન થાય.'

'હવે, આજ તો રવિવાર છે. છતાં તમને મોડું નહિ કરાઉં ! એમ કરતાં આડી અવળી વાતે વળગ્યા એટલામાં તો કેસરીયા દૂધ હાજર થયું.' ડોસાએ પોતાના હાથે બધાને દૂધના પ્યાલા ભરી આનંદપૂર્વક દીધા, અને સંકોચાતા જુવાનીઆને આગ્રહ કરીને પીવા કહે છે. જુવાનીઆને પીવું પડે છે, પણ જુએ છે તો જાણે મા દૂધ છોકરાને પીવરાવે છતાં લોહી માતાનું વધે એમ આ ડોસાની આંતરડી ઠરીને લોહી વધી રહ્યું છે.

હવે ડોસો પૂછે છે, 'કહો ભાગ્યશાળી, મારા સરખું કંઈ કામ હોય તે બતાવો.'

જુવાનીઆ બોલતાં ખચકાય છે. મિત્રને કહે છે, 'તમે કહો.'

"કાકા આ જુઓને હું તો રહ્યો જરા શોખીન જીવ. તે જતો હતો બહાર ફરવા. પણ આ મારા ભાઈઓ મને કહે, 'ચાલ પાંજરાપોળની ટીપ કરવાની છે. જન્મીને એકલા તારા જીવને જ શાતા આપે છે તે બીજા જીવોને શાતા ક્યારે અપાવીશ ?' કાકા, એમનું કહેવું સાંભળીને મારો ય પગ ઢીલો પડ્યો. મને થયું, 'અહો, આ પાપ ભરેલી દુનિયા પર જ્યારે કરોડો માનવ જેવા માનવો પાપે પેટ ભરી જાણે છે, ખાનપાન-પૈસા-મોજમજાહમાં પશુ જીવન જીવી રહ્યા છે, ત્યારે આવા કોક, સેંકડે હજારે શું લાખે એક જીવ પરોપકારનું કામ કરવા નીકળી પડે



છે, એ કેટલા ભાગ્યવાન !' તે હું ય આમની સાથે ચાલ્યો. ભાગ્યશાળીનો સમાગમ ક્યાંથી ? પછી મને કહે કે પહેલાં કોઈ સારા ઘરે લઈ જા. તે અમે પહેલ વહેલા અહીં જ આવ્યા છીએ."

'અરે મહાનુભાવ ! ઘર ભૂલ્યા. ઊલટું મારી રકમ લખીને તમે ટીપ બગાડશો. મથાળે તો કોક સારાની રકમ લખાવો !'

'કાકા, અમારે તો તમે જ સારા છો. તમે જે આપશો તે અમારે સારા શુકનમાં ગણાશે !'

'પણ ટીપમાં એટલી રકમ પહેલી લખશો તો પછીના આંકડા સારા નહિ ભરાય.'

'તો કાકા, ટીપમાં નામ નહિ લખીએ.' જુવાનીઆએ રસ્તો કાઢ્યો. 'બાકી તમારા જેવો જીવ પહેલું આપશે, એથી અમારું કામ આગળ સારું ચાલશે એવો અમને વિશ્વાસ બેસે છે.'

ડોસો કહે છે, 'તો કહો શું આપું ?'

'એ અમારાથી ન બોલાય. આપને જે આપવું ઘટે તે.'

'હશે લ્યો ત્યારે એકાવન રૂપિયા આપું છું.'

જુવાનીઆને પહેલેથી મિત્રે ચેતવી રાખેલા હતા; તે ચોંકીને કહે છે, 'હોય કાકા ? બસ ફક્ત એકાવન ?'

ડોસો જબરો છે, 'તો લો ૧૦૦ લઈ જાઓ.'

'ના, પુણ્યશાળી, આ તો શુકનની રકમ છે. એટલેથી શું થાય ?'

"તો લો હવે બોલશો નહિ, બસો આપું છું."

જુવાનીઆ કસ જોઈ લલકારે છે; **'કાકા ! આ કયું કામ છે એ તો જરા જુઓ ! અનાથ નિરાધાર જનાવરો બીચારા રીબાઈ રહ્યા છે; મરવા પડ્યા છે, એને ચારા-પાણી અને રક્ષણ આપવાનું છે. એ ય સંજ્ઞી પંચેન્દ્રિય જીવ છે, એની આંતરડી કેટલી ઠરે ? પૈસા તો આજ છે ને કાલ નથી. પુણ્ય હશે તો કાલે પૈસા વધી જશે. આવો પરમાર્થ કરવાનો મોકો ક્યાં મળે ? એની આંતરડી આપણે ઠારીએ તો આપણને બીજા પાસેથી શાતા મેળવવાનો હક રહે...'**

ડોસો કહે છે, 'તમે તો ભારે ઉપદેશક ! ઠીક છે તમારી વાત. જાઓ ત્રણસો રૂપિયા આપું છું.'

પણ જુવાનીયાએ ખેંચતાણ કરી પાંચસો રૂા. સુધી તો કાર્ય ખેંચતાણ કરી

પાંચસો રૂ. સુધી તો કાર્ય ચઢાવ્યું; અને હજી, 'ના, ના, આટલાથી કાંઈ ન શોભે. અમારે તો પુરા એક હજાર લઈને જ ઉઠવું છે' એમ વળગ્યા છે.

ત્યાં ડોશી બહાર કપડા સૂકવેલા સરખા કરતી હતી. તે બોલી ઊઠી, 'આ બીચારા છોકરાઓને શું ટળવળાવો છો ? એ ક્યાં ઘરનું કામ લઈને નીકળ્યા છે ?'

જો જો પરોપકારના કાર્ય કરવાની સાત્ત્વિક વૃત્તિ !

ડોશી સાંભળતી તો હશે કે પાંચસો આપવાનું કહે છે છતાં વધારે માંગવામાં આવે છે. પણ જેમ દુકાન-વેપાર સારામાં સારો જમાવી દેવા માટે, લગ્ન ઉત્સવ સારામાં સારો ઉજવી લેવા માટે, કે રોગી શરીરને સારામાં સારું કરી લેવા માટે બનતો બધો ખર્ચ કરાય છે, તેમ આ સાત્ત્વિકતાને વરેલી ડોશી ડોસાને વધુ ઉદાર બનવા પ્રેરે છે. આર્યભૂમિ ઉપર આજે આવા કુટુંબ કેટલા હશે ? આજની મોટી મોટી ડિગ્રી ધરનારા કેળવાયેલા ગણાતાના વલણ અને વર્તાવ જોઈએ, ને એની સામે આ અશિક્ષિત ડોશીના વર્તાવને ઊભો કરીએ તો શું દેખાય ? શિક્ષણ કોને કહેવું ? પરોપકારમાં શાબાશી શિખવાડે એ કે સ્વાર્થમાં શાબાશી શિખવાડે એ ? આજ કોઈ વિલાયત જાય કે કોઈ કારખાનું ખોલે એ શું છે ? સ્વાર્થનું કામ કે પરોપકાર માટેનું કાર્ય ? છતાં એને અભિનંદનો અપાય છે, ત્યારે દાન-શીલ-તપ વગેરેના સુકૃતોના અનુમોદન ક્યાં ?

ડોશીના બોલ પર જુવાનીયા ટટાર થયા, મંડ્યા 'કાકા ! હવે મોટો લહાવો આપ જ લો. જુઓ કાકી પણ એમાં જ ખુશી છે.'

કાકો કૃપણ નહોતો. ડોશીની સંમતિ જોઈ કહે છે, 'સારું લો એક હજાર આપી દઉં' ડોશીને બૂમ મારે છે 'આ સાંભળો છો ? આ આમને રકમ કાઢી આપો.'

જુવાનીયા પૂછે છે, 'કાકા ! આપનું નામ લખાવો.'

'કેમ શા માટે ભાઈ ?'

'શા માટે ? આપના નામ પર રકમ પહેલી લખીએ પછી કામ આગળ સારું ચાલે.'

ડોસો કહે છે, 'નામ નથી લખવાનું. આપણે પહેલા જ વાત થઈ છે. તમે કબૂલ્યું હતું કે ભલે નામ નહિ, એમ જ રકમ આપો.'

'અરે કાકા ! એ તો નાની રકમ માટે વાત હતી. આ તો તમે મોટી રકમ આપો છો, પાછું નામ નહિ ?'

'જુઓને ભાઈ ! નામથી શું વિશેષ છે ? શું પુણ્ય વધારે મળે ? ઊલટું



નામ વાહવાહના લોભમાં પુણ્યના લાભના ટકા કપાઈ જાય છે. હું રીસમાં નથી કહેતો. મારે નામ લખાવવાની જરૂર નથી. લખવું જ હોય તો 'એક ગૃહસ્થ તરફથી' એટલું જ લખજો. બાકી મારું નામ લખવું હોય તો મારે કંઈ આપવું નથી.'

જુવાનીઆઓએ મક્કમતા જોઈ નામ માટે આગ્રહ ન રાખ્યો. એટલામાં ડોશીએ સામેના બે પીપમાંથી એક પીપ ઉઘાડી જૂનું વપરાયેલું રજીસ્ટર્ડ કવર કાઢ્યું એમાંથી રૂપિયા એક હજારની નોટો કાઢીને આપી.

રૂપિયા લઈને એ ડોસાને પૂછે છે, "કાકા, ખોટું ન લાગે તો જરા પૂછવાનું મન થાય છે."

ડોસો કહે છે, "પૂછો પૂછો ખુશીથી પૂછો."

"એ તો એમ મુંઝવણ થાય છે કે એક બાજુ દિવાસળીનું બાક્સ જે માત્ર એક પૈસાનું આવે તે દસને બદલે ૪-૫ દિવસમાં પૂરું કેમ થયું એની રકઝક, તેમજ આટલા રૂપિયા રાખવા કોઈ પાકિટ કે બોક્સ પણ નહિ, ઘરમાં જૂના ગાદલા વગેરેથી ચલાવવાનું. એક બાજુ આવી બધી કૃપણતા, અને બીજી બાજુ કેસરીઆ દૂધથી સાધર્મી ભક્તિ સાથે જીવદયામાં ૫-૨૫ને બદલે એક હજાર રૂ. આપવાની મહાન ઉદારતા. આ શું ?"

જવાબમાં ડોસો પોતાની અનુભવવાણી આપે છે, "જુઓ નવજવાનો ! આ જેને તમે કૃપણતા કહો છો એ કૃપણતા નથી, કરકસર છે અને તમે જાણો છો આ કરકસરના યોગે જ પરમાર્થના કાર્યમાં ઉદારતા થઈ શકે છે ! **સ્વાર્થના કામમાં સાંકડા થઈએ તો પરોપકારના કામમાં પહોળા થઈ શકાય.** આજે તમારે જાતની જ સુખસગવડના ખર્ચ એટલા વધી ગયા કે પછી પરોપકારને ત્યાં જગા જ ક્યાંથી રહે ? શું ઓછા ખર્ચમાં જૂની કે સામાન્ય ચીજથી ચલાવીએ તો નથી ચાલતું ? બધું આપણા મન પર છે. મનને પરોપકારનું વ્યસન લાગી જાય, ને એમાંને એમાં જ રમ્યા કરે તો પછી સ્વાર્થની વાત વસ્તુ પર એને વિચાર કરવાની ફુરસદ જ ક્યાં છે ?"

**'કરકસરના લીધે પરોપકારની સુલભતાનો'** સુંદર બોધપાઠ મેળવી જુવાનીયા પ્રણામ કરીને ત્યાંથી ચાલ્યા. ત્યાં નીચે ઉતરતાં એજ માળાનો એક માનવી એમને આશ્ચર્ય પામતા જોઈ કહે છે, "અરે આટલામાં અચરિજ શું પામો ? એવું તો એ શ્રાવકજીમાં કેટલુંય છે. તમે બે પીપ જોયેલાને ? શું ભર્યું હશે એમાં ? એકમાં લાડવા ભર્યા છે. તે જ્યાં ક્યાંયથી સાંભળે કે અમુક સાધર્મી શ્રાવકને પૈસાની તંગી છે, ત્યાં ઝટ થાળીમાં લાડવા અને રૂપિયા મોકલી કહેવરાવે છે કે 'આ તો

આબુજીની કે શેત્રુંજાની યાત્રાએ ગયેલા, તેના છે' આવી છે એમની ગુપ્ત ઉદારતા..'' જુવાનીઆ સાંભળતાં વધારે ચકિત થઈ જાય છે ! બોલાઈ જાય છે, **'ધન્ય જીવન ! ધન્ય શ્રાવકપણું !'**

**''દિવ્ય-દર્શન'' - ''પ્રશ્ન-ઉત્તર'' વર્ષ-૫,અંક-૩,તા.૧૫-૧૦-૧૯૫૬**

**પ્રશ્ન : ભગવાનના અંગે વાળા-કુંચી ઘસવી યોગ્ય લાગે છે ?**

**ઉત્તર :** સવારમાં ઉઠીને પ્રભુ આગળ સુંદર ખુશબોદાર ધૂપના ગોટે ગોટા, સુંદર સુવાસથી મઘમઘતા વાસક્ષેપના ગુલાલની જેમ છંટકાવ, મઝેના ઝુમર કમાનોમાં ઘીના દીવાની હાર... ઈત્યાદિ તો બાજુએ રહ્યું, પણ સવારમાં ઉઠીને પાષાણના પ્રતિમાજીને ઓટલાની જેમ અને ધાતુના બિંબને લોટાની જેમ વાળા-કુંચીના કુચડા ઘસવા એ પ્રભુની કેટલી બધી વિટંબણા છે ? એ દૃશ્ય જ, વિચાર કરે એના માટે, કેટલું બધું બેહૂદું છે ! સગાં સ્નેહીના મોંઢા કે શરીર પર એજ વાળાકુંચી ઘસડપસડ કરી જુઓ તો ખરા ? ત્યારે શું પ્રતિમાજી એ ભગવાન નથી ? શું એને પત્થર કે ધાતુ સમજો છો ? અરે એવા કુચડા તો નહિ, પણ મુલાયમ કપડાથી સાફસુફી કરવી હોય, તો પણ તે કપડું બહુ બહુમાન અને કોમળતાથી અંગે લગાડવું જોઈએ. તો એ પૂજા સત્કાર કહેવાય. નહિતર ઘશડં પસડં કરવાથી તો ઊલટો અનાદર વિટંબણા કરી ગણાય, પૂજા નહિ !

બીજું એક નુકસાન જુઓ. આજે જમીન હેઠળથી કોઈ પંદરમી સોળમી સદી વગેરેના ધાતુના પ્રાચીન પ્રતિમાજી નીકળે તે જુઓ તો એ નાના પ્રતિમાજીમાં પણ આંખ, કાન, નાસિકા, હોઠ વગેરે સ્પષ્ટ અને અખંડ હશે. ત્યારે આજના આ વાળાકુંચીના ઘસડંપટ્ટીના ભોગ બનેલા કેટલાય ધાતુના પ્રતિમાજી જુઓ તો દેખાશે કે આખુંય મુખ માત્ર એક ગોળવા જેવું રહ્યું છે. એના પરથી આંખ નાક વગેરે ઘસાઈ એવા સાફ થઈ ગયા છે કે એના સ્થાન પણ મોં પર દેખાતા નથી. મને તો લાગે છે કે કદાચ ખૂણામાં જરાક કેસર રહી જાય તો જે આશાતના છે, તેના કરતાં કેટલાય ગુણી ઘોર આશાતના આ વાળાકુંચીના ઘસડં પસડંથી છે; કે જેનાથી ખુદ પ્રભુના અંગોનો નાશ થાય છે ! પહેલાં તો કેશરપોથાથી કેશર ઉતારી નાખ્યા પછી વાળાકુંચી વપરાતી. હવેના પૂજારીઓ તો કેશરપોથા વિના જ સીધી વાળાકુંચીથી જ પ્રભુને ઉટકી નાખે છે ! જૈનસંઘનો આ કેવો ઘોર પ્રમાદ કે પોતાના તરણતારણ દેવાધિદેવને પગારદાર પૂજારીઓના હાથે નાશ થવા સુધીની



વિટંબણા થવા દે !!! ખરી રીતે ઝીણી મલમલના અડધા એક વાર જેટલા કેશરપોથો પાણીથી લચબચ હોય અને પ્રભુના અંગે એનાથી કેશર ઉતારવાનું થાય તો કેશર સાફ થઈ જાય. મલમલ ઝીણી હોવાથી અને પાણી ભરી હોવાથી ખૂણામાંના કેશર પણ નીકળી જાય છે. કેશર એ ગુંદર થોડું જ છે ? જૈનસંઘની અવનતિમાં આ પ્રભુનો નાશ એ પણ એક પ્રબળ કારણ લાગે છે. વાળાકુંચીથી વિટંબણા કરવાનું સત્વર બંધ થવું ઘટે.

**''દિવ્ય-દર્શન'' - ''પ્રશ્ન-ઉત્તર'' વર્ષ-૫,અંક-૬,તા.૧-૧૨-૧૯૫૬**

**પ્રશ્ન : જૈન ધર્મ અને હિન્દુ ધર્મ એક અગર સમાન નથી ?**

**ઉત્તર :** ના, (૧) જૈન ધર્મ તો આ અવસર્પિણી યુગમાં શ્રી આદિનાથ તીર્થંકરે પહેલો ધર્મ તરીકે પ્રકાશ્યો. તે વખતે કોઈપણ ધર્મનું નામેય નહોતું. ત્યારે પહેલો ધર્મ જૈન ધર્મ સ્થપાયો. હિન્દુ ધર્મો તો પાછળથી નીકળ્યા. (૨) જૈન ધર્મ તીર્થંકર વીતરાગ પરમાત્માને ઈશ્વર માને છે, અને તે જગતના કર્તા નથી એમ કહે છે. બ્રહ્માને ઈશ્વર માનનાર હિન્દુ ધર્મ તો કહે છે કે બધું ઈશ્વર બનાવે છે. (૩) જૈન ધર્મના શાસ્ત્રો દ્વાદશાંગી આગમ વગેરે છે. હિન્દુઓના શાસ્ત્ર વેદ સ્મૃતિ વગેરે છે. (૪) જૈન ધર્મમાં ધાર્મિક આચારો-અનુષ્ઠાનો પણ જુદા છે. આમ શાસ્ત્રો, ઈશ્વર, ધર્મની ઉત્પત્તિ, ધર્મના આચાર વગેરેમાં તદ્દન જુદાઈ હોવાથી જૈન ધર્મને અને હિન્દુ ધર્મ એક અગર સમાન કહી જ ન શકાય. આત્માનું અસ્તિત્વ માનવાની દૃષ્ટિએ સમાનતા કહી શકાય.

**પ્ર. : જૈન ધર્મમાં આજની મૂર્તિપૂજા હિન્દુઓના હિસાબે ઘૂસી ગઈ નથી લાગતી ?**

ઉ. : એટલે તમારે શું એમ કહેવું છે કે આજની મૂર્તિપૂજા અશાસ્ત્રીય અને વધારે પડતી હોવાથી નકામી છે ? જૈન ધર્મથી વિરુદ્ધ છે ? તે શું બંધ કરી દેવી ? પહેલી વાત તો એ સમજો કે મૂર્તિપૂજા એ કોઈ માનવના ક્રમિક વિકાસ પર માનવે નિપજાવેલી ક્રમિક વસ્તુ નથી. જૈન ધર્મમાં તો ખુદ સર્વજ્ઞ ભગવાને જ પરમાત્મા કે ગુરુના ભાવનિક્ષેપાની જેમ નામ સ્થાપનાદિ નિક્ષેપાને પણ આરાધ્ય ઉપાસ્ય તરીકે ફરમાવેલ છે. એમણે જ મૂર્તિપૂજાનું વિધાન કર્યું છે; પુષ્પાદિ પૂજા એમણે જ વિહિત કરી છે. એમાં એટલું છે કે ભવભીરુ, ગીતાર્થ આચાર્યોએ તે તે દેશકાળાદિ અનુસારે એની વિશેષ વિધિ પ્રગટાવવામાં જૈન ધર્મની રક્ષા-પ્રભાવના

જોઈ, તો એ પ્રગટાવી. દા.ત. ઈતર લોકોમાં સંગીતમય રાસ, આખ્યાન વગેરે જોરદાર ચાલ્યા, ત્યારે આપણા તે તે કાળના શાસન ધુરંધર શ્રમણ ભગવંતોએ જોયું કે એમાં જૈનો આકર્ષાઈ કાંક્ષા દૂષણાદિમાં પડી જાય નહિ, માટે સંગીતબદ્ધ સત્તર ભેદી પૂજા, નવપદજી પૂજા વગેરે પૂજાઓ રચી, એ પૂજા ભણાવવાનું શરૂ થયું. એમાં એક લાભ એ થયો કે જ્યાં ગામ શહેરોમાં હાલ મુનિઓના સમાગમ ઓછા રહ્યા, ત્યાં પણ ધર્મ-ભાવનાની રક્ષા રહી, ધર્મની પ્રવૃત્તિ રહી; તો ધર્મ ટક્યો. એવી મૂર્તિ અગર પૂજા જ્યાં નહોતા ત્યાં કોઈ લોક વૈષ્ણવ, મોઢ, લિંગાયત, સ્થાનકવાસી વગેરે બની ગયા. બાકી દરેક વસ્તુ માટે મૂળ આગમના અક્ષર મળે છે કે નહિ એટલું જ માત્ર ન જોવાય. ભવભીરુ અને શાસ્ત્રજ્ઞ આચાર્ય ભગવંતોની શાસ્ત્રને અ-વિરુદ્ધ એવી આચરણા એ પણ ત્રણ પરંપરા ચાલીને શાસ્ત્ર જેવી જ પ્રામાણિક બને છે. એના મૂળ આગમઆજ્ઞામાં પડેલા હોય છે. એવી તો કેટલીય બાબતો છે જેનો ઉલ્લેખ મૂળ આગમમાં અગર નિર્યુક્તિ ભાષ્યમાં પણ નહિ મળે. છતાં એ જોવું જોઈએ કે પાછળથી એના ઉલ્લેખ કોણે કર્યા, એમાં શા ગૌરવ લાઘવ બતાવ્યા, અને એના પરિણામે લોકમાં ધર્મવૃદ્ધિ કે ધર્મ-રક્ષા થઈ કે નહિ ? મૂર્તિપૂજા એટલે કે દ્રવ્યસ્તવના ઉપર પંચાશકજીમાં શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે મોટો વિચાર કરી બતાવ્યો છે અને ગૃહસ્થને એની ખાસ અનિવાર્યતા બતાવી છે અને ગૃહસ્થને એની ખાસ અનિવાર્યતા બતાવી છે. શું આવા ધુરંધર શાસ્ત્રકાર જૈનાચાર્યને નવું ઘૂસેડનારા અને હિન્દુઓનું અનુકરણ કરનારા કહીશું ? આજે ચાલતી અષ્ટપ્રકારી પૂજા-વિધિ, તેમ સત્તર એકવીસ પ્રકારી પૂજા વગેરેએ પ્રમાદી અને આરંભ-પરિગ્રહમાં ફસાયેલા લોકમાં પણ જિનભક્તિ, દાન, પાપ-યોગના આશ્રવમાંથી અંશે નિવૃત્તિ, ભાવોલ્લાસ જૈન ધર્મશ્રદ્ધા વગેરેને સારા ટકાવ્યા છે, વધાર્યા છે. અશઠ આચાર્યોએ માન્ય કરેલી પરંપરા છે, શાસ્ત્રને પ્રતિકૂળ નથી. એને વધારે પડતી કેમ કહેવાય ? હા, એ પૂજાના નામે પૂજારીઓ અને પગારદાર ભોજકોના હાથમાં બધું કરવાનું મૂક્યું તે અનિચ્છનીય છે. કેમ કે એ લોકોને આંતર બહુમાન ન હોવાથી આશાતના અનાદર કરે છે; એ શાસ્ત્રવિરુદ્ધ કહી શકાય. બાકી શ્રાવકો જિનભક્તિથી પ્રેરાઈને જિન-પ્રતિમાના નિરંતર અભિષેકાદિ પૂજન કરે તેમાં એમના આત્માનું એકાંતે કલ્યાણ છે.





## એક ભાઈનો બહેન ઉપરનો મનનીય પત્ર

**પ્રિય બહેન,** **તા. ૮-૮-૫૫**

તારો પત્ર મળ્યો. તેં જીવન-સુખના વિષયમાં જે લખ્યું હતું તે આજે હું તને સમજાવવાનો પ્રયત્ન કરું છું. સમજવા માટે બહાર જવાની જરૂર નથી; આપણા ઘરની જ પરિસ્થિતિ પર જો તું વિચાર કરીશ, તો તારી આંખ સામે સુખ-દુઃખ બધું આવી ઊભું રહેશે.

માતાજીને પૂછવું કે 'જ્યારથી તમે વિવાહ કર્યો ત્યારથી આજ સુધી તમને જીવનમાં શું સુખ મળ્યું ?'

તારા મનમાં એ હશે કે સ્ત્રીઓ વિવાહ કરીને સુખ જ પામે છે, પણ એ બરોબર નથી. જો તું કોઈપણ સ્ત્રીને પૂછીશ કે 'તમે સુખી છો ?' તો તે કંઈક ને કંઈક દુઃખ તો અવશ્ય બતાવશે. જેમ, કોઈ સ્ત્રીને પતિ ચાહતો હશે નહિ, કોઈની સાસુ લડતી હશે, કોઈને સારાં કપડાં મળતાં હશે નહિ, કોઈને ગધેડાની માફક કામ કરવું પડતું હશે, કોઈને પેટ ભરીને ખાવા મળતું હશે નહિ, તો કોઈ પાસે બીમારીમાં દવા લાવવા માટે પૈસા હશે નહીં વગેરે, વગેરે.

હવે કહે કે તું આવું જીવન પસંદ કરીશ ?

મનમાં વિચાર કર, ચંદનબાળા, સીતા, બ્રાહ્મી, સુન્દરી મૃગાવતી, વગેરે જે સ્ત્રીઓ ભૂતકાળમાં થઈ ગઈ છે તે બધી રાજકુળની હોવા છતાં સંસારના સુખને પોતાનું દુઃખ માની તેઓએ તેનો ત્યાગ કર્યો હતો.

**તું દીક્ષા લઈ લે, એવું હું નથી કહેતો, પરંતુ જીવન પર વિચાર કર કે "હું કોણ હતી ? ક્યાંથી આવી ? કેટલો કાળ હું અહીં રહીશ ? હું કોની છું ? મારું કોણ છે ? અહીંથી હું ક્યાં જઈશ ? મારા બધા સગાંઓ સાથે આવશે ?"**

જો તું મને પૂછીશ કે, "તમે શું કરશો ?" તો તેના જવાબમાં હું કહીશ કે 'સમય આવશે (પાકશે) ત્યારે બધું બતાવીશ. સમયના પરિપાક વિના કાર્ય થતું નથી. હું જાણું છું કે હું આજે જો એકદમ સંસારત્યાગની તૈયારી કરું તો બાને દુઃખ થશે. બાને હું સમજાવીશ અને તે જો સંમત (ખુશી) થશે તો હું અવશ્ય દીક્ષા માટે પ્રયત્ન કરીશ. કદાચ કર્મોદયથી સંસાર ત્યાગ ન કરી શક્યો તો આ જીવન પશ્ચાત્તાપનાં આસું વહાવીશ.'

આપણા સમાજમાં આવો પત્ર પ્રથમ જ છે કે જે એક ભાઈએ પોતાની

બહેનને લખ્યો હોય. હું જાણું છું કે કોઈ પણ ભાઈ પોતાની બહેનને આવો પત્ર ન લખે !

તું મનમાં વિચાર કે પુણ્યોદયથી આપણને કેવા સારા પિતા મળ્યા છે. એમણે તો આપણને નાની અવસ્થામાં જ વૈરાગ્ય પાઠ શીખવ્યો છે.

ગામમાં આપણું ઘર નથી, પરદેશમાં રહેવાનું સાધન નથી, આપણી પાસે કોઈ કલા (હુન્નર) પણ નથી. (કે જેથી જીવનનિર્વાહ થાય.)

અહીં જ્યારે જ્યારે હું મારા જીવન પર વિચાર કરું છું ત્યારે ત્યારે એવું લાગે છે કે સવાર પછી મધ્યાન્હ, તે પછી સંધ્યાકાળ પછી રાત્રિ (એક પછી એક આવી જ રહ્યાં છે) આવી જ રીતે જન્મ, યુવાની, ઘડપણ અને મૃત્યુ... છે. મહાન પુણ્ય પછી આ મનુષ્ય જન્મ મળ્યો છે. થોડી ભૂલ કરીને જીવનને વ્યર્થ ગુમાવવું એ તો મૂર્ખનું કામ છે.

આ બધું સમજવાનું પ્રયત્ન કરજે, ન સમજમાં આવે તો સાધ્વીજી મ. પાસેથી સમજજે.

આમ પત્ર બીજાઓને બતાવીશ નહીં. એક મહિના પછી હું જરૂર આવીશ.

મને આશા છે કે તું (આ દિશામાં) જરૂર પ્રયત્ન કરીશ.

**જયજિનેન્દ્ર (તારો ભાઈ.)**

## પૈસાની દુર્ગંધ

એક નગરમાં બહાર ઉદ્યાને કોઈ યોગી આવ્યા. લોકને જેમ જેમ ખબર પડવા લાગી તેમ તેમ દર્શન-વંદન કરવા એમની પાસે જવા લાગ્યું. યોગી પાસે દુનિયાની લપછપ નહિ. પાછું એમનું તેજ ભારે ! બ્રહ્મચર્યની કાન્તિ, સમતાભાવનું લાવણ્ય, વૈરાગ્યની પ્રેરક વાણી,-ઈત્યાદિએ જનતાને સારી આકર્ષી. યોગી પાસેથી ભવ્ય જીવો સત્ય અને નીતિની, અહિંસા અને સદાચારની, પ્રભુનો જાપ અને ભક્તિની, અભક્ષ્ય અને રાત્રિભોજનના ત્યાગની એમ જુદી જુદી અનેક પ્રતિજ્ઞાઓની લહાણી લેતું ગયું. **આર્ય માનવ અંદરખાને કોઈ આવી જ પવિત્ર વસ્તુનું ભૂખ્યું છે. ભૂખને જગાડનાર અને સંતોષનાર જોઈએ.**

હવે નગરમાં યોગીનો મહિમા વધતાં વધતાં ઠેઠ રાજા પાસે પહોંચ્યો. રાજાના મનમાં યોગી માટે માન ઉત્પન્ન થયું. એ આવ્યો યોગી પાસે જુઓ, મોટો રાજા પણ યોગીની સામે પોતે ગયો. કેમ વારું ? **આધ્યાત્મિક લાભો શેઠ બનવાથી નથી મળતા, સેવક બનવાથી મળે છે.** રાજાએ જોયું તો યોગી ધ્યાનમાં છે, માનવના



અંદરના આત્માનું તેજ અને મૂલ્ય વિકસાવનાર કોઈ હોય તો જ્ઞાન, ધ્યાન અને ત્યાગ-તપ છે. રાજા ઊભો રહ્યો. યોગીએ ધ્યાન પાર્યું એટલે રાજા ચરણમાં ઝૂકી પ્રણામ કરે છે. યોગી રાજાને ધર્મની આશીષ દે છે. દેવ અને ગુરુનું દર્શન ખાલી હાથે કરાય નહિ. એ નિયમ મુજબ રાજા ખોબો ભરીને સોનામહોરો યોગીની આગળ ઢગલો કરે છે.

યોગી તરત જ નાક મચકોડી મોં બીજી બાજુ ફેરવી નાખે છે.

રાજા પૂછે છે : "અરે ! આપ એમ કેમ કરો છો ?"

યોગી કહે છે : "મને આની દુર્ગંધ આવે છે."

"દુર્ગંધ ? દુર્ગંધ તો નરકની હોય કે પૈસાની ? તો મને તો કંઈ દુર્ગંધ નથી આવતી !"

"તને ન આવે એ બનવાજોગ છે. અમને તો ભારે દુર્ગંધ લાગે છે."

"તે એમ આપ કહો તેટલા માત્રથી ન માનું, મને દેખાડવી પડશે."

"એ આગ્રહ ન રાખ. એમાં તારું કામ નહિ."

"ના, મારે તે જોવી છે. નહિતર તમે એમ કહો કે એ તો મને ખાલી સમજાવવા કહ્યું હતું."

યોગીએ જોયું કે આ રાજહઠ છે. જો વાત પડતી મૂકશું તો ઊંધો અર્થ કરશે. રાજાને કહે છે, 'કાલે સવારે આવજે, દેખાડીશ.'

રાજા ત્યાંથી ઉઠ્યો, ભારે કૌતુક મનમાં લેતો ગયો એવું કે એ રાતના ઉંઘ પણ બરાબર ન આવી. મનમાં થયા કર્યું કે પૈસાની દુર્ગંધ તે વળી કેવીક હોતી હશે અને મને કેવી રીતે બતાવશે ?

સવાર પડતાં વહેલો ઊઠી આવશ્યક કાર્ય પતાવી પહોંચ્યો યોગી પાસે. યોગી કહે છે, 'ચાલ મારી સાથે.' રાજા ચાલ્યો સાથે. મનમાં થાય છે ક્યાં લઈ જશે ? પૈસાની દુર્ગંધ હોય તો અહીં જ ન બતાવાય ? ખેર, ચાલો જોઈએ છીએ શું કરે છે.

ચાલતાં ચાલતાં પહોંચ્યા ચમારવાડે. એક ઢેડના ઘર આંગણે આવી ઊભા. ત્યાં અંદર મરેલા ઢોરના ચામડા ખારમાં પલળતા હતા. તેની બદબો એટલી ઉગ્ર પથરાયેલી કે એમાં રાજાને તો ચક્કર આવવા જેવું લાગ્યું નાક અને મોંઢે ડૂચો મારી દે છે.

યોગીને કહે છે, 'આ તમે ક્યાં લાવ્યા ?'

એટલામાં ભંગીની છોકરી હસતી ખીલતી બહાર નીકળી આવે છે.

યોગી કહે છે, 'દેખ આ છોકરીએ તારી જેમ નાકે ડૂચો માર્યો છે ?'

'ના, મહારાજ' રાજા નમ્રતાથી ઉત્તર દે છે.

'કેમ નહિ ? શું એને નાક નથી ?'

'નાક તો છે બાપજી, પરંતુ એ આ દુર્ગંધમાં ટેવાઈ ગઈ છે. તેથી એને દુર્ગંધ, દુર્ગંધ તરીકે લાગતી જ નથી.'

યોગી હવે રાજાને પકડે છે, 'એમ ? તો જુઓ, તમે લોકો પણ પૈસાની દુર્ગંધમાં ટેવાઈ ગયા છો, તેથી એ દુર્ગંધ દુર્ગંધ તરીકે લાગતી નથી. બાકી મને એની ટેવ નથી તેથી દુર્ગંધ લાગે એમાં શી નવાઈ ? અને તને એ દુર્ગંધ શી રીતે બતાવી શકું ? બાકી પૈસા તો એવી ગંદી વસ્તુ છે કે એની પાછળ મોટી લડાઈઓ, ઝગડા-ટંટા વગેરે ભારે તોફાનો જાગે છે.'

રાજા સમજી ગયો. યોગીને પ્રણામ કરીને પાછો વળ્યો. મનમાં પૈસાની દુર્ગંધ વિચારી એના મોહથી છૂટવા અનેક પરમાર્થના સુકૃતો અને અંતે સર્વત્યાગના માર્ગની ઝંખના કરતો ચાલ્યો.

"દિવ્ય-દર્શન" - **"વચનામૃત"** વર્ષ-૫,અંક-૮,તા.૧-૧-૧૯૫૭

- સંયોગજન્ય સુખ ક્ષણિક, પરાધીન અને પરિણામે મહાદુઃખજનક છે; જેમકે, ખસ-ખરજવામાં ખણવાના યોગે થતું સુખ.
- ખાવા-ભોગવવામાં સુખ માને તે તો જગત; જૈન તો ખાવા-ભોગવવામાંથી ફારેગ થવામાં સુખ માને.
- વર્તમાનમાં તો નહિ, કિન્તુ ભવિષ્યમાં પણ કોઈ ખૂણામાંય સંસાર દૂબળો ન પડે, એવી યોજના સંસારાભિનંદી જીવની ચાલુ હોય છે. અઢાર પાપસ્થાનક એ સંસારના ખૂણા છે, એમાંના દરેક ખૂણામાં એ જીવ નિષ્ણાત અને નિશ્ચિન્તપણે રમનારો હોય છે.
- જ્ઞાન-દર્શન-ચારિત્ર-એ રસાયણ છે, ભવનિર્વેદ અને માર્ગાનુસારિપણું એ કોઠાની શુદ્ધિ છે. કોઠાની શુદ્ધિ કર્યા ઉપરનું રસાયણ મહાન લાભદાયી બને છે.
- વિષયો ગમે છે ? તો વિરાગ ક્યાંથી ગમે ? ત્યારે વિરાગ વિના ભવ પણ ક્યાંથી કટે ? માટે વિષયોને અળખામણા કરો.
- કષાય-ગ્રસ્ત આત્માને ઉપશમના ફાંફા. ત્યારે ઉપશમ વિના ભવ ક્યાંથી કપાય ? માટે ભવ ઓછા કરવા હોય તો કષાયથી ગભરાઈ દૂર ભાગો.
- માર્ગાનુસારિ ગુણો આત્માને કૂણો અને મુલાયમ બનાવે છે અને સમજી રાખો કે ઉન્નતિનો પહેલો પાયો કૂણાશ અને કોમળતા છે.



"દિવ્ય-દર્શન" - **"વચનામૃત"** વર્ષ-૫,અંક-૯,તા.૧૫-૧-૧૯૫૭

- દાન એ પરિગ્રહ-સંજ્ઞાને તોડવા માટે છે. શીલ એ વિષય-સંજ્ઞાને ઉખેડવા માટે છે. તપ એ આહાર-સંજ્ઞાને કાપવા માટે છે. ભાવ એ સર્વ ભય સંજ્ઞાનો નાશ કરવા માટે છે. તો (૧) દાન વગેરે કરતાં એ સંજ્ઞાઓ તૂટતી જાય છે ને, એ જુઓ. તેમ (૨) સંજ્ઞાઓ તોડવી હોય તો દાનાદિ જરૂર કરો.
- દાન કરો ઉદાર બનવા. શીલ પાળો સદાચારી થવા, તપ આચરો નિરીહ અને સહિષ્ણુ થવા, ભાવના ભાવો મનને પવિત્ર થવા.
- ગુણનો પક્ષપાત હોય એટલે સ્વ પરના ગુણને હલકો પડતો સામો સાંખી જ નહિ શકે.
- અરિહંત ઉપરની સાચી ભક્તિ રંગરાગમાં ઝળક ઓછી કરાવે છે, જેટલા પ્રમાણમાં સંસારના પ્રસંગોમાં ઝળક વધારે છે તેટલી પ્રભુભક્તિમાં લુખાઈ આવે એ સહજ છે.

"દિવ્ય-દર્શન" - **"વચનામૃત"** વર્ષ-૫,અંક-૧૨,તા.૧-૩-૧૯૫૭

- **વિષયોનો સાર સાર ખાનારા ચારિત્રના છોડા ચાખે છે.**
- **વિષયોના છોડા ખાનારા ચારિત્રના સારને આસ્વાદે છે.**
- **વિષયો જેને બાળે, તેને વિરતિ ઠારે. અનુકૂળ વિષયોમાં હૃદયને જો એની ઉની આંચ પણ લાગતી નથી, તો પછી વિરતિમાં ઠંડક ક્યાંથી અનુભવાશે ?**

"દિવ્ય-દર્શન" - **"બાળકોને યોગ્ય પ્રશ્ન-ઉત્તર"** વર્ષ-૫,અંક-૧૨,તા.૧-૩-૧૯૫૭

**પ્રશ્ન : જૈન એટલે ?**

**ઉત્તર :** જૈન એટલે જિન સંબંધી. દા.ત. જૈન ધર્મ એટલે જિન સંબંધી ધર્મ

અર્થાત્ શ્રી જિનેશ્વર દેવે ફરમાવેલો ધર્મ. જૈન મનુષ્ય એટલે જિનનો અનુયાયી. જિનને જ દેવાધિદેવ પરમાત્મા માનનારો મનુષ્ય. જૈન મંદિર એટલે પરમાત્મા તરીકે જિનેશ્વર દેવની જ મૂર્તિવાળુ મંદિર.

**પ્રશ્ન : જિન, જિનેશ્વર દેવ કોને કહેવાય ?**

**ઉત્તર :** જિન શબ્દનો સામાન્ય અર્થ 'રાગ દ્વેષને જીતી લેનાર'-એવો થાય. એમાં ઈશ્વર તે જિનેશ્વર અર્થાત્ જિનોમાં આગળ પડતા મુખ્ય સંચાલક તીર્થંકર ભગવાન. જિનેન્દ્ર, જિનપતિ, વગેરે શબ્દોનો પણ એજ ભાવ છે. માત્ર જિનશબ્દ પણ જિનેશ્વર દેવ માટે વપરાય છે. ત્યાં જિન ભગવાન=તીર્થંકર પ્રભુ.

**પ્રશ્ન : અરિહંત એટલે ?**

**ઉત્તર :** અહીં ખાસ સમજવાનું છે કે રાગદ્વેષરૂપી અરિને હણનારા તે અરિહંત એવો અર્થ કરાય છે. પરંતુ તો તો બીજા કેવળજ્ઞાની મહર્ષિઓ પણ અરિહંત કહેવાશે. જયારે, અરિહંત તો તીર્થંકર પ્રભુને કહેવામાં આવે છે, માટે અરિહંત શબ્દમાં આવેલ **'અરિહંત'**=લાયક હોવું; પાત્ર બનવું; એ પરથી **'અરિહંત'**=ચામર-ભામંડલાદિ આઠ પ્રાતિહાર્યની દિવ્ય પૂજાને પાત્ર બનનારા. - એવો અર્થ લેવો. એવા તો તીર્થંકર પ્રભુ જ હોય છે.

**પ્રશ્ન : આઠ પ્રાતિહાર્ય કોને કહેવાય છે ?**

**ઉત્તર :** તીર્થંકર દેવને જ્યારે મોહનીય કર્મનો સર્વથા નાશ થઈ વીતરાગતા અને પછી કેવળજ્ઞાન પ્રગટે છે, તે વખતે તીર્થંકર નામ કર્મનું પુણ્ય ઉદય પામે છે. તેથી દેવતાઈ આઠ અલૌકિક શોભાઓ ઊભી થાય છે. ૧. પ્રભુને બેસવાનું રત્નમય સિંહાસન, ૨. બે બાજુ વીંજાતા ચામર, ૩. મસ્તક પાછળ સૂર્ય જેવું ચળકતું પરંતુ દર્શનીય તેજોમય ચક્ર, ૪. મસ્તક પર આકાશમાં ઉપરાપર સફેદ ત્રણ છત્ર, ૫. અશોક વૃક્ષ, ૬. પુષ્પ વૃષ્ટિ, ૭. દિવ્ય ધ્વનિ, ૮. દેવદુંદુભિ.

**પ્રશ્ન : 'નમો અરિહંતાણ'નો અર્થ અરિહંતને નમસ્કાર થાઓ-એવો અર્થ બરાબર છે ?**

**ઉત્તર :** ના, એમાં 'થાઓ' માટેનો શબ્દ 'અસ્તુ' **'અત્થુ'** ક્યાં છે ? દા.ત. નમોઽસ્તુ વર્ધમાનાય, નમોઽત્થુણં અરિહંતાણં. માટે અહીં તો 'હું અરિહંત ભગવંતોને નમું છું,' એવી સીધી વર્તમાન નમસ્કારની ક્રિયાનો અર્થ લેવાનો છે.

**પ્રશ્ન : બધા ધર્મો સરખા ખરા કે નહિ ?**

**ઉત્તર :** ધર્મો એટલે કોણ, અને સરખા એટલે શું ? જો ધર્મો એટલે જ્યાં ક્યાંય 'સર્વજ્ઞ-વીતરાગ પ્રભુએ ફરમાવેલો મોક્ષમાર્ગ,' તો તે સરખા જ હોય. જો



કહો કે ધર્મ એટલે અજ્ઞાની-થોડા જ્ઞાની-જરા વધારે જ્ઞાની... યાવત્ મહાજ્ઞાની એવા ગમે તેણે કરેલા ઉપદેશ, તો એ બધા સરખા ક્યાંથી હોય ? અજ્ઞાનીના અને જ્ઞાનીના કથનમાં ફરક પડવાનો જ. કુંભારનું ઘડેલું માટીનું પુતળું અને મોટા શિલ્પીની ઘડેલી મહાન પ્રતિમા-બેમાં મોટો ફેર રહેવાનો. આમ છતાં ગોળ અને ખોળ સરખા ગણે તેને ડાહ્યો ગણવો કે મૂઢ ?

**પ્રશ્ન : છતાં આપણે તો બધા પ્રત્યે સમભાવ રાખવો જોઈએ ને ?**

**ઉત્તર :** સમભાવ એટલે સમપણાનો ભાવ, અર્થાત્ 'ધર્મો બધા સરખા' અથવા 'બધા ઊંચા કે બધા જ નીચા એવો ભાવ' એ સમભાવ. તમે જ કહો આવો ભાવ રખાય? એટલું છે કે નીચા કે નકલી ધર્મવાળાની નિંદા ન કરાય, એનો તિરસ્કાર એના પ્રત્યે દ્વેષ-વૈરભાવ ન રખાય. પણ એને ઊંચાની સમાન કેમ ગણાય ? હીરો અને કાચ સમાન કેમ મનાય ? દુનિયામાં નામ સરખા છતાં જુઓને શેઠ શેઠમાં, નોકર નોકરમાં, પુત્ર પુત્રમાં, માતા માતામાં, પત્ની પત્નીમાં કેવાક ફેર હોય છે ? એવું ધર્મમાં સમજવું.

### "દિવ્ય-દર્શન" - **"સુવાક્ય"** વર્ષ-૫,અંક-૧૨,તા.૧-૩-૧૯૫૭

જમવું એ જિનાજ્ઞાનું પાલન નહીં, પરંતુ જમતા બોલવું નહિ એ જિનાજ્ઞાનું પાલન. પૈસા લાવવા એ જિનાજ્ઞાનું પાલન નહિ, પણ પૈસા નીતિથી લાવવામાં નીતિ જિનાજ્ઞાનું પાલન. સંસાર વ્યવહાર કરવો એ જિનાજ્ઞાનું પાલન નહિ, પણ જેમ બને તેમ સંસારને મર્યાદિત કરવો તે જિનાજ્ઞાનું પાલન !

ભગવાન શ્રી જિનેશ્વરદેવની એક પણ આજ્ઞાની કે એક પણ અક્ષરની અવગણના કરનારાઓ સ્વયંમેવ શાસનનો દ્રોહ કરનારા છે. આવાઓથી શાસન રક્ષાની આશા રાખવી એ આકાશકુસુમ જેવું છે.

### "દિવ્ય-દર્શન" - **"વચનામૃત"** વર્ષ-૫,અંક-૧૩,તા.૧૫-૩-૧૯૫૭

- શિષ્ય એટલે શાસન ઝીલવાની તૈયારીવાળો,.
- પોતાની પ્રશંસા બીજા કરે ત્યાં જો સાવધગીરી ન રહે તો ગુણનું છૂપા રૂપમાં લિલામ થાય.

• ગુણને સાચવવાનો ઉદ્યમ ગુણના પક્ષપાતથી થાય છે. જેમકે, ધનાદિને રક્ષવાનું તેના પક્ષ-મોહથી બને છે તો ગુણને સાચવવા-મેળવવા ગુણના ખૂબ પક્ષપાતી બનો.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૫,અંક-૧૪,તા.૧-૪-૧૯૫૭

## સુપાત્રદાનના મહાપ્રભાવ પર વાર્તા...

દાન દાનમાં ફરક છે. જે દાનની પાછળ માત્ર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની જ તૃષ્ટિપુષ્ટિ થાય છે, એ દાન સુપાત્ર દાન છે. એવું મુનિની ભક્તિ કરવામાં છે. મુનિ પોતાના જીવનમાં એકલી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના અને વૃદ્ધિ કર્યે જાય છે, તેમજ પોતાના સમાગમમાં આવનારને પણ એની પ્રાપ્તિ કરી આપે છે. એથી મહાન લાભ એ થાય કે વીતરાગ પરમાત્મા શ્રી અરિહંત દેવ પ્રત્યે ભક્તિ બહુમાન વધે છે, ને એમની પવિત્ર આજ્ઞા જીવનમાં ઉતારવાનું બનતાં આત્મામાંથી હિંસા-જૂઠ-ચોરી, મદ-મત્સર-માયા, આહાર-વિષય-પરિગ્રહની લોલુપતા, કામ-ક્રોધ-લોભ વગેરે દોષો ઘટતા આવે છે. એથી જાતે તો સુખી થવાય જ છે અને જગતને પણ આવા ગુણીયલ જીવોના નિમિત્તથી રાહત મળે છે. સુપાત્ર દાનના આ ફળ છે. એથી ઊલટું કુપાત્ર દાનથી પાપ પોષાય છે, આના પર એક પ્રસંગ જુઓ.

રાજા શ્રેણિકનો પુત્ર **નંદિષેણ** એક વાર નગર બહાર ઉદ્યાનમાં ફરવા જાય છે, ત્યાં તાપસોના આશ્રમમાં એક નાનો હાથી તોફાન કર્યા કરતો; તાપસોને ગાંઠતો નહિ. પણ રાજપુત્ર નંદિષેણ ત્યાં જઈને ઊભો કે એને જોતાં હાથી ઠંડોગાર થઈ ગયો; આવીને એના પગ આગળ પડ્યો. બડા તોફાની એવા પણ હાથીને નંદિષેણ પર કુદરતી પ્રેમ ઉભરાઈ આવ્યો ! શું કારણ ? કારણ પૂર્વ ભવનો સંબંધ હતો. છતાં આ ભવે એક મહાન રાજવી મનુષ્ય ! અને બીજો હાથી પશુ !

પૂર્વ ભવે આ હાથી એક બ્રાહ્મણ હતો. પાસે પૈસા ઠીક હતા. કોઈ પ્રસંગે એને વિચાર થયો કે બ્રાહ્મણોની ભક્તિ કરું તો મને બહુ પુણ્ય મળે. એટલે એણે એક મોટો ભોજન સમારંભ યોજ્યો અને ઘણા બ્રાહ્મણોને જમવા નોતર્યા. પણ એમાં કોઈ વ્યવસ્થા કરનાર જોઈએ ને ? તે એને મળી ગયો નંદિષેણનો જીવ ! કેમકે આ કાંઈ શ્રીમંત નહોતો; એટલે આને નોકરીની જરૂર હતી.

બ્રાહ્મણે કહ્યું, "જો ભાઈ ! આ કામ તારે સંભાળવાનું છે. તું અહીં પીરસવા



કરવાનું કરજે. મહેનતાણામાં ચોક્ખી રસોઈ જેટલી વધે તેટલી તારી."

આ તો શ્રાવક ખરો ને ? તે વિચારે છે, "આ ઠીક છે. જો પૈસા મળે તો કાંઈ એમાંથી પૂરેપુરું સુપાત્રદાન ન થઈ શકે. કેમકે એનાથી કાંઈ સાધુ મહારાજ માટે બનાવાય નહિ. એમને એવું ખપે નહિ. ત્યારે પોતાના માટે બનાવ્યું હોય એમાંથી તો જરા જેટલું જ મુનિ વહોરે. એ તો બહુ થોડાનો લાભ છે, આવો અવસર ફરી ફરી ક્યાંથી મળે ? અને મારે પોતાને મહેનતાણું તો જોઈએ જ છે. બાકી જોઈએ શું ? એક માત્ર પેટ ભરવાનું. તે તો અહીં થવાનું જ છે."

જુઓ આ આર્યદેશનો મહિમા ! બંનેને ભાવના સ્વાર્થની નહિ પણ પરમાર્થની જાગી, 'અમને અમારા પુણ્ય અને અમારી મહેનતથી મળેલું અમે ભોગવીએ એમાં પશુ કરતાં અમે શું વિશેષ કર્યું ? એ તો બીજાના ઉપયોગમાં એને લાવીએ, અર્થાત્ પરમાર્થના કાર્યમાં એ ખરચીએ તો માનવતા જીવ્યા કહેવાઈએ,'- આ દિલ બંનેના હતા.

આજે તો પરમાર્થ ભૂલીને સ્વાર્થના દિલ અને વિલાસ બહુ વધી ગયા. **જાત જાતની ફેશનો, ભાત ભાતની સગવડો, તરેહ તરેહના શોખ-ઈત્યાદિ બધામાં રચ્યો પચ્યો રહેનારા આજના જીવ પાસે પરમાર્થ કરવા પૈસા ય ક્યાં છે અને સમય પણ ક્યાં છે ? પછી આમાં પુણ્યનું દેવાળું જ નીકળે કે બીજું કાંઈ ?**

પેલા બ્રાહ્મણને ત્યાં જમણવાર પત્યો. હવે જે પકવાન્ન વગેરે રસોઈ વધી, તે નોકર શ્રાવકની માલિકીની થઈ. એટલે એ શહેરમાં ફરી વળ્યો. મુનિ મહારાજાઓને 'આ નિર્દોષ છે ગરીબને લાભ આપો તો મારા આત્માનો ઉદ્ધાર થાય'-વગેરે વિનંતિ આગ્રહ પૂર્વક કરી વહોરવા તેડી લાવ્યો અને ખૂબ ઉછળતા ભાવોલ્લાસે વહોરાવ્યું. 'અહો ! કેવો અપૂર્વ લાભ મને મળ્યો ! આમ તો અન્ન માટી થવાનું હતું, તે મહાત્માને કોઠે પડી જ્ઞાન ધ્યાન ચારિત્રમાં સહાયક બન્યું !' વગેરે અનુમોદનામાં ચઢી અપૂર્વ પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જ્યું. બ્રાહ્મણે પણ ગૃહસ્થ વિપ્ર-ભક્તિથી પુણ્ય તો ઉપાર્જ્યું પણ બહુ કઢંગુ ! કેવી રીતે ?

**હાથી અને રાજપુત્ર :** બ્રાહ્મણ મરીને તપોવનમાં સેચનક હાથી થયો. પેલો મરીને રાજા શ્રેણિકનો પુત્ર નંદિષેણ થયો. હાથી તોફાની હતો પણ એ નંદિષેણને જોઈ પૂર્વના પ્રેમથી વશ થઈ ગયો. વળી એ હાથીને અવધિજ્ઞાન પણ થયું. ક્રમે કરીને નંદિષેણ તો નવી પરણેલી રાજકન્યાઓને છોડી પ્રભુ શ્રી મહાવીરદેવ પાસે દીક્ષા લઈ સાધુ બન્યા. જો કે ઉગ્ર ત્યાગ, તપ, છતાં તીવ્ર ભોગાવલી કર્મથી દીક્ષાથી પડ્યા પણ વેશ્યાને ત્યાં રહી રોજ ૧૦-૧૦ જણને પ્રતિબોધ કરતા અને

અંતે એક દિવસ ૧૦મો બૂઝતો નથી અને આ ખાવા ઉઠતા નથી ત્યારે વેશ્યાએ ટોણો માર્યો કે 'દસમા તમે.' બસ તરત જ ફરી દીક્ષા લઈ નીકળી પડ્યા, અને સદ્ગતિ પામ્યા.

ત્યારે સેચનક હાથીની બીચારાની દશા જુઓ. એ હલ્લ-વિહલ્લની પાસે હતો. કોણિકે એને લેવા માટે યુદ્ધ માંડ્યું. હલ્લ-વિહલ્લ રોજ રાતના હાથી પર નીકળી બહાર કોણિકની છાવણીમાં હલ્લો કરે. હાથીને અવધિજ્ઞાન હોવાથી અંધારું નડતું નહોતું. તેથી યુદ્ધમાં ફાવટ આવતી. એમાં કોણિકે કોટની બહાર સળગતા અંગારાની ખાઈ ભરાવી ઉપર ધૂળ પથરાવી. રાતના હાથી બહાર આવ્યો પણ આગળ વધતો નથી.

'આજે આમ કેમ ?' હલ્લવિહલ્લ ખચકાયા. પછી હાથીને પ્રેરણા કરી કરી ધકેલે છે. પરંતુ હાથી જાણતો હોવાથી ખાઈના કિનારા પાસે જઈ પાછો વળે છે. પેલાઓને ગમ નથી તેથી ખૂબ જોર કરવા જતાં જ્ઞાની હાથી વિચારે છે, 'આમ તો આ પાછા નહિ હટે. અમે બધા મરશું. તેના કરતાં હું એકલો જ મરું.'

પીઠ પરથી હલ્લવિહલ્લને નીચે ઉતારી હાથી એકલો ચાલ્યો. ખાઈ પર આવતાં ધબ અંદર પડ્યો અને મોટો ભડકો થઈ બળ્યો. અવધિજ્ઞાન છતાં તિર્યંચનો અવતાર પામવાથી તેવી વાચા નહિ, તેવી ધર્મપ્રવૃત્તિ નહિ, એમ જ જીવન પૂર્ણ થયું. સુપાત્રદાન-સામાન્ય દાનના આ ભેદ.

"દિવ્ય-દર્શન" - **"વચનામૃત"** વર્ષ-૫,અંક-૨૦,તા.૧-૭-૧૯૫૭

માર્ગાનુસારિ ગુણોની પ્રાપ્તિથી આત્મામાં યોગ્ય ભૂમિકા તૈયાર થાય છે; કહો કે આત્મદ્રવ્યનો પલાળેલી મુલાયમ માટી કે કણેક જેવો યોગ્ય પિંડો તૈયાર થાય છે, જેના ઉપર પછી સમ્યગ્જ્ઞાન-ક્રિયાદિના સુંદર ઘાટ ઘડી શકાય છે.

- અસમાધિ એટલે રાગદ્વેષનો હિંચોળો.
- વિષય કષાયને છોડવાનું સાંભળે તે શ્રાવક અને છોડવાનું સાધે તે સાધુ.
- અફીણ વગેરેના વ્યસનો કરતાં ઘણું જ ભયાનક વ્યસન સરાગદૃષ્ટિનું છે.
- નવાઈ ચારિત્ર પામવામાં નથી, નવાઈ એથી દોષોને ટાળવામાં છે
- સંયમના યોગોની વિરાધના કરી, ભવદુ:ખની રાશીમાં પડવાનો અવસર આવશે, તે વખતે શાસ્ત્રો, શિષ્યો, ભક્તો કે ઉપધિ વગેરે બચાવવા નહિ આવે.



"દિવ્ય-દર્શન" - **"પ્રેરણા"** વર્ષ-૫,અંક-૨૧,તા.૧૫-૭-૧૯૫૭

- ચોમાસું એટલે ધર્મની મોસમ. એમાં વિશેષ પ્રકારે નિયમો અને તપ-ત્યાગાદિ તથા જિન ભક્તિથી ખરી પુણ્યકમાઈ કરી લેવાની છે. એટલું ધ્યાનમાં રહે કે પુણ્યશાળી તે છે કે જે પુણ્યની તિજોરી તર કરે છે, પરંતુ નહિ કે જે પુણ્ય ભોગવી ભોગવીને એને ખત્મ કરી નાખે છે.
- સંસારપ્રવાસે ફરતાં ફરતાં આપણે એક એવી અલબેલી નગરીમાં આવી ચઢ્યા છીએ કે જ્યાં અચિંત્ય પુણ્યાનુબંધી પુણ્ય અને ધોધમાર પાપક્ષયની કમાઈનો ધર્મવેપાર થઈ શકે છે. ભલે આવા અનુપમ સ્થળે આપણે અજાણ્યે આવી ચઢ્યા હોઈએ પણ આવી ભવ્ય કમાઈના વેપાર જાણ્યા પછી એ વેપારમાં ઝુકાવવાનું કોણ ચૂકે ? અને જો ચૂકે તો પછી કેટલોય શોક અને પશ્ચાત્તાપ કરવા છતાંય એ કેવો લાચાર બને ?
- આત્મામાં અનંત શક્તિ ભરી પડી છે. વિજ્ઞાન અણુમાંથી વિરાટ શક્તિ પ્રગટ કરે છે, જો કે એ ખતરનાક છે, છતાં એ ન્યાયે એમ આપણે આત્માની વિરાટ શુભશક્તિ પ્રગટ કરવાની છે.

"દિવ્ય-દર્શન" - વર્ષ-૫,અંક-૨૨,તા.૧-૮-૧૯૫૭

## પૂ.મુનિરાજશ્રી ભાનુવિજયજી ગણિવરના 'અરિહંતની ઓળખાણ' પુસ્તક પર પ્રખર પ્રવનચકાર, સમર્થ વિદ્વાન, શાંતમૂર્તિ પૂ.પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવર્યની વિદ્વત્તા અને દોહનભરી પ્રસ્તાવના...(૧)

અનાદિ અનંત સંસારમાં કર્મ-પરવશ આત્મા, ચાર ગતિઓમાં પાંચ જાતિરૂપે, અનંતકાળથી પરિભ્રમણ કરતો આવ્યો છે. સુખાભાસરૂપ સુખોમાં, આનંદ, હર્ષ કે ઉન્માદને આધીન બનતો, તથા પાપોદયજનિત સાંસારિક દુ:ખોમાં શોક, આક્રંદ અને દૈન્યને ધારણ કરતો સંસારી આત્મા અનંત ભૂતકાળમાં ક્યાંયે કોઈ રીતે ઠરીઠામ બનીને રહ્યો નથી. જન્મ, જરા, મૃત્યુ, અને તેના કારણરૂપ ધર્મ, કષાયના કલેશની પરંપરાને વૃદ્ધિ પમાડતો આ જીવાત્મા, પોતાનાં સાચા સ્વરૂપને ખોઈ બેઠો છે. માટે જ તેના માથે સંસાર પરિભ્રમણ નિરવધિ ચાલુ છે. સંસારી જીવને પૌદ્ગલિક ઈષ્ટ સંયોગજન્ય કે અનિષ્ટ વિયોગજન્ય સુખ ગમે છે. તે આવે ત્યારે

જાણે જીવનમાં આ સુખ જોયું-અનુભવ્યું ન હોય તેમ, ક્ષુધાતુર અન્નને જોઈને ભાનભૂલો બને તે રીતે ભાન-સાન ખોઈ બેસે છે, પણ તેને ઈષ્ટ વિયોગજન્ય કે અનિષ્ટ સંયોગજન્ય દુઃખ નથી ગમતું એ ચોક્કસ છે એટલું જ નહિ, આવાં દુઃખોથી તે ભાગતો ફરે છે. અતિ રોષ, અતિશય દ્વેષ આવાં દુઃખો પ્રત્યે તેનાં સ્વભાવમાં વણાઈ ગયો છે.

મૃત્યુ સંસારી જીવને નથી ગમતું. તેના પ્રત્યે તેને ભારે અરૂચિ છે, ખૂબ જ ખોફ છે. જન્મ ગમે છે, ઈષ્ટ લાગે છે, પ્રિય અને અતિપ્રિય ભાસે છે. યૌવન ગમે છે, શરીર, ઇન્દ્રિયો થનગનતી રહે. કાયામાં બળ, જોમ, તાકાત કે સ્ફૂર્તિ રહે તે એને ગમે છે, પણ ડાચા બેસી ગયા હોય, શરીરમાં અંગે અંગે કરચોલીયો પડી ગઈ હોય, કાન સાંભળે નહિ, આંખ દેખે નહિ, હાથ કે પગ ધાર્યું કામ આપે નહિ, આ શરીરની અવસ્થા કે જે જરા કહેવાય છે તે સંસારમાં કોને ગમે ? કોણ તેને વધાવે ? પોતાનાં જીવનમાં પોતાની જાતને માટે ન ગમે એટલું નહિ, પણ કોઈને જરાથી જર્જરિત, બીભત્સ શરીરવાળો જોતાં જ મન ઊંચું થઈ જાય, આંખને તે અળખામણો લાગે; અને હૃદયને બિહામણો લાગે.

પણ આ જ સંસારી જીવોની કરુણ અજ્ઞાનતા છે. વિષમ વિચિત્રતા છે કે, બાવળ વાવ્યા પછી કાંટા ઉગે, ત્યારે વાવતી વખતના આનંદ, હર્ષ કે ઉન્માદને તે ભૂલી શોક તેમજ આક્રંદની ચીચીઆરીઓ પાડે છે. જો જન્મને વધાવવો હોય, તો મૃત્યુ અનિવાર્ય છે. યૌવન ગમી જતું હોય તો જરા જીવનને વળગેલી છે. સુખનો ઉન્માદ ગમતો હોય તો દુઃખ અવશ્ય અનુભવવું પડશે.

જન્મ અને મૃત્યુ, યૌવન અને જરા, સુખ અને દુઃખ, આ દ્વંદ્વો સંસારમાં અનાદિ કાળથી પ્રત્યેક સંસારી જીવને વળગેલા છે. એ દ્વંદ્વમાં જન્મના આનંદ કરતાં મૃત્યુનું દુઃખ ક્ષણે-ક્ષણે જીવનની પ્રત્યેક પળોમાં આત્માને કદર્થના આપી રહેલ છે. યૌવન કરતાં યે જરાની વેદના આત્માને ભયાનક રીબામણ આપે છે; અને સુખ કરતાં દુઃખ સંસારમાં સર્વ કોઈને અનંત વ્યથા જન્માવે છે. આ પરિસ્થિતિમાં એક જ નિદાન હોઈ શકે; અને તે એ કે, 'જન્મ, જરા, મૃત્યુ, એ ત્રણેયના સર્વનાશનું જે કોઈ સાધન, તે જ આત્માને અનંત વ્યથા, વેદના કે રીબામણમાંથી વિમુક્ત કરવાને સર્વ રીતે સમર્થ છે.'

ત્રણેય લોકમાં આવું કોઈ સાધન શોધવા મથો, બુદ્ધિ, બાહુબળ, કે ઐશ્વર્યની અમાપ સાહ્યબીથી આવી વસ્તુને મેળવવા મથો, તો તમને અનંત ઉપકારી શ્રી અરિહંતના શાસન સિવાય કોઈ સ્થાને આ સાધન પ્રાપ્ત નહિ થાય. શ્રી અરિહંત



પરમાત્માએ પ્રરૂપેલા સદ્ધર્મનો એ મહિમા છે, તેની સાધનાનો એ અદ્વિતીય પ્રભાવ છે. તેના માર્ગનો એ અનંત ઉપકાર છે કે, તેનો આરાધક આત્મા, મન, વચન તેમજ કાયાથી આ ધર્મારાધનામાં પોતાનું સર્વસ્વ સમર્પિત કરી દે, તો પરિણામે જન્મ, જરા, તથા મૃત્યુના પારને પામી, આધિ, વ્યાધિ તેમજ ઉપાધિના અનંત સાગરને તે હળવો કરી, તેને તરી જાય છે. તે સાધક આત્માને શ્રી અરિહંત પ્રરૂપિત ધર્મની આરાધનાના અંતે, કર્મના ક્લેશનો નાશ થતાં અવ્યાબાધ, અનંત તેમજ અક્ષય સુખનો સાક્ષાત્કાર થાય છે.

આવા અનંત સુખને આપનાર સદ્ધર્મની પ્રાપ્તિ ભૂતકાળમાં આત્માને થઈ નથી, અગર થઈ હોય તો તેને સફળ બનાવવાનો પુરુષાર્થ આત્માએ આચર્યો નથી. આજ કારણે આત્માને જગતનાં ઐશ્વર્ય, સંપત્તિ કે અફાટ વૈભવો, અને પૌદ્‌ગલિક સુખોનો વિરાટ સમુદાય પ્રાપ્ત થવા છતાં સુખ, શાંતિ કે સ્વસ્થતાની તેની ભૂખ સાચી રીતે શમી નહિ, અકારણ જગદ્‌બંધુ, અનંત કરુણાસિન્ધુ, દેવાધિદેવ શ્રી અરિહંત પરમાત્માનો એ ઉપકાર છે કે, તેઓએ સંસાર સમસ્તના આત્માઓના મંગલ કાજે, વાસ્તવિક શ્રેય માટે, અવ્યાબાધ સુખ, અનંત સામર્થ્ય તથા અક્ષય સમૃદ્ધિની પ્રાપ્તિ માટે, ધર્મતીર્થની સ્થાપના દ્વારા સદ્ધર્મનો ભવ્ય સંદેશ વહેતો કર્યો.

એ અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માનાં સ્વરૂપની, તેમનાં ધર્મશાસનની યથાર્થ ઓળખ માટે, પ્રસ્તુત પ્રકાશન ખૂબ જ ઉપકારક છે. જગત આજે જ્યારે ચૈતન્યવાદને ભૂલી, જડવાદની પૂજામાં જોર શોરથી લાગી રહ્યું છે, આત્માનાં સાચા સુખનાં સાધનોને મૂકી, સુખાભાસમાં જકડી રાખનારા બાહ્ય પૌદ્‌ગલિક રંગરાગમાં ગળાડૂબ ડૂબી રહ્યું છે, તેવા સમયે આ પુસ્તક, સંસારના વિચારક વર્ગને વાસ્તવિકતાના રાહે દોરવણી આપવાના એક મંગલકાર્યને કરી રહ્યું છે.

શરીર, સંપત્તિ તથા સ્વજનની ત્રિપુટીના મોહમાં અંધ બનેલો અને રાગ, દ્વેષ, ક્રોધ, માનાદિ કષાયો, તથા અજ્ઞાન, અવિરતિમાં અથડાતો આ આત્મા, અનંતકાળથી જે અસ્સીમ વેદનાઓના મહાસાગરમાં ડૂબી રહ્યો છે, તેમાંથી તેનો ઉદ્ધાર કરનાર, તેનો હાથ પકડી તેને અનંત સુખસાગરમાં નિમગ્ન રાખનાર દેવ, ગુરુ તથા ધર્મરૂપ ત્રિપુટી છે. તેમાં ધર્મ સાક્ષાત્ ઉપકારક છે. છતાં તે શુદ્ધ ધર્મરૂપી રત્નનું દાન કરી, સંસાર સમસ્તના ભવ્ય જીવો પર અનંત ઉપકાર કરનારા વિશ્વમાં કોઈ હોય તો તે શ્રી અરિહંત પરમાત્મા છે. ગુરુપદે રહેલા સુસાધુઓ પણ જગતને જે ધર્મમાર્ગમાં સ્થાપે છે, તેના પ્રવર્તક-પ્રચારક તથા સંસ્થાપક તો શ્રી અરિહંત ભગવંત જ છે; માટે જ શ્રી અરિહંત પરમાત્માની ઓળખાણ વાસ્તવિક રીતે

થવી-કરવી ખૂબ જ જરૂરી છે; એ ઓળખાણ જ રત્નોની ખાણ છે.

પ્રસ્તુત પુસ્તકના લેખક વિદ્વાન મુનિપ્રવરશ્રીએ આજે એક ઉદ્દેશને હૃદયગત રાખીને આ પુસ્તકમાં શ્રી અરિહંત પરમાત્માની ઓળખાણ માટે મનનીય ઉદ્બોધક તથા જીવનોપયોગી સાત્ત્વિક, તાત્ત્વિક તેમજ કલ્યાણકારી જે વિચારધારા રજૂ કરી છે, તે ખરેખર અતિશય ઉપકાર છે, એમ કહ્યા વિના ચાલતું નથી. અતિશયોક્તિ કે અત્યુક્તિ નહિ, પણ વાસ્તવિક રીતે વિચારતાં, પુસ્તકના એકે એક વિષયનું સાંગોપાંગ અધ્યયન, મનન તથા ચિંતન કરતાં, કોઈ પણ સહૃદય વિચારક આત્માને આ ગ્રંથમાં સર્વ ધર્મશાસ્ત્રોનો, દાર્શનિક તથા તાત્ત્વિક ગ્રંથોનો સાર સંગૃહીત થયેલો જણાયા વિના નહિ રહે !

કોઈપણ તાત્ત્વિક ચર્ચા, દાર્શનિકવાદ યા શાસ્ત્રીય વિચારણાને લેખક વિદ્વાન મુનિપ્રવરશ્રીએ અહીં જતી કરી નથી. પૂર્વ પક્ષને સ્થાપિત કરીને તેનો યુક્તિપૂર્વકનો, સમજી શકાય તેવી સરળ શૈલીયે સચોટ ઉત્તર અને તેમાં રહેલું શાસ્ત્રીય તત્ત્વ, ઈત્યાદિનું સરળ પદ્ધતિએ તેઓ અહીં આલેખન કરે છે. માટે જ આ નાના પણ તાત્ત્વિક દૃષ્ટિએ મહાન ગ્રંથને સંસારના સનાતન સ્વ-પરોપકાર તત્ત્વોનો ઉદ્બોધક આકરગ્રંથ કહેવો હોય તો અવશ્ય કહી શકાય.

કોઈપણ વ્યક્તિની ઓળખ માટે વ્યક્તિનાં જીવન, વ્યક્તિની વિચારણા તથા વ્યક્તિમાં રહેલી મૌલિકતા તેમજ તેનાં વચનો ઈત્યાદિનો વિચાર કરવો સર્વ પ્રથમ આવશ્યક છે. પ્રસ્તુત ગ્રંથમાં આ દૃષ્ટિએ અનંત ઉપકારી શ્રી અરિહંત દેવની ઓળખાણ માટેનો સફળ પ્રયત્ન થયો છે. ગ્રંથના પ્રથમ પ્રકરણમાં ઉપકારક-શ્રેષ્ઠતમ કલ્યાણકર શ્રી દેવતત્ત્વની યથાર્થ પિછાણ કરાવવા માટે સુંદર ઉપોદ્ઘાત કરીને શક્તિઓના સદુપયોગ માટે તેઓ ત્રણ મહત્ત્વની વસ્તુ અહીં નિર્દેશે છે. 'ઉચ્ચ શક્તિઓના સદુપયોગ માટે પહેલું તો આપણી નજર સામે ઉચ્ચ આદર્શ પુરુષો, ઉચ્ચ આદર્શ જીવનસરણી અને ઉચ્ચ આદર્શ સિદ્ધાન્તો જોઈએ,' તો જ આત્મા પવિત્ર બને અને આત્મામાં રહેલી ઉચ્ચ શક્તિઓનો સદુપયોગ થાય. આ આખાંયે પ્રકરણમાં ધર્મના સ્થાપક, ધર્મના આધાર તથા જેનાં આલંબનથી આત્માએ ભવસાગરના પારને પામવો છે, તે સુદેવતત્ત્વની ઓળખ માટે નિષેધાત્મક તથા વિધાનાત્મક મનનીય, સર્વગ્રાહ્ય તથા નિષ્પક્ષ તાત્ત્વિક વિચારણા રજૂ થઈ છે, જેને વાંચનાર જૈન કે જૈનેતર કોઈપણ વિચારક આત્માને શ્રેયમાર્ગની સાધના માટે ઉપકારક સદ્વિચારોનું મંગલભાથું મળી રહે છે.

સુદેવ વીતરાગ સર્વજ્ઞ શ્રી અરિહંત પરમાત્મા જ છે, એ નિષ્કર્ષ સમગ્ર



પ્રકરણના સારરૂપે નીકળે છે. આખું પ્રકરણ અરિહંત પરમાત્માની પિછાણ માટે, તેમનાં સ્વરૂપને જાણવા માટે, તેમની જીવન પ્રણાલી, તેઓશ્રીના ઉપદેશ તથા સિદ્ધાન્તો સમજવા માટે પૂર્વ ભૂમિકારૂપે છે, જે મુમુક્ષ જિજ્ઞાસુ વર્ગને મનનીય અને પ્રેરક છે.

પરમાત્માનાં સ્વરૂપની મૌલિક, સુસ્પષ્ટ તથા સચોટ તાત્ત્વિક ઓળખાણ વિસ્તારપૂર્વક એટલે કે લગભગ પ્રસ્તુત ગ્રંથના ૪૯ પેજ સુધી પ્રથમ પ્રકરણમાં આપ્યા બાદ લેખક વિદ્વાન મુનિવરશ્રી બીજા પ્રકરણમાં ધર્મતીર્થના સ્થાપક શ્રી તીર્થંકર પરમાત્માના સર્વહિતકર ભવ્ય જીવનની અતિ સ્પષ્ટ રૂપરેખા કુશળ વિવેચક તરીકે આલેખે છે. પહેલા પ્રકરણમાં જે જે હકીકતો સામાન્ય રીતે તાત્ત્વિક ચર્ચા, દાર્શનિક વિચારણા પૂર્વક આલેખી છે, તે તે હકીકતોને શ્રી અરિહંત પરમાત્માનાં એટલે વર્તમાન અવસર્પિણી કાળના પ્રથમ ધર્મતીર્થ સ્થાપક પરોપકારી ભગવાન શ્રી ઋષભદેવ સ્વામીથી માંડી વર્તમાન શાસનના અધિપતિ ભગવાન શ્રી મહાવીર પ્રભુ સુધીનાં શ્રી અરિહંત ભગવંતોના જીવનની મહત્તા, સર્વશ્રેષ્ઠતા તથા સાર્વજનીનતા-સર્વજનોપકારિતા ઈત્યાદિને વિસ્તારથી વર્ણવવા પૂર્વક અહીં વિદ્વાન મુનિપ્રવરશ્રીએ સરલ શૈલીયે સ્વચ્છ ભાષામાં સર્વ કોઈને સમજાય તે પદ્ધતિએ જણાવી છે.

## "દિવ્ય-દર્શન" - **"પ્રસ્તાવના" (૨)** વર્ષ-૫,અંક-૨૩/૨૪,તા.૨૦-૮-૧૯૫૭

શ્રી તીર્થંકર પરમાત્મા કે વાસ્તવિક દેવતત્ત્વ અનાદિકાળથી નિર્દોષ નથી એ વસ્તુ જેમ સ્પષ્ટ છે, તેમ શ્રી તીર્થંકર અરિહંત ભગવંતો આત્મા, અનાદિ કાળથી વિશિષ્ટ વ્યક્તિત્વને ધારણ કરનાર છે, એ હકીકત આ પ્રકરણમાં સ્પષ્ટ તરી આવે છે. શ્રી અરિહંત પરમાત્મા કોઈપણ કાળે, કોઈ પણ સ્થાને હોય તો તેમનો આત્મા, સંસારના અન્ય આત્માઓ કરતાં અમુક વિશિષ્ટતા, મૌલિકતા તથા ઉચ્ચતાવાળો જ હોય છે. ક્રમશઃ એ ઉચ્ચતા વિકાસ સાધતી સર્વ શ્રેષ્ઠ ભૂમિકાએ આવે છે, એ છે શ્રી અરિહંત પરમાત્માનો છેલ્લો ભવ; શ્રી અરિહંત પરમાત્માના અંતિમ ભવની મંગલ જીવનરેખા, શાસ્ત્રીય દૃષ્ટિએ ખૂબ જ સુંદર શૈલીમાં ટૂંકમાં પણ સમગ્ર જીવનને સ્પર્શતી અહીં બીજા પ્રકરણમાં આલેખાઈ છે.

● શ્રી તીર્થંકર પરમાત્માના અંતિમ ભવની લોકોત્તર આરાધના, કલ્યાણકર જીવન સાધનાને આલેખવામાં મુનિરાજશ્રીએ અહીં એકેય પ્રસંગને જતો કર્યો નથી,

છતાં પ્રાસંગિક વર્તમાનનાં વાતાવરણને સ્પર્શીને પ્રશ્નોની છણાવટ કરવામાં પણ તેઓએ કશી શૂન્યતા રાખી નથી. એકંદરે ૨૭ પેજના આ પ્રકરણમાં લેખક વિદ્વાન મુનિવરશ્રીએ શ્રી અરિહંત પરમાત્માના અંતિમ ભવની લોકોત્તર જીવન સાધનાને પોતાની આગવી શૈલીથી ટૂંકમાં શબ્દ દેહ આપી, શ્રી તીર્થંકર પરમાત્મા પ્રત્યેના અદ્‌ભુત ગુણાનુરાગની સાથે પોતાનાં હૈયામાં રહેલા દેવાધિદેવ શ્રી અરિહંત ભગવંત પ્રત્યેના અપૂર્વ ભક્તિભાવને પોતાના કલમ દ્વારા અહીં ગ્રંથસ્થ કર્યો છે. ટૂંકમાં શ્રી અરિહંત ભગવંતના જીવનનું સિંહાવલોકન આ પ્રકરણમાં આવી જાય છે.

● લેખક મુનિવર શ્રી પ્રૌઢ છે, શાસ્ત્ર રહસ્યોના જ્ઞાતા છે. પૂ. પાદ પરમ ગુરુદેવશ્રીની સેવામાં પરમ વિનેયભાવે વર્ષો સુધી રહી, તેઓએ સુંદર જ્ઞાનસાર ગ્રહણ કર્યો છે. આજ કારણે તેઓની લેખન શૈલીમાં અનુભવની પરિપક્વતા તેમજ દૃષ્ટાંતો તથા યુક્તિઓનો ભંડાર, ને પ્રાસંગિક કથનની પુષ્ટિ માટે સમગ્ર ગ્રંથમાં દૃષ્ટિગોચર થાય છે. તે યુક્તિઓ સામાન્ય નહિ, પરિપકવને પ્રૌઢ તથા સચોટ દૃષ્ટાંતોની શૈલી પણ તેવી જ આકર્ષક તેમજ સંગીન, યુક્તિની સચોટતા તથા અનુભવની પરિપકવતા લેખક મુનિરાજશ્રીમાં કેવી સચોટ છે, તે માટે એક જ દાખલો આ પ્રકરણમાંથી આપણે લઈએ ! શ્રી અરિહંત પરમાત્મા કે સિદ્ધ પરમાત્મા મોક્ષે ગયા બાદ જે અનંત સુખનો આસ્વાદ કરે છે, જે અનંત સુખના સ્વામી બને છે, તે સુખ સર્વ જીવોનાં સુખ કરતાં અનંતગણું હોય છે. તેને અંગે શ્રી પંચસૂત્રમાં આવતા નિર્દેશ પરથી લેખક મુનિવરશ્રી કેવું વેધક તથા સચોટ તલસ્પર્શી વર્ણન કરે છે, તે માટે તેઓના જ શબ્દો જોઈએ; ‘સિદ્ધના આત્માઓ અક્ષય, અવ્યાબાધ, અનંત સુખમાં ઝીલે છે, એ સુખ સર્વ જીવોનાં સુખ કરતાં અનંતગણું હોય છે;’ સંયોગની અપેક્ષા વિનાનું નિરપેક્ષ આત્મસુખ હોય છે. સંયોગજન્ય સુખના અભ્યાસીને એના અનુભવનો ખ્યાલ નથી આવી શકતો, પણ તે વાસ્તવિક સુખ છે અને અનંત પ્રમાણવાળું છે. કેમકે જીવને જો એક શત્રુના નાશથી ય મહા આનંદ થાય છે. એક ઈચ્છાની પૂર્તિ અને નિવૃત્તિ થવાથી અપૂર્વ આનંદ લાગે છે; એક રોગ, એક પીડા, ને એક ઉપદ્રવના નાશથી અદ્‌ભુત સુખનો અનુભવ થાય છે; એક સારા પદાર્થની પ્રાપ્તિથી અપૂર્વ મઝા આવે છે, તો પછી સર્વ શત્રુના અભાવથી, સર્વ ઈચ્છાની નિવૃત્તિથી, સર્વ પદાર્થની પ્રાપ્તિથી અને સર્વ રોગ-પીડા-ઉપદ્રવના નાશથી અનંત સુખ પ્રાપ્ત થાય, અનુભવાયા કરે એમાં શી નવાઈ ?

કેટલું સરળ છતાં સચોટ યુક્તિયુક્ત કથન. આવા અનેક પ્રસંગોમાં લેખક મુનિવરશ્રીએ આ પુસ્તકમાં વિધાનો કરતી વખતે શાસ્ત્રીય યુક્તિ તથા દલીલોને સરળ અને સચોટપણે મૂકેલ છે.



ત્રિલોકનાથ શ્રી અરિહંત પરમાત્માની ઓળખાણ બાદ, તેમનાં અરિહંત જીવનની ઝાંખી કરાવીને ત્રીજા પ્રકરણમાં વિદ્વાન મુનિપ્રવર શ્રી પરમાત્માના લોકોત્તર ગુણોનું સુંદર વર્ણન આપે છે.

અનંતાનંત ગુણોના ભંડાર શ્રી અરિહંત પરમાત્માના સમગ્ર ગુણોનું યથાર્થ આલેખન તો થઈ શકે તેમ નથી તેમ પ્રારંભમાં સ્પષ્ટતા કરી તેઓ અહીં શ્રી અરિહંત દેવના અનંત ગુણો શાથી ? તેની વિદ્વત્તાપૂર્ણ સ્પષ્ટતા કરે છે, લેખક મુનિપ્રવરશ્રી કહે છે, ‘અજ્ઞાન દોષમાં ત્રણેય કાળના તે તે પદાર્થોનું અને એના તે તે પર્યાયોનું અજ્ઞાન જુદું જુદું ગણતાં અનંત જાતના અજ્ઞાન દોષ થાય કે નહિ ?’ એમ કામવાસનાની દૃષ્ટિએ તથા રાગની દૃષ્ટિએ અનંત દોષોનો ખ્યાલ કરાવ્યો છે, એટલે દોષ અઢાર નહિ પણ અનંત છે. આથી તેના નાશ દ્વારા શ્રી તીર્થંકર પરમાત્મા અનંત ગુણના સ્વામી બને છે. ૨૧ પેજના આ સમગ્ર પ્રકરણમાં શ્રી અરિહંતદેવના લોકોત્તર ગુણોનું સ્વરૂપ આલેખવામાં શ્રી અરિહંતદેવના વ્યક્તિત્વને એવું સુંદર અને સચોટ શૈલીએ વિકસાવેલ છે, એવું પ્રતિપાદિત કરે છે કે, જે વાંચતાં સંસાર સમસ્તના આત્માઓમાં શ્રી અરિહંત દેવ જ શાથી સર્વશ્રેષ્ઠ ? દુનિયાના અનેકાનેક શાસનોમાં પ્રતિપાદિત થયેલ પરમાત્મદેવ કરતાં સર્વ શુદ્ધ, અખંડ નિર્દોષ પરમાત્મા શ્રી અરિહંતદેવ જ સર્વ શ્રેષ્ઠતાની શિખરે કેમ બિરાજી શકે ? તે પ્રશ્નનું નિરાકરણ સર્વ કોઈને ગ્રાહ્ય થાય તે શૈલીથી અહીં આવી જાય છે.

આ પ્રકરણમાં ગુણોના વર્ણનની સાથે ભગવાન શ્રી ઋષભદેવ સ્વામી, ભગવાન શ્રી મહાવીર પરમાત્મા ઈત્યાદિના ભવ્ય જીવન પ્રસંગોની વિશદ વિચારણા રજૂ થઈ છે. ભગવાન શ્રી નેમિનાથ સ્વામી તથા ભગવાન શ્રી પાર્શ્વનાથ સ્વામીનાં જીવનની પણ પ્રાસંગિક વિચારણા દ્વારા વિદ્વાન લેખકશ્રી શ્રી અરિહંત પરમાત્માના જીવનની અદ્‌ભુતતા વર્ણવે છે.

● ચોથા પ્રકરણમાં શ્રી અરિહંત પરમાત્માની અનન્ય લોકોત્તર શક્તિની યત્કિંચિદ્ વાનગી રજૂ થઈ છે. મુખ્યત્વે દેવાધિદેવ શ્રી તીર્થંકર પરમાત્માના ચાર મૂલાતિશયોનું નિરૂપણ અહીં વિસ્તૃત રીતે આલેખાયું છે. ૨૨ પેજના આ પ્રકરણમાં જગદ્‌બધું શ્રી અરિહંત દેવનાં પરમ પુણ્યોદયજનિત લોકોત્તર ઐશ્વર્ય તથા આત્મગુણોની પ્રાપ્તિથી આત્માની જે સર્વશ્રેષ્ઠ શક્તિઓ તેઓશ્રી સંસારમાં રહીને પણ જે રીતે ભોગવે છે, તેનો વિસ્તાર અહીં પ્રરૂપ્યો છે.

● પાંચમાં પ્રકરણમાં અનંતજ્ઞાની શ્રી જિનેશ્વર ભગવાનના ઉપકારની

અદ્ભુતતા વિદ્વાન ગણિવરશ્રી અહીં સુરેખ શૈલીએ વર્ણવે છે. તેઓ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે : 'જગતની સુખ સગવડો મળવામાં હેતુભૂત પુણ્યનો ઉદય છે. એ પુણ્યનું ઉપાર્જન પરમાત્માનાં દર્શન, વંદન, પૂજન, સ્તવન, પ્રશંસા, પ્રભાવના, આજ્ઞાપાલન, સ્મરણ, ધ્યાનાદિથી થાય છે. આમાં મુખ્ય આલંબન પરમાત્મા જ બન્યા, તેથી પ્રભાવ પરમાત્માનો જ કહેવાશે.' આ પીઠિકાથી લેખક મુનિરાજશ્રી દ્વારા આ સમગ્ર પ્રકરણમાં શ્રી જિનેશ્વર ભગવાનના લૌકિક-લોકોત્તર દ્રવ્ય તથા ભાવ ઉપકારોનું ભિન્ન ભિન્ન દૃષ્ટિએ અદ્ભુત વર્ણન કરવામાં આવ્યું છે. ઇહલોકનો કે પરલોકનો, પાપી કે પુણ્યવાન ઉપરનો પણ શ્રી અરિહંત પરમાત્માનો અકારણ ઉપકાર કેવી રીતે છે ? તેનું આલેખન મુદ્દાસરના શબ્દોમાં સુંદર રીતે અહીં થયું છે.

અર્થશાસ્ત્ર, આરોગ્ય, દેશ, સમાજ, કુટુંબ, કુળ ઇત્યાદિ દૃષ્ટિએ જે કાંઈ સારું, અનુકૂળ કે ઇષ્ટ બની રહ્યું છે, સંસારી જીવને જે કાંઈ સુખ, સગવડો, સંપત્તિ કે જગતમાં માન, સન્માન, પદ પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ રહ્યા છે, તે બધું યે ધર્મના પ્રભાવે; અને તે ધર્મના પ્રવર્તક, સ્થાપક શ્રી અરિહંતદેવ જ છે. એટલે જે લૌકિક કે લોકોત્તર સર્વ લાભો સંસારમાં આત્માને પ્રાપ્ત થઈ રહ્યા છે, તે બધાયમાં મૂળ શ્રી અરિહંતદેવની અસ્સીમ કરુણા જ કારણરૂપ છે.

આ પ્રકરણમાં આ હકીકત પર ભાર મૂકીને શ્રી અરિહંત પરમાત્માના નામ, સ્થાપના ઇત્યાદિની પૂજનીયતા ઉપર સચોટ નિરૂપણ કરવામાં આવ્યું છે. સાથે શ્રી તીર્થંકરદેવના દેહનો, ને આત્માનો વિશ્વના સમસ્ત આત્માઓ ઉપર જે ઉપકાર થઈ રહ્યો છે, તેનું ટૂંક આલેખન અહીં વિદ્વાન મુનિપ્રવરશ્રીએ કર્યું છે. યાવત્ સંસાર સમસ્તના અભયદાનના દાતા, ઉપદેશક અને અભયમાર્ગના સાચા સાર્થવાહ તરીકે પણ શ્રી અરિહંતદેવના ઉપકારને અહીં વર્ણવ્યો છે.

વિવિધ દૃષ્ટિકોણથી, અનેક રીતે શ્રી તીર્થંકર પરમાત્માના ત્રણ લોક પરના અનંતાનંત ઉપકારોનું ભવ્ય આલેખન ૧૭ પેજના આ પ્રકરણમાં ભાવવાહી શૈલીમાં ગણિવરશ્રીએ કર્યું છે.

• પ્રકરણ છટ્ઠું, સમગ્ર ગ્રંથના વિષયોમાં તાત્ત્વિક ચર્ચા તથા જૈન દર્શનની અને અનંત ઉપકારી પરમતારક શ્રી અરિહંત પરમાત્માની સુસંવાદી તત્ત્વ-વ્યવસ્થાને સાંગોપાંગ વિવિધ પાસાઓની રજૂઆત દ્વારા મહત્ત્વનું બન્યું છે. આ પ્રકરણ **'શ્રી અરિહંત પરમાત્માએ વિશેષ શું આપ્યું ?'** એ શિર્ષકથી શરૂ થાય છે. વાસ્તવિક દૃષ્ટિએ તો સંસારના સર્વશ્રેષ્ઠ આચારો તથા સર્વશ્રેષ્ઠ વિચારોનું કેન્દ્ર-ઉગમ સ્થાન



જૈનદર્શન છે, અરિહંત ભગવંતનું વિશ્વકલ્યાણકર ધર્મતીર્થ છે. એટલે જે કાંઈ સુસંવાદી આત્મહિતકર સદ્વિચારો સંસારમાં ઉપલબ્ધ છે, તે બધાયનું મૂળ જૈનદર્શન છે. જૈન સિદ્ધાંતમાંની અનેકાન્તદૃષ્ટિ એ વિશ્વના સમસ્ત કુમતો, મિથ્યાવાદો, એકાંતપ્રધાન માર્ગ, એ બધાયની સામે લાલબત્તી ધરે છે. વસ્તુમાં રહેલા અનંત ધર્મો સાપેક્ષ દૃષ્ટિએ સમજવા માટે જૈનદર્શનની અનેકાન્ત વ્યવસ્થા ખૂબ જ ઉપકારક તથા માર્ગદર્શક છે. સર્વ દાર્શનિક વ્યવસ્થા, કે આત્મા-પરમાત્મા આદિ તત્ત્વોની વિચારણા કેવળ એકાંત દૃષ્ટિના કારણે નિષ્ફળ યા મિથ્યા બની જાય છે. અને જ્યાં આત્માદિ તત્ત્વોની વિચારણા સુસંગત નથી, ત્યાં આત્માને કર્મબંધનોથી મુક્ત કરવા માટેના આચારો કે અનુષ્ઠાનોનું સુસાંગત્ય જળવાઈ ન રહે એય સ્વાભાવિક છે.

આજ કારણે જૈન દર્શનનાં તત્ત્વજ્ઞાન તથા તે તત્ત્વજ્ઞાનના પૂરક સદનુષ્ઠાનોનું યથાર્થ જ્ઞાન પણ તેના પ્રરૂપકો પ્રત્યેના શ્રદ્ધા, સદ્ભાવ તેમજ સમર્પણ ભાવનું પ્રેરક બને છે. શ્રી અરિહંત પરમાત્માનાં સ્વરૂપની સાચી પિછાણ તેમજ તેમનાં વ્યક્તિત્વની લોકોત્તર મહત્તા, તેઓના સદુપદેશ, સિદ્ધાંત પ્રરૂપણા તથા સુસંવાદી તત્ત્વ વ્યવસ્થા પર જ આધાર રાખે છે. આ દૃષ્ટિએ લક્ષ્યમાં લઈ પ્રસ્તુત પુસ્તકના લેખક મુનિરાજશ્રી ભાનુવિજયજી ગણિવરશ્રીએ છેલ્લા પ્રકરણમાં જૈન દર્શનના સારભૂત મૌલિક સિદ્ધાંતો તથા સદનુષ્ઠાનો ટૂંકમાં પણ સરળ શૈલીયે સમજાવ્યા છે.

• સ્યાદ્વાદ, નયવાદ, પ્રમાણવાદ, સપ્તભંગી, કારણવાદ, કર્મનું તત્ત્વજ્ઞાન ઇત્યાદિ તાત્ત્વિક ચર્ચાદ્વારા શ્રી અરિહંત પરમાત્માએ સંસાર સમસ્તને સાચું જ્ઞાન, જગતના પદાર્થોને ઓળખવાની સાચી દૃષ્ટિ આપીને જે ત્રણ લોકના ભવ્ય જીવો પર અનંત ઉપકાર કર્યો છે, તે વચનાતીત છે એ વસ્તુ આથી ફલિત થાય છે. આ તત્ત્વજ્ઞાનને પામેલો આત્મા, સમ્યગ્જ્ઞાન ગુણ દ્વારા સમ્યક્ ક્રિયામાં જોડાઈ, જે રીતે આત્માનો વિકાસ સાધે છે, તે **'આત્મ ઉત્ક્રાંતિક્રમ'** શીર્ષકમાં લેખક મુનિપ્રવર શ્રી ગુણસ્થાકના સ્વરૂપને દર્શાવતા સૂચવે છે. આ પ્રકરણમાં જ્ઞાનની ચર્ચા, જૈનદર્શનના ઉચ્ચતમ જ્ઞાનના ભંડારને વિશદ દૃષ્ટિએ રજૂ કરવામાં આવેલ હોવાથી, શ્રી અરિહંતના માર્ગની મહત્તા, તેમનાં ધર્મતીર્થની લોકોપકારિતા સમજવામાં આ પ્રકરણનો ફાળો મહત્ત્વનો છે.

• લેખક ગણિવરશ્રીનો અભ્યાસ, ચિંતન, મનન તથા દીર્ઘકાલીન જૈન જૈનેતર દર્શનના તત્ત્વજ્ઞાનના પરિશીલનના મૂર્ત પરિપાકરૂપ આ પ્રકરણ જૈન સિદ્ધાંતના મૌલિક તત્ત્વોને સમજવામાં ખૂબ જ ઉપકારક છે. પ્રથમ પ્રકરણ જેમ હળવી પણ તાત્ત્વિક ચર્ચા દ્વારા 'અરિહંત જ દેવ હોઈ શકે છે, વસ્તુને તે કોઈ

પણ સહૃદય સુજ્ઞ વાંચકના હૈયામાં પ્રસ્થાપિત કરવામાં ઉપકારક છે, તે જ રીતે આ અંતિમ પ્રકરણને સાદ્યંત વાંચનાર સરલહૃદયી જીજ્ઞાસુને એમ ચોક્કસ નિષ્પક્ષભાવે લાગે છે કે, 'આવો સુંદર તત્ત્વજ્ઞાનનો વારસો સંસાર સમસ્તને આપનાર શ્રી અરિહંત દેવ સિવાય ત્રણેય લોકમાં ત્રણેય કાળમાં કોઈ જ દેવાધિદેવ હોઈ શકે જ નહિ.' (એ શ્રદ્ધા દૃઢ થયા વિના ન જ રહે.)

● કર્મબંધના કારણો, વિરતિવાદ, પંચાસ્તિકાય, ષડ્દ્રવ્ય, ઉત્પાદવ્યય-ધ્રૌવ્ય સિદ્ધાંત, સાત તત્ત્વ, સાત નય, સાત ભંગ, નિક્ષેપ, અનુયોગદ્વાર, પ્રકરણો, જૈનાગમો, પંચપરમેષ્ઠી તથા જૈનદર્શનના અનેક યોગો, ઇત્યાદિ વિષયો જે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ચારિત્ર રૂપ રત્નત્રયીના મોક્ષમાર્ગમાં આત્માને સ્થિર, ધીર, તથા વીર બનાવનાર છે, તેનું સુંદર શૈલીમાં અહીં વર્ણન થયું છે, જે ગાગરમાં સાગરનો સમાવેશ થયો છે એમ અતિશયોક્તિ વિના કહી શકાય.

● યોગમાર્ગ તથા અધ્યાત્મમાર્ગ વિષે વિવિધ દૃષ્ટિ બિન્દુઓથી જે વિવેચન કરવામાં આવ્યું છે, તે જૈનદર્શનના આરાધના માર્ગનું સ્વરૂપ નવી શૈલીમાં શબ્દસ્થ બનાવીને ગ્રંથના લેખક વિદ્વાન મુનિપ્રવરશ્રીએ પોતાના આરાધક ભાવથી ભીંજાએલ હૃદયને જાણે મૂર્તિમંત બનાવ્યું હોય તેમ આ પ્રકરણના પ્રતિપાદિત વિષયોનું વાંચન, મનન કરનાર સારગ્રાહી મુમુક્ષુ આત્માઓને જરૂર લાગશે.

ઉપસંહાર કરતાં તેઓ સ્પષ્ટ કરે છે કે, 'આ રીતે બહુ સંક્ષિપ્ત અને ઓછા સ્વરૂપમાં શ્રી અરિહંત પરમાત્માનાં સ્વરૂપ, જીવન, ગુણો અને ઉપકારનું અવલોકન કર્યું. એકલા ઉપકારના વિષયમાં તે તે જ્ઞાનપ્રકાશનો વિસ્તાર વર્ણવવા બેસીએ તો ય પાર ન આવે, તો પાંચેના સંબંધમાં તો પૂછવાનું જ શું ? આવા સ્વરૂપવાળા પરમાત્મા એજ ખરેખર પરમ આત્મા છે. એ જ આ ભવ, પરભવ અને ભવોભવના હિતકારી, ઉપકારી અને સુખકારી છે...' છેવટે તેઓ સર્વ કોઈ કલ્યાણકામી આત્માઓને દિવ્ય સંદેશ આપતાં સ્પષ્ટપણે ઉપદેશે છે કે, 'માટે જ શ્રી અરિહંત પ્રભુનાં શરણને જ સ્વીકારી એમની આજ્ઞાનુકૂલ જીવન બનાવવું હિતાવહ છે.'

મારે પણ વિદ્વત્પ્રવર મુનિવર્ય શ્રી ભાનુવિજય ગણિવરના શબ્દોમાં શબ્દો જોડતાં, પ્રસ્તુત પુસ્તકના વિષયોનું સિંહાવલોકન પૂર્ણ કરતાં એજ કહેવાનું રહે છે કે, **'જેઓએ આત્માનું સાચું શ્રેય સાધવું છે, અનંત વેદનાઓ, દુઃખો તથા દ્વંદ્વોથી પરિપૂર્ણ ભવસાગરના પારને પામવો છે, તેઓ માટે શ્રી અરિહંત પરમાત્માનાં શાસન સિવાય અન્ય કોઈ જ શરણ નથી. એ ત્રિકાલસત્ય કદી ભૂલાવું જોઈએ નહિ.'**





## દિલ્હી : સાધુ-સંન્યાસી રજીસ્ટ્રેશન બીલ :

ગુનાઓનું પ્રમાણ ઘટાડવા માટે ગુનેગાર જાતિઓનું રજીસ્ટર રાખવાનો કાયદો સરકારી દફતરોમાં પડેલો છે. તેનું જ જાણે અનુકરણ હોય તેવો સાધુ-સંન્યાસીઓને પોતાનું નામ મેજીસ્ટ્રેટ સમક્ષ રજીસ્ટર કરાવવાનો તથા જરૂરી લાઈસન્સ મેળવી લેવાનો અને તેવું લાઈસન્સ ન મેળવી લે તો તેમને રૂપીયા પાંચસો સુધીનો દંડ કે બે વર્ષ સુધીની કેદ અથવા બંને સજાઓ સાથે ફરમાવતો એક કાયદો અસ્તિત્વમાં લાવવા માટે શ્રી **રાધારમણે** સાધુ-સંન્યાસી રજીસ્ટ્રેશન બીલ દિલ્હી લોકસભામાં દાખલ કર્યું હતું. તા. ૨૩-૮-૫૭ ના રોજ તેના પર લોકસભામાં લગભગ સવા બે કલાક સુધી ચર્ચા ચાલી તે અત્યંત રસપ્રદ હતી, અને જેઓ સાધુ સમાજ તરફ નફરતથી જુએ છે કે તેમને ઉતારી પાડવાની કોશિશો કરે છે, તેમની આંખ ઉઘાડનારી હતી.

ગૃહખાતા પ્રધાન શ્રી બી.એન.દાતારે કહ્યું કે પ્રથમ તો આ બીલમાં સાધુ અને સંન્યાસી કોને કહેવા તેની વ્યાખ્યા નથી અને તેની વ્યાખ્યા કરવાનું કામ સહેલું પણ નથી, કારણ કે આપણા દેશમાં અનેક પ્રકારના સાધુ-સંતો છે. આ સાધુ-સંતોમાં કદાચ થોડા દુરાચારી પણ હશે, પરંતુ બાકી તો મોટો વર્ગ આજે પણ પોતાના કલ્યાણ ઉપરાંત દેશની સેવા કરી રહ્યા છે અને ભૂતકાળમાં તેણે ઘણી સેવાઓ કરી આ દેશનું નામ ઉજ્જવળ બનાવેલું છે, તે તરફ ઉપેક્ષા કરી શકાય નહિ. જો શ્રી શંકરાચાર્ય અને અશોકને પ્રતિબોધ કરનાર આચાર્ય ઉપગુપ્ત આજે હાજર હોય તો આ બીલ પ્રમાણે તેમને પોતાનું નામ રજીસ્ટર કરાવવું પડે અને મેજીસ્ટ્રેટની સામે લાઈનમાં ઊભું રહેવું પડે. શું આપણે તેમ કરવા તૈયાર છીએ ?

આ દેશમાં સાધુઓની સંખ્યા ૫૦ થી ૬૦ લાખ જેટલી છે, અને તે બધાને રજીસ્ટર કરવાનું કામ શક્ય પણ નથી.

તેમણે સાધુ સંખ્યાની ઉપયોગિતા બાબતમાં મુંબઈ યુનિવર્સિટીના સમાજ શાસ્ત્રના એક અધ્યાપક ડૉ.જી.એસ.ધુર્યેના 'ઈંડિયન સાધુ' નામના પુસ્તકમાંથી મહત્ત્વના ફકરા વાંચી સંભળાવ્યા હતા, અને દરેક સામાજિક સુધારામાંય કાયદાના બળે ન જ કરી શકાયા એ વસ્તુ પર ખાસ ભાર મૂક્યો હતો. વધારામાં તેમણે જણાવ્યું હતું કે આ દિશામાં ભારત સાધુ સમાજ માટે જે કાર્ય કરી રહેલ છે, તેનાથી આપણે સંતોષ માનવો જોઈએ.

કાયદા પ્રધાન શ્રી અશોકસેને જણાવ્યું હતું કે આ બીલમાં કાયદાની દૃષ્ટિએ અનેક જાતની ખામીઓ છે, એટલે અદાલતમાં તે ઘડીભર ટકી શકે તેવું નથી, માટે સરકાર તેનો વિરોધ કરે છે.

ગૃહખાતાના ડેપ્યુટી મિનિસ્ટર શ્રીમતી વાયોલેટ આલ્વાએ જણાવ્યું હતું કે આ બીલ આપણી પ્રાચીન ગૌરવશાલી સાધુ-સંસ્થાના મૂળમાં ઘા કરનારું છે. મને લાગે છે કે બીલ લાવનાર મહાશયને આજ સુધી ખરાબ સાધુઓનો જ પરિચય થયો હશે, એટલે તેમણે આવું બીલ ઘડવાની તસ્દી લીધી છે અને તેને આપણી આગળ વિચાર માટે રજૂ કર્યું છે. હું બીલને દરેક રીતે બિન જરૂરી ગણું છું અને તેથી માનવંત સભ્યને તે પાછું ખેંચી લેવા જણાવું છું.

શ્રીમતી ઉમા નહેરુ, શ્રી પટ્ટાભિરમણ, શ્રી દીવાનચંદ શર્મા, શ્રીમતી સહોદરાબાઈ, શ્રીમતી લક્ષ્મીબાઈ વગેરે કોંગ્રેસી સભ્યોએ આ બીલનો ઉદ્દેશ ઠીક હોવા છતાં તેને અવ્યવહારુ ગણાવી તેનું સમર્થન કરવાનો ઈન્કાર કર્યો હતો.

શ્રી રામાનંદતીર્થ તથા રામાનંદશાસ્ત્રી (કોંગ્રેસી)એ આ બીલને આધ્યાત્મિક સંસ્કૃતિ પર આક્રમણ કરનારું જણાવ્યું હતું.

આ રીતે એક પછી એક સભ્યોએ ઊભા થઈને આ બીલનો વિરોધ કરતાં બીલ લાવનાર શ્રી રાધારમણની સ્થિતિ કફોડી થઈ પડી હતી અને જ્યારે કોમ્યુનિસ્ટ સભ્ય શ્રી નાયરે જણાવ્યું કે 'આપણે આ બીલ પસાર કરીએ ને નાગાબાવાઓની જમાત દિલ્હીના ફેશનેબલ કોનોટ પ્લેસપરથી મેજીસ્ટ્રેટની કોર્ટ સુધી પોતાનાં નામો રજીસ્ટર કરાવવા માટે કુચ કરે તો વાતાવરણ જોયા જેવું થઈ પડે, ત્યારે સભામાં ભારે હસા-હસ થઈ હતી.

એક સભ્યે જણાવ્યું હતું કે શ્રી વિનોબાભાવે પણ સાધુ છે. તેમને પોતાનું નામ રજીસ્ટર કરાવવા મેજીસ્ટ્રેટ પાસે જવું પડશે, ત્યારે પણ હસાહસ થઈ હતી; અને તે વખતે એક સભ્યે શ્રી જવાહરલાલ નહેરુ પણ સાધુ છે, તેમનું શું ? એવો પ્રશ્ન પૂછ્યો હતો.

પ્રજા સમાજવાદી સભ્ય શ્રી સુપાકર તથા સમાજવાદી (લોહીયા) સભ્ય શ્રી વ્રજરાજસિંહે પણ આ બીલની વિરુદ્ધમાં જ ભાષણો કર્યા હતા.

આ રીતે સમસ્ત સભાનો પ્રવાહ બીલની વિરુદ્ધમાં વળતાં શ્રી રાધારમણ એકલા પડી ગયા હતા ! સભાના જૈન સદસ્યો પણ આ બીલની વિરુદ્ધમાં જ બોલવાના હતા અને તેમણે તે માટે સારી એવી તૈયારી કરી રાખી હતી. તેમજ બીજા સભ્યોએ પણ બીલની વિરુદ્ધમાં બોલવા માટે ઈચ્છા જણાવી હતી, પણ



સમય થઈ જવાથી ચર્ચા સમેટાઈ હતી અને શ્રી રાધારમણે બીલના બચાવમાં કેટલાક ખુલાસા કર્યા હતા, પણ તે પાંગળા નીવડ્યા હતા. તેમણે સમસ્ત સભાગૃહનો તથા સરકારનો વિરોધ જોઈને આખરે પોતાનું બીલ પાછું ખેંચી લીધું હતું; અને એ રીતે સમાજમાં તીવ્ર વિખવાદ પેદા કરનાર તથા પવિત્ર સાધુ સમાજ પર આફત ઉતારનાર આ અવિચારી બીલનો અકાળ અંત આવ્યો હતો.

આ બીલની ચર્ચા વખતે દિગંબર સમાજના આગેવાન કાર્યકર્તા શ્રી પ્રસાદીલાલની માટની, શ્વેતામ્બર તેરાપંથી સમાજના આગેવાન કાર્યકર્તા શ્રી મોહનલાલજી કઠોદિયા અને આ બીલ અંગે ખાસ કામગીરી બજાવવા માટે મુંબઈથી દિલ્હી ગયેલા શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજના જાણીતા કાર્યકર્તા શ્રી ધીરજલાલ ટોકરશી શાહ ગેલેરીમાં હાજર હતા. સ્થાનકવાસી સમાજના આગેવાન કાર્યકર્તા શ્રી આનંદમલજી સુરાણા તથા શ્રી શાંતિલાલ વનમાળી શેઠે પણ આ બીલને આવતું અટકાવવાની કાર્યવાહીમાં સારી દિલચસ્પી લીધેલી; પણ તેઓ ચર્ચા વખતે હાજર રહી શક્યા ન હતા. બીલનો વિરોધ કરનાર મહાશયોને ધન્યવાદ !

અમે ઈચ્છીએ છીએ કે લોકસભાના અન્ય સભ્યો આ પરથી ખાસ ધડો લેશે અને ભારતની આધ્યાત્મિક સંસ્કૃતિ પર કે સાધુ સમાજ પર અનિષ્ટ અસર કરનારું કોઈ પણ બીલ હવે પછી પેશ કરશે નહિ.

## "દિવ્ય-દર્શન" - **"સંગઠનની ભૂમિકા"** વર્ષ-૬,અંક-૮,તા.૨-૧૧-૧૯૫૭

સંગઠન શબ્દ કેટલો બધો મધુરો છે ? આજે સંગઠન કોને નથી ગમતું ? પરંતુ સંગઠનના નામ હેઠળ વિઘટનના પ્રયત્ન ચાલુ રખાય તો સંગઠન ક્યાંથી સધાય ?

એ ધ્યાનમાં રાખવું ઘટે કે એક બાજુ સંગઠનના બ્યુગલ ફૂંકાય અને બીજી બાજુ મૈત્રી અને પ્રમોદ ભાવનાને ટકરાવે એવા આક્ષેપો બીજા પર ચાલુ રખાય, બીજાને હલકી દૃષ્ટિથી જોવાય અને અસંગઠનનું કારણ બીજા જ છે એવી માન્યતાઓ રખાય ત્યાં સંગઠન શી રીતે સરળ થશે ? વધુ અફસોસી તો એ છે કે જ્યારે સામાન્ય જનતા કેઈક મૈત્રી-પ્રમોદના માર્ગે જવા લાગતી હોય છે, ત્યારે કેટલાક સંગઠનના કહેવાતા પ્રચારકો આક્ષેપ, નિંદા અને ઉતારી પાડવાનું ઝેર ફેલાવે છે ! પાછા એ આ બધું સંગઠનની હિમાયત હેઠળ કરે છે, એ એક આ કાળની વિષમતા છે.

ધર્મ શાસ્ત્રકાર વ્યક્તિગત ધર્મની સિદ્ધિ માટે પણ **मैत्र्यादिभावसंयुक्तं तद्धर्म इति कीर्त्यते** એમ કહીને ધર્મના મૂળ પાયામાં મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્ય ભાવનાને આવશ્યક ગણે છે, ત્યારે સામુહિક ધર્મભાવના વધે, સંગઠિત રીતે ધર્મ સધાય, એ માટે તો એની આવશ્યક્તાનું પૂછવું જ શું ? આ મૈત્રી-પ્રમોદભાવના કેળવવી હોય તો બીજાના પ્રત્યે સ્નેહ અને ગુણગ્રાહિતા કેળવવાનું તેમજ દોષદૃષ્ટિ અને આક્ષેપ કરવાથી દૂર રહેવાનું અત્યંત જરૂરી બની રહે છે.

સામા પર સ્નેહ કેળવવા અને વધારવા 'આ વિરોધી છે' એ માન્યતા દૂર કરવી જોઈએ. વિરોધી સામાને કહીને પોતાના દિલમાં જ વિરોધ જીવતો અને કૂદતો રાખવાથી સ્નેહને ક્યાંથી જ અવકાશ મળી શકે ? કેટલીક વાર તો એવું બને છે કે સામા જીવો પ્રામાણિકતાના રસ્તે હોય છે છતાં એમના પ્રત્યે દિલમાં ઘડી રાખેલા, પોષણ કરી રાખેલા અને મજબૂત કરેલા વિરોધ એ પ્રામાણિકતા દેખવા જ દેતા નથી અને વિરોધના મૂળે ઊલટું એવા ખોટા આક્ષેપો કરાય છે કે એ માત્ર જાતને તો શું, પણ બીજાનેય ઉશ્કેરીને સ્નેહભાવથી દોઢસો ગાઉ દૂર ને દૂર રાખવાનું કરે છે. સંગઠનના જો સાચા હિમાયતી છો તો વિરોધભાવને તિલાંજલિ આપી, સ્નેહભાવને કેળવ્યે જ છૂટકો છે. એમાં વળી જો પ્રચારકતાની શક્તિ-સામગ્રી છે તો એથી કમમાં કમ કોઈનેય વિરોધભાવમાં ઉત્તેજન ન મળે એ ખૂબ જ લક્ષમાં રાખી વર્તવા જેવું છે. એને બદલે અમુકના માટે માત્ર ખોટા આક્ષેપોનો પ્રચાર જ જો કર્યે રખાય તો સ્પષ્ટ છે કે સાચું સંગઠન ગમતું જ નથી. આના મૂળમાં દોષદૃષ્ટિ અને અમુકને હલકા જ ગણ્યા કરવાનું ઝેર કામ કરી રહ્યું હોય છે. ત્યાં સામામાં આદરવા લાયક કેવા કેવા ગુણો છે ? કેવી કેવી પ્રામાણિક પ્રવૃત્તિ છે એય જોવાનું શે બને ? પછી એને હલકા ગણવાનું અને હલકા તરીકે પ્રચારવાનું બને એમાં નવાઈ નથી. છતાં ય પાછા 'અમે તો સંગઠનના ખૂબ પ્રેમી છીએ, સંગઠનનો જ પ્રચાર કરીએ છીએ' એવો દાવો રાખવો એ સામાને મારતા રહીને, 'આપણે મિત્ર બનવાની જરૂર છે' એવા મિથ્યા પ્રલાપ કરવા જેવું છે.

• • •